સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની
વિનયન વિદ્યાશાખાની 'સંસ્કૃત'
વિષયની પીએચ.ડી.(Ph.D.)ની પદવી માટે રજૂ કરવામાં આવનાર
મહાનિબંધ

**શીર્ષક**

# 'પુરાણોમાં વાસ્તુવિદ્યા–એક સમીક્ષાત્મક અભ્યાસ'

**('Vāstuvidyā in Purānas - A Critical study')**


**પ્રસ્તુતકર્ત્રી**
દવે દિપલ રમેશભાઈ
એમ.એ. (સંસ્કૃત),
બી.એડ્. (સંસ્કૃત, ગુજરાતી),
ડી.સી.એસ.
સુરેન્દ્રનગર.

**માર્ગદર્શકશ્રી**
ડૉ. સી. વી. બાલધા
પ્રિન્સિપાલ
શ્રી કે. ઓ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
ધોરાજી.


**૨૦૦૯**

# સમર્પણ

॥ वास्तुपुढषायनमः ॥



# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે શોધછાત્રા **કુ. દિપલ આર. દવે** દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ **'પુરાણોમાં વાસ્તુવિદ્યા – એક સમીક્ષાત્મક અભ્યાસ'** **('Vāstuvidyā in Purānas - A Critical study')** – તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધનકાર્ય છે. તેમણે મારા માર્ગદર્શન નીચે નિષ્ઠાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરેલ છે.

તારીખ : **માર્ગદર્શકશ્રી**

સ્થળ :

(ડૉ. સી. વી. બાલધા)
પ્રિન્સિપાલ
શ્રી કે. ઓ. શાહ આર્ટ્સ
એન્ડ કોમર્સ કોલેજ,ધોરાજી.

# જાહેરનામું

આથી હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધરૂપે રજૂ થયેલ સંશોધનકાર્ય મેં નિર્દિષ્ટ સંદર્ભગ્રંથોના આધારે તૈયાર કરેલ છે. તેમાં આવતા નિરુપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. આથી હું તેની મૌલિકતાની ખાત્રીપૂર્વક જાહેરાત કરું છું. ઉપરાંત તેમાં રજૂ થયેલા મંતવ્યો અને વિગતો માટે હું સ્વયં જવાબદાર છું તે પણ જાહેર કરું છું.

તારીખ :

સ્થળ :

**માર્ગદર્શકશ્રી**
(ડૉ. સી. વી. બાલધા)
પ્રિન્સિપાલ
શ્રી કે. ઓ. શાહ આર્ટ્સ
એન્ડ કોમર્સ કોલેજ,ધોરાજી.

દવે દિપલ રમેશભાઈ

# ૠણ સ્વીકાર

સંશોધન એ સહકારયુક્ત પ્રક્રિયા છે. સંશોધનની શરૂઆતથી અંત સુધી સંશોધક અનેક વ્યક્તિઓ પાસેથી સહકાર અને માર્ગદર્શન તેમજ પ્રેરણા મેળવે છે. એ જ રીતે પ્રસ્તુત સંશોધન કાર્યના સમગ્ર સમયગાળા દરમિયાન સંશોધનના વિવિધ તબક્કે મને જેમની મદદ મળી છે તે સર્વે પ્રત્યે હું અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી ૠણ સ્વીકાર કરવાની તક લઉં છું.

સૌ પ્રથમ મારા પથદર્શક એવા ગુરૂવર્ય પૂ. (ડૉ.) સી. વી. બાલધા સાહેબનો સાદરવંદન સાથે અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છે. તેઓએ આ સમગ્ર સંશોધન કાર્યમાં વૈચારિક પ્રક્રિયાથી શરૂ કરી સંશોધન અહેવાલની પૂર્ણતા સુધી ડગલને પગલે અમૂલ્ય માર્ગદર્શન, પ્રેરણા અને હૂંફ પુરા પાડયા છે.

જેને મારી પ્રત્યેક મુંઝવણનો વ્યક્તિગત ચર્ચા દ્વારા ઉચિત અને તત્કાલ ઉકેલ લાવી મારું પથદર્શન કર્યું છે અને સંશોધન જેમના સહકાર વિના શકય ન બન્યું હોત તથા જેમણે વાસ્તુવિદ્યા વિશેનું પૂરતું જ્ઞાન આપ્યું એવા ગુરૂજી ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી સાહેબની હું સદા ૠણી રહીશ જેઓના પિતાતુલ્ય પ્રેમ અને હૂંફના સહારે આ આકૃતિનું નિર્માણ વ્યક્ત થયું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સંસ્કૃતભવનના અધ્યક્ષ ડૉ. ચોટલીયા સાહેબે ભાષા વિશેનું વિશેષ માર્ગદર્શન આપ્યું તથા પ્રાધ્યાપક ડૉ. મોલિયા સાહેબે પુરાણ સાહિત્ય વિશેનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપ્યું તેથી તેઓના સહકાર અને પ્રોત્સાહન બદલ આ તકે તેમનો આભાર માનું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સંસ્કૃતભવનના નિવૃત અધ્યક્ષ ડૉ. જોષી સાહેબ, ડૉ. હંસાબેન હિંડોચા તેમજ એમ. એસ. યુનિવર્સિટીના સંસ્કૃતભવનના નિવૃત પ્રાધ્યાપક ડૉ. ભગવતીપ્રસાદ પંડયાએ પ્રત્યક્ષ રીતે માર્ગદર્શન પૂરું પાડયું તે બદલ હું તેમની ૠણી રહીશ.

પ્રસ્તુત સંશોધનકાર્યના વિભિન્ન તબક્કે પ્રત્યક્ષરૂપે સહયોગ અને માર્ગદર્શન સરળતાથી પ્રાપ્ત થયા એવા ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટ - વડોદરાના ડાયરેકટર ડૉ. વાડેકર, ડેપ્યુટી ડાયરેકટર ડૉ. વાકણકર તથા આસિસ્ટન્ટ એડીટર ડૉ. મીનાબેન પાઠકનો પણ આ તકે હું આદરસહ આભાર વ્યકત કરું છું

સંશોધનકાર્ય દરમિયાન વિવિધ ગ્રંથાલયો જેવા કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી લાઈબ્રેરી - રાજકોટ, ઓરિએન્ટલ ઈન્સ્ટિટયુટ - વડોદરા, શ્રી દ્વારકાધીશ પ્રાચ્યવિદ્યા સંશોધન ગ્રંથાલય - દ્વારકાના સહયોગની આભારી રહીશ.

જીવનની પ્રત્યેક અવસ્થામાં નિર્વ્યાજ વાત્સલ્ય વરસાવનાર અને જેનાં થકી મને આ ધરતી પર વસવાનો દુર્લભ લાભ મળ્યો છે તથા મારા સંશોધનકાર્યના સમયગાળા દરમિયાન આવેલા ચડાવ-ઉતાર વખતે મને સતત સહકાર અને પ્રોત્સાહન પુરા પાડયા એવા મારા પરમ પૂજ્ય માતુશ્રી મીનાબેન દવે અને પરમ સ્નેહાળ પિતાશ્રી રમેશભાઈ દવે તથા જેઓના આશિર્વાદ મારી સાથે છે તેવા મારા આદરણિય બાપુજી જયંતિલાલ દવેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. મને પ્રોત્સાહિત કરનાર મારી મોટી બહેન સૌ. શીતલ દવે, જીજાજી કમલેશકુમાર દવે તથા પ્રેમાળ નાનોભાઈ ચિ. વિશાલ તેમજ જેની પા... પા... પગલીઓએ મારા ઉત્સાહમાં વધારો કર્યો તેવી મારી ભાણી ચિ. દેવશ્રી - આ સર્વેની લાગણીઓની પણ કદર કરું છું.

સમયસર અને સ્વચ્છ મુદ્રણ બદલ સોનાર કમ્પ્યૂટરના શ્રી રમેશભાઈ તથા નવીનભાઈનો આભાર વ્યકત કરું છું.

અંતમાં, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર પ્રત્યેકની હું આભારી છું.

- દિપલ આર. દવે

# અનુક્રમણિકા


| ક્રમ નં. | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકરણ–૧ | વાસ્તુવિદ્યા ઉદ્‌ગમ, વિકાસ અને સાહિત્ય | ૧–૫૩ |
| પ્રકરણ–૨ | વાસ્તુશાસ્ત્રનો અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ | ૫૪–૧૨૬ |
| પ્રકરણ–૩ | પૌરાણિક વાસ્તુવિદ્યાનું સ્વરૂપ | ૧૨૭–૨૦૫ |
| પ્રકરણ–૪ | ભૂમિવાસ્તુ | ૨૦૬–૨૪૭ |
| પ્રકરણ–૫ | ગૃહવાસ્તુ | ૨૪૮–૩૦૮ |
| પ્રકરણ–૬ | ગ્રામ અને નગર–નિર્માણ વાસ્તુ | ૩૦૯–૩૩૯ |
| પ્રકરણ–૭ | દુર્ગવાસ્તુ | ૩૪૦–૩૭૧ |
| પ્રકરણ–૮ | શિલ્પ–સ્થાપત્ય વાસ્તુ | ૩૭૨–૪૨૪ |
| પ્રકરણ–૯ | કુંડાદિ વાસ્તુ | ૪૨૫–૪૫૪ |
| પ્રકરણ–૧૦ | આધુનિક દષ્ટિએ ઉપયુક્તતા | ૪૫૫–૫૦૯ |
| ★ | સંદર્ભગ્રંથોની સૂચિ | ૫૧૦–૫૨૬ |
| ★ | પરિશિષ્ટ | ૫૨૭–૫૪૬ |

# પ્રકરણ–૧

# પ્રકરણ-૧

## વાસ્તુવિદ્યા ઉદ્દ્ગમ, વિકાસ અને સિદ્ધાંત


૧(ક) ઉદ્દ્ગમ

૧.૧ પ્રસ્તાવના

૧.૨ 'વાસ્તુ' શબ્દની નિરુક્તિ

૧.૩ વાસ્તુનું લક્ષણ

૧(ખ) પરિચય

૧.૪ વાસ્તુની ઉત્પત્તિ

૧.૫ વાસ્તુનાં પ્રવર્તક આચાર્યો

૧.૬ વાસ્તુના પ્રકારો

૧.૭ વાસ્તુશાસ્ત્રના મહત્ત્વપૂર્ણ ગ્રંથો

૧.૮ વાસ્તુનું મહત્ત્વ

૧(ગ) સિદ્ધાંત નિરૂપણ

૧.૯ વાસ્તુપુરુષની પરિકલ્પના

૧.૯.૧ વાસ્તુપુરુષની ઉત્પત્તિ

૧.૯.૨ વાસ્તુપુરુષનું સ્વરૂપ

૧.૯.૩ વાસ્તુપુરુષના અંગદેવતા

૧.૧૦ ભૂમિ, આય-વ્યય, દિશા, ઉપદિશા અને અન્ય તત્ત્વો

૧.૧૧ વાસ્તુપૂજનનું સ્થાન

૧(ઘ) નિષ્કર્ષ

# પ્રકરણ-૧
# વાસ્તુવિદ્યા ઉદ્‌ગમ, વિકાસ અને સિદ્ધાંત

## ૧(ક) ઉદ્‌ગમ

### ૧.૧ પ્રસ્તાવના

માનવ અને પ્રકૃતિ પરસ્પર સંબંધથી વ્યાપ્ત છે પ્રકૃતિના પ્રત્યેક પરિવર્તનની અસર માનવને સ્પર્શે છે. સૂર્ય માનવજીવન પર અસર કરે છે. વાસ્તુશાસ્ત્ર સંપૂર્ણપણે સૂર્યકિરણ અને તેની શક્તિ પર અવલંબિત છે.

વાસ્તુશાસ્ત્ર પ્રાકૃતિક નિયમ પર આધારિત છે. પ્રાકૃતિક નિયમ સાથેનું સામંજસ્ય સુખ આપે છે, જયારે તેનાથી વિપરીત દુઃખ આપે છે. પ્રકૃતિનું આ સનાતન સત્ય છે.

પંચમહાભૂતનું મહત્ત્વ છે. પંચમહાભૂત અર્થાત્ બ્રહ્માંડ જો તેઓની વચ્ચે તાદાત્મ્ય રહે તો શાંતિ મળે છે. આ પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય માનવને સુખ આપે અને તેનાથી વિપરીત જો પ્રકૃતિના નિયમમાં વિક્ષેપ ઊભો થાય તો તેનાથી દુઃખ મળે છે. પ્રકૃતિ સાથેનું આ સામંજસ્ય એ જ 'વાસ્તુશાસ્ત્ર'.

ભારતીય વાસ્તુવિદ્યાના વિચારો ભારતના આદિમ સાહિત્ય વેદોમાંથી પ્રાપ્ત થાય છે. વેદમાં વિવિધ દેવોની સ્તુતિ કરવામાં આવી છે, જેમાં અગ્નિ, ઈન્દ્ર, સોમ, વરુણ વગેરે દેવોની સ્તુતિપરક મંત્રોનું ગાન છે. આ દેવતાઓ વાસ્તુનું રક્ષણ કરતા હોવાથી તેને 'વાસ્તોષ્પતિ' તરીકે ઓળખવામાં આવે છે. 'વાસ્તોષ્પતિ'નું મંત્રગાન ઋગ્વેદકાલીન મંત્રોમાં પ્રાપ્ત થાય છે.

यः पञ्च चर्षणीरभि निषसाद दमेदमे ।
कविर्गृहपतिर्युवा ॥[१]

शं नः सोमो भवतु ब्रह्म शं नः शं नो ग्रावाणः शमुसन्तु यज्ञाः ।
शं नः स्वरूणां मितयो भवन्तु शं नः प्रस्वः शम्वस्तु वेदि ।
आदित्यासो आदित्यः स्याम पूर्देवत्रा वसवो मर्त्यत्रा ।
सतेम मित्रावरूणा सनन्तो मवेम धावापृथिवी भवन्तः ॥

**અર્થાત્ – જે ક્રાન્તદર્શી, ગૃહસ્વામી અને યુવાન છે તે પાંચે પ્રજાઓમાં ઘેર ઘેર રહે છે.**

**વેદકાલિન સમયમાં માનવ જયારે પોતાના નવા ગૃહમાં પ્રવેશ કરતો ત્યારે વિવિધ દેવોને રક્ષણ અર્થે પ્રાર્થના કરતો હતો.**

**આ ઉપરાંત વેદાંગ જેને વેદના અંગ કહેવામાં આવે છે. તે શિક્ષા, કલ્પ, નિઢક્ત, છંદ, વ્યાકરણ અને જ્યોતિષ. જેમાં નિઢક્ત નિઘણ્ટુનો વ્યાકરણ ગ્રંથ છે. આ યાસ્કાચાર્યનું નિઢક્ત ગ્રંથ મૌલિક ગ્રંથ નથી પરંતુ વ્યાકરણ પર આધારિત ગ્રંથ છે, જેનું સન્માન અને મહત્ત્વ મૂળ ગ્રંથથી પણ વધારે છે. આ નિઢક્તમાં વાસ્તુ શબ્દની નિઢક્તિ આ પ્રમાણે આપી છે.**

वास्तुवस्ते निवासकर्मणः तस्य पाता वा पालयिता वा तस्यैष भवति...

उस वास्तोष्पति की यह ऋचा है ....
अमीवहा वास्तोष्पते विद्यारूपाण्याविशन् ।
सखा सुशेव एधि नः ॥[२]

**આમ વાસ્તુમાં નિવાસ કરનાર માટે તે પિતાની જેમ પાલનહાર બને છે. તે વસનાર માટે મિત્રની જેમ સદા સહાયક બને છે.**

બૃહત્સંહિતામાં વાસ્તુવિષયક માહિતી મળે છે. જેમાં વાસ્તુપુઢષની ઉત્પતિ વર્ણવામાં આવી છે.

किमपि किल भूतमभवद्रुन्धानं रोदसी शरीरेण ।
तदमरगणजेन सहसा विनिगृह्याधोमुखं न्यस्तम् ॥ (३)

આમ, પ્રાચીનકાળમાં પોતાના શરીરથી પૃથ્વી અને આકાશને આવૃત્ત કરનાર પુરુષ ઉત્પન્ન થતા દેવાતાઓએ તેને અધોમુખ કરીને પૃથ્વી પર સ્થાપિત કરી દીધા.

સંસ્કૃત સાહિત્યમાં વેદ પછી પુરાણોની રચના થઈ છે. આ પુરાણોની સંખ્યા વિશે વિવાદ છે, આમ છતા મુખ્ય અઢાર પુરાણોને સ્વીકારવામાં આવ્યા છે. જેમાં મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ વગેરે પુરાણોમાં વાસ્તુ વિશેના વિશેષ વિચારો રજૂ થયા છે.

निवासात्सर्वदेवानां वास्तुरित्यभिधीयते ।

આમ, મત્સ્યપુરાણ અનુસાર વાસ્તુનો સંબંધ દેવતા સાથે જણાવે છે. જેમાં વાસ્તુની ઉત્પત્તિ શંકરના પ્રસ્વેદમાંથી સ્વીકારાય છે.

ભારતીય વાસ્તુશાસ્ત્રને 'વાસ્તુવિજ્ઞાન' કહેવાય છે. વિજ્ઞાન એટલા માટે છે કે તેમાં પ્રયોગ કરેલ નિયમ-ઉપનિયમ કસોટીની એરણ પર સત્ય ઠર્યા છે. વળી, ભારતીય વાસ્તુશાસ્ત્રને 'વાસ્તુકલા' પણ કહેવામાં આવે છે. ભારતીય વાસ્તુકલા ભવનનિર્માણની એક પ્રાચીન વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તેની વિશેષતા એ છે કે તે જેટલી કલા છે તેનાથી વિશેષ વિજ્ઞાન છે. વિભિન્ન સ્વરૂપના મકાન નિર્માણની પ્રક્રિયાની તેમાં ચર્ચા કરવામાં આવે છે.

વાસ્તુશાસ્ત્રનો ઉદ્દેશ્ય મનુષ્યના કલ્યાણનો છે. 'वास्तुशास्त्रं प्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।'(૪) સર્વ દેવતાઓના નિવાસ કરવાને કારણે 'વાસ્તુ' નામથી પ્રસિદ્ધ થયું.

ભારતીય જ્ઞાન સૃષ્ટિજ્ઞાન અને આત્મજ્ઞાન એમ બે પ્રકારે વિભક્ત છે. સ્થિતિ, સૃષ્ટિ અને પ્રલયના સિદ્ધાંતોનું આલેખન કરે છે. ઋતુ સૃષ્ટિ વિજ્ઞાનનો મૂળભૂત સિદ્ધાંત છે. તેના ત્રણ પક્ષો છે સંઘટન, ગતિ અને નિયતિ, સંઘટન અર્થાત્ સૃષ્ટિનાં સર્વ અંગો અન્યોન્યાશ્રિત છે, એટલે કે પરસ્પર આશ્રિત છે. ગતિ અર્થાત્ સૃષ્ટિના સર્વ પદાર્થો નિરંતર પરિવર્તનશીલ છે પણ એ ક્રમબદ્ધ અને વ્યવસ્થિત છે. એ જ સૃષ્ટિની નિયતિ છે. આમ નિયતિ અર્થાત્ પરિવર્તન નિયમ અનુસાર થાય છે.

## ૧.૨ 'વાસ્તુ' શબ્દની નિરુક્તિ

ભારતીય વાસ્તુશાસ્ત્રને 'વાસ્તુવિદ્યા' તરીકે પણ ઉલ્લેખ થયો છે. વાસ્તુવિદ્યાનો પ્રારંભનો ઉદ્ગમકાળ અનિશ્ચિત છે પરંતુ તેના વિચારબીજ વેદમાં જોવા મળે છે. વાસ્તુશાસ્ત્ર પ્રાકૃતિક નિયમ પર આધારિત છે.

વાસ્તુ શબ્દની નિરુક્તિ યાસ્કાચાર્યે નિરુક્તમાં આ પ્રમાણે આપી છે.

वास्तुर्वसतेनिवासकर्मण: तस्य पाता वा पालयिता वा तस्यैषा भवति

એ વાસ્તોષ્પતિની આ ઋચા છે..

अमीवहा वास्तोष्पते विश्वारूपाण्याविशन् ।

सखा सुशेव एधि नः ॥

– अभ्यमनंहा वास्तोष्पते सर्वाणि ।

रूपाण्याविशन् सखा नः सुसुख भवा 'शेव' इति सुखनाम् शिष्यतेर्वकारो नामकरणोडन्त – स्थान्तरोपलिङ्गी । विभाषितगुणः शिवमित्यप्यस्य भवति । यद् यद् रूपं कामयते तत् तद् देवता भवति । ''रूपं रूपं मधवा बोमवीति'' ईत्यादि निगमो भवति । ''रूपं रूपं माधवा बोमवीति मायाः कृष्णावानस्तन्वं परिस्वाम् । त्रिर्यद् दिवः परि मुहूर्तमागात् स्वैर्मन्त्रैरनृतुपा ऋतावा ।

निवासार्थात् वसतेः वास्तुः – गृहं तस्य पाता पालयिता वा वास्तोष्पतिः ॥ तस्येषा – ''अमीवहा... सखा सुशेव एधि नः'' – अमीवा वसिष्ठस्यार्षम् । हे वास्तोष्पते । त्वम् अस्माकम् अमीवहा – अमीवा रोगः तस्य हन्ता भाव विश्वा – सर्वाणि आविशन् – अस्मत्कष्टका यः प्रतिपक्षः यथा सर्पस्य नकुलः तस्य तस्य रूपं स्वीकुर्वन् त्वमस्यद् रोगान् जहीत्यर्थः । किंचास्माकसुशेवः सुसुखः सखा भव । शेवः इति सुखानाम् कथमित्युच्यते शिषेः वकारे प्रत्यये कृते धातोरन्ते वर्तमानस्य

वकारस्य अन्तरम् – अवकाशम् उपलिङ्गातीति

तथोः वकारः, ततो गुणे शेवः । एष च धातुः

विभाषया सगुणः अगुणपक्षे च शिवमित्यपि

सिद्धयति वास्तोष्पति, सर्वाणि रूपाणि आवेष्टुं

शकनोति यतः स देवता । देवता च यं यं

रूपं कामयते ततद्रूपं धारयति ।

''रूपं रूपं मधवा बोभवीति'' ईति निगमोडपीममेवार्थ

समर्थयति ।(५)

'वास्तु' √वस् ધાતુથી બનેલો છે. જેનો અર્થ ઘર થાય છે. વાસ્તોષ્પતિ એ વાયુ છે, જે બ્રાહ્મ મુર્હૂતથી થાય છે અને ઘરના બધા જ રોગોને લઈ જાય છે. એટલા માટે ઘરનું નિર્માણ એવી રીતે થવુ જોઈએ કે જેનાથી કોઈપણ જાતના રોકાણ વગર એમાં વાયુની આવ-જા થતી રહે અને ખાસ તો સવારનો વાયુ તો અવશ્ય આવી શકે. સવારના વાયુના ✓સન માટે ખુલ્લા મેદાનમાં ભ્રમણ માટે અવશ્ય જવું જોઈએ. આમ, વાસ્તુની રચના એવી રીતે થવી જોઈએ કે જેથી સૂર્યનો પ્રકાશ અને વાયુ તેમાં વસનાર માટે યોગ્ય માત્રામાં મળી રહે.

વાસ્તુ શબ્દની પરિભાષા મયમતમાં આપી છે –

अमत्यश्चेव मत्याश्चे यत्र यत्र वसन्ति दि तप् वस्त्विति मतं (२.१)

Experts call all places where immortals and mortals dwell dwelling sites cuastus.(૬)

**'વાસ્તુ' શબ્દની નિરુક્તિના આધારે કહી શકાય કે, જેમાં નિવાસ કરવાથી સૂર્ય અને વાયુ યોગ્ય માત્રામાં મળી રહે તથા જે વાસ કરનારને સર્વ રીતે રક્ષણ કરે છે.**

## ૧.૩ વાસ્તુનું લક્ષણ

**વાસ્તુનું લક્ષણ વિભિન્ન કોષગ્રંથોમાં વર્ણવવામાં આવ્યું છે જે આ પ્રમાણે નિરૂપિત છે.**

**– હલાયુધકોષ અનુસાર –**

वास्तु संक्षेपतो वक्ष्ये ग्रहादो विध्ननाशनम् ।
ईशानकोणादारभ्य ह्योकाशीतिपदे त्यजेत् ॥

**અર્થાત્, ઈશાનાદિકોણથી પ્રારંભ થઈ ગૃહનિર્માણની તે કલા છે, જે વસનારને વિઘ્ન, પ્રાકૃતિક ઉત્પાતથી બચાવે છે.**

**– અમરકોષ અનુસાર –** 'गृहरचनावच्छिन्न भूमे ।'

**– સંસ્કૃત શબ્દાર્થ કૌસ્તુભમાં – 'વાસ્તુ' એ સ્થાન કહેવાય છે જયાં કોઈ ઈમારત હોય અથવા ઘર બનાવવાને લાયક જગ્યાને 'વાસ્તુ' કહે છે.**

भारतीय मनीषियोने जहाँ शष्ये ब्रह्मकी कल्पना करके व्याकरणको 'दर्शनरूप' प्रदान किया, इस ब्रह्म की कल्पना करके काव्यको नादब्रह्म और संगीत को इहलौकिक पृष्ठभूमिसे उठाकर पर लौकिक परम रहस्यमें परिणीत किया, उसी प्रकार पाषणमय प्रासादमें पुरूष की कल्पना को स्थायित्व देने के लिए 'वास्तुब्रह्मवाद' की कल्पना की गयी है । वास्तुशास्त्र एक ऐसी प्रक्रिया है जिसमें परिमित भूमि अपरिमित विश्वशक्ति में परिवर्तित की जाती है । वह अनाम एवं अरूप सत्ता जो ईस वास्तुमंडलमें नियंत्रित की जाती है उसे 'वास्तुपुरूष' कहते है ।(૭)

**આમ એ ભૂમિ કે જેના ઉપર ગૃહની રચના થઈ છે, તે 'વાસ્તુ' છે.**

## ૧(ખ) પરિચય

### ૧.૪ વાસ્તુની ઉત્પત્તિ

**વાસ્તુશાસ્ત્રનો ઉદ્દેશ્ય મનુષ્યના કલ્યાણનો છે.** ''वास्तुशास्त्रं प्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।'' **સર્વદેવતાઓના નિવાસ કરવાને લીધે 'વાસ્તુ' નામથી પ્રસિદ્ધ થયું.**

'Vastu' is devided from the verbs (vas) to dwell. 'Vastu' from 'Vastu, which means also the place of residence. (૮)

**વિશ્વકર્માના અનુસાર – સૃષ્ટિ પ્રારંભે બ્રહ્માએ સર્વપ્રથમ વાસ્તુપુરુષની રચના કરી.**

''तानुवाच मुनिर्वत्सा विदिते वो यथापुरा ।
वास्तुब्रह्मा ससर्बादौ विश्वमप्यखिलं तथा ॥''

**વાસ્તુશાસ્ત્ર માનવશરીરના પંચમહાભૂતની સાથે સામંજસ્ય સાધે છે. પ્રકૃતિમાં પંચમહાભૂત હોય છે તેમ માનવશરીરમાં પણ પંચમહાભૂત રહેલા છે. વાસ્તુશાસ્ત્ર માનવજીવનને પ્રકૃતિના અનુસાર જીવવાનો નિર્દેશ આપે છે. વાસ્તુમાં આ પાંચતત્ત્વોનું સંતુલન કરીને ભવનનિર્માણ કરીને તેમાં નિવાસ કરવાનું જણાવેલ છે.**

**વેદમાં થયેલા વિવિધ ઉલ્લેખોના આધારે માનવ પર્વત પર અને સમુદ્ર કિનારા પર નિવાસ કરતો હતો. ગરમી, ઠંડી, પવન, વરસાદથી બચવા માણસને જયારે આશ્રયની જરૂર ઊભી થઈ ત્યારે તેણે પર્યાવરણમાંના પંચમહાભૂતોને ધ્યાનમાં લઈને વધારેમાં વધારે સુખસગવડભર્યું પોતાનું નિવાસસ્થાન બનાવ્યું.**

પરિણામ સ્વરૂપે પ્રાકૃતિક વિપત્તિઓથી બચવા માટે તેમજ પોતાના રક્ષણ માટે દુર્ગની રચના, નગરનું નિર્માણ અને ગૃહનું નિર્માણ કરવા લાગ્યા જેમ જેમ માનવની બુદ્ધિનો વિકાસ થતો ગયો તેમ તેમ માણસ હંમેશા ચિંતન અને મનન કરીને પર્યાવરણનાં ઘટકોનો અને તેની જીવન અને મકાન પર શી અસર થાય છે તેનો અભ્યાસ કરતો ગયો.

## વેદકાલીન વાસ્તુ

ત્રેતાયુગમાં માનવ વનરાજીમાં વિહાર કરતો હતો અને કલ્પદ્રુપ પાસેથી સર્વભોગ્ય પદાર્થો પ્રાપ્ત કરતો, જયારે એ અદશ્ય થયા ત્યારે અન્યનો આશ્રય લીધો અને ક્રમશઃ કાષ્ટગૃહોનું નિર્માણ કર્યું જેમાં દશશાલા સુધીના નિર્માણનું આયોજન હતું. પોતાના રક્ષાણાર્થે દેવોની તેઓ સ્તુતિ કરવા લાગ્યા. આ સ્તુતિપરક મંત્રોનું ગાન વિવિધ દેવ જેમકે મઢત, ઈન્દ્ર, વરુણ, ઉષા, સોમ, અગ્નિ, અર્યમા સંદર્ભે કરવામાં આવતું હતું. આ દેવતાઓ વાસ્તુનું રક્ષણ કરતા હોવાથી તેને 'વાસ્તોષ્પતિ' તરીકે ઓળખાય છે. આવા 'વાસ્તોષ્પતિ' નું મંત્રગાન ઋગ્વેદકાલીન મંત્રોમાં કરવામાં આવ્યું છે.

वास्तोष्पते प्रति जानीह्यस्मानस्वावेशो अनमीवो भवा नः ।
यत् त्वेमहे प्रति तन्नो जुषस्व रां नो भव द्विपपदे शं चतुष्पदे ॥

वास्तोष्पते प्रतरणो न एधि गयस्फानो गोभिरश्वेभिरिन्दो ।
अजरासस्ते सख्ये स्याम पितेव पुत्रान् प्रति प्रो जुषस्व ॥

वास्तोष्पते शग्नया संसदा ते सक्षीमहि रण्वयागातुमत्या ।
पाहि क्षेम उत योगे वरंनो यूथं पात स्वस्तिभिः सदा नः ॥

अमीवहा वास्तोष्पते विश्वा रूपाण्याविशन् सखा सुशेव
एधिनः ॥[૯]

**વૈદિક સમયમાં માનવ જયારે પોતાના નવા ગૃહમાં પ્રવેશ કરતો ત્યારે વિવિધ દેવોને રક્ષણ અર્થે પ્રાર્થના કરતો હતો વેદકાલીન  આ ભાવના પ્રવર્તમાન સમયે પણ ગૃહ વાસ્તુ પૂજનમાં વ્યક્ત થતી જોઈ શકાય છે.**

यः पज्त् चर्षणीरभि निषसाद दमेदमे ।
कविर्गृहपतिर्युवा ॥

शं नः सोमोभवतुं ब्रह्म शं नः शं नो ग्रावाणः शमुसन्तु यज्ञाः ।
शं नः स्वरूणां मितयो भवन्तु शं नः प्रस्वः शम्वस्तु वेदिः ॥

आदित्यासो अर्दितयः स्याम पूर्देवत्रा वसवो मर्त्यत्रा ।
सनेम मित्रावरूणा सनन्तो मवेम धावापृथिवी भवन्तः ॥[૧૦]

**અગ્નિ દેવતા  વિષેની ઋચામાં ઋષિ કહે છે કે,**

यमश्ची नित्यमुपयाति यज्ञं प्रजावन्तं स्वपन्यं क्षयं नः ।
स्वजन्मना शेषसा वावृधानम् ॥[૧૧]

**ઋગ્વેદ સંહિતાની જેમ અથર્વવેદમાં પણ કેટલીક ઋચાઓમાં વાસ્તુવિદ્યાની વિભાવના જોવા મળે છે. ઋગ્વેદમાં નિવાસ સ્થાન માટે ''सभा'' તો ગૃહના છાપરા માટે ''छरदी'' શબ્દ પ્રયોજાયેલો છે દ્વાર માટે ''दुरोना'' શબ્દવાચક છે. અથર્વવેદમાં છાપરાના આધાર માટે ''वाम्स'', ''स्थुना'', ''उपमित'', ''प्रतिमित'' વગેરે શબ્દો બીમ માટેના પ્રયોગ થયા છે.**

## પૌરાણિક વાસ્તુ

વેદકાલીન વાસ્તુની વિભાવનાની પરંપરા પુરાણગ્રંથોમાં જળવાઈ છે.

મત્સ્યપુરાણ વાસ્તુનો સંબંધ દેવતા સાથે જણાવે છે. વાસ્તુની ઉત્પત્તિ શંકરના પ્રસ્વેદમાંથી સ્વીકારાય છે. - ''निवासात्सर्वदेवानां वास्तुरित्यभीधीयते ।''(૧૨) દેવતાઓનો નિવાસ હોવાને કારણે 'વાસ્તુ'એ શબ્દથી પરિચિત થયું. મત્સ્યપુરાણ અનુસાર 'સ્થપતિ' વિશેની પરિભાષા આપવામાં આવી છે. એ પ્રમાણે वास्तुविद्याविधानज्ञो लधुहस्तो जितश्रमः । दीर्धदर्शी च शूश्रश्च परिकीर्तितः ।(૧૩)

મત્સ્યપુરાણ અનુસાર ચાર પ્રકારના પ્રસાદો હોય છે. જેમાં રાજાનો ઉત્તમ પ્રાસાદ એકસો આઠ હાથના વિસ્તારવાળો હોવો જોઈએ. બાકીના ચાર ક્રમશઃ આઠ આઠ હાથ ઓછાવાળા કરવા જોઈએ.

प्रज्यप्रकारं तत्प्रक्तमुतमादि विभेदितः ।

अष्टोत्तं हस्तशतं विस्तरश्चोतमो मतः ।

चतुर्ष्वन्येषु विस्तारो होयते चाष्यभिः करैः ॥ (૧૪)

વર્ણ અનુસાર ભવનોનું નિર્માણ ચિંતન પણ પુરાણગ્રંથોમાં કરવામાં આવ્યું છે. ભવનના સ્વરૂપ આકાર આધારે ચતુઃશાલાના સર્વતોભદ્ર, નન્ધાવર્ત, વર્ધમાન, સ્વસ્તિક અને ઢચક નામના પ્રકારો દર્શાવ્યા છે.

चतुःशाला प्रवक्ष्यामि स्वरूपन्नामतस्तथा ।

चतुःशालज्यतुद्वारैरलिन्दैं सर्वतोमुखम् ॥ (૧૫)

**વાયુપુરાણમાં પુર વિશે કહેવાયું છે કે,**

विधुत्वन्तं महाशैलं तत्रैकं कुलपर्वतम् ।

येन कूटतटैनैंकैस्तद्दीपं समलंकृतम् ॥(૧૬)

**અર્થાત્ – વિદ્યુતવાન પર્વત પર સ્થિત પુર પર્વતના મધ્યમાં સ્થિર છે.**

**વાયુપુરાણ જણાવે છે કે પરિખાની લંબાઈ અને પહોળાઈ દશ અને આઠ હાથની સામાન્ય રીતે હોય છે. લંબાઈથી અર્ધી પહોળાઈવાળા પુર શ્રેષ્ઠ હોય છે. નગરના પરિમાણથી ખેટનું પરિમાણ અર્ધું હોય છે.**

**વાયુપુરાણમાં વિદ્યાધરોનાં નગરને ઊંચા પ્રકારોથી યુક્ત બતાવવામાં આવ્યા છે. વાયુપુરાણ અનુસાર નગર સ્વસ્તિક દ્વારયુક્ત બનાવવું જોઈએ.**

तदेकं स्वस्तिकद्वारं

**બ્રહ્માંડપુરાણ દ્વાર વિશે કહે છે કે,**

रूचकं प्रतिकद्वारम् ।

**બ્રહ્માના આદેશ અનુસાર વિશ્વકર્માએ જે નગરીનું નિર્માણ કર્યું હતું તે ગોપુરથી યુક્ત હતું તેમા નગરના મધ્યભાગમાં રાજપ્રાસાદ સ્થિત હતું.**

**મત્સ્યપુરાણમાં દુર્ગની વિવેચના કરતા જણાવ્યું છે કે,**

चतुर्णामेव दुर्गाणां स्वसमुत्थानि त्रीति तु ।

चतुर्थं कृत्रिमं दुर्गं तस्य वक्ष्याम्यहं विधिम् ॥

અર્થાત્, લોકોએ ચાર પ્રકારના દુર્ગનું નિર્માણ કર્યુ. જેમાં ત્રણ પ્રાકૃતિક છે અને ચોથા પ્રકારનો કૃત્રિમ છે આ કૃત્રિમ દુર્ગ જલયુક્ત રાખવો જોઈએ.(૧૭)

## મહાભારતકાલીન વાસ્તુ

મહાભારતમાં વિશ્વકર્મા અને મય બન્નેનો ઉલ્લેખ થયેલો છે. મહાભારતમાં ગૃહ માટે સ્વસ્તિક, વર્ધમાન, નન્ધાવર્ત શબ્દોનો ઉલ્લેખ થયો છે. વિશ્વકર્મા સહસ્ત્રવિદ્યાનો જ્ઞાતા અને સ્થપતિના જ્ઞાતા તરીકે ઓળખાય છે. વિશ્વકર્માએ વૈવસ્વથ સભાનું નિર્માણ કર્યું હતું. મય એ દાનવોનો શિલ્પી હતો જેણે યુધિષ્ઠિર માટે ઉત્તમ સભાની રચના કરી હતી. નગરનો 'પુર' અથવા 'નગર' તરીકે ઉલ્લેખ થયેલો છે. જયારે નિર્માણ થતા ભવનને સભા, પ્રાસાદ, વિમાન, સૌધ, હાર્મ્ય જેવા નામોથી ઓળખાય છે. નગરની શોભા માટે ઉદ્યાન, પ્રાસાદ, તોરણ, યૂપ અને ચૈત્યસ બનાવવામાં આવતા. નગરમાં મહાપથ રાખી તેની બંને તરફ દુકાનોની રચના કરવામાં આવતી. આ ઉપરાંત છ પ્રકારના દુર્ગોનો પણ નિર્દેશ થયેલો છે. મય દ્વારા બનાવવામાં આવેલી યુધિષ્ઠિરની સભાની ઉપાદાન સામગ્રી બિંદુ સરોવર પાસેથી લાવવામાં આવી હતી.

## કૌટિલ્યકાલીન વાસ્તુ

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વાસ્તુની વિભાવના જણાય છે. રાજાનો મુખ્ય ગૃહ "પ્રાસાદ" જયારે અન્ય પ્રકારના નિર્મિત ગૃહ "હાર્મ્ય" અને "સભા" તરીકે ઓળખાય છે. ચતુઃશાલાનું પણ અહીં વર્ણન કરવામાં આવ્યું છે. થાંભલા માટે "સ્થંભ" અને "સ્થુના" જેવા શબ્દ પ્રયોગ થયા છે. તો દ્વાર માટે "મંડુકદ્વાર" એ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. આમ, દ્વાર વિચારણા પણ જણાય છે. વિભિન્ન

પ્રકારના ભવનદ્વારોની દેવનામાવલિ પારિભાષિક શબ્દો પ્રયોજાય છે જે વાસ્તુવિદ્યાના જ શબ્દ પ્રયોજની છે.

બ્રાહ્મણગ્રંથોમાં વાસ્તુવિદ્યાની વિભાવના પ્રકારાન્તરે વ્યક્ત થઈ છે. ઐતરેય અને શતપથ બ્રાહ્મણગ્રંથોમાં યૂપના સ્વરૂપ અને તેની રચના વિશેની માહિતી મળે છે. કૌશિતકી બ્રાહ્મણમાં "શિલ્પ"ના સંદર્ભમાં ત્રણ આયામ નૃત્ય, સંગીત અને ગાયન વિશે જણાવે છે.

સૂત્રસાહિત્યમાં પણ વાસ્તુવિજ્ઞાનની વિભાવના પ્રતિબિંબિત થાય છે. આશ્વાલયન ગૃહ્યસૂત્રમાં ભૂમિપરીક્ષા, સ્થળ પસંદગી, માટી પરીક્ષા ઈત્યાદિનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. જયારે સાંખ્યાયન ગૃહ્યસૂત્રમાં તે સમયનો ઉલ્લેખ કરતા જણાવે છે કે, ગૃહનિર્માણ સમયે ઉત્સવ ઉજવવામાં આવતો. વાસ્તુનિર્માણ થઈ ગયા બાદ જે – તે દિશાઓના સ્વામીની પ્રાર્થના થતી,

સત્ય અને વિશ્વાસ

| | | | | |
|---|---|---|---|---|
| બ્રા | | પૂર્વ | | બ |
| હ્મ | | | | લિ |
| ણ | ઉ | | દ | દા |
| અ | ત્ત | | ક્ષિ | ન |
| ને | ર | | ણ | અ |
| ક્ષ | | | | ને |
| ત્રિ | | | | દા |
| ય | | પશ્ચિમ | | ન |

શકિત અને બળ

આમ, વાસ્તુની મહત્તા વેદ, પુરાણ, મહાભારત, કૌટિલ્ય, બ્રાહ્મણગ્રંથો અને સૂત્રસાહિત્યમાં દષ્ટિમાન થાય છે. જે વાસ્તુની પ્રાચીનતાનો ઉલ્લેખ કરે છે.

## ૧.૫ વાસ્તુના પ્રવર્તક આચાર્યો

વાસ્તુશાસ્ત્રની આચાર્ય પરંપરા મત્સ્યપુરાણમાં આ પ્રમાણે વર્ણવી છે.

भृगुरत्रिर्वशिष्ठश्च विश्वकर्मा मयस्तथा ।

नारदो नग्नजिच्चैव विशालाक्षः पुरन्दरः ॥

ब्रह्मकुमारो नन्दीशः शौनको गर्ग एव च ।

वासुदेवोऽनिरुद्धश्च तथा शुक्रबृहस्पति ॥

अष्टादशैते विख्याता वास्तुशास्त्रोपदेशकाः ।

सङ्क्षेपणोपदिष्टन्तु मनवे मत्स्यरूपिणे ॥

અર્થાત્ "શ્રીસુતજી કહે છે ભૃગુ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજિત, વિશાલાક્ષ, પુરન્દર, બ્રહ્મકુમારો, નન્દીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરુધ્ધ, શુક્ર અને બૃહસ્પતિ આ અઢાર વાસ્તુશાસ્ત્રના ઉપદેશક પ્રખ્યાત થયા છે. મત્સ્યના સ્વરૂપને ધારણ કરવાવાળા ભગવાને પણ મનુને માટે સંક્ષેપથી તેનો ઉપદેશ આપ્યો છે. (૧૮)

### વાસ્તુચક્ર

ઋગ્વેદસંહિતામાં વાસ્તુદેવતાનો મંત્ર ઋષિ પ્રસ્તુત કરતા લખે છે કે,

वास्तोष्पते प्रति जानीह्यास्मान् स्वावेशो अनमीवो भवानः ।

यत् त्वेमहे प्रति तन्नो जुषखशंनीभव द्विपदे ंचतुष्पदो ॥

આ વાસ્તુદેવતાના પૂજન અર્થે વાસ્તુચક્રની રચના આ પ્રમાણે કરવામાં આવી છે.

આમ, મય વિશ્વકર્મા જેવા વાસ્તુશાસ્ત્રીય આચાર્યોએ લંકા તેમજ ઈન્દ્રપુરી તેમજ દ્વારકા વગેરે ઉત્તમ વાસ્તુશાસ્ત્રના નમુનાઓનું નિર્માણ કર્યું હતું.

## ૧.૬ વાસ્તુના પ્રકારો

નિર્મિત થતા વાસ્તુના પ્રકારોનું નિઢપણ વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. તદ્અનુસાર સમરાંગણ સૂત્રના 'મર્મવેધ' નામક અધ્યાયમાં વાસ્તુના પ્રકારોમાં કોનો પ્રયોગ થઈ શકે ? તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

### એંકયાશી પદવાળા વાસ્તુ પ્રયોગ

एकाशीतिपदो यः स्यात् तथा शतपदश्च यः ।

चतु:षष्टिपदो यश्च वास्तुरत्र त्रिधोदितः ॥

અર્થાત્ "બુદ્ધિમાન સ્થપતિએ બ્રાહ્મણ આદિ વર્ણોના ઘર, રાજપ્રસાદોના નિવેશ, ઈન્દ્રસ્થાન એકયાશી પદવાળા વાસ્તુથી વિભાજિત કરવું જોઈએ."[૧૯]

### સો પદવાળા વાસ્તુ પ્રયોગ

प्रासाद विविधास्तद्वद् विचित्राश्चात्र मण्डपाः ।

तान् मापयेच्छतपदप्रविभागेन बुद्धिमान ॥

અર્થાત્ "બુદ્ધિમાન સ્થપતિએ વિવિધ પ્રાસાદો દેવમંદિરો અને વિચિત્ર વિચિત્ર મંડપોને સો પદવાળા વાસ્તુથી માપવું જોઈએ."[૨૦]

## ચોસઠ પદવાળા વાસ્તુ પ્રયોગ

यः पुनः स्याच्चतुःषष्टिपदस्तेन विभाजयेत् ।
नरेन्द्रशिविरग्रामखेटापि नगरादि च ॥

**અર્થાત્ "તેનાથી અતિરિક્ત જે ચોસઠપદવાળું વાસ્તુ છે તેનાથી રાજશિબિર, ગ્રામ તથા નગરોનું વિભાજન કરવું જોઈએ."(૨૧)**

**રાજવલ્લભ વાસ્તુપુરુષનાં ભેદ અંગે કહે છે કે,**

क्षेत्राकृतिर्वास्तुरिहार्चनीय एकांशती भागसहस्त्रयुक्तः ।
साधारणोडष्टाष्टपदोडपि तेषु चैकाधिकाशीतिपदस्तथैव ॥

**અર્થાત્ "આ વાસ્તુપુરુષની ક્ષેત્રની આકૃતિમાં પૂજન કરી હજાર કોષ્ટકનું વાસ્તુ, ચોસઠ કોષ્ટકનું વાસ્તુપુરુષ હોય છે."(૨૨)**

વિશ્વકર્માપ્રકાશમાં **એંકયાસી કોષ્ટક વાસ્તુરચનાની** રીતિ વર્ણવેલ છે.

एकाशीतिपदं कुर्याद्रेखाभिः कनकेन च ।
पश्चात्पिष्टेन चालिस्य सूत्रेणातोडत्र सर्वतः ॥

दशपूर्वायता रेखा दश चैवोत्तरायताः ।
सर्वा वास्तुविभागेषु विज्ञेया नवका नव ॥

**અર્થાત્, "સુવર્ણની શલાકાથી એકયાશી કોષ્ટકની રચના કરી સૂત્રને ચોતરફ રાખીને ચુનાથી આલેખન કરવું દસ રેખા પૂર્વ-પશ્ચિમ, દસ રેખા ઉત્તર-દક્ષિણને અંકિત કરવાથી એકયાશી કોષ્ટકનું વાસ્તુપદ બની જાય છે."(૨૩)**

## સમરાંગણસુત્રમાં 'વાસ્તુ-ત્રય વિભાગ' નામક અધ્યાયમાં વાસ્તુપદ નિર્માણ આલેખાયું છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| शिखी | पर्जन्यः | जयन्तः | ईन्द्रः | सूर्यः | सत्यः | भृशः | अन्तरिक्षः | अनिल |
| दितिः | आपः | जयन्तः | ईन्द्रः | सूर्यः | सत्यः | भृशः | सविता | पूषा |
| अदितिः | अदितः | आपवत्सः | अर्यमा | अर्यमा | अर्यमा | सविता | वितथः | वितथः |
| भुजगः | भुजगः | पृथ्वीघरः | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | विवस्वान | बृहक्षतः | बृहक्षतः |
| सोमः | सोमः | पृथ्वीघरः | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | विवस्थान | यमः | यमः |
| भल्लाटः | भल्लाटः | पृथ्वीघरः | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | विवस्थान | गन्धर्वः | गन्धर्वः |
| मुख्यः | मुख्यः | ढद्रदास | मित्रः | मित्रः | मित्रः | ईन्द्रः | भृंगराजः | भृंगराजः |
| नागः | नागः | शोषः | असुरः | वरूणः | कुसुमदन्तः | सुग्रीवः | मृगः | मृगः |
| रोगः | पापयक्ष्मा | शोषः | असुरः | वरूणः | कुसुमदन्तः | सुग्रीवः | दौवारिकः | पिता |

## ચોસઠ કોષ્ટક વાસ્તુરચનાની રીતી

**સમરાંગણ સૂત્રધારમાં 'વાસ્તુત્રય વિભાગ' નામક અધ્યાયમાં વાસ્તુપદ નિર્માણ આલેખાયું છે.**

चतुरश्रीकृते क्षेत्रे पूर्ववद् भाजितेडष्टभिः ।

चतुः षष्टिपदो वास्तु चतुःषष्टया पदैर्भवेत् ॥

**અર્થાત્ "ક્ષેત્રને ચોરસ બનાવીને પહેલાની જેમ આઠ આઠના હિસ્સામાં વિભાગ કરવો જોઈએ. જેથી ચોસઠ પદવાળા વાસ્તુનું નિર્માણ થાય છે."(૨૪)**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| शिखीदिति | पर्जन्यः | जयन्तः | ईन्द्रः | सूर्यः | सत्यः | भृशः | आकाश<br>अनिल |
| अदितिः | पर्जन्यः<br>अदितिः | जयन्तः | ईन्द्रः | सूर्यः | सत्यः | भृशःपूषा | पूषा |
| भुजगः | भुजगः | आपवत्सः<br>आपः | अर्यमा | अर्यमा | सविता<br>सावित्रः | वितथः | वितथः |
| सोमः | सोमः | पृथ्वीघरः | ब्रह्मा | ब्रह्मा | विवस्थान | यमः | यमः |
| भल्लाटः | भल्लाटः | पृथ्वीघर | ब्रह्मा | ब्रह्मा | विवस्थान | यमः | यमः |
| मुख्यः | मुख्यः | ढद्रः<br>ढद्रदास | मित्रः | मित्रः | इन्द्र<br>जयः | गन्धर्वः | गन्धर्वः |
| नागः | नागः<br>शोषः | असुरः | वरूणः | कुसुमदन्तः | सुग्रीवः | भृंगराज<br>दौवारिकः | भृंगराज |
| रोगः<br>पापयक्ष्मा | शोषः | असुरः | वरूणः | कुसुमदन्तः | सुग्रीवः | दौवारिकः | मृगःपिता |

## સો કોષ્ટક વાસ્તુરચનાની રીતી

સમરાંગણ સૂત્રધારમાં 'વાસ્તુ-ત્રય-વિભાગ' નામક અધ્યાયમાં વાસ્તુપદ નિર્માણ આલેખાયું છે.

चतुरश्रीकृते क्षेत्रे दशधा प्रविभाजिते ।

भवेच्छतपदो वास्तुर्बूमोडत्राप्यण्यमरस्थितिम् ॥

અર્થાત્, "ક્ષેત્રના ચોરસ બનાવીને પહેલાની જેમ દસ દસના હિસ્સામાં વિભાગ કરવા જોઈએ. જેથી સો પદવાળા વાસ્તુનું નિર્માણ થાય છે."(૨૫)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| शिखीदिति | शिखी | पर्जन्य: | जयन्त: | इन्द्र | सूर्य: | सत्य: | भृश: | आकाश: | आकाश |
| दिति: | आप: आपवत्स | आप: | अर्यमा | अर्यमा | अर्यमा | अर्यमा | सावित्र: सविता | सावित्र: | अनिल |
| अदिति: | आपवत्स | आप: | अर्यमा | अर्यमा | अर्यमा | अर्यमा | सावित्रि: | सविता | पूषा |
| भुजग: | पृथ्वीघर: | पृथ्वीघर: | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | सूर्य: | सूर्य: | वितथ: |
| सोम: | पृथ्वीघर: | पृथ्वीघर: | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | सूर्य: | सूर्य: | बृहक्षत: |
| भल्लाट: | पृथ्वीघर: | पृथ्वीघर: | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | सूर्य: | सूर्य: | यम: |
| मुख्य | पृथ्वीघर: | पृथ्वीघर: | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | ब्रह्मा | सूर्य: | सूर्य: | गन्धर्व: |
| नाग: | ढद्रदास: | ढद्रदास: | मैत्र: | मैत्र: | मैत्र: | मैत्र: | महेन्द्र: जय: | महेन्द्र: जय: | भृंगराज: |
| रोग: | ढद्र: ढद्रदास: | ढद्रदास: | मैत्र: | मैत्र: | मैत्र: | मैत्र: | जय: | महेन्द्र जय: | भृंगराज: |
| रोग: पापयक्ष्मा | पाप पापयक्ष्मा | शोष: | असुर: | कुसुमदन्त: | सुग्रीव: | दौवारिक: | पिता | मृग: | पिता |

## ૧.૭ વાસ્તુશાસ્ત્રના મહત્ત્વપૂર્ણ ગ્રંથો

વાસ્તુશાસ્ત્ર એક વેદાંગ છે. તે વેદોનો જ એક અંગ છે. વાસ્તુશાસ્ત્ર અથર્વવેદનો ઉપવેદ સ્થાપત્ય વેદનું અંગ છે. જેમાં મકાન નિર્માણકળાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમ અથર્વવેદમાં જણાવેલ છે. આ સિવાય બીજા ઘણાં પ્રાચીન ગ્રંથોમાં પણ વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ મળી આવેલ છે. જેમ કે,

- विश्वकर्माप्रकाश
- समराङ्गण सूत्रधार
- मयमतम्
- बृहत्संहिता
- वास्तुराजवल्लभ

- दीपालो
- मनुष्यालय चन्द्रीका
- वास्तुसार
- शिल्पस्मृति वास्तुविद्यायायाम्
- शिल्पशास्त्र सारसंग्रह
- शिल्परत्नम्
- शिल्परत्नाकर
- भारतीय स्थापत्य

આ સિવાય પણ અનેક વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો છે. પરંતુ સમયાવધિને કારણે અહીં અમુક જ ઉલ્લેખ થઈ શકયો છે.

## ૧.૮ વાસ્તુનું મહત્ત્વ

વાસ્તુશાસ્ત્ર પ્રાચીન અને વૈજ્ઞાનિક છે. ભૂમિ એ જીવંત છે. વાસ્તુશાસ્ત્ર સંપૂર્ણપણે સૂર્યનાં કિરણો પર અને તેની અદશ્ય શક્તિ પર આધાર રાખે છે. સૂર્ય-ચંદ્રનાં કિરણો સાથેનું તાદાત્મ્ય પ્રત્યેક ક્ષણોએ માનવને પ્રભાવિત કરે છે. ભૂમિની સકારાત્મક અને નકારાત્મક અસર માનવના તેમજ તેને બનાવેલા વાસ્તુ ઉપર થાય છે. પૃથ્વીમાં રહેલી ઊર્જાને કારણે જ અમુક ભૂમિનો સ્પર્શ કરતાં સુખ અને આનંદ પ્રાપ્ત થાય છે. જયારે કેટલીક ભૂમિને સ્પર્શ થતા દુઃખ અને વેદનાનો અનુભવ થાય છે.

વાસ્તુશાસ્ત્રને વિજ્ઞાન પણ સમર્થન આપે છે. વાસ્તુશાસ્ત્રમાં વાસ્તુપુઢષ દ્વારા દિશાઓની જાણકારી પ્રાપ્ત થાય છે. વાસ્તુપુઢષ મંડળમાં ઊર્જાનો બે સ્રોત છે. વાસ્તુપુઢષ મંડળની દિશાનાં અલગ-અલગ દેવતા નિવાસ કરે છે.

(i) પ્રાણિક ઊર્જા : સૌરઊર્જાને 'પ્રાણિક' અથવા 'બ્રહ્માંડીય' ઊર્જા પણ કહેવાય છે. આ ઊર્જા પૃથ્વીની સર્દશ ગતિની સાથોસાથ પરિવર્તનશીલ હોય.

(ii) જૈવિક ઊર્જા : વિદ્યુતચુંબકીય પ્રવાહને 'જૈવિક' અથવા 'કાર્બનિક' ઊર્જા કહે છે. આ ઊર્જા એક દેશીય ઉત્તરથી દક્ષિણધ્રુવ તરફ ગતિશીલ હોય.

જૈવિક ઊર્જાનાં તત્ત્વોનું સામંજસ્ય સુખ કે આનંદ આપે અને તેઓનું વૈષમ્ય વેદના કે દુઃખપ્રદાન કરે.

વાસ્તુવિદ્યામાં પૂર્વ અને ઉત્તર દિશા વચ્ચે આવતો ખૂણો 'ઈશાનકોણ' તરીકે ઓળખાય છે. આ અત્યંત પવિત્ર ખૂણો છે માટે જ આ સ્થાનમાં દેવતાઓ અર્થાત્ ઘરના મંદિરની સ્થાપના કરવાનું વિધાન મળે છે. વિજ્ઞાનના પ્રયોગ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે કે સૂર્ય જે પ્રાણી માત્રનો જીવવાનો આધાર છે તે પૂર્વ દિશામાં ઊગે છે અને પશ્ચિમમાં અસ્ત થાય છે. આથી, તેની પ્રાણિક ઊર્જા પૂર્વથી પશ્ચિમ તરફ ગતિ કરે છે. જયારે જૈવિક ઊર્જા ઉત્તરથી દક્ષિણ તરફ અસ્ત પામે છે. આમ, આ 'પ્રાણિક' અને 'જૈવિક'' બન્ને ઊર્જાઓ પૂર્વ-ઉત્તરથી આરંભી પશ્ચિમ-દક્ષિણમાં અસ્ત પામતી હોવાથી પૂર્વ-ઉત્તરનો ખૂણો પવિત્ર માનવામાં આવે છે. આમ, 'ઈશાનકોણ' પવિત્ર છે. પૃથ્વીમાંથી ઉદ્દભવતી ઊર્જા ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાયેલી છે. આથી, તેનું આરંભબિંદુ ઉત્તર-પૂર્વ છે અને અંત્યબિંદુ દક્ષિણ-પશ્ચિમ છે. પૃથ્વીની આ ઊર્જા પૃથ્વીની આસપાસ ગતિ કરતા-કરતા એક આવરણ બનાવે છે. આ આવરણમાં વસવાટ કરવામાં આવે છે.

સમરાંગણસૂત્રના પ્રથમ અધ્યાયમાં 'વાસ્તુનું મહત્ત્વ' દર્શાવતા લખ્યું છે કે,

देश: पुरम निवासश्च सभावेश्मासनानिच
यद्दीदृशमन्यच्च तत्त्वच्छ्रेयस्करम् मतम् ।
वास्तुशास्त्रेदृते तस्यं न स्याल्लक्षणकनिश्चय:
तस्मान्लोकस्य कृपया शास्त्रमेतदुदीर्यते ॥

અર્થાત્ "દેશ, નિવાસ, પુર, સભા, વેશ્મ અને આસન તથા તેની સિવાય અન્ય કોઈપણ જે નિર્માણ થાય તેમાં જે જે વાસ્તુશાસ્ત્ર અનુસાર છે તે કલ્યાણકારી છે. વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંત અતિરિક્ત અન્ય કોઈ પ્રકારનો એ નિશ્ચિય નથી કરી શકતો કે કોઈપણ ભવન યોગ્ય છે કે નહીં ? આથી, લોકોની ઉપર કૃપા કરીને વાસ્તુશાસ્ત્ર પ્રસ્તુત કરવામાં આવે છે."(૨૯)

વિશ્વકર્મા 'વાસ્તુનું મહત્ત્વ' સમજાવતાં કહે છે કે,

चर्तुवर्गफलप्राप्तिस्सल्लोकश्च भवेद् ध्रुवम् ।
शिल्पशास्त्र परिज्ञानान्मर्त्योडपि सुरतां व्रजेत् ॥

અર્થાત્, "શિલ્પશાસ્ત્રના પૂર્વજ્ઞાનથી સારા માનવને ચર્તુવર્ગની પ્રાપ્તિ થાય છે અને મરણશીલ મનુષ્ય પણ દેવતા બની જાય છે."

નારદઋષિ વાસ્તુના ઉદ્દેશ્ય સંદર્ભે કહે છે કે,

अनेन विधिना सम्यग्वास्तुपूजां करोति य: ।
आरोग्यं पुत्रलाभं च धनं धान्यं लभेन्तर: ॥

**અર્થાત્, "આ વિધિ વડે જે સ્મયકવાસ્તુ પૂજા કરે છે તે નર આરોગ્ય, પુત્રલાભ, ધન-ધાન્યને પ્રાપ્ત કરે છે."(૨૭)**

**વિશ્વકર્માપ્રકાશ જણાવે છે કે,**

अश्रियं मृत्युमाप्नोति विध्नस्तस्य पदे पदे ।

वास्तुपूजामकुर्वाणः तवाहारो भविष्यति ॥

**"નાસ્તિક ભાવ અથવા પ્રમાદથી જે માનવ વાસ્તુપૂજા નથી કરતા તેનું ઐશ્વર્ય નષ્ટ થાય છે, અકાલ મૃત્યુ પ્રાપ્ત કરે છે, પ્રત્યેક કાર્યમાં અવરોધ આવે છે તથા વાસ્તુપુરુષના કોપને પ્રાપ્ત કરી દુર્ભાગ્યને પ્રાપ્ત કરે છે."(૨૮)**

## ૧(ગ) સિદ્ધાંત નિરૂપણ

## ૧.૯ વાસ્તુપુરુષની પરિકલ્પના

### ૧.૯.૧વાસ્તુપુરુષની ઉત્પત્તિ

**વાસ્તુશાસ્ત્રમાં આવતા આ 'વાસ્તુ' શબ્દ જયારે આપણે સાંભળીએ છીએ ત્યારે તરત જ આપણા માનસમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, "આ વાસ્તુ એટલે શું ? તે કોને કહે છે ? તેની ઉત્પત્તિ શા માટે થઈ ?" આ પ્રશ્નનો ઉત્તર આપણને વાસ્તુની જાણકારી આપતા ગ્રંથોમાંથી મળે છે.**

**બૃહત્ત્સંહિતામાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ વર્ણવવામાં આવી છે.**

किमपि किल भूतमभवद्रुन्धानं रोदसी शरीरेण ।

तदमरगणेन सहसा विनिगृह्याधोमुखं न्यस्तम् ॥

यत्र च येनं गृहीतं विबुधेनाधिष्ठितः । स तत्रैव ।

तदमरमयं विधाता वास्तुनरं कल्पयामास ॥

**અર્થાત્ "પ્રાચીનકાળમાં પોતાનાં શરીરથી પૃથ્વી અને આકાશને આવૃત્ત કરનાર કોઈ અપરિચિત વ્યક્તિ ઉત્પન્ન થયો. આથી દેવતાઓએ તેને પકડીને અધોમુખ કરીને પૃથ્વી પર સ્થાપિત કરી દીધો તે સમયે જે દેવતાએ જે અંગને પકડયા હતા તેણે એ અંગમાં પોતાનું સ્થાન બનાવી લીધું. એ દેવમય અપરિચિત વ્યક્તિને બ્રહ્માજીએ 'વાસ્તુપુરુષ' નામથી કલ્પિત કર્યું."[૨૯]**

**વિશ્વકર્મા પ્રકાશમાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ આ પ્રમાણે વર્ણવી છે.**

पुरा त्रेतायुगे धासीन्महाभूतं व्यवस्थितम् ।
स्वाप्यमानं शरीरेण सकलं भुवनं ततः ॥

तं दष्टवाविस्मयं देवा गता । सेन्याभयावृताः ।
ततस्ते भयमान्ना ब्रह्मांड शरणं ययुः ॥

भूतभावन भूतेशं महद्भयमुपस्थितम् ।
कव यास्यामः कव गच्छामो वयं लोकपितामहः ॥

मा कुर्वन्तु भयं देवा विगृह्यैतन्महावलम् ।
निपात्याधोमुखं भूमौ निर्विशङ्का भविष्यथ ॥

ततस्तैः क्रोधसन्तप्तैर्गृहीत्वा तं महाबलम् ।
विनिक्षिप्तमधो वफं स्थितास्तत्रैव ते सुराः ॥

तमेव वास्तुपुरुषं ब्रह्मासमसृजत्प्रभुः ।
कृष्णपक्षे तृत्तीयायां मासि भाद्रपद्रे तथा ॥

शनिवारे भवेज्जन्म नक्षत्रे कृतिकासु च ।
योगस्तस्य व्यतीपातः करणं विष्टिसंज्ञकम् ॥

भद्रान्तरे भवेज्जन्म कुलिके तु तथैव च ।
क्रोशमानं महाशब्दं ब्रह्माणं समपधत् ॥

चराचरमिदं सर्व त्वया सृष्ट जगत्प्रभो
विनापराधेन च मां पीडयन्ति सुराभृशम् ॥

**અર્થાત્ "પૂર્વ ત્રેતાયુગમાં એક મહાભૂત ઉત્પન્ન થયું. જેણે પોતાના સૂક્ત શરીરથી સમસ્ત સંસારને આચ્છાદિત કર્યું. તેને નિહાળીને ઈન્દ્રસહિત સમસ્ત દેવગણ આશ્ચર્ય અને યમ ભયભીત બની બ્રહ્માજીની શરણમાં ગયા અને કહ્યું કે ભૂતભાવના હે ભૂતેશ, લોક પિતામહ બહુ ભય થયો છે હવે અમો કયાં જઈએ ? હે, દેવગણ ભયભીત ન બનો આ મહાબલિને પકડીને ભૂમિ ઉપર અધોમુખ કરી તમો સર્વ નિર્ભય બની જશો. બ્રહ્માજીની આ વાત સાંભળી ક્રોધમાં સંતપ્ત દેવગણએ મહાબલિ ભૂતને પકડી અને અધોમુખ પાડીને દેવતાગણ તેના પર સ્થાપિત થઈ ગયા. તે મહાભૂતને બ્રહ્માજીએ 'વાસ્તુપુરુષ'ની સંજ્ઞા આપી ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષની તૃત્તીય તિથી, શનિવાર, કૃતિકા નક્ષત્ર, વ્યતીપાત યોગ, વિષ્ટીકરણ ભદ્રાના મધ્યમાં કુલીક મૂહુર્તમાં તેની ઉત્પત્તિ થઈ.[૩૦]**

**વાસ્તુપુરુષની ઉત્પત્તિ વિશે આ પ્રમાણે પણ નિરુપણ છે.**

संग्रामडेन्धकरूद्रयोगश्च पतितः स्वेदो महेशात्क्षितौ ।

तस्मादभूतमभूश्च भीतिजननं धावापृथिव्योर्महत् ।

तद्दैवः । सहसा विगृह्म निहितं भूमावधोवक्त्रं।

देवानां वचनाश्च वास्तुपुरुषस्तेनैव पूज्यो वुछैः ॥

**અર્થાત્ "અંધકાસુર અને શંકરના યુદ્ધમાં શિવના શરીરેથી પરસેવો પડયો, જેમાંથી આકાશ અને પૃથ્વીમાં અત્યંત ભયકારક એક પ્રાણી ઉત્પન્ન થયું, તેને દેવતાઓએ પકડીને અધોમુખ કરી દબાવી રાખ્યું અને તેને વરદાન આપ્યું કે તારી પૂજા બધા શુભકર્મોમાં થશે "આથી દેવતાઓની સાથે તેનું પૂજન કરવું જોઈએ અને તેને 'વાસ્તુપુરુષ' કહે છે."(૩૧)**

**બૃહદ્વાસ્તુમાલામાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ આ પ્રમાણે વર્ણવી છે.**

पुरा कृतयुगे ह्यासीन्महदभूतं समुत्थितम् ।
व्याप्यमानं शरीरेण सकलं भुवनं ततः ॥

तददृष्टवा विस्मयं देवा गताः सेन्द्रा भयावृताः ।
ततस्तैः क्रौधसन्तप्तैर्गृहीत्वा तमथासुरम् ॥

विनिक्षिप्तमधोवक्त्रं स्थितास्तत्रेव ते सुराः ।
तमेव वास्तुपुरुषं ब्रह्मा कल्पितवान् स्वयम् ॥

અર્થાત્ 'સત્‌યુગના આરંભમાં એક મહાન પ્રાણી ઉત્પન્ન થયું, જે પોતાના વિશાળ શરીરથી સમસ્તભુવનમાં વ્યાપ્ત હતું તેને નિહાળી દેવરાજ ઈન્દ્રસહિત સર્વદેવતા ભય તથા આશ્ચર્યચક્તિ થયા પછીથી તેઓએ ક્રોધિત બની એ અસુરને પકડીને તેનું મસ્તક નીચે કરી ભૂમિમાં સ્થિત કર્યું, અને સ્વયં ત્યાં ઉભા રહ્યા તેનું નામ બ્રહ્માએ 'વાસ્તુપુરુષ' રાખ્યું.'(૩૨)

મત્સ્યપુરાણમાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ વર્ણવવામાં આવી છે.

पुरान्धकवधेधोरे धोररूपश्च शूलिनः ।
ललाटस्वेदसलिलमपतद् भुवि भीषणम् ।
करालवदनं तस्मात् भूतमुद्भूतमुषगणम् ।
ग्रसमानमिवाकाशं सप्तद्वीपां वसुन्धराम् ।
ततोऽन्धकानां ढधिरमपिबत्पतितं क्षितौ ।
तेन तत्ससमरें सर्वं पतितं यन्महीतले ।
तथापि हृप्तिमगमन्न तदभूत यदा तदा ।
जाशिवस्य पुरतस्तपश्चचे्र सुदारूणम् ।
क्षुधाविष्टन्तु तदभूतमाहर्तुं जगतीत्रयम् ।
ततः कालेन सन्तुष्टो भैरवस्तस्य चाहवे ।
वरं बृणीष्व भद्रन्ते । यद भीष्टन्तवानध ।
तमुवाच ततोभूतं त्रैलोक्यथग्रसनक्षमम् ।
भवामि देवदेवश तथेत्युक्तज्य शूलिना ।
ततस्तत्त्रिदिकं सर्वं भूमण्डलमशेषतः ।
स्वदेहेनान्तरिक्षज्ये ढन्धान प्रपतदभुवि ।
भीतभीतैस्ततोदेवै ब्रर्ह्मणा चाथ शूलिना ।

दानवासुरक्षोभिरवष्टष्धं समन्ततः ।

येन यत्रैव चाक्रान्तं स तत्रैवावसत्पुनः ।

निवासातसर्वदेवानां वास्तुरित्यभिधीयते ।

**અર્થાત્ "પ્રાચીન સમયમાં ઘોર રૂપવાળા ભગવાન શૂલિના હાથે અંધકના વધ થવાથી શિવના લલાટથી ભયંકર સ્વેદનું બિંદુ ભૂમિ પર પડયું તેમાંથી કરાલ રૂપવાળુ એક ભૂત ઉત્પન્ન થયું. આકાશને ગ્રસતાં અને સાત દ્વીપવાળી આ સંપૂર્ણ વસુંધરને ગ્રસિત કરતાં પ્રતીત થતા હતાં. આ ભૂમિ ઉપર અંધકનું જેટલું રૂધિર પડયું હતું તેનું તુરંત પાન કરતો હતો છતાં પણ તે ભૂત તૃપ્તિને પ્રાપ્ત કરી શકયો નહીં ભગવાન શિવ સામે દારૂણ તપ કરતો હતો અને ક્ષુધાથી પીડિત તે ભૂત આ જગતિત્રયનું આહરણ કરવાને માટે સમુધત થતો હતો. તેની મહાન તપસ્યાથી તે યુદ્ધમાં ભૈરવ પ્રસન્ન થયો. ભૈરવે તેને કહ્યું કે અનઘ તમને જે પણ પસંદ હોય તે વરદાન મારી પાસે માગો. તાઢં કલ્યાણ થશે. ભૈરવે કહ્યું હે દેવ-દેવેશ હું આ ત્રૈલોક્યને ગ્રહણ કરવાના સાર્મથ્યવાળો બનું ત્યારે શંકરે એમજ થશે એમ કહી દીધું હતું. આ ઉપરાંત તે સંપૂર્ણ ત્રિદિક સમગ્ર ભૂમંડળ અને પોતાના દેહથી અંતરિક્ષ ભૂમિ પર પડી ગયો હતો. પછીથી ભયભીત દેવ બ્રહ્મા, શૂલિ અને દાનવ અસુર તથા રાક્ષસોની દ્વારા બધી તરફ અવષ્ટબ્ધ બની ગયો જેના દ્વારા જયાં પણ આક્રમણ કરવામાં આવ્યું હતું તે કરી ત્યાં જ નિવાસ કરવા લાગ્યા. સમસ્ત દેવોના નિવાસથી 'વાસ્તુ' એ નામથી ઓળખવામાં આવે છે."(૩૩)**

**અગ્નિપુરાણમાં વાસ્તુપુરુષની ઉત્પત્તિ વિશે આ મુજબ નિરૂપણ છે.**

पूर्वमासीन्महद्‌भूतं सर्वभूतभयडफरम् ।

तददेवैर्निहितं भूमो स वास्तु-पुरुषः स्मृत ॥

અર્થાત્ ''પ્રાચીન સમયમાં સર્વપ્રાણીઓને ભય ત્રસ્ત કરવાવાળું એક મહાન ભૂત હતું. દેવતાઓએ તેને ભૂમિમાં સ્થિત કર્યો તે 'વાસ્તુપુરુષ' નામથી પ્રસિદ્ધ થયો.''(૩૪)

વાસ્તુપુરુષની ઉત્પત્તિ વિષે ભગવદ્ગોમંડળ લખે છે કે, ''એક પ્રકારનો પુરુષ અંધક દૈત્ય સાથે સંગ્રામ કરતા મહાદેવજીને પરિશ્રમ થયે પરસેવો થયો તેનું બિંદુ ભૂમિ પર પડયું, તે બિંદુમાંથી ભૂમિને ભ્રમ કરે તેવું પ્રાણી ઊપજ્યું. તે પ્રાણીને બધા દેવતાઓએ મળીને એકદમ પકડી નીચે મુખે ઊંધુ નાખી તેના ઉપર તે દેવોએ વાસ કર્યો તે પરથી તે પ્રાણીનું નામ 'વાસ્તુપુરુષ' પડયું છે.''

વાસ્તુપુરુષની ત્રણ લાક્ષણીકતાઓ છે.

## (અ) ચરવાસ્તુ

વાસ્તુપુરુષની દષ્ટિ કૃતિકા (ઓકટો.-નવે.) દક્ષિણ અભિમુખ હોય, મૃગશીર્ષ (નવે.-ડિસે.) દરમિયાન, પુષ્પ (ડિસે.-જાન્યુ.) દરમિયાન, માઘ (જાન્યુ.-ફેબ્રુ.) દરમિયાન, પૂર્વાભિમુખ હોય, ફાલ્ગુન (ફેબ્રુ.-માર્ચ), ચિત્ર (માર્ચ-એપ્રિલ), વૈશાલ (એપ્રિલ-મે), દરમિયાન ઉત્તરાભિમુખ હોય જયારે જેઠ (મે-જૂન), અષાઢ (જૂન-જૂલાઈ) શ્રાવણ (જૂલાઈ-ઓગષ્ટ) દરમિયાન પશ્ચિમભિમુખ હોય, ભાદ્રપદ (ઓગષ્ટ, સપ્ટેમ્બર) દરમિયાન અશ્રયુજ (સપ્ટે.-ઓકટો.) દરમિયાન દક્ષિણ અભિમુખ હોય.

## (બ) સ્થિરવાસ્તુ

શીર્ષ ઉત્તર-પૂર્વ તરફ, ચરણ દક્ષિણ-પશ્ચિમ તરફ, જમણો હાથ ઉત્તર-પશ્ચિમ તરફ અને ડાબો હાથ દક્ષિણ-પૂર્વ તરફ હોય છે.

## (ક) નિત્યવાસ્તુ

પ્રત્યેક દિવસે પ્રથમ ત્રણ કલાક પૂર્વાભિમુખ, પછી ત્રણ કલાક દક્ષિણ અભિમુખ પછી ત્રણ કલાક પશ્ચિમ અભિમુખ અને અંતિમ ત્રણ કલાક ઉત્તર અભિમુખ હોય છે.

## ૧.૯.૨વાસ્તુપુરુષનું સ્વરૂપ

વાસ્તુપુરુષ સ્વરૂપનું આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે.

"વાસ્તુપુરુષ એક જ છે જે જુદા જુદા પ્રકારોથી પરિકલ્પિત કરવામાં આવ્યા છે. આ વાસ્તુપુરુષના શરીરની કલ્પના કરવી જોઈએ જેમાં ગુણ અને દોષ બંને હોય છે. આ શરીર કલ્પનમાં ક્રમશઃ સર્વપ્રથમ મુખ, મસ્તક, કાન, આંખ, તાળવું, દાંત, છાતી, કંઠ, સ્તન, નાભિ, લિંગ, અંડકોષ, ગુદા, બાહુ, પ્રબાહુ, હાથ, સ્ફિક, ઉઢ, જંઘા અને પગ આ પ્રકારે પુરુષ સમાન આકૃતિવાળો વાસ્તુપુરુષ બનાવવો જોઈએ. શિરાઓ, વંશ, અનુવંશ, સંધિ, અનુસંધિ, મર્મ તથા મહાવંશ વાસ્તુ શરીરમાં લક્ષિત કરવામાં આવ્યા છે. કાન સુધી જે શિરાઓ ફેલાય છે તે 'નાડી' કહેવાય છે. પદનો સોળમો ભાગ એ પ્રમાણેથી લક્ષિત કરવામાં આવ્યા છે. પૂર્વ તથા પશ્ચિમમાં ઉત્તર તથા દક્ષિણમાં મધ્યમાં બે-બે મહાવંશના પ્રમાણપદનો પાંચમો ભાગ કહેવાયો છે. એમાં જે વંશ રહ્યા છે તે મુખ્યતઃ ફેલાયેલી રેખા છે અને જે વિચિત્ર આકારવાળી રેખાઓ છે તેને 'અનુવંશ' કહે છે તેના સંપાતોને 'મર્મ' કહે છે. જે પદના મધ્યમાં છે. તેને 'ઉપમર્મ' કહે છે. વંશાદિના ક્રમશઃ પદથી પ્રમાણ કહેવામાં આવ્યું છે. આઠે વંશોની જે સંધિ છે તેને "સંધિ" કહે છે. જે વંશના અંગોની સંધિ છે તેને 'અનુસંધિ' કહેવાય અને સંધિઓનું પ્રમાણ વાલાગ્રની સમાન કહેવામાં આવ્યું છે અને તેનાથી અર્ધું પ્રમાણ અનુસંધિઓનું કહેવામાં આવ્યું છે.[૩૫]

ગ્રંથોમાં મળતી માહિતીને આધારે સંસ્કૃત સાહિત્યના પ્રાચીન ગ્રંથોમાં અલગ-અલગ પુરુષનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમકે સાંખ્યકારિકામાં પ્રકૃતિની સાથે પુરુષનું વર્ણન મળે છે. તે જ રીતે, અલંકાર સાહિત્યમાં કવિની કલ્પનાથી અલંકાર પુરુષનું વર્ણન તથા શ્રીમદ ભગવતગીતામાં સ્વયં ભગવાન કૃષ્ણ અર્જુનને પોતાના વિરાટ પુરુષ તરીકેના દર્શન કરાવે છે તે જ રીતે, વાસતુસાહિત્યમાં વાસ્તુપુરુષની પરિકલ્પના કરવામાં આવી છે.

વાસ્તુપુરુષના મુખમાં અગ્નિ અને જળનો નિવાસ છે બંને સ્કંધો પર પૃથ્વીઘર તથા આર્યમાનો નિવાસ છે એની છાતી પર આપવત્સ બંને નેત્રોમાં દિતિ અને પર્જન્ય, બંને કાનોમાં અદિતી અને જયન્તક તથા બંને ખભા પર રહેલા સર્પ અને ઈંદ્ર બંને બહુઓમાં સૂર્ય અને ચંદ્રમાંથી લઈ પાંચ-પાંચ દેવતાઓ રહેલા છે. ઢદ્ર અને રાજયક્ષ્મા એ બંને દેવતા ડાબા હાથ પર રહેલા છે, સાવિત્રી અને સવિતા જમણા હાથ પર રહેલા છે. વિવસ્થાન અને મિત્ર ઉદર પર તથા પૂષા અને પાપયક્ષ્મા એ બંને હાથના મણિબંધો પર રહેલા છે. અસુર અને શેષએ બંને ડાબા પડખામાં, વિતથ અ ને ગૃહક્ષત જમણા પડખામાં રહેલા છે. બંને સાથળોમાં યમ અને જલધિપ, ઘુંટણોમાં ગંધર્વ અને પુષ્પક રહેલા છે. જાંઘોના ભૃંગ અને સુગ્રીવ તથા બંને નિતંબો પર દૌવારિક અને મૃગ છે. લિંગ પર જપ તથા શુક્ર અને બંને પગ પર પિતૃગણ રહેલા છે, મધ્યમાં નવ સ્થાનોમાં બ્રહ્મા છે. જેમની પૂજા વાસ્તુના હૃદયમાં કરવી પ્રાસાદ નિર્માણમાં બ્રહ્માની ચોસઠ સ્થાનોવાળી વાસ્તુની પૂજા કરવી, એમાં બ્રહ્માનો નિવાસ ચાર પદોમાં રહે છે. ખૂણામાં અધા સ્થાનમાં દેવતાઓના નિવાસસ્થાન છે તથા વીસ દેવતાઓ બે પદોમાં રહે છે. આ ચોસઠ પદવાળુ વાસ્તુનિર્માણવિધિ છે.

## ૧.૯.૩ વાસ્તુપુરુષ અંગદેવતા

કોઈપણ મકાન નિર્માણમાં વાસ્તુનું મહત્ત્વ છે. આ વાસ્તુપુરુષના અંગોનું માનવશરીરનાં અંગોની સમાન પણ ચિંતન કરવામાં આવ્યું છે. પ્રત્યેક અંગ પર અધિષ્ઠાતા દેવ નિવાસ કરે છે. આ વાસ્તુપુરુષ અંગ દેવતાઓનું નિઢપણ ઋષિમુનિઓએ પ્રસ્તુત કર્યું છે.

જેમાં વાસ્તુપુરુષ અંગદેવતા સ્થાપન આ પ્રમાણે વર્ણિત છે.

पूर्वोत्तरविऽमूर्धा पुरूषोऽयमवाऽमुखोडस्य शिरसि शिश्वी ।
आपो मुखे स्तनेऽस्यार्यमा ह्युरस्यापवत्सश्च ॥

पर्जन्याधा बाह्या द्दकश्रवणीरः स्थलांसगा देवाः ।
सत्याधाः पञ्च भुजे हस्ते सविता च सावित्रः ॥

वितथा बृहत्क्षतयुतः पार्श्वे जठरे स्थितो विवस्वांश्च ।
उरू जानु च जङ्घे स्फि गिति यमाधैः परिगृहीताः ॥

एते दक्षिणपार्श्व स्थानेष्वेवं च वामपार्श्वस्थाः ।
मेद्र शुक्रजयन्तौ हृदये ब्रह्मा पिताऽध्रिगतः ॥

અર્થાત્ "આ વાસ્તુપુરુષ ઈશાનકોણમાં મસ્તક અધોમુખ બની સ્થિત છે. તેના મસ્તકમાં અગ્નિ, મુખમાં આપ, સ્તનમાં અર્યમા અને છાતીમાં આપવત્સ છે. સ્કંધમાં બાહ્યકોષ્ઠસ્થિત પર્જન્ય આદિ દેવતા નેત્ર, કાન અને છાતી છે. નેત્રમાં પર્જન્ય, કાનમાં જયંત, હૃદયમાં ઈંદ્ર અને ખભામાં સૂર્ય સ્થિત છે. ભુજામાં સત્ય આદિ પાંચ દેવતા (સત્ય, ભૃશ, અંતરિક્ષ, અનિલ અને પૂષા)

હાથમાં વિતથ અને બૃહદક્ષતા, પેટમાં વિવસ્વાન, ઉઢમાં યમ, જાનુમાં ગંધર્વ, જંઘામાં ભુંગરાજ અને નિતંબમાં મૃગઃ સ્થિત છે. આ સર્વ દેવતા દક્ષિણ અંગના છે. આ પ્રકારે વામપાર્શ્વના સર્વ અંગોમાં દેવતા છે. જેમકે વામસ્તનમાં પૃથ્વીઘર, નેત્રમાં દિતિ, કાનમાં અદિતિ, છાતીમાં ભુજગ, ખભામાં સોમ, બાહુમાં ભલ્લાટ, મુખ અહિ, રોગ અને પાપયક્ષ્મા, હાથમાં ઢદ્ર અને રાજયક્ષ્મા, બગલમાં શેષ અને અસુર, ઉઢમાં વઢણ, જાનુમાં કુસુમદંત, જંઘામાં સુગ્રીવ તથા નિતંબમાં દૌવારિક છે. આ પ્રકારે લિંગમાં શુક્ર(ઈન્દ્ર) અને જયંત, હૃદયમાં બ્રહ્મા અને પગમાં પિતા સ્થિત છે. (૩૯)

સમરાંગણ સૂત્રધારમાં પુરુષ અંગદેવતા નિરૂપણ આ પ્રમાણે છે.

देवतानां पदैरित्थं संविभक्तः पृथग्बिधैः ।
स्थपतिः प्रयतः कुर्याद् वास्तुमित्यंमाकृतिम् ॥

शिरस्तस्याग्निढधिष्टं दष्टिर्दित्यम्बुदाधिपौ ।
जयन्तश्चादितिश्चास्य कर्णो वायुर्मुखे स्थितः ॥

अर्कः स्याद् दक्षिणे वामे भुजे सोमः प्रतिष्ठितः ।
महेन्द्रचर को सापवत्सावस्योरसि स्थितौ ॥

स्तनैडर्यमा दक्षिणे स्याद् वामे च पृथिवीधरः ।
यक्ष्मा रोगश्च नागश्च मुख्यो भल्लाट ईत्यमी ॥

दक्षिणेतरमेतस्य बाहु देवाः समाश्रिताः ।
सत्योभृशो नभो वायुः पूषा चेत्यथ दक्षिणम् ॥

पश्चापि बाहुमेतस्य संश्रिताश्निदिवौकसः ।
सावित्रसवितारौ च ढद्रशक्तिधरावपि ॥

चत्वारोडमी क(लाधो ? फोणि) स्था: करयोर्हदि च स्वभू:।
वितथौक:क्षतौ पार्श्वे दक्षिणेडस्य व्यवस्थितौ ॥

वामे पुन: स्थितावस्य देवौ शेषासुराभिधौ ।
मित्राभिधो विवसांश्च द्रावप्युदरमाश्रितौ ॥

मेठ्रमध्यस्थितावस्य सुरौन्द्रजयाभिधौ ।
यमश्च वरूणश्चो क्रमाद्: दक्षिणवामयो: ॥

गन्धर्वभृङ्गौ समृगौजङ्घा सव्यामथेतराम् ।
द्वास्थसुग्रीवपुष्पाख्या: संश्रिता: पितरोडङ्घ्रिगा: ॥

**અર્થાત્ ''દેવતાઓના પૃથક્પૃથક્ પ્રકારોથી સમવિભક્ત પદોના દ્વારા સ્થપતિ નિમ્નલિખિત આ પ્રકારની પુરુષ આકૃતિ વાસ્તુનું નિર્માળ કરે તેના શિરને અગ્નિ કહ્યું છે દષ્ટિને દિતિ અને મેઘના અધિપતિ વરૂણ કહ્યાં છે. તેના કાનને જયંત અને અદિતિ કહ્યાં છે. મુખમાં વાયુ સ્થિત છે. દક્ષિણબાહુમાં સૂર્ય અને વામબાહુમાં ચંદ્ર પ્રતિષ્ઠિત કહ્યાં છે. તેના વક્ષઃસ્થલ પર આપવત્સરની સહિત મહેન્દ્ર અને ચરક સ્થિત છે. દક્ષિણસ્તન પર અર્યમા તથા વામસ્તન પર પૃથ્વીઘર દર્શાવાયા છે. યક્ષ, રોગ, નાગ, મુખ્ય અને ભલ્લાટ આ પાંચ દેવતા જમણા બાહુમાં સમાશ્રિત કહ્યાં છે. સત્ય, ભૃશ, નભ, વાયુ અને પૂષા આ પાંચ દેવતા વાસ્તુપુરુષના દક્ષિણબાહુમાં સમાશ્રિત છે. સાવિત્ર, સવિતા, ઢદ્ર અને શક્તિધરા આ ચાર દેવતા બંને હાથના કકોણિસ્થ અને હ્યદયમાં બિરાજમાન**

છે. વિતથ અને ઓકઃક્ષત એ બંને દેવ તેની દક્ષિણ બગલમાં સ્થિત છે અને જમણી બગલમાં શેષ અને અસુર નામક દેવતા સ્થિત છે. મિત્ર અને વિવસ્વાન તેના પેટમાં આશ્રિત છે. ઈન્દ્ર અને જય નામક બે દેવતા લિંગના મધ્ય ભાગમાં સ્થિત છે. યમ અને વરૂણ ક્રમશઃ દક્ષિણ અને વામ ઉઢમાં સ્થિત છે. મૃગ સહિત ગંધર્વ અને ભૃંગ દક્ષિણ જાંઘમાં સ્થિત છે. દ્વાસ્થ, સુગ્રીવ અને પુષ્પ નામક દેવતા જમણી જાંઘમાં સ્થિત છે. પિતૃગણ ચરણોમાં સ્થિત છે. [(૩૭)]

વાસ્તુરાજવલ્લભમાં પણ વાસ્તુપુરુષ અંગદેવતા સંદર્ભે આ પ્રમાણે જણાવેલ છે.

इशों मूर्ध्नि समाश्रितः श्रवणयोः पर्जन्यनामाहिती आपस्तस्य गले तदंशयुगले प्रोक्तो जयश्चदितिः उक्तावर्यमभूधरो स्तनयुगे स्यादापवत्सो हर्दि इन्द्रादिसुराश्च दक्षिणभुजे वामे च नागादयः ॥

सावित्रः सविता च दक्षिणकरे वामेद्वयं ढद्रतो मृत्युमैत्रगणस्तथोढविषये स्यान्नाभिपृष्ठे विधिः ।

मेद्रे शक्रजयौ च जानुयुगले तौ वहिरोगो स्मृतौ पूषानन्दिगणादि सप्त विबुधा गुल्फे पदे पैतृकाः ॥

અર્થાત્ "વાસ્તુપુરુષના મસ્તક પર બ્રહ્મા, કર્ણમાં પર્જન્ય અને દિતિ, કંઠમાં આપ, ખંભા પર જય અને અદિતિ, સ્તનમાં અર્યમા અને ભૂધર હૃદયમાં આપવત્સ, ઈન્દ્ર આદિ પાંચ દેવતા દક્ષિણભૂજામાં અને નાગ આદિ વામભુજામાં છે. સાવિત્ર અને સવિતા બંને ડાબા હાથમાં, ઢદ્ર આદિ બે દેવતા જમણા હાથમાં, મૃત્યુ અને મૈત્રગણ ઉઢમાં, નાભિ અને પૃષ્ઠમાં બ્રહ્મા, લિંગમાં ઈન્દ્ર અને જય

બંને જાનુમાં વહ્નિ અને રોગ, પૂષા અને નંદીગણાદિ સાત દેવતા ગુલ્ફમાં અને પિતૃગણ ચરણમાં છે."[૩૮]

આ પ્રમાણે વાસ્તુપુરુષ અંગ પર નિવાસ કરનાર દેવતાઓનું વિધાન કરવામાં આવ્યું છે.

## વાસ્તુપુરુષ મુખ વિચાર

વાસ્તુપુરુષ સૌરમાસ, ચંદ્રમાસ અને ભાદ્રપદથી શ્રાવણમાસ સુખી વિભિન્ન દિશાઓમાં નિવાસ કરતા હોય છે. તે આ મુજબ છે.

त्रिषु त्रिषु च मासेषु नभस्यादिषु च क्रमात् ।

यद्दिऽमुखो वास्तुनरस्तन्मुखसदनं शुभम् ॥

અર્થાત્ "ભાદ્રપદ આદિ ત્રણ ત્રણ માસમાં ક્રમથી પૂર્વાદિ દિશામાં વાસ્તુપુરુષનું મુખ હોય છે. જે દિશામાં વાસ્તુપુરુષનું મુખ હોય તે દિશામાં ગ્રહનું મુખ શુભ હોય છે."[૩૯]

**માસ : મુખ દિશા**

ઉત્તર

પશ્ચિમ

| |
|---|
| ભાદ્રપદ, અશ્વિન, કાર્તિક |
| માર્ગશીર્ષ, પોષ, માઘ |
| ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ |
| જયેષ્ઠ, અષાઢ, શ્રાવણ |

પૂર્વ

દક્ષિણ

(૧) પૂર્વ
(૨) પશ્ચિમ
(૩) ઉત્તર
(૪) દક્ષિણ

**વાસ્તુપુરુષ મુખ જ્ઞાનચક્ર**

| સ્થાન | રાશિ | મુખ | પૃષ્ઠ |
|---|---|---|---|
| નદી | વૃષ, મિથુન, કર્ક | પૂર્વ | પશ્ચિમ |
| ગ્રહ | સિંહ, કન્યા, તુલા | પૂર્વ | પશ્ચિમ |
| દેવાલય | મીન, મેષ, વૃષ | પૂર્વ | પશ્ચિમ |
| તળાવ | મકર, કુંભ, મીન, | પૂર્વ | પશ્ચિમ |

## વાસ્તુપુરુષ શિરદિશા

વાસ્તુપુરુષનું મસ્તિષ્ક કઈ દિશામાં કયારે હોય છે તેનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

एकाशीतिपदस्येशदिग्विभागाश्रितं शिरः ।
माहेन्द्रीसंश्रितं विद्याश्चतुःषष्टिपदस्य तु ॥

અર્થાત્ "એકયાશી પદવાળા વાસ્તુપદમાં વાસ્તુપુરુષનું મસ્તક ઈશ-દિગ્વિભાગમાં આશ્રિત છે અને ચોસઠ પદ વાસ્તુમાં તેનું મસ્તક માહેન્દ્રી દિશામાં હોય છે."(૪૦)

## સૌરમાસ વાસ્તુપુરુષ મુખવિચાર

कन्यादौ रवितस्त्रिके फणिमुखं पूर्वादिसृष्टिक्रमं
रवाते वास्तुवपुर्दिशात्रयगतं लाङ्गूल शिरः ।

અર્થાત્, "કન્યા આદિ ત્રણ ત્રણ રાશિના સૂર્યમાં સર્પાકાર વાસ્તુપુરુષનું મુખ પૂર્વ આદિ દિશામાં રહે છે. જયારે પૂર્વમાં મુખ રહે છે ત્યારે નૈર્ઋત્ય, અગ્નિ અને પૂર્વમાં પૂચ્છ, પૃષ્ઠ અને મસ્તક રહે છે."(૪૧)

## ચાંદ્રમાસ વાસ્તુપુરુષ મુખવિચાર

प्राश्चां नागमुखं बुधैर्निगदितं भाद्राश्विने कार्तिकेमार्गात्फाल्गुन–शुक्रयोश्च क्रमतो याम्ये जले चोत्तरे ।

क्षेत्रेष्टाष्टविभाजिते दिनकरात् वारांल्लिखेत्कोष्ठगान् शन्यङ्गां रक्योश्च तत्र फणिनः शारीरकं नो खनेत् ॥

**અર્થાત્ "આદિક ત્રણ ત્રણ માસમાં શેષનું મુખ પૂર્વાદિ દિશામાં રહે છે. ક્ષેત્રના આઠ ભાગ દીર્ઘ વિસ્તારમાં કરીને સૂર્યાદિવાર લખવા તેમાં શનિ અને મંગળના ભાગમાં ખાત મુહૂર્ત કરવું શુભપ્રદ નથી."(૪૨)**

### वास्तु संस्थान मातृका

| क्षेत्र | क्षेत्रवासी |
|---|---|
| चुरस्र आकृति | राजा |
| सम आकृति | अंत:पुर |
| साचि आकृति | |
| अथवा शय्याकार | पुरोहित |
| दीर्ध आकृति | राजकुमार |
| वृतायत आकृति | सेनापति |
| शम्बूक आकृति | वाहन |
| शकट आकृति | वैश्य |
| नरपद आकृति | चोर |
| अक्ष आकृति | ? |

| क्षेत्र | क्षेत्रवासी |
|---|---|
| गजदंत | हस्त्यारोही (पीलवान) |
| परशु | कैदी |
| विस्रावित | सुराकार (कल्वार) |
| स्वभ्र | मजदूर |
| युगल | नाई |
| विवाहिक | कोष–रक्षक |
| त्रिकृष्ट | अग्नि–जीवी(भुजव) |
| पंत्त्वकुष्ट | " |
| परिच्छित्र | मानोपजीवी वास |
| दिक्स्वस्तिक | चैत्य एवं भवन |

| क्षेत्र | क्षेत्रवासी |
|---|---|
| भग आकृति | वेस्याएँ |
| दर्पण आकृति | स्वर्णकार |
| वज्र आकृति | नगरगोष्टि |
| कंथा आकृति | ? |
| छिन्नकर्ण आकृति | महामात्र |
| विकर्ण आकृति | मृगलुब्धक |
| शंखाभ आकृति | काण (कोने) |
| क्षुरसन्निभ आकृति | गणाचार्य |
| शक्तायन आकृति | वज्राध्यक्ष |
| कर्मपृष्ठ आकृति | मालिक |
| सदंश आकृति | दर्जी |
| व्यजन आकृति | घुडसवार तथा सईस |
| शराव आकृति | बढई |
| स्वस्तिक आकृति | बन्दिजन तथा मागधगन |
| मृंदग तथा पणव | वेणु, तूर्य आदि बजानेवाले |
| विशकॅर आकृति | रथ – वाहक |
| कबन्ध आकृति | नीच और चांडाल |
| यवमध्यसम आकृति | धान्यजीवी (किसान) |
| उत्संग आकृति | श्रमण (जैनसाधु) |

| क्षेत्र | क्षेत्रवासी |
|---|---|
| श्रीवृक्ष | वृक्ष तथा यज्ञवाट |
| वर्धमान | " |
| एणीपद | गणिकाएँ |

## वास्तुपुढष अंग – षोडश – वास्तु वर्ण

| वर्ण | अङ्ग | वर्ण | अङ्ग |
|---|---|---|---|
| क्ष | मूर्धा | य | मेढ्र |
| ह | दोनो आंखोका मध्य | म | दोनो मुष्क |
| स | नासिका | न | ऊढ (जङ्गा) |
| ष | चिबुक | ण | जानु (घूटने) |
| श | कंठ | ज | पिण्डिका |
| व | हृदय | ङ | दोनों गुल्कान्त |
| ल | नाभि | प | चरण |
| र | बस्ति | ? | ? |

## वास्तु पुढषाङ्ग

| | | |
|---|---|---|
| शिर | – | अग्नि |
| नेत्रद्वय | – | दितिएंव अम्बुदाधिप |
| कर्णद्वय | – | जयन्त एवं अदिति |
| मुख | – | वायु |
| दक्षिणभुज | – | अर्क(रवि) |
| वामभुज | – | सोम |
| वक्ष:स्थल | – | महेन्द्र चरक, आप एवं आपवत्स |
| दक्षिण स्तन | – | अर्यमा |

| | | |
|---|---|---|
| वाम स्तन | – | पृथ्वीधर |
| दक्षिण बाहु | – | सत्य, भृश, नभ, वायु एवं पूषा |
| वामबाहु | – | पापयक्षमा, रोग, नाग, मुख्य, एवं भल्लाट |
| करकोणिस्थ | – | सावित्र, सविता, ढद्र तथा शक्तिघर |
| हृदय | – | ब्रह्मा |
| बदल (दक्षिण) | – | वितथ तथा गृह क्षत |
| बगल (वाम) | – | शेष तथा असुर |
| उदर | – | मित्र एवं विवस्वान् |
| मेढ्रमध्य | – | इन्द्र एवं जय |
| ऊढ | – | यम एवं वढण |
| जंधाएँ | – | गन्धर्व, भङ्ग तथा मृग |
| चरण | – | दौवारिका । सुग्रीव एवं पुष्पदन्त ।(४३) |

## – વાસ્તુપુરુષ મર્મસ્થલ વિચાર

વાસ્તુપુરુષના અંગોનો મર્મવેધ્ થવો જોઈએ નહીં. વાસ્તુમાં શિરવંશ મર્મ – આદિ મહત્ત્વના છે. વાસ્તુપદ વિન્યાસ સમયે પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ તરફ રેખા અંકિત કરવામાં આવે તેને 'શિરા' કહે છે. વાસ્તુપદ વિન્યાસમાં ઈશાનથી નૈર્ઋત્ય સુધી, અગ્નિથી વાયવ્ય સુધી રેખા કરવામાં આવે છે. અદિતીથી હોવારીક સુધી, જયન્તથી ભૃંગરાજ સુધી, ભૃષથી મુખ્ય સુધી, વિતથી શૌર્ય સુધી જે રેખા અંકિત કરવામાં આવે તેને 'વંશ' કહે છે. વાસ્તુપદ વિન્યાસમાં અંકિત રેખાઓ જે સ્થાને પરસ્પર છેદ કરતી હોય તેને 'મર્મ' કહેવામાં

આવે છે. આ મર્મનો વેધ થવો જોઈએ નહીં. મર્મ જો અંગથી પીડિત હોય તો ગૃહસ્વામીના તે અંગને જ પીડા પ્રાપ્ત થાય છે.

## ૧.૧૦ ભૂમિ, આય-વ્યય, દિશા, ઉપદિશા અને અન્ય તત્ત્વો

વાસ્તુમાં ભૂમિનું વિશેષ મહત્ત્વ છે. જમીનની ચકાસણી કરતી વખતે જમીન તેમજ માટીની ગુણવત્તાનો વિચાર કરી લેવો જોઈએ. જયાં દોષરહિત – ચીકણી તેમજ મજબૂત માટી હોય ત્યાં ઉચિત આકારથી મકાનનું નિર્માણ કરવું જોઈએ. જે જમીનની માટીમાં વનસ્પતિ ઊગતી હોય. માટી મધુર તેમજ સુગંધિત અને સમતોલ હોય તે જમીન પર માનસિક રીતે હારેલાં – થાકેલાં વ્યક્તિ હોવા છતાં જે મકાનનું નિર્માણ કરે છે તેને મનની શાંતિ મળે છે તેના વિપરીત ઊંચી-નીચી ખાડા ટેકરાવાળી – રેતાળ તેમજ પોચી માટીવાળી જમીન ઉપર મકાન નિર્માણ કરવાની અનુમતિ વાસ્તુવિદ્યા નહીં આપે.

પ્રત્યેક દિશા-ઉપદિશાના વિશિષ્ટ ગુણધર્મ છે. પ્રત્યેક દિશાને સ્વામી, તેની રાશિ તેનો અધિપતિ હોય છે. દિશા-ઉપદિશાઓ સાથે પંચતત્ત્વોને અતૂટ સંબંધ છે એ જ વાસ્તુવિદ્યાનું હાર્દ છે.

### (૧) પૂર્વ દિશા

તેનો સ્વામી ઈન્દ્ર છે. પૂર્વાભિમુખ સૂર્યના કિરણો પ્રાપ્ત થવાથી આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય સાઢં રહે છે. ઈન્દ્ર, જયંત, ઈશ અને ભૃશ દેવતાઓનો વાસ હોય છે આ દિશા ઉપર સૂર્યગ્રહનો પ્રભાવ છે.

### (૨) પશ્ચિમ દિશા

આ દિશાના સ્વામી વઢણ છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે શનિ, સુગ્રીવ, વઢણ, શેષ દેવતાનો વાસ આ દિશામાં હોય છે.

**(૩) ઉત્તર દિશા**

અતિ પવિત્ર અને સુંદર છે. તેનો અધિપતિ કુબેર છે. મઢત, સોમ, અદિતિ દેવતાઓનો વાસ હોય છે. આ દિશા બુધને હસ્તક છે.

**(૪) દક્ષિણ દિશા**

તેનો સ્વામી યમ છે આથી વર્જ્ય છે. અગ્નિ, વિતથ, યમ, ભૃંગરાજ અને મૃગ જેવા દેવતાઓનું અસ્તિત્વ આ દિશામાં છે. મંગળ જેવા તામસી ગ્રહને હસ્તક આ દિશા છે.

**(૫) ઈશાનકોણ**

દિશા-ઉપદિશામાં તેનું અંત્યત મહત્ત્વ છે. કેમ કે તેનો સ્વામી ઈશ્વર છે અને પાર્વતી તેની પાલક પત્ની છે તેનો ગુરુ સ્વામી છે સર્વ શુભ દેવતાઓનો વાસ હોવાથી આ દિશા સ્વચ્છ અને સુંદર રાખવી.

**(૬) અગ્નિકોણ**

તેનો સ્વામી અગ્નિદેવ હોવાથી વાસ્તુનું તેજ અને તેમાં રહેનાર માનવનું તેજ કેવું છે ? તે આ દિશા કેવી છે ? તેના પર આધારિત છે. પંચતત્ત્વમાં અગ્નિનું પ્રાધાન્ય છે. અગ્નિહોત્ર કરનારને સહાય પ્રાપ્ત થાય છે. અગ્નિનો વાસ સૂર્યદેવ પાસે હોવાથી અગ્નિનું પૂજન કરનાર માનવ આર્થિક સંપન્ન રહે છે.

**(૭) નૈર્ઋત્યકોણ**

નૈર્ઋત્ય દિશાનો પવન વાસ્તુને સ્પર્શવા દેવો નહી તેનો ગ્રહ સ્વામી રાહુ અને કેતુ છે.

## (૮) વાયવ્યકોણ

આ દિશાના પાલક વાયુદેવ છે અને શારીરિક ગ્રહસ્વામી ચંદ્ર છે. આ દિશા દૂષિત હોય તો માનસિક પીડા રહે છે.

નારદમહાપુરાણમાં દિશા અને વર્ગ જાણવાનું ચક્ર આ પ્રમાણે નિરૂપિત છે.

| | | | | |
|---|---|---|---|---|
| ઈશાન–૮ | | પૂર્વ–૧ | | અગ્નિ–૨ |
| | શ વર્ગ<br>શશક | અ વર્ગ<br>ગરૂડ | ક વર્ગ<br>માર્જાર | |
| ઉત્તર–૭ | ય વર્ગ<br>ગજ | | ચ વર્ગ<br>સિંહ | દક્ષિણ–૩ |
| | પ વર્ગ<br>મૂષક | ત વર્ગ<br>સર્પ | ટ વર્ગ<br>શ્વાન | |
| વાયવ્ય–૬ | | પશ્ચિમ–૫ | | નૈર્ઋત્ય–૪ |

- અ વર્ગ – (અ, ઈ, ઉ, ઋ, લૃ, એ, ઐ, ઓ, ઔ)
- ક વર્ગ – (ક, ખ, ગ, ઘ, ઙ)
- ચ વર્ગ – (ચ, છ, જ, ઝ, ઞ)
- ટ વર્ગ – (ટ, ઠ, ડ, ઢ, ણ)
- ત વર્ગ – (ત, થ, દ, ધ, ન)
- પ વર્ગ – (પ, ફ, બ, ભ, મ)
- ય વર્ગ – (ય, ર, લ, વ)
- શ વર્ગ – (શ, ષ, સ)

પોતાના નામના આદિ અક્ષર પરથી વર્ગ જાણી દિશાઓને જાણવી, શત્રુદિશામાં વાસ્તુ કદાપિ ન કરવું.

| **દિશા** | **સ્વામી** | **ફળ** |
|---|---|---|
| પૂર્વ | ઈન્દ્ર | અભ્યુદય |
| અગ્નિ | અગ્નિ | તેજ અભિવૃદ્ધિ |
| દક્ષિણ | યમ | મૃત્યુદાતા |
| નૈર્ઋત્ય | નિર્ઋતિ | શુદ્ધતા |
| પશ્ચિમ | વરૂણ | જલપ્રાપ્તિ |
| વાયવ્ય | વાયુ | વાયુ પ્રાપ્તિ |
| ઉત્તર | કુબેર | ધનધાન્ય સમૃદ્ધ |
| ઈશાન | શિવ | ધર્મ અને સ્વર્ગ પ્રાપ્તિ |
| આકાશ (ઉર્ધ્વ) | બ્રહ્મા | અધ્યાત્મજ્ઞાન |
| પૃથ્વી(અધઃ) | અનંત | સાંસારિક સુખ |

જે નગરમાં જે દિશામાં વાસ્તુ બનાવવુ હોય તે સાધ્ય તથા જાતક સાધક કહેવાય. સાધ્ય (નગર)ની વર્ગસંખ્યા લખી પછી ડાબી બાજુ સાધકની વર્ગસંખ્યા લખી પછી ૮ (આઠ) વડે ભાગવાથી જે શેષ વધે તે સાધકનું ધન.

આથી વિપરીત સાધકની વર્ગસંખ્યાના ડાબા ભાગમાં સાધ્યની વર્ગસંખ્યા રાખવાથી જે સંખ્યા બને તેને આઠ વડે ભાગવાથી જે શેષ રહે તે સાધકનું ઋણ.

આ પ્રમાણે ઋણની સંખ્યા કરતા ધનની સંખ્યા અધિક હોય તો શુભ અને ધનની સંખ્યા કરતા ઋણ સંખ્યા અધિક હોય તો અશુભ માનવું.

વાસ્તુની પસંદગી સમયે ગૃહસ્વામીના વર્ગ અનુસાર નગરનિવાસ તથા દિશાની પસંદગી કરવી જોઈએ. નગરની પસંદગી કરીએ ત્યારે તે નગર જાતકને અનુકૂળ છે કે પ્રતિકૂળ તેનો નિર્ણય થઈ શકે.

## ૧.૧૧ વાસ્તુપૂજનનું સ્થાન

નિર્મિત થતા પ્રત્યેક વાસ્તુના પૂજનવિધિ સંદર્ભે તેની મહત્તા દર્શાવતા કહેવાયું છે કે,

भवनपुरसुराणां सूत्रणे पूर्वमुक्तः
कथित इह पृथिव्याः शोधने च द्वितीयः ।
तदनु मुखनिवेशे स्तम्भसंरोपणे स्यात्
भवनवसनकाले पञ्चधा वास्तु यज्ञः ॥

અર્થાત્, "ગૃહ, પુર અને દેવાલયના સૂત્રસ્થાપન કરવામાં, ભૂમિશોધન કરવામાં, દ્વાર નિર્માણમાં, શિલાન્યાસ કરવામાં અને પ્રવેશના સમયે આ પાંચ કર્મોમાં વાસ્તુપૂજન કરવું ઉચિત છે."(૪૪)

प्रासादे भवने तडागखनने कूपे च वाप्यां वने जीर्णोद्धारपुरेषु यागभवनप्रारम्भनिर्वर्तने ।

वास्तोः पूजनकं सुखाय कथितं पूजां बिना हानये ।

અર્થાત્, "પ્રાસાદ, ગૃહ, તડાગ, કૂપ અને વાપીને ખોદાવતી વખતે, વનનિર્માણમાં જિર્ણોદ્ધારમાં, નગરનિર્માણમાં, યજ્ઞમાં કાર્યની સમાપ્તિ અને આરંભમાં વાસ્તુપૂજન કરવાથી સુખ મળે છે, અને નહી કરવાથી હાનિ થાય છે."(૪૫)

**ટીકા :** प्रासाद इति । प्रासादे प्रासादनिर्माणे, भवने गृहनिर्माणे, तडागखनने, कूपे कूपखनने, वाप्यां वापीनिर्माणे, वने वननिर्माणे, जीर्णोद्वार पुरेषु, यागभवन प्रारम्भनिर्वतने, च गृहारम्भावसाने, वास्तोः वास्तुपुढषस्य, पूजनकं पूजनं, सुखाय कल्याणाय, कथितम् । पूजां विना हानये क्षत्यै भवति ।(૪૬)

द्वाराभिवत्तने चैव त्रिविधे च प्रवेशते ।
प्रतिवर्षच्च यज्ञादौ तथा पुत्रस्य जन्मनि ॥

व्रतबन्धे विवाहे च तथैव च महोत्सवे ।
जीर्णोद्धारे सस्यन्मारो दैव विशेषतः ॥

व्रजाभिदूषिते भग्रे सर्पचाण्डालवेष्टिते ।
उलूकवासिते सप्तरात्रौ काकाधिवासिते ॥

मृगाधिवासिते रात्रौ गोमार्जाराभिनादिते ।
वारणाश्वादिविढते स्त्रीणं युद्धाभिदूर्षिते ॥

कपोतकगृहावासे मधूनां निलये तथा ।
अन्यैश्चैव महोत्पातैदूर्षिते शान्तिमाचरेत् ॥

**અર્થાત્, "દ્વાર, ત્રિગૃહપ્રવેશ (યાત્રાથી પરત, નૂતનગૃહ પ્રવેશ, યાત્રાથી પરત નવીનગૃહપ્રવેશ) માં પ્રત્યેક વર્ષ યજ્ઞાદિમાં, પુત્રજન્મ પર, યજ્ઞોપવિત, વિવાહ, મહોત્સવ, જિર્ણોદ્ધાર, ધાન્યસંગ્રહ, વિજળી પતનથી, ભગ્ન ઘર, અગ્નિથી જ્વલિત ઘર, સર્પ અથવા ચાંડાળથી ગ્રસ્તિ ઘર, ઘુવડ અને કાગે સાત**

દિવસ જે ઘરમાં નિવાસ કર્યો હોય, જે ઘરમાં રાત્રિએ મૃગે વાસ કર્યો હોય, ગાય અથવા બિલાડો ગર્જના કરે, અશ્વ અને ગજ વિશેષ શબ્દ કરે, જેમાં સ્ત્રીઓના ઝગડા હોય, જે ઘરમાં કબુતર રહેતા હોય, મધપુડો હોય અને અનેક પ્રકારના ઉત્પાત થતા હોય ત્યાં વાસ્તુશાંતિ અવશ્ય કરવી જોઈએ."(૪૭)

વાસ્તુપૂજન નિર્માણ પામતાં 'વાસ્તુ' સંદર્ભે અનિવાર્ય છે. ભિન્ન ભિન્ન પ્રકારના 'વાસ્તુ' નું અલગ પ્રકારે પૂજન કરવાનું ચિંતન પ્રાચીન ગ્રંથોમાં આલેખાયેલું છે. તદ્‌નુસાર "વાસ્તુરાજ-વલ્લભ" લખે છે કે...

ग्रामे भूपतिमन्दिरे च नगरे पूज्यश्चतुष्षष्टिकैरेकाशीति पदैः समस्तभवने जीर्णे नवाब्दयशकैः । प्रासादे तु शतांशकै स्तु सकले पूज्यस्तथा मंण्डपै कूपे षराणवचन्द्रभागसहिते वाप्यां तडागे वने ॥

અર્થાત્, "ગ્રામનિર્માણ કરવામાં રાજગૃહમાં અને નગરનિર્માણમાં ચોસઠ પદની પૂજા કરવી, સંપૂર્ણ ગૃહમાં એકયાશી પદની પૂજા કરવી, જીર્ણોદ્ધારમાં ઓગણપચાશ પદની પૂજા કરવી પ્રાસાદ અને મંડપમાં સો પદની પૂજા કરવી અને કૂપ, વાપી ઈત્યાદિમાં એકસો છન્નુ પદના વાસ્તુપુઢષની પૂજા કરવી ઉચિત છે."(૪૮)

આમ, દરેક શુભ નિર્માણ માટે વાસ્તુપૂજા અનિવાર્ય ગણાવે છે.

## ૧(ઘ) નિષ્કર્ષ

વાસ્તુશાસ્ત્ર એ વૈજ્ઞાનિક તથ્ય પર આધારિત વિજ્ઞાન છે. પંચતત્ત્વોનો વિચાર એ તેની ધરોહર છે. પંચતત્ત્વોનું સાયુજ્ય માનવીને સુખઃશાંતિ પ્રદાન કરે છે. વળી, તેનાથી વિપરીત સ્થિતિમાં દુઃખ-પીડા આપે છે. વાસ્તુશાસ્ત્ર સૂર્ય

ઉપર આધારિત છે. સૂર્ય જ સર્વ સજીવસૃષ્ટિનો આધાર છે. નિર્માણ પામતાં પ્રત્યેક વાસ્તુની પૂર્વે તેની સૂક્ષ્મ વિશદ્ વિચારણા શાસ્ત્રોનાં ચિંતનરૂપે વ્યક્ત કરવામાં આવી છે. પરિણામસ્વરૂપ બ્રહ્માંડીય ઊર્જાનાં સુંદર પરિણામો વાસ્તુશાસ્ત્રનાં પરિપાલનથી પ્રાપ્ત થાય છે. વાસ્તુ એ સ્થાન નથી વાસ્તુપુરુષ એક દેવતા સમાન છે. જેનું બ્રહ્મા દ્વારા તેમજ શિવના આશિર્વાદથી ધરતી ઉપર સ્થાપન થયું છે. જેના દરેક અંગમાં જુદા-જુદા દેવતા નિવાસ કરે છે. જેમાં વાસ્તુપુરુષનું મસ્તક ઉત્તર-પૂર્વની (ઈશાન) વચ્ચે હોવાથી તે પવિત્ર દિશા ગણાય છે. આ વાસ્તુપુરુષનું ઐતિહાસિક મહત્ત્વ છે. આથી, ગૃહનિર્માણ તેમજ ગૃહપ્રવેશ પહેલા તેની પૂજા થાય છે જેમાં ધરાવેલી બલિનો તે ઉપયોગ કરે છે. જેનાથી, ગૃહસ્વામિને સુખ, સમૃદ્ધિ તેમજ શાંતિ મળે છે. વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાંથી વાસ્તુવિદ્યાની સૂક્ષ્મ માહિતી મળી રહે છે. ગૃહ, ગામ-નગર કે દેવાલયના નિર્માણ પહેલા વાસ્તુપૂજન કરવું અનિવાર્ય ગણાવે છે.

## પાદ-ટિપ

| | | |
|---|---|---|
| ૧. | ऋग्वेदसंहिता | ७/१५/२ |
| ૨. | निरुक्त | १०/२/४ |
| ૩. | बृहत्संहिता | २-३ |
| ૪. | विश्वकर्माप्रकाश | १/५ |
| ૫. | निरूक्त | १०/२/४ |
| ૬. | MAYMATAM | 2/1 |
| ૭. | भारतीय स्थापत्य | डॉ. द्विजेन्द्रनाथ शुकल |
| ૮. | विश्वकर्म वास्तुशास्त्र | प्रास्तावना |
| ૯. | ऋग्वेदसंहिता | ७/५४/१-३ - ७/५५/१ |
| ૧૦. | ऋग्वेदसंहिता | ७/१/१२ - ७/१५/२ |
| ૧૧. | ऋग्वेदसंहिता | ७/३५/७ - ७/५२/१ |
| ૧૨. | मत्स्यपुराण | ११५/१४ |
| ૧૩. | मत्स्यपुराण | २१५/४० |
| ૧૪. | मत्स्यपुराण | १३७/१५-१६ |
| ૧૫. | मत्स्यपुराण | १३७/१ |
| ૧૬. | वायुपुराण | ३ |
| ૧૭. | मत्स्यपुराण | ८/१०८ |
| ૧૮. | मत्स्यपुराण | ११५/२-३-४ |

| | | |
|---|---|---|
| १९. | समराङ्गण सूत्रधार | १६/१ |
| २०. | समराङ्गण सूत्रधार | १६/४ |
| २१. | समराङ्गण सूत्रधार | १६/५ |
| २२. | वास्तुराजवल्लभ | २/३ |
| २३. | विश्वकर्माप्रकाश | ५/१७-१८ |
| २४. | समराङ्गण सूत्रधार | १४/२१ |
| २५. | समराङ्गण सूत्रधार | १४/१५ |
| २६. | समराङ्गण सूत्रधार | १/४-५ |
| २७. | नारदसंहिता | ३२/१९ |
| २८. | विश्वकर्माप्रकाश | १/१७ |
| २९. | बृहत्संहिता | २-३ |
| ३०. | विश्वकर्माप्रकाश | १/६-१४ |
| ३१. | वास्तुराजवल्लभ | २/१ |
| ३२. | बृहद्वास्तुमालायाम् | १-२-३ |
| ३३. | मत्स्यपुराण | ११५/५-१४ |
| ३४. | अग्निपुराण | ४०/१ |
| ३५. | समराङ्गण सूत्रधार | १५/२१-३२ |
| ३६. | बृहत्संहिता | ५३/५१-५२-५३-५४ |
| ३७. | समराङ्गण सूत्रधार | १७/१-१० |

| | | |
|---|---|---|
| ३८. | वास्तुराजवल्लभ | २/५-६ |
| ३९. | विश्वकर्माप्रकाश | १/१०१ |
| ४०. | समराङ्गण सूत्रधार | १७/११ |
| ४१. | वास्तुराजवल्लभ | २/२२ |
| ४२. | वास्तुराजवल्लभ | १/२३ |
| ४३. | भारतीय स्थापत्य | डॉ.द्विजेन्द्रनाथ शुक्ल |
| ४४. | वास्तुराजवल्लभ | १/२७ |
| ४५. | वास्तुराजवल्लभ | २/२ |
| ४६. | वास्तुरत्नावली-सुबोधिनी | हिन्दी टीका |
| ४७. | विश्वकर्माप्रकाश | १/१९-२३ |
| ४८. | वास्तुराजवल्लभ | २/४ |

# પ્રકરણ–૨

## પ્રકરણ – ૨
## વાસ્તુવિદ્યાનો અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ


૨(ક) પ્રસ્તાવના

૨(ખ) વાસ્તુ અને જ્યોતિષ

૨.૧ જ્યોતિષનો પરિચય

૨.૨ જ્યોતિષ શબ્દની નિરુક્તિ

૨.૩ જ્યોતિષનું મહત્ત્વ

૨.૪ જ્યોતિષનાં લક્ષણો

૨.૫ ગુહારંભે જ્યોતિષની ઉપયોગિતા

૨.૬ વાસ્તુ અને જ્યોતિષનો પારસ્પરિક સંબંધ

૨(ગ) વાસ્તુ અને આયુર્વેદ

૨.૭ આયુર્વેદનો પરિચય

૨.૮ આયુર્વેદ શબ્દની નિરુક્તિ

૨.૯ આયુર્વેદનો અર્થ

૨.૧૦ આયુર્વેદ ચિંતન

૨.૧૧ આયુર્વેદનું પ્રયોજન

૨.૧૨ આયુર્વેદનાં અંગો

૨.૧૩ વાસ્તુશાસ્ત્ર અને આયુર્વેદનો પારસ્પરિક સંબંધ

૨(ઘ) વાસ્તુ અને પર્યાવરણ

૨.૧૪ પર્યાવરણ પરિચય

૨.૧૫ વાસ્તુશાસ્ત્રમાં પ્રકૃતિ

૨.૧૬ વાસ્તુ અને પર્યાવરણનો પારસ્પરિક સંબંધ

૨(ચ) વાસ્તુશાસ્ત્ર અને સ્થાપત્ય એક ચિંતન

૨.૧૭ સ્થાપત્ય વિચાર

૨.૧૮ સ્થાપત્ય અને વાસ્તુનો પારસ્પરિક સંબંધ

૨.૧૮.૧ વાસ્તુ પ્રાદુર્ભાવ

૨.૧૮.૨ ગૃહનિર્માણ સમય

૨.૧૮.૩ મૂર્તિકલા

૨.૧૮.૪ દેવપ્રતિષ્ઠાનું મહત્ત્વ

૨.૧૮.૫ મંદિર અને ભવન નિર્માણકલા

૨.૧૮.૬ ગ્રામ આયોજન-નગર આયોજન

૨.૧૮.૭ ત્રિપુર રચના દ્વારા મયદાનવનું
વ્યક્ત થતું સ્થાપત્ય કૌશલ્ય

૨.૧૮.૮ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતોનું મહત્ત્વ

૨(છ) વાસ્તુશાસ્ત્ર અને અન્યશાસ્ત્રો

૨(જ) નિષ્કર્ષ

## પ્રકરણ – ૨

## વાસ્તુવિદ્યાનો અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ

### ૨(ક) પ્રસ્તાવના

વાસ્તુવિદ્યા સંપૂર્ણતઃ સૂર્યકિરણ અને તેની શક્તિ પર આધારિત છે. વાસ્તુરચનાના પ્રત્યેક કર્મની પૂર્વે નક્ષત્ર તિથિ આદિનું ચિંતન કરવામાં આવે છે. વળી, નિર્મિત થયેલ વાસ્તુના આયુષ્નો વિચાર પણ જ્યોતિષીય દષ્ટિબિંદુથી કરવામાં આવ્યો છે. જલપ્રાપ્તિ માટેના ફળ નિર્માણ પૂર્વે કૂપચક્રનો વિચાર સૂર્યગ્રહને આધારે કરવામાં આવ્યો છે અને તેની લગ્નકુંડળીને આધારે ફળ કથન પણ કરવામાં આવ્યું છે. વાસ્તુશાસ્ત્ર દિશા આધારિત શાસ્ત્ર છે અને દિશાઓના અધિપતિ તરીકે સૌરમંડળના ગ્રહો છે. આ ગ્રહોનો પ્રભાવ 'વાસ્તુ' પર હોય એ સ્વાભાવિક છે. વાસ્તુવિદ્યા એ પ્રાકૃતિક નિયમ પર આધારિત છે. પંચતત્ત્વનો તે સ્વીકાર કરે છે. પંચતત્ત્વ આંતર–બાહ્ય માનવ સાથે સંલગ્ન છે અને વાસ્તુ સાથે પણ સંલગ્ન છે આથી જ તેની મહત્તા શિલ્પસ્થાપત્યમાં સ્વીકારાયેલી છે. વાસ્તુના મૂળ સિદ્ધાંત પંચમહાભૂત એવા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશને સ્વીકારે છે. જેનો પર્યાવરણમાં સમાવેશ થાય છે. વાસ્તુનો ઉદ્દેશ્ય પંચમહાભૂતોના સામંજસ્ય દ્વારા માનવનું કલ્યાણ કરવાનું છે. પરિણામ સ્વરૂપે વાસ્તુશાસ્ત્ર અને અન્યશાસ્ત્રો વચ્ચે પારસ્પરિક સંબંધ હોય તે સ્વાભાવિક છે.

## ૨(ખ) વાસ્તુ અને જ્યોતિષ

### ૨.૧ જ્યોતિષશાસ્ત્રનો પરિચય

જ્યોતિષશાસ્ત્ર એક ગહનશાસ્ત્ર છે. કાલજ્ઞાપન માટે મહામુનિ લગધે જ્યોતિષશાસ્ત્રનું નિર્માણ કર્યુ છે. આ વેદાંગ જ્યોતિષ છે. ચાર વેદ ઉપરાંત આવેલા વેદાંગો છ છે. જેમાં એક અંગ જ્યોતિષ છે. ઋગ્વેદ અને બીજા પ્રાચીન ગ્રંથોમાં જ્યોતિષ સંબંધી નિર્દેશો પ્રાપ્ત થાય છે. પંડિત વરાહમિહિરે જ્યોતિષના ત્રણ વિભાગ ગણાવ્યા છે. જેમાં (૧) સિદ્ધાંત, (૨) સંહિતા અને (૩) હોરા છે. વેદાંગ જ્યોતિષમાં ત્રણ ગ્રંથો છે. (૧) ઋક્ જ્યોતિષ, (૨) યાજુષ્ જ્યોતિષ (૪) અથર્વ જ્યોતિષ. જેમાં કાલનું માપ કાષ્ટથી આરંભીને વર્ણવાયું છે. તેમાં ઘડી, દિવસ, પક્ષ, માસ, પર્વ, ઋતુ, અયન, વર્ષ અને યુગ સુધીની ગણતરી આપેલ છે. આમ, કાલ જ્ઞાન માટેની જરૂરી બધી બાબતો અહીં મળી રહે છે તેથી કહી શકાય કે, જ્યોતિષ જ્ઞાનમાં કાલજ્ઞાન ઘણું મહત્ત્વ ધરાવે છે. જ્યોતિષશાસ્ત્ર માટે શિક્ષાગ્રંથોમાં કહેવાયું છે કે,

छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठयते ।
ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोतमुच्यते ॥

शिक्षा ध्राणं तु वेदस्य मुखं व्याकरण स्मृतम् ।
तस्मात्साऽगमधीत्यै ब्रह्मलोके महीयते ॥[૧]

### ૨.૨ જ્યોતિષ શબ્દની નિરુકિત

જ્યોતિષશાસ્ત્રની વ્યુત્પત્તિ ''ज्योतिषां सूर्यादि ग्रहणां बोधकं शास्त्रम्'' અર્થાત્ સૂર્ય આદિ ગ્રહ અને કાલનો બોધ કરાવનાર શાસ્ત્રને

"જ્યોતિશાસ્ત્ર" કહે છે. જ્યોતિષશાસ્ત્રનું અન્ય એક નામ "કાલવિધાનશાસ્ત્ર" પણ છે. આમ, જ્યોતિષશાસ્ત્રમાં નક્ષત્ર, નક્ષત્રની ગતિ, શુભ-અશુભ ફલની પ્રાપ્તિ મળે છે.

વરાહમિહિર કહે છે કે,

वनं समाश्रिता येऽपि निमर्म निष्परिग्रहः ।
अपि ते परिपृच्छन्ति ज्योतिषां गतिकोविदम् ॥

अर्थार्जने सहायः पुरूषाणामापदर्णवे पोतः ।
यात्रासमये मन्त्री जातकमपहाय नास्त्यपरः ॥

અર્થાત્-મનુષ્યને ધન મેળવવામાં સહાયક આપત્તિરૂપી સમુદ્ર પાર કરવાની નૌકા અને યાત્રા આરંભ કરવાની પૂર્વે યોગ્ય સલાહ આપનાર મંત્રી જાતકશાસ્ત્રની અતિરિક્ત આ જગતમાં અન્ય કોઈ શાસ્ત્ર નથી.[૨]

બૃહત્સંહિતા પ્રમાણે,

तस्मात् प्राज्ञाभिगन्तव्यो विद्वान् सावत्सरांऽगुणीः ।
जयं यशः श्रियं भोगान श्रेयश्च समभीप्सता ॥

"આ જ્યોતિષના ત્રણ વિભાગ છે. ગણિત-ફળ-મુહૂર્ત. મુખ્ય જ્યોતિષી અઢાર છે. બ્રહ્મા, બૃહસ્પતિ, વશિષ્ઠ, અત્રિ, મનુ, પૌલત્સ્ય, લોમસ, મરિચિ, અંગિરા, વ્યાસ, નારદ, શૌનક, ભૃગુ, ચવન, યવન, ગર્ગ, કશ્યપ અને પરાશર. આ શાસ્ત્રમાં ગ્રહો, ઉપગ્રહો આદિની વિદ્યા જ્યોતિની અસર ઉપરથી આ શાસ્ત્રનું નામ "જ્યોતિષશાસ્ત્ર" પડયું છે." એમ ભગવદ્ગોમંડલ જણાવે છે.

## ૨.૩ જ્યોતિષનું મહત્ત્વ

જ્યોતિષશાસ્ત્ર માનવોને પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને રીતે ઉપયોગી રહે છે માટે જ તેનું મહત્ત્વ વિશેષ છે.

જ્યોતિષશાસ્ત્રની મહત્તાનું ગાન કરતા જણાવે છે કે,

यथा शिखा मयूराणां नागानां मणयो यथा ।
तद्वदेदाङ्गशास्त्राणां गणितं मूर्ध्नि स्थितम् ॥

અર્થાત્, જેમ મોરને માથે શિખા, નાગને માથે મણિ, એમ વેદના છ અંગોમાં જ્યોતિષ શિખારૂપ છે(૩)

જ્યોતિષનું મહત્ત્વ વ્યક્ત કરતા જણાવે છે કે,

वेदचक्षुः किलेदं स्मृतं ज्योतिषं ।
मुख्यता चाऽगमध्येऽस्य तेनोच्यते ॥
सचुतोऽपीतरैः कर्णनासादिभिश्चक्षुषाऽगन हीनो न किश्चित्करः ॥

અર્થાત્, જ્યોતિષશાસ્ત્ર નિશ્ચય વેદના નેત્રરૂપી છે, નેત્ર સિવાય બીજાં કાન અને નાક આદિ અંગ હોવા છતાં કંઈપણ કરી શકાતું નથી. તે પ્રમાણે વેદના (છ) અંગો જે નેત્રરૂપી જ્યોતિષશાસ્ત્ર વિના નિઃસાર જેવાં છે, માટે જ આ શાસ્ત્રની અનિવાર્યતા છે.(૪)

પુરાણ વેદોનું સમુપબૃંહિત રૂપ છે. અર્થાત્ વેદ સદશ જ મહત્ત્વપૂર્ણ એવં સ્વીકાર્ય છે. જયારે જ્યોતિષ વેદાંગ છે. અતઃ પુરાણોમાં વેદાંગ જ્યોતિષનું મહત્ત્વ પ્રતિપાદન સ્વાભાવિક છે.

જ્યોતિષશાસ્ત્ર મનુષ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. મનુષ્યનું પ્રારબ્ધ હોય તે પ્રમાણે ગ્રહો અને નક્ષત્રોની ગતિ ગોઠવાયેલી હોય છે. એ અર્થમાં જન્મ ધારણ કરવા માત્રથી કોઈ વ્યક્તિ કલ્યાણકારી પ્રવૃત્તિ આચરતો નથી. પણ ગ્રહોની ગતિવિધિ તેને પ્રત્યેક કર્મ કરવા પ્રેરણા આપે છે. બીજા અર્થમાં કહીએ તો આ શાસ્ત્ર એ આપણને કલ્યાણકારી પ્રવૃત્તિમાં જોડાવા માટે માર્ગદર્શકરૂપ ગણી શકાય. માનવજીવનમાં કયો સમયગાળો ઉત્તમ, મધ્યમ કે અધમ છે તે જાણી જાગૃત થવાની તક આ જ્યોતિષ વિજ્ઞાન આપે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો મંગળ, રાહુ, શનિ વગેરે ગ્રહોની અસરો માનવજીવન માટે ત્રાસદાયક માનવામાં આવે છે. પુરાણોમાં મંગળને માટે ભૂમિપુત્ર અથવા ભૂમિડા તરીકે ઉલ્લેખ છે. અર્થાત્ ભૂમિનો ગ્રહ હોય તે માનવજીવન માટે અગત્યનો છે. [૫]

## ૨.૪ જ્યોતિષના લક્ષણો

જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા કે જાણકાર અથવા તો જ્યોતિષશાસ્ત્રમાં નિપુણ વ્યક્તિ કેવો હોવો જોઈએ ? તેનામાં કેવાં લક્ષણો હોવા જોઈએ ? તેના વિશે નિરૂપણ કરતાં જણાવ્યું છે કે,

होरापारसमुद्रपारगमने नूनं समर्थो महान्पाट्याख्ये गणिते च बीजगणिते यो दर्भगर्भाग्रधीः । सिद्धान्ते स्फूटवासनाप्रकथने भेदैरनेकैर्युते – गोले स्यात्कुशलः स एव गणको योग्यः फलादेशके ॥ त्रिस्कंधज्ञो दर्शनीयः प्रशांतः श्रौतस्मार्तोपासने निष्ठचितः निर्दंभो यः सत्यवादी प्रसन्नो दैवज्ञो वै सः स्मृतो नेतरश्च ॥

અર્થાત્-હોરાશાસ્ત્રરૂપ સમુદ્રને તરવામાં સમર્થ, ગણિત અને બીજગણિતમાં ધર્મનાં અગ્રભાગ જેવી સૂક્ષ્મ બુદ્ધિવાળો સિદ્ધાંત કહેવામાં ચતુર, ઘણા ભેદ વડે યુક્ત, ભૂગોળ અને ખગોળમાં કુશળ હોય તે ફળાધીશ કહેવાને યોગ્ય છે. હોરા, સિદ્ધાંત અને સંહિતા એ ત્રણ સ્કંધને જાણનાર પવિત્ર શાંત ચિતવાળો, શ્રુતિ અને સ્મૃતિએ બતાવેલા ધર્મને પાળનાર, દંભ વિનાનો સાચું બોલનાર, પ્રસન્ન મતિવાળો હોય, એવો જોષી જોઈએ, બીજો નહીં.(૬)

આમ, ઋષિમુનિઓએ જ્યોતિષી પ્રસન્ન મતિવાળો, ચતુર, પવિત્ર અને સત્યવાદી વગેરે ગુણો ધારણ કરનાર હોવો જોઈએ એમ જણાવેલ છે.

## ૨.૫ ગૃહારંભે જ્યોતિષની ઉપયોગીતા

ગૃહારંભે જ્યોતિષ શાસ્ત્રના ગ્રહ, નક્ષત્ર આદિ દ્વારા કરવાથી ગૃહ પ્રવેશ કરનાર ગૃહપતિને શુભફળ પ્રદાન કરે છે.

अश्विनी रोहिणो मुलमुतरात्रयमैन्दवम् ।
स्वाती हस्तोऽनुराधा च गुहारल्ले प्रशस्तो ॥

અર્થાત્, ગૃહારંભે અશ્વિની, રોહિણી, મૂલ ત્રણ ઉત્તરા મૃગશિરા, સ્વાતી, હસ્ત અને અનુરાધા - આ નક્ષત્ર પ્રશસ્ત માનવામાં આવે છે. (૭)

પ્રસ્તુત વિધાનની પ્રાસંગિકતા આજે પણ જોવા મળે છે. ગૃહનિર્માણ સમયે નક્ષત્ર, તિથિને શુભ-અશુભ માનીને નિર્માણ સમયમાં પરિવર્તન કરવામાં આવે છે. જેથી ગૃહમાં નિવાસ કરનાર સુખ-સમૃદ્ધિ, ધર્મસંપન્ન બની શકે તેમ દુઃખ-દારિદ્રથી મુક્ત બને.

## ૨.૬ વાસ્તુશાસ્ત્ર અને જ્યોતિષનો પારસ્પરિક સંબંધ

નિર્મિત થતી પ્રત્યેક સંરચના 'વાસ્તુ' કહેવાય છે. નિર્માણ પામતી પ્રત્યેક આકૃતિ વાસ્તુરૂપે પરિણમન્ પામે છે. વાસ્તુ રચના સંદર્ભે તમામ પ્રક્રિયાઓ વિશે ચિંતન કરવામાં આવ્યું છે. ભૂમિશોધન, ભૂમિખનન, શિલાન્યાસ ઈત્યાદિ અનેક વાસ્તુવિષયક વિભાવનાઓના પૂર્વકર્મરૂપે નક્ષત્ર તિથિ આદિના શુભત્ત્વનું ચિંતન થયું છે. ગ્રહ નક્ષત્રની ગતિ, દશા અંતર્દશા વિશે પણ ચિંતન થયું છે. આ સમગ્ર ચિંતન જ્યોતિષશાસ્ત્ર અંતર્ગત થતી વિચારધારાનું ફલક છે અને વાસ્તુશાસ્ત્ર એ દિશા આધારિત શાસ્ત્ર છે. દિશા અને ઉપદિશાઓ આ શાસ્ત્રમાં મૂળસ્થાને છે. આ દિશાઓના અધિપતિ તરીકે સૌરમંડળના ગતિમાન ગ્રહો શોભે છે. આ ગ્રહોની મીમાંસા એ જ્યોતિષશાસ્ત્રની વિચારધારા છે. વાસ્તુનિર્માણ પૂર્વે કેટલાક અંગો વિશેનું ચિંતન કરવામાં આવે છે અને આ અંગોનો સીધો સંબંધ જ્યોતિષશાસ્ત્ર સાથે છે.

### આયવિચાર અને વાસ્તુ

વાસ્તુમાં સૌપ્રથમ આયનો વિચાર કરવામાં આવે છે. આયનું માપ નક્કી કરવા માટે ઘર કે પ્રાસાદની ભૂમિની લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર કરી તેને આઠ વડે ભાગવાથી જે શેષ રહે તે "આય" થાય છે. આયના વિવિધ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે.

આયના આઠ પ્રકાર છે. જેમાં ધ્વજ-ધૂમ્ર-સિંહ-શ્વાન-વૃષ-ખર-ગજ - ધ્વાંક્ષનો સમાવેશ થાય છે. આ આયમાં અમુક શુભ તો અમુક અશુભ ફળ આપનાર છે. જેમાં ધ્વજ-સિંહ-વૃષ-ગજ આ ચાર શુભકારી છે, અને એ સિવાયના અન્ય ચાર ધૂમ્ર-શ્વાન-ખર-ધ્વાંક્ષ અધમજાતિના છે.

આ આયના શુભ-અશુભ સંદર્ભે જણાવ્યું છે કે,

वृषसिंहगजां शस्तां प्रासादपुरवेश्मसु ।
ध्वजेऽर्थलाभः सन्तापो धूमे भोगो मृगाधिपे ॥
कलिः शुनि धनं धान्यं वृषे स्त्रीदूषणं खरे ।
गजे भद्राणि दृश्यन्ते ध्वाऽक्षे तु मरणं ध्रुवम् ॥

અર્થાત્ વૃષ, સિંહ અને ગજ પ્રાસાદ પુરમાં મંગલકારી છે. ધ્વજમાં અર્થલાભ, ધૂમમાં સંતાપ, સિંહમાં ભોગ, શ્વાનમાં કલહ, વૃષમાં ધન અને ધાન્ય, ખરમાં સ્ત્રી મૃત્યુ, ગજ માંગલ્યપ્રદ અને ધ્વાંક્ષ નિશ્ચિત મૃત્યુકારક છે.(૮)

વર્ણ અનુસાર અલગ-અલગ આય શુભદાયી છે. તેમાં બ્રાહ્મણ માટે ધ્વજ, ક્ષત્રિય માટે સિંહ, વૈશ્ય માટે વૃષ અને શુદ્ર માટે ગજ શ્રેષ્ઠ છે.

## નક્ષત્રવૈર

વાસ્તુની રચના પૂર્વે પ્રત્યેક અંગનો વિચાર કરવો જોઈએ. આ પ્રત્યેક અંગ જ્યોતિષશાસ્ત્ર સાથે સંલગ્ન છે. જે વાસ્તુ અને જ્યોતિષના પારસ્પરિક સંબંધ વ્યક્ત કરે છે.

વાસ્તુ નિર્માણ પૂર્વે ભૂમિખનન, ભૂમિશયન, પૃથ્વીસંજ્ઞા આદિનો વિચાર કરવામાં આવે છે જેનો પ્રત્યેક સંબંધ જ્યોતિષશાસ્ત્ર સાથે છે. ગૃહનિર્માણ વાસ્તુવિદ્યા જણાવે છે કે,

अधोमुखे च नक्षत्रे शुभेऽन्हि शुभवासरे ।
चंद्रतारानुकूल्ये च खननारंभण, शुभम् ॥

**અર્થાત્, અધોમુખ નક્ષત્રમાં ચંદ્રબલ અને તારાબલને અનુકૂળ જોઈ ખનનનો આરંભ કરવો શુભ છે.(૯)**

**પૃથ્વી કેટલોક સમય શયન કરતી હોય છે. આ શયન અવસ્થામાં ભૂમિખનન કરવું જોઈએ નહીં. ભૂમિશયન અવસ્થા કયારે છે ? તેનો નિર્દેશ કરતા જણાવ્યું છે કે,**

प्रधोतनात् पज्यनगाङ्कसूर्य
नवेन्दु षट् विंशाभतानि भानि ॥
शेते मही नैव गृहं विधेय
तडागवापी खननं न शस्तम् ॥

**અર્થાત્ "સૂર્યના નક્ષત્રથી પાંચ, સાત, નવ, બાર, ઓગણીસ, છવ્વીસ એ નક્ષત્રોમાં ભૂમિશયન કરે છે. અને આ ભૂમિશયન સમયે પૃથ્વીખનનનો નિષેધ કરવામાં આવ્યો છે.(૧૦)**

**વાસ્તુરચનાના પ્રારંભ વિશે જણાવે છે કે,**

आरम्भं च समाप्तिं च प्रासादपुरसधनाम् ।
उत्थिते केशवे कुर्यान्न प्रसुप्ते कदाचन ॥

**અર્થાત્, પુર, પ્રાસાદ અને ગૃહનો પ્રારંભ અને સમાપ્તિ હરિબોધિની એકાદશી બાદ અને હરિશયની એકાદશી પૂર્વે જ કરવો જોઈએ. (૧૧)**

**વાસ્તુ આરંભ દરેક માસમાં ભિન્ન ભિન્ન ફલ આપે છે.**

चैत्रे चैत्रसञ्ज्ञया प्रसिद्धमासे गृहादिरचितं भवनप्रासादादिविहितं शोककरं कष्टप्रद्रं स्यादभवेत् । माधवे वैशाखे अर्थप्रदंघनघान्यप्रदस्यात् । ज्येष्ठे जयेष्ठसंज्ञया ख्यातमासे मृत्युकरं गृहादिकर्तृमरण । प्रदं स्यात् । शुचावाषाढे पशुहरं पशुविनाशः स्यात् । श्रावणे नमसि ततस्य पशोः वृद्धि स्यात् । भाद्रपदे भाद्रपदारव्यमासे शून्यं स्यात् । इष आश्विने तु कलिकरं कहलप्रदं स्यात् । कार्तिके भृत्युक्षयं दासविनाशः स्यात् । मार्गसहस्ययोः अग्रहणे पौषे च धान्यं स्यात् । माधे माधनाममासे दहनभि रग्निभयं स्यात् । फाल्गुने श्रियं लक्ष्मीभवाप्नोति ।(१२)

**વાસ્તુપ્રદીપ વાસ્તુપ્રારંભના માસફળ વિશે પોતાનો વિચાર રજૂ કરતા લખે છે કે,**

यो नरो मनुष्यः चैत्रे चैत्रमासे, गृहं भवनं, कारयते स व्याधि रोगमवाप्नोति । वैशाखे धनरत्नानि, ज्येष्ठ मृत्युं मरणं, आषाठे पशुवर्ज्य मृत्युरत्नं भृत्यः दासेय अेव रत्नं मणिवै निश्चयेनावाप्तुयात् । श्रावणे मित्रलाभं तथा भाद्रपदे हानि धनादिहानिमवाप्नोति । इष अश्विनमासे भार्याहानिः स्त्रीविनाशः स्यात् । कार्तिके उर्जे धनधान्यकमवाप्नोति । तथा मार्गशीर्षे अग्रहणं वितं धनमवाप्नोति । पौषे तस्करतस्चोराभ्यदं स्यात् । माधे बहुशो लाभंविन्धात् परश्चात्राग्निमग्निभयं विनिदिशेन् । फाल्गुने काज्यनं सुवर्ण विन्धात् । इति बुधैः मासफलं गृहनिर्माणे ज्ञेयम् ।(१३)

ગૃહારંભ કયારે થઈ શકે કયા માસમાં કઈ તિથીએ શુભકારી છે ? તેનો વિચાર જ્યોતિષશાસ્ત્ર દ્વારા મળે છે. વાસ્તુરત્નાવલીસુબોધિની ટીકા જણાવે છે કે,

फाल्गुनवैशाख श्रावणकार्तिकमार्गशीर्षमासानामन्यतमे मासे शुकलपक्षे रिक्तामाष्टमीवर्जिततिथौ रविकुजरहिते वासरे उत्तरात्रयं रोहिणीमृगचित्रारेवत्यनुराधाशतभिर्षक्षस्वाति घनिष्ठाहस्तपुष्पनक्षत्राणा मन्यतमे नक्षत्रे स्थिर लग्ने द्विं स्वभावलग्ने च व्ययाष्टरहितै शुभग्रहे:, पापौस्त्रिषष्ठलाभगतै, एतादशे समये नूतन गृहारम्भः शुभ इति ।

અર્થાત્, "ફાગણ, વૈશાખ, શ્રાવણ, કારતક અને અગ્રહણ આ માસમાંથી કોઈપણ માસમાં, શુકલપક્ષમાં રિક્તા, અમાસ, અષ્ટમીને છોડી અન્ય કોઈ દિવસમાં તિથિમાં રવિ અને મંગળવારને છોડી અન્ય કોઈ દિવસમાં ઉત્તરા ત્રણ, માર્ગશીર્ષ, ચિત્રા, રેવતી, અનુરાધા, શતભિષા, સ્વાતિ, ધનિષ્ઠા, હસ્ત અને પુષ્પ આ નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્રમાં, સ્થિરલગ્ન અને દ્વિસ્વભાવ લગ્નમાં દ્વાદશ, એકાદશ અને અષ્ટમ સ્થાનમાં શુભગ્રહ ન હોય – તૃતીય, ષષ્ઠ અને એકાદશ સ્થાનમાં પાપગ્રહ હોય એ સમયે નૂતન ગૃહારંભ કરવાનું શુભપ્રદ છે."(૧૪)

**ગૃહનાં આરંભે નિષિદ્ધ ભિન્ન ભિન્ન તિથિનું ફલ અલગ અલગ છે.**

प्रतिपत द्वारिद्रयं दरिद्रतां कुर्यात् । चतुर्थी धनहारिणी धननाशिनी भवेत् । अष्टमी उच्चाटनं करोति । नवमी शस्त्रधातिनी भवेत् । अमावास्यां राजभीतिर्नृपतिभयं स्यात् । चतुर्दश्यां स्त्रियोयोषितः क्षयो नाशः स्यात् ।

અર્થાત્, "પ્રતિપદામાં ગૃહ આરંભ કરવાથી દારિદ્ર, ચતુર્થીમાં ધનહાનિ, અષ્ટમીમાં ઉચ્ચાટન, નવમીમાં શસ્ત્રઘાત, અમાસમાં રાજભય અને ચતુર્દશીમાં સ્ત્રીનાશ થાય છે. આથી આ નિષિદ્ધ તિથિમાં ગૃહ આરંભનો નિષેધ થયો છે."(૧૫)

ગૃહ આરંભની વિચારણામાં પક્ષનું પણ ચિંતન કરવામાં આવ્યું છે.

शुकलपक्षे गृहारम्भे कृते सति सौख्यं भवेत् । कृष्णे तस्करतश्चोराभ्दयं भवेत् । तस्मात्कारणात्यदिचेदात्मनः स्वस्थ श्रियं कल्याणामिच्छेतदा प्रथमं विचार्य कर्तव्यं गृहनिर्माणं विधेयम् ॥(१६)

વાસ્તુશાસ્ત્રમાં પ્રત્યેક દિશા, દિશાના વર્ગનું ચિંતન, વર્ગના અંક અને તે દ્વારા ગ્રહોની દશા નિયત કરવામાં આવી છે. બૃહદ્‌વાસ્તુમાલાયામ્ તેનું નિરૂપણ કરતા દિગ્વર્ગચક્ર આ પ્રમાણે દર્શાવે છે.

| દિશા | પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈર્ઋત્ય | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ગ | અ | ક | ચ | ટ | ત | પ | ય | શ |
| અંક | ૮ | ૫ | ૬ | ૪ | ૭ | ૧ | ૩ | ૨ |

આમ, આ ચક્ર અનુસાર ગ્રામ-દિશા અને જાતકના વર્ગના અંકને સંયુક્ત કરી ૯ વડે ભાગાકાર કરતા જે શેષ વધે તેની દશા અનુક્રમે સૂર્ય, ચંદ્ર, મંગળ, રાહુ, ગુઢ, શનિ, બુધ, કેતુ હોય છે અને આ ગ્રહની દશા પોતાના ભોગ્ય વર્ષ અનુસાર શુભ-અશુભ ફળ જાતકને આપે છે.

ગ્રહોની આવી સ્થિતિ વાસ્તુને શુભત્વ અર્પે છે.




ગૃહ આરંભ સમયે સૂર્ય જે નક્ષત્રમાં સ્થિત હોય તે આધારે વાસ્તુચક્રનો વિચાર કરવામાં આવે છે.

લગ્નશુદ્ધિ વિશે વાસ્તુરત્નાવલીની ટીકામાં જણાવે છે કે,

द्वयऽगेवा स्थिरभे य सौम्यसहिते लग्ने शुभैवीक्षिते सौम्यैवीर्य समन्वितैश्च दशमे निर्माणमाहुर्बुधा: । तैर्वाधीनवकेन्द्रगै: सुख पापैस्त्रिषष्ठायगै: कुरो हयष्टमसंस्थितोऽपि मरणं कर्तुविधत्तेतराम् ॥

અર્થાત્, શુભદષ્ટ, દ્વિસ્વભાવ અને સ્થિરલગ્નમાં વાસ્તુ શુભ છે. શુભગ્રહ બલવાન બની દસમ સ્થાનમાં હોય તો વાસ્તુ શુભ છે અથવા શુભગ્રહ પંચમ, નવમ અને કેન્દ્રમાં હોય અને પાપગ્રહ તૃતીય, ષષ્ઠઅને એકાદશમાં હોય તો ગૃહ શુભ છે. અને અષ્ટમ્ સ્થાનમાં પાપગ્રહ હોય તો ગૃહેશને મૃત્યુ પ્રાપ્ત થાય છે.(૧૭)

જાતક ગૃહ આરંભ કરે તેની પૂર્વ વાસ્તુપુરુષનો નિવાસ કયાં છે ? તેનો વિચાર કરે છે કેમકે વાસ્તુપુરુષના નિવાસ અનુસાર જાતકને વિભિન્ન ફળની પ્રાપ્તિ થાય છે. ગૃહારંભની તિથિની સંખ્યામાં ચાર ઉમેરવા તે સંખ્યાને બે ગણી કરી ગૃહસ્વામીના નામ અક્ષરની સંખ્યાને તેમાં ઉમેરવી આવેલ સંખ્યાને

ત્રણ વડે ભાગાકાર કરવો અને જે 'શેષ' વધે તે એક હોય તો સ્વર્ગમાં વાસ્તુપુરુષનો નિવાસ નક્કી થાય છે.

- બે 'શેષ' વધે તો વાસ્તુપુરુષનો નિવાસ પાતલામાં છે. જેના ફલસ્વરૂપે નિરંતર 'લક્ષ્મી'ની પ્રાપ્તિ થાય છે.

- એક 'શેષ' વધે તો વાસ્તુપુરુષનો નિવાસ સ્વર્ગમાં છે. જે ફલદાતા લાભ આપનાર છે.

- શૂન્ય 'શેષ' વધે તો વાસ્તુપુરુષનો નિવાસ મૃત્યુલોકમાં હોય છે જેનું ફલ મૃત્યુ આપનાર છે.

નિર્મિત થયેલ નૂતન ગૃહની વાસ્તુપૂજા કરવા સંદર્ભે કઈ દિશામાં તેનું પૂજન કઈ રાશિ દ્વારા કરવાનું હોય ? તેનો વિચાર કરવામાં આવ્યો છે તે પ્રમાણે

| રાશિ | દિશા | રાશિ | દિશા |
|---|---|---|---|
| સિંહ-કન્યા-તુલા | નૈર્ઋત્ય | કુંભ-મીન-મેષ | ઈશાન |
| વૃશ્ચિક-ધન-મકર | વાયવ્ય | વૃષભ-મિથુન-કર્ક | અગ્નિકોણ |

ઉપર્યુક્ત રાશિઓ નિર્દિષ્ટ દિશામાં વાસ્તુપૂજન કરે તો તે ગૃહસ્વામીને શુભપ્રદ બને છે.

આ રીતે જ્યોતિષ વિજ્ઞાન મનુષ્ય જન્મે ત્યારથી સમય, તિથિ, નક્ષત્ર, રાશિ, ભવિષ્ય વગેરેથી સંકળાયેલો રહે છે. તે મૃત્યુપર્યંત ટકી રહે છે તેથી જ આ જ્યોતિષશાસ્ત્ર આજે ઘણું પથદર્શક બની રહે છે.

## ૨(ખ) વાસ્તુશાસ્ત્ર અને આયુર્વેદ

### ૨.૭ આયુર્વેદનો પરિચય

આયુર્વેદ અનાદિકાલથી પ્રાણીમાત્રની પીડાના પ્રતિકારનો સંદેશ આપે છે.

આચાર્ય ચરક આયુર્વેદને 'અનાદિ' અને 'શા✓ત' કહે છે.

''सोऽयमायुर्वेदः शाक्ततो निर्दिश्यते ।''[૧૮]

કાશ્યસંહિતામાં જણાવે છે કે, ''સૃષ્ટિ પ્રારંભે પ્રજા ઉત્પન્ન થઈ ત્યારે તેઓનાં સ્વાસ્થ્ય રક્ષણ માટે આયુર્વેદ વિધાની અનિવાર્યતા સ્વીકારી સ્વયંભૂ બ્રહ્માએ જ સંહિતારૂપે આયુર્વેદને પ્રકાશિત કર્યો.''

स्वयम्भूब्रह्मा प्रजाः सिसृक्षुः प्रजानां परिपालनार्थम् ।
आयुर्वेदमेव अग्रेडसृजत् सर्वावित् विक्तानि ततो भूतानि ॥

આચાર્ય સુશ્રુત જણાવે છે કે, ''બ્રહ્માએ સૃષ્ટિ રચનાની પૂર્વે જ આયુર્વેદની રચના કરી જેથી પ્રાણી સુખીજીવન વ્યતીત કરી શકે. પ્રારંભકાળથી જ જીવનમાત્ર સ્વસ્થ અને આયુષ્યસંપન્ન બને, આથી વિધાતાએ સૃષ્ટિ પ્રારંભે જ પંચમહાભૂત તથા વિવિધ પ્રકારના પદાર્થની રચના કરી.''[૧૯]

ब्रह्मा स्मृत्वाऽऽयुष्यो वेदं प्रजापतिमजिग्रहत् ।[२०]

આયુર્વેદ સંજ્ઞક વેદવિદ્ વિદ્વાનો દ્વારા સમ્માનિત્ 'પુણ્યતમ્' વેદ છે, અન્ય વેદ કેવળ પરલોક હિતકર છે, જયારે આયુર્વેદ બંને લોકને માટે હિતકર છે. આથી તે 'પુણ્યતમ્' વેદ છે.

આચાર્ય વાગ્ભટ્ટ જણાવે છે કે "સર્વ પ્રથમ બ્રહ્માએ આયુર્વેદનું સ્મરણ કર્યું, અને પ્રજાપતિને તેનો ઉપદેશ આપ્યો સ્મરણ શબ્દ સૂચિત કરે છે કે આયુર્વેદનું જ્ઞાન પૂર્વેથી જ હતું. કેમ કે સ્મરણ એનું જ હોય જેનું અસ્તિત્વ પૂર્વે વિદ્યમાન હોય."

આચાર્ય ચરક જણાવે છે કે,

चतुर्णांमृकसाम यजुर्थर्ववेदानामात्मानोऽथर्ववेद ॥
भक्तिरादेया ।

અર્થાત્, "ઋગ્વેદ – યજુર્વેદ – સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદોમાંથી આયુર્વેદ પોતાની ભક્તિ અથર્વવેદમાં દર્શાવે છે." ભક્તિ શબ્દ દ્વારા બન્નેનો નિકટનો સંબંધ દર્શાવે છે.(૨૧)

तस्यायुषो पुण्यतमो वेदो वेदविदां मतः ।
वक्ष्यते यन्मनुष्याणां लोकयोढभयोर्हितम् ॥(२२)

આયુર્વેદ એ અથર્વવેદનું એક અંગ ઉપાંગ છે. ઉપાંગ અર્થાત્ "એક અંગનો ભાગ", અથર્વવેદ "અંગી" છે. અને આયુર્વેદ તેનું એક 'અંગ' છે.

આ ચાર વેદ અંતર્ગત આયુર્વેદ પોતાની ભક્તિ અથર્વવેદમાં દર્શાવે છે. આયુર્વેદને અથર્વવેદનો 'ઉપવેદ' માનવામાં આવે છે.

આ જગતમાં આયુર્વેદ કે જે અથર્વવેદનું ઉપાંગ છે.

इह खल्वायुर्वेदो नाम यदुपाङ्गमर्थ वेदस्य ।(२३)

ऋजगुः सामाथवर्ख्यिान् द्दष्टवां वेदान् प्रजापतिः ।
विचिन्त्य तेषामर्थ च आयुवेदं चकार सः ॥

कृत्वा तु पच्चमं वेदं भास्कराय ददौ विभुः ।
स्वतन्त्रसंहितां तस्माद्भास्करश्च चकार सः ॥[२४]

કેટલાંક આચાર્યો કહે છે કે, બધા વેદો આયુર્વેદનો જ આશ્રય કરે છે ચારવેદ ઉપરાંત આયુર્વેદએ પાંચમો વેદ છે એમ કહી તેનું ઉપાંગત્વ જ દૂર કરે છે.

આચાર્ય ચરક આયુર્વેદને 'અનાદિ' અને 'શા✓ત' કહે છે પણ તેનું કારણ શું ? પ્રત્યુત્તરમાં આચાર્ય ચરક કહે છે કે,

सोऽयमायुर्वेदः शाक्तो निर्दिश्येते, अनादित्वात्
स्वभावसंसिद्धलक्षणत्वात् भावस्वभावनित्यत्त्वाच्चं ।

અર્થાત્, તે આ આયુર્વેદ શા✓ત નિત્ય કહેવાય છે. કેમ કે તે અનાદિ છે. તેનું લક્ષણ સ્વભાવથી બરાબર સિદ્ધ છે તેમજ ભાવો એટલે સત્‌વસ્તુઓના સ્વભાવનું નિત્યપણું હોય છે. એમ ત્રણ હેતુઓથી આયુર્વેદ નિત્ય જ કહેવાય છે.[૨૫]

આયુર્વેદની પરંપરામાં ચરકની પરંપરા "આત્રેય સંપ્રદાય" સુશ્રુતની પરંપરા "ધાન્વન્તર સંપ્રદાય" એમ બે સંપ્રદાય પ્રવર્તે છે.

આયુર્વેદ ઉત્પત્તિ પ્રકાર સંદર્ભે આ પ્રમાણે નિરૂપણ કરે છે.

ब्रह्मा स्मृत्वाऽऽयुषो वेदं प्रजापतिमजिग्रहत् ।
सोऽश्विनौ तौ सहस्त्राक्षं सोऽत्रिपुत्रादिकान् मुनीन् ।
तेडग्निवेशादिकांस्ते तु पृथक् तन्त्राणि तेनिरे ।

અર્થાત્, બ્રહ્માએ આયુના વિષય દર્શાવનાર શાસ્ત્રનું સ્મરણ કરી દક્ષ નામક પ્રજાપતિને ઉપદેશ કર્યો. પ્રજાપતિ અશ્વિનીકુમારોને, અશ્વિનીકુમારોએ ઈન્દ્રને તથા ઈન્દ્રે આત્રેય આદિમુનિઓને આયુર્વેદનું જ્ઞાન કરાવ્યું. તદ્દપશ્ચાત્ તેને સર્વેએ અગ્નિવેશ આદિ મુનિઓને જ્ઞાન કરાવ્યું અને અગ્નિવેશ આદિએ પૃથક્પૃથક્ પોતાના નામથી સંહિતાઓ બનાવી.(૨૯)

विधाताडथर्वसर्वस्वमायुर्वेद प्रकाशयन् ।
स्वनाम्ना संहीतां चक्रे लक्षश्लोकमयीमृजुम् ॥

અર્થાત્, તેમાં સૌથી પ્રથમ આયુર્વેદ બ્રહ્મભાવથી ઉત્પન્ન થયું. બ્રહ્માજી એ અથર્વવેદનું સર્વસ્વ છે તેને પ્રકાશિત કરી પોતાના નામથી બ્રહ્મસંહિતા નામક એક લાખ શ્લોકવાળી સંહિતા રચી.

## ૨.૮ આયુર્વેદ શબ્દની નિરુક્તિ

આયુ + વેદ યોગથી સંપન્ન છે.

### આયુનો અર્થ

''શરીર - ઈન્દ્રિય, મન અને આત્માના સંયોગને 'આયુ' કહે છે. ધારિ-જીવિત નિત્યગ અને અનુબંધ આ પર્યાયોથી પણ 'આયુષ' કહેવાય છે.

शरीरेन्द्रियसत्वात्मसंयोगो धारि जीवितम् ।
नित्यगश्चानुबन्धश्च पर्यायैरायुढच्यते ॥[२६]

**પંચમહાભૂત વિકાસાત્મક અને આત્માના ભોગાયતનને 'શરીર' કહે છે. જ્ઞાન અને કર્મથી સંયુક્ત હોવાને કારણે મન ઉભાયાત્મક ઈન્દ્રિય કહેવાય છે, જ્ઞાનનું અધિકરણ તથા જ્ઞાનનું પ્રતિસંધાતા 'આત્મા' હોય છે. આ શરીર ઈન્દ્રિય, મન અને આત્માનો સદષ્ટવશ જે સંયોગ થાય છે તે 'આયુ'નું સ્વરૂપ છે. ચૈતન્યની સ્થિતિને 'આયુ' કહેવાય.**

चैतन्यानुवतनमायुः । जीवितकाल को आयु कहा जाता है आयुर्जीवितकालः । शरीर और जीवात्मा के संयोग को जीवन कहते है और जीवन से संयुक्त कालको 'आयु' कहते है । शरीर जीवयोर्योगो जीवनम् तेनावाच्छिन्नः कालः आयुः ।[२८]

## 'વેદ' શબ્દનો અર્થ

**'વેદ' શબ્દનો અર્થ જ્ઞાન √विद् ધાતુથી 'વેદ' શબ્દ નિષ્પન્ન થયો છે. 'विद्' ધાતુનો પ્રયોગ ચાર અર્થોમાં પ્રયોજાય છે.**

सत्तायां विधते, ज्ञानेवेत्ति विन्ते विचारणे ।
विन्दते विन्दति प्राप्तौ, श्यन्–स्नुक्–अप् शेष्विदं क्रमात् ॥

**અર્થાત્, જેનાથી અસ્તિત્વનો બોધ થાય, જેનાથી જાણી શકાય, જેનાથી 'આયુ'ના વિષયમાં વિચાર કરી શકાય અને જેનાથી 'આયુ'ને પ્રાપ્ત કરી શકાય. આ ચાર અર્થોમાં √विद् ધાતુ પ્રયુક્ત થાય છે.**[૨૯]

આમ, 'આયુ' અને 'વેદ' બંને શબ્દના સંયોગથી 'આયુર્વેદ' બને છે. તેથી જ જેમાં આયુની પ્રાપ્તિ હોય તે શાસ્ત્રને 'આયુર્વેદ' કહે છે.

### ૨.૯ આયુર્વેદનો અર્થ

हिताहित सुखं दु:खमायुस्तस्य हिताहितम् ।
मान च तत्त्व यत्रोक्तमायुर्वेद स उच्यते ॥

અર્થાત્, હિત આયુ, અહિત આયુ, સુખ આયુ, દુઃખ આયુ એના માટે પથ્યાપથ્ય આ આયુનું માન તથા સ્વરૂપ જેમાં દર્શાવવામાં આવ્યું છે તે આયુર્વેદ કહેવાય.(૩૦)

આયુર્વેદ એક ચિકિત્સાશાસ્ત્ર છે જેનો ઉલ્લેખ વેદોમાં પણ અનેક જગ્યાએ જોવા મળે છે. સ્વાસ્થ્ય સંબંધી ભિન્ન-ભિન્ન ઉપાયોનો ઉલ્લેખ આયુર્વેદમાં રહેલો છે.

દૈવાસુરસંગ્રામ વખતે ભગવાન વિષ્ણુની અનુમતિથી અમૃત પ્રાપ્ત કરવા માટે સમુદ્રમંથન કરવામાં આવ્યું પરિણામ સ્વરૂપે અમૃતનો કળશ લઈને ધન્વન્તરિ નીકળ્યા અને દેવતાઓને અમૃત પીવડાવી અમર બનાવ્યા એવો ઉલ્લેખ પુરાણોમાં છે.

ફરીથી સમુદ્રમંથન કરતાં એમાંથી આયુર્વેદના પ્રજાપતિ પરમ ઐ✓ર્યશાળી ધન્વન્તરિ જોવામાં આવી.(૩૧)

ત્યારબાદ આ આયુર્વેદશાસ્ત્રની રચના કઈ રીતે થઈ ? એ બાબતમાં વિવિધ મતો છે.

- એક મત મુજબ ધન્વન્તરિથી સાંભળીને સુશ્રેતમુનિએ આયુર્વેદની રચના કરી.(૩૨)

- બીજા મત પ્રમાણે આયુર્વેદની સંપ્રદાય પરંપરા આ પ્રમાણે દર્શાવાય છે. બ્રહ્મથી પ્રજાપતિએ, પ્રજાપતિથી અશ્વિની કુમારોએ, અશ્વિનીકુમારોથી ઈન્દ્રએ, ઈન્દ્રથી ભરદ્વાજ અને અન્ય ઋષિઓએ આયુર્વેશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. આ રીતે આ આયુર્વેદ ઔષધિશાસ્ત્રનો પ્રચાર-પ્રસાર થતો રહ્યો જે આજે પણ જનજીવન માટે આર્શીવાદરૂપ ગણાય છે.(૩૩)

જન્મથી મૃત્યુપર્યંત મનુષ્ય વિવિધ આધિ, વ્યાધિ, ઉપાધિઓથી વ્યાપ્ત રહે છે. શરીરમાં  રહેલા વિવિધ રોગોને મૂળથી નાશ કરવાનું કામ આ ઔષધિવિજ્ઞાન કરે છે.

## ૨.૧૦ આયુર્વેદ ચિંતન

સંપૂર્ણ જગજીવનનો આયુર્વેદ સાથે અન્યોન્યાશ્રય સંબંધ છે. મનુષ્યના જનજીવન સાથે સંકળાયેલું શાસ્ત્ર એટલે આયુર્વેદશાસ્ત્ર. જન્મથી મૃત્યુ સુધીની જીવનયાત્રામાં અલગ-અલગ પ્રકારના દુઃખોથી પીડા અનુભવે છે. જેમાં આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિકનો સમાવેશ થાય છે.

- જેમકે શારીરિક તાવ, માથાનો દુઃખાવો, શરદી, શૂલ, હાથીપગ, ખાંસી, નેત્રરોગ, કુષ્ટરોગ આદિ-આધ્યાત્મિક દુઃખો છે.

- મનુષ્યને પ્રાણી, પક્ષી, મનુષ્ય, પિશાચ, સાપ, રાક્ષસ તથા અન્ય જીવો દ્વારા જે દુઃખ પ્રાપ્ત થાય છે તે આધિભૌતિક છે.

- ઠંડી, ગરમી, વાયુ, વર્ષા, જલ, વિજળી આદિથી જે દુઃખો ઉત્પન્ન થાય છે તે આધિદૈવિક છે.

આયુર્વેદમાં શારીરિક કે માનસિક દુઃખો કે રોગોની ચર્ચા તથા તેના ઉપચારો વર્ણવ્યા છે. આ આયુર્વેદને પુરાણોએ પોતાનો વિષય બનાવ્યો છે.

धन्वन्तरिदैर्धतम आयुर्वेदप्रवर्तकः ।
यज्ञमुक्वासुदेवांशः स्मृतिमात्रर्तिनाशनः ॥

અર્થાત્, ધન્વન્તરિ દીર્ઘતમસ્નો પુત્ર હતો, એ ધન્વન્તરિ આયુર્વેદના પ્રવર્તક, યજ્ઞભોક્તા વાસુદેવ ભગવાનના અંશરૂપ અને માત્ર સ્મરણ કરતા જ રોગોનો નાશ કરનાર ગણાય.(૩૪)

શ્રીમદ્ ભાગવતના સંદર્ભ મુજબ ધન્વન્તરિ આયુર્વેદના પ્રવર્તક છે. વીસમા ભગવાન ધન્વન્તરિ ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન થયા અને વિશ્વામિત્રના પુત્ર સુશ્રુતને વૈદકીયશાસ્ત્રનો ઉપદેશ કર્યો.(૩૫)

આ વૈદકિયશાસ્ત્રમાં વિવિધ રોગો અને તેના લક્ષણો તેમજ ઉપચારોનું વિશદ વર્ણન છે. જેમાં,

- ભિન્ન ભિન્ન આઠ પ્રકારના તાવો.
- વાત, પિત, કફથી થતા રોગો
- તાવનું નિદાન
- રક્તપિત્, શરદી, અજીર્ણ

- મરડો, હૃદયરોગ, ખોરાક પ્રત્યેની અરુચિ
- મધુપ્રમેહ, કોઢ, જ્ઞાનતંતુની નબળાઈથી થતા રોગો
- હાથ, પગ ભાંગી ગયા હોય તો તેની સારવાર
- સર્પદંશ, ઝેરી જંતુ વગેરેનું ઝેર ઉતારવાના પ્રયોગો આદિનો ઉલ્લેખ થયો છે. (૩૬)

પુરાણોમાં વર્ણિત આયુર્વેદ અને તેના વિષયના મહત્ત્વને આજના સંદર્ભમાં અવગણના ન કરી શકાય કારણ કે,

शरीरमाधं खलु धर्मसाधनम् ।

શરીર એ ધર્મ સુધી પહોંચાડનાર અને તેના પાલન કરવા માટે પ્રમુખ માધ્યમ છે.

મન અને શરીર જો સ્વસ્થ હશે તો મનુષ્યના જીવનના ઘણા પ્રશ્નનો ઉકેલ આવી જાય. રોગો મૂળ શરીરની અંદર  જ છે. પુરાણોમાં આયુર્વેદે જે શરીરના આરોગ્યનાં ઉપચાર બતાવ્યો છે તે વિશેષ મહત્ત્વના છે.

ધન્વન્તરિ સુશ્રુતને કહે છે કે, "હવે હું તને શું સારું અને શું ખરાબ તે જાણી શકાય તે માટે ખોરાક અને પાણીના નિયમો સમજાવું છું. અર્થાત્ આહાર પાણી માણસના જીવનમાં અતિ અગત્યના છે. શરીરમાં રોગ થવાનાં મૂળ કારણો આહાર-વિહાર જ છે, તેથી જયાં સુધી તે બરાબર ન સમજાય ત્યાં સુધી રોગને દૂર કરવાની સૂઝ ન પડે.(૩૭)

રોગને નાબૂદ કરવા કરતાં પણ તેના મૂળને શોધીને દૂર કરવાની સમજ આ શાસ્ત્ર આપે છે. જે વિશેષ મહત્ત્વની છે.

અર્વાચીન વૈજ્ઞાનિકોએ આયુર્વેદને અવૈજ્ઞાનિક બતાવી તેનો વિરોધ કર્યો છે. સ્વતંત્ર ભારતમાં આ ચિકિત્સાશાસ્ત્રની સ્થિતિ ઉતરોત્તર દુર્લભ બનતી જાય છે. તેનું કારણ છે એમાં ઉપયોગી ઔષધિની અનુપલ્બ્ધિ તેમજ તેના વિતરણની વ્યવસ્થા ન હોવાના કારણે અત્યારે આ ચિકિત્સાશાસ્ત્રથી શિક્ષિત પ્રજા વંચિત બની જાય છે. (૩૮)

આ સંદર્ભમાં પર્યાવરણ અને આયુર્વેદના સંબંધને ચોક્કસપણે સ્વીકારવો જરૂરી છે અને તેનું સંરક્ષણ કરવાથી જ દરેક રોગનો મૂળથી નાશ થાય.

તેથી જ ચરકના મતે...

यस्य देशस्य यो जन्तुः तज्जं तस्यौषधं हितम् ।

અર્થાત્, જે પ્રાણી જે દેશમાં ઉત્પન્ન થાય છે તેના માટે તે દેશમાં ઉત્પન્ન ઔષધ જ હિતકારી બની શકે.

આમ, આયુર્વેદને વૈદિક સમયથી જ મહત્ત્વ અપાયું છે. પ્રત્યેક રોગનું મૂળ માનવ શરીરમાંથી ઉત્પન્ન થતાં વાત, પિત અને કફ પર આધારિત છે અને આના આધારે શરીરના રોગોનો જે ઈલાજ આયુર્વેદ દ્વારા થાય છે તે સ્થાયી હોય છે. રોગરહિત શરીર બનાવવા માટે આ ચિકિત્સામાં સમય આપવો જરૂરી છે. આયુર્વેદિક દવા અને આયુર્વેદશાસ્ત્ર આજના સમયમાં વિશેષ સ્થાન ધરાવે છે. એમાં કોઈ શંકા નથી.

## ૨.૧૧ આયુર્વેદનું પ્રયોજન

સૃષ્ટિકર્તાએ સર્વપ્રથમ આયુર્વેદની રચના કરી તદ્‌પશ્ચાત પ્રાણીઓનું સર્જન કર્યું. આમ, પ્રાણી માત્રની ઉત્પત્તિ પહેલા પણ ઔષધિઓ, વનસ્પતિ આદિની સૃષ્ટિનું પ્રતિપાદન આયુર્વેદ ચિકિત્સા સંબંધી બીજન્યાસનું દર્શન કરાવે છે.

धर्मार्थकाममोक्षाणां आरोग्यं मूलसधानम् । માનવના કલ્યાણ અર્થે આયુર્વેદ ઉપકારક છે.

प्रयोजनं चास्य स्वस्थस्य स्वास्थ्यरक्षणम् ।
आतुरस्य विकारप्रशमनं च ।

અર્થાત્, સ્વાસ્થ્ય કે નિરોગી માણસના સ્વાસ્થ્ય કે આરોગ્યનું રક્ષણ કરવું અને આતુર કે રોગીનાં રોગનું પ્રશમન કરવું એ આયુર્વેદનું પ્રયોજન છે. [૩૯]

આયુર્વેદ એ એક એવું શાસ્ત્ર છે જે માનવને રોગમુક્ત બનાવે છે આથી, સ્વસ્થ અને નિરોગી બનેલ માનવ પુરુષાર્થની પ્રાપ્તિ કરી શકે.

आयु: कामयमानेन धर्मार्थसुखसाधनम् ।
आयुर्वेदोपदेशेषु विधेय: परमादर: ॥

અર્થાત્, ધર્મ, અર્થ, સુખના સાધનરૂપ આયુષ્યની જે ઈચ્છા રાખતો હોય તેણે આયુર્વેદશાસ્ત્રનાં ઉપદેશોનો અત્યંત આદર રાખવો.[૪૦]

આયુર્વેદ આરોગ્યમય જીવનનું પ્રદાન કરે છે તેથી તે પરમલોકહિતૈષી શાસ્ત્ર છે, તે જીવનદાની છે. એટલે આ શાસ્ત્ર પુણ્યતમ છે.

સુશ્રુત આયુર્વેદનું પ્રયોજન જણાવે છે કે,

इहं खल्वायुर्वेद प्रयोजनं व्याव्युपसृष्टानां
व्याधिपरिमोक्षः स्वास्थ्यस्य रक्षणं च ।

અર્થાત્, સ્વસ્થ વ્યક્તિનાં સ્વાસ્થ્યની રક્ષા કરવી અને રોગી વ્યક્તિના રોગને દૂર કરવા એ આયુર્વેદનું પ્રયોજન છે.(૪૧)

दोषधातुमलं मूल हि शरीरम् ।

શરીરમાં દોષ, ધાતુ અને મલની ક્રિયા થાય છે. જો આ ત્રણમાંથી કોઈની પણ વૃદ્ધિ થાય તો રોગનો પ્રાદુર્ભાવ થાય છે. આની સમગ્ર વિવેચના આયુર્વેદ કરે છે.

પ્રત્યેક વ્યક્તિનાં સ્વાસ્થ્ય લાભને માટે આયુર્વેદની અનિવાર્યતા છે. આર્યપ્રજા આરોગ્ય વિષયક ગહન તત્ત્વોથી પરિચિત સહસ્ત્રાયુ હતી. તેનું પરિપાલન કરતી હતી. આથી દિર્ઘાયુ હતાં. વેદમાં પણ આ માટેની પ્રાર્થના ઋષિ કરે છે.

प्रजापतेरावृतो ब्रह्माणा वर्मणाहुं कश्यपस्य ज्योतिषा वर्चसा च ।
जरदष्टिः कृतवीर्यो विहाया: सहस्त्रायुः सुकृतश्चरेयम् ॥

અર્થાત્, પ્રજાપતિ અને કશ્યપના વેદ જ્ઞાનથી, આશ્રયથી, જ્યોતિથી અને પ્રતાપથી ઘેરાયેલો હું મોટાઈ સાથે પ્રવૃત્તિવાળા પૂર્ણ પરાક્રમવાળા વિવિધ ઉપાયવાળો સહસ્ત્ર પ્રકારથી અન્નવાળા અને પુણ્યકર્મવાળો ચાલતો રહું.(૪૨)

સૌરપુરાણ આ સંદર્ભે જણાવે છે કે,

रोगिणे रोगशान्त्यर्थऔषधं यः प्रयच्छति ।
रोगहीनः स दीर्धायुः सुखी भवति सर्वदा ॥[૪૩]

ચરકસંહિતા પ્રયોજન વિશે કહે છે કે,

तस्यायुषः पुण्यतमो वेदो वेदविदां मतः ।
वक्ष्यते यन्मनुष्याणां लोकयोढभदोर्हितम् ॥

અર્થાત્, આયુર્વેદ શાસ્ત્ર પુણ્યજનક છે. કેમ કે વૈદજ્ઞ પુરૂષોનો મત છે કે આ શાસ્ત્ર મનુષ્યનાં ઈહલોક પરલોકમાં હિતકારી છે. અભ્યુધ્ય અને નિશ્રેયસ આપનારા છે.[૪૪]

નંદીપુરાણ આ અંગે જણાવે છે કે,

धर्मार्थकाममोक्षाणामारोग्यं साधनं यतः ।
अतस्त्वारोग्यदानेन नरो भवति सर्वदा ॥

આમ, આયુર્વેદશાસ્ત્રનાં અધ્યયનથી મનુષ્ય અન્યને આરોગ્ય પ્રદાન કરે છે. આમ, તે સ્વયં પણ નિરોગી રહી ધર્મ, અર્થ, કામ, મોક્ષ એમ ચતુર્વિધ પુરુષાર્થને પ્રાપ્ત કરે છે.

## ૨.૧૨ આયુર્વેદનાં અંગો

બ્રહ્માએ આયુર્વેદને આઠ અંગોમાં વિભક્ત કર્યો છે.

**મુનિ આત્રેયે આયુર્વેદની આઠ પ્રકારની ચિકિત્સા આ પ્રમાણે નિરૂપિત કરી છે.**

शल्यशालाक्यकायश्च तथा बालचिकित्सतम् ।
अगदं विषतन्त्रं च भूतविद्या रसायनम् ॥
वाजीकरणमेवेति चिकित्साष्टकमेव च ।
वैधगमेषु सर्वेषु प्रोक्तं श्रेष्ठमते महत् ॥

**અર્થાત્, શલ્ય ચિકિત્સા, શાલક્ય ચિકિત્સા, કાય ચિકિત્સા, બાલચિકિત્સા, અગદચિકિત્સા, વિષ, ભૂત વિધા, રસાયણ અને વાજીકરણ એ આઠ પ્રકારની ચિકિત્સા છે. હે શ્રેષ્ઠ બુદ્ધિવાળા, સર્વ વૈદકના શાસ્ત્રોમાં એ આઠ પ્રકારને શ્રેષ્ઠ કહેલા છે.**[૪૫]

**ચરકસંહિતામાં આઠ અંગોને આ પ્રમાણે દર્શાવે છે.**

तस्यायुर्वेदस्याङ्गान्यष्टौ, तधथा - कायचिकित्सा, शालाकयं शल्यापहर्तुकं, विषगरवैरोधिकप्रशमनं, भूतविधा, कौमारभृत्यकं, रसायनम्, वाजीकरणमिति ॥

**અર્થાત્, એ આઠ અંગ છે જેમકે કાયચિકિત્સા, શાલાકય, શલ્યાપહર્તુક, વિષગરવૈરોધિકપ્રશમન, ભૂતવિધા, કૌમારભૃત્યક, રસાયણ તથા વાજીકરણ એમ આઠ અંગ છે.**[૪૬]

## (૧) શલ્યતંત્ર

શલ્ય શબ્દ 'શલ' અથવા 'શલહિસાંયામ્' અર્થમાં પ્રયુક્ત છે. શરીરમાં જેના દ્વારા પીડા થાય તે 'શલ્ય' તેનું વિશદ્ વર્ણન કરતું શાસ્ત્ર તે 'શલ્યતંત્ર' ધન્વન્તરિના પ્રવર્તકો આઠ અંગોમાં તેને પ્રધાન તરીકે સ્વીકારે છે.

આચાર્ય સુશ્રુત શલ્યચિકિત્સા વિશે જણાવે છે કે,

> शल्यं नाम विविधतृणकाष्ठपाषाणपांशु लोहलोष्टा
> स्थिबालनखपूयास्त्रावान्तर्गर्भशल्योद्धरणार्थ यन्त्र
> शस्त्रक्षाराग्निप्रणिधानव्रणविनिश्चायार्थ च ।

અર્થાત્, વ્રણ વગેરેની અંદર રહેલ અનેક જાતના ઘાસ, લાકડા, રજ, લોઢું, ઢેફા, હાડકાં, વાળ, નખ કે પઢનો સ્ત્રાવ કાઢવા માટે ગુંચવાયેલ એ ગર્ભરૂપ શરીરમાંથી કાઢવા માટે, યંત્ર કે શસ્ત્ર દાખલ કરવા તેમજ ક્ષાર મુકવા, કામ દેવા અને વ્રણોના નિશ્ચયો કરવાનાં પ્રકારો જાણવા માટેનું આયુર્વેદનું અંગ 'શલ્ય' કહેવાય છે.[૪૬]

હારીતસંહિતામાં શલ્યચિકિત્સાની વ્યાખ્યા મુનિ આત્રેય આ પ્રમાણે આપે છે.

> यन्त्रशस्त्रप्रबन्धैस्तु येनं चोपचरेद्भिषक् ।
> तं च शल्योद्धरणं प्रोच्यते वैधकागमे ॥
> नाराचवालवल्लीभिर्भल्लैः कुन्तेश्च तौमरे ।
> शिलाग्निभिन्नगात्रस्य तत्र स्याधदि शल्यकम् ॥
> तत्प्रतीकारकरणं तश्च शल्यचिकित्सिकम् ।

અર્થાત્, યંત્ર, શસ્ત્ર, કર્મ કે બંધ બાંધવા વડે વૈદ્ય જે ઉપચાર કરે છે તેને વૈદક શાસ્ત્રમાં "શલ્યોદ્ધરણે" કહે છે. તીર, વાળ, વેલી, ભાલો, બરછી, તોમર નામનું હથિયાર પથ્થરો, અગ્નિ એવી વસ્તુથી શરીર ભેદાયું હોય અને તેમાં કોઈ શલ્ય હોય તો તેને 'શલ્ય ચિકિત્સા' કહે છે.(૪૮)

## (૨) શાલાક્ય તંત્ર

કર્ણ, નેત્ર, મુખ, નાસિકા, શિરારોગ આદિ અંગોમાં ઉત્પન્ન રોગની શાંતિ અર્થે તથા શલાકા તંત્રના પ્રયોગને માટે જે અંગ છે તેને માટે 'શાલાકય તંત્ર' કહે છે. સુશ્રુત શાલાકય ચિકિત્સા વિશે જણાવે છે કે,

शालाकयं नाम उर्ध्वजत्रुगतानां रोगाणां ।
श्रवणनयनवदन ध्राणादि संश्रितानां व्याधीनामुपशमनार्थनम् ॥

અર્થાત્, કંઠના મૂળથી કે હાંસડીની ઉપર થયેલા એટલે કાન, આંખ, મુખ, નાક વગેરેમાં થયેલા રોગની શાંતિ કરવા માટેનું જે અંગ તે 'શાલાક્ય' કહેવાય છે. (૪૯)

शलाका पटलवेधनी, तस्याः कर्म शालाकयं, तत्प्रधानं तन्त्रं शालाकयतन्त्रम् । शिरोरोगा नेत्ररोगाः कर्णरोगा विशेषतः । भ्रूकण्ठशङ्खमन्यासु ये रोगाः सम्भवन्ति हि ॥ तेषां प्रतीकारकर्म नस्यवत्यञ्चनानि च । अभ्यङ्गंसुखगण्डूषक्रिया शालाकयनामका ॥

અર્થાત્, શિરા રોગ, નેત્ર રોગ અને વિશેષ કરીને કર્ણરોગ તેમજ ભ્રામર, લમણાં અને બોચીની નસ એ અંજનથી, અભ્યંગથી અને કોગળા કરવાથી થાય છે. આ પાંચ કર્મને 'શાલાક્ય'ની ક્રિયા કહે છે.(૫૦)

## (૩) કાયચિકિત્સા

આયુર્વેદનાં સર્વ અંગોમાં 'કાયચિકિત્સા' પ્રધાન છે. શરીરના સર્વ અંગમાં જન્મનાર જ્વર, રક્તપિત્ત, ઉન્માદ, અપસ્માર, કુષ્ઠ અને અતિસાર આદિ રોગની ચિકિત્સાનું વિધાન જેમાં કરવામાં આવ્યું છે તે અંગોને 'કાયચિકિત્સા' કહે છે.

कायचिकित्सा नामं सर्वाङ्गासंसृतानां व्याधीनां ज्वरातिसार रक्तपित्त शोषोन्मादापस्मार कुष्ठमेहादिनामुपशमनार्थम् ।(५१)

સુશ્રુત સૂત્રસ્થાનમાં 'કાયચિકિત્સા' વિશે જણાવે છે કે,

कायचिकित्सा नाम सर्वाङ्ग संसृतानां व्याधीनां ज्वररक्तपित्तशोषोन्मादपस्मारकुष्ठ मेहादीनामुपशमार्थम् ।

અર્થાત્, કાય ચિકિત્સા એટલે સર્વ અંગનો આશ્રય કરતાં જ્વર, રક્તપિત, શોષ, ઉન્માદ, અયસ્માર, કુષ્ઠ, મેહ તથા અતિસાર વગેરેનું શમન કરવા માટેની ચિકિત્સા જેમાં હોય છે, તેવું અંગ તે 'કાયચિકિત્સા.'

મુનિ આત્રેય આ સંદર્ભે કહે છે કે,

कषादन्चूर्णगुटिकापाचनं शोधनानि च ।
कोष्ठामयानां शमनी क्रिया कायचिकित्सतम् ॥

અર્થાત્, કશાદ, ચૂર્ણ, ગોળી, પાચન ઔષધ, શોધન ઔષધ એ પાંચ વડે પેટમાંથી વ્યાધિ સમાવનારી ક્રિયાને 'કાયચિકિત્સા' કહે છે.(૫૨) 'કાય' શબ્દનો અર્થ અંદરનો જઠરાગ્નિ એવો થાય છે. તેની ચિકિત્સા 'કાયચિકિત્સા' 'કાય'

એટલે કે દેહ કે શરીર, તેની જે ચિકિત્સા તેને પણ 'કાયચિકિત્સા' કહેવાય છે. આખા શરીરના આશ્રિતરોગો જેવાં કે જ્વર, અતિસાર, રક્તપિત્ત વગેરેની જે ચિકિત્સા તેને પણ 'કાયચિકિત્સા' કહે છે.

## (૪) ભૂતવિદ્યા

આ આયુર્વેદનું સૌથી ઉપેક્ષિત અંગ છે. તેનું અન્ય નામ અમાનુષ ઉપસર્ગ છે. દેવતા પિતૃ પિશાચ તથા ગ્રહ આદિના કારણે પીડિત વ્યક્તિઓના કષ્ટને દૂર કરવા માટે બલિ ઉપહાર પૂજા આદિ વિધાન દ્વારા રોગ શાંતિનો ઉપચાર જે અંગ દ્વારા કરવામાં આવે છે. તેને 'ભૂતવિધા' કહે છે.

આચાર્ય સુશ્રુત કહે છે કે,

भूतविधा नाम देवासुरगन्धर्वयक्षरक्षः पितृपिशाचनाग ग्रहोपसृष्टचेतसः शान्तिकर्मबलिहरणादिग्रहोपशमनार्थम् ।

અર્થાત્, દેવ, અસુર, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃ, પિશાચ, નાગ તથા ગ્રહ વગેરેનાં વળગાડથી જેઓનાં મન ખરાબ થાય, તેઓને શાંતિકર્મથી તથા બલિદાન આપવા વગેરે કર્મથી શાંતિ કરવા માટેનું અંગ તે 'ભૂતવિધા' કહે છે.(૫૩)

મુનિ આત્રેય 'ભૂતવિધા' વિશે જણાવે છે કે,

ग्रहभूतपिशाचाश्च शाकिनीडाकिनीग्रहाः ।
एतेषां निग्रह सम्यग्भूतविद्याः निगधते ॥

અર્થાત્, ગ્રહ, ભૂત, પિશાચ, શાકિની, ડાકિની, બાળગ્રહ એ સર્વનો રૂડી રીતે નિગ્રહ કરવો, તેને 'ભૂતવિદ્યા' કહે છે. (૫૪)

## (૫) કૌમારભૃત્ય

આયુર્વેદનાં પ્રસ્તુત અંગમાં બાળકનાં ભરણપોષણની વ્યવસ્થા ધાત્રીપરીક્ષા દુષ્ટદુગ્ધ વિશોધન, ગ્રહજન્ય રોગનો પ્રતિકાર તથા બાલના રોગોની ચિકિત્સાનું નિરૂપણ કરવામાં આવે છે.

**મુનિ આત્રેય બાલચિકિત્સા સંદર્ભે વર્ણવે છે કે,**

गर्भापक्रमविज्ञानं सूतिकोपक्रमस्तथा ।
बालानां रोगशमनं क्रिया बालचिकित्सतम् ॥

અર્થાત્, ગર્ભના ઉપક્રમનું જ્ઞાન સુવાવડીનાં ઉપચાર અને બાળકોનાં રોગોનું શમન એ ક્રિયા 'બાલચિકિત્સા' કહે છે.(૫૫)

कौमारभृत्यं नाम – कुमारभरणधात्रीक्षीरदोषसंशोधनार्थ ।
दुष्टस्तन्यग्रहसमत्थानांश्च व्याधीनामुपशमनार्थम् ॥

અર્થાત્, બાળકોના ભરણપોષણ માટે રાખેલી ધાવના, ધાવણના દોષોની શુદ્ધિ માટે કે તે દોષો દૂર કરવા માટે તેમજ દુષ્ટ ધાવણથી તથા બાળ ગ્રહોનાં વળગાડથી ઉત્પન્ન થયેલાં રોગો શમાવવા માટેનું જે અંગે છે તેને "કૌમારભૃત્ય" કહે છે.(૫૬)

## (૬) અગદતંત્ર

**આચાર્ય ચરક તેને 'વિષગરવૈરોધિક પ્રશમન' કહે છે.**

"अगदतन्त्र नाम – सर्पकीटलुतामूषकादिदष्टविषव्यग्जनार्थ विविध विषसंयोगोपशमनार्थ च ।"

**મુનિ આત્રેય અગદ ચિકિત્સા વિશે જણાવે છે કે,**

सर्पवृश्चिकलूतानां विषोपशमनी तु या ।
सा क्रिया विषतन्त्रश्चं नाम प्राक्तं मनीषिभिः ॥

**અર્થાત્, સાપ, વીંછી અને લૂતા એમના ઝેર શમાવનારી જે ક્રિયા તેને બુદ્ધિમાન આચાર્ય 'વિષતંત્ર' કહે છે.** (૫૭)

**આમ, 'અગદતંત્ર' અર્થાત્ 'વિષતંત્ર'.**

## (૭) રસાયણ તંત્ર

**મુનિ આત્રેય રસાયણ તંત્ર વિશે જણાવે છે કે,**

देहस्येन्द्रियदन्तानां द्रढीकरणमेव च ।
वलीपलितखालित्यं वर्जनेडपि च या क्रिया ॥
पूर्ववैधप्रणीतं ही तत्रसायनमुच्यते ॥

**અર્થાત્, દેહની ઈન્દ્રિય અને દાંતને દઢ કરવાની તથા શરીરે કરચલીઓ પડી ગઈ હોય કે પળિયાં આવ્યા હોય કે માથે ટાલ પડી હોય. તેને મટાડવાની ક્રિયા તે પૂર્વે થયેલા વૈદ્યોએ કરેલા પ્રયોગોને 'રસાયણ તંત્ર' કહેવાય છે.**(૫૮)

રસાયણમાં ઔષધ, આહાર અને વિહાર એ ત્રણ પ્રકાર છે. જે ઔષધ દ્રવ્યોના સેવનથી રસરક્ત આદિ ધાતુઓની ઉપલબ્ધિ થાય તે 'રસાયણ' કહેવાય.

रसायनतन्त्रं नाम वयः स्थापनायुर्मेधाबलकरं समर्थ च ॥(૫૯)

આયુર્વેદનું જે તંત્ર લાંબાગાળા સુધી યુવાવસ્થાને ટકાવી રાખનાર આયુષ્ય, બુદ્ધિ તથા બળને ઉત્પન્ન કરનાર અને રોગને દૂર કરવા માટે સમર્થ છે તે 'રસાયણ' કહેવાય છે.

रसनां–रस, रकतादीनां अयनम् – आप्यायनम्
विशिष्टलाभोपायो वा तदर्थ तन्त्र रसायन ।(૬૦)

દીર્ઘકાલ સુધી તરૂણ અવસ્થા પ્રાપ્તિ અર્થે આયુ, બલ તથા બુદ્ધિ, વૃદ્ધિ અર્થે તથા શરીરમાં રોગપ્રતિરોધક શક્તિ સંપન્ન કરવા માટે જે અંગ છે તેને 'રસાયણતંત્ર' કહે છે.

વૃદ્ધાવસ્થાને દૂર કરી યૌવનાવસ્થા પ્રાપ્ત કરી અને રોગનું ઉપશમન કરવું એ બે રસાયણનું કાર્ય છે.

## (૮) વાજીકરણ

वाजः शुक्रं सोऽस्यास्नीति वाजी ।

અર્થાત્ 'વાજ' એટલે શુક્ર અથવા વીર્ય જેની પાસે 'શુક્ર' છે. તે 'વાજી' છે જે ક્રિયાથી 'અવાજી' ને 'વાજી' કરી શકાય છે તેને 'વાજીકરણ' કહે છે. વાજી શબ્દનો એક અર્થ અશ્વ થાય છે. તદ્અનુસાર વાજીકરણ એ ક્રિયાનું નામ છે,

જેના દ્વારા પુરુષ અશ્વસમાન અપ્રતિહત સામર્થ્યયુક્ત બની સ્ત્રીગમનમાં સમર્થ બને છે.

ક્ષીણ પૌઢષ, અલ્પ વીર્ય અને સંતાન ઉત્પતિમાં અસમર્થ પુઢષને પૌઢષસંપન્ન અને સંતાન ઉત્પન્ન કરવામાં સમર્થ બનાવનાર આ અંગ છે.

– સુશ્રુત કહે છે કે,

वाजीकरणतन्त्रं नाम अल्पदुष्ट, विशुष्कक्षीणरते सामाप्यायनप्रसादोपचयजनननिमितंप्रहर्षजननार्थ च ।

અર્થાત્,જેઓમાં વીર્ય ઓછા થયા હોય, દુષ્ટ થયા હોય, ક્ષીણ કે અત્યંત સુકાઈ ગયા હોય, તેઓના વીર્ય વધારવા માટે, પ્રસન્ન કરવા માટે કે સ્વચ્છ કરવા માટે પુષ્ટિ કરવા માટે તથા અત્યંત હર્ષ ઉપજાવવા માટેનું જે આયુર્વેદ તંત્ર છે તે 'વાજીકરણ તંત્ર' કહેવાય છે.(૬૧)

મુનિ આત્રેય વાજીકરણ વિશે લખે છે કે,

क्षीणानां चाल्यवीर्याणां बृहणं बलवर्धनम् तर्पणं सप्तधातूनां वाजीकरणमुच्यते ॥

અર્થાત્, ક્ષીણ થઈ ગયેલા, અલ્પ વીર્યવાળા, પુઢષને પુષ્ટી કરે અને બળ વધારે તથા તેમની સાત ધાતુઓને પુષ્ટી તૃપ્ત કરે તેવી ચિકિત્સાને 'વાજીકરણ ચિકિત્સા' કહે છે.(૬૨)

આમ, આયુર્વેદની આ ચિકિત્સાને આઠ અંગોમાં ઋષિમુનિઓ દ્વારા વિભક્ત કરવામાં આવી છે. સ્વાસ્થ્યરક્ષણ અને રોગ સંદર્ભે દોષ, ધાતુ અને મળ એ ત્રણ મહત્ત્વનાં પ્રેરક પરિબળો છે.

આયુર્વેદ વિશે આ પ્રમાણે લખાયું છે,

"ઋગ્વેદનો એક ઉપવેદ, આર્યોનું વૈદિકશાસ્ત્ર આ ઉપવેદ બ્રહ્મદેવના પૂર્વમુખમાંથી નીકળ્યાનું અને તેના સૌથી પહેલા આચાર્ય અશ્વિનીકુમાર હોવાનું મનાય છે. અશ્વિનીકુમાર પાસેથી ઈન્દ્રે આ વિદ્યા મેળવીને ધન્વન્તરિને શીખવી ધન્વન્તરિ પાસે જઈ સુશ્રુતે આયુર્વેદનો અભ્યાસ કર્યો. અત્રિભારદ્વાજને પણ આ શાસ્ત્રના પ્રવર્તક માનવામાં આવે તો કેટલાંકના મતે આ શાસ્ત્ર અથર્વવેદનો ઉપાંગ મનાય છે. કફ-પિત અને વાયુ એ ત્રણ પ્રકૃતિની માન્યતા ઉપર આયુર્વેદ રચાયેલ છે."(૬૩)

## ૨.૧૩ વાસ્તુશાસ્ત્ર અને આયુર્વેદનો પારસ્પરિક સંબંધ

આયુર્વેદનું પરમ લક્ષ્ય માનવને સુખપ્રદાન કરવાનું છે. ચૈતન્યની સ્થિતિ એટલે "આયુ" જેના દ્વારા તેનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવું વિજ્ઞાન એટલે 'આયુર્વેદ'. તેના વિષે કહેવાયું છે કે,

"धर्म अर्थ काम मोक्षाणां आरोग्यं मूलसाधनम् ।"

માનવના કલ્યાણ અર્થે આયુર્વેદ ઉપકારક છે. આયુર્વેદનું મુખ્ય પ્રયોજન.

प्रयोजनं चास्य स्वस्थस्य स्वास्थ्यरक्षम् आतुरस्य
विकारप्रशमनं च ।(६४)

સુશ્રુત પણ જણાવે છે કે...

"इह स्वल्वायुर्वेदप्रयोजनं व्याध्युपसृष्टानां
व्याधिपरिपमोक्षः स्वस्थ्यस्य रक्षणं च ।"

અર્થાત્, સ્વસ્થ, વ્યક્તિના સ્વાસ્થ્યની રક્ષા કરવી અને રોગી વ્યક્તિના રોગને દૂર કરવા એ આયુર્વેદનું પ્રયોજન છે.(૬૫)

વાસ્તુશાસ્ત્ર એ એક વિજ્ઞાન છે. માનવ અને પ્રકૃતિ પરસ્પર સંબંધથી જોડાયેલા છે. પ્રકૃતિના પ્રત્યેક પરિવર્તનની અસર માનવ ઝીલે છે. નિર્મિત થતી પ્રત્યેક સંરચના "વાસ્તુ" કહેવાય છે. આકૃતિરૂપે "વાસ્તુ" પરિણમન પામે છે. વાસ્તુશાસ્ત્ર સૂર્યકિરણ અને તેની શક્તિ પર અવલંબિત છે દિશા અને ઉપદિશા એ આ શાસ્ત્રની ધરોહર છે. પ્રાકૃતિક તત્ત્વ સાથેનું સામંજસ્ય માનવને પરમ સુખની પ્રાપ્તિ કરાવે છે. પંચતત્ત્વ એ વાસ્તુશાસ્ત્રના પાયામાં છે. આ તત્ત્વો સાથે માનવનું સંતુલન વાસ્તુ દ્વારા સાધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. વાસ્તુશાસ્ત્રનું લક્ષ્ય માનવને તત્ત્વ સાથેના સંતુલન દ્વારા સુખ પ્રદાન કરવાનું છે. દિશા-ઉપદિશા અને તેના સ્વામી અને તેના દ્વારા પ્રાપ્ત થતું ફળ એ અંતિમ લક્ષ્યની ગતિવિધિ છે. વાસ્તુશાસ્ત્રના નિયમને આધારે નિર્માણ પામતી પ્રત્યેક રચનાનું પરમ લક્ષ્ય માનવને સુખાકારી પ્રદાન કરવાનું છે. માનવ શરીર પંચતત્ત્વનું બનેલું છે. વાસ્તુશાસ્ત્રમાં પણ પંચતત્ત્વનો સ્વીકાર થયો છે. ભૂમિ પર આકાર પામતા ભવન નિર્માણમાં પંચતત્ત્વ અને દિશાનું જ્ઞાન અનિવાર્ય છે. તેના સંતુલન વડે વાસ્તુશાસ્ત્રના નિયમ અનુસાર ભવન-નિર્માણથી તેમાં નિવાસ કરનાર માનવ રોગમુક્ત અને સુખસંપન્ન થાય છે.

માનવ પંચમહાભૂતનો બનેલો પિંડ છે. 'પિંડે સો બ્રહ્માંડે' અનુસાર ચુંબકીય અસરો ઝીલાતી હોય છે. માનવ શરીર પર પંચમહાભૂત અને વાત, પિત, કફનો પ્રભાવ છે. વાસ્તુશાસ્ત્ર અને આયુર્વેદ એ બંનેના પાયામાં પંચમહાભૂતોનું મહત્ત્વ છે અને બંને શાસ્ત્રોનો ઉદ્દેશ્ય માનવને પરમ શાંતિ અને સુખપ્રદાન કરવાનો છે. જો આ સંતુલન યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ચરિતાર્થ ન

થાય તો તેના દુષ્પરિણામો પ્રાપ્ત થાય છે. જયારે તેઓ વચ્ચેનું સંતુલન સાધવાના પરિણામે બંને શાસ્ત્રનું પરમ લક્ષ્ય સાધી શકાય છે. વાસ્તુની રચના જો પ્રાકૃતિક નિયમથી વિપરીત કરવામાં આવે તો માનવના આરોગ્ય પર વિપરીત અસર કરે છે અને માટી માનવના સ્વાસ્થ્ય પર તેના નકારાત્મક પરિણામો ન ઝીલાય તે માટે પણ વાસ્તુશાસ્ત્રના નિયમોનું પરિપાલન થવું એ જરૂરી છે. આપણે નિષ્કર્ષરૂપથી કહી શકીએ કે બંને શાસ્ત્ર વચ્ચે આંતરસંબંધ દર્શાવી શકાય છે.

વાસ્તુશાસ્ત્રનાં નિયમોનું વાસ્તુ પૂર્વે પરિપાલન થવું જરૂરી છે. ભૂમિ પસંદગી, ભૂમિખનન, ભૂમિ આકાર એ પ્રત્યેક ગતિવિધિ સાથે તેનો તાલમેલ થવો જોઈએ. જો તેનું પરિપાલન ન થાય તો માનવતા આરોગ્ય પર તેની વિપરીત અસર ઝીલાતી હોય છે અને આરોગ્ય પર થતી અસરને કારણે માનવ રોગગ્રસ્ત બને છે. આ રોગ અવસ્થા પ્રાપ્ત ન થાય તે માટે વાસ્તુશાસ્ત્રમાં કેટલાક નિર્દેશો પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે વ્યક્ત કરી શકાય.

ભૂમિનો ઢાળ અલગ અલગ દિશામાં હોવાને કારણે તેના જુદા જુદા પરિણામો ફલરૂપે પ્રાપ્ત થતા હોય છે. પૂર્વ અથવા ઈશાનકોણ તરફનો ભૂમિનો ઢાળ શુભપ્રદ માનવામાં આવ્યો છે. કારણ કે સૂર્યની સકારાત્મક ઉર્જા વાસ્તુને પ્રભાવિત કરે છે. જે માનવને આરોગ્ય પ્રદાન કરનાર છે. પણ તેનાથી વિપરીત જો ભૂમિનો ઢાળ હોય તો તે માનવને રોગગ્રસ્ત કરે છે.

દા.ત.



જે ભૂમિ અગ્નિકોણ અને દક્ષિણની મધ્યમાં નિમ્ન ઢાળયુક્ત અને વાયવ્યકોણ અને ઉત્તરના મધ્યમાં ઉન્નત ઢાળયુક્ત હોય તો એ પ્રકારનું વાસ્તુનિર્માણ માનવનો રોગપ્રદાન કરનાર છે.

ભૂખંડ એક તરફ માર્ગ પર સ્થિત પૂર્વમુખનો જો હોય તો તેમાં નિવાસ કરનાર માનવ હંમેશ નિરોગી રહે છે.




પૂર્વમુખી ભૂખંડમાં ઉતરદિશામાં જો માર્ગ આવે તો  આ ભૂમિ ત્યજવા યોગ્ય છે. અહિં વિષાક્ત રોગથી પીડિત થવાની સંભાવના વિશેષરૂપથી રહેલી છે.




ભૂમિની પસંદગી સમયે તેના આકારનો પણ વિચાર કરવામાં આવે છે. જે ભૂમિનો અગ્રભાગ પ્રસ્તારયુક્ત હોય અને અંદરનો ભાગ ક્રમશઃ સાંકડો થઈ જતો હોય તો તે પ્રકારની ભૂમિમાં નિવાસ કરનાર માનવ વાતદોષથી પીડિત બની રોગગ્રસ્ત રહે છે.




વાસ્તુમાં નિવાસ કરનાર ગૃહસ્વામીનો શયનકક્ષ વાયવ્યકોણમાં અયોગ્ય માનવામાં આવે છે. કારણ કે તેના કારણે માનસિક તનાવ અને ડિપ્રેશન જેવા રોગને જન્મ આપે છે.

નિદ્રા સમયે મસ્તિષ્ક દક્ષિણીધ્રુવ અને પગ ઉત્તરીધ્રુવ તરફ હોવા જોઈએ જેના કારણે માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે છે અને તેના કારણે શરીર સ્વાસ્થ્ય પણ સારૂ રહે છે.

વિવિધ પ્રકારના ભૂખંડો અને તેની દિશાઓને આધારે પણ તેના ફળની પ્રાપ્તિ થતી હોય છે જેમકે દક્ષિણ દિશા ઉંચી હોય તો તેમાં નિવાસ કરનાર માનવી હંમેશા નિરોગી હોય તો સાથોસાથ વાયવ્યકોણ ઈશાનકોણથી નીચાણયુક્ત હોય તો રોગને જન્મ આપે છે. જો વાયવ્ય અને ઈશાનથી અગ્નિકોણ નિમ્ન હોય તો માનસિક બિમારીથી પીડિત થાય છે. નૈર્ઋત્ય દિશા નિર્માણયુક્ત હોય તો શારીરિક વિકાર અને વ્યાધિ પ્રાપ્ત થાય છે. પૂર્વદિશા જો નીચાણયુક્ત હોય તો તેમાં નિવાસ કરનાર માનવીનું સ્વાસ્થ્ય નિરોગી હોય છે.

ભવનનિર્માણમાં દ્વાર વિચાર પણ કરવામાં આવ્યો છે. ગૃહના નાભિમાં જો દ્વાર બનાવવામાં આવે તો સર્વરોગનો દાતા બને છે એ પ્રમાણે મુખ્ય

દ્વારની સામે અન્ય વાસ્તુના મુખ્ય દ્વાર જો હોય તો ક્ષયને જન્મ આપે છે દ્વાર જો આપોઆપ ઉઘાડબંધ થતું રહે તો ચિત્તમાં ઉન્માદ રોગ જન્મે છે.

ભૂમિ જો કોઈ પ્રકારના ખૂણામાં કપાયેલી હોય તો તેમાં નિવાસ કરનાર કર્ણરોગથી પીડિત હોય છે. તે જ પ્રમાણે વાસ્તુમાં નિયમ વિરુદ્ધ માર્ગ જો કરવામાં આવે તો વાસ્તુપુરૂષનાં જે અંગનો વેધ થયો હોય, ગૃહસ્વામીના તેજ અંગને રોગથી પીડિત કરે છે. ગૃહમાં જો "હીનબાહુ" પ્રવેશ થતો હોય તો તેમાં નિવાસ કરનાર ગૃહસ્વામી પણ રોગથી પીડિત હોય છે. જો ઘરનું મુખ્ય પ્રવેશદ્વાર વાપી અને તળાવથી વેધયુક્ત હોય તો સન્નિપાત અને અતિસાર રોગથી પીડિત થાય છે. મુખ્ય પ્રવેશદ્વાર માર્ગથી વેધયુક્ત હોય તો પણ રોગ પીડા આપે છે. પદહીન વાસ્તુના પરિણામ સ્વરૂપ રોગને કારણે મૃત્યુ પણ પ્રાપ્ત થાય છે.

વાસ્તુનિર્માણમાં અનેક પ્રકારના વાસ્તુનું નિર્માણ થતું હોય છે. એક શાલ ભવન જો નીચે દર્શાવેલ પ્રમાણે વાસ્તુનું નિર્માણ કરવામાં આવે તો તેમાં નિવાસ કરનાર વ્યક્તિ હંમેશ નિરોગી રહી આરોગ્ય પ્રાપ્ત કરે છે.




એકશાલ ભવનનું વાસ્તુનિર્માણ શુભફળ આપનાર નથી. કારણ કે આ પ્રકારના ભવનમાં નિવાસ કરનાર માનવ રોગ અને વ્યાધિથી પીડિત રહે છે.

**એકશાલ**




**દ્વિશાલ ભવનનું આ પ્રકારનું વાસ્તુનિર્માણ શુભદાયી માનવામાં આવ્યું નથી. આ પ્રકારના વાસ્તુ રચનાના કારણે તેમાં નિવાસ કરનાર માનવી હંમેશા માનસિક ઉદ્વેગ અનુભવે છે જેની અસર માનસિક સ્વાસ્થ્ય અને તેના પરિણામ સ્વરૂપ શારીરિક સ્વાસ્થ્ય પર રહે છે. જે માનવીને રોગગ્રસ્ત બનાવે છે.**




**નીચે મુજબના દ્વિશાલ વાસ્તુનાં નિર્માણને કારણે તેમાં નિવાસ કરનાર માનવી વાત દોષથી અને વાયુની બિમારીથી પીડિત રહેતો હોય છે.**




**દિશા અને ઉપદિશાઓ વાસ્તુશાસ્ત્રમાં તેની રચના સંદર્ભે અત્યંત મહત્ત્વનો છે. આ દિશાઓ અને ઉપદિશાઓમાં ગૃહરચનાના દોષને કારણે**

અનેક પ્રકારનો આધિ-વ્યાધિ તેમાં નિવાસ કરતા માનવીને જન્મતી રહે છે. પ્રત્યેક દિશામાં રહેલા દોષને કારણે કેવી આધિ વ્યાધિ જન્મી શકે તેનું કેટલુંક નિરૂપણ આ પ્રમાણે વ્યક્ત કરી શકાય.

નૂતનગૃહોનો મુખ્ય માર્ગ પશ્ચિમ દિશા તરફનો હોય પણ જો તે દોષિત હોય તો તેમાં નિવાસ કરતો માનવી રોગગ્રસ્ત બને છે. પશ્ચિમ દિશામાં પાકશાલા જો હોય તો તેમાં નિવાસ કરનાર પિતપ્રકોપ ગરમીના અને મસા ઈત્યાદિ રોગથી વ્યાધિગ્રસ્ત બને છે. દક્ષિણ, અગ્નિકોણ ઢોળાવયુક્ત હોય અને ઉત્તર વાયવ્ય જો ઉંચાણયુક્ત હોય તો તેમાં નિવાસ કરનાર માનવ રોગગ્રસ્ત બને છે. વાયવ્યકોણ જો રચના પામેલ નૂતન ગૃહમાં સૌથી વિશાળ અથવા વર્તુળાકારે બનાવવામાં આવે તો સ્વામીને ગુપ્ત અંગોની બિમારીથી વ્યાધિગ્રસ્ત બનાવે છે. વાયવ્યકોણમાં શયનકક્ષ હોય તો તેના સ્વામીને કફ દોષને કારણે કફજન્ય રોગ જન્મે છે.

નૈર્ઋત્ય દિશામાં જલસ્થાન હોય તો તેમાં નિવાસ કરનાર માનવી માનસિક તનાવ (ડિપ્રેશન)થી પીડિત રહે છે. નૈર્ઋત્ય દિશામાં જો પાકશાલા હોય તો તેમાં ઉપદિશાના વાસ્તુદોષના કારણે ઉપર દર્શાવેલ વ્યાધિ પીડા આપે છે. જેનો સંક્ષિપ્ત નિર્દેશ કરવામાં આવ્યો છે.

વાસ્તુશાસ્ત્ર અને માનવના સ્વાસ્થ્ય વચ્ચેના આંતરસંબંધને વ્યકત કરતાં સરલા અગ્રવાલ "रोग और वास्तुशास्त्र" નામક લેખમાં આ પ્રમાણે જણાવે છે.

"दण्डाकार भूखण्ड पर भवन न बनवाएँ, इस पर बने घर में निवास करने से स्वास्थ्य धीरे धीरे बिगडने लगता है ओर वहाँ मे निवासी दीर्धकालिक रोगो से ग्रस्त हो जाते है ।

डमरू आकार स्थल पर निर्मितभवन गृह निवासियों की नेत्र व्याधि से ग्रस्त करता है और अन्धत्व की ओर अग्रसर करते हुए अल्पाय में ही मृत्यु करता हैं ।

पूर्व, आग्नेय, ईशान कोण में ऊँची तथा पश्चिम में नीची भूमि दैत्यपृष्ठ तथा पूर्व पश्चिम में लम्बी तथा उत्तर-दक्षिण में ऊँची बीच में नीची भूमि नागपृष्ठ कहलाती है । इन दोनों प्रकार के भूखण्डों पर निर्मित भवन - निवासी स्त्री पुत्र आदि सदैव बीमार रहते है और मृत्यु भय से आशंकित रहते है ।

जीवन में रोगमुक्त और सुखी रहने के लिए आयताकार एवं वर्गाकार भूखण्ड पर वास्तु के नियमो के अनुसार निर्मित भवन ही सही रहते है । भूखण्ड की दिशाएँ भी महत्त्वपूर्ण स्थान रखती है, जैसे पूर्व पैतृक स्थान है, निर्माण कराते समय भवन के पूर्व में खाली स्थान रखना आवश्यक है । पूर्व दिशा भवन के स्वामी को प्रभावित करती है, यहि पूर्व को पूरी तरह से बन्द करके पश्चिम को खुला छोड दिया जाता है, तो उस भवन के स्वामी की जीवन हानि होने की संभावना रहती है ।

उत्तर दिशा मातृस्थान है । भवन निर्माण कराते समय उत्तर में दक्षिण की अपेक्षा अधिक खाली स्थान छोडना आवश्यक है । यदि भवन का ईशान कटा हुआ है और उतर में रिक्त स्थल न छोडा जाए तो मातृपक्ष के निरंतर अस्वस्थ रहने एवं अकाल मृत्यु होने की सभावना रहती है ।

ईशान की मर्यादा बनाए रखना सर्वाधिक जरूरी है । इसमें किसी प्रकार का कटाव अस्वच्छता अग्निताप, टायलेट्स, कूडा कचरा अथवा सीढियों का निर्माण ईशान भाग को मकान के अन्य भागों से ऊँचा होना अनेक प्रकार के इष्प्रभाव डालता  है । जो वंश अवरूद्धि से लेकर दीर्धकालीन व्याधि तक हो सकते है । अवसर इस प्रकार के मकान में पुत्र मंदबुद्धि होते है ।

यदि घर का उत्तर-पश्चिम भाग घर के दक्षिण-पूर्व से ऊँचा है, तो उस मकान के निवासी कब्ज, उदरविकार, तिल्ली विकार, आँतविकार जैसे रोगों से परेशान रहते है । जिन मकानो के - भूखण्डों को दक्षिणी आग्नेय में बढाव होता है, वहा के पुरूषो का स्वास्थ्य भयंकर से खराब रहता है ।




मकान के पूर्व में तनिक भी खाली स्थान न छोडते हुए उसे और से उंचा बनाकर पश्चिम की और के वरामदे को ढलाउ बनाते हुऐ निर्माण-कश किया जाए तो उस मकान के निवासी नेत्र रोग के शिकार हो जाते हैं ।

भवन में दक्षिणी नैर्ऋत्य में वीथीशूला आती है, तो उस भवन की महिलाए उन्माद और मानसिक तनाव से ग्रस्त रहती है ।

रसोईघर की स्थापना ईशान में होने से वहां के निवासी पेटकी बीमारीयों अथवा गैस की बीमारी से ग्रस्त रहेगे ।

घर के अति समीप किसी विशाल जलकुण्ड की स्थापना हो, तो घर के निवासियों को फेफडे संबंधी अथवा चर्म रोग होने की संभावना रहती है ।

शय्या पर उत्तर की और सिरहाना करके सोने के अनेक दुष्परिणाम होते है । जैसे अनिद्रा सिरदर्द एवं रक्तपात में गडबडी- सिरहाना दक्षिण की और करके ही सोना उचित है । इस बात का भी ध्यान रखे कि सिरहाने के सामने दर्पण नहीं लागए । मानव शरीर का सिर उतरी ध्रुव एवं पैर दक्षिणी ध्रुव है । पृथ्वी पर उत्तरी ध्रुव से दक्षिणी ध्रुव तक चुम्बकीय तरंगे प्रवाहित होती है और लगातार चक्रपूर्ण करती है । उत्तर में सिर करने से उत्तर से उत्तर का घर्षण होता है । और उस चक्र को पूर्ण होने से बाधा पडती है । परिणामरूप प्रतिधर्षण  के कारण मस्तिष्क को अधिक उर्जा व्यय करनी पडती है इससे अनेक प्रकार के रोग उत्पन्न होते है ।

भूखण्ड का उत्तर और ईशान भूखण्ड के पूर्व, आग्नेय, दक्षिण, नैर्ऋत्य, पश्चिम तथा वायव्य से उचे हो तो भवन निवासी दीर्ध बीमारीयों (अजीर्ण क्षय) से ग्रसीत हो जाते है । अत: भवन निर्माण कराते समय इस बात का ध्यान रखना उचित हैं कि भूखण्ड का ईशान सबसे नीचा रहे इसी प्रकार भवन का भी अन्य भागों से ।[६६]

## ૨(ઘ) વાસ્તુ અને પર્યાવરણ

### ૨.૧૪ પર્યાવરણ પરિચય

પર્યાવરણ શબ્દ परि आवरण क्षया परितः आवरणं पर्यावरणम् આ બે શબ્દો દ્વારા બને છે. જેનો અર્થ થાય ચારેય તરફનું આવરણ – આ રીતે આપણી ચારેય તરફ જે વાતાવરણ છે. જેનો આપણે પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ અનિવાર્યરૂપથી ઉપભોગ કરીએ છીએ તે 'પર્યાવરણ' કહેવાય છે.[૬૭]

પુરાણોમાં વર્ણવાયેલા પ્રાકૃતિક સંદર્ભોને આધુનિક પર્યાવરણની દષ્ટિથી મૂલવવા જરૂરી છે. જેના દ્વારા આજની સૌથી મોટામાં મોટી સમસ્યા પર્યાવરણ સુરક્ષાના પ્રશ્નનો ઉકેલ કદાચ સંભવિત બને. પ્રકૃતિના તત્વો પર્વતો, નદીઓ, જંગલો, વૃક્ષો, ફુલો, પશુ-પક્ષી, ઉધાન, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ વિગેરે આ બધા તત્ત્વોને માત્ર પ્રાકૃતિક સંદર્ભોથી ન જોતાં આપણા પૌરાણિક સાહિત્યએ વિશેષ મહત્ત્વ આપ્યું છે. આ બધા તત્ત્વોને અલગ-અલગ સંદર્ભો સાથે સાંકળીને તેનું જતન કરવાનું તેમજ તેની પવિત્રતા જાળવવાનું આપણા પુરાણોએ જણાવ્યું છે.

### ૨.૧૫ વાસ્તુશાસ્ત્રમાં પ્રકૃતિ

મનુષ્યના પ્રત્યેક જીવન-વ્યવહાર સાથે સંલગ્ન પ્રકૃતિને મત્સ્યપુરાણે વાસ્તુશાસ્ત્રમાં પણ વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. કઈ દિશામાં કયું વૃક્ષ શુભ ગણાય કે અશુભ ગણાય તે જાણવા માટે મત્સ્યપુરાણમાં મહત્ત્વપૂર્ણ અવતરણો પ્રસ્તુત છે.

દા.ત.,

- ઘરની પૂર્વ દિશામાં વડ હોય તો તે સકળ મનોરથ પૂરા કરે છે.

- દક્ષિણમાં ઉંબરડી અને પશ્ચિમમાં પીપળો હોય તો તે સારો ગણાય.

- ઉત્તર દિશામાં પીપળી શુભ ગણાય છે અને એનાથી ઉલટી દિશામાં હોય તો તેથી નુકશાન થાય છે.

- બોરડી, ખીરણી, સાદડ તથા ફળાઉ ઝાડ હોય તો તે ક્રમથી સ્ત્રી અને પ્રજાની હાનિ કરે છે. જો આવા ઝાડ ઉગ્યા હોય તો તેમને કાપવા નહીં પરંતુ એમની અને ઘરની વચ્ચે પુન્નાગ, કેસર, આસોપાલવ, ખીજડો, જૂઈ, કમળ, માલતી, મોગરો વિગેરે વૃક્ષો વાવવા.(૧ થી ૪)[૬૮]

આ રીતે વાસ્તુશાસ્ત્રના પુરણોક્ત વિધાન મુજબ જો વૃક્ષારોપણ કરવામાં આવે તો વ્યક્તિ અશુભથી મુકત બને છે. તેમજ સુખપૂર્વક જીવન વ્યતીત કરી શકે છે. તે પ્રસ્તુત શ્લોક પરથી જાણી શકાય.

વિપુલ લક્ષ્મીની ઈચ્છા રાખનાર પુરુષે દૂધાળા ઝાડનું લાકડું ઘર બાંધવાના કામમાં વાપરવું નહીં.[૬૯]

આ રીતે માનવજીવન સાથે પ્રકૃતિનો નાતો પૌરાણિક સમયથી જ અતૂટ રહ્યો છે. વિવિધ ધાર્મિક ભાવનાઓ સાથે પ્રાકૃતિકતત્ત્વોને સંલગ્ન કરી પ્રાકૃતિક વાતાવરણની સુરક્ષા કોઈ ન કોઈ સ્વરૂપે થવી જરૂરી છે. પછી તે હરિયાળા જંગલો, નદીઓ, પર્વતો, સમુદ્રો, વન્યજીવસૃષ્ટિ કે વિવિધ ઋતુઓ કોઈપણ સ્વરૂપે હોય પ્રાચીન સાહિત્ય એ તેને વિશેષ આદરપૂર્વક દ્રષ્ટિથી, પૂજનીય ભાવનથી, ધાર્મિક અભિગમથી જતન કરવાનો એક આદર્શ પૂરો પાડયો છે.

## ૨.૧૬ વાસ્તુ અને પર્યાવરણનો પારસ્પરિક સંબંધ

પ્રાચીન સમયે પર્યાવરણનું ઘણું મહત્ત્વ હતું. રાજાના પ્રસાદથી એક સામાન્ય વ્યક્તિના ઘરની આસપાસ સુધીની પ્રકૃતિની જાણવણી થતી. આમ, પર્યાવરણ સુરક્ષા થતી.

રાજાઓ પોતાના દુર્ગમાં કેટલીક ઔષધિઓનો સંગ્રહ કરવો જરૂરી માનતા. તેનો પ્રત્યેક નામોલ્લેખ આજે પણ ઔષધિવિજ્ઞાન માટે પ્રેરણાદાયી બની શકે છે.(૭૦)

મત્સ્યપુરાણમાં રાક્ષસોના પ્રભાવને નાશ કરનારી, વિષને શાંત કરનારી જે ઔષધિઓ રાજાએ પોતાના દુર્ગમાં સંઘરવી જોઈએ તેનો ઉલ્લેખ થયો છે. (૭૧)

વૃક્ષો પર્યાવરણ શુદ્ધિ માટે જરૂરી છે. તેથી વૃક્ષારોપણ વિધાન પણ કરવામાં આવ્યું છે.

– જેમાં ઘરની સમીપ લીમડો, અશોક આદિ વૃક્ષ વાવવાનું આ પર્યાવરણ વિશેના શાસ્ત્રમાં કહેવાયું છે.(૭૨)

તૈતિરીય બ્રાહ્મણમાં પર્યાવરણ વિશેના સંદર્ભમાં નક્ષત્રોની વાત કરે છે. જેમાં વર્ષા વિશેની વાત કરતા કહ્યું છે કે,

स्वातौ निशांशे प्रथमेऽभिवृष्टे सस्यानि सर्वाण्युपयानि वृद्धि ।

અર્થાત્, સ્વાતિ નક્ષત્ર એવં ચંદ્રમાનો યોગ વર્ષાકારક ગણ્યો છે. આમ, પર્યાવરણ માટે વરસાદનું આગવું મહત્ત્વ છે. (૭૩)

પર્યાવરણની સુરક્ષા વિષેની વાત મત્સ્યપુરાણ આ પ્રમાણે આપે છે.

તળાવ, બગીચા, કુવા, વાવ, કુંડ, દેવાલયો વિગેરેની પ્રતિષ્ઠા વિધિપૂર્વક થવી જોઈએ. શાસ્ત્રોમાં શ્રધ્ધા રાખનાર જે મનુષ્ય આ રીતે જલાશય ઉત્સર્ગરૂપી કાર્ય કરે છે તે અનેક વર્ષો સુધી કૈલાસમાં વાસ કરે છે.(૭૪)

મત્સ્યપુરાણના સંદર્ભ પ્રમાણે જોઈએ તો... બોરડી, ખીરણી, સાદડ તથા ફળાઉ ઝાડ ઉગ્યા હોય તો તેને કાપવા નહીં પરંતુ તેમની અને ઘરની વચ્ચે પ્રન્નાગ, કેસર, આસોપાલવ, ખીજડો, દ્રાક્ષ, લીંડીપીપર, સોપારીનું ઝાડ, કેવડો, જૂઈ, મોગરો, માલતી વિગેરે વૃક્ષો વાવવા.(૭૫) આમ, ગૃહના ફળિયામાં કે આસપાસ આવેલા વૃક્ષોનું મહત્ત્વ તેમજ વૃક્ષરોપણનો ઉલ્લેખ છે. વૃક્ષોનું મહત્ત્વ સમજાવતા મત્સ્યપુરાણમાં ઉલ્લેખ જોઈએ તો પાર્વતીજી દેવતાઓને કહે છે કે – દસ સરોવર સમાન એક પુત્ર છે અને દસ પુત્રો સમાન એક વૃક્ષ છે.(૭૬)

વૃક્ષો દ્વારા સૈન્ય સુરક્ષા

મત્સ્યપુરાણના અવતરણ મુજબ પોતાના અંગરક્ષકો તથા સહાયકો સહિત રાજા પોતાના રાજયના મધ્યમાં જયાં વધારે પ્રમાણમાં ઘાસ અને લાકડા હોય. રમણીય હોય પુષ્પો તથા ફળો ઘણા પ્રમાણમાં હોય અને શત્રુઓનું સૈન્ય જયાં પહોંચી ન શકે એવા સ્થળે રાજાએ આપત્તિ સમયે વસવું.(૭૭)

આજે પણ સીમા પર સ્થિત સૈનિકો સઘન વૃક્ષ વનસ્પતિઓ દ્વારા સુરક્ષા પામે છે. આ ઉપરાંત સૈનિકોના વસ્ત્રપરિધાન પણ ભૂમિ અને વનસ્પતિઓના રંગ સાથે સામ્ય ધરાવતા બનાવવામાં આવે છે. જેના કારણે તે સૈનિક પ્રહારોથી મુક્ત સુરક્ષિત રહી શકે.

## પૃથ્વી

વનસંરક્ષણનો અભાવ તાપમાનની વૃદ્ધિ પર્યાવરણને સંતુલિત કરી શકતી નથી માટે સૌ પ્રથમ પૃથ્વીના વધતા તાપમાન અને નિયંત્રણનો ઉપયોગ શોધી ત્યારબાદ વન્ય સુરક્ષા વિચારવી જરૂરી છે માટે –

समुद्रवसने देविं पर्वतस्तनमण्डे ।
विष्णुपत्नि । नमस्तुभ्यं पादस्पर्श क्षमस्व मे ॥

પ્રાતઃસ્મરણની આવી સ્તુતીની માફક પૃથ્વીમાંના ચરણસ્પર્શ કરવા પૃથ્વીતત્ત્વ માટેના વિવિધ અવતરણો તેમજ મહત્ત્વ અથર્વવેદમાં પૃથ્વી સૂક્તમાં વર્ણવાયેલ છે.

– તે વિશ્વનું ધારણ છે.

– પૃથ્વી બધાને સહે છે, સહારો દે છે. (૭૮)

આ રીતે સમગ્ર સંસારને ધારણ કરે છે તેથી જ ધરતી કહેવાય છે. માટે જ પ્રાતઃસ્મરણના શ્લોકમાં આ પૃથ્વીતત્ત્વને નમસ્કાર કર્યા છે. પશુ, પક્ષી, પ્રાણી, વનસ્પતિઓ, વૃક્ષો, ઉપાસના તેમજ વૃક્ષ મહોત્ત્સવ દ્વારા પૌરાણિક મનીષિઓએ પૃથ્વીને હરી-ભરી સંપન્ન પરિપુષ્ટ રાખવાની વાત કરી છે.

## ૨(ચ) વાસ્તુશાસ્ત્ર અને સ્થાપત્ય એક ચિંતન

### ૨.૧૭ સ્થાપત્ય વિચાર

પુરાણકાલીન સંસ્કૃતિએ મનુષ્યનો સામાજીક વારસો છે. સંસ્કાર, આચાર, વિચાર, શ્રદ્ધા, ધર્મ, રૂઢિસમાજ આદિનો સર્વાંગ સંપૂર્ણ ચિતાર પુરાણોમાં મળે છે.

આપણી પ્રજાના જીવનને સ્પર્શતી તથા તેના મનોભાવને ઘડતી ઘણી બધી બાબતોનો રસપ્રદ ચિતાર પુરાણોમાં પ્રસ્તુત થયેલો છે. ઘણી પ્રાચીન અને ભૂલાઈ ગયેલી સાંસ્કૃતિક વાસ્તવિકતાઓને નવ રૂપરંગ નવા પ્રતીકો-દ્રષ્ટાંતોની મદદથી પુરાણો પ્રજા સમક્ષ રજૂ કરતા રહ્યાં છે.[૭૯]

ઉપર્યુક્ત સંદર્ભના પરિપ્રેક્ષમાં વિચારીએ તો શિલ્પ-સ્થાપત્યકલા, વાસ્તુશાસ્ત્ર, ગૃહનિર્માણ માટે સમય નિર્ણય વાસ્તુવિધામાં વેધ પરિમાર્જન ગૃહનિર્ણય, વાસ્તુવિધાનું કીર્તન, દેવપ્રતિષ્ઠા, પ્રતિમાના લક્ષણો આદિનો સમાવેશ સૂક્ષ્મ અવલોકનથી ચિત્રિત કરનાર પુરાણો શિલ્પસ્થાપત્ય વિચાર અંગેનો ઉત્તમ નમૂનો આપે છે. જે આજના પરિપ્રેક્ષમાં વિચારણીય છે.[૮૦]

ભવન નિર્માણ કલા અથવા તો સ્થાપત્ય અંગેના વિચારો પુરાણોમાં સૂક્ષ્મ અને વિશદ્ રીતેરજૂ થયા છે. જેમાં ઘણા મુદ્દાઓને આવરી લીધાં છે જેમ કે...

- મંદિર કે રાજમહેલની રચના
- વાસ્તુવિધા સાથે સંબંધિત નિર્દેશો
- ભવનનિર્માણ કલા
- સ્થાનની અથવા ભૂમિની પસંદગી
- દેવોની મૂર્તિઓ બનાવવાની રીત
- ભૂમિપરીક્ષા બાદ મકાનનો નકશો તૈયાર થતો હોય તે વાસ્તુમંડળની

વિગતો.

- વિવિધમાળ, દીવાલો, સ્તંભ વિગેરેની આકૃતિઓ દ્વારા સુશોભનનો ઉલ્લેખ
- ગૃહદોષ નિવારવા માટેના ઉપાયો
- ઘર બનાવવાના સમયનો નિર્ણય
- વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન વિગેરે પ્રમુખ છે. જે આ પ્રમાણે મુદ્દાઓમાં વર્ણવવામાં આવેલ છે.

સમરાંગણ સૂત્રધાર પ્રથમ અધ્યાયમાં વાસ્તુનું મહત્ત્વ દર્શાવતા લખે છે કે,

देशः पुरम निवासश्च सभावेश्मासनानिच
यद्दीदृशमन्यच्च तत्तच्छ्रेयस्करम मतम् ।
वास्तुशास्त्रेदृते तस्यं न स्याल्लक्षणनिश्चयः
तस्मान्लोकस्य कृपया शास्त्रमेतदुदीर्यते ॥

અર્થાત્ "દેશ નિવાસ પુર, સભા, વેશ્મ અને આસન તથા તેની સિવાય અન્ય કોઈ પણ જે નિર્માણ થાય તેમાં જે જે વાસ્તુશાસ્ત્ર અનુસાર છે તે કલ્યાણકારી છે. વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંત અતિરિક્ત અન્ય કોઈ પ્રકારનો એ નિશ્ચય નથી કરી શકાતો કે કોઈપણ ભવન યોગ્ય છે કે નહીં ? આથી જનસાધારણ પર કૃપા કરીને વાસ્તુશાસ્ત્ર પ્રસ્તુત કરવામાં આવે છે."(૮૧)

चर्तुवर्गफलप्राप्तिस्सल्लोकश्च भवेद् ध्रुवम् ।
शिल्पशास्त्र परिज्ञानान्मर्त्योऽडपि सुरतां व्रजेत् ॥

અર્થાત્ "શિલ્પશાસ્ત્રના પૂર્ણજ્ઞાનથી સારા માનવને ચર્તુવર્ગની નિશ્ચિતરૂપથી પ્રાપ્તિ થાય છે અને મરણશીલ મનુષ્ય પણ દેવતા બની જાય છે."

નારદઋષિ વાસ્તુના ઉદ્દેશ્ય સંદર્ભે કહે છે કે,

अनेन विधिना सम्यग्वास्तुपूजां करोति यः ।
आरोग्यं पुत्रलाभं च धनं धान्यं लभेन्तरः ॥

અર્થાત્ "આ વિધિ વડે જે સમ્યકવાસ્તુ પૂજા કરે છે, તે નર આરોગ્ય, પુત્રલાભ, ધન – ધાન્યને પ્રાપ્ત કરે છે."(૮૨)

વિ✓કર્માપ્રકાશ જણાવે છે કે,

अश्रियं मृत्युमाप्नोति विध्नस्तस्य पदे पदे ।
वास्तुपूजामकुर्वाणः तवाहारो भविष्यति ॥

અર્થાત્ "નાસ્તિક ભાવ અથવા પ્રમાદથી જે માનવ વાસ્તુપૂજા નથી કરતા તેનું ઐ✓ર્ય નષ્ટ થાય છે, અકાલ મૃત્યુ પ્રાપ્ત કરે છે, પ્રત્યેક કાર્યમાં અવરોધ આવે છે, તથા વાસ્તુપુરુષના કોપને પ્રાપ્ત કરી દુર્ભાગ્યને પ્રાપ્ત કરે છે."(૮૩)

વિશ્વ પંચતત્ત્વોનું બનેલું છે. પંચતત્ત્વ આંતરબાહ્ય માનવ સાથે સંલગ્ન છે અને વાસ્તુ સાથે પણ સંલગ્ન છે અને માટે જ શિલ્પસ્થાપત્યનું મહત્ત્વ પ્રસ્થાપિત થયું છે. પંચતત્ત્વોની મહત્તા આ પ્રમાણે દર્શાવી શકાય.

૧. **અગ્નિતત્ત્વ :** સચરાચર વિ✓માં અગ્નિ પ્રકારાન્તરે દ્રષ્ટિગોચર થાય છે. દક્ષિણપૂર્વનાં ખૂણાને 'અગ્નિખૂણો' કહે છે. માનવશરીરમાં જીવન ત્યાં સુધી છે કે જયાં સુધી શરીરમાં અગ્નિ છે. આ ઉર્જા બ્રહ્માંડમાં સૂર્યદેવથી પ્રાપ્ત થાય છે. આ અગ્નિતત્ત્વ ભવન નિર્માણની પ્રક્રિયામાં લાભ પ્રાપ્ત થઈ શકે તે માટે સૂર્યપ્રકાશ તાપમાન આદિને લક્ષમાં લઈ દ્વાર, બારી, રસોડુ આદિ દિશા નિર્ધારીત કરી છે.

૨. **પૃથ્વીતત્ત્વ :** વાસ્તુપુરુષનો સીધો સબંધ પૃથ્વીતત્ત્વ સાથે છે. માનવ શરીરમાં સૌથી વધુ પૃથ્વીતત્ત્વ છે. આહાર, વિહાર, ગતિવિધિનું આધારબિંદુ પૃથ્વી છે. આજ સ્થિતિ ભવનની છે. વાસ્તુશાસ્ત્રમાં ભૂમિ ઢોળાવ ભૂખંડ આકાર વિસ્તાર શલ્યઉદ્ધાર સમીપવર્તી માર્ગ આદિના માધ્યમથી ભૂમિનો વિચાર કરવામાં આવે છે.

૩. **વાયુતત્ત્વ :** પ્રાણ વિના જીવન અશક્ય છે પંચપ્રાણ દેહને ધારણ કરે છે. વાયુતત્ત્વના દૂષિત થવાથી રોગ જન્મે છે. સૂર્યકિરણ અને પ્રાણ વચ્ચે ગાઢ સબંધ છે. આથી પૂર્વદિશા અને ઉત્તરદિશા મહત્ત્વની છે. વાયુ વિના જીવન નથી સર્વની રક્ષા માટે સતત કાર્યરત છે. શરીર સંચાલન નાડીનું ધબકવું આદિ તેના પર નિર્ભર છે વાયુ મંડળમાં ઓક્સિજન, નાઈટ્રોજન, હાઈડ્રોજન, ઓઝોન, હિલીયમ વગેરે છે. જે માનવ જીવન માટે અનિવાર્ય છે. વાસ્તુશાસ્ત્રમાં તેનો વિચાર કરવામાં આવ્યો છે. જેમકે ખુલ્લી જગા, ફળીયું, છતની ઉંચાઈ વગેરે આ તત્ત્વને આધારે નિર્માણ કરે છે.

૪. **જલતત્ત્વ :** જલતત્ત્વના દૂષિત થવાથી જલસ્ત્રોત પ્રાપ્ત થતો નથી. જલતત્ત્વનું આગમન કઈ દિશાએથી છે ? તેના પર આયુષ્યનો વિચાર થાય છે.

૫.	**આકાશતત્ત્વ :** તેનો વિસ્તાર અનંત છે. પૃથ્વી તથા બ્રહ્માંડમાં જે કંઈ છે તેનાં કારણ છે. જેમકે નિહારિકા, ગુઢત્વબળ, ચુંબકીયબળ, ઉર્જા, ગ્રહ ઉપગ્રહ, વિકિરણ, તરંગો આદિ તેમાં સમાહિત છે. આકાશતત્ત્વ સર્વવ્યાપક છે. વાસ્તુશાસ્ત્રમાં મધ્યભાગ ખુલ્લો રાખવાની પરંપરા છે. તે બ્રહ્મનું સ્થાન છે સર્વવ્યાપક હોવાથી તેની મહત્તા અનેરી છે.

વાસ્તુશાસ્ત્રમાં ભૂમિખંડના આકાર આસપાસનું ક્ષેત્ર ઉંચાઈ આદિનું ચિંતન અનિવાર્ય છે. જેના કારણે પંચતત્ત્વોનું સંતુલન દિશાઓથી પ્રાપ્ત થતી ઉર્જાઓનું યોગ્ય રીતે ભવનમાં પ્રવેશ થઈ શકે.




## ૨.૧૮ વાસ્તુ અને સ્થાપત્યનો પારસ્પરિક સંબંધ

### ૨.૧૮.૧ વાસ્તુ પ્રાદુર્ભાવ

વાસ્તુ પૂજા શું છે ? તેનું મહત્ત્વ શું છે ? લોકો આજે પણ ગૃહનિર્માણ પછી વાસ્તુ કરે છે તે વિચારની સાથે આવાસના દેવ તરીકે તેને સંતુષ્ટ કરવાની ભાવના રહેલી છે.

વાસ્તુપૂજા નહિ કરનારા તારા ભક્ષ્ય બનશે, અજ્ઞાનથી કરવામાં આવેલો યજ્ઞ પણ તારા આહારરૂપ થશે. બ્રહ્માદિ દેવતાઓએ આમ કહ્યું એટલે વાસ્તુ નામનું પ્રાણી ઘણા સંતોષ સાથે હર્ષ પામ્યું. ત્યારથી લઈ લોકમાં શાંતિ માટે વાસ્તુયજ્ઞ ચાલુ થયો છે.(૮૪)

આ રીતે બધા દેવતાઓના નિવાસ હોવાને લીધે તે વાસ્તુ નામથી કહેવાયું. માટે જ દેવતાઓને પ્રસન્ન કરવાથી વ્યક્તિ શાંતિપૂર્ણ જીવન વ્યતિત કરી શકે માટે આજે પણ ગૃહનિર્માણ પછી અને ગૃહપ્રવેશ પહેલાં વાસ્તુવિધિ કરવામાં આવે છે. જેનું મહત્ત્વ મત્સ્યપુરાણમાં દર્શાવ્યું છે.

## ૨.૧૮.૨ ગૃહનિર્માણ સમય

શાસ્ત્રોક્ત વિધિ – વિધાનપૂર્વક વ્યક્તિ પ્રત્યેક કાર્ય કરે તો સંઘર્ષ, અશાંતિ, ઉદ્વેગ, અતિષ્ટ વિગેરેને નિવારી શકાય છે. ગ્રહો, નક્ષત્રો તથા શુભ–અશુભ મહિનાઓ દ્વારા મત્સ્યપુરાણે જે સંદર્ભો પ્રસ્તુત કર્યા છે. તે આજે ઉપયોગી ગણી શકાય.

- ચૈત્ર મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો રોગી બને છે.
- વૈશાખ મહિનામાં ઘર બતાવવાની શરૂઆત કરે તો ગાય તેમજ રત્નો પ્રાપ્ત થાય.
- શ્રાવણ મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો નોકરોની પ્રાપ્તિ.
- ભાદરવા મહિનામાં ઘર બનાવવાથી હાનિ.
- આસોમાં સ્ત્રી નાશ પામે.(૮૫)

આ પ્રમાણે ઘર બનાવવા માટે કાળબળ કહ્યું છે. નક્ષત્રો, અશ્વિની, રોહિણી, ઉત્તરા, ફાલ્ગુની વિગેરે શ્રેષ્ઠ કહ્યા છે. રવિવાર, મંગળવાર છોડી બાકીના વારો મંગલકારી કહ્યા છે. તેમજ પહેલા ભૂમિની પરીક્ષા કરી પછી વાસ્તુની કલ્પના કરવી જોઈએ.(૮૬)

આ રીતે ગૃહનિર્માણ સમયે યોગ્ય-અયોગ્ય નક્ષત્ર, મહતાઓ તેમજ વારની ગણના કરી શુભારંભ કરવાથી વ્યક્તિ-શાંતિપૂર્ણ રીતે જીવન વ્યતિત કરી શકે છે.

## ૨.૧૮.૩ મૂર્તિકલા

શ્રદ્ધા અને ભક્તિ પર ટકી રહેલો માનવસમાજ અલગ-અલગ દેવી-દેવતાઓને ઈષ્ટદેવ માનીને તેની દેવ તરીકે સ્થાપના કરે છે. આ પ્રતિમાપૂજા અથવા મૂર્તિપૂજા માટે પણ શાસ્ત્રોકારોએ અનેક લક્ષણો સૂચવ્યા છે.

સોનાની, ચાંદીની, તાંબાની, લાકડાની, લોઢાની, સીસાની, પિતળની, તાંબા અને કાંસાથી મિશ્રિત ધાતુની અથવા બીજા શુભ કાષ્ઠોની બનાવેલી દેવતાની પ્રતિમા ઉત્તમ માનવામાં આવી છે. (૮૭)(૮૮)(૮૯)

આજે મોટાભાગે પાષણની પ્રતિમાઓ જ જોવા મળે છે. પરંતુ પ્રાચીનકાળ માં અન્ય દ્રવ્યોનો ઉપયોગ થતો હશે. આ ઉપરાંત દ્રવ્યમા ઉપયોગની સાથોસાથ સ્થપતિએ પણ કેટલાક નિયમો આચરવાનું શિલ્પશાસ્ત્ર કહે છે. આ નિયમાચરણથી પ્રતિમાના કાર્યમાં તન્મયતા, પવિત્રતા અને ઉચ્ચવિચારોના આવિષ્કારથી ભાવમ્યતા આવે છે. શાસ્ત્રોકત નિયમ પ્રમાણે બનાવેલી પ્રતિમા, સ્થપતિના ધર્માચરણ અને ભક્તિભાવ વડે પ્રભુનું સાચું પ્રતિક ઉપજાવવામાં સફળતા અર્પે છે.(૯૦)

### ૨.૧૮.૪ દેવપ્રતિષ્ઠાનું મહત્ત્વ

પુરાણમાં દર્શાવેલ મૂર્તિવિધાનકલા, મૂર્તિપ્રતિષ્ઠા, મૂર્તિપૂજા, સ્થાપન, પ્રમાણ આદિ ઉલ્લેખો શિલ્પ–સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ ગણી શકાય એ નિર્વિવાદ છે. પરંતુ આ પ્રત્યેક સંદર્ભને ધર્મ સાથે સાંકળી આજે પણ જનમાનસ સાથે સાંકળેલું છે.

**જ્ઞાનયોગની અપેક્ષાએ કર્મયોગ હજારગણો ચઢિયાતો માન્યો છે.** [૯૧]

કારણ કે ગૃહસ્થાશ્રમી માટે આ લોકમાં ભોગ અને મોક્ષ આપનાર કર્મયોગ, દેવતાઅર્ચન તેમજ નામ સંકીર્તન છે આથી જ દેવતાઓની મૂર્તિઓની પ્રતિષ્ઠા, મૂર્તિપૂજા, નામ, સંકીર્તન, દેવ, યજ્ઞોત્સવ એ જ ગૃહસ્થોનો કર્મયોગ છે કે જે ગૃહસ્થોને ભવબંધનમાંથી મુક્તિ અપાવે છે. [૯૨]

આ રીતે મૂર્તિવિધાનની કલાની સાથોસાથ કેટલીક વિવિધતાઓ આવી જે જાણવી અત્યંત જરૂરી છે. આથી જ કહી શકાય કે,

હિંદુ મૂર્તિશાસ્ત્ર એટલું સપ્રમાણ અને શાસ્ત્રીય છે કે ઝીણામાં ઝીણી બાબતોનો પણ વિચાર કરવામાં આવ્યો છે. [૯૩]

### ૨.૧૮.૫ મંદિર અને ભવન નિર્માણકલા

પુરાણકાલીન સમાજ પર દૃષ્ટિપાત કરતા ખ્યાલ આવે છે કે ભારતમાં ઘર, મહેલો, ભવનોની સાથોસાથ મંદિરનો પણ વિકાસ થતો હતો. મનુષ્ય ઈશ્વર, દેવતા અથવા મહાપુરુષોની ઉપાસના માટે મૂર્તિ અથવા તો કોઈ ચિહ્ન બનાવે અને સમયાનુસાર પવિત્રભવનમાં સ્થાપિત કરે અને આ ભવનો વિભિન્ન રૂપો અને આકારો વિકસિત બન્યા.[૯૪]

આ સંદર્ભને આધારે જોઈએ તો મંદિર હોય કે ભવનનિર્માણ પણ ભૂમિની શુદ્ધિતા  ઘણી જ મહત્ત્વપૂર્ણ છે. જેને આજે પણ આપણે વાસ્તુશાસ્ત્ર દ્વારા સ્વીકારીએ છીએ. બ્રહ્મપુરાણમાં મળતી જાણકારી અનુસાર  શાસ્ત્ર પારંગત આચાર્યો તથા જયોતિષીઓ દ્વારા, વાસ્તુવિશારદ્ બ્રાહ્મણોની સલાહ મુજબ સુંદર મુહૂર્ત, શુભદિન, નક્ષત્રો અને ગ્રહોની અનુકૂળતામાં ભૂમિપૂજન કરવામાં આવે છે. [૯૫] વાસ્તુનું મહત્ત્વ દર્શાવતા જણાવે છે કે,

निवासात् सर्वदेवानां वास्तुरित्यभिधीयते ।

બધા દેવતાઓના નિવાસ હોવાને લીધે તે વાસ્તુના નામથી કહેવાયું છે.[૯૬]

આ રીતે – વાસ્તુશાંતિ વખતે મધ્યમાં જે બલિ આપવામાં આવશે. વૈશ્વદેવ પછી જે બલિ આપવામાં આવશે તે તને મળશે. અને વાસ્તુશાંતિ માટે જે યજ્ઞ થશે તે પણ આહારરૂપે મળશે પણ વાસ્તુપૂજા નહિ કરનારા તારા ભક્ષ્ય બનશે.[૯૭]

એવા બ્રહ્મા વિગેરે દેવતાઓના કહેવાથી આજે પણ લોકમાં શાંતિ માટે તેમજ બધા પ્રકારના વિઘ્નોના નાશ માટે વાસ્તુયજ્ઞ કરવામાં આવે છે. જેનો સંદર્ભ પુરાણ સાથે સંકળાયેલી છે.

### ૨.૧૮.૬ ગ્રામ આયોજન–નગર આયોજન

પુરાણોમાં ગ્રામ આયોજન તેમજ નગર આયોજન કેવું હોવું જોઈએ તેનો ખ્યાલ આપે છે.

- સપાટભૂમિ જોઈને ઘર કરવું.

- દેવાલય, ધૂર્ત લોકોના નિવાસ, રાજયમંત્રીના નિવાસ અને ચાર રસ્તાની આજુબાજુ ઘર ન કરવું. તેનાથી દુઃખ, શોક, ભય ઉપજે.

- દિશાઓ તેમજ ખૂણાઓ માટે જે કથન છે તે મુજબ રસોડું, સ્ટોરરૂમ, નિવાસસ્થાન, પાણિયારું વિગેરે બનાવવા જે ઘરમાલિક માટે મંગલકારી બને.[૯૮]

બ્રહ્મપુરાણ અનુસાર,

सुपुरग्रामनगराः શબ્દ પ્રયોગ છે જે તે સમયના ગ્રામ તથા નગરોની જીવનશૈલીના તફાવત રજૂ કરે છે. [૯૯]

આજના સમયમાં ગામની અપેક્ષાએ નગર વધુ સમૃદ્ધપૂર્ણ હોય છે. તે રીતે ઉજજૈની, અવન્તીકા, દ્વારકા આદિ નગર વર્ણનોને વાંચતા તત્કાલીન વૈભવપૂર્ણ નગરજીવનની ઝલક જોવા મળે છે.

આધુનિક નગર રચના જે વૈભવપૂર્ણ છે. તેના કરતા પણ વિશેષતઃ એ સમયમાં સમૃદ્ધિ જોવા મળતી નગરસેના રક્ષકો દ્વારા રચાયેલી હતી, નગર દ્વારા સ્ફટિક અને મોતીયોથી સજાવવામાં આવતા, સુવર્ણ, રત્ન, મણિ, રંગબેરંગી ધજાપતાકાઓ વિગેરેનો વિશેષ ઉપયોગ થતો.[૧૦૦]

શ્રીમદ્ ભાગવતમાં દુર્લભ ભવન-નિર્માણ આપણને વાંચવા મળે છે. દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના ભવનમાં પ્રવેશ કર્યો તે ભવન એક જ મહેલામાંથી સોળ હજાર મહેલો કર્યા એવો ઉલ્લેખ કરે છે. વિશ્વકર્માએ પોતાની ચતુરાઈ દ્વારા સર્વ કામનાપૂરક આ મહેલનું નિર્માણ કર્યું.[૧૦૧]

આમ એક જ મુખ્ય મહેલના વિભાગમાં સોળ હજાર મહેલોનો સમાવેશ એ અદ્‌ભૂત સ્થાપત્યકલાનો નમૂનો ગણી શકાય.

રહેણાંકના ઘર મંદિરની નજીક ન બાંધવા વિગેરે વિગતો દ્વારા પુરાણકાલીન ગ્રામ આયોજન કેવું હતું તેનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. આના આધારે ભારતીય શિલ્પકલા તેમજ સ્થાપત્યના સંશોધકોને એક આગવી વિચારસરણી પ્રાપ્ત થાય છે.

## ૨.૧૮.૭ ત્રિપુર રચના દ્વારા મયદાનવનું વ્યક્ત થતું સ્થાપત્ય કૌશલ્ય

ત્રિપુરાસ્થાન દ્વારા દાનવોના શિલ્પી તરીકે મયદાનવે જે ત્રિપુરની રચના કરી તે આજના શિલ્પ-સ્થાપત્યકારોને માટે કદાચ કલ્પનાતીત ગણી શકાય. સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ આ ત્રિપુરની મહત્ત્વપૂર્ણ વિશેષતાઓ આ પ્રમાણે હતી.

- એક એક પુરનો વિસ્તાર એક-એક સો યોજનનો હતો.
- આ ત્રણેય પુરોની રચના પુષ્પ નક્ષત્રમાં થવી જોઈએ અને પુષ્પયોગ આવતા આ ત્રણેય પુષ્યનગરો જુદા રહીને આકાશમાં ભેગા થઈ શકે.
- ત્રિપુરામાંનું એક પુર પૃથ્વી પર લોખંડનું , બીજું આકાશમાં ચાંદીનું અને તેની ઉપર ત્રીજું રજતનું.
- જેમાં અટારીઓ, રાજમાર્ગ, સડકો, ચબૂતરો, અંતઃપુર, સરોવરો, સભા-ભવન વિગેરે હતા.
- તેના ભવનો મયદાનવે સાત, આઠ અને દશ માળના બનાવ્યા હતા.[૧૦૨]

પ્રસ્તુત સંદર્ભ પરથી એ વાત તો સાબિત થઈ જાય છે કે બહુમાળી ભવનોની આજની પરિકલ્પના આ સંદર્ભને ઘણી વામણી લાગે છે, તુચ્છ લાગે છે. પૌરાણિક સમયમાં પણ ઉત્તમ કલાકૃતિના નમૂનારૂપ આવા પુરોની રચના થતી જે આજના સમય માટે કદાચ સ્વપ્ન સમાન ગણાવી શકાય.

## ૨.૧૮.૮ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતોનું મહત્ત્વ

પૃથ્વી સંબંધી થતા ઉત્પાતો જેવા કે ભૂકંપ, ભયંકર દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે ભય આવતા વૈશ્વિક શાંતિ જરૂરી છે.(૧૦૩)

જે રીતે કવચ ધારણ કરેલાને બાણોનો પ્રહાર નુકશાન કરતો નથી તે રીતે ધર્મ પરાયણ તથા શાંતિ કરનારા મનુષ્યોને દૈવનો પ્રહાર હાનિ પહોંચાડતો નથી.(૧૦૪)

આ રીતે વાસ્તુશાસ્ત્રના જાણકાર વિદ્વાનો બધા પ્રકારના વાસ્તુકાર્યમાં આ નિયમોનો ઉપયોગ કરવો જેથી પૃથ્વી સંબંધી ઉત્પાતો ભૂકંપ વગેરેથી લોકોને બચાવી શકાય કારણ કે,

શલ્ય સાથેની વાસ્તુપૂજા ભય આપનારી છે. જયારે શલ્ય વિનાની વાસ્તુપૂજા શુભ કરનારી છે. વાસ્તુમાં અધિક અંગ કે ઓછું અંગ હોવું ન જોઈએ એને સર્વથા ત્યજી દેવું નગર, ગ્રામ અને દેશમાં બધેય ત્યજી દેવું.(૧૦૫)

પ્રસ્તુત વિધાનને આધારે કહી શકાય કે, વાસ્તુના અંગમાં સ્થાનમાંથી ઠોકેલી ખીલી અથવા શલ્ય કાઢી નાખવું અથવા નગર, ગ્રામ, દેશનો ત્યાગ કરવો. અર્થાત્ આવી વાસ્તુપૂજા અશુભ માની એક સંકેત પ્રદર્શિત કરવામાં આવ્યો છે જે આપણે સમજવો જરૂરી છે.

આ રીતે શિલ્પ, સ્થાપત્ય, મૂર્તિવિધાન, પ્રતિષ્ઠા, વાસ્તુ વગેરેનો વિષય તરીકે પ્રાધાન્ય આપનાર વિચારો આધુનિક સંદર્ભોથી સમીક્ષાર્થે ઉપયોગી થઈ શકે છે.

## ૨(છ) વાસ્તુ અને અન્ય શાસ્ત્રો

વાસ્તુનો મૂળ આધાર પાંચ મહાભૂત અને પ્રાકૃતિક શક્તિઓ છે પાંચ મહાભૂત - પૃથ્વી, જળ, તેજ, વાયુ તેમજ આકાશ છે. ગુરુત્વાકર્ષણ શક્તિ, ચુંબકિય-શક્તિ અને સૂર્ય ઊર્જા આ ત્રણ પ્રાકૃતિક શક્તિઓ છે. મકાનનું નિર્માણ આ બધી શક્તિઓને ધ્યાનમાં રાખી કરવામાં  આવે છે જેથી તેમાં રહેનાર વ્યક્તિ આ શક્તિઓથી વંચિત ના રહે કારણ કે આ શક્તિઓના આધારે જ વ્યક્તિનું તન-મન અને જીવન સંતુલિત રહે છે. આથી, વાસ્તુશાસ્ત્ર એ વૈજ્ઞાનિક તથ્ય પર આધારિત વિજ્ઞાન છે. વિજ્ઞાનમાં ચોક્કસ નિયમો હોય છે તેમ, વાસ્તુશાસ્ત્રમાં પણ કઈ દિશામાં શું નિર્માણ કરવું તેના નિયમો છે. અને આ નિયમોનો ભંગ કરવાથી ગૃહસ્વામીને અનેક દુ:ખ, વ્યાધિ તેમજ આપત્તિઓનો પણ સામનો કરવો પડે છે.

ફેંગ-શૂઈ ઘરને સજાવવા એટલે ઘરની ઈન્ટીરીયર ડેકોરેશન કરવામાં સહાયક બને છે. ફેંગ-શૂઈ ઘરમાં શાંતિ ફેલાવે છે.

ચીની પદ્ધતિ અનુસાર સમસ્ત બ્રહ્માંડ 'યિન' અને 'યાંગ' નામની શક્તિવાળુ છે. આ સંતુલનતા અને સૃષ્ટિના સર્જનનું પ્રતિક છે. ફેંગ-શૂઈ દ્વારા પ્રકૃતિની દરેક વસ્તુમાં સંતુલન રહે છે જેવી કે દિવસ-રાત, જીવન-મૃત્યુ, શર્દી-ગર્મી વગેરે.

ફેંગ-શૂઈ ભવન નિર્માણ માટે પ્રાકૃતિક વૈજ્ઞાનિક નિયમો પર આધારિત છે. ભવનનું નિર્માણ કાર્ય થઈ ગયા બાદ પણ આ કલા પ્રભાવી બને છે.

ચીનના સમ્રાટ રાજમહેલોના નિર્માણમાં ફેંગ-શૂઈની કલાનો ઉપયોગ કરતા. આ શાસ્ત્ર વધુ પડતું ચીન સાથે જોડાયેલ છે.

ફેંગ-શૂઈનો શાબ્દિક અર્થ થાય છે 'વાયુ-જલ' આના દ્વારા આસપાસમાં રહેલી ઊર્જા જે વાતાવરણમાં છે અને લાભ આપનારી પણ છે, તે મળે છે. પરંતુ ફેંગ-શૂઈ એક એવી વસ્તુ છે, જે માણસને આપે છે તેટલી જ સામે મહેનત પણ માંગે છે, એટલે કે ૫૦ ટકા ફેંગ-શૂઈની શક્તિ હોય તો સામે ૫૦ ટકા શ્રમ પણ માંગે છે. 'ટૂ ગેટ પ્રોફીટ વિધાઉટ રીસ્ક એન્ડ રીવોર્ડ વીધાઉટ હાર્ડ વર્ક ઈઝ એઝ ઈમ્પોસ્બિલ વીધાઉટ લાઈફ વીધાઉટ બીઈંગ બોર્ન.'

સમસ્ત સજીવ પ્રાણીમાં 'ચી' ઊર્જા રહેલી હોય છે. 'ચી' ઊર્જા જળની મદદથી ઉત્પન્ન થાય છે, તેથી નદી, તળાવ, ફુવારા, દરીયા વગેરે પાસે જતા જ આપણને અતિ આનંદ અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે.

'ચી' ને બે ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે, 'યીન' અને 'યાંગ' આ બન્ને એકબીજા વિના અધુરી છે અને એમ પણ કહેવાય કે તેનું અસ્તિત્વ નથી.

પૃથ્વીના ગ્રેવીટેશનલ ફોર્સની જેમ જ માનવ શરીરમાં પણ કી શક્તિ હોય છે. આ શક્તિ માનવ અને પૃથ્વી એટલે કે માનવની કી અને પૃથ્વીની કીનાં સુંદર સંતુલિત તાલમેલની કલાને જ ફેંગ-શૂઈ કહેવામાં આવે છે.

ફેંગ-શૂઈમાં દિવાલના રંગ, ડિઝાઈન, ફર્નિચર, ચિત્ર, પેન્ટિગ, પડદા વગેરે સામગ્રીને  પણ ધ્યાનમાં લેવામાં આવે છે. જેમ કે, ટેબલ, ખુરશી, પંખા, લાઈટીંગ્સ વગેરે.

આને 'જીયોમંસિ' પણ કહેવામાં આવે છે.  યિન અને યાંગના સંતુલનથી કોસ્મીક ઊર્જા ઉત્પન્ન થાય છે. ફેંગ-શૂઈમાં પશુ-પંખીના આકારોને પણ પ્રભાવી માનવામાં આવે છે. જેવી રીતે દેડકો, કાચબો, માછલી, ડ્રેગન, બતક, ઘોડો, સિંહ વગેરે કંઈક ને કંઈક  એટલે કે જુદી જુદી ઊર્જાઓ અને શક્તિઓના દાતા છે. ફેંશ-શૂઈમાં પશુ-પંખીઓના આકારની જેમ જ ફુલ, છોડ અને ઝાડને પણ પ્રભાવી માનવામાં આવે છે.

સિંગાપુર અને હોંગકોંગ દેશોમાં ફેંગ-શૂઈનો વધુમાં વધુ ઉપયોગ કરવામાં આવેલ છે. આ દેશો સુખ-સમૃદ્ધિ અને પ્રગતિશીલ દેશો છે.

ફેંગ-શૂઈ ભારતીય વાસ્તુના નિયમો મુજબ જ બનાવેલ છે. ફેંગ-શૂઈ અને વાસ્તુ બંનેમાં પાંચ તત્ત્વને મહત્ત્વ આપવામાં આવેલ છે.

## ૨(જ) નિષ્કર્ષ

વાસ્તુની રચના પૂર્વે નક્ષત્ર આદિનું ચિંતન, ભૂમિ પસંદગી, ભૂમિ ખનન વગેરેનો વિચાર કરવામાં આવે છે. પંચતત્ત્વો પર આધારિત વાસ્તુશાસ્ત્રની રચના નિયમાનુસાર નિર્મિત થાય તો માનવને આરોગ્યની પ્રાપ્તિ થાય છે, અન્યથા તેનાં દુષ્પરિણામો  માનવને અનઆરોગ્યરૂપે પ્રાપ્ત થાય છે.  મનુષ્યના પ્રત્યેક જીવન-વ્યવહાર સાથે સંલગ્ન પ્રકૃતિનું વાસ્તુશાસ્ત્રમાં વિશેષ મહત્ત્વ છે. શિલ્પ-સ્થાપત્ય ગ્રામ-નગરનું આયોજન કરીને માનવને ઉપયોગી બને

છે. વાસ્તુશાસ્ત્ર એ વૈજ્ઞાનિક તથ્ય પર આધારિત વિજ્ઞાન છે. વળી, ચીની ફેંગ-શૂઈ શાસ્ત્રમાં પણ પંચતત્ત્વનું મહત્ત્વ છે આમ, પૃથ્વી ઉપર વસનાર દરેક જીવને જળ, તેજ, આકાશ, વાયુ અને પૃથ્વી એ પાંચ તત્ત્વોની અસર થાય છે. આમ, દરેક શાસ્ત્રના મૂળમાં આ પંચતત્ત્વો છે. આથી જ વાસ્તુશાસ્ત્રનો અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ હોય તે સ્વીકારીય બને છે. અને આથી જ નિષ્કર્ષરૂપથી પ્રતિપાદિત કરી શકીએ કે વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષ, આયુર્વેદ, શિલ્પ-સ્થાપત્ય  પર્યાવરણ અને અનેક વિજ્ઞાન તેમજ શાસ્ત્રો પરસ્પર સંબંધયુક્ત છે.

## પાદ–ટિપ

| | | |
|---|---|---|
| ૧. | पाणिनीय शिक्षा | २५/२६ |
| ૨. | **સારાવલી** | २/५ |
| ૩. | यावुष ज्योतिष | ४ |
| ૪. | **જ્યોતિષ કલ્પતઢ** | १/२ |
| ૫. | **પુરાણ પરિચય** | पृ.७२ |
| ૬. | **જ્યોતિષ કલ્પતઢ** | १/३/५ |
| ૭. | मत्स्यपुराण | २५३/६ |
| ૮. | समराङ्गणसूत्रधार | १२/२०–२१–२२ |
| ૯. | गृहनिर्माण वास्तुविद्यायाम् | २/१० |
| ૧૦. | गृहनिर्माण वास्तुविद्यायाम् | २/१२–१३ |
| ૧૧. | बृहद्‌वास्तुमालायम | मासादि फलविचार |
| | | :४८ |
| ૧૨. | वास्तुरत्नावली–सुबोधिनी | हिन्दी टीका |
| ૧૩. | वास्तुप्रदीप | हिन्दी टीका |
| ૧૪. | वास्तुरत्नावली–सुबोधिनी | हिन्दी टीका |
| ૧૫. | वास्तुरत्नावली–सुबोधिनी | हिन्दी टीका |
| ૧૬. | वास्तुराजवल्लभ | ११/१० |
| ૧૭. | वास्तुरत्नावली–सुबोधिनी | हिन्दी टीका |
| ૧૮. | चरकसंहिता सूत्रस्थान | ३०/३२ |
| ૧૯. | **કાશ્યસંહિતા વિમાનસ્થાન** | **૧/૧૦** |
| ૨૦. | **અષ્ટાંગહૃદય** | **૧/૩** |
| ૨૧. | चरकसंहिता सूत्रस्थान | ३०/२० |
| ૨૨. | चरकसंहिता सूत्रस्थान | १/४२ |
| ૨૩. | **સુશ્રુત સૂત્રસ્થાન** | १/३ |

| | | |
|---|---|---|
| ૨૪. | ब्रह्मवैवर्तपुराण | १६/९-१० |
| ૨૫. | चरकसंहिता सूत्रस्थान | ३०/३२ |
| ૨૬. | भैषज्यरत्नावलि | १/८ |
| ૨૭. | चरकसंहिता सूत्रस्थान | १/४७ |
| ૨૮. | आयुर्वेद का इतिहास एवं परिचय | डॉ. विद्याधर शुक्ल |
| ૨૯. | **ચરકનો અધ્યાય ભાગ-૧** | पृ.१७३ |
| ૩૦. | चरकसंहिता सूत्रस्थान | १/४० |
| ૩૧. | **મત્સ્યપુરાણ** | २५१/१ |
| ૩૨. | पुराणतत्त्व मीमांसा | पृ.५९० |
| ૩૩. | **ચરક સૂત્રસ્થાન** | अ.-१ |
| ૩૪. | **શ્રીમદ્ ભાગવત** | ९/१७/४ |
| ૩૫. | **ગઢડ પુરાણ** | अ.-१४५ |
| ૩૬. | **ગઢડ પુરાણ** | अ.-१४६ थी २०२ |
| ૩૭. | **પુરાણ પરિચય** | पृ.७१ |
| ૩૮. | पुराणतत्त्वमीमांसा | पृ.५९० |
| ૩૯. | चकसूत्रस्थान | ३०/११ |
| ૪૦. | योगरत्नाकर | उपोद्धातः |
| ૪૧. | **સુશ્રુત સૂત્રસ્થાન** | १/१३ |
| ૪૨. | अथर्व वेद | १७/१/२७ |
| ૪૩. | चरकसंहिता सूत्रस्थान | १/४२ |
| ૪૪. | सौरपुराण | १०/४६-४७ |
| ૪૫. | हारीत संहिता | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૪૬. | **ચરકસૂત્ર સ્થાન** | ३०/३९ |
| ૪૭. | **સુશ્રુત સૂત્રસ્થાન** | १/४ |

| | | |
|---|---|---|
| ૪૮. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૪૯. | **સુશ્રુત સૂત્રસ્થાન** | १/५ |
| ૫૦. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૫૧. | **સુશ્રુત સૂત્રસ્થાન** | १/६ |
| ૫૨. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૫૩. | **સુશ્રુત સૂત્રસ્થાન** | प्रथम स्थान<br>अध्याय-१/७ |
| ૫૪. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૫૫. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૫૬. | **સુશ્રુત સૂત્રસ્થાન** | प्रथम स्थान<br>अध्याय-१/८ |
| ૫૭. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૫૮. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय-२ |
| ૫૯. | **સુશ્રુત સૂત્રસ્થાન** | प्रथम स्थान<br>अध्याय-१/१० |
| ૬૦. | चरकसंहिता सूत्रस्थान | ३०/३१ |
| ૬૧. | **સુશ્રુત સૂત્રસ્થાન** | प्रथम स्थान<br>अध्याय-११ |

| | | |
|---|---|---|
| ૬૨. | **હારીત સંહિતા** | प्रथम स्थान<br>अध्याय–२ |
| ૬૩. | **ભગવદ્‌ગોમંડલ** | भाग १–४ |
| ૬૪. | चरकसूत्रस्थान | ३०–११ |
| ૬૫. | **સુશ્રુત સૂત્રસ્થાન** | १/१३ |
| ૬૬. | रोग और वास्तुशास्त्र | सरला अग्रवाल |
| ૬૭. | संस्कृत साहित्य एवं पर्यावरण | पृ.१९ |
| ૬૮. | **મત્સ્યપુરાણ** | अ.२५५ / पृ.५५६ |
| ૬૯. | **મત્સ્યપુરાણ** | अ.२५७ / पृ.५५८ |
| ૭૦. | **મત્સ્યપુરાણ** | अ.२१८ / पृ.४८७ |
| ૭૧. | **મત્સ્યપુરાણ** | अ.२१८ / पृ.४९० |
| ૭૨. | संस्कृत साहित्य एवं पर्यावरण | पृ.२२६ |
| ૭૩. | बृहत्पंचांग–फलादर्श | पृ.८४ |
| ૭૪. | **મત્સ્યપુરાણ** | अ.५८ / पृ.१२६ |
| ૭૫. | **મત્સ્યપુરાણ** | अ.२५५ / पृ.५५६ |
| ૭૬. | **મત્સ્યપુરાણ** | अ.१५४ / पृ.३५७ |
| ૭૭. | **મત્સ્યપુરાણ** | अ.१५४ / पृ.३५७ |
| ૭૮. | संस्कृत साहित्य एवं पर्यावरण | पृ.६/३४ |
| ૭૯. | **પુરાણ પરિચય** | पृ.४१ |
| ૮૦. | **મત્સ્યપુરાણ** | अ.२५२–२५९ |
| ૮૧. | समराङ्गण सूत्रधार | १/४–५ |
| ૮૨. | नारदसंहिता | ३२/१९ |
| ૮૩. | विश्वकर्माप्रकाश | १/१७ |
| ૮૪. | **મત્સ્યપુરાણ** | अ.२५२/पृ.५५१ |
| ૮૫. | **મત્સ્યપુરાણ** | अ.२५३/पृ.५५१ |

| | | |
|---|---|---|
| ૮૬. | મત્સ્યપુરાણ | अ.२५८/पृ.५५१ |
| ૮૭. | મત્સ્યપુરાણ | अ.२५२/पृ.५६० |
| ૮૮. | પ્રતિમા લક્ષણ | पृ.८२ |
| ૮૯. | બ્રહ્મપુરાણ | अ.४८/५०-५१ |
| ૯૦. | ગુજરાતનું મૂર્તિવિધાન | पृ.२० |
| ૯૧. | ભારતીય વાસ્તુકલા | पृ.७६-७७ |
| ૯૨. | મત્સ્યપુરાણ | पृ.२५८/पृ.५६० |
| ૯૩. | ગુજરાતનું મૂર્તિવિધાન | पृ.२० |
| ૯૪. | ભારતીય વાસ્તુકલા | पृ.७६-७७ |
| ૯૫. | બ્રહ્મપુરાણ | अ.४७/१-३ |
| ૯૬. | મત્સ્યપુરાણ | अ.२५२/१५-१६ |
| ૯૭. | મત્સ્યપુરાણ | अ.२५२/१७-१८ |
| ૯૮. | મત્સ્યપુરાણ | अ.२५२/पृ.५५६-५५८ |
| ૯૯. | મત્સ્યપુરાણ | अ.२५२/पृ.१५-१६ |
| ૧૦૦. | બ્રહ્મપુરાણ | अ.४१/४३/२०७ |
| ૧૦૧. | શ્રીમદ્ ભાગવત | १/११/३० |
| ૧૦૨. | મત્સ્યપુરાણ | अ.२५३-२५४ |
| ૧૦૩. | મત્સ્યપુરાણ | अ.२२८-पृ.५१० |
| ૧૦૪. | મત્સ્યપુરાણ | अ.२२८-५११ |
| ૧૦૫. | મત્સ્યપુરાણ | अ.२५४-५५३ |

# પ્રકરણ–3

# પ્રકરણ-૩

# પૌરાણિક વાસ્તુવિદ્યાનું સ્વરૂપ

૩(ક) પ્રસ્તાવના

૩(ખ) પુરાણ પરિચય

૩.૧ પુરાણોના મૂળસ્રોત

૩.૨ પુરાણની પ્રાચીનતા

૩.૩ 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ

૩.૪ પુરાણોનું મહત્ત્વ

૩.૫ પુરાણોનો ક્રમ અને સંખ્યા

૩.૬ પુરાણલક્ષણ : વિષય-સાર

૩(ગ) પૌરાણિક વાસ્તુવિદ્યાનું સ્વરૂપ

૩.૭ વાસ્તુનો અર્થ

૩.૮ વાસ્તુ પ્રાદુર્ભાવ

૩.૯ વાસ્તુપુરુષના શરીરમાં વિવિધ દેવતાઓનું સ્થાન

૩.૧૦ ભૂમિ પરીક્ષણ તેમજ સમય નિધારણ

૩.૧૧ ગૃહનિર્માણ સમય

૩.૧૨ દેવપ્રતિષ્ઠાનું મહત્ત્વ

૩.૧૩ સ્થાપત્ય કૌશલ્ય

૩.૧૪ ગામ તથા નગર આયોજન

૩.૧૫ વાસ્તુપૂજા અને તેનું મહાત્મ્ય

૩.૧૬ મૂર્તિકલા, મંદિર અને ભવનનિર્માણ કલા

૩.૧૭ વાસ્તુશાસ્ત્રમાં વૃક્ષો

૩.૧૮ વાસ્તુદોષ શમન

૩.૧૯ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતોનું મહત્ત્વ

૩.૨૦ વાસ્તુશાસ્ત્રમાં પ્રકૃતિ

૩(ઘ) નિષ્કર્ષ

# પ્રકરણ-૩
# પૌરાણિક વાસ્તુવિદ્યાનું સ્વરૂપ

## ૩(ક) પ્રસ્તાવના

ભારત વર્ષના પ્રાચીન જ્ઞાનવિજ્ઞાનનો વ્યાપક પરિચય તેમજ વ્યાવહારિક સ્વરૂપને જાણવા માટે પુરાણોનો અભ્યાસ કરવો આવશ્યક છે. વસ્તુતઃ એ કહેવું અતિશયોક્તિપૂર્ણ ન ગણાય કે વર્તમાન હિન્દુ-સંસ્કૃતિની રૂપરેખા પુરાણોમાં દષ્ટિગોચર થાય છે. અર્થાત્ વેદ પછી ભારતીય સંસ્કૃતિનું વાસ્તવિક સ્વરૂપ પુરાણો દ્વારા પ્રાપ્ત થાય છે. અષ્ટાદશ પુરાણો સંસ્કૃત સાહિત્યમાં એક વિશેષ તેમજ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. પ્રત્યેક પુરાણના વિષયો અલગ-અલગ અવતારો સાથે સંલગ્ન હોવા છતાં વિષયવૈવિધ્ય દષ્ટિગોચર થાય છે. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ઉન્નતિની ચરમસીમા સુધી પહોંચાડનાર આ પૌરાણિક સાહિત્યબદ્ધ, મુમુક્ષુ અને જીવન્મુક્ત આ ત્રણ પ્રકારના મનુષ્યોને માટે માર્ગ પ્રદર્શક ગણી શકાય. તે પુરાણકાલીન તત્કાલીન જીવન એવં જીવનમૂલ્યોને આપણી સમક્ષ પ્રગટ કરે છે. તેના દ્વારા સમાજજીવન, રીતરિવાજ, ધાર્મિક માન્યતા, ખાનપાન, રાજનીતિ, દાર્શનિક વિચારધારા, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક, શ્રાદ્ધ અંગેના વિચારો, ભૌગોલિક જાણકારી જેમાં પર્વતો, નદીઓ, વનો, તીર્થો, દ્વીપો આદિના સ્થાન તેમજ મહત્ત્વ વગેરેનો આ પુરાણોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૩(ક) પુરાણ પરિચય

## ૩.૧ પુરાણોના મૂળસ્રોત

પુરાણો આપણા સંસ્કૃત સાહિત્યનાં અજોડ અંગ છે. પુરાણસાહિત્યમાં નિરૂપિત વિવિધ વિષયો, તેનું મહત્ત્વ, તેનું જ્ઞાન, વિવિધ અવતારો ઈત્યાદિનું અલગ-અલગ નોંધ કરીએ તો કદાચ એક અન્ય અલગ પુરાણની રચના થઈ જાય. પુરાણ આલોક તેમજ પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત કરાવનાર છે. કલ્યાણ સંપદાના અક્ષયભંડાર ગણાતા આ પુરાણોનો મૂળસ્રોત પુરાણમાં જ વર્ણવવામાં આવ્યો છે જે તેની એક વિભૂતિ જ ગણી શકાય.

पुराणन्यायमीमांसा – धर्मशास्त्रांगमिश्रिताः ।
वेदाः स्थानानिक विद्यानां धर्मस्य च चतुर्दश ॥

અર્થાત્, પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર, છ વેદાંગ અને ચારવેદ આ ચૌદ વિદ્યા અને ધર્મના સ્થાન છે.

અથર્વવેદ તો એક જ પરમે✓રથી બધા વેદો-પુરાણોનો આવિર્ભાવ માને છે.

ऋचः सामानि छन्दांसि पुराणं यजुषा सह ।

અર્થાત્, અથર્વવેદ યજ્ઞથી યજુર્વેદની સાથે ઋક્, સામ, છંદ પુરાણને ઉત્પન્ન થયેલા માને છે. [૧]

પુરાણો વેદ જેટલાં જ પ્રાચીન છે. તે અંગેનાં પ્રમાણો વેદ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો, ઉપનિષદ, વૈદિક સાહિત્યનાં બધાં અંગ, સૂત્ર, પ્રાતશાખ્ય, ઈત્યાદિમાં જોવા મળે છે.

પ્રાચીન ભારતીય ધાર્મિક સાહિત્યમાં પુરાણોનું જે મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તે આપણા શાસ્ત્રોમાં જ વર્ણિત છે. સ્વયં બ્રહ્મા કે જે સૃષ્ટિના રચયિતા છે. તેના નિ✓ાસમાંથી પુરાણો નિઃસૃત થયેલા છે.

યાજ્ઞવલ્કયસ્મૃતિમાં ચૌદ વિદ્યાઓનો ઉલ્લેખ છે. જેમાં પુરાણવિદ્યાને ધર્મના આધારસ્થાન તરીકે પ્રથમ સ્થાન આપી તેનું મહત્ત્વ દર્શાવાયું છે. સ્મૃતિ, સૂત્ર, મહાભાષ્ય, ન્યાયભાષ્ય આદિ સર્વે પ્રાચીન ગ્રંથોમાં પુરાણોની ચર્ચા મળે છે. આ ઉપરાંત વેદના બ્રાહ્મગ્રંથો તેમજ સંહિતા ભાગમાં પણ પુરાણોનો ઉલ્લેખ મળે છે.

બૃહદારણ્યકોપનિષદ અને શતપથ બ્રાહ્મણમાં જે ઉલ્લેખ મળે છે. તે મુજબ – "પુરાણ વેદ સમાન જ બ્રહ્માના નિઃ✓ાસમાંથી નિઃસૃત થયેલા છે. ભેજયુક્ત લાકડામાં ઉત્પન્ન અગ્નિથી જે પ્રકારનો ધુમાડો ઉત્પન્ન થાય છે. તે પ્રકારે આ ઋગ્વેદ, યજુષ, સામ, અથવાગિરસ, ઈતિહાસ, પુરાણ, વિધા, ઉપનિષદ, સૂત્ર, મંત્ર, વિવરણ અને અર્થવાદ છે. આ બધા મહાન પરમાત્માના નિઃ✓ાસ છે. અર્થાત્ પ્રયત્ન વિના જ પરમાત્મામાંથી ઉદ્દભવેલા છે.(૨)

જે રીતે વેદો અપૌઢષેય છે. ગૌતમ, વસિષ્ઠ, અત્રિ, કશ્યપ, ભારદ્વાજ, વામદેવ વગેરે ઋષિઓ વેદમંત્રોના દષ્ટા છે, કર્તા નથી. તેવી રીતે પુરાણોના સંદર્ભમાં બ્રહ્મા તેના સ્મર્તા છે. અને વક્તા અનેક ઋષિઓ છે. જે રીતે વેદનો આરંભ બ્રહ્માથી છે તે જ રીતે પુરાણોનો આરંભ પણ બ્રહ્માથી જ છે.

મત્સ્યપુરાણને આધારે સ્વયં મત્સ્યરૂપધારી ભગવાને જ કહ્યું છે કે, "કલ્પાંતરમાં પુરાણ એક જ હતું. અને તે સો કરોડના શ્લોકોના વિસ્તારવાળું હોઈ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થના સાધનરૂપ હતું. મહાપ્રલય

પછી હયગ્રીવરૂપ ધારણ કરી ભગવાને છ અંગો સાથે ચાર વેદો, પુરાણ, ન્યાયમીંમાસા, ધર્મશાસ્ત્ર વગેરે રચ્યા હતા. ત્યારપછી કલ્પના આદિકાળમાં જયારે જગત જળથી ઢંકાયેલું – ડૂબેલું હતું, ત્યારે મત્સ્યરૂપધારણ કરીને ભગવાન શ્રી વિષ્ણુએ તે બધા શ્લોકો વેવસ્વત મનુને તથા અન્યને કહ્યું બ્રહ્માજીએ મુનિઓને તે બધા શાસ્ત્રો સંભળાવ્યા ત્યારથી બધા શાસ્ત્રો અને પુરાણો જગતમાં ફેલાયા.(૩)

> व्यासरूपमहं कृत्वा सहंरामि युगे युगे ।
> चतुर्लक्षप्रमाणेन द्वापरे सदा ॥
>
> तथाऽष्टादशधा कृत्वा भूलोकऽस्मिन्प्राश्यते ।
> अधापि देवलोकेडम्मिग्छत कोटि प्रविस्तरम् ॥

અર્થાત્, સમયાંતરે આ મોટા પુરાણને ધારણ કરવાની શક્તિનો હ્રાસ થયેલો જોઈ દરેક યુગના આરંભમાં વ્યાસ સ્વરૂપે તે પુરાણોને હું ધારણ કરું છું, દરેક દ્વાપર યુગના પ્રારંભમાં ચાર લાખ શ્લોકોના પ્રમાણમાં અઢાર પુરાણરૂપે પૃથ્વી પર મેં શિષ્યોને આપ્યા છે.

પુરાણની પ્રાચીનતા અંગે અલગ-અલગ મતો જોવા મળે છે. તેમાં કેટલાક વિદ્વાનોના મતે પ્રથમ પુરાણ ત્યારબાદ વેદ રચાયા. તો કેટલાક વિદ્વાનોના મતે પ્રથમ વેદ ત્યારબાદ પુરાણ રચાયા. તો વળી કેટલાક તો સૌ પ્રથમ એક જ પુરાણ હતું અને તેમાંથી અઢાર પુરાણો રચાયા તેમ માને છે.(૪)

પુરાણમાં ઋષિઓના વંશો, ઋષિ અને દેવતાઓની કથાઓ, આખ્યાનો, ઉપાખ્યાનો વગેરે સમાવવામાં આવ્યા છે. વેદનું ગૂઢ જ્ઞાન સામાન્ય વ્યક્તિને સમજની બહાર હોવાથી તે ગૂઢ જ્ઞાનનું વૈદિક કથાઓના રૂપે નવો ઘાટ આપીને

સમાજની સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આમ, પુરાણની અંદર સમયની સાથે ઉમેરણ થવાથી પુરાણે એક મહાસાગરનું રૂપ ધારણ કર્યું.(૫)

પુરાણ સાહિત્ય ખૂબ જ પ્રાચીન છે. તેમાં પુરાકથાઓ, ગાથાઓ, વંશાવલી તથા ભિન્ન ભિન્ન મન્વન્તરોની વાતો વિસ્તારોથી આવે છે. તેમાં સૃષ્ટિસર્જન અંગેની રહસ્યભરી વાતો તથા પ્રલયકથા તથા બ્રાહ્મણ ધર્મ, બૌદ્ધ-જૈન આદિ ધર્મની વાતો પણ થોડા ઘણા અંગે ઉમેરાઈ હોય તેમ જણાય છે. આજે જે સ્થિતિમાં પુરાણો આપણી સમક્ષ રજૂ થાય છે. તે સ્થિતિમાં ભલે તે ન પણ હોય તેમ છતાં 'पुराण' શબ્દ જ સૂચવે છે કે આ પ્રાચીન વિદ્યા તો અવશ્ય છે જ.

પુરાણો જે તે દેશ-કાળ સાથે બરાબર તાલ મેળવીને ચાલે છે. તે રૂઢિ ચુસ્ત હોવા છતાં અર્વાચીન છે. તેની કથાઓમાં સત્યાસત્ય કરીને અવલોકવાથી જ પુરાણોનું સાચું મૂલ્યાંકન થઈ શકશે.

ખરી રીતે પુરાણોના સર્વેક્ષણ તથા વિવેચનમાં વર્તમાન ઈતિહાસ અને અતિત ઈતિહાસ બન્નેને બરાબર લક્ષ્યમાં રાખીને જોવા જેવાં છે. આમ કરવાથી તેમાં આવતો સૃષ્ટિવાદ, પ્રલય (કલ્પાન્ત), મન્વન્તર ચરિત્રો, વંશાવલીઓ અને વંશાનુચરિત સાથે સારો સુમેળ સાધી શકાય.

વેદ વ્યાસ મુનિએ વેદોનો વિસ્તાર કર્યો. તેમણે જ 'कृष्णद्वैपायनो व्यासः' થી પુરાણોની રચના કરી. વૈદિક ધર્મમાં રહેલી સનાતન ભાવના, સનાતન સંસ્કૃતિ, સનાતન મૂલ્યોની આંકણી મુનિ વેદવ્યાસે પુરાણોમાં કરી છે.

પુરાણોમાં ભલે કેટલીક ચમત્કારિક વાતો નોંધવામાં આવી હોય પણ તે તો માન ગાથા કે વાર્તાનો ભાગ ગણી શકાય. આથી મૂળકથાનું હાર્દ માર્યુ જતું નથી. આ બાબત પુરાણોના પરિચયમાં આપણા સૌનું ધ્યાન ખેંચે છે.

## ૩.૨ પુરાણની પ્રાચીનતા

'પુરાણ' શબ્દ પોતે જ પ્રાચીનતાનો સૂચક છે. ક્રમશઃ પ્રાચીનતમ્ સાહિત્યના સ્તરો સંહિતા, બ્રાહ્મણ તથા ઉપનિષદો તરફ નજર નાખીએ તો માલૂમ પડે છે કે –

**– સંહિતા**

(૧) ऋग्वेद

ઋગ્વેદમાં 'पुराण' શબ્દનો પ્રયોગ અનેક મંત્રોમાં મળી આવે છે. પરંતુ પ્રાયઃ તે પ્રાચીનતા દર્શાવે છે. એકાદ ઠેકાણે पुराणी શબ્દ ગાથાના વિશેષણ તરીકે યોજવામાં આવ્યો છે. આથી ફલિત થાય છે કે આ ગ્રંથમાં એવી કેટલીક ગાથાઓ છે, જેનો ઉદય પ્રાચીન કાળમાં થયો હતો.

(૨) अथर्ववेद

અથર્વવેદમાં 'पुराण' શબ્દ ઈતિહાસ, ગાથા તથા નારાશંસી શબ્દો સાથે પ્રયોજાયેલો મળી આવે છે. આ વેદ પુરાણનો ઉદ્દભવ 'ઉચ્છિષ્ટ' નામક બ્રહ્મમાંથી બતાવે છે. જેમાં આ મંત્ર નોંધપાત્ર છે.

ऋचः सामानि छन्द्रासि पुराणं यजुषा सह ।
उच्छिष्टाज्जज्ञिरे सर्वे दिवि देवा दिविश्रिताः ॥

અર્થાત્, ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદની સાથે પુરાણો પણ તે ઉચ્છિષ્ટમાંથી યજ્ઞના અવશેષમાંથી અથવા જગત્ પર શાસન કરતા યજ્ઞમય પરમાત્મામાંથી ઉત્પન્ન થયા અને દ્યુલોકમાં નિવાસ કરનાર દેવો પણ તેમાંથી જ ઉત્પન્ન થયા છે.(૬)

વળી, અથર્વવેદ ૧૧/૮/૭માં 'पुराणवित्' શબ્દ મળી આવે છે. તેનાથી સૂચિત થાય છે કે અથર્વવેદના સમયમાં પુરાણ સાહિત્ય તથા પુરાણવેતાનું અસ્તિત્વ હતું.

**– બ્રાહ્મણ સાહિત્ય**

શતપથ તથા ગોપથ બ્રાહ્મણ ગ્રંથોમાં પુરાણનો ઉલ્લેખ ઘણીવાર ઉપલબ્ધ થાય છે.

– .....यदनुशासनानि विधा वाकोवाक्यमितिहासपुरानं गाथा नाराशंस्यः ।

– ऋग्वेदो यजुर्वेदो सामवेदऽथर्वाँगिरस इतिहासपुराणं विधा उपनिषदः श्लोकाः सूत्राणि अनुव्याख्यानानि व्याख्यानानि वाचैव सम्राट् प्रजायते ।

– .... किं चिदितिहासमाचक्षीत । अथ नवमेऽहन् तानुपदिशति पुराणं वद सोऽयमिति किंचित् पुराणमाचक्षीत ।(७)

ગોપથ બ્રાહ્મણ માને છે કે કલ્પ, રહસ્ય બ્રાહ્મણ, ઉપનિષદ, ઈતિહાસ, અન્વાખ્યાન  તથા પુરાણની સાથે બધા વેદોનું નિર્માણ થયું હતું.

- एवगिमे सर्वे वेदा निर्मिता: सकल्पा:,

  सरहस्या: सब्राह्मणा: सोपनिषदा:

  सेतिहासा: सान्वाख्याता: सपुराणा: ॥

- पंचवेदान् निरमिमत् सर्ववेद पिशाच –

  वेदमसुवेदमितिहास वेदं पुराणवेदम् ।....

અહીં માલૂમ પડે છે કે આ ગ્રંથ ઈતિહાસ તથા પુરાણને અલગ અલગ વિધાઓ તરીકે ઓળખે છે. એમ લાગે છે કે તે યુગમાં બંનેનું અલગપણું નિશ્ચિત થ ઈ ગયું હશે.

## – આરણ્યક ગ્રંથ તથા ઉપનિષદોમાં પુરાણ

શ્રૌત સાહિત્યના આ વિભાગમાં પણ પુરાણ તથા ઈતિહાસનું અસ્તિત્વ સાબિત થાય છે.

### (૧) તૈત્તિરીય આરણ્યકમાં

-- यद् ब्राह्मणानितिहासान् पुराणानि कल्यान्
गाथा नाराशंसीर्मेदाहुतयो देवानाम भवन् ॥[९]

### (૨) બૃહદારણ્યક ઉપનિષદમાં

-- एवं वा अरेऽस्य महत्तो भूतस्य नि:क्तसितमेतद्
यदृग्वेदो यजुर्वेद: सामवेदोऽथर्वां गिरस इतिहास पुराणम् ॥[१०]

## (૩) છાંદોગ્ય ઉપનિષદ્

ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेद सामवेदमाथर्वणं

चतुर्थमितिहासं पुराणं पंचमम् ....

આજ ઉપનિષદમાં શબ્દનો થોડાક ફેરફાર સાથે ઈતિહાસ તથા પુરાણના ઉલ્લેખ અન્ય બે સ્થળે પણ મળી આવે છે.[૧૧]

તૈતિરીય આરણ્યકમાં पुराणानि શબ્દ પ્રયોગ છે. લાગે છે કે અહીં પુરાણમાં આવતાં આખ્યાનો બહુવચન દ્વારા અભિપ્રેત છે. બૃહદારણ્યક ઉપનિષદમાં તો પુરાણના ઉદ્દભવને વેદના ઉદ્દભવ જેવો બતાવવામાં આવ્યો છે. બીજી રીતે કહીએ તો અહીં વેદની પેઠે પુરાણોને પણ નિત્ય માનવામાં આવ્યાં છે. છાંદોગ્ય ઉપનિષદ તો પુરાણને 'પંચમ્વેદ' કહીને એનું ગૌરવગાન કરે છે અને સૂચવે છે કે તેની ઉપાસના બ્રહ્મના એક સ્વરૂપ તરીકે કરવી જોઈએ.

## – સૂત્રગ્રંથોમાં પુરાણ

अथ स्वाध्यायमधीयीत ऋचो यजूषि

सामान्यथर्वाँगिरसो ब्राह्मणानि कल्पान् गाथा

नाराशंसी रितिहासपुराणनीति ।[१२]

શબ્દોના થોડા ફેરફાર સાથે અન્યત્ર પણ પુરાણના ઉલ્લેખો મળી આવે છે.

સૂત્રકાળ દરમ્યાન સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે  આ ગ્રંથો પુરાણના અસ્તિત્ત્વનો સ્વીકાર કરે છે અને તેના અધ્યયનથી ઉત્પન્ન થતા પુણ્યનો પણ ઉલ્લેખ કરે છે.

વળી, આપસ્તમ્બ ધર્મસૂત્રમાં કોઈક પુરાણમાંથી બે શ્લોકો ઉદ્ધત કરવામાં આવ્યા છે. અહીં શંકા થાય એવું છે કે પુરાણ તો નામથી જ પ્રાચીનતાનો નિર્દેશ કરે છે ત્યાં ભવિષ્યની વાત કયાંથી આવી ગઈ ? પણ પ્રતીત થાય છે કે આ પુરાણમાં ભવિષ્યમાં થનારી ઘટનાઓનું, રાજાઓનું તથા તેમનાં ઐતિહાસિક વૃતાન્તોનું વર્ણન મળી આવતું હશે.

માનવામાં આવે છે કે આપસ્તમ્બ ધર્મસૂત્રની રચના ઈ.સ. પૂર્વે પાંચસોથી છસો વર્ષે થઈ હશે. આજે ભવિષ્યપુરાણ મળી આવે છે તેનું કદાચ આ પૂર્વરૂપ હશે.

## – વાલ્મકિ રામાયણમાં પુરાણ

વાલ્મીકિ વિરચિત રામાયણ ગ્રંથમાં પણ પુરાણ અને પુરાણવિદ્દના નિર્દેશ મળી આવે છે. ત્યાં દશરથના સારથિ સુમંત્રને પુરાણવેતા તરીકે રજૂ કરવામાં આવ્યો છે.

તે સૂત હતો. તેથી તેને માટે પુરાણજ્ઞાન સહજ હતું. તેના શબ્દો નોંધવા જેવા છે.

रूयतां यत् पुरावृत्तं पुराणेषु यथाश्रुतम् ।(१३)

તેને માટે पुराणवित् શબ્દ. અયોધ્યા કાંડ ૧૫/૧૮ માં વપરાયો છે.

## – મહાભારતમાં પુરાણ

મહાભારતમાં પુરાણનો સામાન્ય ઉલ્લેખ જ નથી, પણ તેની કથાઓનાં સ્વરૂપ તથા વિશિષ્ટતાનું પણ આલેખન મળી આવે છે, લાગે છે કે મહાભારત અઢારેય જાણીતાં પુરાણોથી પરિચિત છે.

પુરાણો પ્રત્યેનો મહાભારતનો દષ્ટિકોણ નિમ્નલિખિત શ્લોકમાં વ્યક્ત થાય છે.

– पुराणं मानवो धर्मः सांगो वेदश्चिकित्सतम् ।
आज्ञासिद्धानि चत्वारि, न हन्तव्यामि हेतुमिः ॥

– પુરાણ, મનુસ્મૃતિ, સાંગવેદ, ચિકિત્સાશાસ્ત્ર.

– એ ચારેય ઈશ્વરની આજ્ઞાથી સિદ્ધ થયેલાં છે. એટલે તેમનું વર્ણન યથાર્થ અને પ્રમાણભૂત છે. કોઈપણ રીતે તર્કની મદદથી તેનું ખંડન કરવું યોગ્ય નથી.

– पुराणे हि कथा दिव्या आदिवेशाश्च धीमताम् ।
कथ्यन्ते ये पुरास्ममिः श्रुतपूर्वाः पितुस्तव ॥(१४)

અહીં દર્શાવવામાં આવ્યું છે કે પુરાણોમાં અનેક દિવ્ય કથાઓ આવે છે, તેમાં વિશિષ્ટ બુદ્ધિમાનોના આવિદંશોનાં વર્ણનો પણ મળી આવે છે.

આ શ્લોક દર્શાવે છે કે વંશાનુચરિત તથા દેવસંબંધી આખ્યાનોને મહાભારત પુરાણનું આવશ્યક અંગ માને છે.

તદુપરાંત મહાભારતમાં વાયુપુરાણનો સ્પષ્ટ ઉલ્લેખ મળી આવે છે. તેમાં પ્રાચીન રાજાઓના વર્ણનો મળી આવે છે તથા મહાભારતમાં સ્પષ્ટ નિર્દેશ છે કે વાયુપુરાણનો આશ્રય લઈને મહાભારતમાં કથાનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

## – કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પુરાણ

(ઈ.સ.પૂર્વે ત્રીજી સદી)

કૌટિલ્યે પોતાના અર્થશાસ્ત્રમાં પુરાણ તથા ઈતિહાસના નિર્દેશ કરેલા છે. તે મહત્ત્વપૂર્ણ છે.

અવળે માર્ગે જતા રાજાને રોકવા માટે ભલામણ કરતાં અર્થશાસ્ત્ર કહે છે.

मुख्यैरवगृहीतं वा राजानं तत् प्रियाश्रितः ।
इतिवृत्तपुराणाभ्यां बोधयेदर्थशास्त्रवित् ॥

કૌટિલ્ય પુરાણને ઈતિહાસનો એક ભાગ માને છે. તે માને છે કે પુરાણ, આખ્યાયિકા, ઉદાહરણ, ધર્મશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર આ બધાની ગણતરી ઈતિહાસમાં કરવી જોઈએ.

વળી, તે વેતનભોગી અધિકારીગણનો નિર્દેશ કરતા પૌરાણિકની નિમણૂંકનો નિર્દેશ કરતાં કહે છે કે તેને એક હજાર પણ વેતન આપવું જોઈએ. આ વાત સૂચવે છે કે પૌરાણિક એક મહત્ત્વપૂર્ણ વ્યક્તિ તરીકે સ્થાન ધરાવતો હતો. આ બાબત સૂચવે છે કે કૌટિલ્યના સમયમાં પુરાણનો પ્રચાર અને પ્રસાર મોટા પાયા પર થતો હશે.(૧૫)

## – ધર્મસૂત્રમાં પુરાણ

ગૌતમ ધર્મસૂત્રમાં દર્શાવવામાં આવ્યું છે કે આ ધર્મસૂત્ર માને છે કે સામાન્ય માણસની સાથે સાથે શાસક વર્ણના લોકો માટે પણ પુરાણ સાહિત્યનું જ્ઞાન જરૂરી છે. વેદવિત્ માટે પુરાણનું જ્ઞાન જરૂરી છે. એવું પ્રતિપાદન કરવામાં

આવ્યું છે. કેમ કે પુરાણો વેદનું ઉપબૃંહણ કરનારાં તરીકે જાણીતા છે. વેદમાં જે વસ્તુ સંક્ષેપમાં કહેવામાં આવી હોય છે, તેને પુરાણો વિસ્તારથી રજૂ કહે છે. આ બાબતમાં નિમ્નલિખિત વિધાનો નોંધપાત્ર છે.

स एष बहुश्रुतो भवति लोके – वेद – वेदांगवित्

वाकोवाक्येतिहास पुराणकुशलः ।

तस्य च व्यवहारो वेदो धर्मशास्त्राणि

अंगानि उपवेदाः पुराणम्।(१६)

**– ધર્મસ્મૃતિમાં પુરાણ**

**– વ્યાસસ્મૃતિ**

આ સ્મૃતિ દર્શાવે છે કે 'વેદ પારંગ' થવા માટે ઈતિહાસ – પુરાણોની મીમાંસા કે અનુશીલન આવશ્યક છે.

मीमांसाते च यो वेदान् षडभिरङ्गै सविस्तरैः ।

इतिहासपुराणानि स भवेद् वेदपारगः ॥

તદુપરાંત નિમ્નલિખિત શ્લોકમાં આ જ સ્મૃતિ દર્શાવે છે કે પુરાણોમાં કહેવામાં આવેલો ધર્મ પણ શ્રુતિ અને સ્મૃતિ પ્રતિપાદિત ધર્મ જેટલો જ વ્યવહાર્ય છે :

ब्राह्मण – क्षत्रिय – विशस्त्रयो वर्णा द्विजातयः ।

श्रुतिस्मृतिपुराणोक्तधर्मयोगस्तु नेतराः ॥(१७)

ત્રણેય વર્ણો માટે શ્રુતિ–સ્મૃતિ અને પુરાણમાં કથિત ધર્મ વિહિત છે.

**– मनुस्मृति**

**મનુસ્મૃતિના વખતમાં પુરાણપાઠને પણ વેદપાઠ જેટલો જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવતો હતો. સ્મૃતિનું વચન છે.**

स्वाध्याय श्रावयेत् पित्र्ये धर्मशास्त्राणि चैव हि ।

आख्यातानीतिहासांश्च पुराणानिखिलानि च ॥(१८)

**– उशनसस्मृति**

**શિષ્યને જ્ઞાન આપતાં પહેલાં તેની પરીક્ષા કરી લેવી જોઈએ. એવા સંદર્ભમાં આ સ્મૃતિનું વિધાન છે.**

वेदं धर्मं पुराणं च तथा तत्त्वानि नित्यशः ।

संवत्सरोषिते शिष्ये गुरूर्ज्ञानिं विनिर्दिशेत ॥(१९)

**કહેવાનો ભાવાર્થ એ છે કે પુરાણના ઉપદેશને ગંભીરતાથી લેવો જોઈએ અને તેની મર્યાદા જળવાવી જોઈએ.**

**– याज्ञवल्कय स्मृति**

**યાજ્ઞવલ્કય સ્મૃતિ પુરાણને વિધાસ્થાન તરીકે ગણાવે છે.**

पुराण – न्याय – मीमांसा – धर्मशास्त्रांगमिश्रिताः ।

वेदाः स्थानानि विधानां धर्मस्य च चतुर्दश ॥

**અહીં પણ પુરાણને વિધા અને ધર્મનું સ્થાન ગણાવીને તેને વેદ જેટલું જ પવિત્ર અને ગ્રાહ્ય માનવામાં આવેલ છે.**

અન્યત્ર આ જ સ્મૃતિમાં પુરાણનો પાઠ કરવાથી દેવો તથા પિતૃઓની તૃપ્તિ થાય છે. એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. [૨૦]

**– शुक्रनीति**

આ ગ્રંથમાં પૌરાણિક વિષે અપેક્ષા રાખવામાં આવી છે કે,

साहित्यशास्त्रनिपुणः संगीतज्ञश्च सुस्वरः ।

सर्गादिपंचज्ञाता च स वै पौराणिकः स्मृतः ॥

અર્થાત્ તે માત્ર પંચ લક્ષણનો જ નહીં પણ સાહિત્યશાસ્ત્ર અને સંગીતનો પણ જાણકાર હોવો જોઈએ તદુપરાંત તેનો સ્વર કોમલ હોવો જોઈએ.

આ ગ્રંથ રાજાએ દરરોજ જેનો સ્વાધ્યાય કરવો જોઈએ એવાં શાસ્ત્રોનો પુરાણ નિર્દેશ કરે છે. [૨૧]

આ રીતે લાગે છે કે પુરાણોનું મહત્ત્વ સ્મૃતિયુગમાં પણ સ્વીકારવામાં આવતું હતું.

## – પુરાણ વિષે દાર્શનિકો

શાસ્ત્રીય ગ્રંથોના ટીકાકારોનાં ગ્રંથોનો અભ્યાસ કરવાથી માલૂમ થાય છે કે ઈસવીસનની શરૂઆતથી માંડીને આઠમી સદી સુધીના વ્યાખ્યાનકારોએ પુરાણોનો નિર્દેશ કરેલો છે આવા વ્યાખ્યાનકારો છે –

(क) शबर स्वामी (ઈ.સ.૨૦૦ થી ૪૦૦ નો મધ્યભાગ)

(ख) कुमारिल (ઈ.સ.ની સાતમી સદી)

(ग) शंकराचार्य (ઈ.સ.૭૦૦ ની આસપાસ)

(घ) विक्तरूप (ઈ.સ.૮૦૦ થી ૮૫૦)

આ દાર્શનિકોએ કવચિત્ પુરાણનો નામ નિર્દેશ કરીને પોતાના સિદ્ધાંતની સ્થાપના કરી છે, તો કવચિત્ પુરાણોમાં ચર્ચાયેલ વિષયોનો જ નિર્દેશ કરીને સંતોષ માન્યો છે. પણ બધાનો સૂર એ છે કે વેદના અર્થનું ઉપબૃંહણ કરવા માટે પુરાણો પ્રમાણભૂત સાધન છે. આ બાબતમાં એક વાત સ્પષ્ટ થાય છે કે કેટલાક પુરાણો (દા.ત. વિષ્ણુ પુરાણ અને વાયુ પુરાણ) વધારે લોકપ્રિય બની રહ્યાં છે. અન્ય પુરાણોમાંથી નામ આપ્યા વિનાનાં ઉદાહરણો મળી આવે છે. આ હકીકત સૂચવે છે કે પુરાણના વિષયો સતત એકસરખા રહ્યા છે.

## ૩.૩ 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ તથા અર્થ

વૈદિક સાહિત્ય એ આપણા ભારતીય સંસ્કૃતિનું ચિત્ર રજૂ કરે છે. વેદોની કઠિનતમ્ ભાષાને સામાન્ય જનસમાજ સુધી સરળ ભાષામાં રજૂ કરવાનું માધ્યમ તે પુરાણોને મળ્યું છે. પરંતુ આ પુરાણ શબ્દનો અર્થ વ્યુત્પત્તિ શું છે ? તેનું મહત્ત્વ શું છે ? તેના વિશેની માહિતી મેળવવી જરૂરી છે.

यस्मात्पुरा ह्यनलीटं पुराणं तेन स्मृतम् ।

निरूकतमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ॥

અર્થાત્, "સર્વ પ્રથમ જ્ઞાનનો પ્રકાશ આપવાથી તેની પુરાણ સંજ્ઞા થઈ, તેની નિરુક્તિ યા વ્યુત્પત્તિ જાણે છે તે બધા પાપોથી છૂટી જાય છે."(૨૨)

પુરાણ શબ્દનો ઉલ્લેખ સૌ પ્રથમ અથર્વવેદમાં ત્રણ સ્થળો પર થયેલો છે. ઋક્, સામ, છંદ (અથર્વ) અને યજુર્વેદની સાથે પુરાણ પર ઉચ્છિષ્ટ થયેલા યજ્ઞના અવશેષથી અથવા જગત પર ધુલોકમાં નિવાસ કરવાવાળા દેવતા પેદા થયા.

इतिहास पुराणाभ्यां वेद समुपवृहयेत ।(२३)

પુરાણોનું મૂળ વૈદિક સાહિત્ય છે. પુરાણ ભારતીય સાહિત્યના અંગ અને પરવર્તી ભારતીય ધર્મ છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ પુરાણને વેદના પૂરક માન્યા છે.

श्रुति–स्मृति उभे नेत्रे पुराणं हृदयं स्मृतम् ।

પુરાણની ઉપમા હૃદય સાથે કરીને તેને શ્રુતિ–સ્મૃતિથી પણ શ્રેષ્ઠ કહેવાય છે. શ્રુતિ–સ્મૃતિ બે નેત્ર છે અને પુરાણ હૃદય છે. તેથી એક નેત્રની કમીથી માનવ કાણો તથા બે નેત્રની કમીથી અંધ બને છે. પરંતુ હૃદય વિહીન માનવ શકય નથી. તેથી પુરાણહીન હૃદય શૂન્ય છે.(૨૪)

છાંદોગ્ય ઉપનિષદમાં નારદ સનતકુમારનાં સંવાદની ઉક્તિમાં નારદજી સ્વયંને ચાર વિદ્યાઓનાં જ્ઞાતા તરીકે ઓળખાવતા પાચમાં વેદ તરીકે તે ઈતિહાસ – પુરાણ શબ્દનો ઉલ્લેખ કરે છે. (૨૫)

સામાન્ય રીતે પુરાણ શબ્દ એ પ્રાચીન સમયનો વાચક છે.

વાયુપુરાણ આ શબ્દની વ્યુત્પત્તિ આપતા નોંધ છે કે 'पुराअनति' એટલે કે જે પ્રાચીન સમયમાં સજીવ હતું.(૨૬)

પદ્મપુરાણ જરા જુદી રીતે આ શબ્દને રજૂ કરતાં કહે છે કે 'परंपरा वष्टि ।' જે પ્રાચીનતાની કામના કરે છે તે પુરાણ છે.(૨૭)

બ્રહ્મપુરાણ તેની ત્રીજી વ્યુત્પત્તિ આપતા નોંધે છે કે पुरा एतद् अरत् ।(२८)

સાયણ ઉર્ધિષ્ટનો અર્થ उद+उर्ध्वम् અર્થાત્ પરમાત્મા એવો કરે છે. એટલે કે બધાં જીવાત્માઓનાં નાશ પછી પણ તેનું અસ્તિત્ત્વ રહે છે તે આ રીતે પુરાણો પરમાત્માથી ઉત્પન્ન થયેલા છે. આમ, પુરાણોનો દૈવી ઉત્પત્તિનો પણ મત પ્રાપ્ત થાય છે.

અલગ-અલગ ગ્રંથોમાં પુરાણની વ્યુત્પત્તિ - અર્થો અલગ રીતે દર્શાવવામાં આવે છે.

पुरा विद्यते इति पुराणम् । અર્થાત્ "પુરાતનકાલમાં વિદ્યમાન હતું. તેથી તે પુરાણ કહેવાય છે."(૨૯)

યાસ્કમુનિએ નિરુક્તમાં 'પુરાણ' શબ્દનું નિર્વચન આપ્યું છે.

पुरापि नवम् भवति । અર્થાત્ "જે પ્રાચીન હોવા છતાં નવીનતાથી યુક્ત છે." (निरुक्त-३/१९)

પાણિની અનુસાર पुराभव पुराणम् । અર્થાત્ "પહેલા થયેલું કે ઘટેલું."(सिद्धांत कौमुदी-४/३/२३)

प्रथम सर्वशास्त्राणां पुराणं ब्रह्मणा स्मृतम् ।

મત્સ્યપુરાણ અને વાયુપુરાણનાં મતે બ્રહ્માજીએ સર્વપ્રથમ પુરાણોનું જ સ્મરણ કર્યું.[૩૦]

શ્રીમદ્ ભગવતગીતામાં ભગવાન શ્રીકૃષ્ણને पुराणपुरूष કહ્યા છે. कविं पुराणमनुशासितारम् ।[૩૧]

पुराणं पच्चमं वेदानां वेदम् । છાંદોગ્ય ઉપનિષદમાં પુરાણને પાંચમો વેદ માનવામાં આવે છે.[૩૨]

પાણિનીય વ્યાકરણ મુજબ पुरा ને કાળવાચક અવ્યયથી પ્રત્યય લગાડીને (पुरा + अन) = पुराण પુરાણકાળમાં થયેલું એમ થાય છે.

(पाणिनीय सूत्र-४/३/२३)

સામાન્ય રીતે પુરાણ શબ્દનો અર્થ 'પ્રાચીન કે પ્રાચીન સમયનું' એવો થાય છે.

ઉપર મુજબ મળતી पुराण ની વ્યુત્પત્તિ આધારે આટલું તો કહી શકાય કે,

- જે જૂની વાતને રજૂ નવી રીતે કરે તે...

- જે જૂની વાતને જીવતી રાખે તે ...

- જે જૂનાકાળમાં હતું તેની માહિતી પૂરી પાડે તે...

- જે જૂની વાતને આવકારે તે પુરાણ છે.

આમ, પુરાણ નવીનતમ્ નથી પરંતુ પ્રાચીન છે. તેથી, પુરાણ શબ્દનો અર્થ પ્રાચીન એમ થાય છે.

જયારે નિરુક્ત અનુસાર પુરાણની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. 'पुरा नवं भवति ।' એટલે કે પહેલાં જે નવું છે.(૩૩)

પ્રસ્તુત તમામ વ્યાખ્યાઓ અને માન્યતાઓને આધારે એ માની શકાય કે પુરાણોનો વિષય પ્રાચીન કાળની સાથે સંકળાયેલો છે. આ ઉપરાંત નિરુક્તની જુદી તરી આવતી વ્યુત્પત્તિને આધારે એ પણ નિષ્કર્ષ નીકળે કે જે પ્રાચીન કાળનું હોવા છતાં જે નિત્ય નવીન છે, તે પુરાણ છે. એટલે કે પુરાણની અંદર સમાવિષ્ટતત્ત્વ મૂલતઃ પ્રાચીન હોવા છતાં જે નિત્ય નવીન છે, તે પુરાણ છે. એટલે કે પુરાણની અંદર સમાવિષ્ટ તત્ત્વ મૂલતઃ પ્રાચીન હોવા છતાં તેમાં કાળાન્તરે પ્રાપ્ત થતાં નૂતન સિદ્ધાંતો અને અભિગમોને મૂળ સ્વરૂપે સ્વીકારી લેવાની ઘટના સ્પષ્ટ છે. આમ, પરિવર્તનોને પોતાનામાં આત્મસાત કરી લેવા છતાં તેમાં કાળાન્તરે પ્રાપ્ત થતાં નૂતન સિદ્ધાંતો અને અભિગમોને મૂળ સ્વરૂપે સ્વીકારી લેવાની ઘટના સ્પષ્ટ છે. આમ, પરિવર્તનોને પોતાનામાં આત્મસાત કરી લેવા છતાં પોતાના મૂળ સ્વરૂપને જાળવી રાખનાર પુરાણો જૂના હોવા છતાં નિત્યનવીન લાગે છે.

આ રીતે જોતાં પુરાણને લૌકિકશાસ્ત્ર ગણાવી શકાય. કારણ કે મહર્ષિ વાત્સ્યાયન લોકવૃત્તને જ ઈતિહાસ – પુરાણનો વિષય ગણાવે છે.(૩૪) જેમ વેદના મૂળ સ્વરૂપમાં પરિવર્તનો આવતા ગયાં તેમ પુરાણ પણ સમયનાં વહેણમાં પરિવર્તન પામતું ગયું પરંતુ પ્રાચીન પરંપરાનાં મતાનુસાર કેવળ લોકવૃત્તનાં વર્ણનો જ પુરાણનાં વકર્ય વિષયો છે.(૩૫) ધર્મશાસ્ત્ર સાથે તેનો કોઈ

સંબંધ આ પરંપરાએ સ્વીકાર્યો નથી. આ બાબતને સમર્થન આપતા ડૉ. પુસાળકર નોંધે છે કે ધર્મ શાસ્ત્રીય વિષયોનો પુરાણોમાં સમાવેશ પાંચમી છઠ્ઠી સદીમાં થયો છે.(૩૬) આથી પ્રાચીન પરંપરાના મતાનુસાર ધર્માનુશાસન એ પુરાણોનો મૂળ ઉદ્દેશ નથી.

ચર્ચાના અંતે એ નિર્ણય પર આવી શકીએ કે પ્રાચીન કાળનાં લોકવૃત્તનો ઈતિહાસ જેનો વર્ણ્ય વિષય છે અને કાળાન્તરે જેમાં પરિવર્તનોને સ્વીકારાયાં છે. તેવું પ્રાચીન સાહિત્ય સ્વરૂપ જે વેદસમાન છે તેને 'પુરાણ' કહી શકાય.

## ૩.૪ પુરાણોનું મહત્ત્વ

વેદકાલીન સંસ્કૃતિમાં ઉદ્દગમ વિકાસની પરંપરામાં, પુરાણોનો રચનાકાળ અને ઉદ્દેશ્ય એ વિકાસશીલ અને સતત પરિવર્તન પામી સંસ્કૃતિનાં જીવંત ચિત્રીકરણ જેવો રહ્યો છે. માટે જે ઈતિહાસ – પુરાણના સહઉચ્ચારણમાં પુરાણને ઈતિહાસ અને ઈતિહાસને પુરાણ તરીકે દર્શાવવામાં આવે છે. ડૉ. પુસાળકર પણ નોંધે છે કે પુરાણોની અંદર સમાવિષ્ય થયેલ વંશપરંપરાનો ઈતિહાસ પ્રાચીન હોવાથી પુરાણોનું ઐતિહાસિક મૂલ્ય વધી જાય છે. વેદો અને સંહિતાઓનું કલીષ્ટ ભાષા સ્વરૂપો અને નિર્ભેળ કઠોર સત્યના વ્યવહારુ માર્ગની જરૂરિયાતને પરિણામે જે સાહિત્ય સ્વરૂપ ઉદ્દભવ્યું છે તે પણ પુરાણ છે.(૩૭)

પાશ્ચાત્ય વિદ્વાનો સર્વશ્રી વિલ્સન અને પાર્જીટરના પુરાણ વિશેના ગહન અને તુલનાત્મક અધ્યયનને કારણે પ્રાચીનકાળથી દીર્ઘકાલીન ઉપેક્ષિત એવા આ સાહિત્ય સ્વરૂપ તરફ સૌનું ધ્યાન દોરાયું છે. આ પ્રકારનાં દષ્ટિકોણને પરિણામે ભારતીય ઈતિહાસનાં સંશોધનમાં મહત્ત્વનાં સ્ત્રોત તરીકે પુરાણોનો સ્વીકાર થવા લાગ્યો. સર્વશ્રી રેપ્સન, ડૉ. સ્મિથ, પ્રો. જાયસ્વાલ, ડૉ. ભાંડારકર,

પ્રો. રાય ચૌધરી, પ્રો. રંગાચાર્ય વગેરે આધુનિક ઈતિહાસકારો અને પ્રાચીન તત્ત્વવિદ્વોએ પોતાનાં ઐતિહાસિક ગ્રંથો, સમીક્ષાઓ, પ્રબંધો અને લેખોમાં પૌરાણિક સામગ્રીનો ખૂબ જ ઉપયોગ કર્યો છે. ઈતિહાસ વિદ્વોએ હવે સ્વીકાર્યું છે કે મૌર્યે અંગે વિષ્ણુપુરાણનું અને ગુપ્તો વિશે વાયુપુરાણનું વર્ણન વિ✓સનીય છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનાં વ્યાપક ઈતિહાસ માટે પુરાણોનું સવિશેષ મહત્ત્વ છે.

પુરાણોનાં મૂલ્ય તરફ નજર કરતાં જણાય છે કે વેદ પરંપરા પછી પુરાણોની રચના બાદ અનુકરણીય સાહિત્યમાં પુરાણોનાં સંદર્ભોની ઉપયોગીતા એને તેનું બાહુલ્ય એટલું રહ્યું છે કે પછીના દર્શનશાસ્ત્રોએ પણ શાસ્ત્ર સિદ્ધાંતો અંતર્ગત પુરાણોનાં સંદર્ભો દર્શાવ્યા છે. આ ઉપરથી આ સાહિત્ય સ્વરૂપનું માળખું અને તેનું બાહુલ્ય તથા વૈવિધ્યપૂર્ણ વિષયવિભાવના તેના તાત્ત્વિક મૂલ્યને ખૂબજ વધારે છે. મહાભારતની સાથે જ પુરાણને પાંચમા વેદ તરીકેનું સ્થાન પ્રાપ્ત થયું છે.(૩૮) તેનું બાહ્ય અને આંતર સ્વરૂપ રામાયણ, મહાભારત અને સ્મૃતિઓ સાથે મળતું આવતું છે. પુરાણોને સમગ્રપણે પ્રાચીન તેમજ મધ્યકાલિન હિન્દુત્વનો, ધાર્મિક, દાર્શનિક, ઐતિહાસિક, સામાજિક અને રાજનૈતિક સંસ્કૃતિનો વિ✓કોષ જ ગણવો જોઈએ.(૩૯)

## ૩.૫ પુરાણોનો ક્રમ અને સંખ્યા

પુરાણોની સંખ્યાના મુદ્દા વિશે વિચાર કરતાં પ્રશ્ન થાય છે કે, પુરાણની સંખ્યા ૧૮ કેવી રીતે બની. જો કે આના ઉત્તરમાં કહી શકાય કે સંખ્યા તો નિર્માતાની ઈચ્છાને આધીન છે. ભગવાન વ્યાસે અઢાર પુરાણો બનાવાનું ઉચિત માન્યું. જેમકે ચાર વેદ, ચાર ઉપવેદ, છ વેદાંગ, પુરાણ, ન્યાય મીમાંસા અને

ધર્મશાસ્ત્ર સહિત અઢાર વિદ્યા સુપ્રસિદ્ધ છે. વિદ્યાઓની ગણતરીમાં અઢાર સંખ્યા જ લેવાય છે. ધર્મશાસ્ત્રમાં સ્મૃતિ ૧૮ છે. પુરાણ ૧૮ છે. ઉપપુરાણ ૧૮ છે. મહાભારતમાં પર્વ ૧૮ છે. શ્રીમદ્ ભગવતગીતાનાં અધ્યાય પણ ૧૮ છે. આવી રીતે ૧૮ સંખ્યાનો આવો આગ્રહ જોઈને અંતઃકરણમાં વિચાર જરૂર ઉઠે છે કે સંખ્યા ઈચ્છા માત્રથી નથી આપવામાં આવી પણ તેની પાછળ ગુરૂ રહસ્ય જળવાયું છે.

પુરાણની સંખ્યાનાં રહસ્યો વિશે પ્રાચીન ગ્રંથકારો અને વ્યાખ્યાનકારોએ નીચે મુજબ માન્યતાઓ દર્શાવી છે.

૧. મનુષ્યના શરીરમાં કાર્ય કરનારાં તત્ત્વો અઢાર છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, મન, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, બુદ્ધિ અને અહંકાર. આ અઢાર દ્વારા આત્મા બધું કાર્ય કરે છે. પાપ આચરવાના દ્વાર પણ ૧૮ છે. તો આ પાપની નિવૃત્તિ માટેના ઉપાયો પણ અઢાર પ્રકારના હોવા જોઈએ.

૨. દાર્શનિક વિદ્વાનોએ ગંભીર રીતે પ્રતિપાદિત કરેલું છે કે, આત્મા ૧૮ રૂપે વિભક્ત થઈ કામ કરે છે. તેના દ્વારા કરવામાં આવેલાં કર્મોની નિવૃત્તિ માટે ૧૮ સંખ્યા છે.

૩. વિદ્યાઓનાં ૧૮ ભેદ કહેવાયા છે. ૧૮ વિદ્યાઓનું નિર્દેશણ પુરાણોમાં અનેક જગ્યાએ જોવા મળે છે. આ સંકેતથી પણ પુરાણની સંખ્યા ૧૮ હોય શકે.

૪. જગતમાં મૂળતત્ત્વ એવા પરમાત્માનાં પણ ૧૮ રૂપો વેદશાસ્ત્રોમાં જોવા મળે છે. આ ૧૮ મૂળતત્ત્વોનું પુરાણોમાં વર્ણન છે. આ માન્યતાને આધારે પણ કહી શકાય કે પુરાણોની સંખ્યા ૧૮ રાખવામાં આવી હશે.

૫. પુરાણો પ્રમાણે સંપૂર્ણ ભૂમંડળ અઢાર ભાગમાં વહેંચાયેલું છે. પ્રાચીન ગ્રંથોમાં ૧૮ દ્વીપોનાં નામ ઘણા સ્થળે જોવા મળે છે. કાલીદાસે કાર્તવીર્ય-સહસ્ત્રાર્જુન વર્ણન પ્રસંગે 'अष्टादशद्विप निखातदय:' માં જણાવ્યું છે કે કાર્તવીર્યએ અઢાર દ્વીપોમાં પોતાના યજ્ઞ સ્તમ્ભ રોપી દીધાં હતાં.

આ ઉપરાંત શ્રી હર્ષે નૈષધચરિતમાં નળરાજાની ૧૮ વિદ્યાઓને ૧૮ દ્વીપોની વિજયલક્ષ્મીની સાથે જાણે કે સ્પર્ધા કરતી હોય તેમ દર્શાવતાં લખ્યું છે કે, नवद्रपद्रीपपृथग्जदश्रियाम् नौषध આ ઉપરથી કહી શકાય કે ૧૮ દ્વીપોનાં પ્રદેશ વર્ણન માટે પુરાણ, ધર્મશાસ્ત્ર વગેરેની પણ ૧૮ સંખ્યા નિયત કરવામાં આવી છે.

૬. પુરાણમાં સૃષ્ટિ વિદ્યા જ પ્રધાનરૂપે પ્રતિપાદ્ય છે. સૃષ્ટિમાં જે પદાર્થોની ઉત્પતિ કરી છે, તે પણ ૧૮ છે આ અઢાર પ્રકારની સૃષ્ટિ પુરાણોમાં સંકેતથી હોય શકે.

૭. વેદોનું અનુસરણ કરતાં પુરાણોમાં યજ્ઞ-વિદ્યાનું મુખ્યરૂપે પ્રતિપાદન થયું છે. યજ્ઞથી જ જગત ઉત્પન્ન થાય છે. એટલે જ સૃષ્ટિ પ્રતિપાદક પુરાણોમાં યજ્ઞ સાથે મુખ્ય સંબંધ છે. શંકરાચાર્ય અનુસાર ૧૬ ઋત્વિક હોય છે. યજમાન અને યજમાન પત્ની મળી કુલ ૧૮ વ્યક્તિ દ્વારા યજ્ઞ સંપાદિત થાય છે. આ કારણથી યજ્ઞને અષ્ટાદશ નામથી જ ઓળખાવાય છે. આ અષ્ટાદશ યજ્ઞનું પ્રતિપાદક હોવાના સંકેતથી જ પુરાણોમાં પણ અષ્ટાદશ સંખ્યાની ઉત્પત્તિ જણાય છે.

પુરાણોનું સંપાદન કરનાર વેદવ્યાસ. વ્યાસ વંશના મૂળ પુરુષ બ્રહ્મા હતા. તેના પુત્રનું નામ વસિષ્ઠ હતું. વસિષ્ઠના પુત્ર શક્તિ અને શક્તિના પુત્ર

પરાશર હતા. આ પરાશરમુનિના દાશરાજની કન્યા સત્યવતી સાથે વિવાહ થયા. જેનું બીજુ નામ મત્સ્યગંધા હતું. કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના આ માતા-પિતા હતા. અને આ જ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ પ્રત્યેક દ્વાપરના અંતમાં પુરાણોની રચના કરે છે. દેવલોકમાં વિદ્યમાન પુરાણની શ્લોક સંખ્યા સો કરોડ છે, પરંતુ દ્વાપરયુગમાં મહર્ષિ વ્યાસે તેને ચાર લાખ શ્લોકના પરિમાણ ધરાવતા અઢાર પુરાણોમાં રજૂ કરેલ છે.

અષ્ટાદશ પુરાણોનો ક્રમ નિશ્ચિત હોવા છતાં દરેક પુરાણોએ તેના ક્રમ વિશેની નોંધ કરી છે. પરંતુ કેટલાક પુરાણોમાં ક્રમભેદ જોવા મળે છે. દેવી ભાગવતમાં આવતા એક શ્લોકમાં પુરાણોના આદિ અક્ષરનો ઉલ્લેખ કરીને પુરાણોની નામાવલી બતાવી છે.

मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।
अनापद्लिङ्गकूस्कानि पुराणानि पृथक् पृथक् ॥

(i) म થી શરૂ થતા બે પુરાણો : (૧) મત્સ્ય (૨) માર્કંડેય

(ii) भ થી શરૂ થતા બે પુરાણો : (૩) ભાગવત (૪) ભવિષ્ય

(iii) ब्र થી શરૂ થતા ત્રણ પુરાણો : (૫) બ્રહ્મ (૬) બ્રહ્મવૈવર્ત (૭) બ્રહ્માંડ

(iv) व થી શરૂ થતા ચાર પુરાણો : (૮) વાયુ, (૯) વામન, (૧૦) વિષ્ણુ, (૧૧) વરાહ

(v) अना-पद-लिङ्ग-गकू-स्क : (૧૨) અગ્નિ, (૧૩) નારદ, (૧૪) પદ્મ (૧૫) લિંગ થી શરૂ થતા એક-એક પુરાણો (૧૬) ગરુડ, (૧૭) કૂર્મ, (૧૮) સ્કન્ધપુરાણ[૪૦]

અષ્ટાદશ પુરાણોના પ્રથમ અક્ષરને આધારે તેના નામોનો ખ્યાલ આવે છે. આ પુરાણોના ક્રમ તેના રચનાકાળ પર આધારીત હોવાથી તેમાં પણ મતમતાંતરો છે. જો આ પુરાણોને વ્યાસની રચના માનીએ તો એમનો રચનાકાળ લગભગ એક જ ઠરે છે. એટલે કે એક જ કર્તાએ કયા ક્રમે તેની રચના કરી એ બાબતના આધારે રચનાક્રમ વિચારણીય છે. (૪૧)

નારદીય પુરાણના બાવીસમાં અધ્યાયમાં અઢાર પુરાણોનો નિર્દેશ નીચેના શ્લોકોમાં થાય છે.

ब्राह्मं पद्मं वैष्णव च वायवीयं तथैव च ।
भागवतं नारदीयं मार्कण्डेयं च क्रीर्तितम् ॥

आग्नेयश्च भविष्यश्च ब्रह्मवैवर्तलिङ्गाके ।
वाराहं च तथा स्कान्दं वामं कूर्मसंज्ञितम् ॥(૪૩)

અઢાર પુરાણોની સર્વસ્વીકૃત નામાવલી અને તેમની શ્લોકસંખ્યા નીચે પ્રમાણે છે.

૧. બ્રહ્મપુરાણ – ૧૩૦૦૦

૨. પદ્મપુરાણ – ૫૫૦૦૦

૩. વિષ્ણુપુરાણ – ૨૩૦૦૦

૪. વાયુપુરાણ – ૧૪૦૦૦ (શિવ–૨૪૦૦૦)

૫. ભાગવતપુરાણ – ૧૮૦૦૦

૬. નારદપુરાણ – ૨૫૦૦૦

૭. માર્કંડેયપુરાણ - ૯૦૦૦

૮. અગ્નિપુરાણ - ૧૫૦૦૦ થી ૧૬૦૦૦

૯. ભવિષ્યપુરાણ - ૧૪૦૦૦ થી ૧૪૫૦૦

૧૦. બ્રહ્મવૈવર્તપુરાણ - ૧૮૦૦૦

૧૧. લિંગપુરાણ -૧૧૦૦૦

૧૨. વરાહપુરાણ-૨૪૦૦૦

૧૩. સ્કન્ધપુરાણ-૮૧૦૦૦

૧૪. વામનપુરાણ-૧૦૦૦૦

૧૫. કૂર્મપુરાણ-૮૦૦૦-૧૭૦૦૦

૧૬. મત્સ્યપુરાણ-૧૪૦૦૦

૧૭. ગરુડપુરાણ-૧૮૦૦૦-૧૯૦૦૦

૧૮. બ્રહ્માંડપુરાણ-૧૨૦૦૦

શિવપુરાણ અને હરિવંશપુરાણ પણ પોતાને એક અલગ પુરાણ તરીકે ઓળખાવે છે. તેથી પુરાણની સંખ્યા વીસ થઈ જાય. આમ છતાં પુરાણની મુખ્ય સંખ્યા તો અઢાર જ માનવામાં આવે છે. પુરાણની સંખ્યામાં થતી આ વૃદ્ધિને કારણે પછીથી પુરાણને બદલે 'મહાપુરાણ' શબ્દ પ્રચલીત બન્યો છે. ભાગવતપુરાણમાં પંચલક્ષણને બદલે મહાપુરાણના દશ લક્ષણો આપવામાં આવ્યા છે. દેવીભાગવત પણ પોતાને મહાપુરાણ માને છે.

પુરાણની સંખ્યામાં થતા સતત વધારાને લીધે પુરાણ ઉપરાંત ઉપપુરાણ તથા ઔપપુરાણની પણ અઢાર - અઢારની સંખ્યા માનવામાં આવી છે.

## અષ્ટાદશ ઉપપુરાણ

૧. આદિપુરાણ

૨. નરસિંહપુરાણ

૩. સ્કન્ધપુરાણ

૪. શિવધર્મપુરાણ

૫. દુર્વાસાપુરાણ

૬. નારદપુરાણ

૭. કપિલપુરાણ

૮. વામનપુરાણ

૯. ઔશનસપુરાણ

૧૦. બ્રહ્માંડપુરાણ

૧૧. કાલિકાપુરાણ

૧૨. વરુણપુરાણ

૧૩. માહે✓રપુરાણ

૧૪. સાંમ્બપુરાણ

૧૫. સૌરપુરાણ

૧૬. પારાશરપુરાણ

૧૭. મારીચપુરાણ

૧૮. ભાસ્કરપુરાણ

આમ, ઉપપુરાણની સંખ્યા પણ અષ્ટાદશ જણાય છે.

## ❑ અષ્ટાદશ ઔપપુરાણ

૧. સનત્કુમારપુરાણ

૨. બૃહનારદીયપુરાણ

૩. આદિત્યપુરાણ

૪. સૂર્યપુરાણ

૫. નંદિકે✓રપુરાણ

૬. કૌર્મપુરાણ

૭. વસિષ્ઠપુરાણ

૮. ભાર્ગવપુરાણ

૯. મુદ્ગલપુરાણ

૧૦. કલ્કિપુરાણ

૧૧. દેવીપુરાણ

૧૨. મહાભાગવતપુરાણ

૧૩. બૃહદ્ધર્મપુરાણ

૧૪. વહિનપુરાણ

૧૫. પરાનંદપુરાણ

૧૬. પશુપતીપુરાણ

૧૭. હરિવંશપુરાણ

૧૮. ભાગવતપુરાણ

અહીં ઔપપુરાણની પણ સંખ્યા અષ્ટાદશ ગણાવી છે.

આમ, અહીં પુરાણ, ઉપપુરાણ તથા ઔપપુરાણની સંખ્યા ૧૮ હોવાનું તાત્પર્ય એ છે કે સંસ્કૃત સાહિત્યમાં ૧૮ સંખ્યાને બહુજ પવિત્ર અને મહત્ત્વપૂર્ણ દર્શાવવામાં આવી છે.

વિદ્વાનોમાં કેટલાક મતમતાંતરો હોવા છતાં આ પુરાણોના ઉલ્લેખો પુરાણોમાંથી જ પ્રાપ્ત થાય છે. જેને એક વિશેષતારૂપ કહી શકાય.

## - પુરાણાનુંક્રમણિકા

પુરાણોનો સમય નક્કી કરવામાં પુરાણાનુંક્રમણિકા એક અતિ ઉપયોગી સાધન છે. ઘણા બધા પુરાણોમાં પુરાણાનુંક્રમણિકા પ્રાપ્ત થાય છે. પુરાણોનો અનુક્રમ નક્કી કરવા માટે વિદેશી વિદ્વાન અલ્બેરૂની પુરાણાનુંક્રમણિકા મુખ્ય માનવામાં આવે છે. અઢાર પુરાણોનો ક્રમ નક્કી કરવામાં આવેલો છે. શ્રીમદ્ ભાગવત નાં ૧૨માં સ્કન્ધમાં આ ક્રમ જ દર્શાવાયો છે. વિષ્ણુપુરાણમાં સૃષ્ટિવિદ્યા અનુસાર પુરાણોનો ક્રમ આ મુજબ જ દર્શાવાયો છે. આમ પણ બધાં જ પુરાણોમાં સમગ્ર સૃષ્ટિનું પ્રતિબિંબ છે.

## ૧. બ્રહ્મપુરાણ

આપણા માનસમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ દશ્યમાન સૃષ્ટિની રચના કોણે કરી ? તો તેનો ઉત્તર બ્રહ્મપુરાણમાંથી મળે છે. બ્રહ્માનાં સ્વરૂપનું પૂર્ણવર્ણન અને તેનાં દ્વારા સૃષ્ટિની ઉત્પતિનો ક્રમ બ્રહ્મપુરાણમાં નિર્દેશિત છે.

## ૨. પદ્મપુરાણ

અહીં સૃષ્ટિનાં સર્જક બ્રહ્માની ઉત્પત્તિ પદ્મમાંથી થયેલી છે. તેથી બ્રહ્માના આધારસ્થાન અને ઉત્પાદક પદ્મનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

## ૩. વિષ્ણુપુરાણ

બ્રહ્માની ઉત્પત્તિ પદ્મમાંથી, પદ્મની ઉત્પત્તિ વિષ્ણુની નાભિમાંથી થયેલી છે. આ માટે અહીં વિષ્ણુપુરાણમાં વિષ્ણુના સ્વરૂપનું નિરૂપણ કરેલ છે.

## ૪. વાયુપુરાણ

ભગવાન વિષ્ણુનું આશ્રયસ્થાન શેષનાગ છે. વાયુપુરાણમાં વિષ્ણુનાં આધારભૂત સહસ્ત્ર મસ્તકવાળા શેષનાગનાં સ્વરૂપની છણાવટ કરવામાં આવી છે.

## ૫. ભાગવતપુરાણ

સહસ્ત્ર મસ્તકવાળા શેષનાગ કયા આધારે છે. તેનું વર્ણન ભાગવતપુરાણમાં શેષનાગના નિવાસસ્થાન એવાં ક્ષીરસાગરને આશ્રયસ્થાન તરીકે જણાવેલ છે.

## ૬. નારદપુરાણ

ક્ષીરસાગરની ઉત્પત્તિ શેમાંથી થઈ ? એ પ્રશ્નનાં ઉત્તરમાં 'નાર' નામની જળરાશિનો ઉલ્લેખ થાય છે. આ જળરાશિ દેનાર નારદ છે. આથી જ તેઓ સ્વયંભૂના પુત્ર કહેવાય છે.

## ૭. માર્કંડેયપુરાણ

માર્કંડેયપુરાણને આધારે પ્રકૃતિ જ સમસ્ત બ્રહ્માંડ તત્ત્વનું મૂળ છે. તેમ જણાવે છે.

## ૮. અગ્નિપુરાણ

અગ્નિપુરાણમાં અગ્નિને જ સમસ્ત સૃષ્ટિનું મૂળતત્ત્વ તરીકે વર્ણન કરવામાં આવેલ છે.

## ૯. ભવિષ્યપુરાણ

અહીં સૂર્યને જ મૂળતત્ત્વ તરીકે નિરૂપેલ છે. તેથી આ પુરાણને 'સૌરપુરાણ' તરીકે પણ ઓળખાય છે. વળી, આ પુરાણમાં ભવિષ્યકાળ ની ઘટનાનું વર્ણન જોવા મળતું હોવાથી તેને 'ભવિષ્યપુરાણ' તરીકે પણ જણાવેલ છે.

## ૧૦. બ્રહ્મવૈવર્તપુરાણ

આ બ્રહ્મવૈવર્ત પુરાણમાં પોતાના નામ વિશેની માહિતી મળે છે. તેના આધારે મૂળસૃષ્ટિનું તત્ત્વ 'બ્રહ્મા' છે. અને બ્રહ્મામાંથી આ જગત્‌ની ઉત્પત્તિ થઈ છે. જયાં કારણનો કોઈ વિકાર ન હોય તો પણ કાર્યની પ્રતિતી થઈ જાય તેને વિવૃત કહેવાય છે. આમ, બ્રહ્મવૈવર્તપુરાણ કહેવાય છે.

## ૧૧. લિંગપુરાણ

લિંગ શબ્દનો અર્થ 'लिनं गमयति' થાય છે. અર્થાત્ જેમાં અજ્ઞાન વસ્તુનું જ્ઞાન થાય તેને લિંગ કહે છે. સાંખ્યના આધારે બધાં વ્યક્ત પદાર્થોને લિંગ તરીકે ઓળખાય છે. ન્યાયશાસ્ત્રમાં અનુમાનનાં હેતુને લિંગ કહે છે. આમ, અવ્યક્તમાંથી વ્યક્ત થવું તે જ સ્થૂળતા છે.

## ૧૨. વરાહપુરાણ

વરાહપુરાણમાં વ્યક્ત રૂપમાંથી પદાર્થ આવી જાય ત્યારે તેનો पिण्ड કેવી રીતે બને છે. તેનું વર્ણન છે. બ્રાહ્મણ ગ્રંથો અનુસાર प्रजापतिर्वैवायुर्भूत्वा व्ययस्त् વરાહનો અર્થ વાયુ થાય છે. તેની વ્યુત્પત્તિ वृणोति च अहनोति च वराहः । અર્થાત્ ચારે બાજુથી જે વ્યાપ્ત છે. તેને વરાહ કહે છે.

## ૧૩. સ્કન્ધપુરાણ

દેવવાયુ અર્થાત્ અગ્નિ વિશેષ છે. આ અગ્નિનાં પાંચ અવતાર છે. તેમાં માધ્યમ કુમારાગ્નિને જાણી પૃથ્વી શરીરો વગેરે પ્રારંભનો બોધ કરાવનાર અહીં સ્કન્ધપુરાણ છે. કુમારનું નામ સ્કન્ધ હોવાથી સ્કન્ધપુરાણ કહે છે. જેમાં કુમારાગ્નિ સૃષ્ટિનો નિર્દેશ છે.

## ૧૪. વામનપુરાણ

કુમારાગ્નિ પોતાનાં સ્થાનમાં ફેલાય છે. તેનાં ફેલાવવાને વિક્રમણ કહે છે. જે વામનપુરાણમાં છે. વામને ત્રણ પગલામાં પૃથ્વી, અંતરિક્ષ, ઘૃલોકને માપી લીધાં હતાં.

## ૧૫. કૂર્મપુરાણ

કૂર્મનો એક અર્થ કાચબો થાય છે. પ્રજાપતિ કાચબાનાં આકારમાં સમગ્ર જગતને ઉત્પન્ન કરે છે. કૂર્મ શબ્દની વ્યુત્પત્તિ બ્રાહ્મણો અનુસાર यदकरोतिः तत् कूर्मः । અર્થાત્ જેમાંથી પ્રજાની ઉત્પત્તિ કરવામાં આવી તે પ્રજાપતિ કશ્યપથી ઉત્પતિનું વર્ણન છે. કશ્યપનું બીજું નામ કૂર્મ છે.

## ૧૬. મત્સ્યપુરાણ

સૂર્યમંડળમાં કાન્તિવૃત્તમાં ત્રણ ઋષિ કહેવાયા વસિષ્ઠ, મત્સ્ય અને અગત્સ્ય. આ ત્રણેય ઋષિ સૃષ્ટિને પૂર્ણપણે સહાયક બને છે. આ મત્સ્યનું નિરૂપણ કરનાર તે મત્સ્યપુરાણ.

## ૧૭. ગરૂડપુરાણ

આ રીતે સૃષ્ટિનું નિરૂપણ બાદ તેમાં રહેલ જીવધારી ઉત્પન્ન થયા પછી તેની લોકાન્તર ગતિના કયા પ્રકારો છે તેના વિષયનું નિરૂપણ ગરૂડપુરાણ કરે છે.

## ૧૮. બ્રહ્માંડપુરાણ

લોક અને લોકાન્તરનો કેટલો વિસ્તાર છે તે બ્રહ્માંડપુરાણમાં છે. આ રીતે બ્રહ્મથી શરૂ કરીને બ્રહ્માંડ સુધી સમાપન કરી તેને જાણી લેવું તે સૃષ્ટિવિદ્યા તેમ ભગવાન વ્યાસે કહી દીધું છે.

## ૩.૬ પુરાણ લક્ષણ : વિષય-સાર

પુરાણમાં મળતી માહિતીને આધારે સૌ પ્રથમ એક જ પુરાણસંહિતા હતી. પરંતુ વ્યાસજીએ માનવ સમાજ સમક્ષ તેને ચાર લાખ શ્લોકો તથા અઢાર વિભાગોમાં વિભક્ત કરી. આમ વ્યાસજીને પુરાણોના જ્ઞાતા કહેવાય છે. વ્યાસે પુરાણમાં આખ્યાન, ઉપાખ્યાન, ગાથા તથા કલ્પશુદ્ધિનો સમાવેશ કર્યો. પરંતુ આ પુરાણનું સ્વરૂપ કેવું ? અથવા તો પુરાણોને પુરાણ તરીકે ઓળખવા માટેના સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર તથા વંશાનુચરિતનો ઉલ્લેખ પુરાણોમાં જ મળે છે.

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चैव पुराणं पञ्च लक्षणम् ॥(૪૩)

આ ઉપરાંત પુરાણોના પાંચ લક્ષણોનો સ્પષ્ટ ઉલ્લેખ 'અમરકોશ'માં પણ આ પ્રમાણે ઉપલબ્ધ થાય છે.

सर्गश्च प्रतिसर्गश्च वंशमन्वन्तराणि च ।
सर्वेष्चेतेषु कथ्यन्ते वंशानुचरितं च यत् ॥(૪૪)

પુરાણની સર્વત્ર માન્યતા પરંપરા અનુસાર પાંચ વિષયો વર્ણનીય માનવામાં આવ્યા છે. સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત આ પાંચ લક્ષણ પુરાણના છે.

આ લક્ષણ થોડા પાઠભેદ સાથે યા ઐક્યરૂપથી અન્ય કેટલાક પુરાણોમાં પ્રાપ્ત થાય છે. (૪૫)

આમ, જે આત્મા વિશેની બોધ આપનાર વિદ્યા છે. તેને વેદવ્યાસે પાંચ લક્ષણોમાં ગૂંથી છે. અને તેને જ પુરાણ કહેવામાં આવે છે.

## (૧) સર્ગ

સર્ગ એટલે જગતની તથા તેમાં રહેલા વિવિધ પદાર્થોની ઉત્પત્તિ.

अव्याकृतगुणक्षोलात् महतस्त्रिवृतोऽहम्: ।
भूतमात्रेन्द्रियार्थानां सम्भदः सर्ग उच्चते ॥

(श्रीमद्द भागवत – १२/७/११)

અર્થાત્ "જયારે મૂળ પ્રકૃતિમાં લીન થયેલા ગુણો સત્વ, રજસ્ અને તમસ્ છે. તે ક્ષુબ્ધ થાય છે. ત્યારે મહત તત્ત્વ જન્મે છે. તેમાંથી તામસ્, રાજસ્ અને સાત્વિક અહંકાર જન્મ પામે છે. તેમાંથી પાંચ તન્માત્રાઓ (સ્પર્શ, રૂપ, રસ, ગંધ, શબ્દ) તેમાંથી પાંચ મહાભૂતો (આકાશ, પૃથ્વી, જળ, તેજ, વાયુ) વગેરે જન્મે છે. આમ, સર્ગ અથવા સૃષ્ટિ-સર્જન આકાર પામે છે. આ ઉત્પત્તિક્રમનું નામ સર્ગ છે."

## (૨) પ્રતિસર્ગ

સર્ગથી વિપરીત તે પ્રતિસર્ગ છે. અર્થાત્ પ્રલય એટલે પ્રતિસર્ગ. વિષ્ણુપુરાણમાં પ્રતિસર્ગને બદલે પ્રતિસંચાર (प्रतिसत्वर) શબ્દનો પ્રયોગ થયો છે.[૪૬] શ્રીમદ્દ ભાગવત સંસ્થા શબ્દ પ્રયોજે છે. શ્રીમદ્દ ભાગવતમાં વિસર્ગ શબ્દ વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ પ્રયોજે છે. વિસર્ગ સદ્દવાસનાને લીધે બને છે.

नैमित्तिकः प्राकृतिको नित्य आत्यान्तिको लयः ।
संस्थोति कविर्भिः प्रोक्ता चतुधडिस्य स्वभावतः ॥

(श्रीमद्द भागवत–१२/७/१७)

**(૩) वंशः**

**શ્રીમદ ભાગવત મુજબ,**

राज्ञा ब्रह्मप्रसूतानां वंशस्त्रैकलिकोऽन्वयः ॥

(श्रीमद्द भागवत – १२/७/१६)

**અર્થાત્ "બ્રહ્મા દ્વારા જે જે રાજાઓનું સર્જન થયું તે તે રાજાઓની ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલીન સંતાન-પરંપરાને કહેવામાં આવી છે. અન્ય પુરાણોમાં રાજવંશ ઉપરાંત ઋષિઓના વંશોની પરંપરાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે."**

**(૪) मन्वन्तरः**

**પુરાણ અનુસાર આ શબ્દ સૃષ્ટિનાં જુદા જુદા કાલમાનનો દ્યોતક છે. સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ આ ચાર યુગો એટલે ચતુર્યુગી આવી એકોત્તેર ચતુર્યુગી એટલે મન્વન્તર પ્રત્યેક મન્વન્તરમાં તેનાં વિશિષ્ટ મનુ, દેવતા, મનુપુત્ર, ઈન્દ્ર, સપ્તર્ષિ એ પાંચ અધિકારીઓ ઉપરાંત હરિનાં અંશાવતારોનો સમાવેશ થાય છે.**

मन्वन्तरं मनुदेवां मनुपुत्राः सुरेक्तरः
ऋषयोडशावताराश्च हरेः षड्विधमुच्यते ॥

(श्रीमद्द भागवत–१२/७/१५)

અર્થાત્ - મનુ, દેવતા, મનુપુત્ર, ઈન્દ્ર, સપ્તર્ષિ અને ભગવાનનો અંશાવતાર - આ છ વિશિષ્ટતાઓથી યુક્ત સમયને 'મન્વન્તર' કહેવાય છે.

## (૫) વંશાનુચરિત

વંશાનુચરિતને કેટલાક વંશ્યાનુચરિત પણ કહે છે.

वंशानुचरितं तेषां वृतं वंशधराश्च ये ।

(श्रीमद्द भागवत – १२/७/१६)

રાજાઓ તથા ઋષિઓના વંશોમાં ઉત્પન્ન વંશધરોનું તેમજ મૂળપુરૂષ રાજાઓના વંશોમાં વિવરણ જેમાં કરવામાં આવ્યું હોય તેને 'વંશાનુચરિત' કહે છે.

બ્રહ્મવૈવર્તપુરાણ તેમજ શ્રીમદ્દ ભાગવત પુરાણમાં બે જગ્યાએ એવું જણાવેલ છે કે, મહાપુરાણો દક્ષલક્ષણોવાળાં તેમજ ઉપપુરાણો પાંચ લક્ષણોવાળાં હોય છે. ભાગવતમાં જોવા મળતાં દશલક્ષણો તુલનાની દષ્ટિએ કેવળ નામ ભેદ જ છે. અહીં કેવળ શબ્દ ભેદ જ છે. અભિપ્રાય ભેદ નથી. મૂળ માં તો બંને એક જ છે.

## - पुराणं दशलक्षणम्

ભાગવતના બારમા સ્કંધમાં પુરાણનાં દશ લક્ષણો આ પ્રમાણે આપેલા છે.

सर्गश्च विसर्गश्च वृति रक्षान्तराणि च ।

वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥

(श्रीमद्द भागवत – १२/७/९)[४७]

અર્થાત્ "૧-સર્ગ, ૨-વિસર્ગ, ૩-વૃતિ, ૪-રક્ષા, ૫-અંતર (મન્વન્તર), ૬-વંશ, ૭-વંશાનુચરિત, ૮-સંસ્થા, ૯-હેતુ, ૧૦-આશ્રય."

## (૧) સર્ગ

અહીં જણાવવામાં આવેલ 'સર્ગ' એ પુરાણના પંચલક્ષણમાં આવતો 'સર્ગ' જ છે. આથી પુનરાવર્તનના દોષથી મુક્ત રહેવા માટે જ પુનરુક્તિ કરેલ નથી.

## (૨) વિસર્ગ

વિસર્ગ એટલે જીવોની વિવિધ સૃષ્ટિ. બ્રહ્મા દ્વારા સૃષ્ટિની રચના થતા મહત્ તત્ત્વ વગેરે અનુસાર પૂર્વે કરેલા કર્મોના આધારે વિશિષ્ટ જીવની સૃષ્ટિ કર્યા કરે છે. તેને જ 'વિસર્ગ' કહેવાય છે. જે રીતે એક બીજમાંથી બીજા બીજની ઉત્પત્તિ થાય છે. તેમ મહત્ અને અહંકાર વગેરેથી આ જગત ઉત્પન્ન થાય છે.

## (૩) વૃતિ

વૃતિ એટલે સૃષ્ટિના જીવોના જીવનનિર્વાહ માટેની સામગ્રી. દરેક જીવને જીવન ચલાવવા માટે જે વસ્તુની જરૂર હોય તે તેની વૃત્તિ છે. દા.ત., અનાજ, શાકભાજી વગેરે વૃત્તિમાં હોય છે. ભાગવત અનુસાર અચર પદાર્થો ચર પદાર્થોની આજીવિકા છે.

### (૪) रक्षा

ભગવાન દરેક યુગમાં વિવિધ અવતારો ધારણ કરીને વિવિધ લીલાઓ કરે છે. આ અવતારો દ્વારા તે જીવસૃષ્ટિને હાનિ પહોંચાડનાર તત્ત્વોનો સંહાર કરે છે. આમ, ભગવાન સૃષ્ટિની રક્ષા કરે છે. તેથી અહીં 'રક્ષા' એમ જણાવેલ છે.

### (૫) अन्तर (मन्वन्तर)

અહીં અંતર એ પૂર્વે જણાવેલ પંચ લક્ષણોમાં સમાવેશ પામનાર 'મન્વન્તર' જ છે. પુનરુક્તિના દોષથી વિસ્તાર કરેલ નથી.

### (૬) वंश

વંશ પૂર્વવત્ પ્રમાણે જ છે.

### (૭) वंशानुचरित

વંશાનુચરિત પૂર્વવત્ પ્રમાણે જ છે.

### (૮) संस्था

'સંસ્થા' શબ્દનો પ્રયોગ ભાગવત પુરાણે કરેલ છે. જે પૂર્વવત્ 'પ્રતિસર્ગ' જ છે.

### (૯) हेतु

હેતુનો અર્થ કારણ થાય છે. સંસારના સર્જનમાં જીવને કારણ માનવામાં આવે છે. અદષ્ટ કર્મો દ્વારા વિ✓નાં સર્ગ પ્રતિસર્ગ વગેરે થાય છે. આમ, ભાગવત જીવ માટે પ્રયોજેલો 'હેતુ' શબ્દ છે.

## (૧૦) अपाश्रयः

'અપાશ્રય' બ્રહ્મનું સૂચક એવું નામ છે. બ્રહ્મ જ અધિષ્ઠાન રૂપ 'અપાશ્રય' તત્ત્વ છે. દરેક જીવને માયાવી સૃષ્ટિમાં આ બ્રહ્મનો સતત સાક્ષાત્કાર થાય છે.

ભાગવતમાં બે સ્થળોએ દશ લક્ષણોની ચર્ચા થઈ છે. તેમાં બારમાં સ્કંધમાં ઉપર મુજબ લક્ષણોની વિસ્તૃત વર્ણન છે. તે જ રીતે બીજા સ્કંધમાં આવતાં લક્ષણો ઉપરનાં લક્ષણો સાથે અતિ ગાઢ સંબંધ ધરાવે છે. પરંતુ કેવળ નામોમાં જ ભેદ છે.

(૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) સ્થાન, (૪) પોષણ, (૫) ઉતિ, (૬) મન્વન્તર, (૭) ઈશાનુકથા, (૮) નિરોધ, (૯) મુક્તિ, (૧૦) આશ્રય.

## (૧) सर्ग

પૂર્વવત્ પ્રમાણે જ છે.

## (૨) विसर्ग

પૂર્વવત પ્રમાણે જ છે.

## (૩) स्थान

ભગવાનનો સંબંધ સર્ગ અને વિસર્ગ સાથેનો છે. પ્રકૃતિનાં વૈશમ્ય ગુણથી જે વિરાટ સૃષ્ટિ થાય છે તે 'સર્ગ' અને વિરાટનાં એક અંડમાં બ્રહ્મા દ્વારા તે વિવિધ સૃષ્ટિ થાય છે, તે 'વિસર્ગ'. ભગવાને સર્ગ અને વિસર્ગ બે લક્ષણો દ્વારા જે બ્રહ્માંડનું નિર્માણ કર્યું છે, તે પોતાની મર્યાદામાં રહીને જ પોતાનો ઉત્કર્ષ

કરી શકે છે. વૈકુંઠનાં વિજયને 'સ્થાન' કે 'સ્થિતિ' કહે છે. આ વિશાળ અવકાશમાં વિચરતાં સંખ્યાતીત બ્રહ્માંડોના 'સર્જક, સ્થાપક અને મર્યાદાપાલક ભગવાન જ છે. તેથી તેમના વિજયનું સર્વશ્રેષ્ઠતાનું સૂચક એવું આ લક્ષણ યથાર્થ રીતે જ 'સ્થાન' કે 'સ્થિતિ' કહેવાય છે.

## (૪) पोषण

વૈષ્ણવ સાંપ્રદાયના આચાર્ય શ્રીવલ્લભાચાર્યે આ 'પોષણ' ને પોતાના સંપ્રદાયનું અનિવાર્ય તત્ત્વ માન્યું છે, પોતાનાં માર્ગનું 'પુષ્ટિમાર્ગ' એવું નામાભિધાન કરેલ છે. પોષણનો અર્થ 'ભગવાનનો અનુગ્રહ' પણ થાય છે. આ લક્ષણ પૂર્વનાં લક્ષણો સાથે સંબંધ ધરાવતું લક્ષણ છે.

## (૫) उति

'ઉતિ' એટલે કર્મવાસના. ભગવાન કોઈ કામના વિના જ સતત પોતાની કૃપાની અમીવર્ષા કરે છે. છતાં પણ જીવ ઉદાસ કેમ થાય ? એવો પ્રશ્ન થાય ત્યારે તેનો ઉતર 'કર્મવાસના' છે. તેને લીધે જ જીવ ભગવાનની અમૃત કૃપાને પામી શકતો નથી.

## (૬) मन्वन्तर

પુરાણોના મતે મનુનું કાર્ય જગતની સ્થિતિ અને સંરક્ષણમાં મદદરૂપ થવું છે. ધર્મના સંરક્ષણ અને અધર્મનાં વિનાશ દ્વારા લોકમંગલ એ મન્વન્તરનું સાધન છે. આમ, પુરાણો મનુને દીર્ઘકાળ માટે સૃષ્ટિનાં સમ્રાટ તથા શાસક માને છે.

## (૭) इशानुकथा

સૃષ્ટિનો પ્રવાહ એક મન્વન્તર પછી બીજો મન્વન્તર અને એક કલ્પ પછી બીજો કલ્પ એ રીતે ચાલતો રહે છે. જીવસૃષ્ટિમાં આવ્યા બાદ તેમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે. પરંતુ ઈ✓રની લીલાને કારણે તેને સફળતા મળતી નથી. ભગવાન તથા તેમના નિત્ય પાર્ષદોનાં અવતારોની કથાને 'ઈશાનુકથા' કહે છે.

## (૮) निरोध

નિરોધનો અર્થ પ્રલય થાય છે. જયારે આત્મા પોતાની શકિતઓ સાથે સૂઈ જાય ત્યારે આખાય જગતનો નિરોધ અથવા તો પ્રલય થયો કહેવાય. 'નિરોધ' પંચલક્ષણમાં 'પ્રતિસર્ગ'માં સમાવેશ પામે છે.

## (૯) मुक्ति

દુઃખોનાં આત્યંતિક નાશ પછીની જીવની સ્થિતિને 'મુક્તિ' કહે છે. સંસારમાં જીવ પોતાને જ શરીર તેમજ ઈન્દ્રિયો માનીને આચરણ કરવા લાગે છે. પરંતુ જ્ઞાનનો ઉદય થતા મુક્તિ મળે છે. જીવ પોતાનું રૂપ છોડીને જયારે પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર થાય છે. ત્યારે તેને 'મુક્તિ' કહેવાય.

## (૧૦) आश्रय

આશ્રયનો અર્થ આધાર પણ થાય છે. જે તત્ત્વથી જગતની સૃષ્ટિ અને તેનો પ્રલય થાય અને જેને જાણવામાં આવે છે તેને આશ્રય કહે છે. શાસ્ત્રો તેને જ પરબ્રહ્મ અથવા પરમાત્મા કહે છે.

પુરાણોના વર્ણ્યવિષય જ્ઞાનનો ભંડાર માનવામાં આવે છે. પ્રાચીન ભારતની સભ્યતા, સંસ્કૃતિ, વૈભવ જનજીવન આદિનું પ્રતિબિંબ આ પુરાણોમાં દષ્ટિગોચર થાય છે.

## ૩(ગ) પૌરાણિક વાસ્તુવિદ્યાનું સ્વરૂપ

વેદ ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ ઉદ્દગમ સ્થાન છે તો પુરાણ ભારતીય સંસ્કૃતિના શાશ્વત સ્ત્રોત છે. ભારતીય સંસ્કૃતિનો કોઈક જ એવો વિષય, કોઈક જ એવું ક્ષેત્ર છે કે જેને પુરાણોએ અસ્પૃશ્ય રાખ્યું હોય. અતઃ એ કહેવું અતિશયોક્તિપૂર્ણ ન ગણાય કે ધર્મ, દર્શન, આચાર, વિચાર, ભાવ, ભાષા, રીતિ, નીતિ, શિલ્પ, કલા, જ્યોતિષ, જ્ઞાન-વિજ્ઞાનને કોઈ એક જ જગ્યાએ દષ્ટિગોચર કરવા હોય તો તે છે પૌરાણિક સાહિત્ય.

વાસ્તુની વિભાવના વેદકાલીન સમયમાં વ્યક્ત થયેલી જોઈ શકાય છે, એ પરંપરાનું પુરાણગ્રંથોમાં પણ અનુસરણ થતું જોવા મળે છે. વાયુપુરાણમાં કહેવાયું છે કે –

विधुत्वन्तं महाशैलं तत्रैकं कुलपर्वतम् ।

येन कूटतटैनैकैस्तद्दीपं समलंकृतम् ॥

અર્થાત્, "વિધુતવાન્ પર્વત પર સ્થિત પુર પર્વતની વચ્ચે સ્થિર છે. દુર્ગને 'મહાદુર્ગ' એવી સંજ્ઞાથી મત્સ્યપુરાણમાં ઓળખવામાં આવે છે તો દુર્ગમાં પર્વત દ્વારા સંપન્ન દુર્ગ અતિશ્રેષ્ઠ છે. એમ તેની મહત્તા વ્યક્ત થયેલ છે."(૪૮)

મત્સ્યપુરાણ વાસ્તુનો સંબંધ દેવતા સાથે દર્શાવે છે. દેવતાઓનો નિવાસ હોવાને કારણે 'વાસ્તુ' એવા શબ્દથી પરિચિત થયું. વાસ્તુની ઉત્પત્તિ શંકરના પ્રસ્વેદમાંથી સ્વીકારાય છે. – 'निवासात्सर्वदेवानां वास्तुरित्यभिधीयते ।'(૪૯) મત્સ્યપુરાણમાં સ્થપતિ વિશેની પણ પરિભાષા આપવામાં આવી છે. તે પ્રમાણે – वास्तुविद्याविधानज्ञो लघुहस्तो जितश्रमः । दीर्धदर्शी च शूरश्च स्थपति परिकीर्तितः ।(૫૦)

મત્સ્યપુરાણમાં દુર્ગ વિશે લખ્યું છે કે,

चर्तुणामेच दुर्गाणां स्वसमुत्थानि त्रीणि तु ।

चतुर्थं कृत्रिमं दुर्गं तस्य वक्ष्याम्यहं विधिम् ॥

અર્થાત્, "એ લોકોએ ચાર પ્રકારના દુર્ગનું નિર્માણ કર્યું, જેમાં ત્રણ પ્રાકૃતિક છે અને ચોથા પ્રકારનો કૃત્રિમ હોય છે. આ કૃત્રિમ દુર્ગ જલયુક્ત રાખવો જોઈએ."(૫૧)

વાયુપુરાણ અનુસાર – ખાઈ (परिखा)ની લંબાઈ અને પહોળાઈ દસ અને આઠ હાથની સામાન્ય રીતે હોય છે. ખેત, નગર, ગ્રામ અને ત્રિવિધ દુર્ગની સીમા પર્વત અથવા જલ દ્વારા બાંધવામાં આવે છે. લંબાઈથી અર્ધી પહોળાઈવાળા પુર શ્રેષ્ઠ હોય છે. જયારે છિન્નકર્ણ, છિટકૂટ ગોળ, નાના અને મોટા પુર નિંદનીય હોય છે. નગરના પરિમાણથી ખેટનું પરિમાણ અર્ધું હોય છે અને ખેટના પરિમાણથી ગ્રામનું પરિમાણ અર્ધું હોય છે. નગરથી ખેટ એક યોજના પર અને ખેટથી ગ્રામ અર્ધુંયોજન પર રહે છે.

વાયુપુરાણમાં વિદ્યાધરોનાં નગરને ઊંચા પ્રકારોથી યુક્ત બતાવવામાં આવે છે. તો મત્સ્યપુરાણ અનુસાર ત્રિપુરના પ્રકાર પર્વતની સમાન લાગે તેટલાં ઊંચા હોય છે.

प्रकारात्रिपुरे तस्मिन्गिरिप्राकार सन्निभाः ।

વાયુપુરાણ અનુસાર નગર સ્વસ્તિક દ્વાર યુક્ત બનાવવું જોઈએ –

तदेकं स्वस्तिकद्वारं

બ્રહ્માંડપુરાણમાં પણ કહેવાયું છે કે,

रुचकः प्रतिकद्वारम्।

બ્રહ્માના આદેશ અનુસાર વિ✓કર્માએ જે નગરીનું નિર્માણ કર્યું હતું તે ગોપુરથી યુક્ત હતું. મત્સ્યપુરાણ પ્રમાણે ત્રિપુરના નિર્માણ કરવાના સમયે બનાવવામાં આવ્યા હતા. –

इह चादृालक द्वारम् इह चाट्टालगोपुरम् ।

વાયુપુરાણ પ્રમાણે રાજમાર્ગનું માપન આ પ્રમાણે છે.

धनूषिं दश विस्तीर्णः श्रीमान्राजपथः स्मृतः ।

રાજમાર્ગની લંબાઈ દસ ધનુષ અર્થાત્ સાંઈઠ ફૂટ હોવી જોઈએ. આ રાજમાર્ગ પર દીપક જલાવવામાં આવતા હતા. જેના કારણે તેની કાંતિ ચંપા પુષ્પની સમાન પ્રતીત થતી હતી. શુક્રનીતિ કહે છે કે રાજાના પુર પરિમાણની અનુસાર જ રાજમાર્ગનું કરવું જોઈએ.

– पुरं दष्टवा राजमार्गभम् काच्येन्नृपः ।

મત્સ્યપુરાણ નગરના આકાર સંદર્ભે જણાવે છે કે નગર આયતાકાર, ચોખંડુ અથવા વૃતાકાર નિર્મિત કરવું જોઈએ. ગૃહનિર્માણના સમયે સૌથી પહેલા સ્તંભ નિર્માણ કરવો જોઈએ. જેમાં ઢચક, વ્રજ, કદ્વિવજ, પ્રલીન, વૃત એમ પાંચ પ્રકારો છે. જેમાંથી વૃતસ્તંભ મધ્યમાં વૃતાકાર હોય છે. મત્સ્યપુરાણમાં જ ત્રિપુરના નિર્માણમાં પ્રાકાર, ગોપુર તથા અટ્ટાલક ઉપરાંત રાજમાર્ગ નિર્માણની યોજના પણ નિર્દિષ્ટ કરવામાં આવી છે. મત્સ્યપુરાણ અનુસાર ઢચકાદિ સ્તંભોને પદ્મ, લતાવલિ, પત્ર અને દર્પણ આદિથી યુક્ત કરવું જોઈએ.

प्रज्यप्रकारं तत्प्रोक्त्तमुतमादि विभेदितः ।

अष्टोतरं हस्तशतं विस्तरश्चोतमो मतः ।

चतुर्ष्वन्येषु विस्तारो हीयते चाष्टाभिः करैः ॥ (५२)

મત્સ્યપુરાણમાં યુવરાજ, સેનાપતિ, મંત્રી, સામંત, શિલ્પી, કંચુકી, વેશ્યા, દૂતિ, કર્મચારી, જ્યોતિષ, ગુઢ, વૈધ, સેનાપતિ, ઈત્યાદિનાં ભવનોનું નિર્માણ તેના માન અને તેના આકારની ભિન્નતાનું વર્ણન વિશદ્ રૂપથી મળે છે.

વર્ણ અનુસાર ભવનોનું નિર્માણ ચિંતન પણ પુરાણ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે.

ભવનના સ્વરૂપ આકાર આધારે ચતુઃશાલાના સર્વતોભદ્ર, નન્ધાવર્ત, વર્ધમાન, સ્વસ્તિક અને ઢચક નામના પ્રકારો દર્શાવ્યા છે.

चतुःशालं प्रवक्ष्यामि स्वरूपन्नामतस्तथा ।

चतुःशालज्यतुद्रारैरल्दिं सर्वतोमुखम् ॥(५३)

ત્રિશાલનું પણ વર્ણન કરતા લખે છે કે,

सौम्यशालाविहीनं यत्त्रिशालं धान्यकश्च तत् ।

આ ત્રિશાલ ધાન્યક, સુક્ષેત્ર અને વિશાળ એમ ત્રણ પ્રકારનાં હોય છે. દ્વિશાલનું પણ વર્ણન અહીં કરવામાં આવ્યું છે, જેને યમસૂર્ય, દંડશાલા એ નામથી ઓળખવામાં આવે છે.

દ્વાર નિર્ધારણ સંદર્ભે મત્સ્યપુરાણ કહે છે કે પૂર્વ દિશામાં ઈન્દ્ર અને જયંત દ્વાર સર્વને માટે પ્રશસ્ત છે. પશ્ચિમદિશાના દ્વારને 'દન્ત' અને 'વારૂણ' કહ્યાં છે જે પણ પ્રશસ્ત છે. ઉત્તર દ્વાર 'ભલ્લાટ' અને 'સૌમ્ય' કહેવાય છે એ પણ શુભપ્રદાન કરનાર છે અને દક્ષિણ ભાગમાં જે દ્વાર આવે છે તેને 'યામ્ય' અને 'વિતથ' કહે છે. આ દ્વાર વેધનું નિરૂપણ કરતાં જણાવે છે કે જે દ્વાર રથ્યાથી વિદ્ધ હોય તે સંપૂર્ણ કલનો ક્ષય કરે છે એમ વિસ્તૃત વિવેચન મત્સ્યપુરાણ આપે છે.

આમ, પુરાણગ્રંથોમાં નગર, નગરમાપન, ગૃહસંન્નિવેશ, જલાશય ઈત્યાદિ વાસ્તુ સંદર્ભિત વિષયોની વિવેચના પુરાણકાળમાં પ્રવર્તમાન સમયે વિધમાન હતી એમ સૂચિત કરે છે.

આમ, વાસ્તુવિધાના સિદ્ધાંતોનું આલેખન વેદકાલથી શરૂ કરી બ્રાહ્મણ ગ્રંથો, પ્રતિબિંબિત થાય છે જે વાસ્તુવિધાની મહત્તા અને પ્રાચીનતાનો નિર્દેશ કરે છે.

**ડૉ. દ્વિજેન્દ્રનાથ શુકલ લખે છે કે,**

'भारतीय द्रष्टिकोण से स्थापत्य का सम्पूर्ण भूमण्डल ही नहीं, सम्पूर्ण विक्त ही, प्रातपाध विषय है । कोई भी 'निर्मिति' वास्तु है, कोई भी योजना 'वास्तु' है । वास्तुशास्त्र वस्तु से निकला है । विधाता ने मानसी सृष्टि की और सम्भवतः भौतिक सृष्टि की भी परन्तु वह जितनी भी सृष्टि है वह सभी वस्तु है । अतः उसको वास्तु में परिणत करने के लिए विक्तकर्मा की आवश्यकता हुई ।

प्राचीन वास्तुकला का आध्यात्मिक एवं धार्मिक पक्ष भी बोधगम्य है । ऋग्वेदों में – जो मन्त्र वास्त्वारम्भ के लिए प्रयुकत होता था उसकी परम्परा आज भी अक्षुण है । पुनः ऋग्वेद के नाम देवो में वास्तोष्पति के पूर्ण दर्शन होते है । यही 'वास्तोष्पति आगे चलकर वास्तुपुरूष मे प्रचलित हुआ ।'(५४)

## ૩.૭ વાસ્તુનો અર્થ

**મત્સ્યપુરાણમાં અધ્યાય-૨૫૨ માં વાસ્તુ એટલે શું ? તેના પ્રણેતા અઢાર મુનિઓની ચર્ચા કરી વાસ્તુશાંતિ એટલે શું ? તે દર્શાવ્યું છે. વાસ્તુશાસ્ત્રના ઉપદેશકો અથવા પ્રણેતાઓ અઢાર મુનિઓ વિખ્યાત છે. જેમાં ભૃગુ, અત્રિ, વસિષ્ઠ, વિ✓કર્મા, મય, નારદ, નગ્નજિત, વિશાષાક્ષ, પુરંદર, બ્રહ્મા, કુમાર, નંદીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરુદ્ધ, શુક્ર તથા બૃહસ્પતિનો સમાવેશ થાય છે.** (૫૫)

પહેલાના સમયમાં અંધકના વધના ભયંકર સમયે શિવે ભયંકર રૂપ ધારણ કર્યું હતું. તે સમયે લલાટમાંથી પરસેવાનું એક ભીષણ બિંદુ પૃથ્વી પર પડયું હતું અને તે પડતા જ તેમાંથી એક વિકરાળ મુખવાળુ અદ્દભુત પ્રાણી પ્રગટતાની સાથે જ તે પ્રાણી સાતે દ્વીપો સાથે સમગ્ર પૃથ્વી તથા આકાશને ગળી જવા માટે તત્પર બન્યું અને પૃથ્વી પર પડેલા અંધકના પૃથ્વી પર પડેલા બધા રક્તનું પાન કરવા છતાં તૃપ્ત થયું નહિ. ત્યારે તે શિવ પાસે દાઢણ તપ કરવા લાગ્યું અને ક્ષુધા-ભૂખથી વ્યાકુળ બની ત્રણે જગતનો આહાર કરવા માટે ઈચ્છવા લાગ્યું. થોડા સમય પછી પ્રસન્ન થયેલા ભૈરવે વરદાન માંગવા કહ્યું ત્યારે તે પ્રાણીએ ત્રણે લોકને ગળી જવાની શક્તિ માંગી અને શિવે તથાસ્તુ કહ્યું. એટલામાં તે અદ્દભૂત પ્રાણી પોતાના વિશાળ શરીરથી સ્વર્ગ, સમસ્ત પૃથ્વી તેમજ આકાશને ઢધતું પૃથ્વી પર પડયું. બ્રહ્મા, શિવ, બધા દાનવો, દૈત્યો તેમજ રાક્ષસો અન્ય દેવતાઓ સહિત તેની ઉપર ચારેય બાજુથી ચડી બેઠા. જેઓ તે પ્રાણીને જયાંથી દબાવીને બેઠા હતા. તેઓએ ત્યાં જ સ્થાન બનાવ્યું.(૫૬) અને આ રીતે બધા દેવતાઓના નિવાસ હોવાને લીધે તે વાસ્તુના નામથી ઓળખાયું.

निवासात्ससर्वदेवानां वास्तुरित्याभिधीयते ।(५७)

આ રીતે દબાવેલા તે પ્રાણીએ દેવતાઓને વિનંતી કરી અને પ્રસન્ન થવા કહ્યું બધાએ દબાવેલા તેમજ અધોમુખે લાંબો સમય સુધી રહેવા સમર્થન હોવાથી બ્રહ્માદિ દેવતાઓએ તે પ્રાણીની વિનંતીનો પ્રત્યુત્તર આપ્યો કે - વાસ્તુશાંતિ સમયે મધ્યમાં જે બલિ આપવામાં આવશે. વૈ✓દેવ પછી જે બલિ આપવામાં આવશે તે આહાર તને જ મળશે અને વાસ્તુશાંતિ માટેના જે યજ્ઞ થશે તે તને આહારરૂપે મળશે, યજ્ઞોત્સવના પ્રારંભમાં આપેલો બલિ પણ તને ભક્ષ્યરૂપે મળશે અને વાસ્તુપૂજા નહિ કરનારાઓ પણ તારા ભક્ષ્ય બનશે.

અજ્ઞાનરૂપે કરવામાં આવેલો યજ્ઞ પણ તારો આહાર બનશે. આ રીતે બ્રહ્માદિ દેવતાઓના કથનથી આ વાસ્તુ નામક પ્રાણી સંતોષ-હર્ષ પામ્યું અને ત્યારથી લોકમાં વાસ્તુયજ્ઞનો પ્રારંભ થયો છે.(૫૮)

શ્રી વિ✓કર્માપુરાણમાં ઋષિમુનિઓના આ વાસ્તુ-પુરુષ કોણ છે ? એ પ્રશ્નના ઉત્તરમાં સૂતજી આ પ્રમાણે વાસ્તુની ઉત્પત્તિ જણાવે છે.

દેવો-દાનવોના સંગ્રામમાં જયારે ભગવાન શંકર અને અંધકનું અતિદારૂણ યુદ્ધ ચાલતું હતું, ત્યારે બધા દેવો-દૈત્યો લડવાનું મૂકીને, ઊભા રહીને, આશ્ચર્યમુગ્ધ થઈને બે મહાસમર્થ યોધ્ધાઓનું યુદ્ધ નિહાળતા હતા. તેમાંના એક શંકર ભગવાન હતા, જયારે બીજાને મહાસમર્થ દેવનું પીઠબળ હતું. તેથી જેમ વજ્ર સામે વજ્ર આવે તેના ઘર્ષણને પરિણામે માત્ર અગ્નિ પેદા થાય, પણ તે વજ્રને કંઈ જ અસર નહીં થાય, તે પ્રમાણે આ બંને યોધ્ધાઓને ભીષણ યુદ્ધ કરવા છતાં લગીરે ય થાક લાગતો નહોતો. બંનેમાંથી એક પણ પીછે હઠ કરતો નહોતો. બંને એકબીજાને શસ્ત્ર-પ્રહારો કરતા હતા. બધાં શસ્ત્રો નિષ્ફળ નીવડતાં હતાં. કોઈપણ એકબીજા સામે નમતું જોખવાને તૈયાર નહોતા.

આમ, દેવ-દાનવોનું યુદ્ધ એક સહસ્ત્ર વર્ષ પર્યન્ત ચાલ્યું. શંકર ભગવાનને અંધકને લડતાં આઠસો વર્ષ નીકળી ગયાં. દેવો અને દાનવો આ અપૂર્વ યુદ્ધને આશ્ચર્યથી જોતા હતા. શસ્ત્રોના ઘર્ષણથી રણમેદાનમાં અગ્નિના તણખા ઊડતા હતા. એ અગ્નિ ત્રિલોકને પોતાની જવાળાથી બાળતો હતો. ત્રૈલોક્યની પ્રજા અગ્નિનો તાપ સહન નહીં થતાં ત્રાહિ પોકારતી હતી પણ તેમનો પોકાર સાંભળવાની કયાં કોઈને ફુરસદ હતી ?

અંતે, અખિલ વિ✓ના રક્ષણનો ભાર જેને શિરે છે તેવા પરમ કૃપાળુ પરમાત્મા વિરાટ વિ✓કર્માએ વિચાર્યું કે જો આ શંકર – અંધકનું યુદ્ધ અટકશે નહીં તો જગત પર મહા આપત્તિ ઊતરશે. હવે તો કંઈક કરવું પડશે. તેમણે કૃતસંકલ્પ કર્યો.

વિ✓કર્મા ભગવાનનો કૃતનિશ્ચય થતાં જ રણસંગ્રામમાં સર્વ દેવો અને દાનવો સહિત શંકર–અંધકને આશ્ચર્ય ઉપજાવનાર એક કૌતૂક થયું. આ અતિ દારુણ યુદ્ધ તથા શસ્ત્રાસ્ત્રોના ઘર્ષણથી ઉત્પન્ન થયેલા અગ્નિથી બંને મહારથીઓ શંકર ભગવાન અને અંધકના શરીરેથી પ્રસ્વેદના રેલા ઊતરતા હતા. બંનેના પ્રસ્વેદના ટપકતાં બિંદુઓનો ભૂમિ પર એક જગ્યાએ સંગમ થયો અને તેમાંથી તરત જ એક પુરુષ ઉત્પન્ન થયો. એ પુરુષના બળથી ડરીને શંકર ભગવાન તથા અંધક બંને વિ✓કર્મા પ્રભુને શરણે ગયા. પ્રભુએ તે પુરુષથી એ બંનેનું રક્ષણ કર્યું. બંનેને એ પુરુષની ઉત્પત્તિનું કારણ દર્શાવ્યું. પછી એ પુરુષને વાસ્તુ – ને નામે સંબોધીને પોતાના પુત્રરૂપે તેને પ્રભુએ સ્વીકાર્યો. ત્યાર પછી વાસ્તુએ પ્રભુના જે જે કાર્યો કર્યા તેના અસંખ્યા પરાક્રમો અવર્ણનીય છે. પણ વાસ્તુએ ભૂમિના અષ્ટ મહાશલ્યનો પરિહાર કર્યો. તેના આ કાર્યથી પ્રસન્ન થઈને પ્રભુએ તેને દેવત્વ અર્પ્યું હતું.[૫૯]

## ૩.૮ વાસ્તુ પ્રાદુર્ભાવ

વાસ્તુ પૂજા શું છે ? તેનું મહત્ત્વ શું છે ? લોકો આજે પણ ગૃહનિર્માણના પછી વાસ્તુ કરે છે તે વિચારની સાથે આવાસના દેવ તરીકે તેને સંતુષ્ટ કરવાની ભાવના આમાં રહેલી છે. તેનો ખ્યાલ આવે છે.

વાસ્તુપૂજા નહિ કરનાર તારા ભક્ષ્ય બનશે. અજ્ઞાનથી કરવામાં આવેલો યજ્ઞ પણ તારા આહારરૂપ થશે. બ્રહ્માદિ દેવતાઓએ આમ કહ્યું એટલે એ વાસ્તુ નામનું પ્રાણી ઘણા સંતોષ સાથે હર્ષ પામ્યું. ત્યારથી લઈ લોકમાં શાંતિ માટે વાસ્તુયજ્ઞ ચાલુ થયો છે.[૬૦]

આ રીતે બધા દેવતાઓના નિવાસ હોવાને લીધે તે વાસ્તુ નામથી કહેવાયું. માટે જ દેવતાઓને પ્રસન્ન કરવાથી વ્યક્તિ શાંતિપૂર્ણ જીવન વ્યતિત કરી શકે આજે પણ ગૃહનિર્માણ પછી અને ગૃહપ્રવેશ પહેલાં વાસ્તુવિધિ કરવામાં આવે છે.

નવનિર્માણ, પુનનિર્માણ અને જીર્ણોધ્ધારનાં સર્વ કાર્યોમાં ભગવાનની આજ્ઞાથી વાસ્તુનું સર્વ પ્રથમ પૂજન થાય છે.[૬૧]

## ૩.૯ વાસ્તુપુરુષના શરીરમાં વિવિધ દેવતાઓના સ્થાન

ભવિષ્યપુરાણમાં મળતી માહિતી અનુસાર વાસ્તુયોગના મંડલ નિર્માણ બાદ અવાહિત દેવતાઓની પૂજા કરવી જોઈએ. ઈશાનકોણમાં મંડલસ્થલકલશમાં ગણેશની પૂજા, કુંડની મધ્યમાં મહાદેવ, વિષ્ણુ, બ્રહ્મા અને અગ્નિની પૂજા કરવી જોઈએ. પૂજા આરંભ સમયે પ્રાણાયામ કર્યા બાદ ભૂતશુદ્ધિ કરી વાસ્તુપુઢષનું ધ્યાન કરવું. વાસ્તુપુઢષની ચાર ભુજાઓ હોય છે. તથા તે કુંડલ આદિથી અલંકૃત હોય છે. તે ચારે ભુજાઓમાં પુસ્તક, અક્ષમાલા, વર અને મુદ્રા ધારણ કરેલા છે. તેની સાથે વૈ✓ાનર, વાયુ તથા પિતૃ અહિં દેવતાઓ રહે છે. [૬૨]

મત્સ્યપુરાણની કથાનુસાર વાસ્તુપુરુષના શરીરમાં વિવિધ દેવતાઓના સ્થાન તેમજ નામોલ્લેખ દર્શાવ્યા છે. જેની પૂજા કરવી આવશ્યક માનવામાં આવે છે.(૬૩)

વાસ્તુપુરુષના મુખમાં અગ્નિ અને જળનો નિવાસ છે બંને સ્કંધો પર પૃથ્વી ઘર તથા અર્યમાનો નિવાસ છે. એની છાતી પર આપવત્સ, બંને નેત્રોમાં દિતિ અને પર્જન્ય, બંને કાનોમાં અદિતિ અને જયન્તક તથા બંને ખભા પર રહેલા સર્પ અને ઈંદ્ર બંને બાહુઓમાં સૂર્ય અને ચંદ્રમાંથી લઈ પાંચ-પાંચ દેવતાઓ રહેલ છે. ઢદ્ર અને અર્યમા એ બંને દેવતા ડાબા હાથ પર રહેલા છે, સાવિત્રી અને સવિતા જમણા હાથ પર રહેલા છે. અસુર અને શેષ એ બંને ડાબા પડખામાં, વિતથ અને ગૃહક્ષત જમણા પડખામાં રહેલા છે. બંને સાથળોમાં યમ અને જલધિપ, ઘુંટણોમાં ગંધર્વ અને પુષ્પક રહેલા છે. જાંઘોમાં ભૃંગ અને સુગ્રીવ તથા બંને નિતંબો પર દૌવારિક અને મૃગ છે, લિંગ પર જપ તથા શુક્ર અને બંને પગો પર પિતૃગણ રહેલા છે, મધ્યના નવ સ્થાનોમાં બ્રહ્મા છે. જેમની પૂજા વાસ્તુના હૃદયમાં કરવી - પ્રાસાદ નિર્માણમાં બ્રહ્માની ચોસઠ સ્થાનોવાળી વાસ્તુની પૂજા કરવી, એમાં બ્રહ્માનો નિવાસ ચાર પાદોમાં રહે છે. ખૂણામાં અર્ધા સ્થાનમાં દેવતાઓના નિવાસસ્થાન છે. તથા વીસ દેવતાઓ બે પદોમાં રહે છે. આ ચોસઠ પદવાળું વાસ્તુ નિર્માણવિધિ છે.(૬૪)

## ૩.૧૦ ભૂમિ પરીક્ષણ તેમજ સમય નિર્ધારણ

ભૂમિની પરીક્ષા કર્યા બાદ જ વાસ્તુની કલ્પના કરવી જોઈએ.

पूर्वं भूमिं परीक्षेत पश्चादास्तुं प्रकल्पयेत् ।(६५)

- શ્વેત, લાલ, પીળી તેમજ કાળા રંગની પૃથ્વી અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર ચારે જાતિના લોકો માટે પ્રશંસનીય કહી છે. માટે પ્રથમ ભૂમિ પરિક્ષણ આવશ્યક છે. બ્રાહ્મણો માટે મધુર, ક્ષત્રિય માટે કડવા, વૈશ્ય માટે તીખા અને શુદ્રો માટે તૂરા સ્વાદવાળી પૃથ્વી હોવી જોઈએ.(૬૬)

- ભૂમિ પરીક્ષણ બાદ એક હાથ પહોળો એક ખાડો ખોદવો અને તેને ચારે તરફથી લીપી, ધોળીને સ્વચ્છ કરવો. એક કાચા કોડિયામાં ઘી ભરી ચાર વાટ એમાં પ્રગટાવી ચારે દિશામાં મૂકવી.

- જો પૂર્વ દિશા તરફથી વાટ વધુ સમય સુધી ચાલુ રહે તો બ્રાહ્મણ માટે એનું ફળ શુભ છે. આ પ્રકારે ક્રમશઃ દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં ક્ષત્રિય, વૈશ્ય એવં ક્ષુદ્રોના માટે કલ્યાણકારક સમજવું. પરંતુ જો સામુહિક રૂપથી તે વાસ્તુ દીપક ચારેય બાજુ બરાબર સમય સુધી પ્રજવલિત રહે તો તે ભૂમિને ચારે વર્ગો માટે શુભકારક માનવી.(૬૭)

## ભૂમિપરીક્ષા માટેના અન્ય વિધાનો

વર્ણાનુસાર ભૂમિ પરીક્ષા કર્યા બાદ લાભકર્તા કે હાનિકર્તા છે તેનો નિર્ણય કરવા માટે એક હાથ ઊંડો ખાડો ખોદવો અને એ જ માટીથી એને પૂરી દેવો અને ભૂમિ પરીક્ષા કરવી જો માટી વધુ બાકી રહે તો શ્રીની પ્રાપ્તિ થાય, ઓછી થાય તો હાનિ થાય પ્રમાણસર થવાથી હાનિ કે લાભ કાંઈ થતા નથી.(૬૮)

અન્ય રીતમાં હળથી ખેડેલી ભૂમિમાં બધા પ્રકારના બીજને ભૂમિપરીક્ષા માટે વાવવા, જો તે બીજ ત્રણ દિવસમાં ઉગી નીકળે તો તે ભૂમિને ઉત્તમ

ગણવી, પાંચ રાત્રિમાં ઉગે તો મધ્યમ અને સાત રાતમાં ઉગે તે કનિષ્ઠ પ્રકારની ભૂમિને આ કાર્ય માટે હંમેશા ત્યાજય માનવી આ રીતે પંચગવ્ય તેમજ ઔષધિઓથી સારી રીતે પરીક્ષા કરવી.(૬૯)

## સમય નિર્ધારણ અંગેના વિધાનો

પુરાણમાં મળતી માહિતી અનુસાર ભવનનિર્માણના પ્રારંભ માટેનો ઉચિત સમય, નક્ષત્ર, વાર, યોગ અને મુહૂર્ત કોને ગણી શકાય ? તે અંગેની પણ સંક્ષેપમાં માહિતી આપી છે.

### સમય

૧. કારતક મહિનામાં મકાન બાંધવાની શરૂઆત કરનાર ધનધાન્ય પ્રાપ્ત કરે છે.

૨. માગશર માસમાં અન્ન મળે છે.

૩. પોષ માસમાં ચોરોનો ભય રહે છે.

૪. મહા મહિનામાં અનેક પ્રકારના લાભ થાય છે, છતાં અગ્નિનો ભય રહે છે.

૫. ફાગણ માસમાં ઘર બનાવનાર રોગી બને.

૬. વૈશાખમાં પ્રારંભ કરનાર ગાય તેમજ રત્નો પ્રાપ્ત કરે.

૭. અષાઢમાં નોકર-ચાકર તેમજ રત્નો વગેરેની પ્રાપ્તિ તથા પશુ સમૃદ્ધિ થાય.

૮. શ્રાવણમાં નોકરોની પ્રાપ્તિ.

૯. ભાદરવામાં હાનિ થાય જયારે આસો માસમાં પ્રારંભ કરાવનારની સ્ત્રી નાશ પામે છે. (૭૦)

- નક્ષત્રો : ગૃહારંભ સમયે અશ્વિની, રોહિણી, મૂળ ત્રણે ઉત્તરા (ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ, ઉત્તરા ફાલ્ગુની), મૃગશીર્ષ, સ્વાતિ, હસ્ત અને અનુરાધા – આ નક્ષત્રોને પ્રશસ્ત માનવામાં આવ્યા છે.(૭૧)

- વાર : ઘરના આરંભ માટે રવિવાર તથા મંગળવારને બાદ કરતા અન્ય વારોને (દિવસોને) મંગલકારી માન્યા છે.

- યોગો : ઘરના પ્રારંભમાં વ્યાઘાત, શૂલ, વ્યતિપાત, અતિગંડ, વિષ્કંભ, ગંડ, પરિઘ તેમજ વજ્ર – આ યોગો ત્યજી દેવા.(૭૨)

- મુહૂર્ત : સ્વાતિ, અનુરાધા, જયેષ્ઠા, ગાંધર્વ, અભિજિત, રોહિણી, વૈરાજ અને સાવિત્રી – આ મુહૂર્તમાં ઘર બાંધવાની શરૂઆત કરવી. ચંદ્ર અને સૂર્ય બળવાન હોવા જોઈએ, સાથે સાથે શુભ લગ્ન પણ હોવું જરૂરી છે.(૭૩)

## ૩.૧૧ ગૃહનિર્માણ સમય

શાસ્ત્રોક્ત વિધિ – વિધાનપૂર્વક વ્યક્તિ પ્રત્યેક કાર્ય કરે તો સંઘર્ષ, અશાંતિ, ઉદ્વેગ, અનિષ્ટ વિગેરેને નિવારી શકાય છે. ગ્રહો, નક્ષત્રો તથા શુભ-અશુભ મહિનાઓ દ્વારા મત્સ્યપુરાણે જે સંદર્ભો પ્રસ્તુત કર્યા છે તે આજે ઉપયોગી ગણી શકાય.

- ચૈત્ર મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો રોગી બને છે.
- વૈશાખ મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો ગાય તેમજ રત્નો પ્રાપ્ત થાય.
- શ્રાવણ મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો નોકરોની પ્રાપ્તિ.
- ભાદર મહિનમાં ઘર બનાવવાથી હાનિ.
- આસો માસમાં સ્ત્રી નાશ પામે.(૭૪)

આ પ્રમાણે ઘર બનાવવા માટે કાળબળ કહ્યું છે. નક્ષત્રોમાં અિ્ની , રોહિણી, ઉતરા, ફાલ્ગુની વિગેરે શ્રેષ્ઠ કહ્યા છે. રવિવાર, મંગળવાર છોડી બાકીના વારો મંગલકારી કહ્યા છે. તેમજ પહેલાં ભૂમિની પરીક્ષા કરી પછી વાસ્તુની કલ્પના કરવી જોઈએ. (૭૫)

આ રીતે ગૃહનિર્માણ સમયે યોગ્ય-અયોગ્ય નક્ષત્ર, મહિનાઓ તેમજ વારની ગણના કરી શુભારંભ કરવાથી વ્યક્તિ શાંતિપૂર્ણ રીતે જીવન વ્યતિત કરી શકે છે.

## ૩.૧૨ દેવ પ્રતિષ્ઠાનું મહત્ત્વ

હિંદુ મૂર્તિશાસ્ત્ર એટલું સપ્રમાણ અને શાસ્ત્રીય છે કે ઝીણામાં ઝીણી બાબતોનો પણ વિચાર કરવામાં આવ્યો છે.(૭૬)

જ્ઞાનયોગની અપેક્ષાએ કર્મયોગ હજારગણો ચઢિયાતો માન્યો છે.(૭૭)

કારણ કે ગૃહસ્થાશ્રમી માટે આ લોકમાં ભોગ અને મોક્ષ આપનાર કર્મયોગ, દેવતા, અર્ચન તેમજ નામ સંકીર્તન છે. આથી જ દેવતાઓની મૂર્તિઓની પ્રતિષ્ઠા, મૂર્તિપૂજા, નામમ સંકીર્તન, દેવ, યજ્ઞોત્સવ એ જ ગૃહસ્થોનો કર્મયોગ છે કે જો ગૃહસ્યોને ભવનબંધનમાંથી મુક્તિ અપાવે છે.[૭૮]

આ રીતે મૂર્તિવિધાનની કલાની સાથોસાથ કેટલીક વિવિધતાઓ આવી જે જાણવી અત્યંત જરૂરી છે.

## ૩.૧૩ સ્થાપત્ય કૌશલ્ય

આપણી પ્રજાના જીવનને સ્પર્શતી તથા તેના મનોભાવને ઘડતી ઘણી બધી બાબતોને રસપ્રદ ચિતાર પુરાણોમાં પ્રસ્તુત થયેલો છે. ઘણી પ્રાચીન અને ભૂલાઈ ગયેલી સાંસ્કૃતિક વાસ્તવિકતાઓને નવા રૂપરંગ નવા પ્રતિકો – દ્રષ્ટાંતોની મદદથી પુરાણો પ્રજા સમક્ષ રજૂ કરતાં કહ્યા છે. [૭૯]

ઉપર્યુક્ત સંદર્ભના પરિપેક્ષમાં વિચારીએ તો શિલ્પ-સ્થાપત્યકલા, વાસ્તુશાસ્ત્ર, ગૃહનિર્માણ માટે સમય નિર્ણય, વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન, ગૃહનિર્ણય, વાસ્તુવિદ્યાનું કીર્તન, દેવપ્રતિષ્ઠા, પ્રતિમાના લક્ષણો આદિનો સમાવેશ સૂક્ષ્મ અવલોકનથી ચિત્રિત કરનાર મત્સ્યપુરાણ શિલ્પ-સ્થાપત્ય વિચાર અંગેનો ઉત્તમ નમૂનો આપે છે જે આજના પરિપેક્ષમાં વિચારણીય છે.[૮૦] જેમ કે..

- મંદિર કે રાજમહેલની રચના.
- વાસ્તુવિદ્યા સાથે સંબંધિત નિર્દેશા.
- ભવનનિર્માણ કલા.

- સ્થાનની અથવા ભૂમિની પસંદગી
- દેવોની મૂર્તિઓ બનાવવાની રીત.
- ભૂમિપરીક્ષા બાદ મકાનનો નકશો તૈયાર થતો તે વાસ્તુમંડળની વિગતો
- વિવિધમાળ, દીવાલો, સ્તંભ વિગેરેની આકૃતિઓ દ્વારા સુશોભનની ઉલ્લેખ.
- ઉદ્યાન ગૃહો.
- ગૃહદોષ નિવારવા માટેના ઉપાયો.
- ઘર બનાવવાના સમયનો નિર્ણય.
- વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન (૮૧) વગેરેનો સમાવેશ થાય છે.

### ૩.૧૪ ગ્રામ તથા નગર આયોજન

મત્સ્યપુરાણના અધ્યાય-૨૫૬ અનુસાર ગ્રામ તથા નગર આયોજન આ પ્રમાણે હોવું જોઈએ.

- સપાટભૂમિ પર ઘર બનાવવું.
- દેવાલય, ધૂર્ત લોકોના મકાન, રાજયમંત્રીના નિવાસ અને ચાર રસ્તાની આજુબાજુ ઘર ન કરવું. તેનાથી દુઃખ, શોક, ભય આવે.
- દિશાઓ તેમજ ખૂણાઓ માટે જે કથન છે તે મુજબ ઘરમાં બાંધકામ કરવું જેમકે, રસોડું અગ્નિ ખૂણામાં તેમજ શયનકક્ષ

નૈઋર્ત્ય ખૂણામાં બનાવવું વગેરે. વળી, સ્ટોરરૂમ, પાણીયારું, ફળિયું વિ. બનાવવા જે ઘરમાલિક માટે મંગલકારી બને.(૮૨)

બ્રહ્મપુરાણમાં ગ્રામ તથા નગરોની જીવનશૈલીના તફાવત રજૂ થયો છે જેમકે,

सुपुरग्रामनगरा:(८३)

એ સમયના નગરજીવનનો વૈભવ ઉજ્જૈની, અવન્તી, દ્વારકા આદિ નગરોના વર્ણનોની માહિતી દ્વારા મળી રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકા નગરીમાં તો એક જ મહેલમાંથી સોળ હજાર મહેલો કર્યાનાં ઉલ્લેખો મળે છે.(૮૪)

એ સમયમાં નગર દ્વાર સ્ફટિક તથા મોતીઓથી સજાવેલા, સુવર્ણ, રત્ન, મણિ, રંગબેરંગી ધજાઓ વિગેરેનો ઉપયોગ થતો હતો.

આમ, પુરાણકાલીન ગ્રામ આયોજન અને નગર આયોજન વિશેની માહિતી દ્વારા સમયના આધુનિક સમય કરતાં પણ વધુ વૈભવપૂર્ણ એ સમયનું નગરજીવન હતું તેની માહિતી મળે છે.

## ૩.૧૫ વાસ્તુપૂજા અને તેનું મહાત્મ્ય

वास्तु संक्षेपतो वक्ष्ये गृहादौ विघ्ननाशनम् ॥(८५)

ગરુડપુરાણના મતે - પ્રાસાદ - વાસ્તુ અથવા ગૃહ-વાસ્તુના પૂર્વ (પહેલાં) વાસ્તુ-પુરૂષની અવતારણા અને અર્ચના અનિવાર્ય છે. પ્રાસાદ

વખતે, વાવણી કરાવતી વખતે, રોપતી વખતે (બાગમાં વૃક્ષો રોપતી વખતે), જીર્ણોદ્ધાર વખતે, નગર વસાવતી વખતે અને યજ્ઞાદિ કર્મ વખતે કાર્યના પ્રારંભે અને કાર્યની સમાપ્તિ વખતે વાસ્તુદેવનું પૂજન કરવાથી સુખ પ્રાપ્ત થાય છે. અને પૂજન નહિ કરવાથી હાનિ થાય છે. (૮૬) રાજવલ્લભ (શિલ્પશાસ્ત્ર)ના આ વિધાનો પુરાણોમાં પણ આપણને દષ્ટિગોચર થાય છે.

મત્સ્યપુરાણ મુજબ – જમીનની પરીક્ષા કરી ઘર બાંધવું. જયોતિષીએ આપેલા શુભ મુહૂર્તમાં ઘરનો આરંભ કરવો. ચાર બ્રાહ્મણો પાસે સ્વસ્તિકવાચન કરાવી રત્ન અને સપ્તધાન્ય ઉપર શિલા સ્થાપન કરવું. વેદજ્ઞ, ✓તવસ્ત્ર ધારણ કરેલા શિલ્પીને સાથે રાખવો. સર્વ ઔષધિના અને વાજિંત્રોના નાદ સાથે ઉભા કરવો. તે સમયે બ્રહ્મભોજન કરાવવું. ઘી–મધથી વાસ્તુપૂજન કરી હોમ કરવો.

वास्तोरूपते प्रतिजानीहि મંત્રથી વાસ્તુનું પૂજન અને હોમ કરવો.(૮૭)

ગૃહઆરંભ અંત સુધી પાંચ વખત (૮૮) વાસ્તુપૂજન કરવામાં આવે છે જેમકે,

૧. સૂત્રપાત – જમીનની પરીક્ષા અને માપ વખતે.

૨. સ્તંભ ઉઠાવતી વખતે

૩. દ્વાર મૂકવા વખતે

૪. મોભ મૂકતા સમયે

૫. ઘર પ્રવેશ સમયે

ગૃહનિર્માણના પ્રારંભિક તબક્કાથી આરંભીને ગૃહપ્રવેશ સુધીમાં પ્રત્યેક વિધાનોનું મહત્ત્વ રહેલું છે. કેવી ભૂમિ ગૃહનિર્માણ માટે પસંદ કરવી ? માપ કાઢવા સમયે કઈ વસ્તુઓનો ઉપયોગ ત્યાજ્ય છે. સૂત્ર-પાન વખતના શુભ-અશુભ ફળ, કઈ દિશામાં ઘરને વધારવું ? નિવાસસ્થાનને મંગલકારી બનાવવા માટેના સૂચનો, મકાન બનાવવા માટે કયા વૃક્ષનું લાકડું ઉત્તમ ગણવું ? એ વિષયોને વિભિન્ન અધ્યાયોમાં વિભક્ત કરી તેનું મહત્ત્વ ચરિતાર્થ કર્યું છે.

શ્રી વિ✓કર્મા પુરાણમાં વાસ્તુપૂજન વિશે કહ્યું છે કે, કોઈપણ નવું નિર્માણ કે જીર્ણોધ્ધાર થાય, ત્યારે ત્યાં સૌ પ્રથમ વાસ્તુનો નિવાસ કરાવીને વાસ્તુનું પૂજન-અર્ચન કરવું. આમ, અષ્ટ મહાશલ્યો સહિત પૃથ્વીપટ પરના સર્વ દોષોના નિવારણાર્થે જે મનુષ્ય ભક્તિભાવે વાસ્તુપૂજન કરાવશે તેના ગૃહમાં નિરંતર દેવો વાસ કરશે. જે ગૃહમાં વાસ્તુ-પૂજન કરેલું નથી તે ઘરમાં દેવો કદી નિવાસ કરશે નહીં. તેમાં હંમેશાં અમંગળ થશે. અનેક ભયો રહેશે.

વાસ્તુપૂજન કરેલાં નિવાસોમાં - વાસ્તુપૂજન થયેલા આવાસોમાં નિત્ય મંગળ પ્રસંગો ઉજવાશે ને તેમાં સૌ કોઈ સુખી તથા આનંદમાં રહેશે. તેમને શારીરિક - માનસિક ઉપાધિઓ નડશે નહીં. તે નિત્ય સુખ, ઐ✓ર્ય ભોગવીને રિદ્ધિ-સિદ્ધિ મેળવશે.

આટલું કહીને વિ✓કર્મા પ્રભુ વાસ્તુ-પુરુષ સહિત અંતર્ધ્યાન થયા. તેઓ જે દિશામાં ગયા તે દિશાને વંદન કરીને સર્વ દેવોએ પ્રભુએ નિર્માણ કરેલા નવા આવાસોમાં શ્રદ્ધાભક્તિથી વાસ્તુ-પૂજન કર્યું. વિ✓બ્રાહ્મણોનું શિલ્પી તરીકે પણ પૂજન-અર્ચન કર્યું. સર્વને ભરપૂર દાન-દક્ષિણા આપ્યાં. સૌને સંતુષ્ટ કર્યા પછી દેવો પોતાના આવાસોમાં આનંદથી વસવાટ કરવા લાગ્યાં.

પરમ કૃપાળુ પરમાત્મા વિરાટ વિ✓કર્માની આજ્ઞા મુજબ જે મનુષ્યો નવનિર્માણમાં કે જીર્ણોધ્ધારમાં વાસ્તુ-દેવની પૂજા કરે છે તેમને સપરિવાર સર્વ સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. પણ જે દુર્ભાગી મનુષ્યો ભગવાનની આ આજ્ઞાની અવજ્ઞા કરે છે તે તથા તેના પરિવારો અતિ દુઃખી થાય છે. હંમેશાં તેઓ દરિદ્ર રહે છે. આધિ-વ્યાધિ અને ઉપાધિઓ જીવનભર ભોગવે છે.[૮૯]

**- સૂત્રપાત સમયના શુકન-અપશુકન**[૯૦]

સૂત્રપાત સમયે ઘર બાંધવાની જમીન પર બેસી કોઈ પક્ષી સૂર્ય સામે જોઈ કર્કશ અવાજ કરે તે જગ્યાએ અથવા ઘરનો જે માલિક પોતાના જ અંગનો અજાણતા સ્પર્શ કરે તે પ્રમાણે વાસ્તુપુઢષના તે અંગની જગ્યાએ ભયજનક શલ્ય છે એમ જાણવું.

- સૂત્રપાત કર્યા પછી જો ઘરમાલિક પોતાના કોઈ અંગનો સ્પર્શ કરે તો તે વાસ્તુ પુઢષના અંગ ઉપર હાથી, ઘોડો કે કૂતરાનું હાડકું છે. એમ સમજવું.
- તે સમયે ભયાનક ગધેડાના ભૂકવાનો અવાજ સંભળાય તો અપશુકન ગણવું.
- સૂત્રપાત સમયે ઈશાન ખૂણામાં કાગડો મધુર અવાજ કરે તો ગૃહપતિ ઉભો હોય તે સ્થળે ધન દટાયેલું છે તેમ જાણવું.
- સૂત્રપાત વખતે સૂત્ર તૂટી જાય તો ઘરમાલિકનું મૃત્યુ થાય.
- ખીલીઓ નીચી નમે તો વ્યાધિ થવાનો ભય રહે.

- એ વખતે કોલસો નીકળે તો ઉન્માન થાય, ખોપરી નીકળે તો ભય થાય, શંખથી ભ્રમ થાય તો ઘરના માલિકનું મૃત્યુ થાય છે.

- જો કલશ તૂટે તો સમગ્ર પરિવારનો નાશ થાય અને પોતાની જગ્યાએથી પડી જાય તો ઘરમાલિકનું મૃત્યુ થાય છે.

આ જ રીતે ગૃહઆરંભ પહેલાના શુકન-અપશુકનો પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

શ્રી ગરુડ મહાપુરાણમાં સંક્ષેપમાં વાસ્તુપૂજન અધ્યાયમાં જણાવ્યા અનુસાર,

કેટલાક મનુષ્યો વાસ્તુપૂજન કરાવતા નથી અને કોઈપણ વિધિ કર્યા વિના નવા આવાસમાં વસવાટ કરે છે, તેમને અનેક આપત્તિઓ-દુ:ખો વેઠવાં પડે છે, તેથી સુજ્ઞજને વાસ્તુપૂજન અચૂક કરવું.

वास्तुं संक्षेपतो वक्ष्ये गृहादौ विघ्ननाशम् ।
ईशानकोणादारभ्य ह्योकाशीतिपदे यजेत् ॥

પ્રાસાદ-ઘર વગેરેના વાસ્તુપૂજન વિશે સંક્ષિપ્તમાં કહેતા શ્રીહરિએ કહ્યું છે, હવે હું ઘર વગેરેમાં વિઘ્નોનો નાશ કરનાર વાસ્તુપૂજન વિશે ટૂંકમાં કહું છું ઘરનું વાસ્તુપૂજન કરવાથી વિઘ્નો નાશ પામે છે, તેથી તે અવશ્ય કરવું. વાસ્તુ માટેના ઘર વગેરેમાં ઈશાન ખૂણાથી પ્રારંભ કરીને એકથી સો પગલાંના અંતરે વાસુદેવનું પૂજન કે યજન કરવું. ઈશાન ખૂણામાં વાસુદેવ ભગવાનનું મસ્તકનું, નૈર્ઋત્ય ખૂણામાં બે ચરણોનું પૂજન-યજન કરવું. અગ્નિ અને વાયવ્ય ખૂણામાં બે હાથનું પૂજન કરવું. તથા રહેઠાણનું ઘર-મકાનમાં, ગામમાં, નગરમાં,

વેપારીઓના આવવા-જવાના માર્ગમાં, મહેલ, આરામ-ઉદ્યાન, દુર્ગમાં-કિલ્લામાં, દેવાલયો અથવા મઠોને ઉદ્દેશીને બત્રીસ દેવોને બહારના ભાગે તથા તેર દેવોને તેની અંદરના ભાગમાં પૂજવા જોઈએ. તેમાંના બત્રીસ દેવોનાં નામો આ છે : ઈશ, પર્જન્ય, જયન્ત, વ જાયુધ, સૂર્ય, સત્ય, ભૃગુ, આકાશ, વાયુ, પૂષા, વિતથ, ગૃહના અને ક્ષેત્રના બે યમ, ગંધર્વ, ભૃગુરાજ, મૃગશિર્ષ, પિતૃગણ, દ્વારપાળ, સુગ્રીવ, પુષ્પદંત, ગણાધિપ, અસુર, શેષના બે પાદ, રોગ, અહિમુખ, ભલ્લાટ, સોમ, સર્પ, અદિતિ, દિતિ – એ પ્રકારે બત્રીસ દેવોની ત્યાં સ્થાપના કરી હોય, તેમની મધ્યમાં રહેલા ચાર દેવો વિશે તમે સ્મરણ કરો.

બુદ્ધિશાળી પુરુષે ઈશાન વગેરે ખૂણામાં સ્થિત દેવોનું પૂજન કરવું. તે ચાર આ પ્રમાણે જાણવા : આપ, સાવિત્ર, જય, રુદ્ર – આ પ્રમાણે તે ચાર છે. મધ્યમાં નવ પગલાં બ્રહ્માજીને પૂજવા. તેમની સમીપે રહેલા આઠનું પૂર્વાદિમાં પૂજન કરવું. તે દેવોનાં નામો છે : અર્યમા, સવિતા, વિવસ્વાન્, ઈન્દ્ર, મિત્ર, રાજ્યક્ષ્મા, પૃથ્વીધર અને આઠમા આપવત્સ. એ દેવોનું બ્રહ્માજીની ચોપાસ સ્થાપન કરવું. ત્યાં તેઓનું પૂજન કરવું. પણ જો કિલ્લો હોય, તો તેના ઈશાન ખૂણાથી માંડીને એક વાસ જેટલો ભૂમિ પ્રદેશ દેવપૂજન માટે શ્રેષ્ઠ ગણાય છે. તે દુર્ધર વિસ્તારમાં ત્રણ દેવો – અદિતિ, હિમવાન અને જયન્ત તથા કલિકા નામધારી નાયિકા અને ઈન્દ્ર પછી ગંધર્વરૂપ પામેલા દેવોને પણ પૂજવા જોઈએ; આમ, વાસ્તુપૂજન કર્યા બાદ ગૃહ-પ્રાસાદના કર્તા – બાંધનારનું થવું જોઈએ.(૯૧)

આમ, ગરુડ મહાપુરાણમાં વાસ્તુપૂજનનું નિર્માણ કાર્ય કે જીર્ણોધ્ધાર પહેલા કરવાનું અનિવાર્ય ગણ્યું છે.

વસ્તુ શબ્દ સંસ્કૃત ભાષાનો છે. વસ્ ધાતુની તુણ પ્રત્યય લગાડવાથી નપુંસકલિંગમાં વાસ્તુ શબ્દની નિષ્પતિ થાય છે. જેનો અર્થ થાય છે. જયાં પ્રાણી રહે છે. વાસ્તુશાસ્ત્ર માનવજીવનને પ્રકૃતિના અનુસાર જીવવાનો નિર્દેશ આપે છે.[૯૨]

આમ, આપણે જોઈ શકીએ કે, વાસ્તુશાસ્ત્ર માનવજીવનમાં કેટલું ઉપયોગી છે. સામાન્યમાં સામાન્ય વ્યક્તિ માટે, રાજાઓ માટે તેમજ શિલ્પ-સ્થાપત્યના નિષ્ણાંતો માટે આ શાસ્ત્ર આ જ્ઞાન ખૂબ જ ઉપયોગી છે.

## ૩.૧૬ મૂર્તિકલા, મંદિર અને ભવનનિર્માણ કલા

સગુણ ઉપાસનાનું માધ્યમ બનનાર મૂર્તિઓમાં ભાવવાહીતા ન આવે તો તેના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર કઈ રીતે થઈ શકે ? આ ભાવવાહીતા લાવવા માટે પ્રતિમા-મૂર્તિ બનાવવા કયા કયા દ્રવ્યોનો ઉપયોગ કરવો તેનું પણ મત્સ્યપુરાણમાં વિધાન છે.[૯૩]

આજે મોટાભાગે પાષણની પ્રતિમાઓ જ જોવા મળે છે. પરંતુ પ્રાચીનકાળમાં અન્ય દ્રવ્યોનો ઉપયોગ થતો હશે. આ ઉપરાંત દ્રવ્યના ઉપયોગની સાથોસાથ સ્થપતિએ પણ કેટલાક નિયમો આચરવાનું શિલ્પશાસ્ત્ર કહે છે. આ નિયમાચરણથી પ્રતિમાના કાર્યમાં તન્મયતા, પવિત્રતા અને ઉચ્ચવિચારોના આવિષ્કરણથી ભાવમ્યતા આવે છે. શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે બનાવેલી પ્રતિમા, સ્થપતિના ધર્માચરણ અને ભક્તિભાવ વડે પ્રભુનું સાચું પ્રતીક ઉપજાવવામાં સફળતા અર્પે છે.[૯૪]

ભારતમાં ઘર, મહેલો, ભવનોની સાથોસાથ મંદિરોનો પણ વિકાસ થયો હતો. મનુષ્ય ઈ✓ર, દેવતા, અથવા મહાપુરૂષોની ઉપાસના માટે મૂર્તિ અથવા તો કોઈ ચિહ્ન બનાવે અને સમયાનુસાર પવિત્રભવનમાં સ્થપતિ કરે અને આ ભવનો વિભિન્ન રૂપો અને આકારો વિકસિત બન્યા.(૯૫)

આ સંદર્ભને આધારે જોઈએ તો મંદિર હોય કે ભવનનિર્માણ પણ ભૂમિની શુદ્ધતા ઘણી જ મહત્ત્વપૂર્ણ છે. જેને આજે આપણે વાસ્તુશાસ્ત્ર દ્વારા સ્વીકારીએ છીએ. બ્રહ્મપુરાણના ઉલ્લેખ મુજબ જોઈએ તો શાસ્ત્ર પારંગત આચાર્યો તથા જયોતિષીઓ દ્વારા વાસ્તુવિશારદ બ્રાહ્મણોની સલાહ મુજબ સુંદર મુહૂર્ત, શુભદિન, નક્ષત્રો અને ગ્રહોની અનુકૂળતામાં ભૂમિપૂજન કરવામાં આવે છે. (૯૬)

## ૩.૧૭ વાસ્તુશાસ્ત્રમાં વૃક્ષો

વાસ્તુશાસ્ત્રમાં કયા વૃક્ષોને ઘર આંગણે સ્થાન આપવું અને કયા ત્યાજ્ય ગણવા તેનું વિધાન પણ કરવામાં આવ્યું છે.

- મુખ્ય દ્વારને કુંભ, વેલી, લતા વિગેરેથી શોભિત કરવું.
- ઘરની પૂર્વ દિશામાં વડ હોય તો તે સકળ મનોરથ પૂરા કરે છે.
- દક્ષિણમાં ઉંબરડો અને પશ્ચિમમાં પીપળો હોય તો તે સારો ગણાય છે.
- ઉત્તર દિશામાં પીપળો શુભ ગણાય તેનાથી વિપરીત દિશામાં હોય તો નુકશાન થાય છે.

- બોરડી, ખીરણી, સાદડ તથા ફળાઉ ઝાડ હોય તો તે ક્રમથી સ્ત્રી અને પ્રજાની હાનિ કરે છે.(૯૭)

જો આવા ઝાડ ઉગ્યા હોય તો તેમને કાપવા નહિ, પરંતુ તેમની અને ઘરની વચ્ચે પુન્નાગ, કેસર, આસોપાલવ, બોરસલ્લી, ખીજડો, ચંપો, દાડમડી, લીંડીપીપર, દ્રાક્ષ, પુષ્પોનો મંડપ, સોપારીનું ઝાડ, ફણસ, કેવડો, જૂઈ, કમળ, માલતી, મોગરો આ સર્વે વૃક્ષો વાવવા.

કાંટેદાર વૃક્ષ ઘરની નજીક ઘરની સમીપે શત્રુનો ભય રહે છે. દૂધવાળા વૃક્ષો ઘરની સમીપે રહે તો ઘનનો નાશ થાય છે. આ રીતે જો વૃક્ષવિન્યાસ વાસ્તુશાસ્ત્રના નિયમોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે તો માનવના સર્વાંગીણ વિકાસમાં સહાયક થાય છે. વાસ્તુ-શાસ્ત્રના સિદ્ધાન્ત વૈજ્ઞાનિક તથ્યો પર આધારીત હોવાથી આજના યુગમાં વિજ્ઞાન ચરતોત્કર્ષ પર પહોંચ્યું છે. વૈજ્ઞાનિક દષ્ટિ સંપન્ન રાષ્ટ્રએ પણ વાસ્તુશાસ્ત્રના સિદ્ધાન્તોમાં વિ✓ાસ વ્યક્ત કર્યો છે. તથા વાસ્તુશાસ્ત્ર અનુસાર ભવન નિર્માણનો પ્રારંભ કર્યો છે.(૯૮)

## ૩.૧૮ વાસ્તુદોષ શમન

વાસ્તુનો અર્થ, વાસ્તુપુઢષના શરીરના અવયવો, વાસ્તુશાસ્ત્રનું મહત્ત્વ વગેરે બાબતોની ચર્ચા બાદ વાસ્તુદોષ શમન વિધિ કહી છે. જે આ પ્રમાણે છે.

ત્રણ મેખલાવાળો કુંડ બનાવી કાળા તલ તથા દૂધારા વૃક્ષોની સમિધાઓ દ્વારા હોમ કરવો. મધ-ઘીથી મિશ્રિત સમિધાઓનો અથવા ઘરોથી હોમ કરવો. આ હોમ પછી પાંચ બીલમાંથી અથવા લીલાના બીજથી હોમ કરવો. વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થોની વાસ્તુમંડળના દેવતાઓને બલિ આપવો.

- ઈશાનમાં ઘી-મિશ્રિત નૈવધ શીખીને, ઘી તથા ફળ સાથેનો ભાત પર્જન્ય આપવો.

- જય (જયંત)ને પીળી ધજાઓ સાથેનો લોટનો બનાવેલો કાચબો અને ઈંદ્રને પાંચ રત્નો તથા લોટનું બનાવેલું વજ્ર આપવું.

- સૂર્યને ચંદરવો, ધૂપ, સાથવો, સત્યને લાપસી, ભૃશને માછલું આપવું, અંતરીક્ષને  જલેબી, વાયુને સાથવો, પૂષાને ડાંગર, વિતપને ચણાને ભાત આપવા, ગૃહક્ષતને મધવાળો ભાત, યમને માંસવાળો ભાત, ગાંધર્વને સુગંધિત ભાત, ભૃંગરાજને ભાંગરો, મૃગને રાખ રાખવા.

- પિતૃઓને ખીચડી, દૌવારિકને દંતકાષ્ઠ, સુગ્રીવને પૂડા, પુષ્પદંતને ખીર, વાઢણને કુશ સાથે પદ્મ, અસુરોને સુવર્ણ, પુષ્પને ઘી-ભાત પાપયક્ષ્માને જવ-ભાત, રોગને લાડુ, નગાને પુષ્પ-ફળ, મુખ્યને ઘી, ભલ્લારને મગ-ભાત, સોમને ખીર, ભગને ચોખાના લોટના મૂઠિયા, આદિત્યને રોટલી, દિતિને પૂરી આપવી.

- યમને ક્ષીર, આપવત્સને દહીં, સાવિત્રને લાડુ, સવિતાને ગોળ માલપૂડા, જયને ઘી અને ચંદન, વિવસ્થાનને લાલચંદન નાખેલી ખીર, ઇંદ્રને ઘી, મિત્રને ઘી-ભાત, રુદ્રને ઘી-નાંખેલી ખીર, રાજ્યક્ષ્માને કાચું અને પકાવેલું માંસ આપવું. પૃથ્વીધરને માંસ અને કોળું, અર્યમાને સાકર નાખેલી ખીર, પંગવ્ય, જવ, તલ અને બ્રહ્માને વિવિધ પ્રકારના ભક્ષ્ય-ભોજ્ય પદાર્થો આપવા.

આ ઉપરાંત ચાર ખૂણામાં ચાર રાક્ષસી ચરકી, વિદારી, પૂતના અને પાપિની રાક્ષસીને પણ બલિ તેમજ ખાદ્ય પદાર્થો આપવા. યજમાનને સર્વોષધિથી સ્નાન, બ્રાહ્મણોને દાન-દક્ષિણા, પૂજા, મંત્રોચ્ચાર સાથે વાસ્તુશાંતિ કરવી.(૯૯)

સર્વે દોષોના નાશ માટે રસોઘ્ન, સૂક્ત, પાવમાન, સૂક્તને પાઠ કરવો.

## ૩.૧૯ વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતોનું મહત્ત્વ

પૃથ્વી સંબંધી થતા ઉત્પાતો જેવા કે ભૂકંપ, ભયંકર દુષ્કાળ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ(૧૦૦) વિ. ભય આવતા વૈ⁄ી શાંતિ જરૂરી છે.

જે રીતે કવચ ધારણ કરેલાને બાણોનો પ્રહાર નુકશાન કરતો નથી તે રીતે ધર્મ પરાયણ તથા શાંતિ કરનાર મનુષ્યોનો દૈવનો પ્રહાર હાનિ પહોંચાડતો નથી.(૧૦૧)

આ રીતે વાસ્તુશાસ્ત્રના જાણકાર વિદ્વાને બધા પ્રકારના વાસ્તુકાર્યમાં આ નિયમોનો ઉપયોગ કરવો જેથી પૃથ્વીસંબંધી ઉત્પોનો ભૂકંપ વિગેરેથી લોકોને બચાવી શકાય કારણ કે..

શલ્ય સાથેની વાસ્તુપૂજા ભય આપનારી છે. જયારે શલ્ય વિનાની વાસ્તુપૂજા શુભ કરનારી છે. વાસ્તુમાં અધિક અંગ કે ઓછું અંગ હોવું ન જોઈએ એને સર્વથા ત્યજી દેવું નગર, ગ્રામ અને દેશમાં બધેય ત્યજી દેવું.(૧૦૨)

આથી જ વાસ્તુ અંગમાં સ્થાનમાંથી રાખેલી ખીલી કે શલ્ય કાઢી નાખવી અથવા તો તેનો ત્યાગ કરવો. અર્થાત્ આ વાસ્તુપૂજા અશુભ ગણાય છે.

## ૩.૨૦ વાસ્તુશાસ્ત્રમાં પ્રકૃતિ

મત્સ્યપુરાણે વાસ્તુશાસ્ત્રમાં પ્રકૃતિને વિશેષ મહત્ત્વ આપ્યું છે. જેમાં કઈ દિશામાં કયું વૃક્ષ શુભ ગણાય અથવા અશુભ જણાય તે માટેની માહિતી પુરી પાડે છે.

ઉદા.

- ઘરની પૂર્વ દિશામાં વડ હોય તો તે બધા જ મનોરથો પૂર્ણ કરે છે.
- પશ્ચિમમાં પીપળો હોય અને દક્ષિણમાં ઉંબરડો હોય તો તે સારો ગણાય.
- ઉત્તર દિશામાં પીપળી શુભ ગણાય છે. અને એનાથી ઉલટી દિશામાં હોય તો નુકશાન થાય.
- બોરડી, ખીરણી, સાદડ તથા ફળાઉ ઝાડ હોય તો તે ક્રમથી સ્ત્રી અને પ્રજાની હાનિ કરે છે. જો આવા ઝાડ ઉગ્યા હોય તો તેમને કાપવા નહિ. પરંતુ એમની તથા ઘરની વચ્ચે પુન્નાગ, કેસર, આસોપાલવ, ખીજડો, જૂઈ, કમળ, માલતી, મોગરો વિગેરે વૃક્ષો વાવવા. [૧૦૩]

આ રીતે વાસ્તુશાસ્ત્ર અનુસાર વૃક્ષારોપણ કરવામાં આવે તો વ્યક્તિનો અશુભથી છુટકારો થાય છે. વળી, સુખપૂર્ણ જીવનની પ્રાપ્તિ થાય છે.

વિપુલ લક્ષ્મીની ઈચ્છા રાખનાર પુઢષો દૂધાળા ઝાડનું લાકડું ઘર બાંધવાના કામમાં વાપરવું નહીં.[૧૦૪]

હરિયાળા જંગલો, નદીઓ, પર્વતો, સમુદ્રો, વન્ય જીવસૃષ્ટિ કે વિવિધ ઋતુઓ કોઈપણ સ્વરૂપ હોય પ્રાચીન સાહિત્યએ તેને વિશેષ આદરપૂર્વક દષ્ટિથી, પૂજનીયભાવથી, ધાર્મિક અભિગમથી જતન કરવાનો એક આદર્શ પૂરો પાડે છે. આમ, માનવજીવન સાથે પ્રકૃતિનો નાતો પૌરાણિક સમયથી જ અતૂટ રહ્યો છે. આથી જ વિવિધ ધાર્મિક ભાવનાઓ સાથે પ્રાકૃતિકતત્ત્વોને સંલગ્ન કરી પ્રાકૃતિક વાતાવરણની સુરક્ષા પૂરી પાડવી જોઈએ.

## ૩(ઘ) નિષ્કર્ષ

ભારતીય વિદ્વાનો પંચમવેદના રૂપમાં જેને સન્માનિત કરે છે તે અષ્ટાદશ પુરાણો છે. જેમાં પાંચ લક્ષણ સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વતર, વંશાનુચરિતનો સમાવેશ થાય છે. પરંતુ આ ઉપરાંત પણ વ્રત, ઉપવાસ, દાન, શ્રાધ્ધ, તીર્થ, ભૂગોળ, પર્યાવરણ, જ્યોતિષ, આયુર્વેદ તથા વાસ્તુ આદિ વિષયોને આ પુરાણોમાં સ્થાન મળ્યું છે. જેમાં ગૃહનિર્માણ સાથે સંબંધિત પ્રત્યેક બાબતો જેમકે વાસ્તુ, વાસ્તુદોષ, ઘર બનાવવાના સમયનો નિર્ણય. વાસ્તુવિદ્યામાં વેધપરિમાર્જન જેવા વિષયને પ્રસ્તુત કર્યા છે.

આમ, પુરાણોમાં પુરાણકાલીન જીવનની આધારે તેમજ વાસ્તુનાં મહત્ત્વને આધારે કહી શકાય કે , તે સમયે 'વાસ્તુ'ને વિશેષ પ્રાધાન્ય અપાતું.

## પાદ-ટિપ

| | | |
|---|---|---|
| ૧. | अथर्ववेद | ११/७/२४ |
| २. | बृहदारण्यकोपनिषद | २/४/१० |
| | शतपथ ब्राह्मण | १२/२/४/१० |
| ३. | मत्स्यपुराण | अ.५३ |
| ४. | मत्स्यपुराण | अ.५३ |
| ५. | मत्स्यपुराण- एक अध्ययन | प्रकरण-१, पृ.१ |
| ६. | अथर्ववेद | ११/७/२४ |
| ७. | शतपथब्राह्मण | ११/५/६/८ |
| | शतपथब्राह्मण | १४/६/१०/६ |
| | शतपथब्राह्मण | १३/४/३/१२/१३ |
| ८. | गोपथ ब्राह्मण - पूर्व भाग | २/१० |
| | गोपथ ब्राह्मण - पूर्व भाग | १/१० |
| ९. | तैत्तिरीया आरण्यक | २/७ |
| ૧૦. | बृहदारण्यक उपनिषद | २/४/११ |
| ૧૧. | छान्दोग्य उपनिषद | ७/१/२ |
| | छान्दोग्य उपनिषद | ७/१/४ |
| | छान्दोग्य उपनिषद | ७/२/१ |
| ૧૨. | आश्वलायन गृह्यसूत्र | ४/६ |
| ૧૩. | वाल्मीकि रामायण - बालकाण्ड | ९/१ |
| ૧૪. | महाभारत - आदिपर्व | १/८६ |
| | महाभारत - आदिपर्व | ५/२ |
| ૧૫. | कौटिल्य अर्थशास्त्र | ५/६ |
| | कौटिल्य अर्थशास्त्र | ५/१३-१४ |

| | | |
|---|---|---|
| १६. | गौतम धर्मसूत्र | ८/४/६ |
| | गौतम धर्मसूत्र | ११/२१ |
| १७. | व्यासस्मृति | ४/४५ |
| | व्यासस्मृति | १/५ |
| १८. | मनुस्मृति | ३/२३२ |
| १९. | उशनस स्मृति | ३/३४ |
| २०. | याज्ञवल्कय उपोदधात् | ३ |
| | याज्ञवल्कय उपोदधात् | १/१०१ |
| २१. | शुक्रनीति | २/१७८ |
| | शुक्रनीति | ४/२६९ |
| २२. | ब्रह्माण्डपुराण | १/११/१७३ |
| २३. | शिवपुराण | ७/१११/४० |
| २४. | देवी भागवत | १/११/२१ |
| २५. | छांदोग्य उपनिषद | |
| | इतिहासं पुराणं पंचम् वेदानां वेद । | |
| | यस्मात्पुरा इयनतीदं पुराणं तेन तत्स्मृतस् ॥ ७/१/४ | |
| २६. | वायुपराण | १/२/३ |
| २७. | पद्मपुराण | ५/२/५३ |
| २८. | ब्रह्मपुराण | १/१/१७३ |
| २९. | वायुपुराण | १/२०३ |
| ३०. | मत्स्यपुराण | ५३/३ |
| ३१. | श्रीमद् भगवतगीता | अ.८/९ |
| ३२. | छांदोग्य उपनिषद | ७/१/२ |
| ३३. | निरुक्त | ३/१९ |
| ३४. | न्यायभाष्य | ४/१/६१ |

| | | |
|---|---|---|
| ૩૫. | पुराण विमर्श पं.बलदेव उपाध्याय | पृ.४० |
| ૩૬. | **હિન્દી માસિક** 'कल्याण'**ના ૨૪ વર્ષના** | |
| | **વિશેષકોમાંનો લેખ** | |
| | 'हमारे पुराण एक समीक्षा' – | |
| | डॉ. ए.डी.पुसाळकर | पृ.५५२ |
| ૩૭. | A.D.Pusalkar 'Studies In the | P-195 |
| | Epics and Purans' | |
| | **ઉપરાંત તેમનો જ** 'कल्याण' **સામાયિકમાં** | |
| | **હિન્દુ સંસ્કૃતિનો એક લેખ** 'हमारे पुराण | |
| | एक समीक्षा' | पृ.५५१–५५७ |
| ૩૮. | (अ) छांदोग्य उपनिषद | ७/१/४ |
| | (ब) श्रीमद्द भागवत | ३/१२/३९ |
| | (क) श्रीमद्द भागवत | १/४/२० |
| ૩૯. | Dr. A.D.Pusalkar ibid-p-61 for the | |
| | historical value of the Purans - | |
| | ibid-p-p-IXVI-IXVIII DixifarV.R.R. | |
| | Purana. Index Vol.I Introduction- | |
| | P.P.XXI | |
| ૪૦. | देवी भागवत | १/३/२१ |
| ૪૧. | मत्स्यपुराण | ४/पृ.१६ |
| ૪૨. | नारदीय पुराण | अ.२२ |
| ૪૩. | विष्णुपुराण | ३/६/२५ |
| ૪૪. | अमरकोश | १/६/५ |
| ૪૫. | मार्कडेयपुराण | १३४/१३ |
| | अग्निपुराण | १/१४ |

| | | |
|---|---|---|
| | वराहपुराण | २/४ |
| | स्कन्धपुराण-प्रभासखण्ड | २/८४ |
| | कूर्मपुराण-पूर्वाध | १/१२ |
| | मत्स्यपुराण | ५३/६४ |
| | गरुडपुराण-आचारकाण्ड | २/२८ |
| | ब्रह्माण्डपुराण-प्रक्रियापाद | १/३८ |
| | शिवपुराण-वायवीय संहिता | १/४१ |
| **४६.** | विष्णुपुराण | १/२/२५ |
| | शिवपुराण-वायवीय संहिता | १/४१ |
| **४७.** | ब्रह्मवैवर्तपुराण | ४/१३१/८ थी १० |
| | श्रीमद् भागवतपुराण | २/१०/१ थी ७ |
| | श्रीमद् भागवतपुराण | १२/७/९ |
| | श्रीमद् भागवतपुराण | १२/७/१२ |
| **४८.** | वायुपुराण | ५६/३ |
| **४९.** | मत्स्यपुराण | ११५/१४ |
| **५०.** | मत्स्यपुराण | २१५/४० |
| **५१.** | मत्स्यपुराण | ८/१०८ |
| **५२.** | मत्स्यपुराण | १३७/१५-१६ |
| **५३.** | मत्स्यपुराण | १३७/१ |
| **५४.** | भारतीय स्थापत्य | डॉ. द्विजेन्द्रनाथ शुक्ल |
| **५५.** | मत्स्यपुराण | २५२/२-३ |
| **५६.** | मत्स्यपुराण | २५२/४ थी १३ |
| **५७.** | मत्स्यपुराण | २५२/१४ |
| **५८.** | मत्स्यपुराण | २५२/१५ थी १९ |
| **५९.** | श्री विश्वकर्मा पुराण | ३२ |

| | | |
|---|---|---|
| ૬૦. | मत्स्यपुराण | २५२/पृ.५५१ |
| ૬૧. | श्री विश्वकर्मा पुराण | ३२ |
| ૬૨. | भविष्यपुराण | २/२/११/११-२० |
| ૬૩. | मत्स्यपुराण | २५३/२१-२२ |
| ૬૪. | मत्स्यपुराण | २५३/३९-४६ |
| ૬૫. | मत्स्यपुराण | २५३/११ |
| ૬૬. | मत्स्यपुराण | २५३/१२-१३ |
| ૬૭. | मत्स्यपुराण | २५३/१४-१५ |
| ૬૮. | मत्स्यपुराण | २५३/१६-१७ |
| ૬૯. | मत्स्यपुराण | २५३/१८ |
| ૭૦. | मत्स्यपुराण | २५३/२ थी ५ |
| ૭૧. | मत्स्यपुराण | २५३/६ |
| ૭૨. | मत्स्यपुराण | २५३/७ |
| ૭૩. | मत्स्यपुराण | २५३/८ |
| ૭૪. | मत्स्यपुराण | २५३/पृ.५४० |
| ૭૫. | मत्स्यपुराण | २५३/पृ.५४० |
| ૭૬. | ગુજરાતનું મૂર્તિવિધાન | पृ.२० |
| ૭૭. | मत्स्यपुराण | २५८/पृ.५६० |
| ૭૮. | मत्स्यपुराण | २५८/पृ.५६० |
| ૭૯. | પુરાણ પરિચય (પુરાણોની સંસ્કૃતિ) | पृ.४१ |
| ૮૦. | मत्स्यपुराण | २५२ - २५९ |
| ૮૧. | मत्स्यपुराण | २५२-२५४-२५३ |
| | | २५८-२५५/२० |
| | ब्रह्मांडपुराण | ७/१०५ |
| ૮૨. | मत्स्यपुराण | २५६/पृ.५५६-५५८ |

| | | |
|---|---|---|
| ૮૩. | मत्स्यपुराण | १९२/१४-१५ |
| ૮૪. | श्रीमद् भागवत | १/११/३० |
| ૮૫. | गरुडपुराण | १/४६/१ |
| ૮૬. | **રાજવલ્લભ (શિલ્પશાસ્ત્ર ગુજરાતી)** | २/२ |
| ૮૭. | मत्स्यपुराण | २५६/४ थी ९ |
| ૮૮. | मत्स्यपुराण | २५६/१० |
| ૮૯. | विश्वकर्मा पुराण | अ.३२ |
| ૯૦. | मत्स्यपुराण | २५३/१४ थी २४ |
| ૯૧. | गरुडमहापुराण | ४६/१-१७ |
| ૯૨. | संस्कृत साहित्य एवं पर्यावरण | पृ.२३६ |
| ૯૩. | मत्स्यपुराण | २५८/पृ.५६० |
| ૯૪. | **ગુજરાતનું મૂર્તિવિધાન** | पृ.३९/४० |
| ૯૫. | **ભારતીય વાસ્તુકલા** | पृ.२६-७७ |
| ૯૬. | ब्रह्मपुराण | ४७/१-३ |
| ૯૭. | मत्स्यपुराण | अ.२५५/२०-२४ |
| ૯૮. | संस्कृत साहित्य एवं पर्यावरण | पृ.२४० |
| ૯૯. | मत्स्यपुराण | २६८/५ - ३३ |
| ૧૦૦. | मत्स्यपुराण | २२८/पृ.५१० |
| ૧૦૧. | मत्स्यपुराण | २२८/पृ.५११ |
| ૧૦૨. | मत्स्यपुराण | २५४/पृ.५५३ |
| ૧૦૩. | मत्स्यपुराण | २५५/२०-२४ |
| ૧૦૪. | संस्कृत साहित्य एवं पर्यावरण | क्रम-३३/पृ.२४० |

# પ્રકરણ-૪

# પ્રકરણ-૪

# ભૂમિવાસ્તુ

૪.૧ પ્રસ્તાવના

૪.૨ ભૂમિનો પરિચય

૪.૩ ભૂમિના લક્ષણ

૪.૪ વર્ણ, રંગ, સ્વાદ અનુસાર ભૂમિનું નિરૂપણ

૪.૫ ભૂમિ પ્રકાર

૪.૬ ભૂમિ પરીક્ષા

૪.૭ ભૂમિની ફલપ્રાપ્તિ

૪.૮ નિષ્કર્ષ

# પ્રકરણ-૪
# ભૂમિવાસ્તુ

## ૪.૧ પ્રસ્તાવના

વાસ્તુની રચના ભૂમિ ઉપર થાય છે. આથી, વાસ્તુનું નિર્માણ કરવામાં સૌપ્રથમ ભૂમિ વિશે માહિતી મેળવવી આવશ્યક બને છે. ભૂમિ શબ્દ મૂળ ધાતુ√भूः પરથી બનેલ છે. જેમકે,

भूरिति– 'भवति सर्वस्यामिति भूः । भू सत्तायाम् ।'
ऊकारान्तोऽयं स्त्रीलिङ्ग । अव्ययं तु रेफान्त : ।
अस्यामिदम् अभूदिति भूमिः ।(૧)

અમરકોશમાં ભૂમિ વિશેના પર્યાયવાચી શબ્દો આપતા શ્લોક भूमिवर्गः નામના પ્રથમ કાંડમાં જોવા મળે છે તે પ્રમાણે,

भू र्भूमिरचलानन्ता रसा विश्वंभरा स्थिरा ।
धरा धरित्री धरणिः क्षोणिर्ज्या काश्यपी क्षितिः ॥२॥
सर्वरूहा वसुमती वसुधोर्वी वसुंधरा ।
गोत्रा कुः पृथिवी पृथ्वी क्ष्मावनिर्मेदिनी मही ॥३॥
विपुला गह्वरी धात्री गौरिला कुम्भिनी क्षमा ।
भूतधात्री रत्नगर्भा जगती सागराम्बरा ॥

ભૂમિ વિશેના આ પર્યાયવાચી શબ્દોનો વેદો, પુરાણો, ઉપનિષદો વગેરે સંસ્કૃત ગ્રંથોમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

## ૪.૨ ભૂમિનો પરિચયઃ

પ્રાચીનકાળથી જ ભૂમિને મહત્ત્વનું સ્થાન મળેલ છે. મનુષ્ય પુરાતન સમયથી પૃથ્વીને માતા તરીકે માને છે.

माता भूमिः पुत्रोऽयं पृथिव्याः ।[२]

ભૂમિ અર્થાત્ પૃથ્વી મનુષ્યના આર્થિક જીવન વ્યવહારનો મુખ્ય આધાર છે. ભારત કૃષિપ્રધાન દેશ છે તેથી જ સર્વ સંપત્તિની આધારરૂપ ભૂમિ છે. આ ઉપરાંત બાલ્યાવસ્થાથી શરૂ કરીને મૃત્યુપર્યંત પ્રત્યેક ગતિવિધિ ભૂમિ સાથે રહેલી છે. પૃથ્વી પર વિદ્યમાન સમુદ્રો, નદીઓ, પર્વતો, વનો વગેરેને પણ આર્થિકજીવનના આધારસ્થંભો મનાય છે.

ગૃહ, પ્રાસાદ, ગ્રામ, નગર, વાપી, કૂપ, વ્યવસાય માટે ફેકટરી, દુકાનો, મિલો વગેરેના નિર્માણ માટે વાસ્તુ પ્રમાણ-માપ રાખવામાં આવે છે. આ દરેકની રચના ભૂમિ ઉપર જ થાય છે. આથી, અન્ય વાસ્તુની માહિતી મેળવતા પહેલા ભૂમિવાસ્તુ વિશેની વિશેષ જાણકારી મેળવવી આવશ્યક બને છે. કેવી ભૂમિ ઉપર વસતા લોકોને કેટલો લાભ કે નુકશાન થાય છે તે માટે ભૂમિ પસંદગીનો નિર્ણય મહત્ત્વનો બની રહે છે. આથી, વાસ્તુ નિર્માણ કરનાર ગૃહપતિ કે ભુસ્વામિને માટે ભૂમિવાસ્તુનો અભ્યાસ આવશ્યક બની રહે છે.

## ૪.૩ ભૂમિના લક્ષણ

સામાન્ય રીતે ભૂમિનો સ્પર્શ થતા ખ્યાલ આવે છે કે આ ભૂમિ કેવી છે ? કેટલીક ભૂમિનો સ્પર્શ થતા મનને આનંદ અને શાંતિ મળે છે તો વળી, કેટલીક ભૂમિના સ્પર્શથી અશાંતિ અને અજંપો મળે છે. આમ, ભૂમિના લક્ષણો જાણવાથી

માલૂમ થાય છે કે કઈ ભૂમિ ઉત્તમ, મધ્યમ અને અધમ છે.

**વિશ્વકર્મપ્રકાશમાં ભૂમિના લક્ષણ આ પ્રમાણે આપેલ છે,**

अथातः संप्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।
श्वेता, रक्ता तथा पीता कृष्णा वर्णानुपूर्व्यतः ॥
सुगंधा ब्राह्मणीभूमिः रक्तगंधा तु क्षत्रियाः ।
मधुगंधा भवेद्वैश्या मधुगंधा च शूद्रिका ॥
मधुरा ब्राह्मणी भूमिः कषाया क्षत्रिया मता ।
अम्ला वैश्या भवेद्भूमि स्तिकता शूद्रा प्रकीर्तिता ॥

અર્થાત્, લોકોના (જગતના) કલ્યાણની ભાવનાથી જમીનનાં લક્ષણો બતાવે છે. સફેદ વર્ણની, લાલ વર્ણની, પીળા રંગની તથા કાળા રંગની આ જમીનો વર્ણના ક્રમ પ્રમાણે સમજવી. બ્રાહ્મણી જમીન ઉત્તમ પ્રકારની સુગંધવાળી હોય છે. ક્ષત્રિય વર્ણની જમીનની સુગંધ લોહીના સમાન હોય છે. વૈશ્યની વાસ મધના જેવી અને શૂદ્રોની જમીનની ગંધ દારૂ જેવી હોય છે. બ્રાહ્મણી જમીનનો સ્વાદ મીઠાશવાળો, ક્ષત્રિયની જમીનનો સ્વાદ તૂરો, વૈશ્યનો ખાટો અને શૂદ્રની જમીનનો સ્વાદ તીખો હોય છે.(૩)

**વાસ્તુરત્નાવલીમાં આ ભૂમિના લક્ષણ અંગે નિર્દેશ કરવામાં આવ્યો છે,**

स्फुटिता खण्डिता, सशल्या शल्यसमन्विता वल्मीका वल्मीकयुक्ता तथा आरोहिणी निम्नोन्नता भूमिः, दूरतः दूरादेव, परिवर्ज्या परित्याज्या, नीचेत्कर्तुनिवासकर्तृः, आयुर्धनापहा आयुषो धनस्य चापहा नाशकत्री भवति । अथ पृथक् पृथक् फलं कथ्यते – स्फुटिता भूमिः

वासकर्तुः मरणं निधनं कुर्यात् । उषरा धननाशिनी धनहन्त्री भवति, सशल्या शल्ययुक्ता, नित्यमनारतं कलेशदा कष्टदा भवति । विषमा निम्मोन्नतभूमिः, शत्रुवर्धिनी शत्रुवृद्धिकारिणी भवति ॥(४)

**વિશ્વકર્માવાસ્તુશાસ્ત્ર પ્રમાણબોધિ વ્યાખ્યા નામક ગ્રંથમાં પણ આ જ વિચારનું પ્રતિબિંબ વ્યક્ત થયું છે.**

कण्टकवृक्षयुक्ता भूमिस्तथा तीव्रोष्णाकरवृक्षयुक्ता भूमिः पत्रादिभिर्हिंसाकरेस्तरूभिर्युता भूमिश्च शुभोसुभिर्वर्ज्या । तथा वल्मीकिर्युता भूमिस्थिशकलयुता भूमि सर्वत्र रन्ध्रोपरन्ध्रयुक्ता भूमिः पृथगर्तादिनिम्नोन्नतस्थली भूमिश्च वास्तुकर्मणि वर्ज्येति भावः ।(५)

**ભૂમિ કેવાં લક્ષણો ધરાવે છે તેના વિશે 'તંત્રસમુચ્ચય' માં આ પ્રમાણે નિર્દેશ છે.**

अथ भूमेढतमादित्वमाश्रित्य भेदमाह – गोमत्यैरिति । गोमिर्मत्यैश्चाढ या आश्रिता फलपुष्पादुग्धतरूभिः कलवदिः क्षीखद्भिश्च वृक्षैराज्या पूर्णा । समा निम्नोवर्जिता प्राकप्लवा प्राग्भागनिम्ना । स्त्रिग्धा निबिडा । धीरवा गम्भीरस्वरा । प्रदक्षिणजलोपेता प्रादक्षिण्येन नधादिनोपलक्षिता । आशुबीजो द्रमा बीजावाये शीध्रमुद्राच्छदङ्कुरा । बहुपांसुः खात्वा तत्पांसुमिरेव पूरिते गर्तातिरिक्तपांसु युक्ता । अक्षयजला ग्रीष्मेऽपि प्रभूतजलयुक्ता । शीतोष्णयोस्तुल्या शीतकाले चोष्णकाले च तुल्या, शैत्याधिकयेनैष्ण्याधिकयेन च रहिता । एवंभूता भूमिः श्रेष्ठा उत्तमा संप्रोक्ता । समुक्त विपरीता उक्तलक्षणवैपरीत्ययुक्ता अधमा । मिश्रिता मिश्रलक्षण युकता मध्यमा ।(६)

**ઉત્તમ ભૂમિનું લક્ષણ આચાર્ય વરાહ મિહિર આ પ્રમાણે આપે છે.**

शस्तौषधिद्रुमलता मधुरा सुगन्धा
स्निग्धा समा न सुषिरा च महि नराणाम् ।
अप्यध्वनि श्रमविनोदमुपागतानां
धते श्रियं किमुत शाश्वतमन्दिरेषु ॥

**જે ભૂમિ ઔષધિઓ, વૃક્ષો અને મધુર સુગંધથી યુક્ત અને જેના ઉપર પગ રાખતા જ મનમાં આનંદ થાય તે ઉત્તમ ભૂમિ છે.**[૭]

**અધમ ભૂમિના લક્ષણનું ચિંતન કરતા સમરાંગણ સૂત્રધારના ભૂમિપરીક્ષા નામક અધ્યાયમાં આ પ્રમાણે નિરૂપણ છે.**

ईदानीमप्रशस्तानां भुवां लक्ष्माभिदहमहे ।
पुरादिसन्निवेशार्थ परित्याज्या भवन्ति याः ॥
भस्माङगारेषु पालास्थितुषकेशविषाश्मभिः ।
मूषकोत्करवल्मीकर्शर्फराभिश्च निर्भरा ॥
ढक्षा प्ररोहिणी निम्ना भडगुरा सुषिरोषरा ।
वामावर्तजलास्त्राविण्यसारा विषमोन्नता ॥
कटुकपटकिनिः सार शुष्क निष्फलपादपाः ।
क्रव्यात्यक्षिसमाकीर्णा कृमिकीटवती च या ॥
सु कृतात्यपि भोज्यान्नभक्ष्यपानानि तत्क्षणात् ।
यस्यां विनाशमायान्ति सह तूर्यादिनिस्वनैः ॥[૮]

**પ્રત્યેક ભૂમિ શુભપ્રદ હોઈ શકે નહીં**

**વાસ્તુ નિર્માણ કયાં થઈ શકે ને કયાં ન થઈ શકે ? તેની વિવેચના કરવામાં આવી છે. જે ભૂમિ અધમ હોય અને કેટલાક વિશિષ્ટ ચિહ્નયુક્ત હોય તેવી ભૂમિનો ત્યાગ કરવાનું ફલદાય છે. આ ત્યાજ્ય ભૂમિ કેવા લક્ષણો ધરાવે છે અથવા કેવી હોઈ શકે તેના વિશેના વિચાર 'તંત્રસમુચ્ચય'માં આ પ્રમાણે આપેલ છે.**

वृता स्वत एव वृतांकारा ।
अर्धेन्दुनिभा अर्धचन्द्राकारा ।
त्रिपचरसकोणा त्रिकोणा पञ्चकोणा षटकोणा च ।
शूलशूर्पाकृतिः शूलाकृतियुक्ता शूर्पाकृति युक्ता च ।
मत्स्यानेकपकोल पृष्ठपिलावक्रोपमा मीनद्विपवराहाणां
पृष्ठसमाना पशुमुखसमाना च ।
भस्माऽगारतुषा – स्थिकेशक्रमिवल्मीकादिभिः संयुक्ताभस्मभिः
कृष्णाङ्गारैः अस्थिभिः कैशेः कृमिभिर्वल्मीकैर्युक्ता ॥
मध्यनतामध्यमाग निम्ना ।
सगर्भाकुहरा अन्तर्भागे बिलयुक्ता ।
विस्त्रा दुर्गन्धयुक्ता ।
विदिकस्थापि व कोणगतदैर्ध्यविस्तारर्युक्ता च ।
एवंभूता मेदिनी भूमिर्वर्ज्या ॥(૯)

**મયમતમ્ ગ્રંથના ભૂપરીક્ષા નામક અધ્યાયમાં ભૂમિ વિશેનું આ પ્રમાણે નિરૂપણ છે.**

दध्याज्यमधुगन्धा च तैलासृ गन्धिका च या
शवमीनपक्षिगन्धा सा धरा निन्दिता वरैः ।
सभा चैत्यसमीपस्था नृपमन्दिर संश्रिता
देवालयसमीपस्था कण्टकिद्रुमसंयुता ।
वृत्तत्रिकोण विषमा वज्राभा कच्छपोन्नता
चण्डालावासगच्छाया चर्मकारालयाश्रिता ।
एकद्वित्रिचतुर्मार्गा तरिताव्यक्तमार्गका
निम्नं यत् पण्वाकारं पक्षीव मुरजोपमम् ।
मत्स्याभं तु चतुष्कोणे महावृक्षसमायुतम्
चैत्यवृक्षयुतं सालचतुष्कोणसमाश्रितम् ।
भुजङनिलयं चैव सङकराराममेव च
स्मशानं चाश्रमस्थानं कपिसूकरसन्निभम् ।
वनोरगनिभंटङ्कंशूर्पोलूखलसन्निभम् ॥
शङखभं शङकुनाभं च बिडालकृलासवत्
उषरं कूमिभिर्जुष्टं गृहगौलिसमाकृति ।
अन्यदवेविधं वस्तु निन्दितं वस्तुपाठकैः
बहुप्रवेशमार्गं च मार्गविद्धं च गर्हितम् ।
यत् कर्म विहितं मोहादेवंभूते तु वस्तुनि
तन्महादोषहेतुः स्यात् सर्वथा तद् विवर्जयेत् ॥ (१०)

## ૪.૪ વર્ણ, ગંધ, રંગ, સ્વાદ અનુસાર ભૂમિ નિરૂપણ

પુરાણમાં ભૂમિના લક્ષણ ભૂમિના વર્ણ, ગંધ, રંગ, સ્વાદ પ્રમાણે આપવામાં આવ્યા છે. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર આ ચારેય વર્ણના

લોકો માટે જુદા-જુદા રંગની ભૂમિનું નિરૂપણ થયેલ છે. વળી, ભૂમિની ગંધ તથા સ્વાદ (માટીના) અનુસાર પણ જે તે વર્ણના માણસોના વસવાટ કરવા માટે અલગ-અલગ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આમ, દરેક વર્ણના લોકોએ પરીક્ષણ કરીને પોતાના વર્ણ અનુસારની વર્ણ, ગંધ, રંગ અને સ્વાદ અનુરૂપ ભૂમિ પર વાસ્તુનું નિર્માણ કરવું જોઈએ. એવો નિર્દેશ જોવા મળે છે.

**મત્સ્યપુરાણ અનુસાર**

श्वेता रक्ता तथा पीता कृष्णा चैवानुपूर्वशः ।
विप्रादेः शस्यते भूरिरतः काच्यँ परिक्षणम् ॥
विप्राणां मधुरास्वादाकटुकाक्षत्रियस्य तु ।
तिकता कषाया च तथा वैश्यशूद्रेषु शस्यते ॥

અર્થાત્, "કૃષ્ણા, રક્તા, શ્વેત તથા પીતની આનુપૂર્વીથી કલ્પના કરીએ, વિપ્ર આદિની ભૂમિ પ્રશસ્ત રહી છે આથી પરીક્ષણ કરવું જોઈએ. વિપ્રને મધુર આસ્વાદ, ક્ષત્રિયને કટુ અને વૈશ્ય તથા શૂદ્રમાં તિકત અને કષાય આસ્વાદ પ્રશસ્ત હોય છે."(૧૧)

**અગ્નિપુરાણ અનુસાર**

श्वेता रक्ता तथा पीता कृष्णा चैव यथाक्रम ।
धृतसृगन्नमधानां गन्धाढया रसतश्च भूः ॥
मधुरा च कषाया च अम्लाधुपरसा क्रमात् ।

અર્થાત્, "બ્રાહ્મણ આદિ વર્ણોની ભૂમિ ક્રમશઃ શ્વેત, રક્ત, પીત તથા કૃષ્ણરંગની હોવી જોઈએ. એ ભૂમિમાંથી ક્રમશઃ ઘી, શોણિત, અમ્લ તથા મધ

જેવી ગંધ નીકળતી રહે છે તેનો રસ ક્રમશઃ મધુર, કષાય્, અમ્લ અને કટુ હોય છે.''(૧૨)

## વિષ્ણુધર્મોત્તરપુરાણ અનુસાર

श्वेता रक्ता तथा पीता कृष्णा चैव यथाक्रमम् ।
विप्रादीनां प्रशस्ता स्यान्मृत्तिका च ततो द्विज ॥
धृतासृगन्नमधानां तुल्यगन्धा तथैव च ।
मधुरा च कषाया च अम्लोषणरसा तथा ॥

અર્થાત્, શ્વેત, રક્ત, પીત અને કૃષ્ણા ક્રમ અનુસાર વિપ્ર આદિની ભૂમિ પ્રશસ્ત રહી છે. તેજ પ્રમાણે ક્રમશઃ ઘી, શોણિત, અમ્લ અને મધ જેવી ગંધ આવતી હોય છે તેની ક્રમશઃ મધુર, કષાય, અમ્લ અને કડવો રસ હોય છે.(૧૩)

આમ, પુરાણોમાં ભૂમિનાં પરિક્ષણ માટે દરેક વર્ણએ પોતાના વર્ણ પ્રમાણે રસ, રંગ, સ્વાદ અને ગંધ અનુસાર પસંદગી કરવી જોઈએ તેવો ઉલ્લેખ છે. પુરાણના આ જ વિચારો વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં વિસ્તૃત રૂપે જોવા મળે છે.

વાસ્તુમાં ભૂમિને વર્ણ, ગંધ, રંગ, સ્વાદ અનુસાર વિભક્ત કરવામાં આવે છે જેનું વિસ્તૃત વર્ણન વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં કરવામાં આવેલ છે. જેની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણે છે.

## વાસ્તુરાજવલ્લભ અનુસાર

श्वेताब्राह्मण भूमिका च धृतवन्दंधा शुभ स्वादिनी
रक्ताशोणतगंधिनी नृपति भूः स्वादे कषायाच सा ॥

स्वादेम्लातिलतैलगंधिरूदितापीताच वैश्यामही ।

कृष्णामत्स्य सुगंधिनीचकटुका शूद्रेति भूलक्षणम् ॥

**અર્થાત્, "જે ભૂમિ રંગે શ્વેત હોય તથા ઘી જેવી સુગંધવાળી હોય અને જેનો સ્વાદ સારો હોય તેવી ભૂમિમાં બ્રાહ્મણે ઘર કરવું; તથા જે પૃથ્વી રંગે લાલ હોય તથા રૂધિર જેવી સુગંધીવાળી હોય અને કપાયેલો જેનો સ્વાદ હોય (હીમજ અથવા હરડે જેવો કડવો સ્વાદ) તેવી ભૂમિમાં ક્ષત્રિય જાતિએ ઘર કરવું; તથા જે પૃથ્વીનો રંગ પીળો હોય તથા તલના તેલ જેવી જેની સુગંધ હોય અને વૈશ્ય લોકોએ સ્વાદમાં જે ખાટી હોય તેવી ભૂમિમાં વૈશ્ય લોકોએ ઘર કરવું, અને જે પૃથ્વીનો રંગ કાળો હોય તથા માછલાં જેવી જેની સુગંધ હોય અને સ્વાદમાં કટુક (કડવી) હોય તે શૂદ્રાભૂમિ કહેવાય છે."(૧૪)**

स्वादेभवेधामधुरासिताभा चतुर्षुवर्णेषुमहीप्रशस्ता ।

स्नेहान्विता बभ्रुभुर्जगयोर्या सौहार्दवत्याखु बिडालयोर्या ॥

**અર્થાત, "જે પૃથ્વી સ્વાદે મીઠી હોય તથા રંગે સફેદ હોય અને જે પૃથ્વીમાં નોળિયો અને સર્પ પ્રીતિ વડે એકઠા રહેતા હોય, તેમજ બીલાડી અને ઉંદર સંપ કરી રહેતા હોય, એવી ભૂમિમાં ચારે જાતિના મનુષ્યોએ ઘર કરવું એ શ્રેષ્ઠ છે, એમ બીજા પક્ષાંતરે કહ્યું છે."(૧૫)**

## મયમતમ્ અનુસાર

"श्वेता रक्ता च पीता च कृष्णा कापोतसन्निभा

तिकता च कटुका चैव कषायलवणाम्लका

मधुरा षड्रसोपेता सर्वसम्पत्करी धरा"(१६)

આમ, વાસ્તુરાજવલ્લભ જેવા જ વિચારો મયમતમાં રંગ, સ્વાદ અનુસારનાં ભૂમિના લક્ષણો જોવા મળે છે.

**બૃહદ્‌વાસ્તુમાલામાં વર્ણ પરત્વે ભૂમિનું નિરૂપણ આ પ્રમાણે છે**

शुभस्य शुभदा ज्ञेया दशा पापस्यचाधमा
शुकला मृत्स्ना च या भूमिर्ब्राहमी सा प्रकीर्तिता
क्षत्रिया रक्तमृत्स्ना च हरिद्वैश्या उदाहता
कृष्णा भूमिर्भवेच्छूद्रा चतुर्धा परिकीर्तिता ॥

અર્થાત્, "સફેદ વર્ણની માટીયુક્ત ભૂમિ બ્રાહ્મણી, લાલ વર્ણની ક્ષત્રિય, લીલા વર્ણની વૈશ્ય અને કૃષ્ણ(કાળા) વર્ણની શૂદ્ર કહેવામાં આવે છે."[૧૭]

**તન્ત્રસમુચ્ચમાં પણ બ્રાહ્મણ વગેરેના આ અનુક્રમ અનુસાર**

विप्राटीति । कुशेषुवनदूर्वाकाशयुक्ताः कुशैरिषुवनेन
दूर्वाभिः काशैश्च युकताः । भुवः भूभागाः ।
विप्रादिक्रमतः ब्राह्मणक्षत्रिय वैश्यशूद्रकमेण स्मृताः ।[१८]

**વશિષ્ઠ મત અનુસાર**

श्वेता शस्ता द्रिजेन्द्राणां रक्ता भूमिर्महीभुजाम्
विशां पीता च शूद्राणां कृष्णान्येषावंविर्मिश्रिता ।

અર્થાત્, "બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શુદ્રને ક્રમશઃ સફેદ, લાલ, પીત અને કૃષ્ણ તથા અન્ય વર્ણને માટે મિશ્રિત વર્ણની ભૂમિ શુભ હોય છે."

### શબ્દકલ્પદ્રુમ અનુસાર

सुगन्धा ब्राह्मणी भूमि रक्तागन्धा तु क्षत्रिया ।
मधुगन्धा भवेद्वैश्या मधगन्धा च शूद्रिका ॥
अम्ला भूमिर्भवेद्वाश्या तिकता शूद्रा प्रकीर्तिता ।
मधुरा ब्राह्मणी भूमिः कषाया क्षत्रिया मता ॥

**અર્થાત્, ''સુગંધયુક્ત 'બ્રાહ્મણી', રક્તગંધયુક્ત 'ક્ષત્રિય', મધગંધા 'વેશ્યા' અને મધ્યગંધાભૂમિ 'શૂદ્રા' કહેવામાં આવે છે અને અમ્લરસયુક્ત 'વેશ્યા' તિક્તરસયુક્ત 'શૂદ્રા', મધુરસયુક્ત 'બ્રાહ્મણી' અને કષાયરસયુક્ત 'ક્ષત્રિય' ભૂમિ કહેવાય છે.''[૧૯]**

### સમરાંગણ સૂત્રધાર અનુસાર

सिता रक्ता च पीता च कृष्णा चैव क्रमान्मही ।
विप्रादीनां हि वर्णानां सर्वेषामथवा हिता ॥
स्वादुः कषाया तिकता च कटुका चैत्यनुक्रमात ।
वर्णानां स्वादतः शस्ता सर्वेषां मधुराथवा ॥
धर्मांगमे हिमस्पर्शा या स्यादुष्णा हिमागमे ।
प्रावृष्णुष्णहिमस्पर्शा सा प्रशस्ता वसुन्धरा ॥
मृद्ङ्गवल्लकीवेणुदुन्दुभीनां समा ध्वनौ ।
द्रिपाश्चाष्धिसमस्वानाचेतिस्युर्भूमयः शुभाः ॥

**અર્થાત્, વર્ણ અનુરૂપ - સફેદ, લાલ, પીત અને કૃષ્ણ ક્રમથી વિપ્રાદી વર્ણને માટે અથવા સર્વને માટે હિતકારી છે. સ્વાદ અનુરૂપ-મધુર, કષાય,**

તિક્ત, કટુ ક્રમશઃ બ્રાહ્મણદિ જાતિઓને માટે ભૂમિ પ્રશસ્ત માનવામાં આવી છે. અર્થાત્ મધુરા બ્રાહ્મણને માટે, કષાય્ ક્ષત્રિયને માટે, તિકત વૈશ્યોને માટે અને કટુ શુદ્રોને માટે વિહિત છે.

સ્પર્શ અનુકૂળ – જે પૃથ્વી ગ્રીષ્મના આગમન પર શીત અને ઠંડીના સમયે ગરમભૂમિ બને તેને 'પ્રશસ્ત ભૂમિ' કહેવામાં આવે છે.

શબ્દ અનુરૂપ – "જે પૃથ્વી મૃદંગ, વલ્લકી (વીણા અને સીતાર), વેણુ, દુદંભિની સમાન ધ્વનિ આપે છે અને જેની ગજ અશ્વ સમુદ્રની ધ્વનિની સમાન ધ્વનિ હોય છે તે 'શુભભૂમિ' કહેવાય છે."(૨૦)

### વાસ્તુસાર અનુસાર

उषरा स्फूटिता नीचा भूमिर्वाल्मीकिनी त्यजेत् ।
विप्रादीनां शुभा श्वेता रक्ता पीता च श्यामिका ॥

અર્થાત્, "ઘર કરવાની જમીન ખારવાળી હોય, ફાટેલી હોય, ઉંચી નીચી હોય, રાફડાવાળી હોય તો તેવી જમીનમાં ઘર ન કરવું, પણ તેને ત્યજી દેવી. બ્રાહ્મણને માટે સફેદ વર્ણની, ક્ષત્રિયને માટે રક્ત વર્ણની, વૈશ્યને માટે પીળા વર્ણની અને શુદ્રને માટે શ્યામ વર્ણની ભૂમિ શ્રેષ્ઠ જાણવી."(૨૧)

ચારેય વર્ણનાં ભૂમિલક્ષણ સંદર્ભે વિશ્વકર્મવાસ્તુશાસ્ત્ર પ્રમાણબોધિ ટીકામાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

अथ ब्राह्मणयोग्यभूमिलक्षणमाह मधुरजलसंयुक्ता भूमिर्देवानां विप्राणां च शुभप्रदा । देवालयार्थ ब्राह्मणगेहार्थ च योग्येति भावः ।

तथोदुम्बरवृक्षसंपन्ना भू: श्वेतवर्णा च भू: उदीश्वां दिशि नदीतटाकादिजलोपेता च भूरेवाधड्ग भूमिर्देवविप्रशुभकरीति भाव: । एतादेशेश्वतुर्विधलक्षणैयुक्ता भूमिर्मुज्यति भाव: । एवमुत्तरत्रापि ज्ञेयम् । एकलक्षणसमन्विता च भू: तेषां शुभ्नप्रेदति सिद्धान्त:

अथ क्षत्रिय योग्य भूमिलक्षणमाह – कषायमृत्तिकेत्ति । कषायरसयुक्ता भूमि: तथा रक्तवणा भूमि: तथा पूर्वायां दिशिनधादिजलोपेता भूमिरश्वत्थद्रुमाढया भूमिर्विशषतो वैशाल्यशालिनी भूमि: कनकादिलोहखनियुक्ता च भूमि: क्षत्रियाणां जयादिसर्वसंपत् – कारिणीत भाव: । एतादशसर्व – लक्षणयुक्ता भूमिरपि दुर्लभेति भाव: । एकद्रित्र्यादिलक्षणभागपि भवनादिनिर्माणाय सडग्राहयेति

अथ वैशयोग्यभूमिलक्षणमाह – नातिकृष्णेति । नातिकृष्णवर्णा भूमि: तथा च नातिरक्तवर्णा तथा प्लक्षवृक्षसमन्विता च भूमिस्तथा दक्षिणायां दिशि नधादिजलोपेता भूमिर्नातिनिम्नोन्नतस्थलान्विता च भूमि: वैश्यानां सर्वसंपत्प्रदा भवेत् ॥

अथ शूद्रयोग्यभूमिलक्षणमाह – कटुजलान्विता । भूमि: कृष्णवर्णा च भूमिस्तथा वटवृक्षसमन्विता च भूमिस्तथा वारूण्यां दिशि नधाधुदकसमन्विता भूमिस्तथा कठिनस्पर्शा च भूमिश्शूद्रजातानां सर्वक्षेमकारिणीति भाव: । इत्येवं चातुर्पर्ण्यभेदेने भूमिलक्षणमुक्तं भवति ।[२२]

## વાસ્તુરત્નાવલી સુબોધિની ટીકા અનુસાર

मधुर इति । यत्र वासं कर्तुमभिलाषा भवेत्तत्र
मृत्तिकायाः मधुरः, कटुकः, तिक्तः, कषायश्चेति
चत्वारो रसाः क्रमात् विप्रक्षत्रियवैश्यानां
शूद्रस्य च शुभप्रदा भवन्ति । तधथा – विप्रस्य
मधुररसः क्षत्रियस्य कुटरसः वैश्यस्य तिक्तरसः
शूद्रस्य च कषायरसः शुभप्रद इति ।

धृतासुगन्नमधानां गन्धाश्च क्रमतः शुभाः ।
विप्रक्षत्रियविट्शूद्रजातीनां वास्तुभूमिषु ॥

**ટીકા** : धृतासुगन्नेति । विप्रक्षत्रियविट्शूद्रजातीनां ब्राह्मणराजन्यवैश्यवृषलानां क्रमतः क्रमात्, धृतासुगन्नधानां गन्धाः शुभा भवन्ति ।(२३)

## વાસ્તુપ્રદીપ અનુસાર

**ટીકા** : शुकलामृ स्नेति । या भूमिः शुकलमृत्स्नाशुभ्रमृतिकयायुक्ता, सा ब्राह्मणी प्रकीर्तिता । रक्तमृत्स्ना रक्तमृत्तिकाया युक्ता क्षत्रिया राजन्या प्रकीर्तिता । हरिद्वर्णसमन्विता भूमिः वैश्या प्रकीर्तिता । कृष्णा श्यामलाभूमिः शूद्रा भवेदिति चतुर्धा चतुः प्रकारा भूमिः परिकीर्तिता ।

**શ્લોક** : शुक्लमृत्स्ना च या भूमिब्राह्मणी सा प्रकीर्तिता ।
क्षत्रिया रक्तमृत्स्ना च हरिद् वैश्या प्रकीर्तिता ॥
कृष्णा भूमिर्भवेटछूद्रा चतुर्धा परिकीर्तिता ।

ભૂમિના લક્ષણ તથા ભૂમિના નિરૂપણ વિશેના પુરાણ તેમજ વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં જોવા મળતા સમાન ચિંતનને આ પ્રમાણે નિર્દિષ્ટ કરી શકાય.

| કયા વર્ણ કે જાતિ માટે | કેવી ભૂમિ | | | |
|---|---|---|---|---|
| | ભૂમિની જાતિ(પ્રકાર) | ભૂમિનો રંગ | ભૂમિની ગંધ | ભૂમિનો સ્વાદ |
| બ્રાહ્મણો | બ્રાહ્મણી | શ્વેત,સફેદ ઉજળો | ઉત્તમ, મધુર | મધુર, ગળ્યો, મીઠો |
| ક્ષત્રિયો | ક્ષત્રિયા | રક્ત, લાલ રતુમડો | રક્તસમાન, લોહી જેવી | કષાય, તૂરો |
| વૈશ્યો | વૈશ્યા | પીત, પીળો | મધુ સમાન મધ જેવી, | અમ્લ, ખાટો |
| શૂદ્રો | શૂદ્રા | કૃષ્ણ, કાળો, ધુમાડિયો | મધ સમાન, દારૂ જેવી દુર્ગંધવાળી | તિક્ત, કડવો |

## ૪.૫ ભૂમિ પ્રકાર

ભૂમિના લક્ષણ અને ભૂમિની રચના પરથી વાસ્તુગ્રંથોમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે તે વર્ણનના અ ાધારે ભૂમિના વિવિધ પ્રકારો આ પ્રમાણે વર્ણવામાં આવ્યા છે.

વિ✓કર્માપ્રકાશ નામક ગ્રંથના પ્રથમ અધ્યાયમાં ભૂમિની રચનાને આધારે શુભ–અશુભ આકારની ભૂમિનું વર્ણન કરવામાં આવ્યું છે.

चतुरस्त्रां द्विपाकारां सिंहोक्षाश्वेभ रूपिणीम् ।
वृत्तं व भद्रपीठं च त्रिशूलं लिङ्गसन्निभम् ॥
प्रासादध्वजकुम्भादि–देवानामपि दुर्लभम् ।
त्रिकोणं शकटाकारां शूर्पव्यजसन्निभाम् ॥
मुरजाकार सद्दशां सर्प–मण्डूक–रूपिणीम् ।
स्वराजगरसङ्काशां बक्रा चिपिट् रूपिणीम् ॥
मुद्गराभां तथोलूक – काकसर्पनिभां तथा ।
शूकेराष्ट्राज सर्द्दशां धनुं परशु रूपिणीम् ॥
कृकलास शवाकारां दुर्गम्या च विर्जयेत् ।
मनोरमा च या भूमिः परीक्षेत प्रयत्नतः ॥

**અર્થાત્ – "જે ભૂમિ ચોરસ આકારની, દ્વિપના આકારની, સિંહ, બળદ, ઘોડો અથવા હાથી જેવા આકારની જમીન, ગોળાકાર જમીન, ભદ્રપીઠના જેવી ઊંચી જમીન, ત્રિશૂળ અથવા શિવલિંગ જેવા આકારની જમીન, મહેલ, ધ્વજ અથવા ઘડા જેવા આકારની જમીન દેવતાઓને પણ દુર્લભ ગણાય છે."**

**જે ભૂમિ ત્રિકોણ, શકટાકાર, શૂર્પ, મૃદંગ આકાર, સર્પાકાર, દેડકા જેવો આકાર, ગધેડા જેવો, અજગર જેવો, બગલા જેવો, વાંકોચૂંકો ચીપિયા જેવો, મગદળના જેવો, ઘુવડ જેવો, કાગડા જેવો, સાપ, ઘુવડ, ઊંટ વગેરે જેવો, સૂવર કે ઊંટ જેવો, કાંચીડા જેવો, મડદાના જેવો – આવો કોઈપણ પ્રકારનો આકાર ખરાબ ગણાય. ધનુષ્ય અથવા પરશુ જેવા આકાર પણ હોય તો તેવી જમીન પણ નકામી ગણાય. વળી દુર્ગમ્ય એટલે કે જમીન ઉપર જવામાં અગવડ હોય – તેવી જમીન આ સઘળા પ્રકારની જમીનનો ખાસ જ ત્યાગ કરવો."(૨૪)**

**'તન્ત્રસમુચ્ચય' નામક ગ્રંથનાં પ્રથમ પટલમાં ભૂમિના કેટલાક પ્રભેદોનું વર્ણન અને તેના લક્ષણનું નિરૂપણ કરવામાં આવ્યું છે.**

## ૧. સુપદ્મા ભૂમિ

कर्पूरेति । या मही कपूर्रादिभिरूपलक्षिता ।
दरीदश्यतेऽदर्त्यथं दश्यते, सेयं सुपद्मा नाम ।
सुरेशयजने देवं प्रतिष्ठाप्य यजनात् ।
शान्तिकरी दुरतिरोगानर्थादिशान्तिकरी ।
सुक्ता आगमेष्वभिहता । कर्पूरः स एवं ।
पूर्वोदक्प्लवशालिनी पूर्वभाग उदग्भाजे च निम्नतया युक्ता ।
बहुजला वा अक्षयजलयुक्ता वा । (२५)

## ૨. વસુમતી ભૂમિ

या पुनरेवंभूता वसुमती भूमिः । सा भद्रा परिगीयते भद्रेत्यागमेषूच्यते । यज्वनां प्रीतिप्रदा ईष्टदा । वारिनिधेः समुद्रस्य तीरं श्रिता आश्रिता । अथवा सरितौ नधास्तीर्थस्य प्रसिद्धस्य तीर्थस्य तीरं श्रिता । दक्षिणे दक्षिणभागे वीहिक्षेत्रे विचित्रता व्रीहिक्षेत्रेण संयुक्ता । आप्यदिशि पश्चिम भागे । यज्ञार्हात्डदध्रिपैः पलाशादिभिर्यज्ञयोग्यै वृक्षैरडिकता चिहिनता । पूर्णफलप्रसूनतरूभिः फलपुष्पपूर्णवृक्षैः । कीर्णा सडकीर्णा । अपि वा उधानव्हधा उधानहधा ।(२६)

### ૩. પૂર્ણાભૂમિ

या च पुनरेवंभूता भूमिः सा पूर्णा स्यात । सुरनिलय – समाकल्पने देवालयनिर्माणो पुष्टिदात्री धनधान्यप्रदानशीला । प्लक्षन्यग्रोधनिम्बाजुर्नवकुलकुलस्थासनाशोकनिष्पावाङ्कोलैः एतैर्मुदिता अडिकता वा । भूधराधीश्वर शिखरगता भूधराधीश्वर, पर्वतश्रेष्ठः तस्योर्ध्वभागस्था वा । अथवा अद्रेः पर्वतस्य पार्श्वस्थिता वा । स्वल्यतोया सुतरामल्पं तोयं यत्र सा ।(२७)

### ૪. ધૂમ્રાભૂમિ

या तु पुनरेवंभूता मही । सा सुरिभिर्विद्विभ्दि :, धूम्रा निगदिता उक्ता । यष्टुः यजमानस्यानिष्टदा दुःखद । अकैः सङ्कीर्णा । वेणुविभीतकैः वेणुभिविभीतकैश्चै स्नुहियुतैः श्लेष्मातकैः पीलुभिः एतैर्वा बहुशर्करावचहव्यः शर्करा यत्र सा कठिना कर्कशा – सोषरा उषरयुक्ता । गृध्रुश्येनवराहवायस – शिवाशाखामृगैः । एभिः सन्ततं सदा । जुष्टा सेविता । एवंभूता मही वर्ज्येत्यर्थः ।(२८)

**આમ, તંત્રસમુચ્ચય નામક ગ્રંથમાં સુપદ્મા, વસુમતી, પૂર્ણા અને ધૂમ્રા એમ ચાર પ્રકારની ભૂમિનું નિરૂપણ કર્યું છે જેમાં ચતુર્થ પ્રકાર સર્વથા વર્જ્ય એટલે કે તેનો ત્યાગ કરવાનું કહેવામાં આવ્યું છે.**

वास्तुरत्नावली – सुबोधिनी टीका **અનુસાર ભૂમિના પ્રકાર આ મુજબ છે,**

## ૧. ગજપૃષ્ઠ ભૂમિ

दक्षिणे पश्चिमेश्चैव नैर्ऋतौ वायुकोणके ।

एभिरूप्या भवेद् भूमिः गजपृष्ठाडभिधीयते ॥

गजपृष्ठे भवेद्वासः स लक्ष्मीधनपूरितः ।

आयुर्वृद्धिकरो नित्यं जायते नात्र संशयः ॥

**અર્થાત્, "જે ભૂમિ દક્ષિણ-પશ્ચિમ નૈર્ઋત્યકોણ તથા વાયવ્યકોણની તરફ ઉન્નત હોય તે 'ગજપૃષ્ઠભૂમિ' કહેવાય છે. તેમાં વાસ કરવાથી સંપત્તિ અને આયુની વૃદ્ધિ થાય છે."**

## ૨. કૂર્મપૃષ્ઠ ભૂમિ

मध्ये तूप्ये भवेधत्र नीचं चैव चतुर्दिसम् ।

कूर्मपृष्ठा भवेद् भूमिः तत्र वासः शुभप्रदः ॥

कूर्मपृष्ठे भवेद् वासो नित्योत्साहसुखप्रदः ।

धनधान्य भवेत्तस्य निश्चितं विपुलं सदाः ॥

पूर्वोत्तरे प्लवं लक्ष्मीरीशाने च शुभं भवेत् ।

**અર્થાત્, "મધ્યમાં ઉન્નત અને ચારેબાજુ કાચબાની પીઠની સમાન નીચી હોય તો 'કૂર્મપૃષ્ઠભૂમિ' કહેવાય છે. એ ભૂમિમાં નિવાસ કરવાથી ધનસંપત્તિ મળે છે તથા પૂર્વ-ઉત્તર અને ઈશાનમાં નીચી હોય તો શુભ હોય છે."**

## ૩. દૈત્યપૃષ્ઠ ભૂમિ

पूर्वाग्निशम्भुकोणेषु भूमौ यददुन्नतिर्भवेत् ।

पश्चिमे च यदा नीचं दैत्यपृष्ठाऽभिधीयते ॥

दैत्यपृष्ठे भवेद्वासो लक्ष्मीर्नायति मन्दिरे ।

धनपुत्रपशूनां च हानिरेव न संशयः ॥

અર્થાત્, "જો પૂર્વ અગ્નિકોણ અને ઈશાનકોણમાં ઉન્નન હોય અને પશ્ચિમદિશામાં નીચી હોય તો તે "દૈત્યભૂમિ" કહેવાય છે એ ભૂમિમાં વાસ કરવાથી ધન, પુત્ર, પશુ આદિની હાનિ થાય છે."

## ૪. નાગપૃષ્ઠ ભૂમિ

पूर्वपश्चिमयौदैर्ध्यं दक्षिणोत्तर उच्चता ।
नागपृष्ठं विजानीयात् कर्तृरूच्चाटनं भवेत् ॥
नागपृष्ठे यदा वासो मृत्युरेव न संशयः ।
पत्नीहानिः पुत्रहानिः शत्रुवृद्धिः पदे पदे ॥

અર્થાત, 'પૂર્વ અને પશ્ચિમમાં અતિ લંબાઈ હોય અને દક્ષિણ ઉત્તર તરફ ઉન્નત હોય તો તે ભૂમિ 'નાગપૃષ્ઠ' કહેવાય છે તે ભૂમિમાં વાસ કરવાથી ઉચ્ચાટન, સ્ત્રી, પુત્રની હાનિ અને શત્રુની વૃદ્ધિ થાય છે.(૨૯)

સમરાંગણ સૂત્રધારમાં ભૂમિપરીક્ષા નામક અધ્યાયમાં ત્રણ પ્રકારના દેશ ભેદ જોગલ, અનુપ અને સાધારણ દર્શાવવામાં આવ્યા છે. આ ત્રણ દેશના સ્વલક્ષણયુક્ત સોળ પ્રકારની ભૂમિનું આલેખન થયું છે.

જે ભૂમિ બાલીશરાજાના દ્વારા પણ શાસિત કરી શકાય અને જેના પર ભદ્રપુરૂષ રહે છે તે 'બાલીશ સ્વામીની ભૂમિ.'

જયાં કાંતિયુક્ત પુરૂષ ભોગ ભોગાદિક કરી અધિતયા આપે છે તે 'ભોગ્યા ભૂમિ.'

જે પૃથ્વી પરના પૂર્વમાં મધ્યમાં અથવા બહાર નદી જોવા મળે છે અને જેની સીમા અને ક્ષેત્રાદિ વિભકત છે તે 'સીતાગોચર-રક્ષિણી.'

જે ભૂમિની સરિતાઓ તેના પર્વતો અને વનમાં મનુષ્ય ભયથી પ્રવેશ કરે અને જે આશ્રય યોગ્ય ન હોય તે 'અપાશ્રયવતી' કહે છે.

જયાં પર્વત, સરિતા અને કુંજથી ભૂમિ રમણીય પ્રતીત થાય અને મનુષ્ય રહેવાને યોગ્ય બને તેને 'કાંતા' ભૂમિ કહે છે.

જે પૃથ્વી પર સોના-ચાંદી આદિ ધાતુ સદૈવ પ્રાપ્ત હોય અને જયાં મીઠું અતિશય ઉપલબ્ધ હોય તે 'ખનિમતી' ભૂમિ કહે છે.

જે ભૂમિ દંડકોપ તથા આસનથી વશીકૃત ન કરી શકાય અને જયાં માનવનો નિવાસ નહીવત્ હોય તે 'આત્મધારિણી.'

જયાં લે-વેચ વસ્તુઓ નિરંતર પ્રસિદ્ધ હોય અને વૈશ્યથી જે પ્રસાધિત અને અલંકૃત હોય તે વણિક 'પ્રસાદિતા.'

જે ભૂમિ વૃક્ષ વિશેષ ખાદિર, શ્રીપર્ણી, સ્પંદન , આસન, વાંસ, વેત્ર આદિ વૃક્ષોથી યુકત હોય તે 'દ્રવ્યવતી.'

જયાં જનપદ યોગ્ય પ્રકારથી વિભકત છે જયાં પરસ્પર લડાઈ ઝઘડા નથી અને મિત્રલોક પરસ્પર સુમેળ સાધે છે તે 'અમિત્રઘાતિની.'

જે ભૂમિ પર કિલ્લામાં બંધ શુદ્ર કેદી ન હોય અને જે વિનિત પુરૂષોના દ્વારા પરિપૂર્ણ છે તે આ 'શ્રેણીપુરૂષા'.

જયાં માંડલીક રાજા મંત્ર અને ઉત્સાહ આદિથી પરાંગ મુખ રહે છે તે 'શકયસામંતા'.

જયાં મેધ આદિની પ્રતિક્ષા નહી કરીને નદીના જલથી માનવ પોતાની ખેતી કરીને નિર્વાહ કરે છે તે 'દેવમાતૃકા'.

જયાં બીજ પાણી વિના અંકુરિત થાય અને જયાં ખેત કયારેય પુર આદિથી નષ્ટ ન થાય તે 'ધાન્યા'.

જે ભૂમિના પર્વતોમાં હાથીઓના વન હોય અને જે રાજાની સૈન્યવર્ધનક્ષમ હોય તે 'હસ્તીવનોપેતા'.

જે ભૂમિ નિત્ય વિષય હોવાને કારણે શત્રુઓના દ્વારા કાબુ ન કરી શકાય અને જે વિષમ પહાડ અને નદીઓ દ્વારા રક્ષિત હોય તેને 'સુરક્ષા' ભૂમિ કહે છે.[(૩૦)]

ઉપર્યુકત સર્વ ગ્રંથોમાં આપેલા ભૂમિના પ્રકારો પ્રમાણે તેના શુભ-અશુભ આકારોને આકૃતિ દ્વારા આ પ્રમાણે સમજી શકાય.

## ૪.૬ ભૂમિ પરીક્ષા

વાસ્તુનિર્માણમાં ભૂમિ પસંદગી એક મહત્ત્વનું પરિમાણ છે. વિજ્ઞાનમાં પરીક્ષા કર્યા બાદ જ વસ્તુની કે પદાર્થની યથાર્થતા માલુમ થાય છે તેમ વાસ્તુના નિર્માણ માટે સૌપ્રથમ ભૂમિ પરીક્ષા કરવામાં આવે છે જેના દ્વારા માલૂમ થાય છે કે કઈ ભૂમિ રહેવા યોગ્ય છે અને કઈ ભૂમિનો ત્યાગ કરવો જોઈએ.

ભૂમિ પરીક્ષા માટે વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં જુદા-જુદા પ્રયોગનું નિરૂપણ છે.

### વાસ્તુરાજવલ્લભ અનુસાર

खातं भूमिपरीक्षणेकमितं तत्पूरयेत्तन्मृदा
हीने हीनफलं सभे समफलं लाभी रजोवृद्धितः ॥
तत्कृत्वा जलपूर्णमाशतपदं गत्वा परीक्ष्यं ततः
पादार्द्धेन विहीनकेथनिभृते मध्याधमेष्टं जले ॥

અર્થાત્ - "પૃથ્વીની પરીક્ષા કરવા માટે જમીનમાં એક હાથ ઊંડો ખાડો ખોદવો અને તે ખાડો ખોદતાં નીકળેલી માટી તેજ ખોદેલા ખાડામાં પાછી પૂરતાં માટી ઘટે તો હીન ફળ જાણવું, તથા ખોદેલી માટી ખાડામાં પાછી પૂરતાં તે ખાડો જમીનની સપાટી બરાબર પૂરાઈ રહે તો તેનું સાધારણ ફળ જાણવું અને ખોદેલા ખાડામાંથી નીકળેલી માટી પાછી તેજ ખાડામાં પૂરતાં માટી વધે તો લાભ સમજવો.

હવે જે ખાડો ખોદી માટી કાઢી પાછી તે જ ખાડામાં પૂરી હોય તે માટી પાછી બહાર કાઢી પૃથ્વીની સપાટી બરોબર આવે તેટલું પાણી તે ખાડામાં ભરવું, ત્યારપછી તે ખાડા પાસેથી સો(૧૦૦) પગલાં (ખાડા પાસેથી ગમે તે

દિશા તરફ) દૂર જવું, અને ત્યાંથી પાછા આવી જોતાં ચોથા ભાગનું પાણી ઘટયું હોય તો તેનું મધ્યમ ફળ સમજવું, તથા અર્ધ ભાગનું પાણી ઘટયું હોય તો તેનું ફળ અધમ જાણવું અને જેટલું ભર્યું હોય તેટલું જ ખાડામાં પાણી રહે તો (અર્થાત્ જમીનમાં શોષાયું ન હોય તો) તેનું ઉત્તમ ફળ જાણવું.(૩૧)

વિશ્વકર્માપ્રકાશમાં ભૂમિપરીક્ષા માટેની વિધી વાસ્તુરાજવલ્લભ અનુસાર જ છે પરંતુ તેમાં થોડી વિશેષ માહિતી જોવા મળે છે.

જમીનમાં માટી પાછી પૂરવાની તેમ જ પાણી ભરવાનો પ્રયોગ છે વળી, તે જ પ્રમાણે જમીનમાં એક વેંત જેટલો લાંબો, પહોળો અને ઊંડો ખાડો કરવો અને તેને ચારે તરફથી લીંપવો. આ પછી એક ઘીથી ભરેલું માટીનું કોડીયું લેવું તથા તે કોડિયામાં ચાર દિશામાં ચાર વાટ બનાવીને મૂકવી. આ પછી જમીનના પરીક્ષણ માટે ચારેય દિશાની તે વાટ એક સાથે પ્રગટાવવી. આ પ્રમાણે ચારેય દિશાની વાટો પ્રગટ કરવાથી જે દિશાની વાટ વધુ પ્રકાશિત જોવાય તે દિશાની જાતિ માટે તે જમીન ઉત્તમ ગણાય. પૂર્વાદિ ક્રમથી બ્રાહ્મણ વગેરે જાતિઓ સમજવી.(૩૧)

हलाकृष्टे तथोदेशे सर्वबीजानि वापयेत ॥
त्रिपञ्च सप्त रात्रेण न प्ररोहन्ति तान्यपि ।
उप्तबीजा त्रिरात्रेण सांकुरा शोभना मही ॥
मध्यमा पञ्चरात्रेण सप्तरात्रेण निन्दिता ।
तिलान् वा वापयेयत्र यवाञ्चापि सर्षपान ॥
अथवा सर्वधान्यानि वापयेच्च समन्ततः ।
यत्र नैव प्ररोहन्ति तां प्रयत्नेन वर्जयेत ॥

અર્થાત્ - "જે ભૂમિમાં ગૃહનિર્માણ કરવાનું હોય એ ભૂમિ ઉપર હળથી ખેડીને અનાજને વાવવું, જો એ અનાજ ત્રણ, પાંચ અથવા સાત રાત્રિમાં અંકુરિત ન થાય તો એ ભૂમિ અશુભ છે. ત્રણ રાત્રિમાં અંકુરિત થાય તો ભૂમિ શ્રેષ્ઠ, પંચરાત્રિમાં અંકુરિત થાય તો તે ભૂમિ 'મધ્યમ' સાત રાત્રિમાં અંકુરિત થાય તો તે ભૂમિ 'અધમ' છે. તલ, સરસવ અને સર્વ ધાન્યોને વાવવાનું, જેટલી ભૂમિ પર બીજ સંલગ્ન ન બને તેટલી ભૂમિને ત્યાજ્ય ગણવી."(૩૩)

વસિષ્ઠસંહિતાના 'વાસ્તુનામક' અધ્યાયમાં ભૂમિપરીક્ષા નિમિતે શ્રીબ્રહ્મર્ષી વસિષ્ઠઋષિના વિચારો 'વાસ્તુરાજવલ્લભ' અને 'વિશ્વકર્માપ્રકાશ'ના ભૂમિ પરીક્ષણ સાથે સમાનતા ધરાવે છે.

खातं कृत्वारात्निमात्रं खनयेत्तत्समंततः ।
रात्रादौ तज्जलैः पूर्य प्रातः सम्यऽनिरिक्षयेत् ॥
जलयुक्तं वृद्धिकरं पडकंयुकं तु मध्यमम् ।
व्रणयुक्ते भवेद्धानि शुष्क मृत्युं समादिशेत ॥
तथैव तन्मृदं कृत्वा तडगतं परिपूरयेत् ।
अधिके वृद्धिर्माप्नोति समे साम्यं क्षये क्षयम् ॥

સમરાંગણસૂત્રધારના 'ભૂમિપરીક્ષા' અધ્યાયમાં ભૂમિ પરીક્ષા માટે આ પ્રમાણે જણાવ્યું છે.

करप्रमाणं कुर्वीत खातं तद्भूमिमध्यगम् ॥
ततस्तन्मृदमाकृष्य तत् तयैदानुपूरयेत् ।
खाताधिकमृदुक्ता भूः श्रेष्ठा मध्या च तत्सम् ॥

प्रहीणखातमृत् क्षोणी हीना शस्ता न सा नृणाम् ।
खन्यमाने यदा खाते तन्मृदोऽन्तविलोक्यते ॥
मणिशखंप्रवालादि तदातिश्रेयसी क्षितिः ।
सापि प्रशस्यते भूमिर्यस्यां स्युः खातपांसवः ॥
तुषकेशोपलाङगार भस्मामास्थिलववर्जिताः ।
भृत्वाभ्दिः खातमापूर्णेतस्मिन् पदशतं व्रजेत् ॥
तावच्चेदागमेऽम्भः स्यात् तदा भूः सार्वकामिकी ।
मध्यमात्र प्रहीणेस्मात् ततो हीनतरेऽधमा ॥
खाते सितादिमाल्यानि यस्यां निश्युपित्तानि च ।
यद्वर्णानि न शुष्यन्ति सा तद्वर्णेष्टदा मही ॥

અર્થાત્, "ભૂમિના મધ્યભાગમાં એક હાથના પ્રમાણમાં ખાડો ખોદીને તે માટીને બહાર કાઢી ફરીથી તે માટી વડે જ ખાડાને પુરવો જો માટી વધે તો ઉત્તમ, જો બરાબર રહે તો મધ્યમ અને માટી ઘટે તો અધમ ભૂમિ કહેવાય છે. જે માનવને માટે પ્રશસ્ત નથી.

અન્ય પ્રકારે ખાડો ખોદવાના સમયે માટીની અંદરથી મણિ, શંખ, પ્રવાલ આદિ મળે તો પ્રશસ્ત કહેવાય, અને જો ખોદવાથી માટીમાંથી અણુ માત્ર પણ વાળ, કંટક, ભસ્મ, હાડકા આદિ પ્રાપ્ત ન થાય તે પણ ભૂમિ પ્રશસ્ત ભૂમિ. અન્ય પ્રકારે ખોદવામાં આવેલ ખાડાને પાણીથી ભરી સો ડગલા ચાલી પરત આવતાં તેટલું જ જળ રહે તો તે જળવાળી ભૂમિ 'સાર્વકામિકી' ભૂમિ. જો જળ ઓછું થાય તો મધ્યમ ભૂમિ અને તેનાથી પણ ઓછું હોય તો અધમ હોય છે. અન્ય પ્રકારે ખાડામાં બ્રાહ્મણ આદિ વર્ણાનુરૂપ ક્રમશઃ સફેદ, રક્ત, પીત અને

કૃષ્ણ માળા રાખવામાં આવે અને જે વર્ણની માળા મુરઝાઈ  ન જાય તો તે વર્ણને માટે તે માટી પ્રશસ્ત માની શકાય."(૩૪)

વાસ્તુસાર અનુસાર ભૂમિપરીક્ષામાં (૧) ગંધ, (૨) વર્ણ, (૩) સ્વાદ અને પ્લવ ઢાળથી પરીક્ષા પ્રથમ કહી છે. જયાં પૂર્વે સ્મશાન હોય, જયાં પૂર્વે યુદ્ધો થયાં હોય, પાણીના પ્રવાહ કે ધોધવાળી, ભેજવાળી, મ્લેચ્છ, ચાંડાળ પૂર્વે વસેલા હોય તેવી અને તેની પડોશની જમીન 'કુગ્રામ' એટલે જયાં સજજનોનો વાસ ન હોય, જયાં દુર્જનો વસતા હોય, પૂર્વકાળે દેવ મંદિર હોય કે કોઈ મલીન દેવનું સ્થાનક હોય, તેવી ભૂમિ પર ઘર ન કરવું, જે જમીન ઠંડીના કાળમાં ગરમ હૂંફવાળી હોય અને ગરમી (ઉનાળા)ના સમયમાં ઠંડક આપે તેવી હોય તે ભૂમિ સર્વોત્તમ જાણવી.

शीतकाले उष्णदा च उष्णकाले शीतप्रदा ।
प्रशस्ता सर्वोत्तम भूमिर्भाषिता विश्वकर्मणा ॥(३५)

વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં ભૂમિ પરીક્ષા વિસ્તારથી જુદા જુદા પ્રયોગો જોવા મળે છે. પુરાણોમાં વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોની અનુસાર વાસ્તુના નિર્માણ પૂર્વે ભૂમિ પરીક્ષણને અનિવાર્ય ગણ્યું છે.

**મત્સ્યપુરાણમાં કહ્યું છે કે,**

'पूर्वे भूमि परीक्षेत पश्चाद्वास्तुं प्रकल्पयेत् ।'

અર્થાત્, "પહેલા ભૂમિનું પરીક્ષણ કર્યા બાદ જ વાસ્તુની રચના કરવી" (૩૬) કારણ કે ભૂમિની પરીક્ષાના આધારે જ ભૂમિની યોગ્યતા – અયોગ્યતાનો નિર્ણય થઈ શકે છે.

**વિષ્ણુધમોત્તર પુરાણમાં ભૂમિ પરીક્ષાને સમર્થન આપતા કહ્યું છે કે,**

कुशैः शरैस्तथा काशैदूर्वाभिर्या च सम्भृता ।
परीक्ष्य यत्नतो भूमिं तिथिनक्षत्रसम्पदा ॥
सम्पूज्य ब्राह्मणाम्पूर्व निश्शल्यां नां तु कारयेत् ।
खातपूर्वा ततः कृत्वा देवभागांध कल्पयेत् ॥(૩૭)

**ભવિષ્યપુરાણ અનુસાર**

शोधयेत्प्रथमं भूमिं मितां कृत्वा ततो द्विजाः ।
दशहस्तेन दण्डेन पश्चहस्तेन वा पुनः ॥(૩૮)

**વિષ્ણુધર્મોત્તરપુરાણના ત્રીજા ખંડમાં ભૂમિપરીક્ષા નામક અધ્યાય છે જેમાં ભૂમિ પરીક્ષા અંગેની વિસ્તૃત જાણકારી આપેલ છે.**

समन्तात्तु जलं शस्तं द्वीपे देवगृहे कृते ।
यत्र देवगृहं कार्यं तत्र भूमिं परीक्षयेत् ॥

श्वेता रक्ता तथा पीता कृष्णा वर्णकमान्वित ।
कुशामिश्व शरैः काशैदूर्वाभिश्च तथा युता ॥

मधुरा च कषाया च तथाम्ला लवणा च या ।
वर्णाक्रमाद्धिता भूमिः सर्वेषां श्रृण्वतः परम् ॥

**આજ પુરાણના (વિષ્ણુધર્મોત્તર) બીજા ખંડના ઓગણત્રીસમાં અધ્યાયમાં વર્ણ અનુસાર ભૂમિ પસંદગીની ચર્ચા થઈ હતી તે જ પ્રમાણે અહીં વર્ણ ક્રમ અનુસાર અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પોતાની જાતિ અનુસાર**

શ્વેત, લાલ, પીળા અને કાળા રંગની ભૂમિની પસંદગી કરે. વર્ણના આ જ ક્રમ અનુસાર મધુર, તૂરો, ખાટો અને કડવો સ્વાદ ભૂમિની માટ્ટીનો હોય છે એમ જણાવ્યું છે,

कण्टकिद्रुमसंकीर्णा शर्करालोष्टसंयुता ।
सश्चम्रा विषमा दुर्गा सवल्मीका तथा च या ॥

मूषिकावासबहुला पिपीलक गणान्विता ।
नित्यं च शकटच्छिन्ना प्लुता या च पुरोदकैः ॥

आधातसून भूमिश्च बन्धनागारसंयुता ।
वसतिर्यत्र दग्धा च विधुता वह्निनापि च ॥

वसतां दष्टिदोषा च कूर्मपृष्ठा तथैव च ।
त्रिकोणा स्त्रञ्विहीना च शूर्पाकारा तथा च या ॥

दक्षिणेन तथा निम्ना निम्ना पृष्ठत एव च ।
पुराम्वुग्राहिणी या च सुशिरा च तथा नृपा ॥

खातं च सुमृदा यत्र पूर्यते न पुनस्तथा ।
खाते यत्र कृतं दीपं प्रम्लानिमुपगच्छति ॥

माल्यं च म्लायते खाते तां भूमिं परिवर्जयेत् ।
खाते तोयेन पूर्णे च यत्र तोयं न तिष्ठति ॥

तां भूमिं वर्जयेधत्नाद् दुर्गन्धा च तथापि या ।
प्रागुदकप्रवणा शस्ता स्निग्धा च सुदढा तथा ॥

खातेऽधिकं च मृधत्र पूर्यमाणे तथा भवेत् ।
दीपं न म्लायते यत्र न्यस्तं च कुसुमं तथा ॥

तोयं सन्तिष्ठते खाते यत्र कालान्तरं बहु ।
सा प्रशस्ता मही ज्ञेया सुगन्धा सुखना तथा ॥

આમ, કાંટાના ઝાડોવાળી, રાફડો હોય તેવી ભૂમિની પસંદગી ન કરવી. કાચબાની પીઠ જેવી ભૂમિની પસંદગી કરવી અને ત્રિકોણ, સર્પના આકારવાળી ભૂમિનો ત્યાગ કરવો જોઈએ. વળી, ખાતમુર્હૂત કરતા પહેલા ભૂમિનું ખનન કરીને ઉપર્યુકત શ્લોક અનુસાર પરીક્ષા કરીને ભૂમિની યોગ્ય-અયોગ્ય વસવાટ માટેની જાણકારી મેળવવી. જે ભૂમિમાં (ખોદતા) લાંબા સમય સુધી પાણી રહે તે ભૂમિ સારી , સુગંધવાળી અને સુખ આપનારી જાણવી તેવો ઉલ્લેખ થયો છે.

भुवः परीक्षणं कुर्यादिवसेऽतिशुभे तथा ।
भुवः परीक्षणे यत्र मङ्गल्यद्रव्यदर्शनम् ॥

श्रवणं वा तथैव स्यात् सा शुभा स्यात् वसुन्धरा ।
नं तां राजन् परीक्षेत प्रशस्ता सा प्रकीर्तिता ॥

अमङ्ल्यं तथा दष्ड्वा श्रुतं वा नृपसत्तम ।
भुवः परीक्षणं तत्र न कार्यमशुभा हि सा ॥

शुभा मही यत्र भवेनुवीर
कार्या प्रतिष्ठा भवतीह तत्र ।
कृता भवेतत्र नरेन्द्रचन्द्र
हिताय कर्तुः स्वविवृद्धये च ॥

ભૂમિની પરીક્ષા દિવસે અતિશુભ છે જેમાં મંગળ દ્રવ્યના દર્શન થાય છે આમ, મંગળ તથા અમંગળ દર્શનના આધારે ભૂમિ શુભ-અશુભ જણાય છે જેનાથી શુભ ભૂમિ ઉપર વસવાટ કરનારનું હિત તથા તેની પોતાની વૃદ્ધિ થાય છે.(૩૯)

પુરાણોમાં મળતા ભૂમિ પરીક્ષાના વિચારોને આધારે એટલું જરૂર પુરવાર થાય છે કે, કોઈપણ વાસ્તુના નિર્માણ પહેલા ભૂમિપરીક્ષા જરૂર કરવી જોઈએ જેનાથી માલૂમ થાય છે કે, તે ભૂમિ પરના વસવાટથી ભવિષ્યમાં વસવાટ કરનારને કેવું ફળ મળશે.

## ૪.૭ ભૂમિની ફલપ્રાપ્તિ

ભૂમિના લક્ષણો તથા વિવિધ પ્રકારોને આધારે ભૂમિના જુદા-જુદા આકારો જોવા મળે છે. જેમાં દરેક આકારની ભૂમિ શુભ કે દરેક આકારની ભૂમિ અશુભ ફળ આપે છે, તેવું બનતું નથી. તેમાં કેવા પ્રકારની ભૂમિથી કેવું ફળ મળે છે તેની વિશેષ માહિતી વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં જોવા મળે છે.

વિશ્વકર્મપ્રકાશના પ્રથમ અધ્યાયમાં ભૂમિફળ વિશે આ પ્રમાણે જણાવ્યું છે.

चतुरस्ता महाधन्या द्विपाभा धनदायिनी ।
सिंहाभा सगुणान्पुत्रान् वृषाभा पशुवृद्धिदा ॥

અર્થાત્, "ચૌકોર ભૂમિ બહુ જ ધનધાન્ય આપે છે, ગજસમાન ભૂમિ ધનલાભ કરાવે છે, સિંહસમાન ભૂમિ ગુણવાન પુત્રની વૃદ્ધિ કરાવે છે, જયારે વૃષભસમાન ભૂમિ પશુની વૃદ્ધિ કરાવે છે."(૪૦)

અહીં ભૂમિના અશુભ ફળ, શુભ ફળ અને વિશેષ ફળ વિશેના વિચારો આ પ્રમાણે છે.

त्रिकोणा शक्टाकारा शूर्पव्यजनसन्निभा ।
कर्मण सुतसौरव्यार्थ - धर्महानिकरी स्मृता ॥
मुरजा वंशहा सर्पमण्डूकाभा भयापहा ।
नैः स्वं खरानुकारा च मृत्युदडाजगरान्विता ॥
मनोरमा सुतप्रदा द्दढा धनप्रदा मता ।
सुतार्थदा तथाऽप्युदकसुरेशदिक्प्लवा मही ॥
गम्भीर शब्दाजनयेत्पुत्रान् गम्भीरानिः स्वानान ।
तुंडगा पदान्वितान्कुर्यात् समो सौभाग्यदायिनी ॥
कुशकाशान्विता ब्रह्मवर्चसान् कुरूते सुतान् ।
दूर्वान्विता वीरजनिः फलाढया धनपुत्रदा ॥
विवरा पशुपुत्रात्तिदायिनी सौख्यहारिणी ।
वक्रातिवक्रा जनयेत्यपुत्रान् विधाविहीनकान् ॥
गृहस्वामिभयं चैत्ये वल्मीके विपदः स्मृताः ।
धूर्तालयसमीपे तु पुत्रस्य मरणं ध्रुवम् ॥

અર્થાત્, ત્રિકોણાકાર, શકટકાર , સૂપાકાર અને બીજ સમાન ભૂમિ ક્રમશઃ પુત્ર સુખ, ધન, ધર્મની હાનિ કરે છે. ભૂમિનો આકાર મૃદંગ જેવો હોય તો વંશનો નાશ થાય. સાપ અથવા દેડકા આકારની ભૂમિ ભય ઉત્પન્ન કરે. ગધેડાના જેવો આકાર ભિખારી બનાવે અને અજગર જેવા આકારની જમીન મૃત્યુ કરાવે.

મનોરમા ભૂમિ પુત્રદાયક, દ્રઢભૂમિ ધનદાયક અને ઉત્તરપૂર્વથી નીચેના તરફ ઢોળાવવાળી ભૂમિ પુત્રને ધનલાભ આપે છે. ગંભીર ધ્વનિયુક્ત ભૂમિ પુત્રકારક, ઉન્નત ભૂમિ ઉચ્ચ પદસ્થ પુત્રને આપનાર અને સમતલભૂમિ સૌભાગ્યકારક હોય છે.

દર્ભ અથવા કાસવાળી જમીન પુત્રોને બ્રહ્મચર્યવાળા બનાવે છે. દૂર્વા ઊગેલી હોય તેવી જમીન વીર પુત્રોને જન્મ આપે છે. ફળોવાળી ભૂમિ પૈસો અને પુત્રો આપનારી હોય છે. છિદ્રથીયુક્ત ભૂમિ પશુ અથવા પુત્રને દૂધ આપનાર અને સુખનાશક છે. વાંકીચૂકી (વક્રાકાર) ભૂમિ અજ્ઞાનીપુત્રોને ઉત્પન્ન કરે છે. ચૈત્યભૂમિ ભુસ્વામિને ભય આપે છે. રાફડાયુક્ત ભૂમિ વિપતિ આપે છે અને જુગારીના ગૃહની સમીપ વાસ્તુનિર્માણથી પુત્રની ક્ષતિ ઉત્પન્ન થાય છે."(૪૧)

**વાસ્તુરાજવલ્લભ ગ્રંથમાં ભૂમિના ફળ સંદર્ભે કહેવાયું છે કે,**

भूमेः प्राकम्लवनं च शंकरककुप् सौम्याश्रितं सौख्यकृत् ।
वन्हौ वन्हिभयं च मेमरणं चौराद्धयंराक्षसे ॥
वायव्ये प्लवनं च धान्यहरणं स्याच्छोकदं वारूणे
विप्रादेरनुवर्णत च सुखदंसृष्टेः क्रमात्सौम्यतः ॥

અર્થાત્, "જે જમીન ઉપર ઘર કરવાનું હોય તે જમીન ઉપર પાણીનું વહન અથવા ગતિ (વહેવું) પૂર્વ દિશા તરફ, ઈશાન દિશા તરફ અને ઉત્તર દિશા તરફ હોય તો તે સુખ આપે, તથા અગ્નિકોણ તરફ વહન થાય તો તે અગ્નિનો ભય ઉત્પન્ન કરે, તથા નૈર્ઋત્યકોણ તરફ પાણીની ગતિ થતી હોય તો તે ચોરનો ભય ઉત્પન્ન કરાવે તથા વાયવ્યકોણ તરફ પાણી વહેતું હોય તો તે ધાન્યનો (અન્નનો) નાશ કરાવે અને પશ્ચિમ દિશા તરફ પાણીની ગતિ થતી હોય તો તે શોક (પરિતાપ) કરાવે.

વળી પક્ષાંતરે કહ્યું છે કે ઉત્તર દિશા તરફ પાણીનું વહન હોય એવા ઢાળની જમીન બ્રાહ્મણને માટે શ્રેષ્ઠ છે, તથા પૂર્વ તરફ પાણીની ગતિ થતી હોય એવી જમીન ક્ષત્રિયને માટે શ્રેષ્ઠ છે, તથા દક્ષિણ તરફ પાણીની ગતિ

થતી હોય એવી જમીન વૈશ્યને માટે શ્રેષ્ઠ છે, અને પશ્ચિમ દિશા તરફ પાણીની ગતિ થતી હોય એવા ઢાળવાળી ભૂમિ શુદ્રને માટે ઉત્તમ છે."(૪૨)

**બૃહદ્‌વાસ્તુમાલાયમ્ ગ્રંથમાં જણાવ્યું છે,**

शम्भुकोणे प्लवा भूमिः कर्तृः श्रीसुखदायिनी ।
पूर्वप्लवा वृद्धिकरी धनदातूत्तरप्लवा ॥
मृत्युशोकप्रदा नित्यभाग्नेयी दक्षिणप्लवा ।
गृहक्षयकरी सा च भूमिर्यानिर्ऋतिप्लवा ॥
धनहानिकरी चैव कीर्तिदा वरूणप्लवा ।
वायुप्लवा तथा भूमिनित्यमुद्धेगंकारिणी ॥

અર્થાત્, ઈશાનકોણમાં ભૂમિ ઢોળાવયુક્ત હોય તો ગૃહપતિને ઘન સુખ, પૂર્વમાં વૃદ્ધિ, ઉત્તરમાં ધનલાભ, અગ્નિકોણમાં મૃત્યુ તથા શોક, દક્ષિણમાં ગૃહનાશ, નૈર્ઋત્યમાં ધનહાનિ, પશ્ચિમમાં અપયશ તથા વાયવ્યમાં માનસિક ઉદ્વેવ કરે છે.(૪૩)

વાસ્તુસાર નામના ગ્રંથમાં જણાવ્યા અનુસાર ઘર કરવાની ભૂમિની શુદ્ધિ કરવી. ઘરની ભૂમિમાં હાડકાં, કોલસા, વાળ, રાખ, લાકડું આદિ શલ્ય કહેવાય. તે ભૂમિમાંથી કાઢી ઘર કરવાની ભૂમિની શુદ્ધિ કરવી, મનુષ્યના ઘરોમાં મનુષ્યના માથોડાથી નીચે શલ્ય હોય તો દોષ કહ્યો નથી. શલ્યશોધનનો મંત્ર ॐ ह्रीं कुष्मांहि कौमारि मम हृदये कथय कथथ ह्रीं स्वाहा  એમ આ મંત્રનો એકવીશ વાર જપ કરવો.(૪૪)

**ટીકાકાર ભૂમિના ફળકથન સંદર્ભે આ પ્રમાણે લખે છે**

शम्भुकोणेति । शम्भुकोणप्लवा ईशानकोणप्लव । भूमिः कर्तृः वासकर्तृः श्री सुखदायिनी लक्ष्मीसुखदायिनी भवतीति शेषः । पूर्वप्लवा पूर्वदिशिप्लवा भूमिः वृद्धिकरी धान्यादिवृद्धिकरी भवति । उत्तराप्लवा तु धनदा धनददाति । दक्षिणप्लवा भूमिः सर्वथा सर्वप्रकरेण नित्यमजरस्त्रं मृत्युशोकप्रदा भवति । या नैर्ऋत्यप्लवा सा भूमिः गृहक्षयकरी भवति एवं वरूणप्लवा पश्चिमप्लवा भूमि धनहानिकरी धनक्षयकरी कीर्तिता । तथा वायुप्लवा वायुकोणप्लवा भूमिः नित्यमद्वेगकारिणी भवति । मध्यप्लवा मध्यनिम्ना, मही पृथ्वी, न इष्टा न शुभा । पुरा निकटे प्लवतोडपीति शेषः न शुभा ।

અર્થાત્, "ઈશાનકોણની તરફ ઢોળાવવાળી ભૂમિ હોય તો ગૃહકર્તાને ધન અને સુખ આપે છે. આ પ્રમાણે પૂર્વની તરફ વૃદ્ધિ, ઉત્તરની તરફ ધનલાભ, અગ્નિકોણની તરફ મૃત્યુ અને શોક, દક્ષિણની તરફ ગૃહનાશ, નૈર્ઋત્યકોણની તરફ ધનહાનિ, પશ્ચિમની તરફ કીર્તિનાશ અને વાયુકોણની તરફ ઢોળાવયુકત ભૂમિ નિત્ય ઉદ્વેગ કરાવે છે. મધ્યમાં ઢોળાવવાળી જમીન શુભ નથી અને જે સ્થાનમાં નિવાસ કરવાનો છે તેની નજીકમાં પણ જો ઢોળાવવાળી જમીન હોય તો શુભફળ પ્રાપ્ત થતું નથી."[૪૫]

**અર્થશાસ્ત્રમાં કૌટિલ્ય પ્રમાણે,**

રાષ્ટ્રની આર્થિક વ્યવસ્થાને સુદઢ બનાવવા માટે રાજાએ રાષ્ટ્રભૂમિનો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. એમ માનતા કૌટિલ્ય રાષ્ટ્રની સ્થાપનાનો મૂળભૂત આધાર ભૂમિને જ ગણાવે છે.

मनुष्याणां वृत्तिरथ, मनुष्यवती भूमिरित्यर्थः, तस्याः पृथिव्या लाभपालनोयायः शास्त्रमर्थशास्त्रमिति ।

**ભૂમિ જ પ્રજાના ત્રિવિધ પુરુષાર્થોની પૂર્તિનું પ્રાથમિક સાધન છે. તેથી જ ભૂમિના શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહ્યું છે.[૪૬]**

## ૪.૮ નિષ્કર્ષ

**વાસ્તુની રચના ભૂમિ ઉપર થાય છે. માટે વાસ્તુવિદ્યામાં ભૂમિનું વધુ મહત્ત્વ છે. દરેક ભૂમિ સમાન હોતી નથી કોઈ ભૂમિ ઉપર નિવાસ કરવાથી સુખ, સંપત્તિ અને શાંતિ મળે છે. જયારે કેટલીક ભૂમિ ઉપર રહેવાથી દુઃખ, આપત્તિ જેવા કષ્ટ મળે છે. માટે ભૂમિને ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકાર પડ છે. આથી, કોઈપણ કારણસર અધમ ભૂમિ ઉપર વસવાટ કરવાનો નિષેધ છે. વર્તમાન સમયમાં પણ એવું કહેવાય છે કે, જયાં મહાભારતનું યુદ્ધ થયુ હતું તે કુરુક્ષેત્રની ભૂમિ ઉપર જવાથી આપણા મનમાં અન્યો પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે. માટે જ ત્યાં આવવાથી ભાઈઓ-ભાઈઓ એકબીજાનો સંહાર કરવા માટે તૈયાર થઈ ગયા હતા. માટે તેવી અધમ ભૂમિ પર નિવાસ કરવાનો નિષેધ છે. આ ભૂમિ કેવી હશે તે આપણે વાસ્તુનિર્માણ કરતી વખતે કેમ નક્કી કરી શકીએ. તે માટે ભૂમિપરીક્ષામાં અલગ - અલગ પરીક્ષણ આપ્યા છે. વળી, ભૂમિલક્ષણમાં પણ ઘણા લક્ષણો પણ મળે છે. અંતે ભૂમિની ફલપ્રાપ્તિમાં કઈ ભૂમિ દ્વારા કેવું ફળ મળે છે તે પણ જાણવા મળે છે. જેનાથી વાસ્તુનિર્માણ માટે ભૂમિની યોગ્ય-અયોગ્યતાનો ખ્યાલ આવે છે.**

## પાદ–ટિપ

| | | |
|---|---|---|
| ૧. | अमरकोशः (भूमिवर्गः) | प्रथमकाण्डः |
| ૨. | अथर्ववेद | १२/१/१२ |
| ૩. | विश्वकर्मप्रकाश | २४/२५/२६ |
| ૪. | वास्तुरत्नावली–सुबोधिनी | हिन्दी टीका |
| ૫. | विश्वकर्मवास्तुशास्त्र<br>प्रमाणबोधि व्याख्या | २४ टीका |
| ૬. | तन्त्रमुच्चय | ३० |
| ૭. | बृहत्संहिता | ५३/८८ |
| ૮. | समराङ्गण सूत्रधार | १०/५२–५६ |
| ૯. | तन्त्रसमुच्चय | ३१ |
| ૧૦. | MAYAMATAM | 3/10-19 |
| ૧૧. | मत्स्यपुराण | ११६/११–१२ |
| ૧૨. | अग्निपुराण | २४७/१–२ |
| ૧૩. | विष्णुधर्मोत्तरपुराण | २/२९/८–९ |
| ૧૪. | वास्तुराजवल्लभ | १/१३ |
| ૧૫. | वास्तुराजवल्लभ | १/१४ |
| ૧૬. | MAYAMATAM | 3/5-6 |
| ૧૭. | बृहद् वास्तुमालायाम् | २७–२८ |

| | | |
|---|---|---|
| १८. | तन्त्रसमुच्च्य | ३२ |
| १९. | बृहद्वास्तुमालायाम् | ३०-३१ |
| २०. | समराङ्गण सूत्रधार | १०/४८-५१ |
| २१. | वास्तुसार | ९ |
| २२. | विश्वकर्मावास्तुशास्त्र | ५,८, ९, १०, |
| | प्रमाणबोधि व्याख्या | ११,१२, १३ |
| २३. | वास्तुरत्नावली-सुबोधिनी | हिन्दी टीका |
| २४. | विश्वकर्मप्रकाश | १/२७-३१ |
| २५. | तन्त्रसमुच्चय | प्रथमः पटल-३९ |
| २६. | तन्त्रसमुच्च्य | प्रथमः पटल-४० |
| २७. | तन्त्रसमुच्चय | प्रथमः पटल - ४१ |
| २८. | तन्त्रसमुच्चय | प्रथमः पटल - ४२ |
| २९. | वास्तुरत्नावली-सुबोधिनी | हिन्दी टीका |
| ३०. | समराङ्गण सूत्रधार | १०/५७-६६ |
| ३१. | वास्तुराजवल्लभ | १/१६ |
| ३२. | विश्वकर्मप्रकाश | १/६१-६३ |
| ३३. | विश्वकर्मप्रकाश | १/६४-६७ |
| ३४. | समराङ्गण सूत्रधार | १०/६७-७३ |
| ३५. | वास्तुसार | पाना नं.३ |
| ३६. | मत्स्यपुराण | ११६ |

| | | |
|---|---|---|
| ३७. | विष्णुधर्मोत्तर पुराण | २/२९/१०-११ |
| ३८. | भविष्यपुराण | १०/१-२ |
| ३९. | विष्णुधर्मोत्तरपुराण | ३/९३ |
| ४०. | विश्वकर्मप्रकाश | १/४१ |
| ४१. | विश्वकर्मप्रकाश | १/४२-४४-४५ - ४९, ५० - ५३ - ५५ - ५६ |
| ४२. | वास्तुराजवल्लभ | १/१७ |
| ४३. | बृहद्वास्तुमालायाम् | ३७-४० |
| ४४. | वास्तुसार | पाना नं.३ |
| ४५. | वास्तुरत्नावली-सुबोधिनी | हिन्दी टीका |
| ४६. | कौटिल्य अर्थशास्त्र | १५/१/१ |

# પ્રકરણ–૫

# પ્રકરણ-૫

# ગૃહવાસ્તુ


૫.૧ પ્રસ્તાવના

૫.૨ ગૃહ પરિચય

૫.૩ ગૃહ અને પ્રાસાદ વાસ્તુના પ્રકાર

૫.૪ દ્વિશાલ, ત્રિશાલ, ચતુઃશાલ પ્રકાર

૫.૫ વર્ગ પ્રમાણે ગૃહરચના

૫.૬ ગૃહ નિર્માણ સમય

૫.૭ પ્રાસાદ સન્નિવેશ

૫.૮ નિષ્કર્ષ

# પ્રકરણ-૫
# ગૃહવાસ્તુ

## ૫.૧ પ્રસ્તાવના

એક રીતે એમ કહેવાય છે કે સ્થાપત્યનો એકડો એ ગૃહ છે.

ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिश्रृङ्गा अयासः ।
अत्राह तदुरूगायस्य वृष्णाः परमं पदमं पदमर्व भाति भूरि ॥
[ऋ.०१/१५४/६]

ભાષ્ય – तानि वास्तूनि अर्थात् वे घर, यह अर्थ दो और लगता है ।

- प्रथम पद के घर, जिन में बहुत किरणों का अथवा पर्याप्त किरणों का प्रवेश हो सके । घर तंग नहीं होने चाहिए ।
- दूसरे घर घुलोक के स्थान में है, यहां योग सम्पन्न आत्माएँ जाती है ।(૧)

અહીં ઘર વિશેના વિચારો જોવા મળે છે પણ એ બધા ઉપરથી ઘરના બાંધકામનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી.

માનસારમાં ગૃહરચના વિશે ગૃહના માન કહેતા માપ, સ્થાન અને વિન્યાસ કહેતા રચના વિષે સૂચનાઓ આપેલી છે. મંડપના પ્રકરણમાં પણ ગૃહ વિષયક માહિતી ઉપલબ્ધ થાય છે. તેમાં કુટુંબના જુદા-જુદા કામ માટે જુદી-જુદી શાળાઓની જરૂરિયાત બતાવી છે. મકાનમાં ચોક હોય અને તેના ફરતા ઓરડા હોય તેવી વ્યવસ્થા જણાય છે.(૨)

નિઘણ્ટુ વેદ સંહિતાઓમાં વપરાયેલા શબ્દોનો કોશ છે. તેમાં બાવીશ (૨૨) ગૃહનામો અર્થાત્ ગૃહ અર્થવાળા નામો આપેલા છે. જો કે આમાં ન ગણ્યાં હોય એવા પણ ગૃહવાચક બીજાં નામો છે. આ બધા નામો ભિન્ન ભિન્ન પ્રકારનાં ગૃહોનાં સૂચક છે કે નહિ તે કહેવાને પૂરતા પુરાવા નથી; છતાં એટલું તો કહી શકાય કે કેટલાંક તો પ્રકારનાં સૂચક છે જયારે કેટલાક ગૃહના અમુક અમુક ભાગ ઉપરથી સૂચવાયેલા આખા ગૃહ માટે વપરાતા થયેલા શબ્દો હોય, એમ બની શકે.

નિઘણ્ટુ ઉપરનું વિવરણ જે નિરૂકત (આશરે ઈ.સ.પૂ.૮૦૦ ઈ.સ.૬૦૦) કહેવાય છે તે ગૃહ શબ્દનો ગૃહ્- લેવું – સંઘરવું જેમાં બધુ સંઘરાય છે તે ગૃહ એવો અર્થ કરે છે. આ ઉપરથી તો જેમાં કાંઈ સંઘરી શકાય, રાખી શકાય તે બધા ગૃહ કહેવાય. અમુક રીતે આ બાવીશ નામોથી સૂચવાતી વસ્તુઓ કાંઈને કાંઈ સંઘરે છે.

ઘણાં ખરાં નામો લક્ષણોથી ગૃહસૂચક બન્યાં હશે છતાં કેટલાક તો ગૃહના પ્રકારનાં સૂચક જણાય છે. જેમ કે, હર્મ્પ. વેદોનાં સૂક્તોમાં જયાં જયાં આવા ઉલ્લેખો હોય તે ઉપરથી કાંઈક કલ્પના કરી શકાય છે.

ઋગ્વેદમાં ગૃહવાચક નામોમાં 'ગય'નો ઉપયોગ વારંવાર મળે છે; ઘર, એમાં રહેલું ધન અને રહેનારા એ બધા પણ કોઈ કોઈવાર ઉદ્દિષ્ટ હોય છે. તેવી જ રીતે ઋગ્વેદાદિમાં 'દમ'નો પણ અનેકવાર 'ઘર'ના અર્થમાં ઉપયોગ થયેલો માલુમ પડે છે. પછીના સંસ્કૃતમાં આ 'દંપતી' શબ્દમાં રહેલો દેખાય છે. એનો સંબંધ એને મળતા ગ્રીક નામ અને ધાતુ જેનો અર્થ to build – 'બાંધવું' થાય છે એની જોડે બેસાડાય છે. લેટિન domus - home અને અંગ્રેજી domesticમાં પણ

આ શબ્દ છે.

ગ્રીક – to build – 'બાંધવું'

લેટિન – domus - home

અંગ્રેજી– domestic

પછીના સંસ્કૃતમાં અપરિચિત એવાં બીજાં બે ગૃહવાચક શબ્દો

दुरोण

दुर्योण છે. સાયણાચાર્ય રક્ષણના અર્થવાળા अव् ધાતુમાંથી વ્યુત્પન્ન કરે છે. અને યાસ્કનું પ્રમાણ ટાંકે છે. તેવી જ રીતે ઋગ્વેદના અશ્વિન સૂકતમાં ओवस् गृह અને दुरोण સાથે આવે છે. આ ત્રણેય ગૃહવાચક શબ્દો છે. સાયણ ओकः स्थानम् નિવાસ યોગ્ય–સ્થાન. ઉત્તર વેદિ નામનું, એવો અર્થ સમજાવે છે અને દુરોણને દેવયજનગૃહ કહે છે.

આમાંનો ओकस् શબ્દ વેદિક ઈન્ડેક્ષમાં ઉલ્લેખ પામેલો જણાતો નથી. ભારત – યુરોપિય ભાષાસ્તરનો આ શબ્દ છે, જે ગ્રીક શબ્દ – Oikonomiaમાં છે. જેની સાથે અંગ્રેજી શબ્દ Foonomy સંબંધ ધરાવે છે.

ભારત–યુરોપિય ભાષાકુળ – ओकस्

ગ્રીક શબ્દ – Oikonomia

અંગ્રેજી શબ્દ – Foonomy

આ 'ओकस्' પછીના સંસ્કૃતમાં સુપરિચિત છે. ખાસ કરીને,

वनौकसः - વનમાં રહેનાર

दिवौकस्ः - સ્વર્ગમાં રહેનારા દેવો. જેવા શબ્દોમાં આનો ઉપયોગ ઋગ્વેદ આદિમાં ખાસ કરીને ઉપમા તરીકે વારંવાર મળે છે. જેમ કે રમણીય ઘરની જેમ ક્ષેમ (સલામતી) ધારણ કરે છે. આમાં ઘરની રમણીયતા કે સુન્દરતાનો ઉલ્લેખ છે. ઉપમાનો બીજો દાખલો છે જેમાં એક 'નીથી' કહેતાં 'કેડી' દસ્યુઓ તરફ જાય છે, એમના તરફ દોરી જાય છે તેને પોતાના સદનને જાણતી ગાય 'ओकस्' તરફ (ઘર તરફ – ગમાણ તરફ) જાય છે તેની સાથે સરખાવી છે. એક ઉપમામાં તીર્થ પાસે ( આરા પાસે) તરસ્યાને જેમ 'ओकस्' આનંદ આપે છે તેમ એવો ઉલ્લેખ છેઃ અહીં સાયણાચાર્ય 'ओकस्' નો અર્થ 'પરબ' કરે છે.

ઈંદ્ર અને અગ્નિ (એક ઘરમાં) 'સંગત' સાથે રહેવાના અર્થમાં પણ 'ओकस्' શબ્દ વપરાયેલો છે. આ ઉપરથી એમ અટકળ કરી શકાય કે હળીમળીને સાથે રહેવાની ક્રિયા થાય છે તે સ્થાનના સૂચક તરીકે 'ओकस्' પ્રયોગમાં આવ્યો હશે, અર્થાત્ કે ઘરના અર્થમાં 'ओकस्' શબ્દનો પ્રયોગ 'ઘરનો હિતકારક' એવા અર્થમાં ઋગ્વેદમાં મળી આવે છે. પરંતુ પાશ્ચાત્ય વિદ્વાનો એનો અર્થ પરંપરાથી ચાલ્યા આવતા કાયદાઓ કરે છે. અર્થાત્ ઘરના પરંપરાગત નિયમો કે ગૃહસ્થ ધર્મ એવો પણ થઈ શકે.

આમ, 'ओकस्' શબ્દ સાથે હળીમળીને રહેવાનું સ્થાન, બન્ધુઓ સાથે રહેવાનું સ્થાન, જેમાં મર્ત્ય માનવી આનન્દ લે છે એવા સ્થાનના અર્થમાં 'ગૃહ' સૂચક બન્યો હોય એમ લાગે છે.

ઋગ્વેદ આદિમાં વપરાતો એવો બીજો શબ્દ પરત્ય અને પરત્યા છે. આ શબ્દ અમર આદિ કોશકારો ગૃહના પર્યાયોમાં આપે છે. છતાં તેનો વેદોત્તર સાહિત્યમાં વપરાશ નહિ જેવો છે, જો કે કીર્તિકૌમુદી જેવી અર્વાચીન કૃતિમાં તેનો ઉપયોગ થયેલો જણાય છે. આમ પરત્ત્યવત્ (પરત્યવાળો) ના પણ અનેક ઉલ્લેખો ઋગ્વેદમાં છે. તેમાં તેનો અર્થ ગૃહનો માલિક અથવા સમૃદ્ધિવાન્ માણસ એવો થાય છે. આમ પરત્ય અથવા પરત્યા ગૃહ, ગૃહોના સમુદાય અને તેમાં વસતી પ્રજાઓના સૂચક તરીકે વપરાયો છે.

પરત્ય – ગૃહ

ગૃહોના સમુદાય

તેમાં વસતી પ્રજાઓ.

પરત્યવત્ – ગૃહનો માલિક

સમૃદ્ધિવાન્ માણસ

ગૃહ શબ્દના સંખ્યાબંધ ઉલ્લેખો છે. એમાંના મોટા ભાગના યજમાનનું ઘર કે સોમરસ કાઢનાર યજમાનનું ગૃહ એ સંબંધમાં આવે છે.

આ બધા ઉલ્લેખોમાં વઢણના સૂક્તમાં આવતા વઢણના ઘરનો મહત્ત્વનો ઉલ્લેખ છે. એમાં વઢણના બૃહત્ માન કહેતાં ઊંચા મકાન અને હજારો બારણાવાળા ઘરનો ઉલ્લેખ છે. સર્વોપરિ વઢણદેવના મકાનને હજાર દરવાજા છે એવી ઋષિની કલ્પના ઉપરથી તે કાળમાં હજાર દરવાજાવાળા મકાનો થતા હશે એવી અટકળ વધારે પડતી ગણાય. છતાં અનેક દરવાજાવાળા મકાનોથી અપરિચિત

ઋષિની કલ્પના સૂઝ તે પણ વધારે પડતી અટકળ છે. એટલે આપણે એવું અનુમાન કરી શકીએ કે વૈદિક યુગમાં અનેક દરવાજાવાળા ઊંચા મકાનો થતાં હશે.

બીજા ધ્યાન ખેંચે તેવા ઉલ્લેખમાં અગ્નિને ઉદ્દેશીને કહેલું સૂક્ત છે તેમાં સમુદ્રગૃહની નોંધ છે. આ સમુદ્રગૃહો માટે સાયણાચાર્ય એવું તાત્પર્ય કરે છે કે જેમ સમુદ્રવાસની ભૂમિ કયારેય પણ બળતી નથી તેમ અમારા ઘર બળો નહીં અને આખી ઋચાનો ભાવાર્થ નીકળે છે કે

- દૂર્વા કે પુષ્પિત દૂર્વાથી પોતાના આશ્રયનું શીતલત્ત્વ
- તળાવથી જળનું સાંનિધ્ય
- કમળથી ઉપભોગ્ય ફલાદિ
- સમુદ્રગૃહથી બળે નહીં એવું સ્થાન

ઋગ્વેદમાં મૃણ્યમગૃહનો ઉલ્લેખ આવે છે. આ મૃણ્યમગૃહનો અર્થ સાયણાચાર્ય માટીનું ઘર કરે છે. અથર્વવેદમાં આવો જ ભૂમિગૃહનો ઉલ્લેખ છે. તે યમના સંદર્ભમાં છે. તેની સાથે આ માટીના ગૃહને સરખાવી એનો અર્થ કબર જેવો પાશ્ચાત્ય વિદ્વાનો કરે છે.

ગૃહના કે ગૃહવાચક બીજા કેટલાંક શબ્દોના ઉલ્લેખો ઉપરથી ગૃહના પ્રકારોનો કે બાંધણીનો ખાસ ખ્યાલ આવતો નથી. સિવાય કે ઊંચા અને અનેક પ્રકારવાળા ગૃહનું અનુમાન વઢણના સૂક્ત પરથી કૈંક કરી શકાય છે. પરંતુ હર્મ્ય કે જેનાં અનેક ઉલ્લેખો ઋગ્વેદમાં છે તે ઉપરથી તે એક વિશિષ્ટ પ્રકારનું ઊંચું ભવન હશે એવી અટકળ કરી શકાય છે.(૩)

## ૫.૨ ગૃહ પરિચય

વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો તેમજ પુરાણોમાં વાસ્તુના નિર્માણમાં ગૃહ માટે લંબાઈ–પહોળાઈના માપ, ગૃહમાં કયો ઓરડો કયાં બનાવવો, ફળીયા કે ચોક જેવી કેટલી ખુલ્લી જગ્યા રાખવી વગેરે નિર્માણ સંબંધી વિચારોનું નિરૂપણ થયેલ છે.

વિશ્વકર્મપ્રકાશ ગૃહ લંબાઈ સંદર્ભે જણાવે છે કે,

स्वामिहस्तप्रमणेन गृहं कार्यं वशनने ।
रेखादि हस्तपर्यंत मोजसंख्या प्रशस्यते ॥

करमानादधिकं चेत्तदांगुलानि प्रदाय हित्वा च ।
क्षेत्रफलं गणितेन  प्रसाधये दिष्ट सिद्धयर्थम् ॥

અર્થાત્, મકાન માલિકના હાથના પ્રમાણથી ઘર બનાવવું જોઈએ. રેખાથી માંડીને હાથના માપ સુધીનાં સઘળાં માપોમાં એકી સંખ્યા વધુ સારી ગણાય છે. જો પૂર્ણ હાથના માપ કરતાં ઓછું – વધારે માપ હોય તો તેમાંથી થોડા આંગળ વધારીને અથવા ઘટાડીને માપ લેવું અને તે પ્રમાણ ગણિતથી ઈષ્ટસિદ્ધિ માટે ક્ષેત્રફળ સિદ્ધ કરવું.[૪]

एकशाला यदा नूनं चर्तुद्वार समन्वितम् ।
मनोरथप्रदं गेहं नाम्ना तद्रिश्चतोमुखम् ॥

અંગુલાદિ લંબાઈમાં જ લેવું જોઈએ, વિસ્તારમાં કદી લેવું નહીં, અંગુલથી નાભિની કલ્પના કરવામાં આવી છે અને તેના વર્ગની તુલ્યપદ હોય છે. આ પ્રકારથી હાથનું પ્રમાણ પ્રાપ્ત થાય છે તેનાથી ગૃહનું નિર્માણ કરવું જોઈએ.[૫]

भवनपुरसुराणां सूत्रणे पूर्वमुक्तः
यथितइहपृथिव्याः शोधने चद्वितीयः ॥
तदनुमुखनिवेशेस्तंभ सरोपणे स्याद्
भवनवसनकालेपंचधावावास्तुयज्ञः ॥

અર્થાત્, "ઘર, નગર અને પ્રાસાદની ભૂમિને પ્રથમ દોરી વડે ત્રેવડતાં (ચારે દિશે ખુંટીઓ લગાવી જમીનની ચોરસાઈ મેળવવા) વાસ્તુપૂજન કરવું. પ્રથમ વખત જે ભૂમિનું શોધન કરવામાં આવે ત્યાર પછી શિલા સ્થાપન થાય તે વખત બીજીવાર વાસ્તુપૂજન કરવું. જ્યારે દ્વાર મૂકવામાં આવે ત્યારે ત્રીજીવાર, સ્તંભો ઉભા કરવામાં આવે ત્યારે ચોથીવાર અને જયારે ઘર તૈયાર થાય ત્યારપછી ઘરમાં વાસ કરવો હોય ત્યારે પાંચમી વખત વાસ્તુપૂજન કરવું કહ્યું છે."(૬)

अथैकशालांद्विगुणाब्धिशालं प्रस्तारतोलक्षणमेवतेषाम् ।
यथोदितंवास्तुमतेतथैवं व्रवीमिराज्ञामथवाजनानाम् ॥

અર્થાત્ – "એક શાળાનું ઘર, બે શાળાનું, ત્રણ શાળાનું અને ચાર શાળાનાં ઘરો પ્રસ્તાર વડે કરવામાં આવે છે. પણ આવાં ઘરો રાજાઓ માટે અથવા સાધારણ લોકો માટે કરવામાં તે વાસ્તુશાસ્ત્રમાં કહેલાં લક્ષણો પ્રમાણે કરવાં જોઈએ.

ગુઢ(ડ)ની નીચે લઘુની (I) રચના કરવી અને તેની આગળ ઉર્ધ્વની સમાન સ્થાપના કરવી જોઈએ તેની નીચે પ્રથમ અને બાદમાં ગુઢને રાખી મધ્યમાં ઉપરનો ક્રમ. આ પ્રકારે જયાં સુધી બધા જ લઘુ ન થાય ત્યાં સુધી રાખવું. (૧૬ સુધી થાય) જયાં લઘુ ચિહ્નન હોય ત્યાં દ્વાર બનાવવું ગુરૂના સ્થાન પર દ્વાર ન બનાવવું.(૭)

વિશ્વકર્મપ્રકાશમાં ગૃહના પ્રસ્તાર માટે લઘુ–ગુરૂના આધારે ગૃહના સોળ પ્રકાર જણાવ્યા છે.

गुरोरधो लधुः स्थाप्यः पुरस्तादूर्ध्ववन्त्रयसेत् ।
गुरूभिः पश्चिमे पूर्वे सर्वलध्ववधिर्विधिः ॥
स्यादलिन्दो लघु स्थाने नालिन्दं गुरूमाश्रितम् ।
प्रदक्षिणै गृहद्यारात् आलिन्दैः दश षड्विधा ॥

જેમ છંદશાસ્ત્રમાં અને સંગીતમાં હ્રસ્વ અને દીર્ઘ અક્ષરો માટે લઘુ (।) અને ગુઢની (S) સંજ્ઞાઓ બતાવી છે તે જ પ્રમાણે અહીં પણ આ સંજ્ઞાઓનો ઉપયોગ થાય છે. ચાર લઘુ અને ચાર ગુઢ. આમ, આઠ સંજ્ઞાઓને જુદી–જુદી રીતે ગોઠવવામાં આવે તો તેના કુલ સોળ પ્રકાર થાય છે. મકાન બનાવવામાં લઘુ–સ્થાનમાં અલિંદ (અટારી) મુકાય. પણ ગુઢના સ્થાનમાં ન મુકાય. અલિંદોને દ્વારથી શરૂ કરીને પ્રદક્ષિણા ક્રમથી લેવામાં આવે અને તે રીતે ઘરના જે સોળ પ્રકાર બને તે દરેક પ્રકારનાં જુદાં જુદાં નામ આપ્યાં છે. અને તે તે મકાન કેવું ફળ આપે તેનું વર્ણન આ કોષ્ટકમાં આપેલ છે. આ વાતને વધુ સ્પષ્ટતાથી કોષ્ટકમાં રજૂ કરી શકાય છે.

## ઘરના સોળ પ્રકાર અને ફળ

| ક્રમ | દ્વાર, દિશા | પ્રસ્તાર | | | | ધ્રુવાદિ નામ | ફળ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉર્ધ્વમુખ | S | S | S | S | ધ્રુવ | ધનધાન્ય, સુખ |
| ૨. | પૂર્વ | I | S | S | S | ધાન્ય | ધન |
| ૩. | પૂર્વ-દક્ષિણ | S | I | S | S | જય | વિજય |
| ૪. | દક્ષિણ | I | I | S | S | નંદ | સ્ત્રીનાશ |
| ૫. | પશ્ચિમ | S | S | I | S | ખર | સંપત્તિનાશ |
| ૬. | પૂર્વ-પશ્ચિમ | I | S | I | S | કાન્ત | પુત્રપૌત્રપ્રદ |
| ૭. | પશ્ચિમ-દક્ષિણ | S | I | I | S | મનોરમ | લક્ષ્મીપ્રદ |
| ૮. | પૂર્વ-પશ્ચિમ દક્ષિણ | I | I | I | S | સુમુખ | ભોગપ્રદ |
| ૯. | ઉત્તર | S | S | S | I | દુર્મુખ | વિમુખપ્રદ |
| ૧૦. | પૂર્વોત્તર | I | S | S | I | ઉગ્ર | સર્વદુઃખ |
| ૧૧. | દક્ષિણોત્તર | S | I | S | I | રિપુદ | શત્રુભય |
| ૧૨. | પૂર્વ,દક્ષિણ,ઉત્તર | I | I | S | I | વિત્તદ | ધન |
| ૧૩. | પશ્ચિમ, ઉત્તર | S | S | I | I | નાશ | સર્વનાશ |
| ૧૪. | પૂર્વ, પશ્ચિમ, ઉત્તર | I | S | I | I | આહ્દ | શોક |
| ૧૫. | દક્ષિણ,પશ્ચિમ,ઉત્તર | S | I | I | I | વિપુલ | શ્રી અને વિજય |
| ૧૬. | બધી દિશા | I | I | I | I | વિજય | લાભ(૮) |

ગૃહ દૈર્ઘ્ય વિશે જણાવે છે કે "વિસ્તારથી બે ગણી લંબાઈ એક શાળાગૃહની હોય છે જે ગૃહ વિસ્તૃત હોય છે તે ઊંચાઈમાં એક શાળા હોય છે. દ્વિશાળાના ગૃહનું દૈર્ઘ્ય બેગણું, ત્રિશાળાના ગૃહનું દૈર્ઘ્ય ત્રણ ગણું અને

ચતુઃશાલાનાં ગૃહની લંબાઈ પહોળાઈથી પાંચગણી હોવી જોઈએ. તેનાથી વિશેષ દૈર્ઘ્ય હોવું જોઈએ નહી. ગૃહનો જેટલો વિસ્તાર હોય તેટલી જ ગૃહની ઊંચાઈ રાખવી જોઈએ.

"ગૃહમાં પ્રત્યેક દિશામાં રચના સંદર્ભે જણાવે છે કે ઈશાનકોણમાં દેવગૃહ, પૂર્વદિશામાં સ્નાનગૃહ, અગ્નિદિશામાં રસોઈઘર, ઉત્તરમાં ભંડારગૃહ, દક્ષિણ અને નૈઋર્ત્યકોણના મધ્યમાં શૌચાલય, નૈઋર્ત્યકોણ અને પશ્ચિમ દિશાના મધ્યમાં વિદ્યાભ્યાસગૃહ, વાયવ્ય અને ઉત્તર દિશાના મધ્યમાં રતિગૃહ અને ઉત્તર દિશાને ઈશાનની મધ્યમાં ઔષધિગૃહ બનાવવું જોઈએ."

વિશ્વકર્મપ્રકાશમાં ગૃહના જુદા-જુદા શાળાઓ માટેના યોગ્ય સ્થાન વિશેના વિચારો જોવા મળે છે. જેમાં,

एकादश करादूर्ध्व यावत् द्वात्रिंशहस्तकम् ।
तावदाया दिकं चित्यं तदूर्ध्व नैव चितयेत् ॥

જયારે એક મકાન બનાવવામાં આવે ત્યારે જુદા-જુદા ઉપયોગો માટે જુદા-જુદા રૂમ (ઓરડા) બનાવાય છે અહીં તેના માટેનો શાસ્ત્રોક્ત નિયમ બતાવાયો છે. આથી, સગવડ પ્રમાણે આ બાબત ધ્યાનમાં લઈને જ ઓરડાની રચના કરવી. જો મકાનનું માપ અગીયાર હાથથી વધુ હોય અને બત્રીશ હાથથી ઓછું હોય તો તેવા મકાન માટે જ આય વગેરેનો વિચાર કરવો, બાકી તેનાથી ઓછા કે વધારે માપના મકાનમાં આ બાબતોનો વિચાર જરૂરી નથી. તે જ પ્રમાણે જૂનું મકાન રિપેર કરવામાં આવે તો તેમાં પણ આ બાબતો જરૂરી નથી. વળી, માસશુદ્ધિ પણ જરૂરી નથી. આમ સઘળી બાબતોનો વિચાર કરીને પછી જ મધ્યમાં શિલાન્યાસ કરવો.

इशान्यां देवता गेहं पूर्वस्यां स्नान मंदिरम् ।
आग्नेय्यां पाकसदनं भंडारागार मुत्तरे ॥
आग्नेय पूर्वयोर्मध्ये दधिमंथन मंदिरम् ।
अग्नि प्रेतेशयोर्मध्ये आज्य गेहं प्रशस्यते ॥
याम्य नैर्ऋतयोर्मध्ये पुरीषत्याग मंदिरम् ।
नैर्ऋत्यांबुपयोर्मध्ये विधाभ्यासस्य मंदिरम् ॥
पश्चिमा निलयोर्मध्ये रोदनातं गृहं स्मृतम् ।
वायव्योत्तरयोर्मध्ये रतिगेहं प्रशस्यते ॥
उत्तरेशानयोर्मध्ये औषधार्थतु कारयेत् ।
नैर्ऋत्यां सूतिकागेहं नृपाणां भूतिमिच्छता ॥

મકાનના ઈશાન-ખૂણામાં દેવમંદિર બનાવવું અને પૂર્વમાં સ્નાનગૃહ (બાથરૂમ) બનાવાય. અગ્નિખૂણામાં રસોડું થાય તથા ભંડારનો ઓરડો ઉત્તરમાં બનાવવો. પૂર્વ અને અગ્નિખૂણાની વચમાં વલોણાનું સ્થાન, દક્ષિણ અને અગ્નિખૂણાની વચ્ચે ઘી રાખવું (બનાવવાનું) સ્થાન આવે તથા દક્ષિણ અને નૈર્ઋત્યની વચમાં મળત્યાગનું (સંડાસનું) સ્થાન આવે. નૈર્ઋત્ય અને પશ્ચિમની વચ્ચે અભ્યાસનો ઓરડો, પશ્ચિમ અને વાયવ્યની વચમાં રડવા માટેનો (શોક કરવાનો) ઓરડો રાખી શકાય અને વાયવ્ય તથા ઉત્તર દિશાની વચ્ચે (રતિગૃહ) કામક્રીડાનું સ્થાન આવે. ઉત્તર તથા ઈશાનની વચ્ચે ઔષધ (દવાઓ) માટેનું સ્થાન રાખવું. સૂતિકા (સુવાવડી)ને માટે નૈર્ઋત્યમાં સ્થાન રાખી શકાય, સુખ અને કલ્યાણની ભાવનાવાળા રાજાએ આ પ્રમાણે ઘર બનાવવું જોઈએ.[૯]

# શાસ્ત્રોક્ત પ્રમાણે ઘરનો નકશો (પ્લાન)



વાસ્તુશાસ્ત્રીય ગ્રંથોમાં ગૃહ વિશેની મળતી માહિતી પુરાણોમાં ગૃહ-નિર્માણ વિચારની સાથે જોવા મળે છે.

ગરુડપુરાણમાં ઘર વગેરેના વાસ્તુનું નિરૂપણ છે,

वास्तुं संक्षेपतो वक्ष्ये गृहादौ विध्ननाशनम् ।
ईशानकोणादारभ्य ह्येकाशीतिपदे यजेत् ॥
ईशाने च शिरः पादौ नैर्ऋतेऽग्न्यनिले करै ।
आवासवासवेश्मादौ पुरे ग्रामे वाणिकपथे ॥
प्रासादरामदुर्गेषु देवालयमठेषु च ।
द्वाविंशति सुरान्बाह्ये तदन्तश्च त्रयोदश ॥

સૌપ્રથમ તેમાં વાસ્તુદેવનું પૂજન અને યજન કરવાની વાત છે. તેમાં (વાસ્તુમાં) વાસ્તુદેવનું વર્ણન કરતાં ઈશાન ખૂણામાં તેમનું મસ્તક, નૈર્ઋત્ય ખૂણામાં બે પગ, અગ્નિ અને વાયવ્ય ખૂણામાં બે હાથ છે એમ વર્ણવ્યું છે. રહેવા માટેનું ઘર-નગર વગેરેને બાવીસ દેવોને ભાગના અને તેર દેવોને અંદરના ભગવાનનું પૂજન કરવાનું લખેલ છે. વાસ્તુ દેવોનું પૂજન કર્યા પછી ઘર કે પ્રાસાદ-મહેલ તથા દેવમંદિરને બાંધવાનો ઉલ્લેખ કર્યો છે. બાંધકામ કરતા સમયે દેવોના યજન બૃહસ્પતિને આગળ રાખવાનું કહેલ છે. ઘરની આગ્નેયી દિશામાં રસોડું કરવું, કપિનું નિર્ગમન થાય તે બાજુથી પૂર્વમાં સત્રમંડપ એટલે યજ્ઞ માટેનો મંડપ કરવો. ઈશાન દિશામાં પટવસ્ત્રથી યુક્ત એવું ગંધપુષ્પ ગૃહ બનાવવું. ઉત્તર દિશામાં કુબેરભંડાર તથા વાયવ્ય ખૂણામાં કોઠાર બનાવવો. પશ્ચિમ દિશામાં વાતાયાન-વાયુની આવ-જા થઈ શકે, એવા જાળિયા તથા જળાશ્રય - પાણિયારું બનાવવું નૈર્ઋત્ય ખૂણામાં સમિધ - યજ્ઞકાષ્ઠે, કુશ -

દર્ભો – ઈંધણનું સ્થાન અને આયુધોને પણ રાખવાં. દક્ષિણ બાજુ અતિથિઓ કે મહેમાનો માટેનું ઘર, શય્યા – આસનો તથા પાદુકાઓ, પાણી, અગ્નિ, દીપક તથા ઉત્તમ નોકરોથી યુક્ત કરાયેલું હોવું જોઈએ. આમ, ઘરો જળસહિત પાંચ રંગના પુષ્પો વડે શોભિત તૈયાર કરાવવાં જોઈએ. મકાનોની બહાર પાંચ હાથના પ્રમાણથી યુક્ત એક કિલ્લો કે ચોપાસની દિવાલ તૈયાર કરાવવી જોઈએ.(૧૦)

મત્સ્યપુરાણમાં ગૃહનિર્ણય છે તેમાં સૌપ્રથમ ઘર કયાં બનાવવું ? તેના વિશે વાત કરતા કહ્યું છે કે, ઉત્તર આદિ દિશાઓમાં જમીનનો ઢાળ જોઈ અથવા સપાટ ભૂમિ જોઈને ત્યારબાદ ઘર બનાવવું જોઈએ. ત્યારબાદ ઘર કયા ન બનાવવું ? તેનો નિર્દેશ કરતાં કહ્યું છે કે, દેવાલયની, ધૂર્ત લોકોના નિવાસની, રાજ્યમંત્રીના નિવાસની તેમ જ ચાર રસ્તાની આજુબાજુ ઘર ન બનાવવું જોઈએ. ઘરનો ઢાળ હંમેશા ઉત્તર દિશામાં હોવો જોઈએ. અને પાછળનો ઊંચો હોય તો તે શુભ ગણાય છે. પાણીનો માર્ગ પ્રદક્ષિણા ક્રમથી હોય તો તે શુભ અને ઊલટા ક્રમથી હોય તો અશુભ ગણાય. ડાબી બાજુ અથવા દક્ષિણ બાજુ ઊંચું હોય, ટેકરો હોય અને પૂર્વ–ઉત્તર દિશામાં ઢોળાવ હોય તો મનુષ્યના સર્વ મનોરથો પૂરા થાય છે. દિશાઓનો વિભ્રમ ન થાય તેની કાળજી રાખવી જોઈએ. કારણ કે દિશાના ભ્રમથી કુળનો નાશ થાય છે. કોઈ એક દિશામાં ઘરને વધુ પડતુ વધારવું નહીં જો કદાચ વધારવું હોય તો ચારે બાજુથી વધારવું જોઈએ.

ઘરના ઈશાન ખૂણામાં દેવતાનું સ્થાન તથા આરામગૃહ બનાવવા. અગ્નિખૂણામાં રસોડું અને નૈર્ઋત્ય ખૂણામાં સ્ટોરરૂમ બનાવવો. વાયવ્ય ખૂણામાં અન્નાદિ રાખવા માટેના ભંડાર બનાવવા. તેમાં વાસ કરનાર ઘરમાલિક મંગલકારી બને છે.(૧૧)

અગ્નિપુરાણ શહેરની મધ્યમાં બાંધવાના મકાનોની ચાર પ્રકારની રચના વર્ણવી છે.

એકમાં : ચોકમાં ફરતા ઓરડાઓ અને વચમાં ખુલ્લો ચોક

બીજામાં : ત્રણ બાજુએ ઓરડા અને ચોથા ભાગ એક બાજુ ખુલ્લો જેથી તે દિશામાંથી પવન અને પ્રકાશ બરાબર આવે.

ત્રીજામાં : બંને બાજુએ ઓરડા અને

ચોથામાં : ચોક વગર એક બાજુએ જ માત્ર ઓરડા, આ ગૃહમાં આઠ ઓરડાની રચના બનાવેલી છે.

નગર વગેરેનું વાસ્તુનિરૂપણમાં ગૃહની વિગત પ્રાપ્ત થાય છે.

- પાદિ ઘરને લંબાઈમાં વીસ હાથ અને વિસ્તારમાં અઠ્ઠાવીસ હાથ રાખવું.
- શિવાશ્રય નામના ઘરને બાવીસ હાથના વિસ્તારવાળા અને ત્રણ હાથ ઓછી ઊંચાઈના કરવાં.
- સાવિત્રી નામનું ઘર લંબાઈમાં તેનાથી બમણું અને વિસ્તારમાં પંદર હાથ રાખવું.
- ભદ્ર નામના ઘરમાં વીથિઓની સમાન દ્વારવીથિ રાખવી. શ્રીજ્યમાં પાછળ નાનું રાખવું તેના બે પડખાં ન રાખે તો તે ભદ્ર નામનું મકાન બને.

બધી કામનાઓ પરિપૂર્ણ કરનાર સામાન્ય ઘર વર્ણવતાં તે એક ઓરડાવાળું, બે, ત્રણ, ચાર કે આઠ ખંડવાળું વર્ણવ્યું છે.

- એક ખંડવાળુ દક્ષિણમાં મુખવાળું
- બે ખંડવાળુ પૂર્વ-પશ્ચિમમાં મુખવાળું
- ચાર ખંડવાળુ સંમુખ
- આઠ ખંડવાળુ ઇન્દ્રની અને ઈન્દ્રથી ભિન્ન દિશામાં મુખવાળુ હોવું જોઈએ.
- ઉત્તરમુખી, પશ્ચિમમુખી, ઈન્દ્રમુખી ઘર 'યમસૂર્યક' કહેવાય છે.
- પૂર્વ અને ઉત્તરમાં મુખવાળાં ઘર 'દંડ' કહેવાય છે.
- પૂર્વ-દક્ષિણમાં મુખવાળું ઘર 'વાત' કહેવાય છે.
- પશ્ચિમમાં અને વ્યોમ દિશામાં ગૃહબલિ નામનું મકાન ત્રણ શૂળવાળું હોય છે.
- પૂર્વમાં ખંડ વગરનું મકાન 'સુક્ષેત્ર' કહેવાય છે તે વૃદ્ધિ કરનારું ગણાય છે.
- દક્ષિણમાં હોય એનું ઘર શૂલી કહેવાય.
- ત્રણ ખંડવાળું ઘર પરમ સમૃદ્ધિ આપનારું ગણાય.
- જળ વગરનું ઘર પતિને મારનારું, પુત્રને મારનારું અને બહુ શત્રુઓ પેદા કરનારું ગણાય છે.

ત્યારબાદ આઠ પ્રકારના ઘર વર્ણવવામાં આવ્યા છે. દરેક ઘર મોરી-નીકવાળું હોવું જોઈએ. અગ્નિ દિશામાં રસોડું હોય, દક્ષિણમાં રસક્રિયા તથા શય્યા હોય. રાક્ષસોની દિશામાં ધનુષ તથા શસ્ત્રો હોય, વળી તે ઘરને પશ્ચિમમાં અને ઈશાનમાં ચાર હાથના વિસ્તારવાળું અને વાયવ્યમાં સુંદર રાત્રિ સ્થાનવાળું બનાવવું જોઈએ. સૌમ્ય દિશામાં ધન અને પશુ રાખવા. ઈશાનમાં સુંદર દિક્ષાગૃહ રાખવું. દરેક ઘરને માલિકના હાથના માપના વિસ્તારવાળું બનાવવું જોઈએ.(૧૨)

ગૃહના પરિચય તેમજ ગૃહ વિશેના વિચારોમાં ગૃહ વિશેની માહિતી વાસ્તુ વિષયક ગ્રંથોમાં જોવા મળે છે તેના કરતા પુરાણોમાં વિશેષ નિરૂપણ થયેલું હોય તેમ જણાય છે.

## ૫.૩ ગૃહ અને પ્રસાદ વાસ્તુના પ્રકાર

વાસ્તુતત્ત્વ નામનો ગ્રંથ સોળ ઓરડાવાળું ગૃહ અને વચમાં ચોક રાખવાનું કહે છે. તેના પ્રમાણે ઈશાન ખૂણામાં દેવગૃહ, પૂર્વમાં સર્વવાસ્તુ ગૃહ, સ્નાનગૃહ, અગ્નિ ખૂણામાં રસોડુ, દક્ષિણમાં શયનગૃહ, નૈર્ઋત્ય ખૂણામાં શાસ્ત્રગૃહ (પુસ્તકાલય), પશ્ચિમમાં વિદ્યાભ્યાસગૃહ, ભોજનગૃહ, રોદનગૃહ, વાયવ્ય ખૂણામાં ધાન્યગૃહ, ઉત્તરમાં દ્રવ્યગૃહ અને ઔષધગૃહ ડૉ. પી. કે. આચાર્યને મતે આ ગૃહરચના ઉત્તર અને પશ્ચિમ ભારતને માટે વધારે અનુકૂળ છે. કારણ કે પવનની દિશા પ્રમાણે તેમાં શયનગૃહ બતાવેલ છે.

| | ઈશાન | પૂર્વ | અગ્નિ | |
|---|---|---|---|---|
| | દેવગૃહ | સર્વવાસ્તુ ગૃહ<br>સ્નાનગૃહ | રસોડું | |
| ઉ<br>ત્ત<br>ર | દ્રવ્યગૃહ<br>ઔષધગૃહ | બ્રહ્મ<br>સ્થાન | શયનગૃહ | દ<br>ક્ષિ<br>ણ |
| | ધાન્યગૃહ | વિદ્યાભ્યાસગૃહ<br>ભોજનગૃહ<br>રોદનગૃહ | શાસ્ત્રગૃહ<br>(પુસ્તકાલય) | |
| | વાયવ્ય | પશ્ચિમ | નૈર્ઋત્ય | |

વાસ્તુપ્રબન્ધ ગ્રંથમાં આઠ ઓરડાનું મકાન બતાવેલું છે. આમાં શયનગૃહ દક્ષિણમાં રાખવાનું કહેલું છે. ડૉ. આચાર્યને મતે પૂર્વ અને દક્ષિણ ભારતને માટે આ પ્રકારના મકાન સગવડવાળાં થાય છે.

મત્સ્યપુરાણ અને શિલ્પશાસ્ત્રસાર સંગ્રહમાં વધશાળા, સ્નાનગૃહ અને કર્મશાળાને રહેવાના મકાનથી છેટે કરવાનું કહે છે. આ રચનામાં નવ ઓરડા છે. મકાન ઈશાનાભિમુખમાં બધા ઓરડાઓ ખૂણામાં આવે તથા દિશાઓ બધી ખુલ્લી રાખવાનું જણાવ્યું છે. આ મકાનોમાં રહેનારાઓને શાંતિ, સમૃદ્ધિ અને શરીર સુખાકારી અર્પે છે.

સૂત્રધારમલ્લના પ્રમાણમંજરી (તેરમાં-ચૌદમાં સૈકા)માં ઘર બાંધવાની મુખ્ય સામગ્રી અને તેનું માપ અતિ વિસ્તારથી આપ્યું છે. જો કે તેમાં ઘરમાં કયા કયા ભાગ કરવા અથવા શેના શેના ઓરડા કરવા તે પ્રમાણ આપેલા છે. છાજલી કેવા પ્રકારની કરવી, ઘરમાં દીવા મૂકવાના ગોખલા કયા સ્થળે કરવા, છજા ઉપર ખાળ કરવાનું માપ, નિસરણી અને તેના પગથીયા કેવી રીતે બનાવવા, ઘરના માળ ઉપર ગોખ કેવી રીતે મૂકવાં, તેમાં બારી-બારણાં કેવા માપનાં રાખવાં તે સંબંધી પૂરતી સમજણ આપેલી છે.

વાસ્તુરત્નકોશ (ચૌદમાં-પંદરમાં સૈકો) નામના ગ્રંથમાં વિવિધ વાસ્તુઓના પ્રકારોની યાદી સાથે ગૃહ વિષેના નામો આપેલા છે જેમાં, (૧) પ્રાસાદ, (૨) આયતન, (૩) હર્મ્ય, (૪) ગૃહ, (૫) કોશ, (૬) કોષ્ઠાગાર, (૭) પાનીયગૃહ, (૮) શૌચગૃહ (૯) શાળાગૃહ, (૧૦) મઠસ્થાન, (૧૧) શસ્ત્રાગાર (૧૨) શૃંગારગૃહ, (૧૩) ધર્મસ્થાન, (૧૪) વિનોદસ્થાન, (૧૫) અશ્વશાળા, (૧૬) ગજશાળા, (૧૭) વાસ્તુભુવન, (૧૮) મંડપ, (૧૯) ભોજનશાળા, (૨૦) તાપસશાળા, (૨૧) અગ્રાસન, (૨૨) આવેશન, (૨૩) ચર્માસ્થાન, (૨૪) રાજાગણ આ યાદી પરથી તેમાં મકાનોના કેટલાક પ્રકારો લાગે છે. જેમ કે, પ્રાસાદ, આયતન, હર્મ્ય, મંડપ, રાજાગણ ઈત્યાદિ બીજા નામો એક જ ઘરનાં જુદા જુદા કામો માટેના અલગ શાળાઓ કે ખંડોનું સૂચન કરે છે.

વાત્સયયન કામસૂત્રમાં નાગરિકના નિવાસ વિષે મહત્ત્વના ઉલ્લેખો છે. નાગરિકે કાં તો નગરમાં અથવા પતનમાં અથવા ખર્વટમાં અથવા કોઈ મોટા સ્થાનમાં જયા જયા સજ્જનો રહેતા હોય ત્યાં વાસ કરવો જોઈએ. યાત્રાને કારણે તે તે સ્થળોમાં ત્યાં તેનો વાસ હોય. આ સ્થળોએ તેનું મકાન કેવું હોય

તેનો ટૂંકમાં નિર્દેશ કર્યો છે ગૃહ પાસે પાણી હોવું જોઈએ. જુદા-જુદા ગૃહકાર્યો માટે જુદી-જુદી કક્ષાઓ કહેતા પ્રકોષ્ઠકો અર્થાત્ કોઠા કે ખંડો હોવા જોઈએ. અને તેમાં બે વાસગૃહો હોવા જોઈએ. અર્થાત્ એક બાહ્ય અને બીજું આંતર-અંદરનું. અહીં પંદર સૂત્રોમાં ભવન વિન્યાસ વર્ણવ્યો છે. આ વર્ણન ઉપરથી સંસ્કારી જીવન ગાળનાર નાગરિકના ભવન અને તેની સામગ્રીનો આછો પાતળો ખ્યાલ આવે છે.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ગૃહ વિષેની ઝીણવટપૂર્વકની સમજ આપવામાં આવી છે જેવી કે, ઘરમાં કૂવો કરવો, માળવાળું મકાન કરવું, મકાનમાં સુશોભન માટે મૂર્તિઓ કરવી ઉપરાંત નિસરણી કઈ દિશાઓ કરવી વગેરેની સૂચના આપે છે.

સાહિત્યમાં મૃચ્છકટિકના પહેલા તથા ત્રીજા અંકોમાં ચારુદતના ભવનનો કૈંક ખ્યાલ આવે છે. આ વર્ણનો ઉપરથી એમ સમજાય છે કે વાત્સ્યાયને સૂચવ્યા પ્રમાણે બાહ્યવાસ અને આંતરવાસ હશે. બાહ્યવાસમાં ચારુદત ધ્યાન-પૂજા કરે છે અને ત્યાં જ વસંતસેના તેનો આશ્રય લેવા આવે છે. ત્રીજા અંકમાં ચોરી કરવા અથવા ખાતર પાડવા દાખલ થયેલો શર્વિલક આ ભવનનું કૈંક વર્ણન કરે છે તે વૃક્ષવાટિકા દ્વારા મધ્યક કહેતા મધ્ય ભાગમાં પ્રવેશ કરે છે અને ત્યાંથી ચતુઃશાલક કહેતા ચાર ખંડો યુક્ત ગૃહભાગને તોડવાનો વિચાર કરે છે. ઘરમાં પાકી અને કાચી એમ બંને પ્રકારની ઈંટો વપરાયી છે. તેમ જ લાકડાકામ પણ છે.

પરંતુ મૃચ્છકટિકમાં મહત્ત્વનું વર્ણન તો ચોથા અંકમાં આવતું વિદૂષકે કરેલુ વસંતસેનાના ભવનનું છે. એમાં આઠ પ્રકોષ્ઠો કહેતા કોઠાઓ છે.

ચેટી વિદૂષકને કહે છે કે, અમારા ગૃહદ્વારને જુઓ. વિદૂષક તે જોઈને તેનું વર્ણન કરે છે. એમ ક્રમે ક્રમે સાત કોઠાઓનું વર્ણન કરી, આઠમા કોઠામાં પ્રવેશ કરે છે. જયાં વસંતસેના અને તેના ભાઈ તથા માતા બેઠેલા છે તે કોઠાનું પણ વર્ણન કરેલ છે.(૧૩)

બાણના કાદમ્બરી ગ્રંથમાં પણ પ્રાસાદોનાં વર્ણન મળે છે. પરંતુ સામાન્ય માનવોના ગૃહોનો ખ્યાલ મળતો નથી.

પૌરાણિક સાહિત્યમાં સામાન્ય માનવોના ગૃહના તેમજ સમૃદ્ધજનોના ગૃહોના અવશેષો ખાસ મળતાં નથી. તેનું મુખ્ય કારણ લાકડાકામની ઈમારતો હોવાથી નષ્ટ થઈ ગયાં હશે. આ ઉપરાંત સૈંકાઓના યુદ્ધો અને કલહોમાં તેમના નાશ થયો હશે. છતાં થોડી માહિતીને આધારે પણ ગૃહ વિશેની કૈંક કલ્પનાઓ કરી શકાય છે.

## ૫.૪ દ્વિશાલ, ત્રિશાલ, ચતુઃશાલ પ્રકાર

જેની શિખા ગૃહના ત્રિભાગની તુલ્ય હોય તે ઉત્તમ ગૃહ હોય છે. એક શાલાનું ગૃહ બનાવવું હોય તો આઠ અને સત્યાવીશની સંશુદ્ધિથી સૌમ્ય વર્જિત અર્થાત્ ઉત્તરશાલાથી હીન કરવું અને જો દ્વિશાલાથીયુક્ત ગૃહ બનાવવું હોય તો દક્ષિણ અને પશ્ચિમમાં શાલા બનાવવી અને ત્રિશાલાનું ગૃહ બનાવવું હોય તો પૂર્વમાં ઉપરથી ત્રણ ભાગ અને પશ્ચિમમાં બે ભાગ છોડીને મધ્યભાગમાં નાભિ હોય છે, એમ પારાશરનું કથન છે. બ્રાહ્મણોને ચતુઃશાલનું ગૃહ, ક્ષત્રિયોને ત્રિશાલગૃહ, વૈશ્યને દ્વિશાલગૃહ અને શુદ્રને એકશાલગૃહ નિર્મિત કરવું જોઈએ. રાજવલ્લભગ્રંથમાં એકશાલ, દ્વિશાલ, ત્રિશાલ, ચતુઃશાલ ગૃહના આલિન્દના આધારે પ્રભેદોનું નિઢપણ કરવામાં આવ્યું છે.

## દ્વિશાલગૃહ

सूर्योद्विशालंलधुरस्यवामे मुखेत्रिकंदक्षिणतस्तथैकः ।
वेदामुखेवासवमेवगेहं वामेपसव्येलधुरेकएव ॥
प्रासादसंज्ञंमुखतस्त्रयंच प्रदक्षिणतिदुकवोष्टितंस्यात् ।
अलिंदयुक्तंविमलंद्विशालं तद्वीर्यवंतंसहमंडपेन ॥

(નોંધ : અલિન્દના જ ત્રણ નામો – 'અલિંદ', 'ષણ', 'લઘુ' કહેવાયા છે. બે અલિન્દ હોય તો તેનું 'તિદુક' નામ છે.)

જે દ્વિશાલ ઘરની ડાબી તરફ એક અલિન્દ, મુખ આગળ ત્રણ લઘુ હોય અને જમણી તરફ એક લઘુ હોય તો તે 'સૂર્ય' નામક ઘર કહેવાય છે. જે દ્વિશાલ ઘરના મુખ આગળ ચાર અલિન્દ હોય અને ડાબી તરફ એક અલિન્દ હોય તો તે 'વાસવ' કહેવાય. જે દ્વિશાલ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય, ડાબી-જમણી અને પાછળની બાજુએ બે-બે અલિન્દ હોય તે 'પ્રાસાદ'. જે દ્વિશાલ, ઘરના મુખ આગળ ચાર અલિન્દ કરીએ તોતે 'વિમલ', વિમલ ઘરના મુખ આગળ એક મંડપ વધારીએ તો તે 'વીર્યવંત' જે દ્વિશાલ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય, જમણી તરફ એક અલિન્દ હોય અને મધ્યમાં ષટદાઢ હોય તે 'ભાસુર', જે દ્વિશાલ ઘરની જમણી તરફ એક અલિન્દ હોય, મુખ આગળ એક લઘુ અને લઘુ આગળ એક મંડપ હોય તો 'દુદુંભ', જે દ્વિશાલ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય, જમણી તરફ એક અલિન્દ હોય અને બે અલિન્દ આગળ એક મંડપ હોય અને જમણા અલિન્દ આગળ પણ મંડપ હોય તો તે 'સુતેજ', જે દ્વિશાલ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય, અલિન્દ આગળ મંડપ હોય અને જમણી તરફ અલિન્દ અને એક મંડપ પણ હોય તે 'હયજ', જે

દ્વિશાલ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય અને અલિન્દ આગળ, બે મંડપ હોય તે 'મહાંત', જે દ્વિશાલ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય અને બે અલિન્દ આગળ બે મંડપ હોય તે ઘરની જમણી તરફ બે અલિન્દ હોય, તેમજ ડાબી તરફ પણ બે અલિન્દ હોય તે છ અક્ષરના નામવાળું 'ત્રૈલોકયામ્બર'', જે દ્વિશાલ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય અને અલિન્દ આગળ બે મંડપ હોય અને ઘરની જમણી-ડાબી બાજુએ બે-બે અલિન્દ હોય અને પછી તે એક અલિન્દ હોય તે 'વરદ', જે દ્વિશાલના ઘરના મુખ આગળ અને ચાર અલિન્દ આગળ એક મંડપ હોય તે ઘરની જમણી-ડાબી બાજુએ બે-બે અલિન્દ અને પછી પણ બે અલિન્દો હોય તે 'માલિન', જે દ્વિશાલ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય, ઘરની ડાબી-જમણી બંને તરફ એક-એક લઘુ હોય તે 'વિલાસ', તે જ વિલાસ ઘર આગળ એક મંડપ આવે તે 'કમલ', જે દ્વિશાલ ઘરના મુખ આગળ ચાર ષણ હોય અને ચાર ષણ આગળ એક મંડપ હોય અને ડાબી-જમણી તરફ એક એક ષણ હોય તો તે 'સુંદર', આમ ગૃહના સોળ ભેદ દર્શાવ્યા છે.[૧૪]

## ત્રિશાલ ગૃહ

अथत्रिशालंत्रिदशंषणैकं स्यात्रैदशावाससुरूपसंज्ञे ।
तथाचतुर्थकुमुदाभिधानं हस्त्यादिभेदैः क्रमतोविधेयम् ॥
छत्रंद्रयलिदंचतथैवपुत्रहरंचकामंत्वथ ह्रस्वभद्रम ।
षट्कंचमध्येस्वधनंकुबेरंपक्षंतथाकामदमेतदेव ॥
अलिंदयुग्मंत्वथभद्रयुक्तंमध्येपट्टंजलजाभिधानम् ।
स्याद्वेषजंचैवगजंकृपंचषट्दाढमध्येसकलेष्वथातः ॥

જે ગૃહને ત્રણશાલાઓ હોય તેની આગળ એક ષણ હોય તો તે 'હસ્તિની' પણએ શાળાનું મુખ ઉત્તર સામે હોય તો તે 'ત્રિદશ', ત્રિદશ ઘર પૂર્વમુખનું હોય તે 'ત્રિદશાવાસ' અને તે જ ત્રિદશ પશ્ચિમમુખનું હોય તે 'કુમુદ' અને ત્રિદશ ઘર દક્ષિણમુખનું હોય તે 'સુરૂપ'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય અને મુખ ઉત્તર સામે હોય તો તે 'છત્ર', તેવું જ ઘર પૂર્વ દ્વારનું હોય તો તે 'પુત્રહર', તે જ ઘર દક્ષિણમુખનું હોય તો 'કામ' અને પશ્ચિમમુખવાળુ હોય તો 'હસ્વભદ્ર', તે જ ઘર મધ્યે ષટદારૂ હોય તો 'સ્વધન', તે ષટ્દારૂવાળુ પૂર્વાભિમુખ હોય તો 'કુબેર', દક્ષિણાભિમુખ હોય તો 'પક્ષ', પશ્ચિમાભિમુખ હોય તો 'કામદ'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય અને ઉત્તરમુખ હોય તો તે 'જલજ', પૂર્વમાં મુખ હોય તો 'ભેષજ', દક્ષિણમુખવાળુ હોય તે 'ગજ' અને પશ્ચિમ મુખવાળું હોય તો 'કૃપ', (હવેના ત્રિશાળ ઘરો બધા ષટ્દારૂ યુક્ત ઘરો છે.)

જે ત્રિશાલ ઘરના મુખ આગળ એક લઘુ તેની આગળ એક મંડપ હોય અને તેની મંડપ સામે એક ભદ્ર હોય અને મુખ ઉત્તર સામે હોય તો 'વિજય', જો મુખ પૂર્વમાં હોય તો 'જય', જો દક્ષિણે હોય તો 'નિનાદ' અને મુખ પશ્ચિમે હોય તો 'કીર્તિજ'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય, ઘરની જમણી તરફ એક અલિન્દ હોય અને મુખ ઉત્તર સામે હોય તો 'ઈશ્વર', ઈશ્વર ઘરનું મુખ પૂર્વમાં હોય તો 'વરદ', મુખ દક્ષિણમાં હોય તો 'ભીમ' અને પશ્ચિમે હોય તો 'કુશલ.'

જે ત્રિશાલ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય અને ડાબી-જમણી બંને તરફ એક-એક અલિન્દ હોય અને મુખ ઉત્તર તરફ હોય તો 'વરદ્', પૂર્વ તરફ હોય તો 'શરદ', દક્ષિણ તરફ હોય તો 'દંડક' અને પશ્ચિમે હોય તો 'કાકપક્ષ'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ ચાર અલિન્દ હોય એ અલિન્દ આગળ એક મંડપ હોય અને મુખ ઉત્તર સામે હોય તો 'સિંહ', મુખ પૂર્વમાં હોય તો 'વૃષ', દક્ષિણે હોય તો 'ગજ' અને પશ્ચિમે હોય તો 'કોષ'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ ચાર અલિન્દ હોય તે ઘરની જમણી તરફ એક અલિન્દ અને મુખ ઉત્તર સામે હોય તો 'ભૈરવ', પૂર્વમાં હોય તો 'ભરત', દક્ષિણ સામે હોય તો 'નરજ' અને પશ્ચિમે હોય તો 'કુબેર'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ પાંચ હ્રસ્વ હોય અને મુખ ઉત્તર સામે તે 'સાગર', પૂર્વમુખ હોય તો 'ક્ષીરદ્', દક્ષિણમુખ હોય તો 'રત્નદાયક' અને પશ્ચિમનું મુખ હોય તો 'કોલાહલ'.

શાલના વિભાગ વિના (અલિન્દ વગર) ઉત્તરદિશાના મુખવાળું જો ત્રિશાલ ઘર હોય તો 'ધાન્ય', પૂર્વના મુખનું હોય તો 'સુક્ષેત્ર', દક્ષિણમુખનું હોય તો 'ચુલ્હી' અને પશ્ચિમ મુખનું  હોય તો 'પક્ષઘ્ન'.

આ એક અલિન્દવાળા ત્રિશાલ ઘરમાં ષટદારૂ હોય તો તે 'સોમ' પણ જેને ષટ્દારૂ ન હોય તે 'શંકર', જે ત્રિશાલ ઘરના મુખ આગળ પાંચ અલિન્દ હોય તે ઘરની ડાબી-જમણી અને પછી તે ત્રણ અલિન્દ હોય અને મુખ ઉત્તરમાં

હોય તો 'સૌખ્યપદ', પૂર્વમુખ હોય તો 'રાજાગ્ર', દક્ષિણમુખ હોય તો 'અસંયુત' અને પશ્ચિમમુખ હોય તો 'સર્વશાંત'.

જે ત્રિશાલ ઘરના મુખ આગળ પાંચ અલિન્દ હોય અને જમણી ડાબી અને પછી તે નવ અલિન્દ હોય અને ઘર મધ્યે બે ષટ્દારૂ હોય તે 'સૌભાગ્યવર્ધના', જે ત્રિશાલ ઘરના મુખ આગળ છ અલિન્દ હોય, જમણી તરફ એક ડાબી તરફ બે અને પછી તે બે અલિન્દ હોય તે 'આનંદ', જે ત્રિશાલા ઘરના મુખ આગળ છ અલિન્દ હોય જમણી તરફ બે અલિન્દ હોય પછી તે ત્રણ અલિન્દ હોય અને ડાબી તરફ બે અલિન્દ હોય તે 'ગોર્વધન', જે ત્રિશાલ ઘરના મુખ આગળ સાત અલિન્દ હોય જમણી ડાબી તરફ ત્રણ-ત્રણ અલિન્દ હોય તે 'ત્રૈલોકયસુંદર', પણ તે જ ઘરના મુખ આગળના સાત અલિન્દમાંથી એક અલિન્દ ઓછો કરી ત્યાં ભદ્ર કરવામાં આવે તો તે 'શ્રીતિલક' પણ એ જ ત્રૈલોક્યસુંદર ઘરના સાત અલિન્દો રાખી તેમની આગળ એક એક ભદ્ર વધારવામાં આવે તો તે 'વિષ્ણુપ્રિય'.

જે ત્રિશાલ ઘર મધ્યે ષટ્દારૂ હોય તે 'શ્રીત્રિદશ', પણ તે ઘરના મુખ આગળ એક હ્રસ્વ હોય તે 'શ્રીનિવાસ', તે ત્રિદશ ઘરના મુખ આગળ બે અલિન્દ હોય તે 'શ્રીવત્સ' તે જ ઘરના મુખ આગળ ત્રણ અલિન્દ હોય તે 'શ્રીધરા' – તે જ ઘરનાં મુખ આગળ ચાર અલિન્દ હોય તે 'શ્રીભૂષણા'.

ષટ્દારૂવાળા ત્રિશાલ ઘરના મુખ આગળ પાંચ અલિન્દ હોય તે 'શ્રીજય' જે ઘરના મુખ આગળ છ અલિન્દ હોય તે 'શ્રીતિલક' ઘર મધ્યે બે ષટ્દારૂ હોય તે 'શ્રીવિલાસ' તે શ્રીવિલાસ ઘરના મુખ આગળ સાત અલિન્દ હોય તો 'શ્રીતેજોધ્ય' ઘર કહેવાય છે. આમ, ત્રિશાલના ગૃહ પ્રભેદો દર્શાવાયા છે.[૧૫]

**ચતુઃશાળ ગૃહ**

भवननवकमुक्तंतच्चतुःशालमध्यात्
नयनलधुमुखंस्याद्दक्षिणैकेन चंद्रम् ॥
भवतिसदनमध्ये सर्वतोदारूषट्कं
द्वितयमपिचतेषांमंतिमंयुग्मयुक्तम् ॥

આગળ કહેલા નવ ત્રિશાળ ઘરોને ચતુઃશાળ કરી તેના મુખ આગળ બે લઘુ, જમણી તરફ એક લઘુ કરવામાં આવે તો તે 'ચંદ્ર' નામનું ઘર થાય અને એવા જે ચતુઃશાળ ઘરો કહેવામાં આવશે, તે સર્વ ઘરોમાં ષટ્દારૂ હોવા જોઈએ, તેમજ બે ષટ્દારૂ પણ હોવા જોઈએ, પણ એ નવ ઘરોમાં છેલ્લું કામદ નામક ઘર કહેવામાં આવશે તે કામદને જ બે ષટ્દારૂ હોય છે. અને બાકીનાં આઠે ઘરોમાં એક એક ષટ્દારૂ આવે છે. ચતુઃશાળ ઘરોમાં ચંદ્ર ઘરની ડાબી તરફ એક હ્રસ્વ વધારવામાં આવે તો તે 'મલય' નામક ઘર થાય. કોઈ પણ ચતુઃશાળ ઘરના મુખ આગળ ત્રણ જ અલિંદ હોય અને બીજી એકે તરફ અલિંદ ન હોય તો તે 'શોભન' ઘર કહેવાય અને તે શોભન ઘરની પછી તે એક અલિન્દ હોય, તે ઘરની જમણી તરફ પણ એક અલિંદ હોય તો તે ઘરનું નામ 'સુકર્ણ' કહેવાય. પણ એ સુકર્ણની ડાબી તરફ એક અલિંદ હોય તો તે 'નાગેંદ્ર' નામક ઘર કહેવાય છે.

જો ચતુઃશાળ ઘરના મુખ આગળ ચાર આલિંદો હોય તો તે 'ચક્ર' ઘર કહેવાય, એ ઘર સર્વ ઘરોમાં શ્રેષ્ઠ છે (ચાર શાળાના ઘરોમાં ચક્ર ઘર શ્રેષ્ઠ છે.) અને એ ચક્ર ઘરની ડાબી તરફ અને જમણી તરફ એ બન્ને તરફ એક એક લઘુ હોય તો તે 'જયાવહ' નામક ઘર કહેવાય, પણ એ જયાવહના મુખ આગળ એક

ભદ્ર હોય તો તે 'મકરધ્વજ' ઘર કહેવાય, અને તે મકરધ્વજની પછી એક અલિન્દ વધારીએ તો તે 'કામદ' નામક ઘર કહેવાય છે. મુનિના મત પ્રમાણે શુદ્ધાદિ આઠ શાળાઓ છે, તે મધ્યે ઘરના પ્રસંગમાં છ શાળાઓ કહી છે, તે શાળાઓ મધ્યે એક લઘુ કરવામાં આવે તો તે ઘર સુખાકારી છે અથવા લઘુ આગળ જુદી જ શાળા કરવી એમ કહ્યું છે. (આ રીત રાજાઓની શાળાઓ માટેની છે).'[૧૬]

રાજવલ્લભ ગ્રંથમાં જે દ્વિશાલ, ત્રિશાલ અને ચતુઃશાલનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું છે તેની આંશિક ચર્ચા 'વાસ્તુસાર' ગ્રંથ, 'બૃહત્સંહિતા' અને 'વિશ્વકર્મપ્રકાશ'માં પણ કહેવામાં આવી છે.

વાસ્તુસાર ગ્રંથ અનુસાર દ્વિશાલ, ત્રિશાલ અને ચતુઃશાલ નિઢપણ પ્રમાણે છે.

द्विशालं केवलं युग्म मधषट्दारूमध्यतः ।
एकार्लिदे न विमलं वीर्यवन्तं द्वयलिंदकम् ॥
सौम्यादि द्वारभेदेन त्रिशालं लधुसंयतम् ।
निदशं त्रिदशोवासं सुरूपं कुमुदं क्रमात् ॥
चतुःशालं गुणाप्र च षट्दारू शोभनं गृहम् ।
मलयं मुखयुग्माख्यं वामैको दक्षिणे लघुः ॥[१७]

## 'વિશ્વકર્મ પ્રકાશ' અનુસાર

याम्य शाला  न्यसेदादौ द्वितीया पश्चिमे ततः ।
तृतीया चोत्तरे स्थाप्या चतुर्थी पूर्वपश्चिमा ॥

उत्तरद्वार हीनं यत् त्रिशालं धनधान्यदम् ।
हिरण्यनाभनामानं राज्ञां सौख्यविवर्धनम् ॥
तद्वास्तु सर्वतोभद्रं चतुर्द्वार समन्वितम् ।
एक ग्रामे चतु:शाले दुर्भिक्षे राज्य विप्लवे ॥(१८)

**બૃહત્સંહિતા પ્રમાણે**

अप्रतिषिद्धालिन्दं समन्ततो वास्तु सर्वतोभद्रम् ।
नृपविबुधसमूहानां कार्यं द्वारैश्चतुर्भिरपि ॥
वन्धावर्तमलिन्दैः शालाकुडयात् प्रदक्षिणान्तगतै ।
द्वारं पश्चिममस्मिन् विहाय शोषाणि कार्याणि ॥
द्वारालिन्दोडन्तगतः प्रदक्षिणोडन्यः शुभस्ततश्चान्यः ।
तस्मिश्च वर्धमाने द्वारं तु न दक्षिणं कार्यम् ॥
अपरोडन्नगतोडलिन्दः प्रागन्तगतौ तदुत्थितौ चान्यौ ।
तदवधिविधृतश्चान्यः प्राग्द्वारं स्वस्तिके शुभदम् ॥
प्राक्पश्चिमावलिन्दावन्तगतौ तदवधिस्थितौ शेषौ ।
रूचके द्वारं न शुभदमुत्तरतोडन्यानि शस्तानि ॥

**જે વાસ્તુ ચારેબાજુથી અલિન્દ એટલે કે એકપણ બાજુથી અડકતુ ન હોય તેને 'સર્વતોભદ્ર વાસ્તુ' કહેવાય. આ વાસ્તુ ચારે દિશાઓના ચારે દ્વારોવાળું રાજા અને દેવતાઓ માટે બનાવવું જોઈએ. જે વાસ્તુમાં શાળાની ભીંતથી શરૂ કરીને પ્રદક્ષિણા પ્રમાણે અલિન્દ એટલે કે અડકે નહીં તેવા વાસ્તુને 'વન્ધાવર્ત વાસ્તુ' કહેવાય છે. આમાં પશ્ચિમ દિશાને છોડીને બાકીની બધી દિશાઓમાં દ્વારો હોય છે. દ્વારાલિંદ (પ્રધાન ભવનના દ્વારથી અલિંદ)ની અંતર્ગત (દક્ષિણથી**

ઉત્તરની તરફ સંલગ્ન) છે અને દ્વિતીય અલિંદ એનાથી પ્રદક્ષિણા પ્રમાણે જાય છે. તથા તૃત્તીય અલિંદ એનાથી પ્રદક્ષિણા ક્રમથી સ્થિર હોય એને 'વર્ધમાન વાસ્તુ' કહેવાય છે એને દક્ષિણમાં દ્વાર નથી હોતું. સ્વસ્તિક વાસ્તુમાં પશ્ચિમમાં અલિંદ એટલે કે નહીં અડકેલું. અંતર્ગત (દક્ષિણથી ઉત્તરની શાળા સંલગ્ન) બનાવવું જોઈએ. પશ્ચિમના અલિંદથી નીકળેલ અન્ય બીજા જે અલિંદ પૂર્વ દિશાની શાળા સુધીના બનાવવા જોઈએ. એ બેની મધ્યમાં પૂર્વમાં અલિંદ બનાવવું જોઈએ. આ સ્વસ્તિક વાસ્તુમાં ફકત પૂર્વ દિશામાં દ્વાર બનાવવું શુભ છે. અન્ય દિશામાં બનાવવું નહીં. રૂચક વાસ્તુમાં પૂર્વ અને પશ્ચિમના અલિંદ અંતર્ગત (દક્ષિણથી ઉત્તર શાળા સંલગ્ન) અને શેષ બે એ બેની મધ્યમાં સ્થિર થાય છે. આ રૂચક વાસ્તુમાં ઉત્તર તરફનું દ્વાર અશુભ ગણાય છે અને બાકીની ત્રણેય દિશામાં (પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ)માં દ્વાર શુભ ગણાય છે. વન્ધાવર્ત અને વર્ધમાન સંજ્ઞક વાસ્તુ બધાથી શ્રેષ્ઠ વાસ્તુ છે. સ્વસ્તિક અને રૂચક સંજ્ઞક વાસ્તુ મધ્યમ છે. શેષ સર્વતોભદ્ર સંજ્ઞક વાસ્તુ રાજા વગેરે (રાજમંત્રી, રાજા આશ્રીત પુરૂષો અને દેવતાઓ) માટે શુભ છે અન્ય માટે શુભ નથી.

જેના ઉત્તર તરફ દિવાલ ન હોય અને બાકીની ત્રણેય દિશાઓમાં હોય તેને 'હિરણ્ય' નામવાળું ત્રિશાળ વાસ્તુ કહે છે. આ વાસ્તુ પ્રશસ્ત (યોગ્ય) છે. જેની પૂર્વ તરફ ભીંત ન હોય અને શેષ ત્રણેય દિશાઓમાં ભીંત હોય તેને 'સુક્ષેત્ર' નામવાળું ત્રિશાલ વાસ્તુ કહેવાય. આ વાસ્તુ ધન, પુત્ર વગેરેની વૃદ્ધિ આપનાર છે. જેના દક્ષિણ તરફ ભીંત ન હોય અને બાકીની ત્રણેય દિશાઓમાં હોય તેને 'ચુલ્લી' નામનું ત્રિશાળ વાસ્તુ કહેવાય. આ વાસ્તુ ધનનો નાશ કરે છે. જેને પશ્ચિમ તરફ ભીંત ન હોય અને બાકીની ત્રણેય દિશાઓમાં હોય તેને 'પક્ષઘ્ન' નામવાળું વાસ્તુ કહેવાય. આ વાસ્તુ પુત્રનો નાશ કરનાર અને વેર ઉત્પન્ન કરનાર છે.

જેના પશ્ચિમ અને દક્ષિણમાં શાળા હોય એને 'સિદ્ધાર્થ', જેના પશ્ચિમ અને ઉત્તરમાં શાળા હોય તેને 'યમસૂર્ય', જેના ઉત્તર અને પૂર્વમાં શાળા હોય તેને 'દંડ', જેના પૂર્વ અને દક્ષિણમાં શાળા હોય તેને 'વાત', જેના પૂર્વ અને પશ્ચિમમાં શાળા હોય તેને 'ગૃહચુલ્લી', અને જેના દક્ષિણ અને ઉત્તરમાં શાળા હોય તેને 'કાચ' નામવાળું વાસ્તુ કહેવાય છે. 'સિદ્ધાર્થ' વાસ્તુમાં ધનની પ્રાપ્તિ, યમસૂર્યમાં ગૃહસ્વામિનું મૃત્યુ, દંડમાં દંડથી મૃત્યુ (અથવા દંડ કે વધ), વાતથી કાયમ ઝઘડો, ગૃહચુલ્લીથી ધનનો નાશ અને કાચ નામક વાસ્તુથી ભાઈઓથી વિરોધ થાય છે.[૧૯] આ શાળાઓની આકૃતિ દ્વારા વિશેષરૂપે સમજી શકાય તેમ છે.

## <u>વાસ્તુના લક્ષણ</u>

### <u>સર્વતોભદ્ર</u>



## <u>વન્ધાવર્ત</u>




## <u>વર્ધમાન</u>



## **સ્વસ્તિક**




## **રૂચક**



## ૫.૫ વર્ગ પ્રમાણે ગૃહરચના

વાસ્તુવિદ્યા અનુસાર રાજા, પટરાણી, રાજકુંવર, મંત્રી ઈત્યાદિના ગૃહોના નિર્માણનું માપન અલગ-અલગ આલેખાયું છે. તદ્અનુસાર રાજાનું મુખ્ય ગૃહ એકસો આઠ હાથ લંબાઈવાળું બનાવવું જોઈએ અને અન્ય ચાર ગૃહોની લંબાઈ ક્રમશઃ આઠ-આઠ હાથ ઘટાડવી એ પ્રમાણે રાજગૃહ પાંચ પ્રકારો નિર્મિત થાય છે.

### ઉત્તમ રાજાઓની ગૃહરચના

उत्तममष्टाभ्यधिकं हस्तशतं नृपगृहं पृथुत्येन ।
अष्टाष्टोनान्येवं पश्च सपादीनि दैर्ध्येण ॥

રાજાઓના ગૃહનો વિસ્તાર એકસો આઠ હાથનો ઉત્તમ ગણાય છે અને ચાર ગૃહમાં આઠ-આઠ હાથ ઓછા કરીને વિસ્તાર હોય છે.

(હસ્ત પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૧૦૮ | ૧૦૦ | ૯૨ | ૮૪ | ૭૬ |
| દૈર્ધ્ય | ૧૩૭ | ૧૨૫ | ૧૧૫ | ૧૧૫ | ૯૫ |

### સેનાપતિના ગૃહની રચના

षड्भिः षड्भिर्हीना सेनापतिसद्मनां चतुःषष्टिः ।
एवं पश्चगृहाणि षड्भागसमन्विता दैर्ध्यम् ॥

સેનાપતિના પ્રથમ ગૃહનો વિસ્તાર ચોંસઠ હાથનો બનાવવો જોઈએ. બાકીના ચાર મકાનોમાં છ-છ હાથ ઓછા રાખીને વિસ્તાર કરવો જોઈએ અને વિસ્તારથી ષષ્ઠાંશ વધુ બનાવેલ હોય છે.

(હસ્ત-આંગળી પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૬૪ | ૫૮ | ૫૨ | ૪૬ | ૪૦ |
| દૈર્ધ્ય | ૭૪.૧૬ | ૬૭.૧૬ | ૬૦.૧૬ | ૫૩.૧૬ | ૪૬.૧૬ |

## મંત્રી તથા રાજમહિષીઓના ગૃહની રચના

षष्ष्चितुश्चतुभिर्हीना वेश्मानि पञ्च सचिवस्य ।
स्वाष्टांशयुतो दैर्ध्य तदर्धतो राजमहिषीणाम् ॥

મંત્રીઓના ગૃહના પહેલા ગૃહનો વિસ્તાર સાંઈઠ હાથ જેટલો હોય છે. બાકીના ચાર મકાનોમાં ચાર-ચાર ઓછા હાથ હોય છે.

(હસ્ત-આંગળી પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૬૦ | ૫૬ | ૫૨ | ૪૮ | ૪૪ |
| દૈર્ધ્ય | ૬૬.૧૨ | ૬૩.૦૦ | ૫૮.૧૨ | ૫૪.૦૦ | ૪૯.૧૨ |

રાજમહર્ષિઓના ગૃહનું પ્રમાણ મંત્રીઓના ગૃહના પ્રમાણ, વિસ્તાર અને દૈર્ધ્યમાં તેના કરતાં અડધુ હોવું જોઈએ.

(હસ્ત-આંગળી પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૩૦ | ૨૮ | ૨૬ | ૨૪ | ૨૨ |
| દૈર્ધ્ય | ૩૩.૬ | ૩૧.૧૨ | ૨૯.૬ | ૨૭.૦૦ | ૨૪.૧૮ |

## યુવરાજ તેમના અનુજ તથા ભુત્યોંના ગૃહની રચના

षड्भिः षड्भिश्चैवं युवराजस्यापवर्जिताडशीतिः ।
त्र्यंशान्विता च दैर्ध्य पञ्च तदर्धैस्तदनुजानाम् ॥

યુવરાજનું ઘર પાંચ પ્રકારના પ્રમાણમાં બનાવવા જોઈએ.

(હસ્ત-આંગણી પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૮૦ | ૭૪ | ૬૮ | ૬૨ | ૫૬ |
| દૈર્ધ્ય | ૧૦૬.૧૬ | ૯૮.૧૬ | ૯૦.૧૬ | ૮૨.૧૬ | ૭૪.૧૬ |

આમ, યુવરાજના ગૃહનો વિસ્તાર એંસી હાથ રાખ્યા બાદ બાકીના ચારેય ગૃહોનો વિસ્તાર છ-છ હાથ ઓછા રાખવાનું હોય છે. જયારે યુવરાજના નાના ભાઈઓ તથા ભુત્યોના રહેણાંકની બાબતે યુવરાજના ગૃહ કરતાં અડધા પ્રમાણની હોય છે.

(હસ્ત-આંગણી પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૪૦ | ૩૭ | ૩૪ | ૩૧ | ૨૮ |
| દૈર્ધ્ય | ૫૩.૮ | ૪૯.૮ | ૪૫.૮ | ૪૧.૮ | ૩૭.૮ |

## સામંત અને પ્રધાન રાજપુરૂષોના ગૃહની રચના

नृपसचिवान्तरतुल्यं सामान्तप्रवरराजपुरूषाणाम् ।
नृपयुवराजविशेषः कुश्चुकिवेश्याकलाज्ञानाम् ॥

સામંત અને પ્રધાન રાજપુરૂષોના ઘર રાજાઓના પાંચ ગૃહો અને મંત્રીઓના પાંચ ગૃહોના વિસ્તાર અને દૈર્ઘ્ય જેટલા જ માપના સપ્રમાણ જ માપ રાખવામાં આવે છે અને રાજા અને યુવરાજના ગૃહના જેટલું જ કંચુકી, વેશ્યા અને કલાઓના કલાકારના ઘર બનાવવા જોઈએ.

## અધિકારી વગેરેના ગૃહ પ્રમાણ

अध्यक्षाधिकृतानां सर्वेषामेव कोशरतितुल्यम् ।
युवराजमन्त्रिविवरं कर्मान्ताध्यक्षदूतानाम् ॥

અશ્વશાળા, ગજશાળા અને ગૌશાળાના અધિકારીઓ તથા બીજા કાર્યોનાં માલિકના ગૃહકોશ તથા રતિગૃહના બરાબર ગૃહ બનાવવા જોઈએ. કર્મશાળામાં જે માલિક હોય તેમના તથા દૂતોના ગૃહ યુવરાજ અને મંત્રીઓના ગૃહના દૈર્ઘ્ય વિસ્તાર હોય તેના બરાબર જ દૈર્ઘ્ય વિસ્તાર રાખીને ગૃહ બનાવેલ હોય છે.

## રાજ-જ્યોતિષો વગેરેની ગૃહ રચના

चत्वारिंशद्धीना चतुश्चतुभिस्तु पश्च यावदिति ।
षड्भागयुता दैर्ध्य दैवज्ञरोधसोर्भिषज ॥

જ્યોતિષ, વૈદ્ય અને પુરોહિતોના ગૃહના માપમાં જેટલો વિસ્તાર હોય તેમાં છઠ્ઠો ભાગ ભેળવીને જે માપ થાય તે માપ દૈર્ધ્ય રાખવાનું કહેલ છે.

(હસ્ત-આંગણી પ્રમાણ)

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|
| વિસ્તાર | ૪૦ | ૩૬ | ૩૨ | ૨૮ | ૨૪ |
| દૈર્ધ્ય | ૪૬.૧૬ | ૪૨.૦૦ | ૩૬.૮ | ૩૨.૧૬ | ૨૮.૦૦ |

ગૃહના વિસ્તાર તુલ્ય ઊંચાઈ રાખવામાં આવે છે તથા શાળાવાળા ગૃહમાં વિસ્તારથી બમણું દૈર્ધ્ય બનાવવામાં આવે છે.

## બ્રાહ્મણ વગેરે ચારેય વર્ણોના ગૃહની રચના

चातुर्वर्ण्यव्यासो द्वात्रिंशत् सा चतुश्चतुर्हीना ।

आषोडशादिति परं न्यूनतरमतीवहीनानाम् ॥

બ્રાહ્મણ વગેરે ચારેય વર્ણોના ગૃહનો વિસ્તાર અનુક્રમે બત્રીસ હાથથી ચાર-ચાર હાથ ઓછા રાખીને સોળ હાથ સુધીના બનાવવા. બ્રાહ્મણોના ગૃહનું દૈર્ધ્ય વિસ્તારથી દશાંશ સુધી, ક્ષત્રિયોના અષ્ટાંશ વિસ્તારથી વધુ દૈર્ધ્ય, વૈશ્યના વિસ્તારથી દૈર્ધ્ય ષષ્ટાંશ વધુ અને શુદ્રોના ગૃહનું દૈર્ધ્ય વિસ્તારથી ચતુર્થાંશ વધુ હોવું જોઈએ.[૨૦]

# સ્ફૂટાર્થ ચક્ર

| જ્ઞાતિ | હાથ | આંગળી | હાથ | આંગળી | હાથ | આંગળી | હાથ | આંગળી | હાથ | આંગળી | પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજા | ૧૦૮ | ૦ | ૧૦૦ | ૦ | ૯૨ | ૦ | ૮૪ | ૦ | ૭૬ | ૦ | વિસ્તાર |
| | ૧૩૫ | ૦ | ૧૨૫ | ૦ | ૧૧૫ | ૦ | ૧૦૫ | ૦ | ૯૫ | ૦ | દૈર્ઘ્ય |
| સેનાપતિ | ૬૪ | ૦ | ૫૮ | ૦ | ૫૨ | ૦ | ૪૬ | ૦ | ૪૦ | ૦ | વિસ્તાર |
| | ૭૪ | ૧૬ | ૬૭ | ૧૬ | ૬૦ | ૧૬ | ૫૩ | ૧૬ | ૪૬ | ૧૬ | દૈર્ઘ્ય |
| મંત્રી | ૬૦ | ૦ | ૫૬ | ૦ | ૫૨ | ૦ | ૪૮ | ૦ | ૪૪ | ૦ | વિસ્તાર |
| | ૬૭ | ૧૨ | ૬૩ | ૦ | ૫૮ | ૧૨ | ૫૪ | ૦ | ૪૯ | ૦ | દૈર્ઘ્ય |
| રાજમહિર્ષી | ૩૦ | ૦ | ૨૮ | ૦ | ૨૬ | ૦ | ૨૪ | ૦ | ૨૨ | ૦ | વિસ્તાર |
| | ૩૩ | ૧૮ | ૩૧ | ૧૨ | ૨૯ | ૬ | ૨૭ | ૦ | ૨૪ | ૧૨ | દૈર્ઘ્ય |
| યુવરાજ | ૮૦ | ૦ | ૭૪ | ૦ | ૬૮ | ૦ | ૬૨ | ૦ | ૫૬ | ૦ | વિસ્તાર |
| | ૧૦૬ | ૧૬ | ૯૮ | ૧૬ | ૯૦ | ૧૬ | ૮૨ | ૧૬ | ૭૪ | ૧૬ | દૈર્ઘ્ય |
| યુવરાજ | ૪૦ | ૦ | ૩૭ | ૦ | ૩૪ | ૦ | ૩૧ | ૦ | ૨૮ | ૦ | વિસ્તાર |
| અનુજ | ૫૩ | ૮ | ૪૯ | ૮ | ૪૫ | ૮ | ૪૧ | ૮ | ૩૭ | ૮ | દૈર્ઘ્ય |
| સામંત – | ૪૮ | ૦ | ૪૪ | ૦ | ૪૦ | ૦ | ૩૬ | ૦ | ૩૨ | ૦ | વિસ્તાર |
| પ્રધાન | ૬૭ | ૧૨ | ૬૨ | ૦ | ૫૬ | ૧૨ | ૫૧ | ૦ | ૪૫ | ૧૨ | દૈર્ઘ્ય |
| રાજપુરૂષ | | | | | | | | | | | |
| કંચુકી,વેશ્યા | ૨૮ | ૦ | ૨૬ | ૦ | ૨૪ | ૦ | ૨૨ | ૦ | ૨૦ | ૦ | વિસ્તાર |
| કલાકાર | ૨૮ | ૮ | ૨૬ | ૮ | ૨૪ | ૮ | ૨૨ | ૮ | ૨૦ | ૮ | દૈર્ઘ્ય |
| કર્મશાળાનો | ૨૦ | ૦ | ૧૮ | ૦ | ૧૬ | ૦ | ૧૪ | ૦ | ૧૨ | ૦ | વિસ્તાર |
| માલિક | ૩૯ | ૪ | ૩૫ | ૧૬ | ૩૨ | ૪ | ૨૮ | ૧૬ | ૨૫ | ૪ | દૈર્ઘ્ય |
| જ્યોતિષ | ૪૦ | ૦ | ૩૬ | ૦ | ૩૨ | ૦ | ૨૮ | ૦ | ૨૪ | ૦ | વિસ્તાર |
| પુરોહિત,વૈદ્ય | ૪૬ | ૧૬ | ૪૨ | ૦ | ૩૭ | ૪ | ૩૨ | ૧૬ | ૨૮ | ૦ | દૈર્ઘ્ય |

## સ્ફુટાર્થ ચક્ર

| જ્ઞાતિ | હાથ | આંગળી | હાથ | આંગળી | હાથ | આંગળી | હાથ | આંગળી | હાથ | આંગળી | પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાહ્મણ | ૩૨ | ૦ | ૨૮ | ૦ | ૨૪ | ૦ | ૨૦ | ૦ | ૧૬ | ૦ | વિસ્તાર |
| | ૩૫ | ૫ | ૩૦ | ૧૯ | ૨૬ | ૧૦ | ૨૨ | ૦ | ૧૭ | ૧૪ | દૈર્ઘ્ય |
| ક્ષત્રિય | ૨૮ | ૦ | ૨૪ | ૦ | ૨૦ | ૦ | ૧૬ | ૦ | × | × | વિસ્તાર |
| | ૩૧ | ૧૨ | ૨૭ | ૦ | ૨૨ | ૧૨ | ૧૮ | ૦ | × | × | દૈર્ઘ્ય |
| વૈશ્ય | ૨૪ | ૦ | ૨૦ | ૦ | ૧૬ | ૦ | × | × | × | × | વિસ્તાર |
| | ૨૮ | ૦ | ૨૩ | ૮ | ૧૮ | ૧૬ | × | × | × | × | દૈર્ઘ્ય |
| શુદ્ર | ૨૦ | ૦ | ૧૬ | ૦ | × | × | × | × | × | × | વિસ્તાર |
| | ૨૫ | ૦ | ૨૦ | ૦ | × | × | × | × | × | × | દૈર્ઘ્ય |
| કોશ | ૪૪ | ૦ | ૪૨ | ૦ | ૪૦ | ૦ | ૩૮ | ૦ | ૩૬ | ૦ | વિસ્તાર |
| રતિભવન | ૬૦ | ૮ | ૫૭ | ૮ | ૫૪ | ૮ | ૫૧ | ૮ | ૪૮ | ૮ | દૈર્ઘ્ય |
| રાજપુરૂષો | ૩૨ | ૦ | ૩૦ | ૦ | ૨૮ | ૦ | ૨૬ | ૦ | ૨૪ | ૦ | વિસ્તાર |
| | ૩૯ | ૧૧ | ૩૬ | ૨૧ | ૩૪ | ૬ | ૩૧ | ૧૬ | ૨૯ | ૨ | દૈર્ઘ્ય |

## ૫.૬ ગૃહનિર્માણ સમય

કોઈપણ શુભકાર્ય કરવું હોય તો તેની શરૂઆત કયારે કરવી અથવા શરૂઆત કરવા માટે કયો સમય વધુ ઉત્તમ છે તે વિચારીએ છીએ. તે જ પ્રમાણે ગૃહારંભ એટલે કે મકાનનું બાંધકામ કરવા માટે પણ તેની શરૂઆત કયારે કરવી તે જાણવું જરૂરી છે. આથી, અહીં ગૃહના બાંધકામની શરૂઆત માટેના સારા-નબળા સમયનો ઉલ્લેખ કરવામાં આવે છે.

अथातः संप्रवक्ष्यामि गृहे कालविनिर्णयम् ।
यथा कालं शुभं ज्ञात्वा तदा भवनमारभेत् ॥

मृदु ध्रुव स्वाति पुष्य घनिष्ठा द्वितयै रवौ ।
मूले पुनर्वसौ सौम्यवारे प्रारंभणं शुभम् ॥
आदित्य भौम वर्जतु वारा: सर्वे शुभावहा: ।
द्वितीया च तृतीया च षष्ठी च पंचमी तथा ॥
सप्तमी दशमी चैव द्वादश्येकादशी तथा ।
त्रयोदशी पंचदशी तिथय: स्यु: शुभावहा: ॥

**સમયનો વિચાર કરીને જયારે શુભ મુહૂર્ત આવતું હોય તેવા સમયે ઘરની શરૂઆત કરવી જોઈએ અને તેથી જ હવે યોગ્ય સમયનો નિર્ણય બતાવાય છે. મૃદુ નક્ષત્રો જેવાં કે મૃગશીર્ષ, ચિત્રા, અનુરાધા, રેવતી વગેરે ધ્રુવ નક્ષત્રો જેવાં કે રોહિણી, ત્રણેય ઉત્તરા ઉપરાંત સ્વાતિ, ઘનિષ્ઠા, શ્રવણ, મૂળ, પુનર્વસુ વગેરે નક્ષત્રોમાં સૂર્ય હોય ત્યારે જે દિવસે સૌમ્ય (શુભ) વાર હોય તે દિવસે ઘરનો આરંભ કરવો ઉત્તમ ગણાય છે. રવિવાર અને મંગળવારને છોડીને બાકીના બધા વાર સારા ગણાય છે. ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૫ (પૂનમ) આ તિથિઓ શુભ ગણાય. પડવાના દિવસે કામની શરૂઆત કરે તો દારિદ્રય આવે, અષ્ટમી ઉચાટ કરાવે, અમાસનો દિવસ રાજ્ય તરફથી ભય પેદા કરે. નવમી શસ્ત્રનો ભય ઊભો કરે અને ચૌદશનો દિવસ સ્ત્રી-પુત્રનો નાશ કરે. ઘનિષ્ઠા વગેરે પાંચ નક્ષત્રોમાં (પંચકમાં) પણ સ્તંભનું આરોપણ કરવું ન જોઈએ.[૨૧]**

हस्तात्रिरोहिणीयुग्मं ज्येष्ठा मूलोत्तराक्तनी ।
रेवतिपुष्यमैयं च शंसन्ति वास्तुकर्मणि ॥

હસ્તથી ત્રણ (હ. ચિ. સ્વા.) રોહિણી અને મૃગશીર્ષ, જયેષ્ઠા, મૂળ ત્રણે ઉત્તરા (ઉ. ઝ, ઉ. ષા., ઉ.ભા.)  અશ્વિની, રેવતી અને પુષ્પ એ ચૌદ નક્ષત્રો ગૃહારંભે કે વાસ્તુ કર્મમાં લેવા એમ વિદ્વાનો કહે છે. (૨૨)

શાસ્ત્રોક્ત વિધિ-વિધાનપૂર્વક વ્યક્તિ પ્રત્યેક કાર્ય કરે તો સંઘર્ષ, અશાંતિ, ઉદ્વેગ, અનિષ્ટ વગેરેને નિવારી શકાય છે. ગ્રહો, નક્ષત્રો તથા શુભ - અશુભ મહિનાઓ દ્વારા મત્સ્યપુરાણે જે સંદર્ભો પ્રસ્તુત કર્યા છે તે આજે પણ ઉપયોગી ગણી શકાય.

- ચૈત્ર મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો રોગી બને છે.
- વૈશાખ મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો ગાય તેમજ રત્નો પ્રાપ્ત થાય.
- શ્રાવણ મહિનામાં ઘર બનાવવાની શરૂઆત કરે તો નોકરોની પ્રાપ્તિ થાય.
- ભાદરવા મહિનામાં ઘર બનાવવાથી હાનિ.
- આસોમાં ઘર બનાવવાથી સ્ત્રી નાશ પામે છે.(૨૩)

આ પ્રમાણે ઘર બનાવવા માટે કાળબળ કહ્યું છે. નક્ષત્રોમાં અગ્નિની, રોહિણી, ઉત્તરા, ફાલ્ગુની વગેરે શ્રેષ્ઠ કક્ષાના કહ્યા છે રવિવાર, મંગળવાર છોડી બાકીના વારો મંગળકારી કહ્યા છે. તેમજ પહેલાં ભૂમિની પરીક્ષા કરી પછી વાસ્તુની કલ્પના કરવી જોઈએ એમ પણ જણાવ્યું છે.(૨૪)

આમ, આ રીતે ગૃહનિર્માણ સમયે યોગ્ય-અયોગ્ય નક્ષત્ર, મહિનાઓ તેમજ વારની ગણના કરી શુભારંભ કરવાથી વ્યક્તિ શાંતિપૂર્ણ રીતે જીવનવ્યતિત કરી શકે છે.

## ૫.૭ પ્રાસાદ – સન્નિવેશ

વાસ્તુવિદ્યામાં પ્રાસાદ શબ્દનો ઉપયોગ બે વાસ્તુ માટે થાય છે.

૧. પ્રાસાદ – મંદિર

૨. પ્રાસાદ – રાજાનો મહેલ.

આથી પ્રાસાદના ઉલ્લેખમાં આ બંને વિશેના માન વિચાર જોવા મળે છે.

प्रासादा नामतः प्रोक्ता विभागं श्रृणुत द्विजाः ।
शत श्वतुर्द्यारो भूमिका षोडशोच्छ्रितः ॥
नाना विचित्र शिखरो मेढ प्रासाद उच्यते ।
मंदिरो द्वादशः प्रोक्तः कैलासो नवभूमिकः ॥
विमान च्छदकं तद्वत् अनेक शिखरा नतः ।
सचाष्ट भूमिकस्तद्वत् सप्तभिनंदिवर्धनः ॥
विशांडक समायुक्तो नन्दनः समुदाह्यतः ।
षोडशास्रक संयुक्तो नानारूपसमन्वितः ॥
अनेक शिखरस्तद्वत् सर्वतोभद्र उच्चते ।
चन्द्रशाला समोपेतो विज्ञेयः पंचभूमिकः ॥
वल्लभी छेंदकस्तद्वत् शुकनासा त्रयान्वितः ।
वृषस्योच्द्वायतस्तुल्यो मंडितश्चित्र वर्जुतः ॥
सिंहो सिंह गति र्ज्ञेयो गजो गजसमस्तथा ।
कुंभः कुंभाकृतिस्तद्वत् भूमिका नवकोच्छ्रयः ॥

દેવાલયમાં હંમેશા ચોંસઠ પદવાળું વાસ્તુ જ બનાવવું જોઈએ તથા વચ્ચે દ્વાર બધી જ દિશાઓમાં સ્થિત હોય તે શ્રેષ્ઠ છે.[૨૫]

વરાહમિહિરે બૃહત્સંહિતામાં આ પ્રાસાદોના લક્ષણોનું નિરૂપણ કર્યું છે. વરાહમિહિરે પ્રાસાદોની ગણતરી કરતાં ચતુષ્કોણ, ષટ્કોણ અને અષ્ટકોણ એમ વિવિધ પ્રકારના વીસ (૨૦) પ્રાસાદોનો ઉલ્લેખ કર્યો છે.

## (૧) મેરૂ પ્રાસાદ

આ પ્રાસાદમાં છ કોણ, બાર ભૂમિ, અનેક પ્રકારની બારીઓ, ચાર દિશામાં ચાર દ્વાર અને બત્રીશ હાથતુલ્ય વિસ્તાર હોય છે.

### કાશ્યપના મતાનુસાર

द्वात्रिशद्धस्तविस्तीर्ण चतुर्द्वारं षडश्रिकम् ।
भूमिकास्तत्र कर्तव्या विचित्रकुहरान्विताः ॥
द्वादशोपर्युपरिगा वर्त्तुलाण्डैः समायुताः ।
प्रासादो मेढसंज्ञः स्यान्निर्दिष्ट विश्वकर्मणा ॥

## (૨) મંદર અને કૈલાશ પ્રાસાદ

આ પ્રાસાદમાં છ કોણ, ત્રીસ હાથ તુલ્ય વિસ્તારયુક્ત દશભૂમિવાળા અને શિખરથી યુક્ત હોય છે. જયારે કૈલાશ પ્રાસાદ શિખરથી યુક્ત અઠાવીશ હાથવાળુ, આઠ ભૂમિવાળું અને છ કોણવાળું હોય છે.

**કાશ્યપ મતાનુસાર**

> त्रिंशद्धस्तास्तु विस्तीर्णः प्रासादोऽयं द्वितीयकः ।
> अष्टभौमश्च कैलासो हस्ताष्टाविंशतिः स्मृतः ॥
> षड्श्रिः शिखरोपेतः प्रासादस्तु तृतीयकः ॥

## (૩) વિમાન અને નન્દન પ્રાસાદ

વિમાન નામક પ્રાસાદ જાળીવાળી બારીઓથી યુક્ત એકવીશ હાથ વિસ્તારવાળુ, આઠ ભૂમિવાળું અને છ કોણવાળું હોય છે. જયારે નન્દન નામક પ્રાસાદ છ કોણવાળુ, છ ભૂમિવાળુ, બત્રીસ હાથ વિસ્તારવાળું અને સોળ શિખરથી યુક્ત હોય છે.

**કાશ્યપ મતાનુસાર**

> गवाक्षजालसंयुक्तो विमानश्चेकीविंशतिः ।
> षडश्रिरष्टभौमश्च प्रासादः स्वाश्चतुर्थकः ॥
> नन्दनस्तु षर्डाश्रः स्याद्द्वाविंशद्धस्तविस्तृतः ।
> षड्भौमः षोडशाण्डस्तु प्रासादः पश्चमो मतः ॥

## (૪) સમુદ્ર અને પદ્મ પ્રાસાદ

સમુદ્ર નામક પ્રાસાદ ગોળ અને પદ્મ નામક પ્રાસાદ કમળ આકૃતિનો હોય છે તથા બંને એક શ્રૃંગ તથા એક જ ભૂમિવાળો હોય છે.

**કાશ્યપ મતાનુસાર**

वर्त्तुलस्तु समुद्रः स्यात्पद्मः पद्माकृतिस्तथा ।
हस्ताष्टकं तु विस्तीर्णो भूमिका श्रृङ्गभूषिता ॥

## (૫) ગઢડ અને નન્દીવર્ધન

ગઢડ નામ પ્રાસાદ ગઢડની આકૃતિનો હોય છે જયારે 'નન્દીવર્ધન' પ્રાસાદની આકૃતિ ગઢડ સમાન પરંતુ પાંખ અને પૂચ્છરહિત હોય છે. આ બંને પ્રાસાદ ચોવીસ હાથ વિસ્તારવાળા, સાત ભૂમિવાળા અને ચોવીસ શિખરયુક્ત હોય છે.

**કાશ્યપ મતાનુસાર**

गरूडो गरूडाकार पक्षपुच्छविभूषितः ।
नन्दी तथाकृविर्ज्ञेव्यः पक्षादिरहितः पुनः ॥
कराणां षट्चतुष्कास्तु विस्तीणौ सप्तभूमिकौ ।
दशभिर्द्विगुणैरण्डैर्भूषितौ कारयेतु तौ ॥

## (૬) કુંજ્જર અને ગુહરાજ પ્રાસાદ

'કુંજ્જર' પ્રાસાદ હાથીની પીઠ સમાન આકૃતિ વાળા અને મૂળથી ચારે તરફ સોળ હાથના વિસ્તારવાળો હોય છે, જયારે 'ગુહરાજપ્રાસાદ' ગુહની આકૃતિવાળા અને સોળ હાથ વિસ્તારવાળો હોય છે બંને પ્રાસાદોનું બળ પણ ત્રણ ચંદ્રશાળાઓથી યુક્ત હોય છે.

**કશ્યપ મતાનુસાર**

कुञ्जरो गजपृष्ठाभो हस्ताः षोडश विस्तृतः ।

गुहराजो गुहाकारो विष्कम्भात् षोडश स्मृतः ॥

त्रिचन्द्रशाला वलभी तयोः कार्या सुलक्षणा ।

दशमैकादशावेतौ प्रासादौ द्वौ प्रकीर्तितौ ॥

## (૭) વૃષ, હંસ અને ઘટ પ્રાસાદ

'વૃષ' નામક પ્રાસાદ એક ભૂમિવાળું, એક શ્રૃંગવાળું, બાર હાથ વિસ્તારવાળું અને ચારેય તરફથી વૃત્તાકાર હોય છે. 'હંસ' પ્રાસાદ હંસની આકૃતિ સમાન બાર હાથ વિસ્તારવાળું એક ભૂમિ અને એક શ્રૃંગયુક્ત હોય છે. જયારે 'ઘટ' નામક પ્રાસાદ કળશની આકૃતિવાળું, આઠ હાથ વિસ્તારવાળું, એક શ્રૃંગ અને એક ભૂમિવાળું હોય છે.

**કાશ્યપ મતાનુસાર**

वृषो द्वादशहस्तस्तु समवृत्तैकभूमिकाः ।

श्रृङ्गेणेकेन संयुक्तः प्रासादः परिकीर्तितः ॥

हंसो हंसाकृतिर्ज्ञेयो हस्तौ द्वादशविस्तृतः ।

एकभूमिकयायुक्तः पक्षपुच्छाधलङ्कृतः ॥

घटः कलशरूपस्तु विस्तीर्णोडष्टकरः स्मृतः ॥

## (૮) સર્વતોભદ્ર પ્રાસાદ

'સર્વતોભદ્ર' પ્રાસાદ ચાર દિશાઓમાં ચાર દ્વારયુક્ત અનેક શિખરથી શોભિત અનેક ચંદ્રશાળાઓથી સુશોભિત છવ્વીશ હાથ વિસ્તારવાળું ચતુષ્કોણ અને પાંચભૂમિથી યુક્ત હોય છે.

### કાશ્યપ મતાુનસાર

शिखरैर्बहुभिर्युक्तश्चतुर्द्वार विभूषितः ।
ढचिरैश्चन्द्रशालैश्च बहुभिः परिवारितः ॥
चतुरस्त्रः पश्चभौमः षड्विंशद्धस्तविस्तृतः ।
सर्वतोभद्र इत्युक्तः प्रासादो दशपश्चमः ॥

## (૯) સિંહ વગેરે પાંચ પ્રાસાદો

સિંહ નામનો પ્રાસાદ સિંહની પ્રતિમાથી શોભિત દ્વાદશાસ્ત્ર અને આઠ હાથ વિસ્તારવાળુ હોય છે, જ્યારે 'વૃત', 'ચતુષ્કોણ', ષોડશાશ્રિ અને અષ્ટાશ્રિ (આ બાકીના) ચાર પ્રાસાદ સમાન આકારવાળા અને શ્યામવર્ણ હોય છે અને તેની અંદર અંધકાર રહે છે.

### કાશ્યપ મતાનુસાર

सिंह सिंहसमाक्रान्तः कोणैर्द्वादशभिर्युतः ।
विष्कम्भादष्टहस्तः स्यादेका तस्य च भूमिका ॥
वृत्तो वृत्ताकृतिः कार्याः संज्ञातुल्यास्तथापरे ।
सान्धकारास्तु सर्वे ते भूमिकैकाः समावृताः ॥
एकाण्डरूपिताः सर्वे पश्चभिश्चतुरस्त्रकः ॥

ભૂમિના પ્રમાણ માટે એક ભૂમિનું પ્રમાણ એટલે

મયના મતે – એકસો આઠ આંગણાઓ

વિશ્વકર્માને મતે – સાડા ત્રણ હાથ થાય છે.

બુદ્ધિશાળી કારીગર મય અને વિશ્વકર્મા એ બન્નેના મતને એક જ ગણે છે એમનું કહેવું છે કે વિશ્વકર્માએ ભૂમિના પ્રમાણમાં કપોતપાલીકાને છોડીને લીધુ છે આથી તેમાં ચોવીસ આંગણાઓનું પ્રમાણ જોડી દેવાથી મયના પ્રમાણ સમાન વિશ્વકર્માની ભૂમિકાનું પ્રમાણ થઈ જાય છે.(૨૬)

પ્રાસાદ લક્ષણો તેમજ માન વિશેની વિશેષ છણાવટ પુરાણોમાં વર્ણવેલ છે.

પ્રાસાદ માન સંદર્ભે જણાવેલ છે કે,

चतुरस्त्रीकृतं क्षेत्रं भजेत्षोडशधा बुधः ॥
मध्ये तस्य चतुर्भिस्तु कुर्यादायसमन्वितम् ।
द्वाद्वशैव तु भार्गाश्च भित्यर्थ परिकन्पयेत् ॥
जडधाया द्विगुणोच्छायो मज्जर्याः कल्पयेद बुधः ।
जडधोच्छ्रयिस्तु कर्तव्यश्चतुभोगनिवा चोयतः ॥
तुर्यभागेण मज्सर्याः कार्यः सम्यकप्रदक्षिणेः ।
तन्माननिगमः कार्य उभयोः पार्श्वयोः समः ॥
शिखरेण समं कार्यभग्रे जगति विस्तरम् ।
द्विगुणेनापि कर्तव्यं यथाशोभानुरूपतः ॥
विस्तारान्मण्डपस्याग्रे गर्भसूत्रद्रयेन तु ।

दैर्घ्यात्पादादिकं कुर्यान्मध्यस्तम्भैविभूषितम् ॥
प्रासादगर्भमानं वा कुर्वीत मुखमण्डपम् ।
एकाशीतिपदैर्वास्तु पश्चान्मण्डमारभेत् ॥

અર્થાત્ – 'ચોતરફના ભૂભાગને સોળભાગમાં વિભક્ત કરવું તેમાંથી મધ્યના ચાર આયસહિત ગર્ભ નિશ્ચિત કરી શેષ ચાર ભાગની જગ્યાને દિવાલ નિર્માણ માટે નિશ્ચિત કરવી. ઉપરોકત બાર ભાગમાંથી ચાર ભાગની જેટલી લંબાઈ છે તેટલી જ ઊંચાઈ પ્રસાદની દિવાલની હોવી જોઈએ. દિવાલની ઊંચાઈથી બે ગણી શિખરની ઊંચાઈ રાખવી અને શિખરના ચોથા ભાગની ઊંચાઈની અનુસાર મંદિરની પરિક્રમાની ઊંચાઈ રાખવી. એ માન અનુસાર બંને પાર્શ્વભાગોમાં દ્વાર બનાવવો એ દ્વાર એકબીજાની સમાન હોવો જોઈએ. મંદિરની સામેના ભૂભાગનો વિસ્તાર પણ શિખરની ઊંચાઈની બરોબર હોવો જોઈએ. મંદિરની સન્મુખ સભામંડપ વિસ્તારમાં મંદિરના ગર્ભસૂત્રથી બમણો હોવો જોઈએ. મંદિરના પાદસ્તંભ વગેરે ભિટ્ટીના બરોબર બનાવવો જોઈએ કે જે મધ્યવર્તી સ્તંભથી સુશોભિત હોય અથવા મંદિરના ગર્ભનું જે માન છે એ જ માન તેના મુખમંડપનું પણ રાખવું અને પછી એકયાશી પાદયુકત વાસ્તુ મંડપનો પ્રારંભ કરવો.(૨૭)

ગરુડપુરાણમાં પ્રાસાદ–મહેલોના લક્ષણોનું કથન છે તે પ્રમાણે પ્રાસાદનું સૌપ્રથમ નિર્માણ દિશાઓમાં તથા વિદિશાઓમાં ચોસઠ પગલાનું કરવું.

प्रासादानां लक्षणं च वक्ष्ये शौनक: तच्छृणु ।
चतु:षष्टिपदं कृत्वा दिग्विदिक्षूपलक्षितम् ॥

चतुष्कोणं चतुर्भिश्च द्वाराणि सूर्च्यसंख्यया ।
चत्वारिंशष्टिभिश्चैव भित्तीनां कल्पना भवेत् ॥

उर्द्धक्षेत्रसमा जंधा जंधार्धद्विगुणं भवेत् ।
गर्भविस्तारविस्तीर्णः शुकाङ्घ्रिश्च विधीयते ॥

तत्रिभागेन कर्तव्यः पश्चभागेन वा पुनः ।
निर्गमस्तु शुकाङ्घ्रेश्च उच्छ्रायः शिखरार्द्धगः ॥

चतुर्द्धा शिखरं कृत्वा त्रिभागे वेदिबन्धनम् ।
चतुर्थे पुनरस्यैव कण्ठमामूलसाधनम् ॥

મહેલોમાં ચાર ખૂણાઓ તથા ચાર બારીઓ કે બાર દ્વારો પણ કરાવી શકાય છે. મહેલની દિવાલો ચાલીસ પગલા લંબાઈની તથા આઠ પગલા પહોળાઈની બનાવવી જોઈએ મહેલની જંઘા કે પાયો ઊંચાઈમાં ક્ષેત્રની તુલ્ય રાખવો જોઈએ. તેની ઊંચાઈમાં તેનાથી બે ગણું માપ રાખવામાં આવતું. અંદરના ગર્ભ ઓરડાની પહોળાઈ પોપટના પગના આકારે કરાય છે તે ઓરડાને ત્રણ કે ચાર ભાગે કરવા જોઈએ. તેઓમાંથી બહાર નીકળવા પોપટના પગની જે ઊંચાઈ હોય છે તેથી યુક્ત તેમજ શીખરના અદ્ધભાગમાં હોવું જોઈએ. મહેલના શિખરને ચાર પ્રકારે કરી તેની વેદિકાનું બંધન ત્રણ ભાગમાં કરવું જોઈએ. અને ચોથા ભાગમાં તે મહેલનો કંઠભાગ – ગળાના ઉપરનો ભાગ બાંધવો. આમ, મૂળથી શરૂ કરીને મકાનની બાંધણી બનાવવી જોઈએ.

બીજી પદ્ધતિ અનુસાર એકસરખુ વાસ્તુ કે વિસ્તાર રાખી મહેલને સોળ ભાગથી યુક્ત કરવો જોઈએ. તેની વચ્ચે મધ્યભાગમાં પ્રથમ ચાર ભાગવાળો ગર્ભ–ઓરડો કે ખંડ બનાવવો. ત્યારબાદ ભીંત બાર ભાગની અને તેની ઊંચાઈ ચોથા ભાગના પ્રમાણથી કરવી, પરંતુ શિખરની ઊંચાઈ ભીંતની ઊંચાઈના

પ્રમાણથી બેગણા માપની બનાવવી. શિખરના અર્ધ ભાગના  અર્ધ ભાગથી મહેલની પ્રદક્ષિણા કરવી. મહેલની ચારેય દિશાઓમાં બહાર નીકળવાનો માર્ગ પણ તે જ પ્રમાણે હોય છે. અંદરના ઓરડાનું ગર્ભ માપ વિદ્વાને પાંચ ભાગમાં વહેંચવું જોઈએ. તેમાંથી એક ભાગમાંથી બહાર નીકળવા માટેનો માર્ગ કે દ્વાર હોય અને એ ભાગથી આગળના ભાગમાં અંદરના ગર્ભ કે ઓરડાના સૂત્ર કે રચના જેવો જ મહેલનો મુખમંડપ બનાવવો. આ પ્રમાણે મહેલનું લક્ષણ વર્ણવેલું છે.

પ્રાસાદ કે મહેલ ચોસઠ પગલા પ્રમાણવાળું વાસ્તુ ઉત્તમ ગણાય છે તે મહેલની વચ્ચે ચાર પાદમાં બ્રહ્માને, બે પાદ સ્થાને અર્યમા વગેરે દેવોને તથા પ્રાસાદના કર્ણપ્રદેશ પર શિખી, કાર્તિકેય આદિ દેવોની સ્થાપના કરવી જોઈએ પ્રાસાદ કે મહેલોનું માપ વર્ણવતા પાંચ પ્રકારના પ્રાસાદો જણાવેલ છે.

प्रासादानां च वक्ष्यामि मानं योनिं च मानतः ।
वैराजः पुष्पकास्यश्च कैलासो मालिकाङ्वयः ॥
त्रिविष्टां च पञ्चैते प्रासादः सर्वयोनयः ।
प्रथमश्चतुरश्रो हि द्वितीयस्तु तदायतः ॥
वृत्तो वृत्तायतश्चान्योऽष्टाश्रश्चेह च पश्चमः ।
एतेभ्य एव सम्भूताः प्रासादः सुमनोहराः ॥

(૧) વૈરાજ - ચાર ખૂણાવાળો હોય છે.

(૨) પુષ્પક - ચોખંડા કરતા લાંબો હોય છે.

(૩) કૈલાસ - વૃત્ત – ગોળાકાર હોય છે.

(૪) માલિક - લંબગોળ હોય છે.

(૫) ત્રિવિષ્ટપ - આઠ ખૂણાવાળો હોય છે.

પ્રાસાદો કે મહેલોનાં માપમાં જ સૌ પ્રથમ વૈરાજ, પુષ્પક, કૈલાસ, માલિક અને ત્રિવિષ્ટપ એ નામના પાંચ પ્રાસાદો કે મહેલો હોય છે. આ પાંચ પ્રાસાદો કે મહેલો બીજા સર્વ પ્રાસાદોની મૂળ પ્રકૃતિ કે મૂળ કારણરૂપ હોય છે. તેથી એ પાંચમાંથી બીજા ચાલીસ (૪૦) અતિ મનોહર પ્રાસાદો ઉત્પન્ન થાય છે. તેમાંના મેરૂ, મન્દર, વિમાન, ભદ્રક, સર્વતોભદ્ર, રૂચક, નંદન, નંદિવર્ધન, શ્રીવત્સ એ નવ પ્રાસાદો વૈરાજ નામના પ્રાસાદમાંથી ઉત્પન્ન થાય છે. વલ્લભી, ગૃહરાજ, શાલાગૃહ, મંદિર, વિમાન, બ્રહ્મમંદિર, ભવન, ઉત્તમ, શિખિકાવેશ્મ – એ નવ પ્રાસાદો 'પુષ્પક' નામના પ્રાસાદમાંથી ઉત્પન્ન થાય છે. વલય, દુદુંભીપચી, મહાપચી, મુકુલી, ઉષ્ણિષી, શંખ, કલશ, ગુવાવૃક્ષ, વૃક્ષસ એ નવ પ્રાસાદો 'કૈલાશ' નામના પ્રાસાદમાંથી ઉત્પન્ન થયા છે ગજ, વૃષભ, હંસ, ગરુડ, સિંહ, નાકાસ્ય, ભૂમુખ, શ્રીજય, પૃથ્વીઘર – એ નામના નવ પ્રાસાદ ચોથા પ્રાસાદથી ઉત્પન્ન થયા છે વજ્, ચક્ર, મુષ્ટિક, બભ્રુ, વક્ર, સ્વસ્તિક, ષડ્ગ, ગદા, શ્રીવૃક્ષ, વિજય અને શ્વેતએ નવ પ્રાસાદો 'ત્રિવિષ્ટપ' નામના પાંચમા પ્રાસાદમાંથી ઉત્પન્ન થયા છે. આમ, પાંચ પ્રાસાદોમાંથી ચાલીસ પ્રાસાદો ઉત્પન્ન થયા છે.(૨૮)

મત્સ્યપુરાણ અનુસાર સામાન્ય પ્રાસાદનું લક્ષણ બતાવતા જમીનના સોળ ભાગ કરી તેમાં ચાર ભાગમાં ગર્ભગૃહ અને તે પછીના બાર ભાગમાં પ્રાસાદના મંડપાદિ અંગેની રચના કરી. પ્રાસાદની ચારેય દિશામાં બહાર નીકળવા માટે દ્વાર બનાવવાનું જણાવેલ છે. ક્ષેત્રના ચોથા ભાગ જેટલી ભીંતની ઊંચાઈ અને ભીંતની ઊંચાઈથી બમણું ઊંચુ શિખર રાખવામાં આવે છે.

મત્સ્યપુરાણ અનુસાર પ્રાસાદના પ્રકારો આ પ્રમાણે છે :

★ મેરૂ : સો શિખરવાળા, ચાર દ્વારપાળ અને સોળ માળવાળા ઊંચા વિવિધ પ્રકારના શિખરોવાળા પ્રાસાદને 'મેરૂ' કહે છે.

★ મંદર : બાર માળવાળા પ્રાસાદને 'મંદર' કહેવાય.

★ કૈલાશ : નવ માળવાળા પ્રાસાદને 'કૈલાશ' કહે છે.

★ 'વિમાન' અને 'છંદક' :

અનેક શિખરો તથા આઠ માળવાળા પ્રાસાદને 'વિમાન' કે 'છંદક' કહેવાય.

★ 'નંદીવર્ધન' અને 'નંદન' :

સાત માળવાળાને 'નંદીવર્ધન' અને એના જેવા શિખરોવાળાને 'નંદન' કહે છે.

★ સર્વતોભદ્ર : સોળ ખૂણાવાળો અને દેવાંગનાઓની વિવિધ પ્રકારની મૂર્તિઓથી સુશોભિત અનેક શિખરોવાળો પ્રાસાદ 'સર્વતોભદ્ર' કહેવાય છે. તેને પાંચ માળ હોય છે.

★ વલભી તથા છંદક :

આ પ્રાસાદ અનેક શિખરોવાળા અને મુખોવાળા હોય છે.

★ સિંહ તથા ગજ : વૃષભ જેવા તથા મંડળમાં ખૂણા પાડયા વિનાના 'સિંહ'ને 'સિંહાકાર' જાણવા તેમજ 'ગજ'ને 'ગજાકાર' કહેવાય. 'ગજ' પ્રાસાદમાં અનેક ચંદ્રશાળા અગાસીઓ હોય છે.

★ કુંભ : કુંભની આકૃતિમાં કુંભ જેવો આંગળીના બનેલા કમળમાં રહેલો ઊંચો નવ માળના પ્રાસાદને 'કુંભ' પ્રાસાદ કહે છે.

★ સમુદ્દગક : ચારે તરફ સોળ ખૂણાવાળા અને બંને પડખામાં ચંદ્રશાળા – અગાસીઓ તથા બે ઊંચા માળ હોય તેને 'સમુદ્દગક' કહેવાય.

★ પદ્મક : ઊંચા ત્રણ માળો અને એના શિખર દેખાવમાં સુંદર તથા વિચિત્ર અને તે પણ સોળ ખૂણાવાળા હોય છે.

★ મૃગરાજ : ચંદ્રશાળા – અગાસીથી શોભતા અને છ માળવાળા પ્રાસાદને 'મૃગરાજ' કહેવાય.

★ ગરુડ : ત્રણ ચંદ્રશાળા અને સાતમા માળવાળો ઊંચો હોય છે તે 'ગરુડ' કહેવાય.

★ શ્રીવૃક્ષક : પાંચ અંડક, બે માળ તથા ચાર હાથનું ગર્ભગૃહ હોય તે 'શ્રીવૃક્ષક' છે.

★ વૃષ : 'વૃષ' નામનો આ પ્રાસાદ બધા પ્રકારના મનોરથ પૂરનાર ગણાય છે.

એ પ્રાસાદ જેનું વર્ણન ન થયું હોય, તેને સિંહ પ્રાસાદના પ્રમાણ મુજબ જ ઓળખાય છે.(૨૯)

## અગ્નિપુરાણ મંદિરના પાંચ પ્રકારો દર્શાવે છે.

वैराजः पुष्पकश्चान्यः कैलासे मणिकस्तया ।
त्रिविष्टोपज्यो पज्यैव मेढममूर्धनि संस्थितः ॥

"વૈરાજ - મંદિર તથા પુષ્પક મંદિર ચોરસ હોય છે. 'કૈલાસ' મંદિર ગોળાકાર હોય છે. 'મણિક' મંદિર વૃત્તાકાર હોય છે અને 'ત્રિવિષ્ટપ' મંદિર અષ્ટભુજાકાર હોય છે. પ્રત્યેક પ્રકારના નવ પ્રભેદો છે આથી પીસ્તાલીસ (૪૫) પ્રકારો દર્શાવાયા છે."

અગ્નિપુરાણ પ્રમાણે પણ મત્સ્યપુરાણ અનુસાર પહેલો પ્રાસાદ 'મેરુ' છે. બીજો 'મંદર', ત્રીજો 'વિમાન', 'ભદ્ર', 'સર્વતોભદ્ર', 'ચરૂક', 'નંદિક', 'નંદિ', 'વર્ધમાન', 'શ્રીવત્સ' - આટલા 'વૈરાજ'માં બનાવેલ છે.

પુષ્પકમાં 'વલભી', 'ગૃહરાજ', 'શાળાગૃહ', વિશાલ', 'બ્રહ્મમંદિર', 'ભુવન', 'પ્રભવ', 'શિબિકા' અને 'વેશ્મ' - નવ પ્રાસાદ હોય છે.

કૈલાસમાં 'વલય', 'દુંદુંભિ', 'પદ્મ', 'મહાપદમ્', 'વદ્યની', 'ઉષ્ણીષ', 'શંખ', 'કલશ', 'અવૃક્ષ' આ બધા પ્રાસાદો ગોળ હોય છે.

મણિકમાં 'ગજ', 'વૃષભ', 'હંસ', 'ગરુડ', 'ઋક્ષનાયક', 'ભૂષણ', 'ભૂધર', 'શ્રીજય', 'પૃથિવીધર' – આ નવ પ્રાસાદ છે આ બધા લંબગોળ છે.

'ચિત્ર', 'સ્વસ્તિક', 'ખડ્ગ', 'ગદા', 'શ્રીકંઠ' અને 'વિજય' પ્રાસાદ પણ હોય છે. આમ, વૈરાજ, પુષ્પક, કૈલાસ, મણિક તથા ત્રિવિષ્ટપ – આ પાંચ મહેલો મુખ્ય છે.(૩૦)

આમ, ગુરડપુરાણ, મત્સ્યપુરાણ અને અગ્નિપુરાણ આ ત્રણેય પુરાણોમાં મળતી પ્રાસાદ વિશેની માહિતીમાં સમાનતા જોવા મળે છે.

'પ્રાસાદ' શબ્દ વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં મંદિરના અર્થમાં વપરાયો છે. પરંતુ 'પ્રાસાદ' શબ્દ આપણે ત્યાં મહેલના અર્થમાં પ્રચલિત થયો છે. મહેલમાં સૌથી પ્રાચીન અશોકના પાટલીપુત્રના મહેલનું વર્ણન મેગેસ્થીનીસે કરેલું છે. ચીની મુસાફર ઝહિયાને આ મહેલને ઉચ્ચ કક્ષાના કારીગરોની કૃતિ તરીકે પોતાની નોંધપોથીમાં વર્ણવ્યો છે. સાતમાં સૈકામાં હ્યુએનસંગ આવ્યો ત્યારે તે (મહેલ) ભસ્મીભૂત થઈ ગયો હતો. વખત જતાં મહેલ લલિતકલાના કેન્દ્ર તરીકે ગણાયો છે. તેનું ઉદાહરણ ઉત્તરરામચરિતમાંથી મળી આવે છે. તેમાં ચિત્રશાળા, સંગીતશાળા કે નાટયમંડપ હોવાનું આવશ્યક ગણાતું. મોગલ બાદશાહોએ ભવ્ય મહેલો બંધાવ્યા તેના નમૂનાઓ તો આજે પણ સારી સ્થિતિમાં જોઈ શકાય છે. ઔરંગઝેબ સિવાયના લગભગ બધા બાદશાહો શ્રેષ્ઠ હિંદુ સલાટોને આશ્રય આપતા.(૩૧)

## ૫.૮ નિષ્કર્ષ

દરેક માનવીને નિવાસ કરવા માટે 'પોતાનું એક ઘર હોય' એવું સ્વપ્ન હોય છે. આથી, જો માનવ યોગ્ય ભૂમિ ઉપર અને યોગ્ય દિશામાં તેમજ વાસ્તુ

આધારિત ગૃહનું નિર્માણ કરે તો તેમાં વાસ કરતા તેને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. પહેલાના સમયમાં રાજાના ગૃહથી શરૂ કરીને સેનાપતિ તેમજ બ્રાહ્મણથી શરૂ કરીને શૂદ્ર જાતિના માનવો માટેના ગૃહનું અલગ-અલગ પ્રમાણ આપેલ છે. જેથી, જાણવા મળે છે કે રાજાના ગૃહનું પ્રમાણ-માન મોટા તેમજ અન્ય વર્ગના માનવોના ગૃહ નાના હતા. વળી, મંદિરોના લક્ષણોને આધારે ગોળ -લંબગોળ, ચોરસ, લંબચોરસ આકાર, શીખર તેમજ જુદા-જુદા માળ અનુસાર દરેકને અલગ-અલગ પ્રકારમાં વહેંચી શકાય તે પ્રમાણે છે. દરેક વર્ગના લોકો માટેના નિવાસસ્થાનની વ્યવસ્થા જુદી-જુદી હતી. વાસ્તુ વિષયક ગ્રંથો તેમજ પુરાણોના આધારે એટલું જરૂર કહી શકાય કે, ઘરનું પ્રમાણ માનવીની શક્તિ તેમજ રૂચિ આધારે કરી શકાય પરંતુ કઈ દિશામાં કયું સ્થાન બનાવવું તે તો વાસ્તુના નિયમ તેમજ માપને આધારે જ રચના કરવી જોઈએ.

## પાદ–ટિપ

| | | |
|---|---|---|
| ૧. | निरूकतम | ५६ |
| २. | मानसार | अध्याय–३८/३५ |
| ૩. | **પ્રાચીન ભારતીય શિલ્પકાળા અને** | |
| | **સ્થાપત્ય–ડૉ. પ્રિયબાળાબેન શાહ** | **પ્ર.૭, પૃ.૨૭–૩૦** |
| ४. | विश्वकर्मप्रकाश | अध्याय–२/८८–८९ |
| ५. | वसिष्ठसंहिता | अध्याय–३९/११२ |
| ૬. | वास्तुराजवल्लभ | अध्याय–१/२७ |
| ૭. | वास्तुराजवल्लभ | अध्याय–६/१–२ |
| ८. | विश्वकर्मप्रकाश | अध्याय–२/१०१– १०८ |
| ९. | विश्वकर्मप्रकाश | अध्याय–२/९२ थी ९८ |
| ૧૦. | गरूडपुराण | अध्याय–४६/४७ |
| ૧૧. | मत्स्यपुराण | अध्याय–२५६ |
| ૧૨. | अग्निपुराण | अध्याय–१०५ |
| ૧૩. | मृच्छकटिकम् | अंक–१/३/४ |
| ૧૪. | वास्तुराजवल्लभ | अध्याय–७/१–१० |
| ૧૫. | वास्तुराजवल्लभ | अध्याय–७/११–२६ |
| ૧૬. | वास्तुराजवल्लभ | अध्याय–७/२७–३० |
| ૧૭. | वास्तुसार | श्लोक–१०३ थी ११५ |
| ૧૮. | विश्वकर्मप्रकाश | अध्याय–२/१७१–१८६ |
| | | –१९१ |

| | | |
|---|---|---|
| १९. | बृहत्संहिता वास्तुविद्या | अध्याय–५३/३१–४१ |
| २०. | समराङ्गण सूत्रधार | ४५/१–२ |
| २१. | विश्वकर्म प्रकाश | अध्याय–३/१ थी ६ |
| २२. | वास्तुसार | श्लोक – १० |
| २३. | मत्स्यपुराण | २५३/२ थी ५ |
| २४. | मत्स्यपुराण | २५३/६ थी ८ |
| २५. | विश्वकर्मप्रकाश | अध्याय–७/८२–९१ |
| २६. | बृहतसंहिता–प्रासादलक्षण | अध्याय–२०–२८ |
| २७. | अग्निपुराण | अध्याय–४२/१–७ |
| २८. | गरुडपुराण | अध्याय–४७ |
| २९. | मत्स्यपुराण | अध्याय–२५६ |
| ३०. | अग्निपुराण | अध्याय–१०४/१०–११ |
| ૩૧. | પ્રાચીન ભારતીય શિલ્પકળા અને | |
| | સ્થાપત્ય – ડૉ. પ્રિયબાળાબેન શાહ | પ્ર.૭, પૃ.૩૨–૩૪ |

# પ્રકરણ–૬

# પ્રકરણ-૬

# ગ્રામ અને નગર-નિર્માણ વાસ્તુ

૬.૧ પ્રસ્તાવના

૬.૨ ગ્રામ-નગર રચના

૬.૩ ગ્રામ-નગરમાં વસવાટ

૬.૪ નિષ્કર્ષ

# પ્રકરણ-૬
# ગ્રામ અને નગર-નિર્માણ વાસ્તુ

## ૬.૧ પ્રસ્તાવના

જયારે આપણે 'ગ્રામ' અને 'નગર' એ બે શબ્દોનો પ્રયોગ કરીએ છીએ ત્યારે એ બંને વચ્ચે ભેદ છે. ગ્રામ પ્રાકૃતિક છે, જયારે નગર માનવરચિત છે. ગ્રામ તથા નગરમાં રચનાની દષ્ટિએ આકારનો ભેદ દષ્ટિગોચર થાય છે. અન્ય કોઈ ભેદ કે અંતર જણાતું નથી.

અમરકોશમાં ગ્રામ શબ્દનું વિવરણ આપતા જણાવ્યું છે કે,

ग्रामान्तमिति – 'ग्रामस्यान्तं ग्रामान्तम् ।'

ગ્રામ શબ્દના પુર, પુરી, નગર વગેરે પર્યાયવાચી શબ્દોને દ્વિતીયકાંડમાં ઉલ્લેખ આ પ્રમાણે છે.

पूः स्त्री पुरीनगर्यो वा पत्तनं पुटभेदनम् ।
स्थानीयं निगमोडन्यत्तु यन्मूलनगरात् पुरम् ॥१॥
तच्छाखानगरं वेशो वेश्याजनसमाश्रयः ।
(विवरण) पूरिति – पूर्यते जनैरिति पूः ।
'पृ पालनपूरणयोः' ।
रेफान्तस्त्रीलिङ्ग ।
१ पुरी च ।
२ क्रीडार्थ नगाः वृक्षः पर्वता वा
सन्त्यत्रेति नगरी ।

३ पुरीनगयो विकल्पेन स्त्रियों ।

पत्तनसाहचर्यात्

४ नपुंसकेऽपि । पतन्ति जना अत्रेति

पत्तनम् ।[१]

આમ, અમરકોશમાં સાત નામો આપેલા છે. (૧) પુર, (૨) પુરી, (૩) નગર, (૪) પત્તન, (૫) પુટભેદન, (૬) સ્થાનિય, (૭) નિગમ.

## ૬.૨ ગ્રામ-નગર રચના

વાસ્તુ અનુસાર ભૂમિની પસંદગી ગૃહ, પ્રાસાદ અને મંદિરના નિર્માણ માટે કરવામાં આવે છે. આવું ગામ કે નગર બનાવવામાં આવે છે. આથી, ગામ – નગર વિશેની જાણકારી આવશ્યક બને છે.

વાસ્તુ રાજવલ્લભમાં લોકોના નિવાસ માટે નગરોનો ઉલ્લેખ કર્યો છે. અહીં વીસ ભેદો આપેલા છે. જેમાં વસવાટ કરવાથી ત્યાં વાસ કરનારા લોકો તથા રાજાને સુખ, યશ અને ધનની પ્રાપ્તિ થાય છે.

माहेन्द्रं चतुरस्त्रमायतिपुरंतत्सर्वतोभद्रकं

वृत्तंसिंह विलोकनं निगदितं वृत्तायतं वारणम् ॥

नंदाख्यंचविमुक्त कोणमथनंदावर्त्तकंस्वस्तिका

कारस्याधववज्जयंतमपितद्विव्यंगिरेर्मस्तके ॥

ચતુસ્ત્ર અથવા ચોખડું નગર હોય તો તેને નામ 'માહેંદ્ર' નગર કહેવાય, જે નગર લાંબા સાથે ચોખડું નગર હોય તેનું નામ 'સર્વતોભદ્ર', જે નગર ગોળ

હોય તેનું નામ 'સિંહ', જે નગર વિલોકન અથવા લંબગોળ હોય તેનું નામ 'વારૂણ', જે નગર ખાલી ખુણાનું હોય તેનું નામ 'નંદ', જે નગર સાથિયાના આકારે હોય તેનું નામ 'નંદાવર્તક', જે નગર યવ અથવા જવના આકારે હોય તેનું નામ 'જયંત' અને પર્વતના મસ્તક ઉપર જે નગર હોય તે 'દિવ્ય' નામના નગર છે.

पुष्पंचाष्टदलोपमंच पुरूषाकारंपुरंपौरूषं
स्नाहंकुक्षिषु भूधरस्य कथितंदंड़ाभिधेदैर्ध्यकम् ।
शक्रं प्राकसरितः परत्रकमलंयाम्येन दीधार्मिकं
द्वाभ्यांचैवमहाजयंचधनदाशायांनदीसौम्यकम् ॥

જે અષ્ટદળ નગર હોય (આઠ પાંદડીવાળા કમળ જેવી આકૃતિ જેવું હોય) તે નગરનું નામ 'પુષ્પપુર' કહેવાય, જે નગર પુરૂષના આકારે હોય તેનું નામ 'પૌરૂષ', પર્વતની કુખમાં હોય તેનું નામ 'સ્નાહ', જે નગર લાંબુ હોય (પાઘડીયને) તેનું નામ 'દંડનગર', જે નગર નદીથી પૂર્વ દિશામાં હોય તેનું નામ 'શક્રપુર', જે નગર નદી થકી પશ્ચિમ દિશામાં હોય તેનું નામ 'કમળપુર', જે નગર નદી થકી દક્ષિણ દિશામાં હોય તેનું નામ 'ધાર્મિકપુર', જે નગરની બન્ને બાજુએ નદી હોય તેનુ નામ 'મહાજય' અને જે નગર નદીથી ઉત્તર દિશામાં હોય તે નગરનું નામ 'સૌમ્ય' નગર કહેવાય.

प्राकारैकयुतंश्रियाख्यनगरंद्वाभ्यांरिपुध्नंपुरं
त्वष्टाश्रंकथयंतिस्वस्तिकमिति प्रोक्तागुणाविंशतिः ॥

જે નગરને એક કિલ્લો હોય તેનું નામ 'શ્રીનગર' કહેવાય, જે નગરને બે કિલ્લા હોય તેનું નામ 'રિપુઘ્ન' નગર કહેવાય. અને જે નગરને આઠ કોણ હોય તેનું નામ 'સ્વસ્તિક' નગર કહેવાય.[૨]

વાસ્તુસારઃ ગ્રંથમાં નગરપુર પ્રમાણ આપેલ છે એ મુજબ

चत्वार्थडष्टाद्विरष्टौ च सहस्त्राणिकरैपुरः ।
तन्मध्ये दशधा प्रोक्तं वृध्या हस्त सहस्त्रतः ॥

નગર પુરનું પ્રમાણ હજારગજ, આઠ હજાર ગજ, સોળ હજાર ગજ, જાણવું. તેમાં દશ પ્રકાર કહ્યા છે. તે જેષ્ટ, મધ્યમને કનિષ્ઠ પ્રમાણ મૂળ ભેદ ત્રણ. સહસ્ત્ર ચાર પ્રથમથી વૃદ્ધિ પાંચ સહસ્ત્ર અને સાત સહસ્ત્ર પ્રમાણ કનિષ્ઠ, પછી આઠ સહસ્ત્રથી નવ, દશ, અગિયાર, તેર એ રીતે ગ્રંર્થાન્તરે કહેલ છે.[૩]

નગર સવાયું લાંબુ તથા દોઢ સહસ્ત્ર લાંબુ અથવા અષ્ટાંશ આઠમે ભાગે સાડા ચાર ગજ લાંબું કરવું. એ રીતે આઠ હજાર ગજનું મધ્ય પ્રમાણ કરવું. તેમ સોળ હજાર ગજનું પુર એ રીતે વિધિથી જાણવું.

વાસ્તુ રાજવલ્લભમાં નાના પ્રકારના નગરો વિશે કહેતા ઉપર્યુકત જેષ્ટ મધ્યમ અને કનિષ્ઠનું વર્ણન છે જે પ્રમાણે,

નાના નગરો ત્રણ પ્રકારનાં છે, તેમાં કનિષ્ઠ નગર એક હજાર (૧૦૦૦) હાથના માપનું કરવું તથા મધ્યમ નગર પંદરસો (૧૫૦૦) હાથના પ્રમાણનું કરવું અને ઉત્તમ પ્રકારનું નગર બે હજાર (૨૦૦૦) પ્રમાણનું કરવું.[૪]

આ પ્રમાણે બતાવેલું પ્રથમનું કનિષ્ઠ નગર એક હજાર હાથનું કરવા કહ્યું છે. તે પૂરેપૂરા એક હજાર હાથનું કરવા કહ્યું છે એમ નથી. પણ એક હજારનો અષ્ટામાંશા (૧૨૫ સવાસો હાથ) એક હજારમાં ઉમેરી સવા અગીયારસો હાથનું (૧૧૨૫) કનિષ્ઠ નગર રચવું તેમજ પંદરસો હાથનું મધ્યમનગર કહ્યું છે તે પણ તે જ રીતે પંદરસો હાથનો બારમો અંશ ઉમેરી સવા સોળસો (૧૬૨૫) હાથનું રચવું અને તે જ રીતે ઉત્તમનગર બે હજાર ગજનું કહ્યું છે તેમાં બે હજારનો સોળમો અંશ એકસોને પચ્ચીશ હાથ ઉમેરી સવા એકવીસસો (૨૧૨૫) ગજનું ઉત્તમનગર રચવું.

આ ઉત્તમ પ્રકારના નગરમાં સત્તર (૧૭) માર્ગો તથા મધ્યમ નગરમાં તેર (૧૩) માર્ગો અને કનિષ્ઠ પ્રકારના નગરમાં નવ(૯) માર્ગો કરવા કહ્યા છે. પણ નગરને લંબાઈમાં જેટલા માર્ગો કરવા કહ્યા છે તેટલા જ માર્ગો નગરની પહોળાઈમાં પણ કરવા. (જે નગરમાં જેટલા ઉભા માર્ગો કરવા પડે તેટલા જ આડા માર્ગો કરવા.)

पुरे ग्रामे तथा खेटे कूटे च खवेटं क्रमांत् ।
मार्गाः सप्तदशांकेषु त्रयोदशनवच दिशंप्रति ॥

त्रिधा ब्रह्मपुरं हस्तै र्द्विसार्धक सहस्त्रकैः ।
कलार्क वसुभागैश्च ज्येष्ठं मध्यं कनिष्टकम् ॥

પુર, ગ્રામ, ખેટ, કૂટ, ખર્વટને માર્ગ-રસ્તા માટે કહે છે, જે જેષ્ઠ નગરને સત્તર(૧૭) માર્ગ, મધ્યને તેર(૧૩) માર્ગ અને કનિષ્ઠ નગરને નવ(૯) માર્ગો આડા ઉભા કરવા, દશ દીશે પ્રતિમાર્ગે ત્રણ કે બે ગલી કરવી. બ્રહ્મપુરના ત્રણ

ભેદ પ્રથમ બે હજાર, બીજો દોઢ હજાર અને ત્રીજો એક હજાર ગજનો જણાવ્યું છે. વળી, તેવા એકના આઠ ભેદ જેષ્ઠ, મધ્યને કનિષ્ટના જણાવ્યું છે.

ज्येष्ठे सप्तदशप्रोक्ता मार्गा मध्ये त्रयदशः ।
कनीयसे नव मानंतु षोडशार्क नखैः करै ॥

જયેષ્ઠ નગરને સત્તર માર્ગ (આડા ઉભા) કરવા મધ્યમાન નગરને તેર માર્ગ અને કનિષ્ટ નગરને નવ માર્ગો (આડા ઊભા) કરવા. તે માર્ગના વિસ્તારનું માપ કહે છે. જેષ્ઠનગરના માર્ગ વીસ (૨૦) ગજ વિસ્તાર, મધ્યને સોળ (૧૬) ગજ વિસ્તાર અને કનિષ્ઠ નગરને બાર(૧૨) ગજ વિસ્તારના રાજમાર્ગ કરવા જણાવેલ છે.(૫)

ग्रामश्चैवपुरार्धतो हितदनुग्रामार्द्धतः खेटकं
खेटार्द्धेनतुकूटमेवविबुधैः ग्रोक्तंततः खर्वटम् ।

નગરનું અર્ધ હોય તેને ગામ કહેવું અને તેવા ગામનું અર્ધ હોય તેને ખેટક કહેવું (ખેડું) તથા ખેટકનું અર્ધ હોય તો તેને ફૂટ કહેવું અને ફૂટનું અર્ધ જે હોય તેને ખર્વટ કહેવું.

मानसार ગ્રંથમાં આઠ પ્રકારના નગર કહ્યા છે.

(૧) રાજધાની, (૨) નગરી, (૩) પુર, (૪) નાગરી, (૫) ખેટ, (૬) ખવટ, (૭) કુબ્જ, (૮) પત્તન कायिकागम માં કોઈ મહાનગરના પરાને कुब्ज કહ્યું છે.

शब्दकल्पद्रुम માં નગર રચનાનું મૂળ આવેલું છે. તેમાં ગેહમાંથી હટ્ટાદિ, તેમાંથી બહુગામી વ્યવહાર સ્થાન, તેમાંથી પુરી, તેમાંથી નગર, તેમાંથી પટ્ટન, તે પછી ભેદો स्थानीयं कदकम् पत्तन गम निगम અને पुटभेदनम् –

एकविप्रवरागारं ततः कुटुम्बसमन्वितम् ।

एकयोगं भवेद्ग्रामं तद्भृत्यायतनावृत्तम् ॥

कामियकागम માં પંદર નગરો પ્રભેદો આપેલાં છે. તેના આકાર, પદ, વિન્યાસ, માર્ગ, દેવાયતન, દ્વાર, ગોપુરમ, પ્રાકાટ, વસતી અને જળાશ્રયના ભેદો કહીને તેના સ્વરૂપોનાં નામો આ પ્રમાણે આપેલાં છે.

| | | |
|---|---|---|
| १. दंडक | ६. प्रस्तार | ११. श्रीप्रतिष्टि |
| २. सर्वतोभद्र | ७. कार्मुक | १२. संपत्कर |
| ३. नंधावर्त | ८. चतुर्भुज | १३. कुंभक |
| ४. पद्म(पद्मक) | ९. प्रकीर्णक | १४. श्रीवत्स |
| ५. स्वस्तिक | १०. पराग | १५. वैदिक |

માનસાર ગ્રામના આઠ ભેદ લક્ષિત કરે છે જેમકે,

| | | | |
|---|---|---|---|
| १. दंडक | ३. नन्धावर्त | ५. स्वस्तिक | ७. कार्मूक |
| २. सर्वतोभद्र | ४. पद्मक | ६. प्रस्तर | ८. चतुमुर्ख |

मयमतम् અનુસાર પણ ગામના આઠ પ્રકાર સ્વીકારાયા છે.

| | | | |
|---|---|---|---|
| १. दंडक | ३. प्रस्तर | ५. नन्धावर्त | ७. पद्म |
| २. स्वस्तिक | ४. प्रकीर्णक | ६. पराग | ८. श्रीप्रतिष्ठत |

આ પ્રભેદોનું વર્ગીકરણ આકૃતિને આધારે નહીં પણ માર્ગ યોજના અનુસાર છે.

अपराजितसूत्र માં કહેલાં વીશ નગરોનાં નામ અને સ્વરૂપો શુભ જાણવા.

| નગરનું નામ | આકાર | નગરનું નામ | આકાર |
|---|---|---|---|
| ૧. માહેંદ્ર | ચોરસ | ૧૧. શ્રીપુર | એક કિલ્લાવાળું |
| ૨. સર્વતોભદ્ર | લંબચોરસ | ૧૨. રિપુઘ્ન | બે કિલ્લાવાળું |
| ૩. સિંહવાલોકન | વૃત્ત-ગોળ | ૧૩. સ્નાહ | પર્વતની કુક્ષે |
| ૪. વારૂણ | લંબગોળ | ૧૪. દિવ્ય | પર્વત મસ્તકે |
| ૫. નંધાવર્ત | સ્વસ્તિકાકાર | ૧૫. સૌમાખ્ય | નદીની ઉત્તરે |
| ૬. નંદાખ્ય | મુક્ત કોણ-ખુણા | ૧૬. ધર્મ | નદીની દક્ષિણે |
| ૭. પુષ્પક | અષ્ટદલપુષ્પાકાર | ૧૭. કમળ | નદીની પશ્ચિમે |
| ૮. સ્વસ્તિક | અષ્ટાસ્ત્ર | ૧૮. શક્ર | નદીની પૂર્વે |
| ૯. પાર્શ્ચદંડ | અતિદીર્ઘ | ૧૯. પૌરુષ | પુરૂષાકૃતિનગર |
| | પાઘડીયે | ૨૦. સાંપ્રત | જેની બે બાજુ |
| ૧૦. જયંત | યથાકૃતિ | | નદી હોય. |

આમ, अपराजितसूत्र તથા वास्तुराजवल्लभ् ગ્રંથોમાં નગરના આકાર -રચનામાં સમાનતા જણાય છે.

નગર નિર્માણ અનેક સ્વરૂપે નિર્મિત થાય છે. તેની નિર્માણવિદ્યા અલગ હોવાને કારણે તેના પ્રભેદો પણ ભિન્ન દષ્ટિગોચર થાય છે. નગરનું વર્ગીકરણ આ પ્રમાણે છે. (૧) પુર, (૨) નગર, (૩) નગરી, (૪) કુબ્જક, (૫) પતન, (૬) રાજધાની, (૭) દુર્ગ, (૮) ખેટ, (૯) ખરવટ, (૧૦) શિવિર, (૧૧) સ્થાનીય, (૧૨) દ્રૌણમુખ, (૧૩) પોટમ કોલક, (૧૪) નિગમ, (૧૫) મઠ.

આ નગર રક્ષણ અર્થે પ્રાકારાદિ નિવેશના પ્રમુખ અંગો વાસ્તુશાસ્ત્રીય સંદર્ભે મુખ્યત્વે પાંચ (૧) વપ્ર અને પરિખા (૨) પ્રાકાર, (૩) દ્વાર અને ગોપુર, (૪) અટાલક અને (૫) રથ્યા છે.

સમરાંગણ સૂત્રધારમાં પુરનો પ્રશસ્ત આકાર ચતુરસ્ત્રાકાર માનવામાં આવે છે. આ આકૃતિ વિરુદ્ધ જે આકાર નિર્મિત થાય છે તે 'ગહિતપુર' સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. જેના છિન્નકર્ણ, વિકર્ણ, વિજાકૃતિ, સૂચીમુખ, વર્તુળ, વ્યંજન આકાર, ચાપ-આકાર, શકટ છાપ સમાકાર, દ્વિગુણાયુતસંસ્થ, વિદિકસ્થ અને ભુજંગકુટિલ એમ વિવિધ આકૃતિઓમાં નિર્મિત નગરરચનાને શ્રેષ્ઠ માનવામાં આવી નથી અને જે 'ગહિતપુર' સંજ્ઞાથી ઓળખવામાં આવે છે.

हस्तानांचयुगाष्टषोडशसहस्त्रं भूपतीनां पुरं
तन्मध्येदशधावदंतिमुनयोवृद्धयासहस्त्रेणतत् ॥
आयामेचसपादसार्धवसुतो भाग: प्रशस्तोधिक:
त्वेकैकंचतुर्विधंनिगदितंकार्य समंकर्णयो: ॥

રાજાને રહેવાનું નગર ચાર હજાર (૪૦૦૦) ગજનું કરવું અથવા આઠ હજાર (૮૦૦૦) ગજનું કરવું; અથવા સોળ હજાર (૧૬૦૦૦) ગજનું કરવું, પણ તે નગરોના અવાંતર ભેદે એક-એક હજાર (૧૦૦૦) વધારાવાથી તેના દશ પ્રકાર બતાવ્યા છે તે એવી રીતે કે,

પાંચ હજાર ગજનું (૫૦૦૦), છ હજાર ગજનું (૬૦૦૦), સાત હજાર ગજનું (૭૦૦૦), નવ હજાર ગજનું (૯૦૦૦), દશ હજાર ગજનું (૧૦૦૦૦), અગિયાર હજાર ગજનું (૧૧૦૦૦), બાર હજાર ગજનું (૧૨૦૦૦), તેર હજાર ગજનું (૧૩૦૦૦), ચૌદ હજાર ગજનું (૧૪૦૦૦) અને પંદર હજાર (૧૫૦૦૦) ગજનું એ રીતે નગરો કરવા એમ કહ્યું છે; પણ એ નગરોની જેટલી પહોળાઈ હોય તે પહોળાઈથી લંબાઈમાં સવા આઠમો તથા સાડી આઠમો ભાગ વધારવો, સર્વ નગરોના ચાર ચાર ભેદ હોય છે તે એવી રીતે કે -

૧. પ્રથમ ભેદમાં લંબાઈ અને પહોળાઈમાં સરખું.

૨. બીજા ભેદમાં પહોળાઈનો અષ્ટમાંશ ૧/૮ લંબાઈમાં વધારવો.

૩. ત્રીજા ભેદમાં પહોળાઈથી લંબાઈમાં સવા આઠમો ભાગ વધારી નગર રચવું.

૪. ચોથા ભેદમાં પહોળાઈથી લંબાઈમાં સાડા આઠમા ભાગ વધારી નગરની લંબાઈ કરવી, પણ તે સમકરણ નગરો રચવાં. એ રીતે નગરની રચના કરવી.(૬)

દેવમંદિર, નગર અને ચોવટા વિષે છત્રીસ હાથની પહોળાઈ હોય તો તેમાં છ હાથની વૃદ્ધિ કરી બેતાળીસ હાથની લંબાઈ કરવી, તથા બહોતેર હાથ પહોળાઈ હોય તો તેમાં બાર હાથ વધારી ચોરાશી હાથની લંબાઈ કરવી. એ રીતે દેવમંદિર, નગર અને ચોવાટાની જેટલી પહોળાઈ હોય તેટલીમાં, દર છત્રીસ (૩૬) હાથે છ-છ હાથની વૃદ્ધિ (લંબાઈમાં) કરવી. વળી, કેટલાક આચાર્યોનો મત એવો છે કે, કિલ્લો તથા કોટ અને ભીંતનું માન મરજી પ્રમાણે કરવું.

अपराजितसूत्र માં તે વિષે જણાવેલ છે કે -

षट्त्रिंशतश्चषट्वृद्धिः सूर्यातैश्चतुरोत्तरम् ।
पुरेप्रासादसंख्यायां देवसंख्या क्रमेणतु ॥

નગર તથા રાજમહેલ અને દેવમંદિર વિષે છત્રીસ હાથ પહોળાઈ હોય તો તેમાં છ હજાર ઉમેરી લંબાઈમાં વૃદ્ધિ કરવી અને બહોતેર (૭૨) હાથ

પહોળાઈ હોય તો તેમાં બાર હાથ ઉમેરાતાં ચોર્યાશી (૮૪)હાથ થાય  માટે ચોરાશી હાથની લંબાઈ કરવી, પણ બહોતેર હાથ ઉપરાંત હોય તો પછી દર છત્રીસ હાથ વૃદ્ધિ કરી લંબાઈ કરતાં જવું.[૭]

એટલે કે નગર, દેવમંદિર કે રાજમહેલોની પહોળાઈ છત્રીસ હાથ હોય તો બેતાળીસની લંબાઈ કરવી તથા બહોતેર હાથ પહોળાઈ હોય તો તેની લંબાઈ ચોર્યાશી હાથની કરવી અને એકસોને આઠ હાથની (૧૦૮) પહોળાઈ હોય તો તેના પ્રમાણમાં સોળ હાથ (૧૬) વધારી લંબાઈમાં એકસોને ચોવીસ (૧૨૪) થાય. જેમ બોતેર (૭૨) હાથ સુધી બાર (૧૨) હાથ આવી અને ત્યાર પછીના છત્રીસ (૩૬) હાથે ચાર(૪) ઉમેર્યે એકસો ચોવીસ (૧૨૪) હાથ લંબાઈ થઈ એ રીતે ઉપર બતાવેલા સ્થળોમાં (નગર, રાજમહેલ, દેવમંદિર) બોતેર (૭૨) હાથ ઉપરાંત પહોળાઈ થાય તો પછી દર છત્રીસ (૩૬) હાથે ચાર (૪) હાથ વધારી લંબાઈ કરવી, કદાચ છત્રીસ(૩૬) હાથ કરતાં જયારે ઓછી હોય તો પહોળાઈનાં છત્રીસ (૩૬) હાથના વિભાગ ચાર (૪) હાથ લંબાઈના આંગળો કરી છત્રીસ (૩૬) હાથના વરાડે સૂત્રધારો ગણી લેવું જોઈએ. તેમજ છત્રીસ (૩૬) હાથ ઉપરાંત હોય તો (પહોળાઈનો) તેના આંગળો કરી લંબાઈના આંગળોના જવના હિસાબે વહેંચી નાખવું જોઈએ. પણ આવા કામોમાં તો ગજનું માપ હોય છે.

આમ, આ રાજવલ્લભની રીતિમાં નગર, દેવમંદિર અને ચોવાટાની પહોળાઈની લંબાઈમાં સાડા આઠમો ભાગ વધારવાની બાબત બતાવી છે તે અને અપરાજિતસૂત્રની રીતિ લગભગ મળતી આવે છે.

કેવા નગરના આકારને કયા પ્રકારની હાની થાય છે તેના વિશેનો ઉલ્લેખ રાજવલ્લભમાં છે.

वह्नोभीतिकरं त्रिकोणनगरं षट्कोण कंक्लेशदं
वज्रेवज्रभयंचशाकट पुरेरोगे स्त्रिशूलेकलिः ॥
प्रोक्तंतस्करभीत योद्विशकटंकर्णाधिकवोडर्थषयः
दोषाः सप्तभयावहाः प्रकटिताये विश्वकर्मा दिताः ॥

- જે નગર ત્રિકોણ હોય તેને અગ્નિનો ભય થાય.
- ષટ્કોણ નગર હોય તો તે નગરને કલેશ ઉત્પન્ન થાય.
- જે નગરવજાકાર હોય તે નગર વીજળીનો ભય ઉત્પન્ન કરે.
- ગાડાના આકારે હોય તો તેમાં રોગનો ભય થાય.
- જે નગર ત્રિશૂળના આકારે હોય તો તેને યુદ્ધનો ભય રહે.
- બે ગાડાના આકારે હોય તેવા નગરને ચોરનો ભય થાય.
- જે ગામ અથવા નગરની ચોરાસઈ કરતાં કરણ (ખૂણાઓ) વધારે પડતા હોય (કાટખૂણાની સીધાઈમાં ન હોય) એવા નગરના ધનનો ક્ષય થાય છે. એ રીતે લોકોને ભય આપનાર એવા સાત દોષો વિશ્વકર્માએ કહ્યા છે.(૮)

પૂર્વ અને પશ્ચિમ દિશા સામેના મુખવાળા તથા નગર સામેના મુખવાળા દેવો હોય તો તે સારા છે પણ ઉત્તર અને દક્ષિણ દિશા સામેના મુખવાળા દેવો સારા નહિ. વળી, બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને સૂર્ય એ ચાર દેવતાઓની પીઠ નગર સામે જો હોય તો તે નગરને ભંગ કરે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈંદ્ર, સૂર્ય અને કાર્તિક સ્વામી એટલા દેવતાઓ પૂર્વ તથા પશ્ચિમ દિશાના

મુખવાળા હોય તો તે સારા, તેમાં પણ શિવ, તીર્થંકર, વિષ્ણુ અને બ્રહ્મા એટલા દેવતાઓ તો ચાર દિશાઓમાંથી ગમે તે દિશાના મુખવાળા હોય તો તે સારા છે તથા ચામુંડા, ષોડશમાત્રિકાઓ, કુબેર, ગણપતિ અને ભૈરવ, એટલા દેવતાઓ દક્ષિણ દિશાના મુખવાળા સારા અને હનુમાનનું મુખ નૈઋત્યકોણ સામે સારૂં છે. (૯)

આમ, નગરમાં આ દેવતાઓની પ્રતિમા યોગ્ય દિશામાં સ્થાપવાથી નગરની સમૃદ્ધિ વધે છે.

## નગરનિર્માણ

રાજાએ ધન-ઉત્પાદનનાં મુખ્યકેન્દ્ર બને તેવાં મોટા નગરોનું નિર્માણ કરવું જોઈએ. કોઈ નદીના સંગમ ઉપર, મોટાં તળાવોના કિનારે અથવા કમળવાળાં જળાશયોના કિનારે આવાં નગરો બાંધી શકાય. નગરની ચારે તરફ નાની નાની નહેરો દ્વારા પાણીનો પ્રબંધ થવો જોઈએ. નગરની આજુબાજુના પ્રદેશની – જમીનમાંથી ઉત્પન્ન થતી વેચાણ યોગ્ય વસ્તુઓનો સંગ્રહ કરવાનો અને વેચવાનો પણ પ્રબંધ થવો જોઈએ. નગરમાં આવવા-જવા માટે તેમજ વસ્તુઓની આયાત-નિકાસ માટે જળમાર્ગની વ્યવસ્થા હોવી જોઈએ. નગરની ચારેય તરફ ચાર હાથના અંતરે ત્રણ ખાઈઓ ખોદાવવી જોઈએ. તે ખાઈઓ અનુક્રમે ૧૪, ૧૨ અને ૧૦ હાથ પહોળી અને એથી ત્રણ ગણી ઊંડી ખાઈ હોવી જોઈએ. કયાંક કયાંક તેમને એકદમ છીછરી રાખવી જોઈએ. જેમાં પાણી ભરીને કમળો, જળચરો વગેરેનો ઉછેર થઈ શકે.

ખાઈથી ચાર હાથના અંતરે બધી બાજુથી મજબૂત અને બમણી પહોળાઈના પાયાવાળો એક પ્રાકાર બનાવવો જોઈએ. પ્રાકાર ત્રણ પ્રકારના

છે – ઉર્ધ્વચય, મંચપૃષ્ઠ અને કુંભકુક્ષિક. એમની ચારેય તરફ ઝેરી ઝાડી બનાવવી જોઈએ. પ્રાકારની ઉપર તેની પહોળાઈની બેગણી ઊંચી હોય તેવી ૧૨, ૧૪, ૧૬ કે ૧૮ અથવા વધુમાં વધુ ૨૪ હાથ ઊંચી હોય તેવી દિવાલ બનાવવી. દિવાલની ઉપરનો ભાગ રથ પસાર થઈ શકે તેટલો પહોળો હોવો જોઈએ. ઇંટ, પથ્થર કે ક્રોન્ક્રીટમાંથી તે બનાવાયો હોવો જોઈએ.

પ્રકારાની આગળ એવી એક અટારી બનાવવી જોઈએ, જેની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ પ્રાકાર જેટલી જ હોય. તેની ઉપર સીડીઓ બનાવવી. બે અટારીઓની વચમાં પહોળાઈથી દોઢગણું લાંબું પ્રતોલી નામનું ઘર બનાવવું. જેના બીજા માળે જનાનખાનું આવેલું હોય.

અટ્ટાલિકા (અટારી) અન પ્રતોલી (ચોક)ની વચમાં ઈન્દ્રકોષ નામનું વિશિષ્ટ સ્થાન બનાવવું જેમાં ત્રણ ધનુર્ધારી સંત્રીઓ નીરાંતે બેસી શકે. તેમાં છિદ્રયુક્ત પાટિયાં મૂકવાં જેમાંથી ધનુર્ધારી બહાર જોઈ શકે. પ્રાકારની સાથે જ અટ્ટાલિકા, પ્રતોલી અને ઈન્દ્રકોષની વચમાં એક દેવપથ–સુરંગ બનાવવી જોઈએ.

પ્રાકારની ઊંચાઈ જેટલી જ ઊંચાઈવાળું પરંતુ તેના તૃતીયાંશ જેટલું ઘોના મુખના આકારવાળુ એક નગરદ્વાર પણ બનાવવું જોઈએ. પ્રાકારની વચ્ચે એક વાવ બનાવીને તેની સાથે જોડાયેલું એક બીજું દ્વાર પણ બનાવવું. તે દ્વારને પુષ્કરિણી કહેવાય છે. તે દરવાજાની આસપાસ ચતુઃશાલા બનાવવી. જેમના દરવાજાઓ પુષ્કરિણીદ્વાર સાથે દોઢા લગાડવામાં આવ્યા હોય. તેમનું નામ કુમારીપુરદ્વાર છે. જે દરવાજાઓ બે માળવાળા હોય અને તેમની ઉપર કાંગરા ન બનાવવામાં આવ્યા હોય તો તેમને મુંડકદ્વાર કહેવાય છે. આ રીતે રાજાએ ભૂમિને અનુરૂપ અને સંપત્તિ અનુસાર દરવાજાઓ બનાવડાવવા.

નિવાસભૂમિમાં પશ્ચિમથી પૂર્વ દિશા તરફ જનારા ત્રણ રાજમાર્ગ અને દક્ષિણથી ઉત્તર તરફ જનાર ત્રણ રાજમાર્ગ બનાવડાવવા. જેથી નિવાસ-ભવનોમાંથી કોઈપણ દિશામાં આવાગમન થઈ શકે. એ માર્ગો જયાંથી નીકળે છે ત્યાં ૧૨ દ્વાર, જળમાર્ગ અને સુરંગમાર્ગ હોવા જોઈએ. ચાર હાથ પહોળી ગલીઓ રાખવી. નિવાસસ્થળમાં રાજમાર્ગ, દ્રોણમુખપથ, રાષ્ટ્રપથ, વિવીતપથ, વ્યૂહપથ, સ્મશાનપથ અને ગ્રામપથ એમ જુદા માર્ગો બાંધવા, જે ૩૨ હાથ પહોળા હોવા જોઈએ. તદુપરાંત સેતુપથ, વનપથ, ગજપથ, ક્ષેત્રપથ, પશુરથ અને ક્ષુત્ર મનુષ્યો તથા પશુઓ માટેના પથ એમ અન્ય માર્ગો પણ બનાવવા. જેમાં સેતુપથ અને વનપથ સોળ હાથ, ગજપથ અને ક્ષેત્રપથ આઠ હાથ, રથપથ પાંચ હાથ, પશુરથ ચાર હાથ અને ક્ષુત્રપથ બે હાથ પહોળા હોય.

નિવાસભૂમિના ગૃહનિર્માણ માટે નવ ભાગ કરવા. તેના મધ્યભાગમાં રાજભવનનું નિર્માણ કરવું. નગરના નવ ભાગોના નવ નવ ચોક થાય એ રીતે કુલ ૮૧ ચોક બને તેમાંના મધ્યવર્તી ચોકના પૂર્વમુખ કે ઉત્તરમુખ બને તે રીતે અંતઃપુર તૈયાર કરવું. તે અંતઃપુરના પૂર્વોત્તર ભાગમાં (ઈશાન ખૂણે) આચાર્ય અને પુરોહિતોએ નિવાસ કરવો. ત્યાં યજ્ઞ અને જળ માટેનું સ્થાન હોય અને મંત્રીઓ નિવાસ કરે. ચોકના પૂર્વ દક્ષિણ ભાગમાં (અગ્નિ ખૂણામાં) મહાનસ, હસ્તિશાળા, સભાગૃહ અને કોઠારો બનાવડાવવા. પૂર્વદિશામાં સુગંધી દ્રવ્યો, માળાઓ, રસ વગેરેના વિક્રેતાઓ, મુખ્ય શિલ્પી અને ક્ષત્રિયો નિવાસ કરે. પશ્ચિમ ભાગમાં કુપ્યગૃહ (વન્યસંપત્તિ રાખવાના ભંડાર) અને શસ્ત્રાગારનું નિર્માણ કરવું. તેની આગળ દક્ષિણ દિશામાં નગરના ધાન્યનું ખરીદ વેચાણ કરનાર વેપારીઓ, સેનાપતિ, સુરામાંસના વિક્રેતા, ગણિકાઓ, નટ અને વૈશ્યો નિવાસ કરે. પશ્ચિમ-દક્ષિણ ભાગમાં (નૈઋત્ય દિશામાં) ગધેડા અને ઊંટો માટેનું

સ્થળ તથા કારાગાર અને કર્મશાળા હોય. પશ્ચિમ-ઉત્તર ભાગમાં (વાયવ્ય દિશામાં) પાલખી વગેરે યાન અને રથશાળાઓ હોય. તેની આગળ પશ્ચિમ દિશામાં ઊનનું કામ કરનારા, વણકરો, વાંસ-ચામડાનાં કવચ બનાવનાર શિલ્પીઓ તથા શુદ્રોએ નિવાસ કરવો. ઉત્તર-પશ્ચિમ ભાગમાં પણ્યગૃહ, ઔષધાલય અને ઉત્તર-પૂર્વભાગમાં કોશ, ગાયો અને અશ્વોનું સ્થાન હોય. તેની આગળ ઉત્તરદિશામાં નગરદેવતા, રાજવંશી દેવતા, લોહમણિના શિલ્પીઓ અને બ્રાહ્મણો નિવાસ કરે. જે સ્થળે ભવનો ન હોય ત્યાં ધોબી વગેરે તથા વિદેશી વેપારીઓ નિવાસ કરે.

નગરની મધ્યમાં દુર્ગા, વિષ્ણુ, જયંત, ઈન્દ્રનાં દેવસ્થાનો તથા શિવ, કુબેર, અશ્વિનીકુમારો, લક્ષ્મી, કાલી વગેરેનાં મંદિરો બનાવવાં. તેમાં ઉત્તરપૂર્વાદિ ક્રમે બ્રાહ્મ, ઐન્દ્ર, યાજ્ય અને સેનાપત્ય નામનાં દ્વારા બનાવવાં. પરિખાની બહાર સો ધનુષ્ય જેટલા અંતરે ચૈત્ય, પુણ્યસ્થાન, વન અને સેતુબંધ બનાવવા અને દિશાને અનુરૂપ દિગ્દેવતા સ્થાપવા.

સ્મશાનનો પૂર્વ અને ઉત્તરનો ભાગ ઉત્તમવર્ણો માટે, તેનો દક્ષિણભાગ નિમ્નવર્ણો માટે હોય. તેનું ઉલ્લંઘન કરનારને સાહસદંડ કરવામાં આવે. કાપાલિકો, ચાંડાલોના આવાસ સ્મશાનની નજીકમાં રાખવા. , કાર્યક્ષેત્ર અનુસાર નાગરિકોને ભૂમિની સીમા નક્કી કરી આપવી. જેમાં તેઓ ફૂલ-ફળની વાટિકા બનાવી શકે.

અનેક વર્ષો સુધી ચાલી શકે તેટલા બધા પ્રકારનાં ધાન્ય, ક્ષાર , લવણ, સુગંધીદ્રવ્યો, ઔષધિઓ, શાક, લાકડાં, લોઢું, ચામડું, ઘાસ, સૂકું માંસ, કોલસા, વાંસ, છાલ, શસ્ત્ર, કવચ વગેરેનો સંગ્રહ કરી રાખવો.

આમ કૌટિલ્યે પુર-નગર નિર્માણનો વિધિ વર્ણવ્યો છે. જેમાં તેમનું વાસ્તુજ્ઞાન દષ્ટિગોચર થાય છે. અત્યંત સુરક્ષિત અને સુસમૃદ્ધનગર રચના કેવી હોઈ શકે તેનો ખ્યાલ આ વર્ણન ઉપરથી આવે છે. પ્રાચીનભારતના સુપ્રસિદ્ધનગરો એનો પુરાવા પુરા પાડે છે.(૧૦)

## ૬.૩ ગ્રામ નગરમાં વસવાટ

ગ્રામ નગરમાં દિશાઓ અનુસાર કઈ દિશામાં કયા લોકો વસવાટ કરે તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

पूर्वस्या ब्रह्मणा यामे क्षत्रिय मध्यतोविशः ।
शूद्रास्युः धनदिशायां वारूण्यां च जलाशयाः ॥
शिल्पिरंगकराईशे वह्यैतिज्जीविनोडत्यजनाः
नैर्ऋत्ये शोडिंका वेश्या वायव्ये लुब्धकादयः ॥

શહેરને વિશે પૂર્વે બ્રાહ્મણો વસાવવા. દક્ષિણે ક્ષત્રિયને, શહેરના મધ્ય ભાગમાં વૈશ્ય, શૂદ્રોને ઉત્તરે વસાવવા, પશ્ચિમે જળાશયો કરાવવાં. શિલ્પીને રંગાટી કે સંઘાડાનું કામ કરે તે કડિયા, છીપાને ઈશાન કોણમાં વસાવવા, અગ્નિ સંબંધી કામ કરનાર તથા અત્યંજ જાતિને અગ્નિકોણે, નૈર્ઋત્યે ધૂતકર તથા વૈશ્યાઓને, વાયવ્યકોણે શિકારીઓને વસાવવા.(૧૧)

રાજવલ્લભમાં પણ આજ પ્રમાણે વસવાટનો નિર્દેશ કર્યો છે.

तांबूलंफलदंतगंधकुसुमंमुक्ता दिकंयद्धवेत्
राजद्वारसुराग्रतो हिसुधियाकार्यपुरेसर्वतः ॥

प्राग्विप्रास्त्वथदक्षिणेनृपतयः शूद्राः कुबेराश्रिताः
कर्त्तव्याः पुरमध्यतोपिवणिजो वैश्याविचित्रैर्गृहेः ॥

ईशेरंगकराः कृविंदरजकाबन्हौचतज्जीविनः
प्रोक्ताः अंत्यजचर्मकारबुरूडाःस्यः शौडिकाराक्षसे ॥

पण्थस्त्रीनिर्ऋतौचमारूतयुतेकोणेन्यसेल्लुब्धकान्
वापीकूपतडागकुंडमखिलंतोयंतथावारूणे ॥

નગરમાં તાંબુલની(પાનની), ફળોની, દાંતની, સુગંધી પદાર્થોની, પુષ્પોની અને મોતી વગેરે રત્નોની દુકાનો બુદ્ધિમાન પુરૂષોએ રાજદ્વાર આગળ તેમજ દેવમંદિર આગળ કરાવવી, તથા નગરમાં પૂર્વ દિશાએ બ્રાહ્મણો, દક્ષિણ દિશાએ ક્ષત્રિયો, ઉત્તર દિશાએ શૂદ્રોને તથા વૈશ્યોને વસાવવા અને અન્ય વ્યાપારી લોકોને નગરના મધ્ય ભાગમાં વિચિત્ર રીતે ચિતરેલા ઘરોમાં વસાવવા જોઈએ. નગરના ઈશાનકોણમાં રંગકરા અથવા રંગારા તથા કુવિંદ અથવા કપડા વણનાર અને ધોબીને વસાવવા, તથા અગ્નિ વડે આજીવિકા ચલાવનાર (સોની, લવાર, કલાઈગરા વગેરે) લોકોને નગરની અગ્નિકોણમાં વસાવવા. અત્યંજ (જેનો સ્પર્શ થવાથી આર્ય લોકોને નાહવું પડે છે એવા ઢેઢ, ભંગી અને ચમાર), ચર્મકાર, વાંસફોડા અથવા ઘાંચી અને કલાલ એ લોકોને દક્ષિણ દિશામાં વસાવવા. નગરની નૈર્ઋત્ય કોણમાં વૈશ્યાઓને તથા નગરની વાયવ્યકોણમાં પારધી લોકોને વસાવવા અને નગરથી પશ્ચિમ દિશામાં કૂવા, તળાવ, વાવડી અને કુંડ ઈત્યાદિ જળાશયો  સ્થાપવાં નગરને ચાર સિંહ દ્વાર કરવાં અને આઠ ખડકી દ્વાર કરવાં તેમજ તેવાં દ્વારોને મજબુત અર્ગલા અથવા જેને ભુગંળ કહે છે તે કરવી તથા મજબુત અને શોભાયમાન કમાડો કરવા, રાજમંદિર  આગળ

એક કીર્તિસ્તંભ કરવો તથા રાજઘર, દેવપ્રસાદ, હાટો અને હવેલીઓએ સર્વે ચૂનામય ઉજવળ કરવાં (ચૂનેથી છોએલાં) તથા નગરની પાસે બાગ કરવો અને તે બાગમાં જળાશય કરવું તેમજ નગરમાં અને રાજમહેલ પાસે પણ જળાશય કરવું જોઈએ. આ ઉપરાંત નગરમાં રક્ષણ માટે સંગ્રામમાં ઉપયોગી યંત્રો પણ વસાવવા જોઈએ.

| | | | | |
|---|---|---|---|---|
| | ઈશાન | પૂર્વ | અગ્નિ | |
| | શિલ્પી/ રંગાટી | બ્રાહ્મણો | સોની/ લુહાર | |
| ઉત્તર | શુદ્ર | વૈશ્ય | ક્ષત્રિય | દક્ષિણ |
| | શિકારી | જળાશયો | ધૂતકાર વૈશ્યા | |
| | વાયવ્ય | પશ્ચિમ | નૈર્ઋત્ય | |

નગર રચના[૧૨]

ગામ નગરમાં વસવાટ વિશેની માહિતીને આધારે આ મુજબ લોકોના નિવાસ કરી શકાય. અહીં ઉદાહરણ તરીકે નગર ચોરસ છે તેમ માનવામાં આવ્યું છે તે જ આધારે જુદા જુદા પ્રકારના નગરોમાં દિશા અનુસાર લોકોનો વસવાટ કરી શકાય.

મત્સ્યપુરાણમાં ગ્રામ આયોજન તેમજ નગર આયોજન કેવું હોવું જોઈએ તેનો ખ્યાલ મળે છે.

- સપાટભૂમિ જોઈને ઘર બનાવવું.
- દેવાલય, ધૂર્ત લોકોના નિવાસ રાજયમંત્રીના નિવાસ અને ચાર રસ્તાની આજુબાજુ ઘર ન કરવું, તેનાથી દુઃખ, શોક અને ભય ઉપજે.
- દિશાઓ તેમજ ખૂણાઓ માટે જે કથન છે તે મુજબ રસોડું, સ્ટોરરૂમ, નિવાસસ્થાન, પાણિયારું વગેરે બનાવવા જે ઘરમાલિક માટે મંગલકારી બને.[૧૩]

રહેણાંકના ઘર મંદિરની નજીક ન બાંધવા વગેરે વિગતો દ્વારા પુરાણકાલીન ગ્રામ આયોજન કેવું હતું તેનો ખ્યાલ સુસ્પષ્ટ થાય છે.

પુરાણોમાં ગ્રામ અને નગરનો તફાવત પણ દર્શાવ્યો છે. બ્રહ્મપુરાણમાં,

सुपुरग्रामनगराः શબ્દ પ્રયોગ છે જે તે સમયના ગ્રામ તથા નગરોની જીવનશૈલીના તફાવતને રજૂ કરે છે.[૧૪]

આજના સમયમાં ગામની અપેક્ષાએ નગર વધુ સમૃદ્ધપૂર્ણ હોય છે. તે રીતે ઉજજૈની, અવંતી, દ્વારકા આદિ નગર વર્ણનોને વાંચતા તત્કાલીન વૈભવપૂર્ણ નગરજીવનની ઝલક જોવા મળે છે.

આધુનિક નગર રચના વૈભવપૂર્ણ છે. તેના કરતા પણ વિશેષતઃ એ સમયમાં સમૃદ્ધિ જોવા મળતી નગરસેના રક્ષકો દ્વારા રચાયેલી હતી, નગર દ્વાર સ્ફટિક અને મોતીયોથી સજાવામાં આવતા, સુવર્ણ, રત્ન, મણિ, રંગબેરંગ ધજા-પતાકાઓ વગેરેનો વિશેષ ઉપયોગ થતો.(૧૫)

સ્થાપત્યકલાને આધારે જોઈએ તો આજના સમયમાં જ બહુમાળી ભવનો બંધાય છે. તેવું નથી, દુર્લભ ભવન-નિર્માણ શ્રીમદ્દ ભાગવતમાં પણ આપણને વાંચવા મળે છે.

દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના ભવનમાં પ્રવેશ કર્યો તે ભવન એક જ મહેલમાંથી સોળ હજાર મહેલો કર્યા એવો ઉલ્લેખ કરે છે. વિ✓કર્માએ પોતાની ચતુરાઈ દ્વારા સર્વકામનાપૂરક આ મહેલનું નિમાર્ણ કર્યુ.(૧૬)

એક જ મુખ્ય મહેલ વિભાગમાં સોળ હજાર મહેલોનો સમાવેશ એ અદ્ભુત સ્થાપત્યકલાનો નમૂનો ગણાવી શકાય.

અગ્નિપુરાણ નગર વગેરેનું વાસ્તુનિરૂપણ કરતા નગર રચના દર્શાવે છે.

नगरग्रामदुर्गाधा गृहप्रासादवृद्धये ।

ગૃહ કે પ્રાસાદની વૃદ્ધિ માટે નગર, ગ્રામ, કિલ્લો વગેરે હોવા જોઈએ. આમ, રાજયની વૃદ્ધિ માટે નગરના વાસ્તુનો ઉલ્લેખ થયો છે. એ પ્રમાણે,

नगरादिकवास्तुं च वक्ष्ये राज्यादिवृद्धये ।
योजनं योजनार्धं वा तदर्थ स्थानमाश्रयेत् ॥

નગર નિર્માણના માટે એક યોજન કે અડધો યોજન ભૂમિ ગ્રહણ કરવી. વાસ્તુ નગરનું પૂજન કરીને તેને પ્રકારથી સંયુકત કરવું. ઈશ આદિ તીસ પદોમાં સૂર્યની સન્મુખ પૂર્વદ્વાર, ગન્ધર્વની સમીપે દક્ષિણદ્વાર, વરુણની નિકટમાં પશ્ચિમ દ્વાર અને સોમની સમીપે ઉત્તર દ્વાર બનાવવું જોઈએ. નગરમાં જુદા જુદા બજાર બનાવવા જોઈએ. નગરનું દ્વાર છ હાથ પહોળું બનાવવું જોઈએ. જેથી હાથી વગેરે સુખપૂર્વક આવન-જાવન કરી શકે. એક, બે કે ત્રણ દ્વારોથી યુકત ધનુષાકાર વ્રજનાગાભ નગરનું નિર્માણ શાન્તિપ્રદ છે.[૧૭]

નગરના અગ્નિકોણમાં સુવર્ણકારો, દક્ષિણમાં નૃત્યોપજીવિની, નૈર્ઋત્યમાં નટ, પશ્ચિમમાં રથકાર, વાયવ્યકોણમાં મધવિક્રેતા, ઉત્તરમાં બ્રાહ્મણ, યતિ, સિદ્ધ, પુણ્યાત્માઓ, ઈશાનકોણમાં વણિગૂજન, પૂર્વ દિશામાં સોનાધ્યક્ષ એ ક્રમથી સહુએ રહેવું જોઈએ. રાજાએ પૂર્વમાં ગુપ્તચરો, દક્ષિણમાં સ્મશાન, પશ્ચિમમાં ગોધન અને ઉત્તરમાં કૃષકોનો નિવેશ કરવો. પૂર્વ દ્વાર ઉપર લક્ષ્મી તથા કુબેરની સ્થાપના કરવી. જેઓ તે બંનેના દર્શન કરે છે તેઓને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. નગરની રક્ષા માટે ઈન્દ્ર અને વિષ્ણુ વગેરેના દેવાલયો બનાવવાં. વાસ્તુભૂમિની પૂર્વ દિશામાં શ્રૃંગારકક્ષ, અગ્નિકોણમાં રસોઈઘર, દક્ષિણમાં શયનગૃહ, નૈર્ઋત્યમાં શસ્ત્રાગાર, પશ્ચિમમાં ભોજનગૃહ, વાયવ્યમાં ધાન્યસંગ્રહને ઈશાનમાં દેવગૃહ બનાવવું જોઈએ.

चतुर्भिः सप्तभिश्चैव पञ्चपञ्चाशदेव तु ।
षडलिन्दानी विंशैव अष्टाभिर्विंश अेव हि।
अष्टालिन्दं भवेदेवं नगरादौ गृहाणि हि ॥

એક શાલગૃહના ચાર ભેદ છે. ગૃહવાસ્તુ તથા નગરવાસ્તુમાં અઠ્ઠાવીસ અલિન્દ હોય છે.

આમ, વાસ્તુનગરનું પૂજન થયા બાદ કિલ્લાની દિવાલનું નિર્માણ કરવામાં આવે છે. ઈશાન ખૂણાના ત્રીસ પાદમાં સૂર્ય માટેનું પૂર્વ દ્વાર હોય છે. દક્ષિણ દિશામાં બે ગંધર્વો માટે દ્વાર હોય, પશ્ચિમમાં વરૂણ માટે દ્વાર રાખવાનું હોય જેમાં હાથી જેવા પ્રાણીઓ સરળતાથી જઈ શકે તેવા છ પાદવાળા દ્વાર રાખવાના હોય છે. અર્ધચંદ્રાકાર નગર બનાવવાનો નિષેધ કર્યો છે એક સાથેના બે-ત્રણ રસ્તાઓ સાથે મળે તેવા મુખવાળા દ્વાર બનાવવાનો પણ નિષેધ થયો છે. શહેરની રચનામાં બાણ કે વજનાગ જેવું મુખ ઉત્તમ ગણાય છે.

નગરની દિશાઓમાં વર્ણ પ્રમાણેના રહેણાંકનો પણ ઉલ્લેખ થયો છે. તે પ્રમાણે નગરની અગ્નિ દિશામાં સોનીઓનો વસવાટ તો દક્ષિણ દિશામાં નૃત્ય કરનાર તથા ગણિકાઓનો વસવાટ કરવાનું કહેલ છે નૈઋર્ત્ય દિશામાં નટોનાં, ચક્રધારીઓનાં તથા માછીમારોનાં મકાન તેમજ વાયવ્યમાં દારૂની પીઠાવાળા તથા ખાટકીઓના ઘર તથા પશ્ચિમ દિશામાં રથોના, આયુધોના તથા તલવારોના સ્થાન રાખવાનો ઉલ્લેખ છે, તો ઉત્તરમાં બ્રાહ્મણોના, સિદ્ધોના, પુણ્યશાળીઓના વસવાટ તથા ઈશાનમાં ફૂલ વગેરેનો વેપાર કરનાર વાણિયાઓનો વસવાટ રાખવાનું બતાવેલ છે. આમ, અહીં વર્ણ પ્રમાણે વસવાટ કઈ દિશામાં રાખવા તેની માહિતી મળે છે.

## નગરની દરેક દિશામાં પેટા જ્ઞાતિઓના રહેઠાણ / વાસ




પૂર્વમાં સેનાપતિઓ, અગ્નિમાં વિવિધ પ્રકારની સેના, દક્ષિણમાં સ્ત્રીઓને આદેશ કરનારા તથા નૈઋર્ત્યમાં કંડીયા બનાવનારાઓને રાખવા. પશ્ચિમમાં તિજોરીનું રક્ષણ કરનારા, મહાન અમાત્ય તથા કારીગરોને રાખવા, ઉત્તર દિશામાં દંડનાયકોને તથા મુખ્ય બ્રાહ્મણોને રાખવા.

પૂર્વમાં ક્ષત્રિયોને, દક્ષિણમાં વૈશ્યોને તથા પશ્ચિમમાં શુદ્રોને વસાવવા. ત્યારબાદ ઉપદિશાઓમાં વૈદ્યોને તથા ઘોડાઓને અને સૈન્યને ચારેય દિશાઓમાં રાખવાં.

### ચારેય દિશાઓમાં મુખ્ય ચારેય
### જ્ઞાતિઓના વસવાટ માટેનું સ્થાન



પૂર્વમાં જાસૂસોને, દક્ષિણમાં સ્મશાનને, પશ્ચિમમાં ગોધન વગેરેને અને ઉત્તરમાં ખેતી કરનારાઓને વસાવવા. મલેચ્છોને ખૂણામાં રાખવાં. ગામ વગેરેના પૂર્વ દ્વારમાં શ્રી તથા કુબેરના સ્થાન સ્થાપવા. જેથી, તે બંને લક્ષ્મીના દર્શન કરી શકે.

દેવો વગેરેનાં મંદિરોને પશ્ચિમમાં પૂર્વાભિમુખ રાખવાં અને જો તે પૂર્વમાં હોય તો પશ્ચિમાભિમુખ અને દક્ષિણમાં હોય તો ઉત્તરાભિમુખ દ્વારા રાખવું. દેવોનાં મંદિરવાળું નગર વિજય તેમજ મુક્તિ આપનારું હોય છે.

પૂર્વમાં લક્ષ્મીનું મંદિર અગ્નિ દિશામાં રસોડું, દક્ષિણમાં શય્યા, નૈર્ઋત્યમાં આયુધોના સ્થાન, પશ્ચિમમાં ભોજન, વાયવ્યમાં ધાન્યનો સંગ્રહ, ઉત્તરમાં દ્રવ્ય તથા ઈશાનમાં દેવમંદિર નગરમાં વસાવવા.



(૧૮)

વિશ્વકર્મા પુરાણમાં દ્વારિકા નિર્માણ નામના અધ્યાયમાં દ્વારિકા નગરીનું વર્ણન કરવામાં આવ્યું છે તે પ્રમાણે,

श्री कृष्णस्य प्रियं कर्तु द्वारावती विनिर्मितां ।
बहवावास समोपेता कयं के विश्वकर्मणा ॥

સર્વ પુરાણોનાં સારના જ્ઞાતાશ્રી, ભગવાન શ્રીકૃષ્ણે કાલયવનના તથા જરાસંઘના ભયને કારણે પોતાની રૈયતનું રક્ષણ કરવાને માટે સાગરમાં કિલ્લો બંધાવ્યો હતો. એ કિલ્લામાં દ્વારિકા નામે નગર વસાવ્યું. શ્રીકૃષ્ણ ભગવાનનું ભલું કરવાની ભાવનાથી સમુદ્ર વચ્ચે સુંદર નિવાસો સહિતની દ્વારિકાની રચના વિરાટ વિશ્વકર્મા પ્રભુએ કરી. આ રચના તેમણે પલક માત્રમાં કરી હતી. સાગર વચ્ચે મજબૂત કિલ્લો અને તેમાં સુંદર નગરીની રચના થઈ, ત્યારે સર્વ લોકો કિલ્લામાં પ્રવેશવાને માટે કિલ્લાનું પ્રવેશ દ્વાર શોધવાને ગોળ ગોળ ફરવા લાગ્યા પણ કોઈને દરવાજો મળ્યો નહીં. સૌ ભગવાન પાસે આવીને 'પ્રવેશ દ્વાર ક્યાં છે, પ્રભુ ?' એવો પ્રશ્ન કરવા લાગ્યા. તેના પરથી જ નગરીનું દ્વાર-કા, દ્વારિ-કા નામ પડયું. શ્રીકૃષ્ણ ભગવાનની નગરીનું નામ દ્વારિકા નિર્ધારીત થયું.

પ્રભુએ પ્રથમ તો પશ્ચિમ કિનારાના સાગરમાં અનેક ઉત્તમ અને મજબૂત ધાતુઓના મિશ્રણથી એક અજેય કિલ્લો બનાવ્યો. સૌ પ્રથમ શ્રીકૃષ્ણ ભગવાનના ભુવન વિશે કલ્પના કરી. દ્વારિકાની મધ્યે પ્રભુએ સહસ્રો સૂર્યના તેજ સહિતનું ભુવન બનાવ્યું. એ ભુવનની આઠેય દિશાઓમાં શ્રીકૃષ્ણની આઠ મુખ્ય રાણીઓનાં મંદિરોની કલ્પના કરાઈ. એ ભુવનની ચોતરફ સોળ હજાર આવાસોની રચના થઈ. તેમાં શ્રીકૃષ્ણ ભગવાનની સોળ હજાર રાણીઓનાં નિવાસો કલ્પ્યાં. શ્રીકૃષ્ણ તથા તેમની તમામ રાણીઓના આવાસો આ પ્રમાણે થયાં.

પછી વિશ્વકર્મા પ્રભુએ ભવનોની જમણી તરફ વસુદેવ, ઉધ્ધવજી, શૂલસેન વગેરે શ્રીકૃષ્ણના વડીલોનાં ભવનો થયાં. ડાબે બળરામજી, પ્રદ્યુમ્ન, અનિરુધ્ધ આદિનાં ભવનો થયા. તે સાથે સૌ સૌના સેવકોનાં નિવાસો થયાં.

પૂર્વમાં ક્રમશઃ બ્રાહ્મણો વગેરે વર્ણોના નિવાસો રચાયાં. પૂર્વમાં બ્રાહ્મણો, પશ્ચિમમાં વૈશ્યો, ઉત્તરમાં ક્ષત્રિયો અને દક્ષિણમાં શૂદ્રોના આવાસો થયા. પછી તે જ ક્રમે ચતુરંગી સેના માટેની વ્યવસ્થા કરાઈ.

સમગ્ર નગરમાં આડા-ઉભા માર્ગો અને દરેક માર્ગની બંને બાજુએ અનેક, મીઠાં મધુરાં ફળફળાદીનાં તથા સુંદર પુષ્પો આપનારાં નાના-મોટાં વૃક્ષો રોપાયાં. માર્ગો, મંદિરો તથા આવાસોને ધજા-પતાકાઓ તથા રત્નોનાં તોરણોથી શણગારયાં. વળી, દીપમાળાઓ વિવિધરંગી પ્રકાશ પાથરતી હતી. નગરમાં મંદ મંદ માદક સુવાસ આપતો શીતળ વાયુ લહેરાતો હતો. ચારે બાજુએ નગરભરમાં વાજિંત્રો, દુદુંભીઓ, શરણાઈઓ વાગતાં હતાં. ઘટાદાર વૃક્ષોમાં મધુર અવાજે પંખીડાંના કલરવનું સંગીત સંભળાતું હતું.

કલાનિધિ પ્રભુ વિશ્વકર્માએ આંખના પલકારમાં ખડા કરી દીધેલા દ્વારિકામાં વિવિધ પ્રકારનાં નાના-મોટાં ભવનોનાં મેડી, માળિયા, ઝરુખા, ગોખ, બારી, દ્વારો, હીંચકા, ખાટ, પાટ, જાળિયાં હતાં. કોઈ ભવન સુવર્ણનું, કોઈ ચાંદીનું, કોઈ લોખંડનું, કોઈ તાંબાનું, કોઈ રત્નોનું, કોઈ મણિમય, તો કોઈ આરસનું, પથ્થરનું કે માટીનું બન્યું હતું. કોઈને એક માળ, તો કોઈને બે-ત્રણ, ચાર-સાત માળ અને તે દરેકને નાની વાટિકા હતી. તેમાં વિવિધ પ્રકારનાં ફળ-ફૂલનાં વૃક્ષો અને છોડો ફાલ્યાં-ફૂલ્યાં હતાં. ભીંતો મણિ અને રત્નોના કલામય ટુકડાથી શોભતી હતી. બધાં ભુવનો પર ધજાઓ લહેરાતી હતી. ટોચ પર ધાતુનાં શિખરો સૂર્યના પ્રકાશમાં ઝળહળતાં હતાં.

આમ, આવું એ કલાત્મક, અદ્‌ભુત ને મનહર દ્વારિકાનગર હતું. એના ખાનગી માર્ગોની સેનાનાયકો સિવાય કોઈને જ માહિતી નહોતી. માર્ગો પર

હંમેશ ગુપ્તચરો ફરતા, નગર ચર્ચા કરીને તેની માહિતીની જાણ કરવામાં આવતી. વિ✓કર્મા પ્રભુએ ઠેકઠેકાણે ધર્મશાળાઓ, મુસાફરખાનાં, સાધુ-સંતો માટેના આશ્રમો વગેરેની પણ સગવડો કરી હતી. વળી, દેવાલયો, ઉદ્યાનો, પુષ્પવાટિકાઓથી નગરની શોભા ઓર વધતી હતી.

વળી, પ્રત્યેક ભવનમાં રહેનારની કક્ષા પ્રમાણે વિમાનો, હાથી, અશ્વો અને રથોની વ્યવસ્થા પણ હતી. દરેક ભવનમાં દીપપાત્રો હતા. આમ, દ્વારિકા નગરીની શોભા અનેરી-અનન્ય હતી.

નગરીની શોભા નિહાળીને શ્રીકૃષ્ણ – બળરામ તો આવાક્ થઈ ગયા. ત્યારબાદ વિશ્વકર્મા પ્રભુનાં ચરણનું પ્રક્ષાલન, અર્ઘ્ય, પૂજન વગેરે કર્યુ પછી એ બંનેનાં પૂજન-અર્ચનથી પ્રસન્ન થયેલા વિશ્વકર્મા પ્રભુ ત્યાંથી અંર્તધ્યાન થઈ ગયા. આમ, ઉત્તમ દ્વારિકા નગરીનું નિર્માણ કરીને પ્રભુ વિશ્વકર્મા અંર્તધ્યાન થયાં.

પછી બળરામ સહિત શ્રીકૃષ્ણ મથુરામાં નિવાસ કરતા, પોતાના સઘળા નગરવાસી યાદવો સહિત, સર્વને યોગવિદ્યાની માયાના બળ વડે ઉપાડી લઈને, ક્ષણવારમાં દ્વાર વિહીન અને મહાન ધર્મથી રક્ષિત એવી દ્વારિકા નગરીમાં લાવીને મૂકયા. અભેદ્ય એવા દુર્ગમાં પોતાની પ્રજાને કિલ્લોલ કરતી નિહાળીને પ્રભુ વિશ્વકર્માના અદ્‌ભુત કર્મને હ્દયપૂર્વક સ્મરણ કરતાં, શ્રીકૃષ્ણ ભગવાન અત્યંત પ્રસન્ન થયાં.

આ પ્રમાણે દ્વારાવતી – દ્વારિકાનું નિર્માણ કરનાર પરમ કૃપાળુ જગદાધાર વિરાટ વિશ્વકર્મા પ્રભુનાં સર્વ કાર્ય લૌકિક છે. અખિલ વિશ્વને પ્રલયકાળ

પર્યન્ત ભગવાનની અનેરી લીલાઓની સ્મૃતિ આપતા ઈન્દ્રપુરી, કૈલાસ, વૈકુંઠધામ, બ્રહ્મલોક અને પૃથ્વીપટની બહાર રચેલા પ્રભુના સર્વ આવાસો, મંદિરાલયો અને દેવોની નગરીઓ વગેરેનું દૈવી નિર્માણ પણ કર્યું હતું.[૧૯]

મહાભારતના આદિપર્વના રાજયલંભ પર્વમાં ઈંદ્રપ્રસ્થ નગરના નિર્માણનું વર્ણન છે.

મહાભારતમાં પાંડવો ઈન્દ્રપ્રસ્થ નગરનું નિર્માણ કરે છે. પાંડવો જમીનની માપણી કરવાની કૃષ્ણ દ્વૈપાયનને અગ્રેસર રાખીને નગર વસાવે છે તે નગર સાગર જેવી વિશાળ ખાઈઓથી સુશોભિત હતું. તેના કિલ્લાનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે, તે આકાશને અડતો, ધવલ મેઘના પ્રકાશવાળો અને ચંદ્રના જેવી શોભાવાળો હતો. તેના દ્વારો ગરુડની બે પાંખો જેવા શોભતા હતા. વાદળના સમૂહો જેવાં, મંદરામળની ઉપમાવાળા, શત્રુઓથી ભેદાય નહીં એવા, શસ્ત્રોથી સજેલા અને સારી રીતે સંરક્ષેલા વિવિધ ગોપુરોથી તે સુરક્ષિત હતું. તે શ્રેષ્ઠ નગર લોખંડનાં મહાચક્રોથી ઝળહળતું હતું. તેના રાજમાર્ગો સુંદર રીતે હતાં. અને દેવતાઓની બાધાથી તે રહીત હતું. અહીં શ્રેષ્ઠ અને શ્વેત વિવિધ ભવનો હતા. આ ઈન્દ્રપ્રસ્થ જાણે દેવોની અમરાપુરી જેવું શોભતું હતું. તે ધનપતિ કુબેરના નિવાસસ્થાન જેવું અને ધનથી સંપૂર્ણ શોભી રહ્યું હતું. શ્રેષ્ઠ દ્વિજો તેમજ સર્વ ભાષાઓના વિદ્વાનો તે નગરમાં આવી ત્યાં વાસ કર્યો. ધનના અભિલાષી એક વણિકો તેમજ સર્વજાતના શિલ્પવેતાઓ વસવા માટે આવ્યા હતા. તે નગરની આસપાસ રમ્ય ઉદ્યાનો હતા. તેમાં અરીસા જેવા વિમલ વિહારગૃહો હતા અને વિવિધ લતામંડપો, મનોહર ચિત્રગૃહો, કૃત્રિમ પર્વતો, નિર્મળ જળભરપૂર વિવિધ વાવો, સુગંધીદાર પદ્મો તથા રમણિય સરોવરો

હતા. હંસ, કારંદવ અને ચક્રવાસોથી શોભતી વિવિધ રમ્ય પુષ્કરિણીઓ હતા. વિશાળ અને રમણિય અનેક તળાવોએ વનની ચારેબાજુ શોભતાં હતા. ઈન્દ્રના જેવા તે પાંચ મહાચાપધારીઓને લીધે તે શ્રેષ્ઠ નગર નાગોથી શોભતી ભોગવતી નગરની જેમ શોભતું હતું. આમ, ઈન્દ્રપ્રસ્થ નગર ઈન્દ્રના નિવાસ સ્થાન જેવી શોભાવાળું હતું.[૨૦]

## ૬.૪ નિષ્કર્ષ

પુરાતન સાહિત્યમાં ગ્રામના પુર, પુરી, નગર વગેરે અનેક પર્યાયવાચી શબ્દો મળે છે. પરંતુ આ બધાની વચ્ચે તફાવત છે. પ્રજાના રહેઠાણને આધારે નક્કી થાય છે કે તે ગ્રામ છે કે નગર. વળી, તે નગરના જુદા-જુદા આકારને આધારે માલુમ થાય છે કે, કયા આકારના નગરમાં વસવાથી કેટલો લાભ કે હાની થાય છે. ગ્રામ નગરમાં દિશાઓ અનુસારના કઈ દિશામાં કઈ જ્ઞાતિના લોકોએ વસવાટ કરવો. આમ, ગ્રામ-નગરનું પૂરતું આયોજન માલુમ પડે છે.

## પાદ-ટિપ

| | | |
|---|---|---|
| ૧. | अमरकोश द्वितीयकाण्डः | पृ.२०८ |
| २. | वास्तु राजवल्लभ | अ.-४-४,५,६ |
| ३. | वास्तुसार | श्लोक - ८१ |
| ४. | वास्तु राजवल्लभ | अ.४-८ |
| ५. | वास्तुसार | श्लोक-८३,८४,८५ |
| ૬. | वास्तु राजवल्लभ | अध्याय-४-१० |
| ७. | अपराजितसूत्र | ७२-१२ |
| ८. | वास्तु राजवल्लभ | अ.४-७ |
| ९. | वास्तु राजवल्लभ | अ.४-१२ |
| ૧૦. | कौटिल्य अर्थशास्त्र, प्रस्तावना | पृ.१०७/१०८/१०९ |
| ૧૧. | वास्तुसार | श्लोक-८६, ८७ |
| ૧૨. | वास्तु राजवल्लभ | अ.४/१८,१९ |
| ૧૩. | मत्स्यपुराण | अ.२५६/पृ.५५६,५५८ |
| ૧૪. | **ચરક સૂત્રધાર** | **અ.૧** |
| ૧૫. | मत्स्यपुराण | अ.११७ /पृ.२१८ |
| ૧૬. | मत्स्यपुराण | अ.११८/पृ.२२१ |
| ૧૭. | अग्निपुराण | अ.१०५/पृ.१४३ |
| ૧૮. | अग्निपुराण | अ.१०६/५,१४५-१४६ |
| ૧૯. | विश्वकर्मापुराण | अ.३१/पृ.२५४-२५९ |
| ૨૦. | महाभारत - आदिपर्व - | अ.२०७/पृ. ३५९- |
| | राज्यलंभपर्व | ३६१ |

# પ્રકરણ–૭

# પ્રકરણ-૭
# દુર્ગ વાસ્તુ

૭.૧ ભૂમિકા

૭.૨ દુર્ગના પ્રકારો

૭.૩ દુર્ગ વર્ણન

૭.૪ નિષ્કર્ષ

# પ્રકરણ-૭
# દુર્ગ વાસ્તુ

## ૭.૧ ભૂમિકા

પ્રાચીન ભારતમાં સુરક્ષાની દષ્ટિએ દુર્ગનું અત્યંત મહત્ત્વ હતું. દુર્ગ રાજયની રક્ષણાત્મક શક્તિનું પ્રતીક હતા. રાજ્યમાં દુર્ગોની વધુ સંખ્યા તે રાજયની સંરક્ષણશકિતનો ખ્યાલ આપતી. રાજયને વધુ શકિતશાળી બનાવવામાં દુર્ગ સહાયક બનતો. આચાર્ય શુક્રે દુર્ગની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે,

'સંકટ સમયે જે પોતાના રાજાનું રક્ષણ કરે છે અને જેને મેળવવા માટે શત્રુઓને અનેક કષ્ટો વેઠવાં પડે છે તેને દુર્ગ કહેવાય.'(૧)

સોમદેવ સૂરિ કહે છે,

"જેની નજીક જતાં શત્રુને દુઃખ થાય અને જયાં દુષ્ટોના પ્રયત્નોથી વિજય મેળવનારની સામે આવતી બધી આપત્તિઓનો નાશ થાય તેને દુર્ગ કહેવાય."(૨)

મનુએ દુર્ગ વિશે ચર્ચા કરતાં દર્શાવ્યું છે કે,

एकः शतं योधयति प्राकारस्थो धनुधरः ।
शतं दशसहस्त्राणि तस्माद्दुर्गं विधीयते ॥

અર્થાત્, "દુર્ગમાં સુરક્ષિત એક ધનુર્ધારી સો યોદ્ધાઓની સામે અને સો ધનુર્ધારી દસ હજાર યોદ્ધાઓની સામે યુદ્ધ કરવા શકિતમાન બને છે."(૩)

દુર્ગનું મહત્ત્વ દર્શાવતાં કૌટિલ્ય જણાવે છે કે,

દુર્ગના અભાવે શત્રુ સરળતાથી કોષ ઉપર અધિકાર જમાવી શકે છે. યુદ્ધપ્રસંગે શત્રુના પરાજય માટે દુર્ગનો જ આશ્રય ઉપયોગી બને છે. કેમ કે સૈન્યશકિતના પ્રયોગમાં દુર્ગ નિશ્ચિત રીતે વધુ લાભદાયક સાબિત થાય છે. જે શાસકોનો દુર્ગ મજબૂત હોય છે તેમને પરાસ્ત કરવાનું દુષ્કર બને છે.(૪)

સોમદેવ સૂરિએ દુર્ગના મહત્ત્વ વિશે લખ્યું છે કે,

જે રીતે સમુદ્રની મધ્યે નૌકાથી જુદા પડી ગયેલાને કોઈ રક્ષક હોતો નથી, તે રીતે સંકટ સમયે, દુર્ગ વિહીન રાજાની રક્ષા કરનાર હોતું નથી.(૫)

આ ઉદાહરણોનો નિષ્કર્ષ એ છે કે દુર્ગ વિના રાજયનું રક્ષણ શકય નથી. આ જ કારણસર ભારતીય રાજાઓ દુર્ગનિર્માણ ઉપર વિશેષ ધ્યાન આપતા હતા.

દુર્ગની રચના નગર આધારે રાખવામાં આવતી દુર્ગની પરંપરા પુરાતનકાળમાં પણ હતી. દુર્ગના બે ભેદ છે. (૧) કૃત્રિમ અને (૨) અકૃત્રિમ. અકૃત્રિમ દુર્ગનો અર્થ એ દર્શાવી શકાય કે પ્રકૃતિ સ્વયં ઉપાદાનરૂપ બને છે.

પ્રાચીન વાસ્તુશાસ્ત્રીય પરંપરામાં અકૃત્રિમ દુર્ગ વ્યવસ્થા હતી પરંતુ મયમતમ્ અને માનસર કૃત્રિમ દુર્ગની વિવેચના પણ કરે છે. ભોજરાજા પણ બંને પ્રકારની દુર્ગ વિવેચના કરે છે.

વિશ્વકર્માના મતે દુર્ગની રચનાથી નિર્બળ માણસ પણ બળવાન બની જાય છે. અને તેનો આશરો લઈને જ પૃથ્વી ઉપર બળપૂર્વક રાજ્ય થાય છે અને

રાજાઓની પરસ્પરની લડાઈ પણ આ પ્રકારના દુર્ગ (કિલ્લા)ના આશ્રયથી જ સામાન્ય શત્રુઓ સાથે થતી હતી.

## ૭.૨ દુર્ગના પ્રકારો

વિશ્વકર્મ પ્રકાશમાં દુર્ગના પ્રકાર વિશે જણાવે છે કે,

विषमं दुर्गमं घोरं वक्रं भीरूं भयावहम् ।
कपिशीर्ष समं चैव रौद्रादलक मंदिरम् ॥
स्थानं विचिन्त्य विषमं तत्र दुर्गं प्रकल्पयेत् ।
प्रथमं मृण्ययं प्रोक्तं जलकोटं द्वितीयकम् ॥
तृतीयं ग्रामकोटं च चतुर्थं गिरि गह्वरम् ।
पंचमं पर्वतारोहं षष्ठं कोटं च डामरम् ॥
सप्तमं वक्र भूमिस्थं विषमाख्यं तथाष्टमम् ।
चतुरस्त्रं चतुद्वारं वर्तुलंच तथैव च ॥

વિષમ, દુર્ગમ, ઘોર, વાંકો, બીકણ, ભય પેદા કરનાર, વાંદરાના મસ્તક જેવો, રૌદ્ર, અલકમંદિર – આ પ્રમાણેના ઢદ્રના સ્થાનથી કુબેરના સ્થાન સુધી (ઉત્તરથી ઈશાન પર્યંત) યોગ્ય સ્થાનનો વિચાર કરીને ત્યાં દુર્ગ(કિલ્લો) બનાવવો. આ પ્રકારના સ્થાનમાં વિષમ દુર્ગની રચના થઈ શકે.

પ્રથમ કિલ્લો માટીનો હોય છે. બીજો જળનો બને છે. ત્રીજો ગ્રામકોટ અર્થાત્ ગામનો કિલ્લો, ચોથો પર્વતની ગુફામાં, પાંચમો પર્વતના ચઢાણ ઉપર, છઠ્ઠો ડામર, સાતમો વાંકી જમીનમાં આવેલો, આઠમો વિષમ પ્રકારનો, ચોરસ, ચાર દરવાજાવાળો, વર્તુળ વગેરે.

વળી, લાંબા બે દરવાજાવાળો, ત્રિકોણ અને એક જ માર્ગવાળો, ગોળ, લાંબો જેને ચાર દરવાજા હોય, અર્ધ ચન્દ્ર જેવા આકારનો, ગાયના આંચળના આકારનો, ચાર દરવાજાવાળો, ધનુષના આકારનો, માર્ગ કંટક અને કમળના પાન જેવા આકારનો અને છત્ર જેવા આકારનો : આમ કિલ્લાના જુદા જુદા પ્રકારો જણાવેલ છે.

- માટીના બનાવેલા કિલ્લામાં તેને ખોદી કઢાય. આથી તે ભય ગણાય.
- પાણીનો કોટ કરેલો હોય તો તેની ઉપરનો પુલ કે બંધ તૂટવાથી ભય ઊભો થાય.
- ગ્રામદુર્ગમાં આગ લગાડવાનો ભય.
- ડામરના કિલ્લામાં જમીનનું જોર (દબાણ) ભય પેદા કરે.
- વક્રદુર્ગમાં વિયોગનો ભય.
- પર્વતમાં સ્નાનના પ્રકારના કારણે ભય
- ગુફામાં પ્રવેશના કારણે ભય આ ઉપરાંત
- વિષમમાં સ્થાયી લોકોથી ભય રહે.(૬)

वास्तुसारः ગ્રંથમાં દુર્ગને પ્રાકારને આધારે ઓળખાવીને તેના વિશેની ચર્ચા કરે છે.

प्राकारस्योदयं कुर्यादेकत्रिपंचविंशतिः ।
हस्तास्तदर्धे विस्तारो बाणमार्गविराजितेः ॥

तद्ध्र्ये कपिशीर्षाणि अष्टमांशतराणि च ।
सकोणा वर्तुला बाह्ये विधाधर्योडपि कोष्ठकाः ॥

वृत्तं वृत्तायताष्टास्त्रे अष्टपत्रे यवाकृतिः ।
स्वस्तिकं पुरूषाकारं दुर्गमित्यादि सौख्यदस ॥

પ્રાકાર=કોટ=કિલ્લાનો ઉદય એકવીશ – ત્રેવીશને પચ્ચિશ ગજનો એટલે જયેષ્ઠ, મધ્યમને કનિષ્ટ માનનો કોટ કરવો. ઉદયનો અર્ધ વિસ્તાર (જાડો–પહોળો) કરવો તેમાં ઉપરના ભાગમાં બાણ માર્ગ અમુક અમુક અંતરે રાખવાં. કિલ્લાને ઉપર કાંગરા આઠ આઠ આંગળના અંતરે કરવા. કિલ્લાને બહાર ખૂણા ગોળ બુરજ કોઠાવાળા ગોળ તેમાં અંતરે ચોરસ કોઠા કરવા. તેનું વિદ્યાધરી નામ જાણ્યું બુરજની અંદરના કોઠાને વિદ્યાધરી કહે છે. દુર્ગ = કિલ્લા ગોળ, લંબગોળ, અષ્ટાસ, અષ્ટપત્ર, પુષ્પાકૃતિ અને યવના આકારના સ્વસ્તિકાર પુરૂષાકાર દુર્ગો હોય તો તે સુખને આપનાર જાણવા.

त्रिकोणं रसकोणं च एकाद्विशकठाकृतिः ।
वज्रं त्रिशूलं वैकर्णं पुराणि सप्त वर्जयेत् ॥

शोभितं नगरं कार्यं हट्टप्राकारगोपुरैः ।
प्रासादनगरोधान कीर्तिस्तंभ जलाश्रयैः ॥

જે નગરને કિલ્લો ૧ ત્રિકોણ, ૨ છહાસનો, ૩ ષટ્કોણ ૪ એક કે બે જોડીયા ગાડાના આકારવાળો ૫ વજના આકારનો ૬ ત્રિશૂલાકાર કે ૭ વિકર્ણ એ સાત આકૃતિના કોટવાળાં નગર તજી દેવાં વિકર્ણ એટલે સામસામા ખૂણા

જોડનારી રેખા એટલે ચોકડી પાડનારો આકાર હોય તેવો દુર્ગ. જે નગર હાટ, દુકાનોથી ,કિલ્લાથી અને તેના દરવાજા ગોપુર, પોળો, દેવમંદિરો, રાજપ્રાસાદો, ઉદ્યાન, બગીચા, કીર્તિસ્તંભ અને જળાશયો વાવ, કૂવા, તળાવોથી શોભતું હોય તે શ્રેષ્ઠ છે. એક, બે કે ત્રણ માળના કીર્તિસ્તંભ ચતુર્મુખ ગવાક્ષોથી શોભતું નગર શ્રેષ્ઠ કહેવાય છે.(૭)

રાજવલ્લભમાં દુર્ગના પ્રકારો વિશેની માહિતી મળે છે,

> भूदुर्गं जलदुर्गमद्रि विषये दुर्गभवेद्रव्हरे्
> तेषांमुत्तममद्रिमुर्ध्निरचितंतद्वैरिणांदुर्गमम् ॥
> अन्नार्धर्धृततोयतैलवणैः काष्टैस्तृंणाधैस्तथा
> यंत्रोपस्करबाणशस्त्रसुभटैः संपूरयेद्भूपतिः ॥

કિલ્લાઓ ચાર પ્રકારના છે. તેમાં પ્રથમ ૧. ભૂમિદુર્ગ કે બીજો જળદુર્ગ, ત્રીજો ગિરિદુર્ગ અને ચોથો ગવ્હરદુર્ગ છે એ ચાર કિલ્લાઓમાં ત્રીજો કે જે પર્વતના મસ્તક ઉપર હોય તે સર્વ કિલ્લાઓથી શ્રેષ્ઠ છે કેમ કે, તેવા દુર્ગમાં શત્રુ સહેલાઈથી પ્રવેશ કરી શકે નહીં.

ઉપર બતાવેલા કિલ્લાઓમાં અન્ન, ઘી, પાણી, તેલ, લવણ (મીઠુ), બળતણ, ઘાસ અને સંગ્રામની સામગ્રીનાં યંત્રો, ઉપસ્કર (યંત્રો ભરવાની સામગ્રી), બાણ, શસ્ત્રો અને શુદ્ધપ્રસંગે ઉત્તમ પ્રકારે શત્રુ સામે લડી જાણનાર એવા યોદ્ધાઓ ઈત્યાદિ પૂર્ણ રીતે રાજાએ કિલ્લામાં રાખવાની તજવીજ રાખવી જોઈએ.

| | | | |
|---|---|---|---|
| ૧. | ભૂમિદુર્ગ | - | જમીન ઉપર કિલ્લો હોય તે |
| ૨. | જળદુર્ગ | - | જેની ચારે તરફ પાણી હોય તે જેમ કે, દ્વારકા, લંકા વગેરે. |
| ૩. | ગિરિદુર્ગ | - | પર્વતના મસ્તક ઉપર હોય તે જેમ કે, ભૂજ, ચીત્તોડ, કુંભલમેર, અજમેર, જયપુરનો, નારગઢ અને જોધપુર વગેરેના કિલ્લા છે તે. |
| ૪. | ગવ્હર દુર્ગ | - | પર્વતો વચ્ચે હોય તે જેમ, ઈડર વગેરે.(૮) |

સમરાંગણ સૂત્રધારમાં જલદુર્ગ, પંકદુર્ગ, વનદુર્ગ, એરિણદુર્ગ, પર્વતીય દુર્ગ અને ગૃહાદુર્ગ એમ છ ભેદ દર્શાવ્યા છે.

દુર્ગનું મહત્ત્વ વ્યક્ત કરતાં કહેવાયું છે કે,

वापीकूपतडागदेवभवनान्यारामयागादिकं
तीर्थांनामवगाहनं च विधिवत्कन्याप्रदानादिकम् ।

सर्व पुण्यदिकं नृपः स लभते यः कारयेत्पर्वते
दुर्ग सर्वजनाय शर्मजननं विश्राममेकंपरम् ॥

અર્થાત્, "વાપી, કૂપ, દેવસ્થાન, તડાગ અને બગીચા બનાવવાનો યજ્ઞાદિ કરવાનો, તીર્થસ્થાન કરવાનો અને કન્યાદાનનું જે પુણ્ય હોય છે તે બધું જ તે રાજાને પ્રાપ્ત થાય છે કે જે પર્વત ઉપર કલ્યાણદાયક અને વિશ્રામસ્થાન દુર્ગને બનાવે છે.(૯)

**યુક્તિકલ્પતઢમાં કૃત્રિમ દુર્ગનું નિરૂપણ કરતા કહે છે કે,**

यस्मिनाज्ये गिरिर्नास्ति नधो वा गहनोदका: ।
तस्य मध्ये महीपाल: कृत्रिमं दन्दमारभेत् ॥(१०)

**જ્યોર્તિર્વિદાભરણ નામક ગ્રંથમાં દુર્ગ વિશે પ્રાકાર અધ્યાયમાં ટીકાકાર આ પ્રમાણે લખે છે.**

दुर्गमिति ॥ हि युकतार्थ दुर्ग कोटं विना दुर्गमं शत्रुभिर्दुष्प्राष्यं पुरं नैव स्यात् ॥ यत: यस्याश्रयबलेनैव राज्यं कुर्वंति भूतले । विग्रहं चतुराशायं सीमान्तै: शत्रुभि: सह ॥ विषमं दुर्गमं धोरं वत्रं भीरूभचावहं । कपिशीषैश्च शोभाढयं रौद्रादालकमंडितं । प्रतोली पत्रकालास्यां परिखा कालरूपिणी । रणमंडपकृताटोपढि कुलीयत्रयात्रितं ॥ मुशलैर्मुद्ररै: पाशै: कुंतखडगैर्धनु: शरै: ॥ संयुक्तं सुभटै: शरै: ॥ संयुक्तं सुभटै: शूरेरिति दुर्ग निवेशयेत् प्रथम मृण्मयं कोटं जलकोटं द्वितीयकं तृत्तीयं ग्रामकोटं च चतुर्थ गिरि गव्हरं पंचमं पर्वतारोहहं षष्ठं कोटं च डांबर । सप्तमं वक्रभूमिस्यं विषयाख्यं तथापरं ॥(११)

**મનુસ્મૃતિમાં રાજધાનીના રક્ષણ માટેના દુર્ગોનું વર્ણન કરવામાં આવ્યું છે. મનુએ સૌ પ્રથમ રાજાએ કેવા દેશમાં રહેવું તેના વિશેનો વિચાર કર્યો છે. જે આ મુજબ છે,**

- **જેમાં ખૂબ ધાન્ય થતું હોય,**
- **જેમાં મોટેભાગે આર્યો રહેતા હોય,**
- **જે રોગાદિથી રહિત હોય,**

- જે મનોહર હોય,
- જેમાં સામંતો નમતા રહેતા હોય,
- જેમાં ખેતી અને વેપાર સારા ચાલતા હોય,
- પ્રજાને આજીવિકા પૂરતી મળી રહે તેમ હોય.

धन्वदुर्गं महीदुर्गमब्दुर्गं वार्क्ष्यमेव वा ।
नृदुर्गं गिरिदुर्गं वा समाश्रित्य वसेत्पुरम् ॥

આમ, આવી રાજધાનીમાં રાજાએ વસવું. તેવો મનુના ઉલ્લેખ બાદ તે ધન્વદુર્ગ, મહીદુર્ગ, જળદુર્ગ, વૃક્ષદુર્ગ, મનુષ્યદુર્ગ અને ગિરિદુર્ગનો આશ્રય લઈને પોતાની રાજધાનીનું નગર વસાવવું એમ જણાવેલ છે. જેમાં છ પ્રકારના દુર્ગ–કિલ્લાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧) ધન્વદુર્ગ – ચારે બાજુએ દશ માઈલ સુધી જે પ્રદેશ જળરહિત હોય તે ધન્વદુર્ગ કહેવાય.

૨) મહીદુર્ગ – જે કિલ્લો પથ્થર કે ઈંટોનો બનાવેલ હોય, બાર હાથ ઊંચો હોય, ખૂબ વિસ્તારવાળો હોય, જેમાં વગર રોકે હરીફરી શકાય એવું હોય અને જેમાં જાળિયા હોય તે મહીદુર્ગ કહેવાય.

૩) જળદુર્ગ – જેની ચારે બાજુ ખૂબ ઊંડુ પાણી હોય તે દુર્ગને જળદુર્ગ કહે છે.

૪) વૃક્ષદુર્ગ - જેની દૂરના એક જોજન સુધી મોટા વૃક્ષો, ગીચ ઝાડી, કાંટાવાળા વૃક્ષો, છોડ, વેલા વગેરે હોય તેથી દુશ્મનને માટે દુર્ગમ હોય તેને વૃક્ષદુર્ગ કહેવાય.

૫) મનુષ્યદુર્ગ - હાથી, ઘોડા વગેરેનું સૈન્ય જેની રક્ષા માટે ચારે તરફ ઊભુ રખાતું હોય તે મનુષ્યદુર્ગ છે.

૬) ગિરિદુર્ગ - જેના ઉપર ખૂબ મુશ્કેલીની ચઢી શકાય છે તથા જે પર્વતોની વચ્ચે હોય તે ગિરિદુર્ગ છે.

આ બધા દુર્ગોમાં ગિરિદુર્ગ પોતાના અનેક ગુણોને લીધે બધા કરતાં શ્રેષ્ઠ છે તેથી, પ્રયત્નપૂર્વક તેનો આશ્રય લેવાનું મનુએ જણાવેલ છે.

- પ્રથમના ધન્વદુર્ગ, મહીદુર્ગ અને જળદુર્ગ એ ત્રણ દુર્ગોમાં અનુક્રમે મૃગો, ઉંદરો અને જળચરો રહે છે.

- બીજા પછીના ત્રણમાં વૃક્ષદુર્ગ, મનુષ્યદુર્ગ અને ગિરિદુર્ગમાં વાંદરા, મનુષ્યો અને દેવો રહે છે.

રાજા માટે કિલ્લાની આવશ્યકતા સ્વીકારવામાં આવેલી છે. જેમાં કિલ્લાને આશ્રયે રહેલા એ પ્રાણીઓને તેના શત્રુઓ મારી શકતાં નથી તેમ દુર્ગને આશ્રયે રહેલા રાજાને પણ તેના શત્રુઓ મારી શકતા નથી. તેમ જ કિલ્લામાં રહેલા એક જ ધર્નુધારી યોદ્ધો સો યોદ્ધાઓ સામે અને સો ધર્નુધારીઓ દશ હજાર યોદ્ધાઓ સામે લડી શકે છે. આથી, જ કિલ્લા તો ખાસ કરવામાં આવતા.[૧૨]

કૌટિલ્યના અર્થશાસ્ત્ર પ્રમાણે આદર્શ દુર્ગ શહેરની ફરતે હોય. આ દુર્ગ ફરતી ત્રણ પહોળી ખાઈઓથી વીંટળાયેલો હોય. આ ખાઈની અંદર માટી ભરેલી હોય. આ માટીનો ભાગ કાંટાળા છોડથી ઢાંકી દીધેલો હોવો જોઈએ. ખાઈઓની તેમજ શહેરની વચ્ચમાં છત્રીસ ફૂટી ઊંચી દિવાલ કરવી જોઈએ. આ દિવાલને ઘણા બુરજો હોય અને બાણવળીઓ માટે છાપરાંઓ વાળા છજ્જા હોય. પાટલીપુત્રની દિવાલ માટે કહેવાય છે કે તેની ઘણી મજબૂત લાકડાની દિવાલ હતી. અર્થશાસ્ત્ર કાષ્ઠના દુર્ગો સામેના પ્રતિકારની સલાહ આપે છે. કારણ કે લાકડામાં બળી જવાની કે ખવાઈ જવાની સંભાવના છે.(૧૩)

મત્સ્યપુરાણના ઉત્તરાર્ધમાં જણાવ્યું છે કે, રાજાએ પોતાના તેમજ રાજધાનીની સાથે તેમાં વસતી પ્રજાના રક્ષણ માટે દુર્ગોનું આયોજન કરવું જોઈએ. અહીં છ દુર્ગોનો ઉલ્લેખ કર્યો છે. જેમાંથી રાજાને યોગ્ય જણાય તેનું નિર્માણ કરવું. (૧) ધન્વદુર્ગ, (૨) મહીદુર્ગ, (૩) નરદુર્ગ, (૪) વૃક્ષદુર્ગ, (૫) જલદુર્ગ અને (૬) પર્વતદુર્ગ. આમ, આ છ દુર્ગોમાં સૌથી શ્રેષ્ઠ દુર્ગ પર્વત(ગિરિ) દુર્ગ મનાય છે. આ ગિરિદુર્ગ ખાઈ, દિવાલો તથા બારીઓથી યુક્ત હોવું જોઈએ. અહીં ફાટક પણ રાખવામાં આવતું. જેથી, રાજા હાથી પર બેસીને નગરમાં પ્રવેશ કરી શકે. નદી તટ પર અર્ધ ચન્દ્રાકાર દુર્ગ ઉત્તમ ગણાય છે. રાજાએ દુર્ગમાં ગુપ્તદ્વાર પણ બનાવવા જોઈએ. આમ, દુર્ગ એટલે કિલ્લો જે રાજધાનીના રક્ષણ માટે અતિ આવશ્યક હતો. પરંતુ રાજધાનીનું સ્થાન તેમજ આજુબાજુના વિસ્તારના આધારે જુદા-જુદા દુર્ગો બાંધવામાં આવતા.(૧૪)

મહાભારતમાં રાજયધર્મ શાંતિપર્વના છય્યાસીમા અધ્યાયમાં ભીષ્મ પ્રત્યે યુધિષ્ઠિર પૂછે છે કે, રાજાએ પોતાના વસાવેલા નગરમાં રહેવું કે બીજાના

વસાવેલામાં રહેવું ! એવું સાંભળી ભીષ્મ બોલ્યા કે, રાજાએ ષડ્‌વિધ દુર્ગનો આશ્રય કરી રહેવું. તે છ પ્રકારના કિલ્લા એવા હોવા જોઈએ કે –

૧. પ્રથમ ધન્વદુર્ગ એટલે નિર્જળ દેશ. જે ઠેકાણે પાણી થોડું મળે ત્યાં (શત્રુ હેરાન થાય માટે)

૨. બીજો જમીન ઉપર કિલ્લો હોય એવા દુર્ગમાં રાજાએ રહેવું.

૩. ત્રીજો ગિરિદુર્ગ એટલે પર્વતના મસ્તક ઉપર કિલ્લો હોય તેમાં રહેવું.

૪. ચોથો મનુષ્યવર્ગ એટલે જયાં મનુષ્યનો મોટો જથ્થો હોય અને તે મદદગાર થાય તેવામાં રહેવું.

૫. પાંચમો મૃદદુર્ગ એટલે ધુળનો કોટ હોય તેમાં રહેવું.

૬. છઠ્ઠો વનદુર્ગ એટલે ગાઢ વૃક્ષોવાળું જંગલ હોય તેમાં રહેવું જોઈએ.

આમ, આ પ્રમાણેના દુર્ગવાળા નગરમાં રાજાએ રહેવું. અહીં મનુષ્યદુર્ગને શ્રેષ્ઠ જણાવવામાં આવે છે.(૧૫)

બ્રહ્મપુરાણમાં અન્ય ગ્રંથોના દુર્ગના ઉલ્લેખ સાથે દુર્ગના પ્રકાર જણાવેલ છે તે મુજબ,

सामान्यतः दुर्ग छः प्रकार के माने गए है । धनुदुर्ग, महीदुर्ग, नृदुर्ग, वृक्षदुर्ग, जलदुर्ग तथा गिरीदुर्ग । परंतु वायुपुराण और कौटिल्य अर्थशास्त्र में केवल चार प्रकार के दुर्ग ही स्वीकार किए गए है । मनुने गिरिदुर्ग को सर्वश्रेष्ठ माना है परंतु महाभारत के शांतिपर्व में नृदुर्ग को सर्वोत्तम कहा गया है क्योंकि उसे जीतना बडा कठिन है ।

ब्रह्मपुराण में एकाम्रकक्षेत्र, अवन्तिका, मथुरा आदि नगरों के वर्णन प्रसंग में प्राप्त 'सितप्राकार – शोभितम ! 'दृढप्राकारतोरणा', 'प्राकारशतसंबाधाम्' जैसे शब्दों से प्रतीत होता है कि राजधानी अर्थात् दुर्ग चारों ओर ऊँची चार दीवारी से युक्त होती थी । अनुमानतः ये भी महीदुर्ग थे । 'रक्षितं शस्त्रसधैश्च' से संकेत मिलता है कि संभवतः दुर्ग सेना से रक्षित होता था । इसे नृदुर्ग के रूप में स्वीकार किया जा सकता है । इसके अतिरिक्त नगरोको 'परिखाभिरलंकृतम्' (खाइयों से अलंकृत) भी कहा गया है । तत्कालीन दुर्ग काफी विस्तृत होते थे । कृष्ण ने यादवों के प्रति संकट उत्पन्न होने पर द्वारका नगरी के निर्माण हेतु समुद्र से विस्तृत स्थान की याचना की थी । कृष्ण ने ऐसे दुर्ग की रचना की जो चारदीवारियों से आवृत्त, तालाबों, उधानों और मिट्टी के टीलों से युक्त था । उस दुर्ग से स्त्रियां भी युद्ध कर सकती थी ।

**બ્રહ્મપુરાણનું આ કથન મનુના આ મુજબના કથનની સાથે સરખાવી શકાય જેમકે,**

एकः शतं योधयति प्राकारस्थो धनुर्धरः ।

**આમ, કહેવાનું તાત્પર્ય એ જ છે કે, દુર્ગના આશ્રયથી નિર્બળ પણ સબળથી યુદ્ધ કરી શકે છે.[૧૬]**

**પ્રાચીન આચાર્યોએ દુર્ગના ભેદો ઉપર પણ ચર્ચા કરી છે. મહાભારતમાં છ પ્રકારના દુર્ગોનો ઉલ્લેખ મળે છે. ધન્વ દુર્ગ, મહી દુર્ગ, ગિરિ દુર્ગ, મનુષ્ય**

દુર્ગ, મૃત્તિકા દુર્ગ અને વન દુર્ગ. લંકાવર્ણનમાં વાલ્મિકીએ લંકાનગરીને અનેક પ્રકારના દુર્ગોથી સુરક્ષિત બતાવી છે. મત્સ્યપુરાણમાં પણ છ પ્રકારના દુર્ગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ધાન્વદુર્ગ, મહીદુર્ગ, જળદુર્ગ, નરદુર્ગ, વૃક્ષદુર્ગ અને ગિરિદુર્ગ. મનુએ પણ છ પ્રકારના દુર્ગ વર્ણવ્યા છે. રાજાએ ધન્વદુર્ગ, મહીદુર્ગ, જળદુર્ગ, વૃક્ષદુર્ગ, નૃદુર્ગ અને ગિરિદુર્ગનો આશ્રય લઈને નગર વસાવવું જોઈએ તેમ જણાવ્યું છે.

આચાર્ય શુક્ર ઓરિણ, પારિખ, વન, ધન્વ, જલ, ગિરિ અને સૈન્ય નામના સાત પ્રકારના દુર્ગોનો ઉલ્લેખ કરે છે. પ્રાચીન ભારતમાં એરિણ, વન, પારિખ, જળ અને પર્વતદુર્ગ ખાસ ઉલ્લેખનીય હતા. એરિણદુર્ગ પથ્થરો, ગાઢ વન વૃક્ષો અને કાંટાળી ઝાડીઓથી ઘેરાયેલો હતો. મોટી મોટી શિલાઓ ચટ્ટાનોથી ઘેરાયેલ કે ગુફાના આકારવાળા વિકટ પર્વતસ્થાનને પર્વતદુર્ગ કહેવાતો અને જળથી ઘેરાયેલો હોય તેવો દુર્ગ જળદુર્ગ કહેવાતો કૌટિલ્ય દુર્ગના ચાર પ્રકાર વર્ણવે છે. ઔદક દુર્ગ, પર્વતદુર્ગ, ધન્વનદુર્ગ અને વનદુર્ગ.

'चतुर्दिशं जनपदान्ते साम्परायिकं दैवकृतं दुर्गं कारयेत्, अन्तर्द्वीपं स्थलं वा निम्नावरुद्धमौदकं प्रास्तरं गुहां वा पार्वतं निरुदकस्तम्बमिरिणं वा धान्वनं खञ्जनोदकं स्तम्भगहनं वा वनदुर्गम् ।'(१७) આ ચારમાંના ઔદક અને પર્વતદુર્ગ જનપદના રક્ષણ માટે ઉપયોગી બને છે. સંકટના સમયે ભાગી જઈને તેમાં શરણ લઈ પ્રાણરક્ષા કરી શકાય છે. આ બધા પ્રકારના દુર્ગોમાં ગિરિદુર્ગને શ્રેષ્ઠ બતાવતાં કહેવાયું છે કે આ દુર્ગ ખાઈઓ, ચાર દિવાલો અને ઊંચી અટારીઓવાળો હોવો જોઈએ. તોપો વગેરે સેકડો યંત્રોથી ઘેરાયેલો હોવો જોઈએ. તેમાં મોટાં કમાડવાળો, મનોહર અને મજબૂત દરવાજો હોવો જોઈએ. જેમાંથી રાજા હાથી ઉપર સવાર થઈને પતાકા સાથે પ્રવેશી શકે. (૧૮)

## ૭.૩ દુર્ગવર્ણન

વિ✓કર્મા પુરાણ દ્વારિકા નિર્માણ નામના અધ્યાયમાં દ્વારિકા નગરીના નિર્માણ પહેલા પ્રથમ તેની રક્ષણાર્થે દુર્ગની રચના કરવામાં આવી હતી.

સૌપ્રથમ જરાસંધના ભયથી રૈયતનું રક્ષણ કરવાને માટે સાગરમાં કિલ્લો બંધાવ્યો હતો. ત્યારબાદ તે કિલ્લામાં દ્વારિકા નગર ભગવાન શ્રીકૃષ્ણએ વિશ્વકર્મા પાસે બનાવી.

વિશ્વકર્મા પ્રભુએ પ્રથમ તો પશ્ચિમ કિનારાના સાગરમાં અનેક ઉત્તમ અને મજબૂત ધાતુઓના મિશ્રણથી એક અજેય કિલ્લો બનાવ્યો પછી એ આખા દુર્ગને સોનાથી મઢી લીધો. એટલે એ કિલ્લો શામાંથી બન્યો છે. તેની કલ્પના આવતી નહોતી. પ્રજા એવું માનતી કે કિલ્લો સોનાનો જ છે. એ કિલ્લો નીચેથી પચાસ હાથ પહોળો અને ઉપરથી વીસ હાથ પહોળો રસ્તો બનાવ્યો હતો. એ રસ્તા પર એક સાથે બબ્બે રથ આવ-જા કરી શકતા કિલ્લા પરના રસ્તાની બહાર પાંચ હાથ ઊંચી અને આઠ હાથ પહોળી અને ટોચ પર ચાર હાથની એક દિવાલ હતી. ટોચ પર નાની દેવડીઓ હતી. દરેક દેવડીમાં ત્રણ-ત્રણ રક્ષકો રહી શકે તેવડી હતી. આમ, આખા કોટને ફરતે ત્રણસો સાઈઠ દેવડીઓ ચણેલી હતી. દસ દસ દેવડી દીઠ એક મોટી ચોકી હતી. તે દરેક ચોકીમાં દસ-દસ માણસોને રહેવાની સગવડ હતી. કિલ્લા પર કુલ બાર મોટી ચોકીમાં શસ્ત્રોના ભંડારો તથા તેનો ઉપયોગ જાણનારા સો-સો રક્ષકો રહી શકે તેવી વ્યવસ્થા હતી કિલ્લામાં મોટી ચોકીની અંદર-બહાર મળીને વીસ-વીસ મોટા શસ્ત્ર ભંડારો હતા. તે દરેકમાં ઘણાં શસ્ત્રો હતાં. વળી, કિલ્લાના રક્ષણાર્થે સંખ્યાબંધ સશસ્ત્ર સૈનિકો ચોવીસ કલાક તેનું રક્ષણ કરતા. તમામ ચોકીઓ પર નાના-મોટાં ગુંબજો હતા. કાંગરાઓ પર કિંમતી રત્નજડીત પક્ષીઓ – મોર,

પોપટ વગેરે મૂકેલાં હતાં. તે જાણે સાચાં જ પક્ષીઓ હોય તેવાં લાગતાં હતાં. વળી, કિલ્લા પર આરામનાં વિશ્રામસ્થાનો પણ બનાવવામાં આવ્યાં હતાં. મનોહર મોટું ઉદ્યાન પણ હતું.

આવી સુંદર રચના કરીને ભગવાને માત્ર એક જ દ્વાર મૂકયું હતું. તે દક્ષિણમાં હતું. તે એવી અગમ્ય જગ્યાએ હતું કે, કોઈને એકદમ જડે તેમ નહોતું. મોટી ચોકી પર યુદ્ધમાં ખપ લાગે તેવા સો-સો હાથીઓ હતા. દરેક ચોકી પર પાંચસો અશ્વો, પચાસ મોટા રથો હતા. કિલ્લા પરના સ્ફટિક – માર્ગ પરથી નગરમાં આવ-જા કરવાને માટે આઠ માર્ગો હતા. તે સોળ રસ્તાઓ અદ્ભુત હતા. તેમાં વિશ્વકર્મા પ્રભુએ અલૌકિક કલાકારીગરીની રચના કરી હતી. જરૂરિયાત વેળાએ એ માર્ગો આપમેળે રચાતા હતા અને કામ પુરું થતાં જ તે માર્ગો અદશ્ય થઈ જતા અને કિલ્લાની દિવાલમાં સમાઈ જતા. આવી રહસ્યમય અને અદ્ભુત કિલ્લાથી એ દ્વારિકા નગરી રક્ષિત હતી.

જાણે એ કિલ્લો વિવિધરંગી તૂતકો, સઢ, પતાકાઓથી શોભિત કોઈ જળ રાક્ષસ સમાન નૌકા હોય, તેમ પાણી પર તરતો દેખાતો. સાગરના જળ પર તરતા એ કિલ્લામાં ભગવાને અજબ-ગજબની કરામત કરી હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે, કયારેક કદાચ બાહ્ય દુશ્મનનો ભય પેદા થાય અને તેમાંથી મુકત થવાનો કોઈ માર્ગ ન સૂઝે, ત્યારે આખા યે નગર સહિત આખો કિલ્લો પાણીમાં અદશ્ય કરી શકાતો હતો અને છતાં તેમાં રહેનારી પ્રજાને કંઈપણ મુશ્કેલી કે ભય રહે તેમ નહોતાં ! આવે પ્રસંગે દુશ્મનની દુર્ગને ભોંય ભેગો કરવાની મુરાદ બર આવતી નહોતી. આમ, ભલભલા શત્રુઓને હાથ ઘસતા પાછા ફરવું પડતું હતું. આમ, દ્વારિકા નગરીના કિલ્લાનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું હતું.[૧૯]

**રાજવલ્લભમાં પણ શ્રીકૃષ્ણની દ્વારિકા નગરીના દુર્ગનો ઉલ્લેખ થયો છે.**

सिंहोवैरिपराभवंप्रकुरूते तिष्ठन् गिरेर्गव्हरे ।
दुर्गस्थोनृपतिः प्रभूतकटकंशत्रुजयेत्संगरे ॥

कैलासेनगरंशिवेनरचितं गौर्यादि संरक्षणं ।
दुर्गपश्चिम सागरेचहरिणान्येषांकिमत्रोच्यते ॥

**પર્વતની ગુફામાં રહેનાર સિંહ જેમ પોતાના શત્રુનો નાશ કરે છે તે જ રીતે કિલ્લામાં રહેનાર રાજા સામે તેનો શત્રુ મોટી સેનાવાળો છતાં દુર્ગપતિ રાજા શત્રુનો નાશ કરી શકે છે. એમ જાણી પાર્વતીના રક્ષણ માટે મહાદેવજી એ કૈલાસપર્વત ઉપર નગર રચ્યું, અને તે જ રીતે પશ્ચિમ સમુદ્ર વિષે શ્રીકૃષ્ણચંદ્રે દ્વારિકા નગરી રચેલી છે, તો બીજાઓ માટે શું કહીએ ? માટે રાજાઓએ અવશ્ય એવો કિલ્લો રચવો જ જોઈએ.**[૨૦]

**વિશ્વકર્મા પ્રકાશમાં વિવિધ દુર્ગોનું વર્ણન કરવામાં આવ્યું છે,**

अतिदुर्गं कालवर्णा चक्रावर्तं च डिंबरम् ।
नालावर्तं च पद्माक्षं पक्षभेदं च सर्वतः ॥

कारयेत्प्रथमं राजा पश्चाद् दुर्गं समाचरेत् ।
प्राकारे विन्यसेदादौ बाह्यस्थान् पूजयेत्ततः ॥

परिखाश्च ततः कृत्वा तन्मध्ये च ततः पुनः ।
सव्यापसव्य मार्गेण मार्ग तस्य प्रकल्पयेत् ॥

गृहाणि बाह्यसंस्थान् कोणे कोणेषु विन्यसेत् ।
कोणस्थान्बाह्यतोगेहान् विषमान् कारयेत्ततः ॥

અત્યંત ભયંકર, કાળના સ્વરૂપ જેવા સ્વરૂપવાળો, ચંદ્રના જેવાં વલયવાળો અને પુષ્કળ ગાઢ, નાળાંથી વીંટળાયેલો, કમળકાકડી જેવો (ઉપરથી કઠોર અને અંદરથી નરમ) તથા જેની પાંખો તૂટી ગયેલી હોય (બહારના સંપર્ક વગરનો) એવો દુર્ગ રચવાની વ્યવસ્થા પ્રથમ કરવી તે પછી જ રાજાએ દુર્ગ (કિલ્લા)ની રચના કરવી. સૌપ્રથમ બે પ્રાકાર (કોટ) તૈયાર કરવા. તે પછી જે બહાર રહી જતા હોય તેઓની પૂજા (સન્માન) કરવી. આ પછી સર્વ પ્રથમ ખાઈઓની રચના કરવી. (ચોતરફ ફરવાની જગ્યા એવો અર્થ પણ થાય) તે પછી તેની વચમાં ડાબા-જમણા અથવા તો આડા-ઊભા રસ્તાઓનું નિર્માણ કરવું. જે મકાનો દુર્ગની બહાર આવતાં હોય તેને દરેક ખૂણાઓમાં રાખવાં અને એ બહારનાં મકાનોને સહેલાઈથી ત્યાં ન જઈ શકાય તેવા બનાવવાં જોઈએ. પત્રકાલ નામવાળી, ખાઈના ભાગરૂપ, કાળના સ્વરૂપ જેવી, પ્રતોલીની રચના કરવી. અને તેમાં તેને ટુકડા કરી શકાય તેવાં યંત્રો ગોઠવીને તેને સુશોભિત કરવી. મુશળ, મુદ્દગર, પ્રાસ, વિવિધ યંત્રો ખડ્ગ તથા ધનુષ્યને ધારણ કરનારા શૂરવીર સૈનિકોથી તેને યુક્ત કરવી. અને તેના માટે મોક્ષ માટે (બહાર જવા માટે) ખૂણે ખૂણે નાનાં નાનાં બાકોરાં મૂકવાં અને તેની બહારની તરફ ઘણા મોટા વિસ્તારની કાળના જેવા સ્વરૂપવાળી પરિઘિની રચના કરવી.

समे प्रदेशे मध्ये तु महागेहानि विन्यसेत् ।
तत्र संपूज्येद्वास्तुं कोटपालं तथैव च ॥

क्षेत्रपालं च विधिवत् पूर्ववत्तं प्रपूज्येत् ।
एतद्विधानं सर्वेषु दुर्गेषु च विधानतः ॥

આ પછી કિલ્લાના મધ્યમભાગમાં જે સમતળ પ્રદેશ હોય તે પ્રદેશમાં મોટાં મોટાં મકાનો બનાવવાં અને ત્યાં વાસ્તુ તથા કોટપાલનું પૂજન કરવું. વળી, અગાઉની જેમ જ ક્ષેત્રપાલનું પણ વિધિપૂર્વક પૂજન કરવું. આ પ્રમાણેનું કિલ્લાનું વિધાન બધા જ કિલ્લાઓ માટે એક જ સરખું જાણવું. પરંતુ પર્વતના જેવા અસમતળ પ્રદેશમાં આ પ્રમાણે વિધાન કરવું; અહીં સૌથી બહાર પરિખા (ખાઈ) બનાવવી અને તે ખાઈની વચ્ચે જ કોટ બનાવવો. પછી તેની અંદર એક બીજી ભીંતની રચના કરવી અને તે ભીંતની વચમાં મકાનો બનાવવાં. ઘરોની વચમાં ખાઈઓ ન બનાવવી. આગળની જેમ જ ખૂણાઓમાં પણ મકાનો બનાવવાં અને ત્રણ, પાંચ કે સાત નાના નાના કિલ્લા વચમાં બનાવવા. આ બધાની વચમાં મહાપદ્મની કલ્પના કરવી અને ત્યાં જ વાસ્તુ, કોટવાલ વગેરેનું સ્થાપન કરવું.(૨૧)

મહાભારતમાં રાજ્યધર્મ શાંતિપર્વના ઓગણસીત્તેરમાં અધ્યાયમાં ભીષ્મપિતાને યુધિષ્ઠિર પ્રશ્ન પૂછે છે તેમાં દુર્ગ વર્ણન કરેલ છે.

ભીષ્મપિતા પ્રત્યે યુધિષ્ઠિર પૂછે છે કે, રાજાઓનું કર્તવ્ય શું છે ? દેશનું રક્ષણ શી રીતે કરવું ? શત્રુ શી રીતે જીતવા ?

ભીષ્મપિતા જણાવે છે કે ''રાજાએ પ્રથમ તો પોતાનો આત્મા જીત્યા પછી, શત્રુઓને જીતવા; કેમ કે અજીતાત્મા રાજા શત્રુને શી રીતે જીતી શકે ? આત્મા જીતવાનું કામ એટલું જ છે કે, જેણે 'પંચેંદ્રિય જીતી તે શત્રુ જીતી શકે છે.' હવે દુર્ગ માટે જણાવતા કહે છે કે – રાજાએ કિલ્લામાં યોદ્ધાઓની ચોકિયો

રાખવી, રાજભૂમિની સંધી ઉપર યોદ્ધાઓ રાખવા. નગર અને બાગમાં યોદ્ધાઓ રાખવા. રાજવાડામાં નગરકોપાળની જગ્યાઓએ વગેરે ઠેકાણે ચોકીનો બંદોબસ્ત રાખવો. રાજાની સામે અગર સામાવાળા બળવાન રાજાએ પીડા કરી હોય તો પોતાનું રાજ્ય મુકી એકાદ મજબુત દુર્ગ (કિલ્લો) હોય તેમાં જઈ પોતાના મિત્ર અને કુટુંબ સહવર્તમાન રહ્યા પછી સામ, દામ, દંડ અન ભેદાદિના વિચાર કરવા, અને તેવા વખતમાં પોતાના ગામડાંઓના લોકોને બળિષ્ટ રાજા પીડા કરતો હોય તેવાં ગામડાંઓને ઉજ્જડ કરી નગરની નજીકમાં લોકોને રાખવા, પણ ધનવાન ગૃહસ્થો હોય તેમને દુર્ગમાં રાખી વારંવાર ધૈર્ય આપવું તથા મુલકમાં નીપજતું અનાજ તમામ કિલ્લામાં પોતાના કબજે રાખવું. ક્ષુદ્રાદિ નાના દુર્ગો હોય (વૃક્ષ વગેરેની ઝાડીવાળો દુર્ગ) તેવા દુર્ગો શત્રુના હાથમાં ગયે તેને આશ્રય મળવા જેવું હોય તો તેમ નહિ થવા દેવા માટે દુર્ગોને છેદન કરવાં; પણ મોટા દુર્ગો છેદવાં નહિ.

રાજા જે કિલ્લામાં રહેતો હોય તે કિલ્લાની ચારે દિશાએ 'પ્રગંડી' કરવી નગર અથવા કિલ્લાથી થોડે દૂર મેદાનમાં નાના આકારના બુરજો કરવા, કારણે કે તે બુરજો ઉપર બેસી શત્રુના મનુષ્યો આવતા હોય અથવા એવી બીજી બાબતોનો તપાસ રાખી વારંવાર, પ્રગંડો ખબર આપે અને કિલ્લાની આસપાસની ખાઈઓ ઉપર ઢાંકેલાં પાટિયાં ખેંચી લેવાં વળી સંધી વિગ્રહનું કામ અને સ્થાન ભેદાદિ જાણનાર તથા શત્રુ, મિત્ર અને ઉદાસીન વગેરે જાણે તેવા પ્રગંડો પોતાની પાસે તેમજ બુરજોમાં રાખવા, કોટમાં ક્ષુદ્રછિદ્રો (કોશિક) રાખવા પૂરોવાસ અથવા સંકટબારીઓ રાખવી; પણ તેનો યોગ્ય બંદોબસ્ત રાખવો. (રાજાને સંકટ પડયે તે બારીમાંથી નીકળી શત્રુના હાથમાંથી છટકી જવાની સંકટબારી), મોટા દરવાજાઓ હોય ત્યાં યંત્રો સ્થાપન કરવાં, પાણી ન

હોય તો કુવા ખોદાવવા, લાકડાં ભેગાં કરી રાખવાં, ઘાસનાં ઘર હોય તો તેને ગારા વડે લીંપી લેવાં, અને એવા વખતમાં ચૈત્ર, વૈશાખ માસ હોય તો લવાર, સોની અને સૂતિકાગૃહ હોય એવા ઠેકાણા વિના બીજા કોઈ લોકો કિલ્લામાં દિવસના વખતે, રાંધવાના કામમાં પણ કોઈ અગ્નિ સળગાવે નહિ એવો બંદોબસ્ત રાખવો. અગર કોઈ દેવતા રાખે તો સારી રીતે અથવા ભિક્ષુકને, ગાડાવાળાને, હીજડાને, નશો કરી મસ્ત થનારને અને વ્યાજવળતરના ધંધા કરનાર વગેરેને કિલ્લામાં નહિ રહેવા દેતાં તેવાઓને કહાડી (કાઢી) મુકવા,. બીજાના જાણવામાં આવે નહિ એવી રીતના ગુપ્ત માર્ગો કિલ્લામાં રાખવા, કિલ્લામાં ધનનો સંગ્રહ રાખવો. તેલ, ચરબી, મધ, ઘી, સર્વ પ્રકારનાં ઔષધો, કોયલા, કાતીડાનો જથ્થો, ખાખરાના પાંદડાનો જથ્થો, બરૂ, લખનાર લેખકો અથવા વર્ણિ, ઘાસ, લાકડાં, ગેરીબાણો, સર્વ પ્રકારનાં હથિયારો, બખતરો, ફળો, મૂળો, ચાર પ્રકારનાં વૈદ્યો વિષવૈદ્ય, રોગવૈદ્ય, શલ્યવૈદ્ય અથવા શસ્ત્રવેદ્ય અને મંત્રાભિચાર વૈદ્ય અર્થાત્ પ્રયોગ જાણનાર વૈદ્ય. 'નટ, માયાવી(બહુરૂપી), મલ્લ, નૃત્ય કરનાર, નટવા, ઈત્યાદિ કિલ્લામાં રાખવા,' પણ જેને માટે જેવી શંકા આવે તેને તેવી રીતે સત્કાર અથવા શાસન કરતા રહેવું.(૨૨)

આમ, અહીં ભિષ્મએ યુધિષ્ઠિરને શત્રુથી રક્ષણાર્થે દુર્ગનું તથા તેમાં નિવાસ કરનાર લોકો તેમજ ગુપ્ત માર્ગોનું વિશેષ વર્ણન કરેલ છે.

શ્રી વિષ્ણુધર્મોત્તર પુરાણના દ્વિતીયખંડના એકત્રીસ અધ્યાયના પ્રારંભમાં દુર્ગનો ઉલ્લેખ છે.

दुर्गे सर्वगुणोपेते वास्तुलक्षणसंयुते ।
वसन्विवर्धयेत्कोशं धर्मेण पृथिवीपतिः ॥

प्रजानां पालनं कार्यं तत्र स्थाने महीक्षिता ।
स्वदेशे देवतायाश्च कृता राज्ञः पुरातनैः ॥(२३)

**બ્રહ્મપુરાણમાં દુર્ગનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે,**

दुर्ग शासन-यंत्र की धुरी है, क्योंकि वहीं सारा सैन्य बल, प्रमुख तत्त्व एवं सारा भोज्य पदार्थ एकत्रित रहता है । याज्ञवल्कय के अनुसार दुर्ग की स्थिति राजा, प्रजा एवं कोश की सुरक्षा को प्रभावित करती है । प्राचीन युद्ध परंपरा और उत्तर भारत की भौगोलिक स्थिति के कारण ही राज्य के तत्त्वों में दुर्ग महत्त्व प्रदान किया गया है । दुर्ग पर शत्रुओं के अधिकार से गंभीर भय उत्पन्न हो सकता है । इसीलिए सुरक्षार्थे दुर्ग ऊँची-ऊँची दिवारों से युक्त बनाया जाता था । उज्जियिनी आदि नगरों के वर्णन में नगर को 'दृढप्राकार तोरणा' कहा गया है ।

**દુર્ગમાં રાજાની સાથે કયા કયા વ્યક્તિઓ નિવાસ કરતા તેનો ઉલ્લેખ છે,**

अमात्य, राजपुरोहित, राजदूत, सेनापति, राजा के निजी सेवक, आदि व्यक्तियों का राजा के साथ घनिष्ठ संबंध होता था और ये सर्वदा राजा के साथ रहते थे । संभवतः इनके निवास की व्यवस्था भी दुर्ग में की जाती थी ।

**દુર્ગમાં કઈ-કઈ વસ્તુઓનો સંગ્રહ કરવો તે પણ જણાવેલ છે,**

शास्त्रकारो ने माना है कि दुर्ग में पर्याप्त अन्न, ईधन, आयुध, औषध, धन, घोडे, हाथी, भारवाही पशु, ब्राह्मण, वैश्य, शूद्र, शिल्पी, जल आदि की उचित व्यवस्था होनी चाहिए । जिससे विपत्तिकाल में कोई कठिनाई न हो ।(२४)

**ગરુડ મહાપુરાણના અધ્યાય સુડતાલીસમાં મહેલોના લક્ષણો જણાવતા લખ્યું છે કે,**

**તમામ ગૃહોના અંતર્ભાગ જળસહિત, કદલિ-કેળગૃહ વગેરે પંચરંગી પુષ્પોથી સુશોભિત કરવાં જોઈએ. તે બધાં મકાનોની બહાર પાંચ હાથના પ્રમાણથી ચારે બાજુને આવરી લેતો કિલ્લો રક્ષા અર્થે બનાવો.(૨૫)**

**બ્રહ્માંડપુરાણમાં સર્વ રીતે સુરક્ષિત એવા સ્વાભાવિક દુર્ગનું વર્ણન છે તે પ્રમાણે,**

पर्वत, जल और मरूभूमि द्वारा सुरक्षित भू क्षेत्र को स्वाभाविक दुर्ग के नाम से कहा गया है ।

सोत्सेधरंध्रप्राकारं सर्वतः खातकावृत्तम् ॥(२६)

यह दुर्ग राजा, सेना तथा प्रजा की सुरक्षा हेतु निर्माण किया जाता था । इन दुर्गो के भेदापभेदों का भी निरूपण पौराणिक साहित्य में उपलब्ध है । ऐसे दुर्ग जो मुख्य स्थान से कुछ दूरी पर आत्म रक्षा हेतु अथवा सेना की सुरक्षा हेतु निर्मित किए जाते है उन्हें कृत्रिम दुर्ग के नाम से कहा गया है । इस प्रकार के दुर्गो के चारों ओर एक खाई का निर्माण किया जाता है । यह खाई जल से पूरित होती है । विशेष सुरक्षा को

ध्यान में रखते हुए ब्रह्मांड पुराण में यहां तक वर्णन कर दिया गया है कि नगर के चारों ओर जलपूरित खाई का रहना आवश्यक है । इस दुर्ग का अत्यन्त सुन्दर तरीके से इस प्रकार वर्णन किया गया हैं ।

रूचकः प्रतिकद्वारं कुमारीपुरमेव च ।
द्विहस्तः स्त्रोतसां श्रेष्ठं कुमारीपुरमन्चतान् ॥

हस्तस्रोतो दशश्रेष्ठो नवहस्तोष्ट एव च ।
खेटानां च पुराणां च ग्रामाणां चैव सर्वशः ।
त्रिविधानां च दुर्गाणां पर्वतोदक धन्विनाम ॥(२७)

कृत्रिम दुर्ग में चार धेरे वाले कोठे होते है । इसके चारों ओर जलपूर्ण परिखा, सेतु संयुक्त द्वारदेश और स्वस्तिक द्वार होते है । दुर्ग में कुमारिपुर भी रहता है । परिखा की लम्बाई और चौडाई दश और आठ हाथ की उचित है खेट, नगर, ग्राम और त्रिविध दुर्गो की सीमा पर्वत अथवा जल धारा बांधी जाती है ।(२८)

અગ્નિપુરાણમાં ગૃહોના રક્ષણ માટે દુર્ગનું નિર્માણ કરવું તેવો ઉલ્લેખ છે,

नगरग्रामदुर्गाद्या गृहप्रासादवृद्धये ।

નગર, ગ્રામ તથા દુર્ગ વગેરેમાં ગૃહો અને દેવાલયોની વૃદ્ધિ થાય છે.(૨૯)

સોમદેવસૂરિએ દુર્ગનાં વિશેષ લક્ષણોનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે, દુર્ગની સ્થાપના વિષમ સ્થળે થવી જોઈએ. દુર્ગની અંદર વિશાળ સ્થાન હોવું જોઈએ. તેમાં ઘાસ, ઇંધણ, પીવાનું પાણી વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા હોવી જોઈએ. દુર્ગમાં

ધાન્ય અને રસોની અધિકતા હોવી જોઈએ સાથે સાથે તેમાં વીરપુરૂષોનાં નિવાસસ્થાન પણ હોવા જોઈએ.[૩૦]

કોટિલ્ય જણાવે છે કે જનપદની સીમાએ ઉપર ચારેય દિશાઓમાં યુદ્ધને ઉચિત એવા પ્રાકૃતિક સ્થળે રાજાએ દુર્ગ બનાવવો જોઈએ. વાસ્તુશાસ્ત્રના જાણકારોએ નિર્દેશેલ ઉત્તરપ્રદેશમાં નદીના સંગમ ઉપર કે નિત્ય જેમાં પાણી ભરાયેલું રહે છે તેવા મહાસરોવરની મધ્યમાં ગોળ, લાંબા કે ચોરસ આકારમાં તેનું નિર્માણ કરવું. જેની ચારે બાજુ જયાં વહેતુ જળ હોય તથા સ્થળ અને જળ માર્ગ થઈ શકે તેવા વેપારનું સ્થળ હોય.

નગરના પ્રાકારની બહાર જમીનમાં શત્રુઓના ઘૂંટણને છોલી નાખે તેવા ખૂંટા, ત્રિશૂળ, અંધારિયા ખાડા, કાંટા, લોખંડની જાળી, લોખંડના તિક્ષ્ણ ખીલાઓ, કીચડથી ભરેલા ખડાઓ વગેરે દ્વારા દુર્ગના રસ્તાને છાઈ દેવો.

દુર્ગનો દરવાજો બનાવવા માટે પ્રાકારના બંને ભાગોમાં દોઢ હાથ લાંબો અને પહોળો મંડપ બનાવવો તેની ઉપર છ થાંભલા ઊભા કરીને દ્વાર બનાવવું. દ્વારનો પરિઘ વધુમાં વધુ આઠ હાથ હોવો જોઈએ. દરવાજાના થાંભલાની ઊંચાઈ ૧૫ હાથથી ૧૮ હાથ સુધીની હોવી જોઈએ. કિલ્લાના દરવાજાની ઉપરનો બુરજ બે હાથ લાંબો હોવો જોઈએ. બંને ફાટક ત્રણ કે પાંચ પાટિયાનાં બનેલાં હોય. કમાડોની પાછળ બબ્બે આગળા હોવા જોઈએ. આખો દરવાજો એવોડો મટો હોવો જોઈએ કે તેમાંથી એક સાથે ચાર હાથી પ્રવેશ કરી શકે.

કિલ્લાની અંદરની નહેરો સામાન્ય નહેરોથી ત્રણ ગણી પહોળી બનાવવી; જેમના દ્વારા દરેક પ્રકારનો સામાન બહારથી અંદર લાવી શકાય.[૩૧]

માનસાર આઠ પ્રકારના દુર્ગોનો વાસ્તુવિદ્યામાં સમાવેશ કરે છે. સમરાંગણ સૂત્ર સ્થાપત્યના આઠ અંગોનો ઉલ્લેખ કરે છે તેમાં આઠમાં અંગમાં દુર્ગોની રચનાને મહત્વ આપેલું છે.

વાસ્તુશાસ્ત્રના ગ્રંથો રચાયા તે પહેલાના ઘણાં પ્રાચીન શહેરો પુરાતત્ત્વવિદોને મળ્યા છે. આ શહેરોમાં સિંધુ સંસ્કૃતિના હડપ્પા, મોહેંજો-દડો અને લોથલ છે.

આ સંસ્કૃતિના શહેરોનું ખોદકામ કરતા શરૂઆતમાં જાણવા મળ્યું કે ત્યાં કિલ્લેબંધી ન હતી. પરંતુ ઈ.સ.૧૯૪૬માં હડપ્પામાં ઉત્ખન્ન થયું અને મોહેં-જો-દડોમાં થયેલા ફરીવારના ખોદકામમાં તે અનુમાનો ખોટા પડયા. દરેક શહેરને મજબૂત કિલ્લો હતો. કદાચ આ કિલ્લાનો ઉપયોગ ધાર્મિક અને રાજકીય હેતુઓ માટે થતો હશે. આમ, આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ભારતમાં દુર્ગોનું સ્થાપત્ય જાણીતું હતું. તે સાબીત થાય છે.

પ્રાક મૌર્યકાલની રાજગૃહ ખાતેની નોંધપાત્ર રાક્ષસી દિવાલી છે. આ દિવાલ ચૌદ (૧૪) થી સત્તર (૧૭) ફૂટ પહોળી અને બાર (૧૨) ફૂટી ઊંચી કરેલી છે. આ દિવાલમાં વચ્ચે દરવાજા હતા. તે ઓછામાં ઓછી પચ્ચીસ માઈલ લાંબી છે. આ દિવાલને રાજગૃહ, રાજગીરનો કિલ્લો કે સંરક્ષણ દિવાલ માનવામાં આવે છે. આ સમયનો બીજો નોંધપાત્ર કિલ્લો પાટલીપુત્રનો છે. મગધની આ રાજધાનીને લાકડાનો દુર્ગ હતો. તેમાં થોડા-થોડા અંતરે તીર છોડવા માટે છીદ્રો રાખવામાં પાંચસો સીત્તેર મીનારા અને ચોંસઠ દરવાજા રાખેલા હતા.

મગધના રાજા બિબીસારની રાજધાની પ્રાચીન રાજગૃહ કે જે લગભગ બુદ્ધકાલીન કહી શકાય તેને રક્ષવા માટે પથ્થરની એક લાંબી દિવાલ હતી. બીજો દાખલો ઓરિસ્સાના શિશુપાલગઢનો છે. ત્યાં પ્રાક્ગુપ્તકાલીન શહેરની ફરતે દિવાલ મળી આવે છે આ શિશુપાલગઢ તે જ કલિંગનગર તેની કિલ્લેબંધી ચોરસ હતી. આ કિલ્લેબંધીમાં તેને આઠ દરવાજા અને ચોતરફ પહોળી ખાઈ હતી. આ કિલ્લેબંધી ભુવનેશ્વરના (ઓરિસ્સાની રાજધાની) અગ્નિકોણમાંથી જોઈ શકાય છે.

તક્ષશિલાની મળતી માહિતી અનુસાર તેની પૂર્વમાં ગિરિ અને ખાસ કરીને તક્ષશિલાનું છેવટનું શહેર સીરસુખ છે. સીરસુખની કિલ્લેબંધીવાળી છાવણી સમચોરસ હતી. સીરસુખની દિવાલ સાડા આઠ ફૂટ જાડી અને અંદર તેમજ બહાર વધારે મજબૂત કરેલી હતી. દિવાલની લંબાઈમાં બાણાવાળીઓ માટે કાણાંની બે હરોળ હતી. નીચેની હરોળ જમીનથી માત્ર પાંચ ફૂટ ઊંચી કરેલી હતી.

- આઠમા સૈકામાં દખ્ખણના ઐહોલમાં દિવાલો અને ખાઈઓ આજે પણ મોજૂદ છે.

- ચાલુકયની રાજધાની બાદામીને રક્ષતો ઉત્તર અને દક્ષિણની બાજુઓમાં અભેદ એવો ગિરિ દુર્ગ નોંધપાત્ર છે.

- સિલોનમાં રાજા કરસપ પહેલા (ઈ.સ.૪૭૯-૯૭)ના નિવાસ સ્થાન સિગિરિઓમાં શહેર ભવ્ય દિવાલો અને ખાઈઓની કિલ્લેબંધીથી રક્ષાયેલો છે. કિલ્લેબંધીની મધ્યમાં અજોડ શંકુ આકારનો જવાળામુખી રહેલો હતો.

- પલ્લવોની રાજધાની મામલ્લપુરમ્માં ગિરિદુર્ગના બે નીચા ડુંગરાઓ રેતાળ જમીન ઉપર હજી ઊભેલા છે.

મધ્યયુગમાં વાઘેલા રાજ્યકાળ દરમ્યાન ગુજરાતમાં દુર્ગો તૈયાર થયા.

- આવા કિલ્લામાં ડભોઈ (દર્ભાવતી) ના કિલ્લાનું સ્થાપત્યનો ઉપયોગ ઘણા જ ઊંચા પ્રકારનો થયેલો છે.

- ઉત્તરમાં ઝિઝુવાડાનો કિલ્લો, દક્ષિણના ડભોઈના કિલ્લા સાથે મળતો આવે છે. તે બન્ને વચ્ચે ઘણી સમાનતા છે.

- ડભોઈના કિલ્લાનો આકાર લગભગ ચોરસ છે. આ કિલ્લાનો દરવાજો પૂર્વ દિશાનો છે તેનું શિલ્પકામ ઘણું જ ઉત્તમ છે. તે હીરા ભાગોળને નામે જાણીતો છે.

- મેવાડના મહારાણા કુંભા (ઈ.સ.૧૪૩૩-૬૮) એ એંસી (૮૦) જેટલા કિલ્લા બંધાવ્યા તેમાંથી ચિત્તોડનો નોંધપાત્ર કિલ્લો આજે અસ્તિત્વ ધરાવે છે.

મધ્યયુગમાં દખ્ખણમાં દુર્ગ બાંધવાની કલા વિકાસ પામી. કાકતીય અને યાદવ વંશોમાં વારાંગલ, રાયચૂર અને દેવાગિરિ (હાલનું દોલતાબાદ) ઘણા કિલ્લા બંધાવ્યા.

- યાદવોએ દેવાગિરિમાં બંધાયેલો પ્રાક્ મુસલમાન સમયનો મધ્યયુગના લશ્કરી સ્થાપત્યની આશ્ચર્યકારક ઈજનેરી વિદ્યાનો નમૂનો પૂરો પાડે છે.

- આ દુર્ગ જમીનની સપાટીથી ઊંચે શંકુ આકારના છસો ફૂટ ઊંચા ખડક ઉપર છે. ખડકની ચારે બાજુને જમીનની સમાંતર દોઢસો ફૂટની ઊંચાઈ સુધી કોરીને તૈયાર કરેલા છે. જેથી દુર્ગને ઓળંગવાનું અશક્ય બને છે.

- દુર્ગ સુધી પહોંચવાને માટે પાણીની મોટી ખાઈને નાનકડા પુલ મારફતે ઓળંગીને કિલ્લામાં ચઢવાનું કઠણ છે તેને માટે સાંકડા, વિકટ અને કુટિલ અંતરભૌમ માર્ગમાંથી પસાર થવાનું રહે છે.

વિજયનગરની નાયક શૈલીના ભવ્ય દુર્ગો પ્રાપ્ત થાય છે. આ દુર્ગોને તેની છેવટની અવસ્થામાં કિલ્લો કે કોટ તેમજ બબ્બે દરવાજા તેમજ નદીની જેમ પુલ વગેરે કરવામાં આવ્યા હતા.

મુસલમાન યુગમાં સામાન્ય રીતે શહેરોને મજબૂત કિલ્લેબંધી કરવામાં આવતી. કુતુબુદીને લાલકોટનો મજબૂત કિલ્લો બંધાવ્યો. લાલકોટની પૂર્વે છ માઈલ દૂર તઘલખાબાદમાં ભારતમાંનો મોટામાં મોટો કિલ્લો બાંધવામાં આવ્યો.

- આ કિલ્લાની નજીક કૃત્રિમ સરોવર કરાવ્યું.

- સરોવરના બીજા છેડે આદીલાબાદ નામનો કિલ્લો બંધાવ્યો.

- તેને પાછળની ખાઈઓથી ઊંચી ઢળતી દિવાલો કરાવી.

- તેમાં સંરક્ષણ માટેના કેટલાક રસ્તાઓ બનાવ્યા.

- બાણાવાળીઓ માટે અસંખ્ય કાણા તથા વ્યવસ્થિત અંતરે મોટા મોટા બુરજો તેમાં મૂકવામાં આવ્યા.

અકબરી લશ્કરી સ્થાપત્યનો નમૂનો તેને બંધાવેલ જેમાં આગ્રાનો કિલ્લો નોંધપાત્ર છે. (ઈ.સ.૧૫૬૬) શેરશાહસૂરીએ બંધાવેલ દિલ્હીનો પુરાણો કિલ્લો શ્રેષ્ઠ છે. (ઈ.સ.૧૫૪૦-૪૫) દિલ્હીનો પ્રવેશ દ્વાર લાલ દરવાજાની સામેનો કોટ તેમજ ભવ્ય દુર્ગ અને અલંકૃત દરવાજાથી સમાંતર ચતુર્ભુજ બને છે.(૩૨)

## ૭.૪ નિષ્કર્ષ

દુર્ગ દ્વારા રાજા નિર્બળ, ભયભીત, ઓછા સૈન્યવાળો હોવા છતાં પણ પોતાની રૈયતનું રક્ષણ કરી શકે છે. આથી, જ વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો, પુરાણો, મનુસ્મૃતિ, અર્થશાસ્ત્ર વગેરેમાં રાજયના રક્ષણ માટે અલગ અલગ પ્રકારના દુર્ગનો ઉલ્લેખ થયો છે. જેમાં મનુસ્મૃતિના મતે મહિદુર્ગ શ્રેષ્ઠ છે તો મહાભારત પ્રમાણે મનુષ્યદુર્ગ શ્રેષ્ઠ છે. વર્તમાન સમયમાં પણ ભારત વર્ષના આધારે જોઈએ તો ઉત્તરમાં હિમાલય મહિદુર્ગની સમાન ભારતનું રક્ષણ કરે છે. તો ભારતીય સૈન્ય સીમા પર મનુષ્ય દુર્ગ સમાન ભારતનું રક્ષણકરે છે. આમ, કોઈપણ દેશ અલગ-અલગ દુર્ગના આધારે પોતાના દેશવાસીઓનું રક્ષણ કરી શકે છે. પુરાતન ગ્રંથોમાં દુર્ગોનું વર્ણન પણ વિશેષ કરવામાં આવ્યું છે. જેના આધારે માલુમ થાય છે કે, કોઈપણ રાષ્ટ્રએ અન્ય દેશના આક્રમણથી બચવા દુર્ગનું નિર્માણ તો કરવું પરંતુ તેમાં આવશ્યક વસ્તુઓનો સંગ્રહ પણ કરવો જોઈએ. તે પણ આપણે આગળના ઉલ્લેખોમાં જાણ્યુ. આથી, જ કોઈપણ ગ્રામ, નગર સંપુર્ણ નિર્માણ કરતા પહેલા દુર્ગનું નિર્માણ આવશ્યક બને છે. તેથી, જ વાસ્તુના આધારે રાષ્ટ્ર બનાવવા માટે દુર્ગ વિચારનું જ્ઞાન પ્રથમ હોવું અનિવાર્ય બને છે.

## પાદ–ટિપ

| | | |
|---|---|---|
| ૧. | शुक्रनीति | ४/६ |
| ૨. | नीतिवाक्यामृत | २०/१ |
| ૩. | मनुस्मृति | ७/७४ |
| ૪. | अर्थशास्त्र | ८/१ |
| ૫. | नीतिवाक्यामृत | २०/५/४ |
| ૬. | विश्वकर्मप्रकाशः | अ.११/३ थी ६ |
| ૭. | वास्तुसार | श्लोक–८८ थी ९२ |
| ૮. | वास्तुराजवल्लभः | अ–४/३ |
| ૯. | वास्तु राजवल्लभ | अ.४/१ |
| ૧૦. | युक्तिकल्पतरू | |
| | –नीतियुक्ति | १२६ |
| ૧૧. | ज्योतिर्विदाभरणे | |
| | –प्राकारप्रकरणम् | १ |
| ૧૨. | मनुस्मृति | अ–७/७०–७६ |
| ૧૩. | कौटिल्य अर्थशास्त्र | |
| | – प्रस्तावना | पृ.१०७ |
| ૧૪. | मत्स्यपुराण | अ–२१६/पृ.६०१ |
| ૧૫. | महाभारत–शांतिपर्व | अ–८६ |
| ૧૬. | ब्रह्मपुराण में वर्णित | |
| | राजधर्म | ८६/५/पृ.१३९ |
| ૧૭. | कौटिल्य अर्थशास्त्र | २/३ |

| | | |
|---|---|---|
| १८. | कौटिल्य अर्थशास्त्र | |
| | प्रस्तावना | पृ.१०६ |
| १९. | विश्र्वकर्मापुराण | अ–३१/पृ.२५४–२५७ |
| २०. | वास्तु राजवल्लभः | अ–४/२ |
| २१. | विश्र्वकर्मप्रकाशः | अ–११/१२ थी २४ |
| २२. | महाभारत राज्यधर्म | |
| | शांतिधर्म | अ–६९ |
| २३. | विष्णुधमोत्तर पुराण | |
| | – द्वितीयखण्ड | अ–३१ |
| २४. | ब्रह्मपुराण में वर्णित | |
| | राजधर्म | पृ.१३८–१३९ |
| २५. | गरुडमहापुराण | अ–४७/पृ.१७६ |
| २६. | ब्रह्मपुराण | अ–१,२, ७/१०३ |
| २७. | ब्रह्मपुराण | अ–१, २, ७/१०३–१०५ |
| २८. | ब्रह्माण्डपुराण का | |
| | सांस्कृतिक अध्ययन | पृ.११३ |
| २९. | अग्निपुराण | अ.१०५/११६ |
| ३०. | नीतिवाक्यामृत | २०/३ |
| ३१. | कौटिल्य अर्थशास्त्र | |
| | प्रस्तावना | पृ.१०६ – १०७ |
| ૩૨. | **પ્રાચીન ભારતીય શિલ્પકળા** | **ડૉ. પ્રિયબાળા શાહ** |
| | **અને સ્થાપત્ય** | |

# પ્રકરણ-૮

# પ્રકરણ-૮

# શિલ્પ-સ્થાપત્ય વાસ્તુ

૮.૧ પ્રસ્તાવના

૮.૨ શિલ્પજ્ઞનાં લક્ષણો

૮.૩ શંકુ-પ્રમાણ સ્થાપન

૮.૪ કલા સ્વરૂપ

૮.૫ સ્થાપત્ય

૮.૬ તાલમાન

૮.૭ નિષ્કર્ષ

# પ્રકરણ-૮
# શિલ્પ-સ્થાપત્ય વાસ્તુ

## ૮.૧ પ્રસ્તાવના

શિલ્પ-સ્થાપત્ય વાસ્તુમાં સૌપ્રથમ શિલ્પની વાત કરીએ તો શિલ્પશાસ્ત્રનો જ્ઞાતા કેવો હોવો જોઈએ તે શિલ્પજ્ઞનાં લક્ષણોથી જણાય છે. પ્રાસાદ, મહેલ કે મંદિરનું નિર્માણ કે જીર્ણોધ્ધાર કરવા માટે સૌપ્રથમ તેના વિસ્તાર પ્રમાણે તેનું ક્ષેત્રફળ નક્કી થાય ત્યારબાદ શંકુ પ્રમાણ દ્વારા તેની દિશાઓ નક્કી થાય છે. શંકુ પ્રમાણ એ એક માપ કે દિશાઓ જાણવા માટે અતિ ઉપયોગી બને છે. જયાં વર્તુળાકાર કે ત્રિકોણ ક્ષેત્રફળ હોય ત્યાં તેનો ઉપયોગ અનિવાર્ય બને છે. વળી, જેમ સંગીત, ચિત્રકામ, નૃત્ય એક કલા છે તેમ મૂર્તિનું નિર્માણ કરવું તે પણ એક કલા છે. મૂર્તિ કઈ કઈ ધાતુમાંથી નિર્માણ થાય છે ? તેનું સ્થાપન કયાં કયાં કરી શકાય ? મૂર્તિને આકાર આપવા માટે કેટલું કેટલું પ્રમાણ લઈ શકાય ? વગેરે પ્રતિમા કે મૂર્તિકલા દ્વારા જાણી શકાય. સ્થાપત્ય વિચારમાં સ્થાપત્યના આઠથી દશ અંગોનો નિર્દેશ થાય છે. જેમાં મોટા ભાગના વાસ્તુનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તાલમાનમાં પ્રાચીન જુદા જુદા માપો આવી જાય છે. જેમાં વર્તમાન સમયમાં કેટલાક માપોથી આપણે અજાણ છીએ. જેને જાણવાથી જ પ્રાચીન ગ્રંથોના યોગ્ય માપ જાણી શકાય છે.

## ૮.૨ શિલ્પજ્ઞનાં લક્ષણો

વાસ્તુશાસ્ત્રના જ્ઞાતા કે મર્મજ્ઞ કેવા અભિજાત્ય ગુણ ધરાવનાર હોવા જોઈએ ? તેના વિશેનું ચિંતન ઋષિ મુનિઓએ આપ્યું છે. તે આધારે શિલ્પજ્ઞના લક્ષણો મળે છે.

વાસ્તુ રાજવલ્લભ અનુસાર શિલ્પકામ કરવાનો ગર્વ રાખનાર શિલ્પીનો કેટલો અભ્યાસ હોવો જોઈએ તથા તેનામાં કેવાં લક્ષણો હોવા જોઈએ અને તેમ ન હોય તો રાજાઓએ તેને કેવી શિક્ષા કરવી ? એ માટે જણાવ્યું છે કે,

૧. શિલ્પવિદ્યાભ્યાસ હોવો જોઈએ.

૨. ચણતર કામ જાણવું જોઈએ.

૩. જડવાનું કામ આવડવું જોઈએ.

૪. ઘડવાનું કામ આવડવું જોઈએ.

૫. સામુદ્રિક સમજવું જોઈએ.

૬. ગણિત શીખવું જોઈએ.

૭. જ્યોતિષ જાણવું જોઈએ.

૮. છંદશાસ્ત્ર શીખવું જોઈએ.

૯. શિલ્પજ્ઞાન મેળવવું જોઈએ.

૧૦. યંત્રકર્મ આવડવું જોઈએ.

૧૧. વાસ્તુના મર્મ સમજવા જોઈએ.

૧૨. વાસ્તુનો પીઠભાગ જાણવો જોઈએ.

૧૩. શીરાઓની ખબર હોવી જોઈએ.

૧૪. વાસ્તુનાં સ્થાનો સમજવાં જોઈએ.

૧૫. વાસ્તુનું માન સમજવું જોઈએ.

૧૬. ક્ષેત્ર પ્રમાણે ક્રિયા કરાવતાં આવડવી જોઈએ.

૧૭. લુંબી(લુંબ) ઓળખી જાણવી.

૧૮. છાદ્યભેદ જાણવા જોઈએ (પ્રાસાદ કે ઘરને પત્થર વડે ઢાંકવા તે છાદ્ય)

૧૯. પાષાણ સંધી કર્મ શીખવું જોઈએ.

૨૦. ભાગો કરી રૂપ ઉત્પન્ન કરતાં આવડવું જોઈએ.

એટલું જ નહિ પણ પ્રસિદ્ધ શાસ્ત્રોમાં દષ્ટાંતો વડે વાસ્તુજ્ઞાન સાધતાં આવડવું જોઈએ.

આ મુજબના ગુણોમાં રમનાર શિલ્પી હોય તથા બુદ્ધિમાન અને શીલવાન હોવો જોઈએ અગર શાસ્ત્રોમાં અને ક્રિયાકર્મમાં કુશળ હોય પણ બુદ્ધિમાન ન હોય તો મદ વિનાના હસ્તિ જેવો તે ગણાય, માટે જેની પ્રત્યુત્પન્ન મતિ હોય (કામ કરવાનું હોય તેનો વિચાર કરતાં વિલંબ કરે નહિ અને તાત્કાલિક કામનું રૂપ પ્રકાશ કરી આપે) તથા જે બાબત જાણી શકાય નહિ એવી, દુઃખે જાણવા જેવી હોય તથા જેમાં ગૂઢ અર્થ હોય અને વિસ્તાર ઘણો હોય એવા બુદ્ધિરૂપી નાવમાં બેઠો હોય તે વાસ્તુકર્મ કરી શકે. કદાચ જ્ઞાનવાન હોય, પ્રમાણિક હોય અને શિલ્પકર્મમાં નિપુણ હોય; પણ શીલવાન ન હોય તો

તે શ્રેષ્ઠ ગણાય નહિ, કારણ કે રોગથી અથવા દ્વેષથી  અથવા લોભે કરીને જો કરવાનું હોય એક તો તે કરે બીજું.

મિથ્યાજ્ઞાની જે શિલ્પી અહંકાર રાખતો હોય તથા શાસ્ત્રમાં પરિશ્રમ કરેલો ન હોય તો તેવા શિલ્પીઓ મનુષ્યોનું અકાળમૃત્યુ છે, તથા જે શિલ્પી કેવળ શાસ્ત્ર જાણે છે  પણ ક્રિયામાં અજાણ્યો હોય તો સંગ્રામમાં કાયરની પેઠે મુંઝાય છે, વળી જે કેવળ ક્રિયા જ જાણતો હોય અને શાસ્ત્રાર્થ ન જાણે તો થોડે દૂર માર્ગે ચાલી પછી આંધળાની પેઠે તે અટકે છે અને જે શિલ્પી કાંઈપણ શિલ્પ જાણતો નથી છતાં શિલ્પવેત્તાપણું બતાવી શિલ્પકામ કરે છે એવા શિલ્પકારને રાજાએ દેહાંત શિક્ષા કરવી જોઈએ.

અહીં શિલ્પકામ કરનાર વિ✓કર્માના પુત્રો તથા તેમના શિષ્યોની ભુવનદેવાચાર્ય ચર્ચા રજૂ કરે છે તે મુજબ,

વિ✓કર્માના ચાર પુત્રો હતા. ૧. જય, ૨. મય, ૩. સિદ્ધાર્થ અને ૪. અપરાજિત. એ ચારે પુરૂષોએ પોત-પોતાના નામે ગ્રંથો રચ્યા છે. 'જય', 'મય', 'સિદ્ધાર્થ' અને 'અપરાજિત' અથવા 'સૂત્રસંતાન' એ ગ્રંથોમાં શિલ્પની રીતિઓ સારી રીતે બતાવી છે.

વૈશ્યકડિયા અને વૈશ્યસૂતારો આ બન્ને એક જ જ્ઞાતિ છે, પણ તેમનાં કામો જુદા છે. સૂત્રધારનો અપભ્રંશ સૂતાર અથવા સૂથાર કહેવામાં આવે છે. વળી સુ અક્ષર જાણે ઉપસર્ગ હોયની  - એમ જાણી તેને કાઢી નાખી થાર અથવા ઠાર કહી બોલાવે છે, ને તે માન ભરેલું સમજે છે. તે જ રીતે કડિયાને થાર અથવા ઠાર નામથી સારૂં લાગે છે પરંતુ કડિયા નામ ગુજરાતમાં કયાંથી થયું હશે ? તે કાંઈ સમજાતું નથી.

કડિયા અને સૂતારો કહે છે કે અમે વિ✓કર્માના વંશજો છીએ તથા શિલાટો વિ✓કર્માના શિષ્યપણાનો ગર્વ ધરાવે છે, તે શિલાટો શિલ્પકામમાં ઘણા કુશળ હોવાનું કારણ એવું બતાવે છે કે - વિ✓કર્મા પોતાના પુત્રો અને શિષ્યને શિલ્પકામ શીખવતાં પ્રસંગ આવ્યેથી સૂત્રપાતન કરવા દોરો રંગી લાવવા આજ્ઞા કરી, એટલે પુત્રો તો ગેરૂ અથવા રમચી લેવા માટે બજારમાં ગયા અને શિષ્યે તો કોયલો ઘસી તેમાં રંગીને ઝટ સૂત્ર રજૂ કર્યું તેથી તેને તેમણે બુદ્ધિમાન સમજી પ્રીતિપૂર્વક કામ શીખવ્યું હતું.[૧]

અહીં આ વાત શંકર ભગવાનના પુત્રો કાર્તીકેય અને ગણેશજીની પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની અને બંનેમાંથી કોણ શ્રેષ્ઠ છે તે કથા સાથે સામ્ય ધરાવતી હોય તેમ લાગે છે જેમ ગણેશજીએ શંકર-પાર્વતીની પ્રદક્ષિણા કરીને શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું તેમ શિલાટોએ કોલસો ઘસીને સૂત્રને રંગી વિ✓કર્માને આપ્યુ તેથી, વિ✓કર્મા પ્રભુએ તેમને બુદ્ધિમાન ગણ્યા.

મયમત્કાર શિલ્પીના લક્ષણ અને તેના ચાર ભેદોનું આલેખન કરતા કહે છે કે,

> भवन्ति शिल्पनो  लोके चतुर्धा स्वस्वकर्मभिः ।
> स्थपतिः सूत्रग्राही च वर्धकिस्तक्षकस्तथा ।
> प्रसिद्धदेशसङ्कीर्णजाति जोडभीष्ट लक्षणः ॥

ઉપર્યુકત સ્થપતિ, સૂત્રગ્રાહી, વર્ધકી અને તક્ષક આ ચાર વર્ગને આ પ્રમાણે સમજાવી શકાય.

- ❑ **સ્થપતિ :** સ્થાપત્યની રચનામાં સંપૂર્ણ જ્ઞાની હોય જેને આધુનિક પરિભાષામાં 'ચીફ એન્જિનીયર' તરીકે ઓળખાય છે.

- સૂત્રગ્રાહી : સ્થપતિના ગુણને અનુસરનાર સ્થપતિનો પુત્ર કે શિષ્ય સમગ્ર કાર્યનું મંડાણ કરે તેવો નિપુણ અને સ્થપતિનો આજ્ઞાપાલક હોય જેને આધુનિક પરિભાષામાં 'આર્કિટેકટ' કહે છે.

- તક્ષક : સૂત્રમાન પ્રમાણને જાણનારો, નકશી અને રૂપકામ કરનારો, સ્થપતિ પ્રત્યે સદ્‌ભાવ દાખવનાર તેને તક્ષક કહે છે.

- વર્ધકી : કોષ્ટ કાર્ય કરનાર વર્ધકી અને અન્ય માટી કાર્યમાં નિપુણ.

આમ, મયમત્‌માં શિલ્પીના ચાર ભેદ દર્શાવ્યા છે જેમાં સ્થપતિ મુખ્ય છે. જેમાં બાકીના ત્રણેય શિલ્પીઓ તેમને અનુસરે છે.

સ્થપતિ –> સૂત્રગ્રાહી –> વર્ધકી –> તક્ષક

આર્કિટેકટનો પાશ્ચાત્ય પરંપરામાં અર્થ છે તે – વડો કારીગર – તેવો જ અર્થ 'સ્થપતિ' નો થાય છે તે નોંધનીય છે.

સૂત્રગ્રાહી 'શ્રુતજ્ઞ' (વિદ્યાની પરંપરા જાણનાર) અને 'રેખાજ્ઞ' હોવો જોઈએ. અર્થાત્ તેને રેખા દોરતા આવડવું જોઈએ. અંગ્રેજીમાં જેને ડ્રાફટમેન કહે છે એના જેવો તેની આજ્ઞામાં બાકીના બે રહે.

વર્ધકી પણ શ્રુતજ્ઞ હોવો જોઈએ પણ તેની સાથે તે વિજ્ઞારજ્ઞ (જેને યોગ્યાયોગ્યનો વિચાર કરતાં આવડતો હોય તે) પણ હોવો જોઈએ. ઉપરાંત તે

**'માનકર્મજ્ઞ' એટલે માપનું કામ પણ જાણનાર તથા 'ચિત્રકર્મજ્ઞ' એટલે ચિત્રકલાનો જાણનાર પણ હોવો જોઈએ.**

**જેમ સૂત્રગ્રાહી માનજ્ઞ તથા રેખાજ્ઞ હોય તેમ વર્ધકી ચિત્રકર્મજ્ઞ હોય.**

**તક્ષક વર્ધકીની આજ્ઞા પ્રમાણે કામ કરે, તક્ષણ ક્રિયામાં જે કુશળ છે તે તક્ષક કહેવાય છે. તક્ષણ ક્રિયા એટલે કાંઈપણ 'ઘડવાની ક્રિયા'. જેમ લાકડું ઘડનાર સુથાર અથવા પથ્થર ઘડનાર સલાટ તે 'સભ્ય' હોવો જોઈએ.**

**આ ચાર પ્રકારના કાર્યવિભાગથી આપણે એટલું તારવી શકીએ કે પ્રાચીન ભારતમાં બાંધકામ યોજના પુરઃસર થતું હતું અને બધા કારીગરો મુખ્ય યોજક સ્થપતિની આજ્ઞા પ્રમાણે કામ કરતા.**[૨]

**શિલ્પજ્ઞના અન્ય લક્ષણો આ પ્રમાણે છે.**

गणितज्ञः पुराणज्ञः आनन्दालाप्यलुष्धकः ।
चित्रणज्ञः सर्वदेशज्ञः सत्यवादी जितेन्द्रियः ॥

अरोगी चाप्रमादी च सप्तव्यसनव्यवर्जितः ।
सुनामा द्रढबन्धुश्च वास्तुविद्याब्धिपारगः ॥

**સ્થપતિ સિદ્ધાંતથી વાસ્તુજ્ઞાનનું પ્રસાધન કરનાર હોવો જોઈએ. વાસ્તુપદ વિન્યાસમાં સુનિશ્ચિત શિરાવંશ સહિત મર્મવેધો દ્વારા વાસ્તુના અંગપ્રત્યંગને સમજનારો હોવો જોઈએ. જે માત્ર શાસ્ત્રને જાણે પણ કર્મમાં અધ્યક્ષ હોય તે ક્રિયાકાળમાં યુદ્ધને નિહાળી ડરપોકની સમાન મોહને પ્રાપ્ત કરે છે. સ્થપતિ કર્મવિત અને કર્મદક્ષ હોય છે. બંનેમાં કુશળ હોવા છતાં નવનવોન્મેષશાલિની**

પ્રભા વિના મદહીન ગજ સમાન છે. પ્રત્યુત્પન્નમતિ કાર્યવાહક હોય છે. જ્ઞાની, વાગ્મી, કર્મનિષ્ઠ અને શીલયુક્ત હોવો જોઈએ. આમ, શિલ્પજ્ઞ આઠ કર્મના જ્ઞાનથી જ્ઞાત હોવો જોઈએ.(૩)

મત્સ્યપુરાણમાં રાજાની સહાયક સંપત્તિમાં સ્થપતિનો ઉલ્લેખ છે. જેમાં રાજાએ સ્થપતિ તરીકે નિયુકત કરનાર વ્યક્તિમાં કેવા ગુણ હોવા જોઈએ તેના વિશે જણાવ્યું છે કે, સ્થપતિપદે વાસ્તુવિદ્યામાં પ્રવિણ, પરિશ્રમી, હસ્તલાઘવ બતાવનારો, દીર્ઘદર્શી તથા સૂરો હોવો જોઈએ. આમ, વાસ્તુવિદ્યામાં નિષ્ણાંત વ્યક્તિ 'સ્થપતિ' તરીકે ઓળખાય છે.(૪)

પુરાણોમાં વાસ્તુકલાના જ્ઞાતાને વિ✓કર્માની સમાન મનાય છે. કેમ કે, બ્રહ્મપુરાણમાં ઉલ્લેખ છે કે, વિ✓કર્મા વાસ્તુકલા વિદ્યામાં પૂર્ણસ્વરૂપે પારંગત હતાં.(૫)

મયમતમાં પણ શિલ્પીના લક્ષણોનું વિવરણ આ પ્રમાણે છે.

"The architect is from a renowned land and he is of mixed caste, a man of quality, he must know how to establish buildings and must be well versed in all the sciences; he must be physically perfect, just compassionate disintersted, free from envy, without weakness, handsome and learned in mathematics; he must know the ancient authors and must be straight forward and master of his senses; he must be able to draw and must know the whole country's he must be generous and not greedy; his health must be good, he must be attentive and free from the seven

vices, possessor of a well chosen name and persevering, he must have crossed the ocean of the science of architecture."(૬)

**સૂત્રગ્રાહીના લક્ષણ વ્યકત કરતાં કહે છે કે,**

"They are active, skilful, pure, stronger compassionate, always respectful towards the master and joyous; they are always faithful to the architect's in structions because, to them it is Visvakarman is person who is revealed through his aspect, though without them be can do nothing, that is why the tetrad led by the architect must always be honoured."(૭)

**શ્રી વિ✓કર્મા પુરાણમાં આ શિલ્પીનું મહત્ત્વ સમજાવતો 'શિલ્પીનું પૂજન' નામનો એક અધ્યાય છે તે મુજબ,**

सूत ! सूत ! महाभाग ! कथं वै शिल्पी पूजनम् ।

भवता कथीतं तात ! तन्नौ बूही वीदांवर ॥

**સૂતપુરાણીજી એ જયારે શૌનકને શિલ્પીનું પૂજન કરવાનું કહ્યું ત્યારે શૌનકે પ્રશ્ન પૂછયો કે, તેનું કારણ શું ? તેમને કહ્યું કે, દેવોની પૂજા સર્વ રીતે યોગ્ય જ છે. મહાન પુરુષોની વડીલોની પૂજા પણ યોગ્ય છે એ ઉત્તમપુરુષોનું પૂજન પણ શાસ્ત્રસંમત છે. પણ, સાવ સામાન્ય એવા શિલ્પીની પૂજા શા માટે ? તેની અમને કાંઈ સમજ પડતી નથી.**

એ પ્રશ્નના ઉત્તરમાં સૂતજી કહ્યું, શાસ્ત્રમાં જેમ બ્રાહ્મણનું પૂજન કરવાનું કહેલ છે, તે જ રીતે શિલ્પીની પૂજા પણ વિહીત છે. વિરાટ વિ✓કર્મા પ્રભુના મુખ દ્વારા બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે. તે જ પ્રમાણે તેમનાં પંચમુખોથી પાંચ શિલ્પકામ કરનારા પંચશિલ્પીઓ થયા છે. એ બધા વિ✓બ્રાહ્મણો ગણાતા હોઈ યજ્ઞોપવિત વગેરેના સઘળા સંસ્કારોના તેઓ હકદાર છે. તે સૌને વેદાદિનો પણ અધિકાર છે. માટે તેમની પૂજા કરવી જોઈએ.

ત્યારબાદ શૌનકે બીજો પ્રશ્ન કર્યો કે, તમે કહો છો કે, જન્મને કર્મની દષ્ટિએ શિલ્પીઓ, બ્રાહ્મણો જ છે. પણ નવનિર્માણમાં ને જીર્ણોધ્ધારમાં શિલ્પીનું પૂજન કરવાનો તમે આગ્રહ રાખો છો. તે શા માટે ?

શૌનકના એ પ્રશ્નનો સૂતજી ઉત્તર આપતા એક પુરાણ યુગની પ્રાચીન કથા કહે છે તે હર્ય✓ નામના બ્રાહ્મણની અને અગસ્ત્ય મુનિની છે. તેમાં હર્ય✓એ અગત્ય મુનિની આજ્ઞાથી શ્રીવિષ્ણુ ભગવાનની ભક્તિ માટે મહાન યજ્ઞ કર્યો. ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિ પછી શિલ્પીઓની પૂજાનો અનાદર કર્યો. પરિણામે તેને રક્તપિત્તનો રોગ થયો. હર્ય✓ દુઃખથી પીડાઈને ચ્યવન ઋષિ પાસે ગયો અને જયારે રોગનું કારણ પૂછયું ત્યારે ચ્યવન ઋષિએ કહ્યું કે, તે વિષ્ણુયાગ કયો પરંતુ એ વિષ્ણુયાગમાં તે જે શિલ્પી પાસે યજ્ઞનાં સાધનો યજ્ઞકુંડ, વેદી વગેરે કામો કરાવેલા તે શિલ્પીનું તે પૂજન કર્યું નહોતું. તેથી, તારી આ સ્થિતિ થઈ છે. આમ, શિલ્પીની પ્રતિષ્ઠા નહીં કરીને તે જે દુષ્કૃત્ય કર્યું છે, તેનાથી વિરાટ વિ✓કર્મા પ્રભુ તારા પર અતિશય નારાજ થયા છે. ત્યારબાદ તેના પશ્ચાતાપરૂપે હર્ય✓એ વિ✓કર્મા પ્રભુના અષ્ટાક્ષર મહામંત્રના જપ કર્યા. તેની પ્રાર્થનાથી પ્રભુ પ્રસન્ન થયા અને તેના શરીરના તમામ રોગો દૂર કર્યા તેને નવો જ દિવ્ય તેજસ્વી દેહ આપ્યો.

વિ✓કર્મા પ્રભુએ હર્ય✓ને કહ્યું કે, 'પૃથ્વીપટ પરનાં મારાં સર્વ કર્મો પૂરા કરીને જયારે હું પાછો ફર્યો, ત્યારે પૃથ્વી ઉપર પુનઃ જરૂર પડે તો મારું કાર્ય કરવાને હું મારા પાંચ માનસ પુત્રોને મૂકી ગયો હતો. એ મારા પાંચ માનસ પુત્રોના વંશથી થયેલા પંચ શિલ્પના જાણનારા બધા શિલ્પીઓને તે મારા જ પુત્રો હોવાથી મારા જ સ્વરૂપ જાણવા જોઈએ. તે મારું કાર્ય કરનારા હોઈ તેમની એટલે કે તેમનામાં સદાવાસ કરનાર એવા મારી પૂજા-અર્ચના કરવી જોઈએ.

આ રીતે શિલ્પી સ્વરૂપમાં રહેલા મારી જે મનુષ્ય પૂજા કરે છે. તે ધનધાન્યો તથા સંપત્તિ-સુખ મેળવે છે, પરંતુ મારા એ સ્વરૂપની અવગણના કરનાર તમામ મનુષ્યો તારી પેઠે અનેક આધિ-વ્યાધિ અને ઉપાધિઓની પીડા દુઃખો ભોગવે છે. દારિદ્ર ભોગવે છે. અંતે પ્રેતપણું મેળવે છે.

બ્રાહ્મણની અવગણના કરવાથી જે પાપ લાગે છે તેના કરતાં યે શિલ્પીનો અનાદર કરવાથી સો ગણું પાપ લાગે છે. તેથી મારી પ્રસન્નતા માટે અને વિવિધ સુખ-સંપતિ મેળવવાને માટે મનુષ્યે હંમેશા શિલ્પીનાં આદર-સન્માન કરવાં ઘટે નિર્માણ તથા જીર્ણોધ્ધારનાં સર્વ કાર્યોમાં મનુષ્યોએ કાર્યારંભે અને અંતે એમ બંને વખત શિલ્પીનું પૂજન અવશ્ય કરવું જોઈએ.'(૮)

આમ, વિ✓કર્મા પુરાણમાં સ્વયં વિ✓કર્મા ભગવાન શિલ્પીને પોતાનું સ્વરૂપ જણાવી નિર્માણ-જીર્ણોધ્ધારમાં તેમનું પૂજન કરવાનું તથા તેમનો અનાદર કરનારને ફળ સ્વરૂપે કેવું દુઃખ-વ્યાધી મળે છે તે પણ જણાવે છે.

પ્રાચીન સમયમાં વિ✓કર્માએ જ અનેક અલૌકિક નગરીઓની રચના કરી હતી.

भो विश्वकर्मन्छिल्पज्ञ भो भो मय महोदयः ।
भवन्ता सर्वशास्त्रज्ञौ घटनामार्गकोविदौ ॥

**શ્રીપુર નામનું નગર વિ✓કર્મા તથા મય નામના વાસ્તુકલાના વિશેષજ્ઞો દ્વારા નિર્માણ થયું હતું.(૧૦)**

**મહાભારતમાં પણ વર્ણન છે કે, વિ✓કર્મા પ્રભુએ દ્વારકાપુરીનું નિર્માણ કર્યું હતું.**

देवशिल्पी विश्वकर्मा का वास्तुविज्ञान पौराणिक जगत् में प्रसिद्ध है । वे सम्पूर्ण शिल्पविज्ञान के विशिष्ट आचार्य थे । महर्षि सौभारि की पत्नियों के लिए उन्होंने अल्पकाल में पृथक्-पृथक् प्रासादों का निर्माण किया था । उन प्रासादों में प्रफुल्ल कमल और कूजते हुए सुन्दर हंस तथा कारण्डव आदि जलपथियों से सुशोभित जलाशय थे । सुकोमल उपधान, शय्या और परिच्छदों का निर्माण किया गया था । विश्वकर्मा सहस्रों शिल्पों के कर्ता, समस्त शिल्पकारों में श्रेष्ठ ओर सब प्रकार के आभूषणों के निर्माता थे । ये ही देवताओं के विमानों की रचना करते थे । इन्हीं की शिल्पकला के आश्रय से मनुष्य आज भी जीवननिर्वाह करते है ।(११)

**આમ, વિ✓કર્મા પ્રભુ વાસ્તુવિદ્યાના પારંગત હોવાથી તેમના જ વંશજ ગણાતા એવા શિલ્પીઓ સ્થપતિ, સૂત્રગ્રાહી, વર્ધકી તથા તક્ષક વગેરે પૃથ્વી પર કોઈપણ બાંધકામનું નિર્માણ તથા જીર્ણોધ્ધાર કરનાર છે. આથી, જ વાસ્તુવિદ્યામાં શિલ્પીઓનું અનેરું મહત્ત્વ છે.**

## ૮.૩ શંકુ પ્રમાણ સ્થાપન

વાસ્તુ નિર્માણમાં પ્રાસાદ, મહેલ, ભવન, ગૃહ, ગજશાલા વગેરેમાં શંકુસ્થાપન એક અનિવાર્ય પરિમાણ છે. શંકુના પ્રમાણ અને સ્થાપન પ્રક્રિયા વિશે સૂક્ષ્મ નિરૂપણ કરવામાં આવ્યું છે. શંકુ શેમાંથી નિર્મિત થાય ? એવો એક સ્વભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેથી, તેના ઉત્તરમાં શંકુ બનાવવા માટે ખેર, અર્જુન, શાલ, રક્ત, ચંદન, ખાખરો, રક્તશાલ, વિશાલ આદિ વૃક્ષમાંના ગમે તે એક વૃક્ષમાંના લાકડાનો ઉપયોગ થાય છે. આ એક કાષ્ઠયષ્ટિ છે. જે કાષ્ઠમાંથી નિર્મિત થાય છે. બ્રાહ્મણ વગેરે ચર્તુવર્ણ માટે ક્રમશઃ ૨૪, ૨૩, ૨૦ અને ૧૬ આંગલના પ્રમાણ યુકત શંકુ હોવા જોઈએ. આ શંકુના સમાનરૂપથી ત્રણ ભાગ કલ્પીને અગ્રભાગમાં ચતુષ્કોણ, મધ્યમાં અષ્ટકોણ અને નિમ્નકોણ વિનાનું તેનું સ્વરૂપ હોવું જોઈએ. આ પ્રકારનો છેદરહિત શંકુ શુભ દિવસે નિર્મિત કરવો જોઈએ. તેને ષડ્વર્ગ દ્વારા શુદ્ધ સુતરથી વીંટાળેલી ભૂમિમાં મૃદુ, ધ્રુવ, ક્ષીપ્ર સંજ્ઞાવાળા નક્ષત્રોમાં અમાવસ્યા અને રિક્તા સિવાય અન્ય તિથિઓમાં રવિ તથા મંગળ તથા ચર લગ્નને છોડીને જયારે પાપગ્રહ લગ્નમાં ન હોય અષ્ટમ સ્થાન શુદ્ધ હોય , શુભરાશિ લગ્ને હોય, શુભ નવમાંશ હોય તે સમયે બ્રાહ્મણ દ્વારા પુણ્યાહવાંચન કરાવતા માંગલિક વાદ્ય અને મંગલગીત સાથે કુક્ષીસ્થાનમાં શંકુની સ્થાપના કરવી.[૧૨]

વિ✓કર્માવાસ્તુશાસ્ત્ર "પ્રમાણબોધિની" વ્યાખ્યામાં જણાવે છે કે -
प्रासादादिततन्निर्माणाय संगृहीतायां भूमौ सूर्यगतिपरिज्ञानात् प्राश्चादिदिङ्निर्णयार्थ शङ्कुस्थापनमाचरेत् ।

खदिरवृक्षेण वा तिन्दुकवृक्षेण वाडन्यक्षीरवृक्षेण वा शङ्को: कल्पनं प्रशस्तम् । तादशशङ्को दैर्ध्य तावत् द्वादशाङ्गु (लप्रमाणम्)

अथवा एकहस्तप्रमाणम् । लक्षणमिदं मानुषभवन निर्माणाय प्रोक्तमिति भाव: । देवालयादिषु तावच्छङ्कु:द्विहस्तप्रमाणक: कार्य: ॥[१३]

**વાસ્તુ નિર્માણમાં દિશા નિર્ણય મહત્ત્વનું પરિબળ છે. ઈશાન અને પૂર્વને મહત્ત્વની માનવામાં આવી છે કેમ કે આત્માનો કારક સૂર્ય પૂર્વમાં ઉદિત થાય છે અને ઉદિત સૂર્યના કિરણો માનવ સ્વાસ્થ્યને પોષક છે આ સૂર્યરશ્મિઓ ભવનનિર્માણમાં સન્મુખ હોય એ મહત્ત્વનું છે. અને આથી શંકુસ્થાપન પ્રક્રિયા દ્વારા દિશાનો નિર્ણય કેવી રીતે થઈ શકે ? તેનું આલેખન કરતા કહે છે કે –**

शिलातलेडम्बुसंशुद्धे वज्रलेपेडपि वा समे ।
तत्र शङ्कुवडगुलैरिष्टै समं मण्डलमालिखेत् ॥

तन्मये स्थापैयंच्छडकु कल्पनाद्वादशाङ्गुलम् ।
तच्छायाग्रं स्पृशोघत्र वृते पूर्वापराद्धेयो: ॥

तत्र बिन्दु विधायोभौ वृते पूर्वापराभिधौ ।
तन्मध्ये तिमिना रेखा कर्तव्या दक्षिणोत्तरा ॥

याम्योत्तरदिशोर्मध्ये तिमिना पूर्वपश्चिमां ।
दिङ्मध्यमतस्यै: संसाध्या विदिशस्तद्रदेव हि ॥

અર્થાત્, "જળથી શુદ્ધ કરેલી, શિલાતલ અથવા વજલેપ સમાન ભૂતલમાં જે અંગુલીમાનથી શંકુ બનાવેલ હોય તે જ અંગુલમાનથી અભીષ્ટ ત્રિજ્યાંગુલથી વૃત બનાવી તેના મધ્યમાં સમાન બાર વિભાગથી બનાવેલ શંકુની સ્થાપના કરવી તે શંકુની છાયાનો અગ્રભાગ, દિનના પૂર્વાધમાં જયાં વૃતપરિઘિને સ્પર્શ કરે ત્યાં પશ્ચિમ બિંદુ જાણવું અને દિનના ઉતરાર્ધમાં ફરીથી તેજ શંકુની છાયાનો અગ્રભાગ જયાં વૃતપરિઘિને સ્પર્શ કરે ત્યાં પૂર્વબિંદુ સમજવું તે બંને બિંદુઓમાં સીધી રેખા દોરવાથી પૂર્વાપર રેખા થશે. તે પૂર્વાપર રેખાના બંને અગ્રોને કેન્દ્ર માનીને બે વૃર્તાધ બનાવવાથી મત્સ્યનો આકાર થશે. તેના મુખ અને પૂચ્છમાં રેખા કરવાથી દક્ષિણોત્તર રેખા થશે. આ દક્ષિણોત્તર રેખા કેન્દ્રબિંદુમાં થઈને પસાર થાય છે. આ રેખા જયાં વૃતને સ્પર્શ કરે ત્યાં દક્ષિણ અને ઉત્તરબિંદુ સમજવા, પછી આ દક્ષિણોત્તર રેખા ઉપર બતાવેલ રીત પ્રમાણે મત્સ્ય કાઢી પૂર્વાપર રેખા બનાવવામાં આવે તો તે રેખા કેન્દ્રના બિંદુમાં થઈને બરાબર પૂર્વને પશ્ચિમ બિંદુના વૃતને સ્પર્શ કરશે. આ પ્રમાણે ચતુર્દિશાને જાણી ફરીથી બબ્બે દિશાઓના મધ્યબિંદુથી મત્સ્ય ઉત્પાદન દ્વારા વિદિશાઓ ખુણાઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું.[૧૪]

શંકુની રચના કયા વૃક્ષમાંથી કરવી ? તે અંગે ઉલ્લેખ થયો છે.

खदिरोदुम्बराश्चत्थशाल शाक धवार्जुनाः ।
अञ्जनः कदराशोक तिनिसा रूप चन्दनाः ॥

शिरीष सर्जन्यग्रोधवेणवः कील कर्मणि ।
पुन्नामानि द्रुमा शस्ताः स्त्रीनामानि विर्गहिता ॥

અર્થાત્, "કીલક-ખદિર, ઉદુંબર, અશ્વત્થ, શાક, ધવ, અર્જુન, કદર, અશોક, તિનિસ, અરૂણ, ચંદન, શિરીષ, સર્જ, ન્યગ્રોધ અને વેણુ એ કીલક વાસ્તુકર્મ માટે પ્રશસ્ત માનેલ છે. પુરૂષવાચક વૃક્ષો પ્રશસ્ત છે સ્ત્રી નામવાળા વૃક્ષો નિદિંત છે.

આ કીલક બ્રાહ્મણ માટે ૩૨ અંગુલ, ક્ષત્રિય માટે ૨૮ અંગુલ, વૈશ્ય માટે ૨૪ અંગુલ અને શુદ્ર માટે ૨૦ અંગુલ હિતકારી હોય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રને ક્રમશઃ ચોરસ, અષ્ટકોણ અને ષષ્ટકોણ કિલક કહેલ છે, જયારે શુદ્રને માટે સોળ કોણ હોય છે.[(૧૫)]"

આમ, શંકુ પ્રમાણે એ માપનો મુખ્ય આધાર છે જેને કેન્દ્રમાં રાખવાથી માપ મળે છે. ચતુષ્કોણ તેમજ લંબચોરસ ક્ષેત્રફળમાં માપ કાઢવું સરળ છે. પરંતુ વર્તુળાકાર ભૂમિના માપ, દિશા તથા ખુણાઓ નક્કી કરવા માટે શંકુ મુખ્ય આધાર સ્તંભ બને છે. આ શંકુ બનાવવા માટે પુરૂષવાચક નામવાળા વૃક્ષોનો ઉપયોગ થાય છે તે વૃક્ષોના લાકડામાંથી કિલક બનાવવામાં આવે છે.

## ૮.૪ કલા સ્વરૂપ

શિલ્પ અને સ્થાપત્ય જગતની વિવિધ સંસ્કૃતિઓમાં ઉદ્દભવેલી અને વિકાસ પામેલી કલા છે. કલા માત્ર માનવીને કોઈ કુદરતી વસ્તુ ઉપર કરેલી પ્રયોજનપૂર્વકની ક્રિયા છે. તેથી માનવીને ક્રિયા તરીકે કુદરતની ક્રિયાથી એનો સૌ પ્રથમ ભેદ પડવો જોઈએ. જેને અંગ્રેજીમાં 'નેચર અને આર્ટ' (Nature and arts) નો ભેદ કહે છે. તેની બરાબર છે. માણસ કોઈપણ ક્રિયા અમુક હેતુ કે ઉદ્દેશથી કરતો હોય છે. એટલે કે કયા હેતુ કે હેતુઓ માટે છે અથવા તેમાં મુખ્ય હેતુ કયો છે એ દષ્ટિએ પણ વિવેક થઈ શકે છે. કેટલીક કૃતિઓમાં તે માનવના

એક કે બીજા પ્રકારના વ્યવહારમાં ઉપયોગમાં આવે એ લક્ષ્ય હોય છે. આવું લક્ષ્ય કે પ્રયોજન જેમાં મુખ્ય હોય તેને ઉપયોગી કલાઓ (Useful Arts) કહેવાનો પાશ્ચાત્ય સંસ્કૃતિમાં પ્રઘાત છે. જે કૃતિઓ પોતાની ખાતર જ કરવામાં આવે છે. જેમાં એ કૃતિની બહાર તેનું કોઈ પ્રયોજન શોધવાનું  હોતું નથી અર્થાત્ કે જે કૃતિઓ કૃતિઓ તરીકે માનવને સંતોષ આપે છે, આનંદ આપે છે, વિનોદ કરાવે છે. તે કૃતિઓને ઉપયોગી કલાઓથી પણ જુદી પાડવામાં આવે છે તેમને લલિત કલાઓ 'ફાઈન આર્ટસ' (Fine Arts) કહેવામાં આવે છે. આ રીતે માનવકૃતિઓના અર્થાત્ કલાઓના બે વિભાગ પાશ્ચાત્ય સંસ્કૃતિમાં પાડવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| ઉપયોગી કલાઓ | = | Useful arts |
| લલિત કલાઓ | = | Fine arts |

ઉપયોગી કલાઓ અને લલિત કલાઓનો ભેદ સંસ્કૃતમાં જેને –

'प्राधान्येन व्यपदेशा भवन्ति' – જે મુખ્ય હોય તેનાથી નિર્દેશ કરાય છે કે નામ પડાય છે એ ન્યાયને આધારે છે. આ મર્યાદાનો ખ્યાલ રાખીને કલાઓના આ બે ભેદો સ્વીકારવાથી તેમને સમજવામાં તેમજ તેમનું વિવેચન કરવામાં સારો પ્રકાશ પડે છે.

ઉપયોગી ગણાતી વસ્તુઓમાં સૌન્દર્ય નથી અને તેથી તેમાં લલિતકલા નથી. વળી, બીજી બાજુએ સૌન્દર્યલક્ષી કહેવાતી કૃતિઓનો પણ સમાજમાં બીજા ઉપયોગ હોય છે. જેમ કે, સંગીત કે નૃત્યનો ઉપયોગ ઈષ્ટદેવતાની ભકિત માટે થાય ત્યારે તેનો ધાર્મિક ઉપયોગ થયો કહેવાય, તેવી જ રીતે મૂર્તિઓનો

સ્મારક કરવા, પૂજા કરવા માટે પણ ઉપયોગ થાય છે. પ્રાથમિક દશાની ઘણી પ્રજાઓમાં નૃત્યનો વરસાદ લાવવા કે કોઈ બીજી સમૃદ્ધિ ઉત્પન્ન કરવા કે અનિષ્ટ દૂર કરવા માટે ઉપયોગી થાય છે.

લલિતકલાઓની ઉત્પત્તિના વિષે જુદા જુદા મતો બંધાય છે. કોઈ તેના મૂળ દેવભકિત કે ઉપાસનામાં જુએ છે, કોઈ જાદુમાં જુએ છે તો કોઈ સર્જન ખાતર સર્જન કરવું એવી રમત (PLAY)માં તેનું મૂળ જુએ છે અને કેટલાક તો માર્કસ સમાજની બધી વસ્તુઓનું મૂળ જેમ અર્થકારણમાં જુએ છે તેમ કલાઓનું મૂળ પણ તેમાં જુએ છે. તો વળી, ફ્રોઈડ જેવા લલિતકલાઓનું મૂળ સર્વથા જીન્સી અથવા કામવૃત્તિમાં જુએ છે. સંસ્કૃતિની પ્રાચીન અવસ્થાઓમાં સૌન્દર્ય અને ઉપયોગનો વિવેક એટલો સ્પષ્ટ રીતે સમજાયો હોય તો પણ વ્યવહારમાં નથી ઉતરતો એ આપણે સંસ્કૃતિઓના પ્રાચીન અવસ્થાઓના અભ્યાસથી જાણી શકી છીએ. જો કે અવસ્થાઓએ આપણે જેને ઉત્તમ કલાકૃતિ કહી હોય એવાં સર્જનો કર્યાં હોય છે. દા.ત., હેલેનિક-ગ્રીકોનું શિલ્પ.[૧૬]

ભારતીય સંસ્કૃતિમાં કુશળતાથી કરેલી ઘણી જાત જાતની કૃતિઓને કલાઓમાં ગણવામાં આવી છે. જેમ કે ૬૪ કલાઓ કે ૭૨ કલાઓ. આજની દૃષ્ટિએ જેને ઉપયોગીકલા અને લલિતકલા કહીએ તે બધાનો તેમાં સમાવેશ થાય છે છતાં ભારતની સંસ્કૃતિની પ્રાચીન અવસ્થાઓમાં કલાઓને લલિત તરીકે ઓળખવાનો પ્રઘાત પણ હતો એ માટે કાલિદાસની

ललिते कलाविधौ[૧૭] એવી ઉકિત ઉપરથી સમજાય છે.

મકાનોનો સબંધ પહેલેથી જ પરિમાણો સાથે હોવાથી અને પરિમાણોના નિયમોથી મકાનોમાં માપનું તત્ત્વ ક્રમે ક્રમે વિકાસ પામતું ગયું. જો કે મકાનોમાં

સમતોલપણું ન હોવું એ એક દૂષણ ગણાતું અને મકાનોના દોષોને અમુક અમંગલ વસ્તુઓ સાથે જોડી દેવાથી મકાન કે મંદિર મંગલ હોવું જોઈએ તેવો ખ્યાલ આ દેશમાં રૂઢ થઈ ગયો હતો. આ કારણે પરિમાણના નિયમો પ્રમાણે સપ્રમાણ મકાનો અને મૂર્તિઓ ઘડાતી. ચિત્રોમાં પણ આ પ્રમાણનું તત્ત્વ મુખ્ય હતું જયારે સ્થાપત્ય આદિમાં દિક્ તત્ત્વનું માપ છે. પદ્યમાં પણ લઘુગુઢનું માપ નિર્મિત થતું ગયું. આ દષ્ટિએ એમ કહી શકાય કે પરિમાણ માપ = દિક્ કે કાલનું, અમુક રીતે ગણિત ઉપર આધાર રાખતું તત્ત્વ સર્વ ભારતીય કલાઓના કોઠામાં છે.

પાશ્ચાત્ય પરંપરામાં

| | | |
|---|---|---|
| સ્થાપત્ય | = | Architecture |
| શિલ્પ | = | Sculpture |
| ચિત્રકલા | = | Painting |
| સંગીત | = | Music |
| કાવ્ય | = | Poetry ને મુખ્ય કલાઓ (Major Arts) કહેવાનો પ્રઘાત છે. છતાં એ પરંપરામાં જેને ગૌણ કલાઓ (Minor arts) કહે છે. |

હકીકતમાં તો કલાઓનું ઈતિહાસની દષ્ટિએ નિરૂપણ કરીએ ત્યારે તો ઘાટ, રૂપ, રંગ, લય વગેરે જાણવાને માટે ગૌણ કે મુખ્ય બધા પ્રકારની કલાઓનો અભ્યાસ કરીએ ત્યારે જ વિકાસક્રમ સારી રીતે સમજાય.(૧૮)

ब्रह्मपुराण के जीवन के भौतिक आयाम માં લલિત કલાઓનો ઉલ્લેખ છે તે મુજબ,

मनुष्य प्रारम्भ में समय बिताने अथवा मनोरंजन के उदेश्य से जिस कार्य को प्रारम्भ करता है, बार-बार उसी कार्य का अभ्यास होते रहने पर वह कार्य कला के रूप में विकसित हो जाता है । कला के विकास की प्रक्रिया में उपयोगिता और सौन्दर्य के आधार पर कला के दो विभाजन किए जा सकते है - उपयोगी कला और ललित कला ।

'उपयोगी कला' का संबंध हमारी भौतिक आवश्यकताओं की सम्पूर्ति तथा सभ्यता के क्रमिक विकास से है जबकि ललित कला का संबंध हमारे सौन्दर्यबोध, सांस्कृतिक विकास और आध्यात्मिक चेतना से है । उदाहरणस्वरूप संभवत: पूर्ववैदिक युग में मनुष्यने समय बिताने के उदेश्य से पत्थर को तोड-तोड कर कोई आकार देने का प्रयास किया होगा परन्तु बार-बार अभ्यास करने पर यही कार्य कला के रूप में विकसित हो गया । इसी कला से एक ओर औजार, बर्तन, देवी-देवताओं की मूर्तिया आदि बनाई गई जो उपयोगिता के आधार पर उपयोगी कला के रूप में हमारे सम्मुख प्रस्तुत हैं । दूसरी ओर तत्कालीन सौन्दर्यतत्त्वों, सांस्कृतिक विकास और आध्यात्मिक चिंतन को दर्शाती मूर्तिया, भवन आदि सौन्दर्य के आधार पर 'ललितकला' के रूप में हमारे सम्मुख प्रस्तुत हैं ।

## मूर्तिकला

वैदिक इष्टि (यज्ञ-संस्था) के बाद जब पूर्त-धर्म (देवालय निर्माण एवं देव-पूजा) ने अपने महान प्रकर्ष से इस देश में पूरी तरह पैर फैला दिए, तो प्रतिमा पूजा अर्थात् मूर्तिपूजा अनायास विकसित और प्रवृद्ध

हो गई । शास्त्रकारों ने प्रतिमा के सात निर्माण-द्रव्य प्रकीर्तित किए हैं - सुवर्ण, रजत, ताम्र, अश्मा(पाषाण) दारू (लकडी) लेप्य (अर्थात् मृत्तिका) तथा अन्य लेप्य यथा मार्तिका और ताण्डुक आदि । तथा अलेख्य अर्थात् चित्र । परन्तु ब्रह्मपुराण में इनमें से केवल सुवर्ण, अश्मा, दारू तथा लेप्य निर्मित प्रतिमाओं (मुख्य रूप से देवी -देवताओं की मूर्तियों) का ही वर्णन मिलता है । यहाँ मूर्ति बनाने की विधि का अभाव है । मूर्ति में चित्रित देवी-देवता के रूप का ही वर्णन किया गया है ।[१९]

**આમ, શ્રધ્ધા અને ભક્તિ પર ટકી રહેલો માનવ-સમાજ અલગ-અલગ દેવી - દેવતાઓને ઈષ્ટદેવ માનીને તેની દેવ તરીકે સ્થાપના કરે છે. આ પ્રતિમા પૂજા અથવા મૂર્તિપૂજા માટે પણ શાસ્ત્રોકારોએ અનેક લક્ષણો સૂચવ્યા છે. પ્રતિમાનિર્માણ સાત દ્રવ્યથી થાય છે. સુવર્ણ, રજત, તામ્ર, પાષણ, લાકડું, લેપ્ય, આલેખ્ય અર્થાત્ ચિત્ર.[૨૦]**

**પરંતુ બ્રહ્મપુરાણમાં માત્ર સુવર્ણ, પાષણ, લાકડું તથા લેપ્ય નિર્મિત પ્રતિમાઓનું જ વર્ણન મળે છે. આમાં મૂર્તિ બનાવવાની વિધિનો અભાવ છે અને મૂર્તિમાં ચિત્રિત દેવી-દેવતાના સ્વરૂપનું જ વર્ણન કરવામાં આવ્યું છે.[૨૧]**

**મંદિરમાં સ્થાપિત થતી મૂર્તિ શા માંથી બનાવવી તેના પર પુરાણ નિર્દેશ કરે છે.**

**પુરાણકાલીન સમાજ પર દષ્ટિપાત કરતા ખ્યાલ આવે કે ભારતમાં ઘર, મહેલો ભવનોની સાથોસાથ મંદિરનો પણ વિકાસ થયો હતો. મનુષ્ય, ઈ✓ર, દેવતા અથવા મહાપુરૂષોની ઉપાસના માટે મૂર્તિ અથવા તો કોઈ ચિહ્ન બનાવે**

અને સમયાનુસાર પવિત્રભવનમાં સ્થાપિત કરે અને આ ભવનો વિભિન્ન રૂપો અને આકારોમાં વિકસિત બન્યા.(૨૨)

ભવિષ્યપુરાણના દેવ પ્રતિમા નિર્માણ વિધિ અધ્યાયમાં મૂર્તિ-પ્રતિમાના શાસ્ત્ર સમંત લક્ષણો આપ્યા છે.

ઉત્તમ લક્ષણોથી રહિત પ્રતિમાનું પૂજન કરવું જોઈએ નહીં. પાષાણ, કાષ્ટ, માટી, રત્ન, તામ્ર અને બીજી ધાતુ તેમાંની કોઈપણ પ્રતિમા બનાવી શકાય છે તેના પૂજનથી સર્વ અભિષ્ટ ફળ મળે છે. મંદિરના માપના પ્રમાણે શુભ લક્ષણોથી સંપન્ન પ્રતિમા બનાવડાવવી જોઈએ. ઘરમાં આઠ આંગણથી વધુ ઊંચી મૂર્તિનું સ્થાપન કરવું જોઈએ નહીં. દેવાલયના દ્વારની જે ઊંચાઈ હોય તેને આઠ ભાગોમાં વિભક્ત કરીને ત્રણ ભાગના માપમાં પિંડિકા તથા બે ભાગના માપમાં દેવ પ્રતિમા બનાવવી. ચોરીયાસી આંગળ (સાડા ત્રણ હાથ) ની પ્રતિમા વૃદ્ધિ કરનારી હોય છે. પ્રતિમાના મુખની લંબાઈ બાર આંગળ હોવી જોઈએ. મુખના ત્રણ ભાગના પ્રમાણમાં ચિબુક, લલાટ તથા નાસિકા હોવી જોઈએ. નાસિકાની બરાબર જ કાન અને ગ્રીવા બનાવવી જોઈએ. નેત્ર બે આંગળ પ્રમાણના બનાવવા જોઈએ. નેત્રના ત્રીજા ભાગમાં આંખની તારિકા બનાવવી જોઈએ. તારિકાના ત્રીજા ભાગમાં સુંદર દષ્ટિ બનાવવી જોઈએ. લલાટ, મસ્તક તથા ગ્રીવા એ ત્રણે બરાબર માપના ફેરવવા શિરાનો વિસ્તાર બત્રીસ આંગળ હોવો જોઈએ. નાક, મુખ અને ગ્રીવાથી હૃદય એક સિધાણમાં હોવા જોઈએ. મૂર્તિની જેટલી ઊંચાઈ હોય, તેનાથી અડધો કટિ પ્રદેશ બનાવવો જોઈએ. બંને બાહુ, જાંઘ તથા ઊરુ પરસ્પર સમાન હોવા જોઈએ. પગના અંગુઠા ત્રણ આંગળના હોવા જોઈએ અને તેના વિસ્તાર છ આંગળનો જોઈએ. અંગુઠાની બરાબર તર્જની હોવી જોઈએ. બાકીની આંગળીઓ ક્રમશઃ નાની

હોય તથા બધી આંગળીઓ ક્રમશઃ નાની તથા તેની બધી આંગળીઓ નખયુક્ત બનાવવી. પગની લંબાઈ ચૌદ આંગળમાં બનાવવી જોઈએ. અધર, હોઠ,ભ્રૂ, વક્ષઃ સ્થળ, લલાટ, ગંડસ્થળ તથા કપોળ સુડોળ, સુંદર તથા માંસલ બનાવવા જોઈએ, કે જેથી પ્રતિમા દેખાવમાં સુંદર લાગે, નેત્રો વિશાળ ફેલાયેલા તથા લાલિમા થયેલા બનાવવા જોઈએ.

આ પ્રકારના શુભ લક્ષણોથી સંપન્ન પ્રતિમા શુભ અને પૂજ્ય મનાય છે. પ્રતિમાના અંગોને આભૂષણોથી શણગારવા જોઈએ. ભગવાનની પ્રતિમામાં દેવકળાઓના  હોવાથી ભગવત્ પ્રતિમા પ્રત્યેકને પોતાના ભણી આકર્ષતી હોવી જોઈએ અને અભિષ્ટ વસ્તુઓનો લાભ કરાવતી હોવી જોઈએ.

દરેક ભગવાનની પ્રતિમાનું પ્રમાણ અલગ અલગ હોય છે.

- શ્રી વિષ્ણુ ભગવાનની પ્રતિમા સાડા ચાર હાથ
- શ્રી વાસુદેવની ત્રણ હાથની
- નૃસિંહ તથા હયાગ્રીવની પાંચ હાથની
- નારાયણની આઠ હાથની
- મહેશની પાંચ હાથની
- ભગવતી દુર્ગાની નવ હાથની
- લક્ષ્મીજી અને સરસ્વતીજીની ત્રણ-ત્રણ હાથની
- ભગવાન સૂર્યની પ્રતિમા સાત હાથની બનાવવાનું વિધાન છે.

કળિયુગમાં ચંદન, અગરુ, બિલી, શ્રીપર્ણિક તથા પદ્મકાષ્ઠ આદિ કાષ્ઠોને અભાવે મૃણ્મયી મૂર્તિ બનાવવી જોઈએ.(૨૩)

ગરુડમહાપુરાણમાં સર્વ દેવોની પ્રતિષ્ઠા નામના અધ્યાયમાં પ્રતિષ્ઠા માટેની વિધિ જણાવેલ છે.

प्रतिष्ठां सर्व देवानां संक्षेपेण वदाम्यहम् ।
सुतिथ्यादौ सुरम्याञ्च प्रतिष्ठां कारयेद् गुरूः ॥

આમ, સારી રીતે પ્રતિષ્ઠિત કરેલા દેવનું ધૂપ-દીપ અને સુવાસિત દ્રવ્યોથી શ્રધ્ધાભકિતથી પૂજન કરવાનું જણાવ્યું છે. ત્યારબાદ અર્ધ્યપ્રદાન કરીને, નમસ્કાર કરીને, એ દેવની ક્ષમા-યાચના કરવી પછી તે દેવને સંબોધીને પાત્ર, બે વસ્ત્રો, છત્ર અને વીંટી અર્પણ કરવાં પછી પોતાની શકિત પ્રમાણે ઋત્વિજોને દક્ષિણા આપવી. ત્યારબાદ યજમાને કરવા માટેની દાનવિધિ સવિસ્તાર છે. આ પ્રમાણે નિર્વિધ્ને પ્રતિષ્ઠા કર્મ સમાપ્ત કરીને યજમાન કૃતાર્થ થાય છે. તેનું જીવન ધન્ય ધન્ય થાય છે.

भोजनञ्च महत् कुर्प्यात् कृतकृत्यश्च जायते ।
यजमानो विमुक्तः स्थास्थापकस्य प्रसादतः ॥

વળી, પ્રતિષ્ઠા કાર્ય કરાવનાર આચાર્યની પ્રસન્નતારૂપ કૃપાથી યજમાન આ ભવસાગર તરી જાય છે.

વિષ્ણુધર્મોત્તરપુરાણના પ્રતિમાલક્ષણ અધ્યાયમાં પ્રતિમાઓના પ્રમાણનું સવિસ્તાર વર્ણન છે.

नेत्रमुत्पलपत्राभं रक्तान्तं कृष्णतारकम् ।
प्रसन्नं दीर्धपक्ष्मान्तं मनोज्ञं मृदुसत्तम ॥

देवतानां कृतं राजन्प्रजाहितकरं भवेत् ।
समे गोक्षीरवर्णाभे स्निग्धे जिह्माग्रपक्ष्मले ॥

प्रसन्ने पद्मनेत्रान्ते मनोज्ञे प्रियदर्शने ।
कृष्णतारे विशाले च नयने श्रीसुखप्रदे ॥

चतुरस्रं सुसंपूर्णं प्रसन्नं शुभलक्षणम् ।
अत्रिकोणमवक्रं च अधिकारमुखं भवेत् ॥

दीर्धमण्डलवक्राणी त्रिकोणादीनि यानि च ।
वर्ज्यानि तानि देवानां प्रजासु शिवमिच्छता ॥

कार्या हंसप्रमाणेन देवा यदुकुलोद्दह ।
तेषां च लोम कर्तव्यमक्षिपक्ष्मसु च भ्रुवो ॥

अत: शेषेषु गात्रेषु देवा: स्युर्लोमवर्जिता ।
द्विरष्टवर्षाकाराश्च तथा कार्या दिवौकस: ॥

**અહીં જે દેવતાઓની પ્રતિમા લક્ષણો બતાવ્યા છે. તે ભવિષ્યપુરાણના દેવપ્રતિમા લક્ષણ અધ્યાય મુજબ છે અને અંતે ઉલ્લેખ છે કે,**

सलक्ष्णं चित्रमुशन्ति धन्यं
देशस्य कर्तुर्वसुधाधिपस्य ।

तस्मात्प्रयत्नेन सलक्षणं

तत्कार्यं नरैर्यत्नपरैर्यथावत् ॥

**લક્ષણયુક્ત પ્રતિમાનાં નિર્માણથી આમ ફળ પ્રાપ્ત થાય છે.**[૨૫]

**અગ્નિપુરાણમાં પણ દેવની પ્રતિષ્ઠા નામના અધ્યાયમાં દેવની પ્રતિષ્ઠાનું વર્ણન છે.**

समुदायप्रतिष्ठां च वक्ष्ये सा वासुदेववत् ।

आदित्या वसवो ढद्रा साध्या विक्तेडविक्तनौ तथा ॥

**જે દેવનું જે નામ હોય છે, તેને આદિ અકાર ગ્રહણ કરીને તેનું માત્રાઓથી ભેદન કરવું. એટલે કે તેઓમાં સ્વરમાત્રા વગેરે લગાડવાં. બીજ દ્વારા અંગન્યાસ કરી લે છે. પ્રથમ અક્ષરને બિન્દુ અને પ્રણવથી સંયુકત કરી 'બીજ' માનવું. સર્વે દેવોનું મૂલમંત્રથી જ પૂજનને સ્થાપન કરવું તેવો ઉલ્લેખ છે.**

**પ્રથમ શિલા, પૂર્ણકુંભ અને કાંસ્યપાત્ર લાવી રાખવા. સાધકે બ્રહ્મકૂચ લાવીને 'तद् विष्णोः परमम्' મંત્ર દ્વારા કપિલગાયના દૂધથી પવમય ચરુ સ્થાપિત કરવો. પ્રણવના દ્વારા તેની અંદર ઘી નાંખવું, ને કડછાથી સંઘટિત કરી લેવું. એ પ્રકારે ચઢને સિદ્ધ કરીને ઉતારી લેવો. શ્રીવિષ્ણુનું પૂજન કરીને પછીથી હવન કરવો. વ્યાહતિ અને ગાયત્રીથી યુક્ત 'तद्दिप्रासो' વગેરે મંત્રોથી ચરુહોમ કરવો આદિ વૈદિક મંત્રોનો ઉચ્ચારણો કરવા અહીં દેવની પ્રતિષ્ઠા માટેની વિધિનું સવિસ્તાર વર્ણન કરેલ છે.**[૨૬]

## દેવપ્રતિષ્ઠાનું મહત્ત્વ

પુરાણમાં દર્શાવેલ મૂર્તિવિધાન કલા, મૂર્તિપ્રતિષ્ઠા, મૂર્તિપૂજા, સ્થાપન, પ્રમાણ આદિ ઉલ્લેખો શિલ્પ-સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ ગણી શકાય એ નિર્વિવાદ છે. પરંતુ આ પ્રત્યેક સંદર્ભને ધર્મ સાથે સાંકળી આજે પણ જનમાનસ સાથે સાંકળેલું છે.

જ્ઞાનયોગની અપેક્ષાએ કર્મયોગ હજારગણો ચઢિયાતો માન્યો છે.(૨૭)

કારણ કે ગૃહસ્થાશ્રમી માટે આ લોકમાં ભોગ અને મોક્ષ આપનાર કર્મયોગ, દેવતા અર્ચન તેમજ નામ સંકીર્તન છે આથી જ દેવતાઓની મૂર્તિઓની પ્રતિષ્ઠા, મૂર્તિપૂજા, નામ સંકીર્તન, દેવ, યજ્ઞોત્સવ એ જ ગૃહસ્થોનો કર્મયોગ છે કે જે ગૃહસ્થોને ભવબંધનમાંથી મુકિત અપાવે છે.(૨૮)

આ રીતે મૂર્તિવિધાનની કલાની સાથોસાથ કેટલીક વિવિધતાઓ આવી જે જાણવી અત્યંત જરૂરી છે. આથી જ કહી શકાય કે,

હિંદુ મૂર્તિશાસ્ત્ર એટલું સપ્રમાણ અને શાસ્ત્રીય છે કે ઝીણામાં ઝીણી બાબતોનો પણ વિચાર કરવામાં આવ્યો છે.(૨૯)

## મૂર્તિ બનાવવા માટે દ્રવ્યવિચાર

સગુણ ઉપાસનાનું માધ્યમ બનનાર મૂર્તિઓમાં જો ભાવવાહિતા ન આવે તો તેના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર કઈ રીતે થઈ શકે ? આ ભાવવાહીતા લાવવા માટે પ્રતિમા-મૂર્તિ બનાવવા કયા કયા દ્રવ્યોનો ઉપયોગ કરવો તેનું પણ મત્સ્યપુરાણમાં વિધાન છે.

સોનાની, ચાંદીની, તાંબાની, પથ્થરની, લાકડાની, લોઢાની, સીસાની, પિત્તળની, તાંબા અને કાંસાથી મિશ્રિત ધાતુની અથવા બીજા શુભ કાષ્ઠોની બનાવેલી દેવતાની પ્રતિમા ઉત્તમ માનવામાં આવી છે.(૩૦)

આજે મોટાભાગે પાષાણની પ્રતિમાઓ જ જોવા મળે છે. પરંતુ પ્રાચીનકાળમાં અન્ય દ્રવ્યોનો ઉપયોગ થતો હશે. આ ઉપરાંત દ્રવ્યના ઉપયોગની સાથોસાથ સ્થપતિએ પણ કેટલાક નિયમો આચરવાનું શિલ્પશાસ્ત્ર કહે છે. આ નિયમાચરણથી પ્રતિમાના કાર્યમાં તન્મયતા, પવિત્રતા અને ઉચ્ચવિચારોના આવિષ્કારણથી ભાવગમ્યતા આવે છે. શાસ્ત્રોક્ત નિયમ પ્રમાણે બનાવેલી પ્રતિમા, સ્થપતિના ધર્માચરણ અને ભક્તિભાવ વડે પ્રભુનું સાચું પ્રતીક ઉપજાવવામાં સફળતા અર્પે છે.

## મૂર્તિપૂજાને પ્રાધાન્ય આપતો સમાજ

મત્સ્યપુરાણકાલીન સમાજ કર્મયોગના એક અંગ તરીકે મૂર્તિવિધાન તેનું યજન, ઉત્સવ, વ્રત વગેરેને ગણે છે.

દેવતાઓની મૂર્તિઓની પ્રતિષ્ઠા, મૂર્તિપૂજા, નામસંકીર્તન, દેવયજ્ઞોત્સવ એ જ ગૃહસ્થોનો કર્મયોગ છે. એનાથી ગૃહસ્થી ભવબંધનમાંથી મુક્ત થાય છે.(૩૧)

ભારતીય સ્થાપત્યકલાના ઉત્તમ નમૂનારૂપ મૂર્તિવિધાન, મૂર્તિના લક્ષણ, દેવતાઓની પ્રતિષ્ઠા, સ્નાન, પ્રતિમાનું પ્રમાણ, અધિવાસન વિધિ વગેરે દ્વારા અનેકવિધ દેવતાઓને વ્યક્તિઓ કઈ રીતે પૂજાવિધિમાં સ્થાન આપતા તે જણાઈ આવે છે. ખંડિત કે અંગની ખોડખાપણવાળી મૂર્તિ પણ આફત ઉભી કરનારી મનાતી હતી.(૩૨)

ભગવાનની મૂર્તિની સ્થાપન તીર્થ, પર્વત, તળાવ વગેરેની સમીપ કરવી જોઈએ અથવા નગરના મધ્યભાગમાં અથવા જયાં બ્રાહ્મણોના સમૂહ હોય, ત્યાં કરવી જોઈએ. તેમાં પણ અવિમુકત આદિ સિદ્ધ ક્ષેત્રમાં પ્રતિષ્ઠા કરનારને પૂર્વાપર અનંત કુળોના ઉદ્ધાર થાય છે.

અહીં ભગવાનની મૂર્તિની સ્થાપન માટેના સ્થાનની સાથે સાથે તેનાથી મળતા ફળનો ઉલ્લેખ છે.(૩૩)

આમ વ્યક્તિની ભકિતને વેગ આપનાર સગુણ ઉપાસના જ્ઞાન, કર્મ, ભકિતના રસ્તા દર્શાવી હિન્દુ માનસમાં મંદિર, મૂર્તિ તથા તેની સાથે સંકળાયેલી માન્યતાઓને સ્વીકૃત કરવાનો એક નવો જ અભિગમ આપે છે.

ભારતીય સમાજના સ્વરૂપની જાણકારી માટે પુરાણના અધ્યયનની આવશ્યકતા છે. પૌરાણિક સમાજ એ એક એવો આધાર છે કે જેના પર આધુનિક ભારતીય સમાજ પોતાના નિયમનને પ્રતિષ્ઠિત કરી શકે છે.

આપણી રાષ્ટ્રિય ચેતનનું જોમવંતુ અને ગતિશીલ વાહન બનેલી સંસ્કૃતભાષા અને એમાં રચાયેલા અનેકાનેક ઉત્તમગ્રંથો (પુરાણો) આપણી રાષ્ટ્રિય ગરિમાના વાહકો બન્યા હતા. લોકોપયોગી તત્ત્વોને પ્રજાના હૃદય સુધી પહોંચાડનાર એક માધ્યમ ઋષિઓએ આપ્યું છે. આમ, પ્રજાજીવનને ઘડનારું અને પોશનારું માધ્યમ પુરાણસાહિત્ય છે.(૩૪)

આમ, વ્યકિતની સામાજીક ચેતનાને ઝંકૃત કરનાર અને પૂર્વજોએ નિર્ધારિત કરેલી પાયારૂપ સમાજ-વ્યવસ્થા આજે કેટલી સફળ ઉપયોગી બની શકે તેનો સંપૂર્ણ નિર્ણય વ્યકિત પર નિર્ભર છે.

## ૮.૫ સ્થાપત્ય

સ્થાપત્ય શબ્દ અંગ્રેજી શબ્દ આર્કિટેકચરના ગુજરાતી પર્યાય તરીકે પ્રચારમાં આવ્યો છે. પણ સંસ્કૃત શબ્દકોશો 'સ્થપતિ'(પુ.) શબ્દ રાજાના અંત:પુરના કંચુકી જેવા અધિકારીના અર્થમાં વાપરે છે.(૩૫) માનસાર 'સ્થાપત્યાલય' વાયવ્યકોણમાં કરવાનું કહે છે.(૩૬) તેમાં પણ 'સ્થાપત્ય' કાં તો સ્થાપતિના અર્થમાં અથવા તો સ્થપતિઓનું રહેવાનું અને કામકાજ કરવાનું સ્થાન એ અર્થમાં વાપરે છે. (E.H.A.) સ્થપતિ શબ્દના ચાર અર્થો સંસ્કૃત કોશકારો આપે છે. કંચુકી, જીવેષ્ટિ (યજ્ઞ) કરનાર, કારીગર અને સતમ અર્થાત્ ઉત્તમ પુરૂષ કે આધીશ જો કે આ ઉલ્લેખોમાં સ્થપતિના કાર્ય કે કલા માટે સ્થાપત્ય શબ્દ વપરાયેલો મળતો નથી. છતાં ભોજકૃત સમરાંગણ સૂત્રધાર નામના ગ્રંથમાં સ્થપતિના કલાના અર્થમાં સ્થાપત્ય શબ્દ વપરાયો છે. જેમ કે,

स्थापत्यमुच्यतेऽस्माभिरिदानीं प्रकमागतम् ।
ज्ञातेन येन ज्ञायन्ते स्थपतीनां गुणागुणाः ॥
शास्त्रं कर्म तथा प्रज्ञा शीलं च क्रिययान्वितम् ।

"હવે ક્રમાગત સ્થાપત્યનું વર્ણન કરવામાં આવે છે, જે જાણવાથી સ્થપતિના ગુણો અને દોષો જાણી શકાય છે. સ્થાપત્યને ક્રિયાથી યુકત ચાર રીતે જાણવાનું છે. શાસ્ત્ર, કર્મ, પ્રજ્ઞા અને શીલ."(૩૭)

આમ, જો કે સ્થપતિ અને સ્થાપત્યના સંસ્કૃતિમાં બીજા અર્થો હોવા છતાં આર્કિટેકટ અને આર્કિટેકચરના પર્યાય તરીકે સ્થપતિ અને સ્થાપત્ય શબ્દ સમુચિત છે. આર્કિટેકટ કે સ્થાપત્યની કલા જેમાં સમાવી શકાય એવો વધારે પ્રચલીત સંસ્કૃત શબ્દ વાસ્તુ છે. તેથી આ દષ્ટિએ સ્થાપત્યથી શું સમજવાનું છે

અને તેમાં શું શું આવી શકે તે જાણવા માટે વાસ્તુવિદ્યાના ગ્રંથોનો આધાર લેવે પડે.

વાસ્તુવિધાના ગ્રંથોમાં માનસાર એક પ્રાચીન પ્રમાણગ્રંથ છે. તેમાં વાસ્તુરચના માટે ચાર પ્રકારના શિલ્પીઓ ગણાવ્યા છે.

સ્થપતિ, સૂત્રગ્રાહી, તક્ષક તથા વર્ધકી. આ બધામાં સ્થપતિ બાકીના ત્રણનો ગુરૂ છે. સ્થપતિ વેદવિદ્ (વેદને જાણનાર) અને શાસ્ત્રપારંગત હોય છે. વાસ્તુની સ્થાપના કરવાની યોગ્યતા એનામાં હોય છે તેથી તે 'સ્થાપનાધિપતિ' થાય છે. અને એ કારણથી એ 'સ્થપતિ' કહેવાય છે. સ્થપતિની આજ્ઞામાં રહીને જ સૂત્રગ્રાહી, તક્ષક તથા વર્ધકીએ કામ કરવાનું હોય છે.

સમરાંગણ સૂત્ર સ્થાપત્યના આઠ અંગોનો નિર્દેશ કરે છે. (૧) વાસ્તુ પુરૂષની વિકલ્પના (વાસ્તુ પુરૂષની રચના). (૨) પુરનો વિનિવેશ (નગરચના) દ્વારાકર્મ (દરવાજાની રચના), રથ્યા વિભાગ (મોટા માર્ગોનું – રથો ચાલી શકે એવા) વિભાજન, પ્રકાર નિવેશ (કોટની રચના અને તેના ઉપર અટ્ટાલકની રચના નગરની અંદરની શેરીઓના વિભાગ – સ્થાનો – નગરની અંદરની શેરીઓ કેવી રીતે પાડવી. (૩) પ્રાસાદ અર્થાત્ દેવમંદિર (કોટ ઉપરનું રણગ્રહ) અને પુતોલીઓના વિભાગ – સ્થાનો (૪) ધ્વજોચ્છ્રિતિ અર્થાત્ ઈન્દ્રધ્વજની રચના. (૫) રાજાનો મહેલ (नृपतिवेश्म) અને તે સંબંધના બીજા સ્થાનોનું વિભાજન (૬) ચાતુર્વણ્યના વિભાગ પ્રમાણે ગૃહોનો વિભાગ અર્થાત્ દરેક વર્ણના વાસ (૭) યજમાનની શાલાનું માપ – યજ્ઞવેદીનું માપ, પ્રમાણ અને કોટી હોમનો વિધિ, (૮) રાજાની શિબિરનો નિર્વેશ અર્થાત્ છાવણીની રચના તેમજ દુર્ગોની રચના.[૩૭]

પુરાણ સાહિત્ય પ્રાચીન ભારતીય જીવનના વિવિધ પાસાઓ દર્શાવી એ સમયની સંસ્કૃતિનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. ભવનનિર્માણકલા અથવા તો સ્થાપત્ય વિચાર પુરાણોમાં સૂક્ષ્મ રીતે કરવામાં આવ્યો છે. જેમાં ઘણા મુદ્દાઓને આવરી લીધા છે. જેમ કે...

- મંદિર કે રાજમહેલની રચના
- વાસ્તુવિદ્યા સાથે સંબંધિત નિર્દેશો.(૩૮)
- ભવન નિર્માણ કલા (૩૯)
- સ્થાનની અથવા ભૂમિની પસંદગી(૪૦)
- દેવોની મૂર્તિઓ બનાવવાની રીત (૪૧)
- ભૂમિપરીક્ષા બાદ મકાનનો નકશો તૈયાર થતો તે વાસ્તુમંડળની વિગતો.
- વિવિધમાળ, દીવાલો, સ્તંભ વગેરેની આકૃતિઓ દ્વારા સુશોભનનો ઉલ્લેખ
- ઉદ્યાનગૃહો(૪૩)
- ગૃહદોષ નિવારવા માટેના ઉપાયો(૪૩)
- ઘર બનાવવાના સમયનો નિર્ણય(૪૪)
- વાસ્તુવિધામાં વેધ પરિમાર્જન(૪૬) વગેરે પ્રમુખ છે.

બ્રહ્મપુરાણમાં વર્ણિત સ્થાપત્ય વિચારોને આધુનિક સંદર્ભમાં મૂલવવા માટે બે વિભાગમાં પ્રસ્તુત કરી શકાય.

૧. મૂર્તિકલા, મંદિર તથા ભવનનિર્માણકલા

૨. નગર નિર્માણકલા

પુરાણકાલીન સંસ્કૃતિએ મનુષ્યનો સામાજિક વારસો છે. સંસ્કાર, આચાર, વિચાર, શ્રદ્ધા, ધર્મ, રૂઢિસમાજ આદિનો સર્વાંગ સંપૂર્ણ ચિતાર આપનાર ગ્રંથ છે.

આપણી પ્રજાના જીવનને સ્પર્શતી તથા તેના મનોભાવને ઘડતી બધી બાબતોનો રસપ્રદ ચિતાર પુરાણોમાં પ્રસ્તુત થયેલ છે. ઘણી પ્રાચીન અને ભૂલાઈ ગયેલી સાંસ્કૃતિક વાસ્તવિકતાઓને નવા રૂપરંગ નવા પ્રતિકો – દ્રષ્ટાંતોની મદદથી પુરાણો પ્રજા સમક્ષ રજૂ કરતા રહ્યાં છે.(૪૬)

ઉપર્યુકત સંદર્ભના પરિપેક્ષમાં વિચારીએ તો શિલ્પ-સ્થાપત્ય, વાસ્તુશાસ્ત્ર, ગૃહનિર્માણ માટે સમય નિર્ણય, વાસ્તુવિદ્યામાં વેધ પરિમાર્જન, ગૃહનિર્ણય, વાસ્તુવિદ્યાનું કિર્તન, દેવપ્રતિષ્ઠા, પ્રતિમાના લક્ષણો આદિનો સમાવેશ સૂક્ષ્મ અવલોકનથી ચિત્રિત કરનાર મત્સ્યપુરાણ શિલ્પ-સ્થાપત્ય વિચાર અંગેનો ઉત્તમ નમૂનો આપે છે. જે આજના પરિપેક્ષમાં વિચારણીય છે.(૪૭)

## ત્રિપુર રચના દ્વારા મયદાનવનું વ્યકત થતું સ્થાપત્ય કૌશલ્ય

મત્સ્યપુરાણ અધ્યાય-૧૨૯ થી ૧૪૦ સુધીમાં ત્રિપુરાસ્થાન દ્વારા મયદાનવે દાનવોના શિલ્પી તરીકે જે ત્રિપુરની રચના કરી તે આજના શિલ્પ-સ્થાપત્યકારો માટે કદાચ કલ્પનાતીત ગણી શકાય. સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ આ ત્રિપુરની મહત્ત્વપુર્ણ વિશેષતાઓ આ પ્રમાણે હતી.

- એક એક પુરનો વિસ્તાર એક-એક સો યોજનનો હતો.
- આ ત્રણેય પુરોની રચના પુષ્પ નક્ષત્રમાં થવી જોઈએ અને પુષ્પયોગ આવતા આ ત્રણેય પુષ્પનગરો જુદા રહીને આકાશમાં ભેગા થઈ શકે.
- ત્રિપુરમાંનું એક પુર પૃથ્વી પર લોખંડનું, બીજું આકાશમાં ચાંદીનું અને તેની ઉપર ત્રીજું સોનાનું
- જેમાં અટારીઓ, રાજમાર્ગ, સડકો, ચબૂતરો , અંતઃપુર, સરોવર, સભા-ભવન વગેરે હતા.

પ્રસ્તુત સંદર્ભ પરથી એ વાત તો સાબિત થઈ જાય છે કે બહુમાળી ભવનોની આજની પરિકલ્પના આ સંદર્ભને આધારે ઘણી વામણી લાગે છે. પૌરાણિક સમયમાં પણ ઉત્તમ કલાકૃતિના નમૂનારૂપ આવા પુરોની રચના થતી જે આજના સમય માટે કદાચ સ્વપ્ન સમાન ગણી શકાય.[૪૬]

## આર્કિટેકચર

સ્થાપત્યનો અર્થ સમજવા આર્કિટેકચરથી અંગ્રેજીમાં શું સમજાય છે તે સંક્ષેપમાં પણ જાણવું ઉપયોગી થશે. આર્કિટેક એટલે વડો કારીગર. તેની કલાને આર્કિટેકચર કહેવાય છે. આ અર્થ નિષ્પતિ ઉપરથી એટલું તો જણાય છે કે યુરોપમાં પ્રાચીન કાળમાં આ શબ્દથી Supercraftmanship ચઢિયાતી કારીગરી અભિપ્રેત થતી. શણગારેલું બાંધકામ આર્કિટેકચરમાં અભિપ્રેત હતું. ક્રમે ક્રમે બાંધકામની વિવિધ પદ્ધતિઓ અને પ્રકારો જે તે પ્રદેશમાં બાંધકામ માટે જે પદાર્થ સુલભ હોય તેના કારણે અસ્તિત્વમાં આવતાં ગયા. મુખ્ય પ્રશ્ન જગ્યાના

અમુક એકમને કેવી રીતે આવરી લેવો એ હતો. જયાં પથ્થર સુલભ હતો ત્યાં થાંભલા ઉપર લિન્ટલ મૂકવાની પદ્ધતિ પ્રચારમાં આવી. જેમ કે મિસર, ઈરાન અને ગ્રીસમાં બીજી પદ્ધતિને કમાન કરી જગ્યાને આવરી લેવાની પદ્ધતિ કહે છે. આ પદ્ધતિ મેસોપોટેમિયામાં અખત્યારમાં આવી કારણ કે ત્યા પથ્થર સુલભ ન હતો પણ પાછળથી તો એમાં રુચિના તત્ત્વ અથવા પ્રયોજન ભેદને કારણે એક કે બીજી પદ્ધતિ અપનાવવામાં આવતી. જેમ કે મિસરમાં આ બન્ને પદ્ધતિનો ઉપયોગ થતો. ઈંટોથી કમાનો કરી જનસમાજના મકાનો બાંધવામાં આવતા. જયારે ધાર્મિક ઈમારતો – ખાસ કરી મકબરાઓ મોટે ભાગે પથ્થરથી Trabeated પદ્ધતિમાં બાંધવામાં આવતા.

આમ, આર્કિટેકચરમાં પિણ્ડોની ગોઠવણીથી થતા આકારો આર્કિટેકચરનું વ્યાવર્તક લક્ષણ થતું ચાલ્યું. તેથી આર્કિટેકચરની લલિતકલા તરીકેની વ્યાખ્યામાં આ લક્ષણ આગળ પડતું થયું. આ દષ્ટિએ આર્કિટેકચરની વ્યવસ્થિત વ્યાખ્યા માટે એન્સાઈકલોપીડીઆ બ્રિટાનિકાની અગિયારમી આવૃતિમાં સર સીડની કોલવીને આપેલી વ્યાખ્યા અત્રે વિવરણ કરી શકાય.

"સ્થાપત્ય આકાર આપવાની (ઘાટ આપવાની) એક કલા છે. એનું કાર્ય ક્રમબદ્ધ અને વિભૂષિત પિંડોના સંયોજનોથી લાગણી વ્યક્ત અને ઉત્તેજિત કરવાનું છે."

આ લેખકે લલિત કલા (ફાઈન આર્ટ)ની પણ સામાન્ય વ્યાખ્યા આપી છે. તેમાં લલિત કલાનો ઉદ્દેશ – 'ભાવ વ્યક્ત કરવાનો અને ઉત્તેજીત કરવાનો' જણાવ્યો છે.આ અંશ બધી લલિતકલાઓની વ્યાખ્યાઓમાં લેખકે સમાન રીતે ઉચ્ચાર્યા છે. આનું તાત્પર્ય એવું થાય  કે દરેક મકાન કે ઈમારત સ્થાપત્યનો

નમૂનો ન ગણાય પણ જેમાં એના ઘટકપિંડોને – સાદાને કે જે ઘાટમાં લાગણી વ્યકત કરવાનું અને પ્રેક્ષકમાં તે ઉત્તેજિત કરવાનું સામર્થ્ય હોય. આવા લક્ષણવાળાં મકાનો જ લલિતકલાની વિચારણામાં સ્થાન પામી શકે છે અને તેથી જ વસવાટ માટેની આ ઉપયોગી કલા લલિતકલામાં સ્થાન પામી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો વસવાટ આદિ પ્રયોજનો માટે બંધાયેલી ઈમારતોમાં આ સૌંદર્યનું લક્ષ્ય હોય તો જ તેમને સ્થાપત્યમાં લલિતકલાઓના એક પ્રકાર તરીકે સ્થાન મળે. ઉપરની આ વ્યાખ્યામાં મકાન કે ઈમારતનો ઉલ્લેખ નથી. ક્રમબદ્ધ અને વિભૂષિત પિંડોના સંયોજનોનો આટલો જ ઉલ્લેખ છે. આનું કારણ એમ કહી શકાય કે માનવ વસવાટની ઈમારતમાં કે બીજા પ્રકારની ઈમારતોમાં જેમ કે દેવમંદિરો કે અન્યત્ર જેવાં કે વિજયસ્તંભો, સ્મારક સ્તંભો, કમાનો, તોરણો – જયાં જયાં આવાં સંયોજનો હોય તે બધાનો આ વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે. બીજુ કારણ એમ પણ કહી શકાય કે લલિતકલા તરીકે આ વ્યાખ્યા આપવાની હોવાથી વસવાટ વગેરે માટેની ઈમારતોનો નિર્દેશ ટાળ્યો હશે. છતાં આર્કિટેકચરનો ઈતિહાસ જોઈએ તો તે ઈમારતોમાં પ્રદર્શિત થતી કલા છે. તેથી ડબલ્યુ.આર.લેથળીએ ટાંકેલી વ્યાખ્યા "Architecture was building touched with emotion" – લાગણીનો સ્પર્શ પામેલી ઈમારત એ આર્કિટેકચર વધારે સ્પષ્ટ બને છે. એ કોલવીનની વ્યાખ્યા સાથે પૂરેપૂરી રીતે બંધ બેસતી પણ છે.[૪૯]

પાશ્ચાત્ય પરંપરાનું આ સૌન્દર્યલક્ષી કે ભાવવ્યંજકતાનું તત્ત્વ ભારતીય સ્થાપત્યની સમજણમાં અતિ ઉપયોગી દષ્ટિ પૂરી પાડે છે. તેથી ભારતીય સ્થાપત્યના અભ્યાસીએ એ તત્ત્વને કદી દષ્ટિ બહાર જવા દેવું જોઈએ નહીં.

## ૮.૬ તાલમાન

વાસ્તુનિર્માણમાં માપન એક મહત્વનું પરિબળ છે. પુરાતન કાળમાં માપન હાથ વડે લેવામાં આવતું હતું. વાસ્તુનિર્માણમાં માન અતિ મહત્ત્વનું છે. કોઈપણ પ્રકારની નિર્મિતિમાં માનની અનિવાર્યતા સ્વીકારવામાં આવી છે. માપન વિના કોઈપણ કૃતિ અપૂર્ણ છે. નિર્મિત આકારનું સૌંદર્ય માનને કારણે છે. મયાચાર્ય કહે છે કે –

"मानं धाम्नस्तु सम्पूर्णं जगत्सम्पूर्णता भवेत्" માન વિના કોઈપણ વસ્તુનું નિર્માણ શકય નથી ફલતઃ વાસ્તુ અને મેય બંને એક જ છે. "यच्च येन भवेद् द्रव्यं मेयं तदपि कथ्यते ।"

માનનીય મહત્તા વ્યક્ત કરતા સમરાંગણ સૂત્રધાર કહે છે કે –

हेतु: समस्तवास्तूनामाधार: सर्वकर्मणाम् ।
मानोन्मानविभागादिनिर्णयैकनिबन्धनम् ॥

અર્થાત્, "આ હસ્ત સંપૂર્ણ વાસ્તુકૃત્ય અને કલાઓનો હેતુ તથા અખિલ વાસ્તુ કર્મોનો આધાર માનવામાં આવે છે. માન, ઉન્માન અને વિભાગ આદિના નિર્ણયનું આ એક માત્ર નિંબધન છે." આ માનના ત્રણ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. "जयेष्ठमध्याधमा भेदा यं च ज्ञात्वा न मुह्यति ।" હસ્તના જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકાર છે." જેનો પર્યાય 'પ્રશય', 'સાધારણ' અને 'માત્રાશય' છે.[૫૦]

अष्टाभि: सप्तभि: षडभिरङ्गुलानि यवोदरै: ।
जयेष्ठमध्यकर्निष्ठानि तश्चतुर्विशति: कर: ॥

હસ્ત ચોવીસ આંગળનો હોય છે. જે હસ્તનો પ્રત્યેક અંગુલ આઠ યવના પરિણામથી પ્રકલ્પિત હોય તે 'જયેષ્ઠ' કહેવાય, જે હસ્તના અંગુલ સાત યવમાં પ્રકલ્પિત હોય તેને 'મધ્યમ' કહેવાય અને જેમાં છ યવ હોય તેને 'કનિષ્ઠ' કહેવામાં આવે છે. (૫૧)

આ હસ્તનું માપન વાસ્તુનિર્માણના સંદર્ભે ત્રણેય પ્રકારોનું કેવી રીતે ઉપયોગી બની શકે તેનું ચિંતન કરતા જયેષ્ઠ, હસ્તમાંપુર, ગ્રામનિવેશ, દ્વાર, માર્ગ, વનઉપવન, પ્રાસાદ, સભા આદિના નિર્માણમાં પ્રશસ્ત છે.

ધારા યંત્ર, પાતયંત્ર, સુરંગ, ગૃહ, મંદિર આદિ વાસ્તુનિર્માણમાં મધ્યમ હસ્ત પ્રશસ્ત છે.

ધનુષ, દંડ, બાણ, શસ્ત્ર, શૈયા, કૂપ, વાપિ આદિના વાસ્તુનિર્માણમાં કનિષ્ઠ હસ્ત પ્રશસ્ત છે. આ હસ્ત આ પ્રકારે વર્ણવી શકાય.

रेण्वष्टकेन वालाग्रं लिक्षा स्यादष्टाभिस्तु तैः ।
भवेद् यूकाष्टाभिस्ताभिर्यवमध्यं तदष्टकात् ॥

અર્થાત્

| | | |
|---|---|---|
| ૮ રેણુ | = | ૧ વાલાગ્ર |
| ૮ વાલાગ્ર | = | ૧ લિક્ષા |
| ૮ લિક્ષા | = | ૧ યૂકા |

| | | |
|---|---|---|
| ૮ યૂકા | = | ૧ યવમધ્ય |
| ૮ યવમધ્ય | = | ૧ જયેષ્ઠ અંગુલ |
| ૭ યવમધ્ય | = | ૧ મધ્યમાંગુલ |
| ૬ યવમધ્ય | = | ૧ કનિષ્ઠ અંગુલ |
| ૨૪ આંગલ | = | ૧ હસ્ત[૫૨] |

હસ્તનું વિભાજન પણ સમરાંગણ સૂત્રમાં દર્શાવવામાં આવ્યું છે. આ હસ્ત ૨૪ આંગળનો હોય છે, જેમાં ત્રણ ત્રણ આંગળ પર એક એક પર્વ રેખા કરવાથી આઠ પર્વ રેખા બને. ચોથી પર્વ રેખા પર અર્ધો હસ્ત થાય છે. પ્રત્યેક (પર્વ રેખા) પર પુષ્પનું ચિહ્ન અંકિત થવું જોઈએ. આ હાથના અર્ધામાં મધ્યમથી પાંચમાં અંગુલનો બે ભાગમાં વિભક્ત કરવો જોઈએ. આઠમાં અંગુલને ત્રણ ભાગમાં અને બારમાં અંગુલને ચાર ભાગમાં વિભક્ત કરવો જોઈએ. આ પ્રકારે આંગળના ભેદથી હસ્તનો ભેદ બતાવવામાં આવ્યો છે.

રાજવલ્લભ પણ માન અંગે નિરૂપણ આપે છે. ક્ષેત્રફળની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, "જે ભૂમિનો વ્યાસ અને લંબાઈ એ બે સરખાં હોય એવી ચતુરસ્ત્ર ભૂમિના વ્યાસ સાથે લંબાઈનો ગુણાકાર કરતા જે આવે તે ભૂમિનું ક્ષેત્રફળ."

હસ્તાત્મક ક્ષેત્રફળ ભૂમિના વ્યાસ સાથે લંબાઈના હાથનો ગુણાકાર કરી જે ક્ષેત્રફળ આવે તે 'હસ્તાત્મક ક્ષેત્રફળ'.

ભૂમિના વ્યાસના હાથો અને તે હાથો ઉપર આંગુલો સાથે ભૂમિની લંબાઈના હાથો અને તે હાથો ઉપરના અંગુલોને પરસ્પર ગુણાકાર કરતાં જે ક્ષેત્રફળ આવે તે 'હસ્તાગુણાત્મક ક્ષેત્રફળ' કહેવાય.

ભૂમિના વ્યાસનો આંગુલો કરી તેમજ ભૂમિની લંબાઈના આંગુલો કરી એકબીજા સાથે ગુણતાં જે આવે તે 'આંગુલાત્મક ક્ષેત્રફળ' કહેવાય.

પરિઘનું માન સમજાવતાં કહે છે કે વૃતના વ્યાસને ત્રણ ગણો કરી તે પછી તેમાં વૃતના વ્યાસનો ષષ્ટાંગ ઉમેરીએ તો ભૂમિ અથવા ક્ષેત્રની પરિધિનું માન મળે છે.

પિંડની સમજૂતી આપતા કહે છે કે વૃતના વિસ્તારોનું અર્ધ અને પરિઘનું અર્ધ એ બંને અર્ધને એકબીજા સાથે ગુણતા જે અંક આવે તે 'પિંડ' કહેવાય છે.

એક સંખ્યાની વિચારણા પણ કરવામાં આવી છે.

एकं दश शतमस्मात् सहस्त्रमनु चायुतम् ॥

नियुतं प्रयुतं तस्मादर्बुदन्यबुर्दे अपि ।
वृन्दखर्चनिखर्वाणि शङ्सकुंपद्माम्बुराशयः ॥

ततः स्यान्मध्यमन्त्यं च परं चापरमप्यतः ।
परार्ध चेति विज्ञेयं यशवृद्धयोतरोतरम् ॥

संङ्खयास्थानानि कथितान्येवमेतानि विंशतिः ।
इदानीं कालसंख्यायाः प्रमाणमभिधीयते ॥

| | | | |
|---|---|---|---|
| ૧. | એક | = | ૧ |
| ૨. | દશ | = | ૧૦ |
| ૩. | સો | = | ૧૦૦ |
| ૪. | હજાર | = | ૧,૦૦૦ |
| ૫. | અયુત | = | ૧૦,૦૦૦ |
| ૬. | નિયુત | = | ૧,૦૦,૦૦૦ |
| ૭. | પ્રયુત | = | ૧૦,૦૦,૦૦૦ |
| ૮. | અર્બુદ | = | ૧,૦૦,૦૦,૦૦૦ |
| ૯. | ન્યર્બુદ | = | ૧૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૦. | વૃન્દ | = | ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૧. | ખર્વ | = | ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૨. | નિખર્વ | = | ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૩. | શંકુ | = | ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૪. | પદ્મ | = | ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૫. | અંબુરાશિ | = | ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૬. | મધ્યમ | = | ૧, ૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૭. | અંત્ય | = | ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૮. | પર | = | ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૧૯. | અપર | = | ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૨૦. | પરાર્ધ | = | ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ [૫૩] |

સમરાંગણસૂત્રમાં કાલસંખ્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આંખનો પલકારો – ૧ નિમેષ

| | | |
|---|---|---|
| ૧૫ નિમેષ | = | ૧ કાષ્ઠા |
| ૩૦ કાષ્ઠા | = | ૧ કલા |
| ૩૦ કલા | = | ૧ મુહૂર્ત |
| ૩૦ મુહૂર્ત | = | ૧ અહોરાત્ર |
| ૧૫ અહોરાત્ર | = | ૧ પક્ષ |
| ૨ પક્ષ | = | ૧ માસ |
| ૨ માસ | = | ૧ ઋતુ |
| ૩ ઋતુ | = | ૧ અયન |
| ૨ અયન | = | ૧ વર્ષ |

આ, અવ્યકત વ્યકતરૂપે આવિર્ભાવ પામે ત્યારે માન એક મહત્ત્વનું પરિમાણ બની રહે છે. નિર્માણ પ્રક્રિયામાં માન એક અગત્યનું પરિમેય છે.

વાસ્તુસારઃ ગ્રંથમાં તાલમાન માટેનો ઉલ્લેખ થયો છે.

षट्सप्ताष्टयवैर्मात्रा चतुर्विशतिस्तत्करः ।
खादिरो वंशधात्वोत्थोऽष्टयर्वा पुष्पसंयुतः ॥

અર્થાત્, "છ, સાત અને આઠ આડા જવનો અંગુલ-માત્રા જાણવો. તેવા ચોવીશ અંગુલ પ્રમાણને હસ્ત=ગજ કનિષ્ઠ, મધ્યમ અને શ્રેષ્ઠ જાણવો. તે ગજ ખેરના કાષ્ટનો વાંસનો કે ધાતુનો બનાવવો. તે ચોવીશ અંગુલના ગજમાં ત્રણ ત્રણ અંગુલે પર્વ કરી ત્યાં ફૂદડી કે પુષ્પથી અલંકૃત કરવો."[૫૪]

ગજ-હસ્તનું પ્રમાણ ચોવીસ આંગળનું વર્તમાન કાળમાં અંગ્રેજોના રાજયકાળમાં ચોક્કસ થયેલું છે. પરંતુ શિલ્પીઓના ઘરના જુના ગજનાં માપ તપાસતા તે ઓછા-વત્તા થાય છે. ગજ હસ્તને 'કમ્બા' કહે છે. ગજ, હસ્ત કે કંબા એ ગજનાં નામો છે.

| | | |
|---|---|---|
| ૧ આંગળ | = | માત્રા |
| ૨ માત્રા | = | કલા |
| ૩ માત્રા | = | પર્વ |
| ૪ માત્રા | = | મુષ્ઠિ |
| ૧૨ માત્રા | = | તાલ અથવા વિતસ્તિ |
| | | (બે તાલનો = ૧ કર (હસ્ત) ગજ |
| | | પોણા બે કર = ગજ એક કિષ્કુ) |
| ૪ હાથ | = | ચાપ (ધનુષ્ય = છંડ) |
| ૨૦૦૦ ચાપ | = | કોશ-ગાઢ |
| ૨ કોરા | = | ૧ ગવ્યુતિ |
| ૨ ગવ્યુતિ | = | યોજન |
| ૧૦૦ કરોડ યોજન | = | પૃથ્વી |

ज्येष्ठोऽष्टाभिर्यवोदरैस्तु मुनिभिर्मध्यस्तु षड्भिर्लधुर्माप्यं
चोत्तमकेन ग्रामनगरं क्रोशादिकं योजनम् ।
प्रासादं प्रतिमा नृपस्य भवनं मध्येन हर्म्यादिकं
यानं षट्यवसंभवेन शयनं छत्राशनास्त्रादिकम् ॥

ढद्रो वायु विक्तकर्मा वहिर्ब्रह्मा यमस्तथा ।
वरूणो धनदो विष्णुः पुष्पेषु नवदेवताः ॥

**ગજના આદ્ય છેડાના દેવતા ૧ રૂદ્ર, ૨ વાયુ, ૩ વિ✓કર્મા, ૪ અગ્નિ, ૫ બ્રહ્મ, ૬ યમ (કાલ), ૭ વરૂણ, ૮ કુબેર, (ધનદ્દ, સોમ) અને ૯ વિષ્ણુ ગજના દેવ છે. ઢદ્ર અને વિષ્ણુ છેડા પરના બે દેવો છે અને ૩-૬-૯-૧૨-૧૫-૧૮-૨૧ આંગળના સાત ફુલના વાયુ આદિ દેવો છે.[૫૫]**

**- આઠ આડા જવના પ્રમાણ અંગુલનો ગજ જયેષ્ઠ, સાત આડા યવ પ્રમાણના અંગુલનો ગજ મધ્યમ અને છ આડા યવ પ્રમાણના અંગુલનો ગજ કનિષ્ઠ હોય.**

**ઢદ્ર વાયુ વિ✓કર્મા અગ્નિ બ્રહ્મા યમ વરૂણ સોમકુબેર વિષ્ણુ**

**આય આદિ ગણિત વિશે જણાવ્યું છે કે,**

आयामे विस्तारगुणेडष्टाभिर्भकते ध्वजादयः ।
शेषास्ते तु करैः कल्प्य ा अंगुलैर्वा यवांशकैः ॥

**અર્થાત્, "ઘરના અંદરની લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર કરીને આઠે ભાગવાથી શેષ રહે તે ધ્વજાદિ આઠ આય જાણવી. લંબાઈ-પહોળાઈ ગજથી, અંગુલોથી અથવા યવથી ગણવી."[૫૬]**

ध्वजो धूमस्तथा सिंह: क्तानो वृष: खरो गज: ।
ध्वांक्षश्चेर्ति क्रमेणैव वर्णानां विषमा: क्रमात् ॥

**"૧ ધ્વજ, ૨ ધૂમ, ૩ સિંહ, ૪ ✓ાન, ૫ વૃષ, ૬ ખર, ૭ ગજ, ૮ ધ્વાંક્ષ એ આઠ આય અનુક્રમે જાણવા. તેમાંથી વિષમ આય ક્રમે કરીને ચાર વર્ણને શ્રેષ્ઠ જાણવા."**

देवे छत्रे जले वस्रे ध्वजो वेधुच्छ्रय शुभ: ।
धान्यभोजनशालायां तुरङ्गाणां गृहे वृष: ।
शस्त्रे राज्यालये सिंह: श्रेष्ठो हस्त्यंगनागृहे ।
पर्यङ्के वाहने याने तथा हस्तिगृहे गज: ॥

अग्निजीवगृहे कुंडे धूमो ध्वांक्षो मठादिषु ।
धूम: क्तानोडन्त्यजातीनां वाधांतजीविनां खर: ॥

**દેવમંદિરે, છત્રે, જળાશયે, વસ્રોએ અને વેદીએ ધ્વજ આય દેવો. અનાજના કોઠારે, ભોજનશાળાએ અને અ✓શાળાએ વૃષ આય દેવો. રાજગૃહે આયુધ શાલાએ સિંહ આય દેવો. રાણીના આવાસમાં ગજ પલંગ, વાહન, પાલખી, રથ અને તેની શાલાએ ગજ આય દેવો. અગ્નિકુંડો અને અગ્નિ કર્મથી જીવનાર (લુહાર કે ભાડભુંજ)ને ત્યાં ધૂમ આય દેવો સાધુના મઠમાં (અને શિલ્પી)ને ત્યાં ધ્વાંક્ષ આય દેવો. ✓ાન પર જેની આજીવિકા હોય તેવા મ્લેચ્છ, અત્યંજને ઘરે ✓ાન આય દેવો, વાધશાળાએ ગવૈયાને ત્યાં અને કુંભારને ત્યાં ખર આય દેવો.**[૫૭]

આઠ આયોમાં ધ્વજ, સિંહ, વૃષ અને ગજ એ ચાર આય શુભ ઘરોમાં દેવાં, ખર, ધ્વાંક્ષ, ધૂમ અને ✓ાન એ ચાર આય, હલકા લોકોના ઘરમાં લેવા.

વિ✓કર્મા પ્રકાશમાં વિવિધ પ્રમાણોનો ઉલ્લેખ થયો છે.

काष्ठादि निर्मिते गेहे स्तंभमानं प्रचक्षते ।
सौवर्णाधे हस्तमानं जातु पाधे न विंचन ॥

पादुकोपानहौ कार्यो अंगुलस्य प्रमाणतः ।
मेचकादिकं चासनं च अंगुलेनैव कारयेत् ॥

प्रतिमा पीठिका चापि लिंग वा स्तंभमेव च ।
गवाक्षाणां प्रमाणं च शिलामानं तथैव च ॥

खड्ग चर्मायुधादीनां प्रमाणं चांगुलानि च ।
विषमाः शुभदाः पुंसां समा सौख्य विनाशकाः ॥

લાકડા વગેરેથી બનાવવાના ઘર માટે થાંભલાના માપનો વિચાર કરવો. સુવર્ણ આદિના મકાનમાં હાથનું માપ વિચારવું. લાખ વગેરેના બનાવવાના મકાન માટે કોઈપણ ચોક્કસ માપ હોતું નથી. પાવડી-જોડા વગેરે માટે આંગળનું માપ લેવું. તે જ પ્રમાણે પલંગ તથા આસન વગેરેમાં પણ આંગળનું જ માપ લેવું મૂર્તિ, પીઠ, લિંગ અને થાંભલો, ગોખલા માટે તેમજ શિલાના માપ માટે; વળી ખડ્ગ, ચર્મ (ઢાલ) વગેરે આયુધો માટે પણ આંગળનું માપ જ લેવાય છે. પુઢષો માટે વિષમ (એકી) સંખ્યાનું માપ શુભ ગણાય છે. સમ (બેકી) સંખ્યાનું માપ વિનાશકારક ગણવામાં આવે છે.[૫૮]

હવે ટૂંકમાં આંગળનું માપ બતાવે છે. મોટેભાગે છ, સાત અને આઠ, નવ વગેરે સંખ્યાથી આંગળ બતાવાય છે. હાથનું માપ પણ ત્રણ પ્રકારનું કહેલું છે. પ્રત્યેક કામ માટે કેવા પ્રકારનો હાથ ગણવો તે પણ  બતાવેલું છે. ગામ, શહેર બતાવેલું છે. ગામ, શહેર, નગર વગેરેના આ વિભાગ વિસ્તાર વગરનો (અમાપ) છે. ખાઈઓ, બારણાં,  ગલી અથવા મહોલ્લો વગેરે જે ઘરોથી બનેલાં હોય તો તેમાં બહાર નીકળવાના રસ્તા અને સીમા પૂરી થાય ત્યાં તેનું અંતર, દિશાઓની વચ્ચેનું અંતર કે તેના વિભાગ, વસ્રો આયોધનો (રણભૂમિ) વગેરેના વિભાગો તથા રસ્તાઓનાં માપ કોસથી અથવા ગવ્યુતિ કે યોજનથી માપવામાં આવે છે. (યોજનમાં લગભગ આઠ માઈલ આવે. જયારે ગવ્યુતિનું પ્રમાણ બે માઈલ જેટલું થાય છે. વળી કોસ પણ બે માઈલ જેટલો જ ગણાય છે) ખાત અથવા ક્રકચની રાશિ મહેલ વગેરે માટે હાથનું માપ લેવાય છે. તેમાં મહેલ, આંગણું આ બધા માટે જે હાથનું માપ લેવાય તે એક હાથ કે જેમાં નવ યવ જેટલું એક આંગળનું માપ છે તે માપ લેવાય છે.(૫૯)

चतुष्कोशं योजनं च वंशो दशकरैर्नितः ।
निवर्तनं विशतिकरैः क्षेत्रं तच्च चतुष्करैः ॥

शतवेश्मनि देशाश्च गृहादीनां निवर्तनम् ।
एकाशीर्ति पहेनैव सर्वं स्थानं च मापयेत् ॥

ચાર કોશનો એક યોજન થાય. વંશનું માપ દસ હાથ ગણાય નિવર્તનમાં વીસ હાથ આવે અને ચોવીસ હાથથી ક્ષેત્ર ગણાય. સો ઘરવાળા પ્રદેશમાં ઘરો વગેરેનો નિવર્તન ને એકયાશી પદ વડે જ આ સઘળા સ્થાનને માપવાં.(૬૦)

રાજવલ્લભ પ્રમાણે,

छायाचाणरेणुकेशाग्रलिक्षायूका: प्रोकता: स्याधवस्त्वंगुलक्त ।
छायादिभ्योष्टध्नमानस्यवृद्धि: प्रोक्तौहस्तोजैनसंख्यांगुलैश्च ॥

છાયાદિકના અનુક્રમે આઠ આઠ ગુણા કરવાથી માપ થાય છે તે એવી રીતે કે,

૧. છાયાની આઠ ગુણાઈ કર્યે એક અણુ થાય,

૨. તેવા આઠ અણુની એક રેણું થાય,

૩. તેવી આઠ રેણુંનું એક કેશાગ્ર થાય,

૪. તેવા આઠ કેશાગ્રની એક લિક્ષા અથવા એક લીખ થાય,

૫. તેવી આઠ લિક્ષાની એક યૂકા અથવા એક જૂ થાય,

૬. તેવી આઠ યૂકાનો એક યવ અથવા એક જવ થાય,

૭. તેવા આઠ યવનો એક આંગુળ થાય,

૮. તેવા ચોવીસ આંગુળનો એક હાથ થાય છે.(૬૧)

આમ, રાજવલ્લભમાં સમરાંગણ સૂત્રધાર પ્રમાણે પ્રમાણ-માપનો ઉલ્લેખ છે.

વિષ્ણુધર્મોત્તરપુરાણના સામાન્યમાન નામના અધ્યાયમાં પ્રતિમા કે મૂર્તિના માપનો ઉલ્લેખ થયો છે,

अङ्गप्रत्यङ्गमानेन यथा पञ्च नराः स्मृताः ।
स्त्रियः पञ्च तथा ज्ञेयास्ता एव मनुजोत्तम ॥

पुरूषस्य समीपस्था कर्तव्या योषिदीश्वर ।
नरस्कन्धप्रमाणेन कार्यैका सा यथामति ॥

**અંતે જણાવે છે કે,**

सम्यग्विचार्य नृपतिः स्वधिया यथोकतं।
हयेतत्प्रमाणमनुरूपमनिंदितं च ।

स्थानैरनेककिरणैः स्थिरभूमिलम्भैः
कार्यं तदेव सुकुमारम् जिह्वरेखम् ॥[૬૨]

**વિષ્ણુધર્મોત્તર પુરાણના પ્રમાણાધ્યાયમાં શરૂઆત ગદ્યમાં આપેલ છે અને અંતે થોડો વિષય પદ્યમાં છે. અહીં પ્રત્યેક અંગનું પ્રમાણ છે.**

**બત્રીસ આંગળી પરિણા મૂર્ધા હોય છે. ચાર આંગળી ઉચ્છાય અને લલાટ આઠ આંગળી હોય છે. ચાર આંગળી શંખ, પાંચ આંગળી ગંડૌ, ચાર આંગળી હનુ, પાંચ આંગળી કાન, નાસિકા ચાર આંગળી, નાસિકા અને હોઠથી વચ્ચે મધ્ય આંગળી, દશ આંગળી સુધીનો વિસ્તાર ડોક, સોળ આંગળી બાહુનું પ્રમાણ, ત્યારબાદ પાંચેય આંગળીના પ્રમાણ કહ્યા છે તથા જઠર, નાભિ, કટિભાગ, વૃષભ, ઉઢ, બાર આંગળીના લાંબા અને છ આંગળી વિસ્તૃત પગ હોય છે. ત્યારબાદ પગની આંગળી અને તેના નખનું પ્રમાણ છે. આમ, મૂર્તિ બનાવવા માટેના પ્રમાણનું સવિસ્તાર વર્ણન છે. જેના વાંચનથી સામાન્ય માનવી પણ પ્રતિમાનું નિર્માણ કરી શકે છે.**[૬૩]

## ૮.૭ નિષ્કર્ષ

શિલ્પ–સ્થાપત્ય વાસ્તુમાં શિલ્પજ્ઞનાં લક્ષણો જાણવાથી માલુમ થાય છે કે, 'વિ✓કર્મા પ્રભુના જણાવ્યા અનુસાર સાચા શિલ્પીને તેમના જ વંશજો કે તે શિલ્પીના વિ✓કર્મા સ્વયં વસે છે' તેથી, તેમને બ્રાહ્મણોની સમાન આદર આપવો જોઈએ. વળી, વાસ્તુમાં શરૂઆત તથા પૂર્ણાહુતિ સમયે તેમનો યોગ્ય સત્કાર કરવો જોઈએ. વાસ્તુનિર્માણમાં શરૂઆતમાં ભૂમિના ક્ષેત્રફળમાં દિશાઓ નક્કી કરવા માટે શંકુ પ્રમાણ અતિ ઉપયોગી બને છે. મૂર્તિકલા એ જુદી જુદી કલાઓની માફક એક અનન્ય કલા છે. જેનો યોગ્ય આકાર આપવાથી તેમાં સ્વયં પ્રભુના દર્શન થાય છે. સ્થપતિ દ્વારા યોગ્ય સ્થાપત્યનો નિર્માણ થાય છે. દરેક માન, પ્રમાણ જાણવા તાલમાન જાણવું આવશ્યક બને છે. કોઈપણ પ્રાચીન ગ્રંથોમાં જણાવેલા વાસ્તુ વિશે માહિતી મેળવવા તેના માપનું કે પ્રમાણનું જ્ઞાન આવશ્યક બને છે. વળી, તેમાં જણાવેલા માપો પ્રાચીન હોવાથી તેનો વર્તમાન સમય પ્રમાણે અર્થ જાણવાથી જ તે ગ્રંથોના આધારે વાસ્તુ નિર્માણ કરી શકાય માટે તાલમાન વિશે જાણવું જરૂરી બને છે.

## પાદ–ટિપ

| | | |
|---|---|---|
| ૧. | वास्तुराजवल्लभ प्रस्तावना | पृ.५/६/७ |
| २. | MAYMATAM | 5/13-24 |
| ૩. | मनुष्यालयचन्द्रिका | १/१५-१६ |
| ४. | मत्स्यपुराण | अ.२१५/४० |
| ५. | ब्रह्मपुराण | २.३.५, ८/१७-१८ |
| ૬. | MAYMATAM | 5/14-B, 5/18-A |
| ૭. | MAYMATAM | 5/22-B 18/24 |
| ८. | विश्वकर्मपुराण | अ.३३ |
| ૯. | ब्रह्मपुराण | ३.४.३१/८ |
| ૧૦. | महाभारत सभापर्व | ५७/३ |
| ૧૧. | विष्णुपुराण का भारत | अंश-१०/पृ.नं.२६३ |
| ૧૨. | **પ્રાચીન ભારતીય શિલ્પકાલ અને** | |
| | **સ્થાપત્ય** | **ડૉ. પ્રિયબાળાબેન શાહ** |
| ૧૩. | विश्वकर्मवास्तुशास्त्र | |
| | प्रमाणबोधि व्याख्या | ३/७-८९ |
| ૧૪. | नारदमहापुराण | ५५/२५-२ |
| ૧૫. | गृहनिर्माण वास्तुविद्यायाम् | २/१९-२० |
| ૧૬. | **પ્રાચીન ભારતીય શિલ્પકાલ અને** | |
| | **સ્થાપત્ય** | **ડૉ.પ્રિયબાળાબેન શાહ** |
| ૧૭. | रघुवंश (कालिदासकृत) | सर्ग ८/६७ |
| ૧૮. | **પ્રાચીન ભારતીય શિલ્પકાલ અને** | |
| | **સ્થાપત્ય** | **ડૉ.પ્રિયબાળાબેન શાહ** |
| ૧૯. | ब्रह्मपुराण | जीवन के भौतिक |
| | आयाम | पृ.९७ |

| | | |
|---|---|---|
| २०. | प्रतिमा लक्षणम् | पृ.८२ |
| २१. | ब्रह्मपुराण | अ.४८/५०-५१ |
| २२. | भारतीय वास्तुकला | ५/७६-७७ |
| २३. | भविष्यपुराण | अ.१२ |
| २४. | गरुमहापुराण | अ.४८ |
| २५. | विष्णुधर्मोत्तरपुराण | |
| | तृतीय खण्ड | अ.३८ |
| २६. | अग्निपुराण | अ.६६ |
| २७. | मत्स्यपुराण | अ.२५८/पृ.५६० |
| २८. | मत्स्यपुराण | अ.२५८/पृ.५६० |
| २९. | **ગુજરાતનું મૂર્તિવિધાન** | **પૃ.૨૦** |
| ३०. | मत्स्यपुराण | अ.२५८/पृ.५६० |
| ३१. | मत्स्यपुराण | अ.२५८/पृ.५६० |
| ३२. | मत्स्यपुराण | अ.२५८/पृ.२६७ |
| ३३. | भविष्यपुराण | अ.१२ |
| ३४. | **પુરાણ પરિચય** | **પૃ.૫૯** |
| ३५. | अमरकोश | १८/८ |
| ३६. | मानसार | अ.३२/३९ |
| ३७. | समराङ्गण सूत्रधार | ४४/१-२ |
| ३८. | मत्स्यपुराण | अ.२५२ |
| ३९. | मत्स्यपुराण | अ.२५४ |
| ४०. | मत्स्यपुराण | अ.२५३ |
| ४१. | मत्स्यपुराण | अ.२५८ |
| ४२. | मत्स्यपुराण | अ.२५५/२० |

| | | |
|---|---|---|
| ૪૩. | ब्रह्मांडपुराण | अ.७/१०५ |
| ૪૪. | मत्स्यपुराण | अ.२५३ |
| ૪૫. | मत्स्यपुराण | अ.२५५ |
| ૪૬. | પુરાણ પરિચય | |
| | (પુરાણોની સંસ્કૃતિ) | પૃ.૪૧ |
| ૪૭. | मत्स्यपुराण | अ.२५२ थी २५९ |
| ૪૮. | मत्स्यपुराण | अ.१२९-१४० |
| ૪૯. | પ્રાચીન ભારતીય શિલ્પકલા | |
| | અને સ્થાપત્ય | ડૉ.પ્રિયબાળા શાહ |
| ૫૦. | समराङ्गण सूत्रधार | ११/१ |
| ૫૧. | समराङ्गण सूत्रधार | ११/५ |
| ૫૨. | समराङ्गण सूत्रधार | ११/४ |
| ૫૩. | समराङ्गण सूत्रधार | १९/४७-५० |
| ૫૪. | वास्तुसारः | १३/पृ.४ |
| ૫૫. | वास्तुसारः | १४-१५/पृ.४ |
| ૫૬. | वास्तुसारः | १६/पृ.५ |
| ૫૭. | वास्तुसारः | १७-२०/पृ.५-६ |
| ૫૮. | विश्वकर्मप्रकाश | अ.५/२५-२८ |
| ૫૯. | विश्वकर्मप्रकाश | अ.५/२९-३३ |
| ૬૦. | विश्वकर्मप्रकाश | अ.५/३८-४० |
| ૬૧. | वास्तु राजवल्लभ | अ.१०/१ |
| ૬૨. | विष्णुधर्मोत्तरपुराण | अ.३७ |
| ૬૩. | विष्णुधर्मोत्तरपुराण | अ.३६ |

# પ્રકરણ–૯

# પ્રકરણ-૯
# કુંડાદિ વાસ્તુ


૯.૧ પ્રસ્તાવના

૯.૨ કુંડ, વાપી આદિની પ્રતિષ્ઠાવિધિ

૯.૩ કુંડ, વાપી આદિના પ્રકાર

૯.૪ કુંડાદિની ફલપ્રાપ્તિ

૯.૫ નિષ્કર્ષ

# પ્રકરણ-૯
# કુંડાદિ વાસ્તુ

## ૯.૧ પ્રસ્તાવના

જલ એ જ જીવન. જળ છે તો જીવન છે. જળ વગરની ભૂમિ ઉપર નિવાસ સ્થાન એક મનુષ્યથી બીજા મનુષ્યનો ઘણા દૂરના અંતરે હોય છે. તથા જે ભૂમિની અંદર જળભંડાર ઘણો હોય ત્યાં માણસોના ઘર બીજા માણસોથી વધુ નજીક જોઈ શકાય છે. જળથી મનુષ્ય, પશુ, પક્ષી બધા પ્રકારના પ્રાણીઓ જીવીત રહે છે.

જળભંડાર અનેક પ્રકારના જળાશયોમાં કરવામાં આવે છે. જેમ કે, વરસાદ વગરના પ્રદેશમાં તળાવ, કુંડ, વાવ, કુવાનું નિર્માણ કરવામાં આવે છે. ઓછો વરસાદ થાય ત્યારે પણ કામમાં આવે અને વધારે વર્ષા હોય ત્યારે પણ તે જળ કામમાં લેવામાં આવે છે.

અત્યાધિક વર્ષાવાળા પ્રદેશમાં તળાવમાં પાણી ભંડાર થઈ જાય છે. તથા જયાં વરસાદ ઓછો હોય અને જળની જરૂરિયાત હોય ત્યાં નદીના મુખ પર બંધ બંધાવીને જળસંગ્રહ કરવામાં આવે છે. કહેવાનો અર્થ એ છે કે, જળ છે તો આપણે છીએ નહીંતર શૂન્ય છીએ.

આ કુંડાદિ નિર્માણ કરવાની વિધિ તેમજ તેના ફળ વિશેની માહિતી પણ વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો તથા પુરાણાદિમાં પ્રાપ્ત થાય છે.

વાસ્તુરાજવલ્લભ નગરમાં જળાશયોનું મહત્ત્વ દર્શાવતા તેમાં કયા – કયા પ્રકારના જળાશયો બનાવવા જોઈએ તેનો ઉલ્લેખ કરતા જણાવે છે કે,

नीराश्रय: पुण्यवताविधेय: मध्येपुरस्यापितथैवबाह्ये ।

वाप्यश्चतरस्नापि दशैव कूपा: चत्वारिकुंडानिचषट्तडागा: ॥

**અર્થાત્, "નગરમાં અને તેના બહારના ભાગે પુણ્યવંત પુરૂષે જળાશયો કરવાં તે એવી રીતે કે ચાર પ્રકારની વાવડિયો, દશ પ્રકારના કુવા તથા ચાર પ્રકારના કુંડો અને છ પ્રકારના તળાવો કરવાં."[૧]**

**જળાશયો બનાવવાથી મળતા ફળ વિશે કહેવાયું છે કે,**

विद्यारितंजीवनमेवियेन तद्र:पदैकेन समंपृथिव्याम् ।

सषष्ठिसंख्यंचसहस्रवर्षं स्वर्लोकसौख्यान्यखिलानिभुक्ते ।

**અર્થાત્- જે જળ પ્રાણીઓના પ્રાણને બચાવે છે તે જળનું સ્થાન ગોપદ અથવા ગાયના પગલાં જેટલું પૃથ્વીમાં કોઈ મનુષ્ય બનાવે છે તો તેને આઠ હજાર વર્ષ સુધી સ્વર્ગલોકનાં સુખો પ્રાપ્ત થાય છે.[૨]**

## ૯.૨ કુંડ, વાપી આદિની પ્રતિષ્ઠાવિધિ

**'પ્રતિષ્ઠામૌક્તિકમ્' ગ્રંથમાં વાપી, તળાવ, કૂપ વગેરેની પ્રતિષ્ઠાવિધિ કહેલ છે,**

सध: पक्षे पु शुभे शुक्लवस्रं धुत्वा धृनोष्णीष: सोपस्कशं जलपात्रीमादाय नदीतीर्थजलपूर्ण कलशं गृहीत्वा सयजमानो वेदमङ्गलवोषैर्जलाशयं गत्वा जलाशयमारामं देवतायतनं तडागं कूपं वा त्रिवृता सूत्रेण वाससा वा वेष्टयेत् । वापी कूपतडागसमीपे ध्वजमारोप्य ॐ तत्त्वस्नामि इति वरूणमावाह्य सम्पूज्य प्रार्थयेत् ।

ॐ नमस्ते विश्वगुप्ताय नमो विष्णो ह्यपांपते । सान्निध्यं कुरू देवेश समुद्रे यद्वदत्र वै ॥ मित्रमित्रोऽसि भूतानां धनदो धनकाङ्क्षिणाम् । वैधो रोगाभिभूतानां शरणं शरणार्थिनाम – इति ।

ततो जलाशये कूपे तडागे वाप्यां वा नाभिमात्र जले स्थित्वा पुरूषप्रमाणे जले ततोडधिके वा जले जलपात्रीस्थितान् कूर्ममकरादीन जले प्रवाहयेत् । ततो जले पूर्वादिक्रमेण नागानक्षतैरावाह्येत्–१. ॐ अनन्ताय नमः २. महापद्माय नमः ३. तक्षकाय नमः ४. कलिकाय नमः ५. शेषाय नमः ६. वासुकये नमः ७. पद्माय नमः ८. कर्कोटकाय नमः । अनन्तादीन् गन्धपुष्पैः संपूज्य पञ्चत्र ह्यणैर्दध्युदकादिकलशं नदीतीर्थकलशजलञ्च ॐ आपोहिष्ठा ३ मन्त्रत्रयेण जले क्षिपेत् ।

यष्टिरोपणम् – ततः खादिरशालवंशादिजां दोषरहितां यष्टिं संस्राप्य गन्धाक्षतपुष्पमालासौभाग्यद्रव्यैः सम्पूज्य 'मनोजूतिरिति प्रतिष्ठाप्य मङ्गलधोषपुरःसरं वाप्यास्तडागस्य मध्ये स्थिरां रोपयेत् – ॐ सिद्धस्तम्भो जटापविश्वाप्सु स्थिताय हुं फट् अनन्ताय नागाधिपतये नमः – इति मन्त्रेण । ॐ नमोऽस्तु सर्पेभ्यो इति तामभिमन्त्र्य 'हुं फटं इत्युभ्युक्ष्य पूजयेत् ।

ततो यजमानस्तडागस्य पुष्करिण्या वा दक्षिणत उदङ्मुखः कनकालङ्कृतसितवस्रवेष्टितां गां संपूज्य पुच्छमादायोत्तराते । छन्दोगः – सेतूँस्तर इत्यादि साम गायति । तत उत्तीर्य सामगाय तां गां दत्त्वा सपरिवारो वारूणमन्त्रै जलेऽवगाह्य स्रायात् । वापीकूपयोर्गोस्तरणं नास्ति ।

ततस्तीरे प्राङ्मुख उदङ्मुखो वा यजमानो जलाशयोत्सर्ग कुर्यात् जलमादाय – अध पू तिथौ मम सकुटुम्बस्य सकलकामनापु–रूषार्थादिसिद्धये समस्तपितृणामुद्धारपूर्वकं ब्रह्मलोकनिवाससिद्धये समस्तजीवानां स्नानपानावगाहनाधर्य अक्षप्यतृप्तिहेतवे सूर्याचन्द्रमसौ यावद् इमां वापीं (पुष्करिणी; इमं तडागं, इमं कूपं) सर्वभूतेभ्यः अहमुत्सुज्ये नमम – इति सङ्कल्पजलं जलाशये क्षिपेद् । मत्स्यादिजलमातृः संपूज्ये मण्डपमागच्छेत् । ततो यथाशक्ति दक्षिणादानाम् । दिनचतुष्टयमनिवारितमन्नदानम् । ब्राह्मणभोजनम् । तिलकाशीर्वादः । अग्निस्थापितदेवताविसर्जनम् कर्मब्रह्मार्पणम् । आचमनम् । प्राणायामः ।(३)

ઉપર્યુકત ચર્ચાને આધારે વાપી, કૂપ, તળાવના નિર્માણ માટે સૌપ્રથમ નદીના જળને કળશમાં લાવીને સ્થાપવું ત્યારબાદ વરુણની પ્રાર્થના કરતા ધ્વજારોપણ કરવું. યષ્ટિરોપણ વગેરે વિધિમાં વિવિધ ઉપર મુજબના શ્લોકોનું ગાન કરવામાં આવે છે. સંપૂર્ણ વિધિ બાદ બ્રાહ્મણોને યથાશક્તિ દાન આપીને બ્રહ્મભોજન કરાવીને તેમના પાસેથી આશિર્વાદ લેવાનું જણાવે છે.

પુરાણોમાં જળાશયની પ્રતિષ્ઠા વિધિ જણાવેલ છે. જેમાં અગ્નિપુરાણ અને ભવિષ્યપુરાણમાં તેની વિસ્તૃત માહિતી મળે છે. જયારે મત્સ્યપુરાણ, લિંગપુરાણ તેમજ અન્ય પુરાણમાં તેનો આંશિક ઉલ્લેખ છે.

ભવિષ્યપુરાણમાં પૂર્ત–કર્મ–નિરૂપણ છે. જેમાં બ્રહ્માજીની યુગાન્તરની અંતર્વેદિ અને બહિર્વેદિની વાત છે તે દ્વાપર અને કળિયુગ માટે અત્યંત ઉત્તમ માનવામાં આવે છે. તે પ્રમાણે

કર્મ

- અંતર્વેદિ
  - જ્ઞાનસાધ્ય
- બહિર્વેદિ
  - દેવતાની સ્થાપના
  - પૂજા(પૂર્તિ)

જેમાં કૂવા, વાવ, તળાવ વગેરે ખોદાવવાનો ઉલ્લેખ થયો છે.

નવું તળાવ, વાવડી, કુંડ અને જળાશય આદિનું નિર્માણ કરીને સંસ્કાર કાર્યને માટે ગણેશ આદિ દેવપૂજન તથા હવન આદિ કાર્ય કરવાનું જણાવ્યું છે. પછી તેમાં વાપી, પુષ્કરિણી(નદી) આદિનું પવિત્ર જળ તથા ગંગાજળ મૂકવાનું કહેલ છે.

शोधयेत्प्रथमं भूमिं मितां कृत्वा ततो द्विजाः ।
दशहस्तेन दण्डेन पञ्चहस्तेन वा पुनः ॥

वाहयेत्सदा वृषभैस्तडागार्थेऽपि भूमिकाम ।
देवागारस्य या भूमिः श्वेतैश्च वृषभैरपि ॥

या भूमिर्ग्रहयागार्थे तत्र वाहैरपि स्पृशेत् ।
आरामार्थे कृष्णवृषैः कृपार्थखननैरपि ॥

દેવમંદિર, તળાવ આદિના નિર્માણ કરવામાં સૌ પ્રથમ પ્રમાણ પ્રમાણે ગૃહીત કરવામાં આવેલી ભૂમિનું સંશોધન કરીને દસ હાથ અથવા પાંચ હાથના પ્રમાણમાં ભૂમિને બળદો પાસે ખેડાવવી જોઈએ. દેવમંદિરને માટે ગૃહીત ભૂમિને સફેદ બળદોથી તથા કૂવા, બગીચા આદિને માટે કાળા બળદોથી ખેડાવવી

જોઈએ. ભૂમિની પરીક્ષા કરીને વાસ્તુનું પૂજન કરવું. પછી વાસ્તુબલિ આપીને ભૂમિ ખોદનારની પૂજા કરવી. વાસ્તુના મધ્યમાં એક હાથના પ્રમાણમાં ભૂમિને ઘી, મધ, સુવર્ણ મિશ્રિત જળ તથા રત્ન મિશ્રિત જળથી અભિમુખ થઈને લીંપવી. પછી ખોદતી વખતે 'આ બ્રહ્મન્' એ મંત્રોચ્ચાર કરવો. વાસ્તુ દેવતાના વિના પૂજન કરેલ તળાવ આદિનું નિર્માણ કરાય, તો યમરાજ તેનું અડધું પુણ્ય નાશ કરે છે. માટે મોટો કૂવો, ગૃહનિર્માણમાં પ્રથમ વાસ્તુદેવતાનું વિધિપૂર્વક પૂજન કરવું જોઈએ.[૪]

નદીના સંગમમાં ઊગેલું, કૂવામાં ઊગેલું, તળાવ વગેરે જળાશયમાં ઊગેલું લાકડું ઘરના કામમાં વાપરવું નહિ. આમ, જળાશયમાં ઊગેલા ઝાડના લાકડાના ઘરના કામમાં ઉપયોગ કરવાનો નિષેધ કયો છે. [૫]

વિષ્ણુધર્મોત્તરપુરાણના દ્વિતીય ખંડમાં કુંડ, કૂપનો ઉલ્લેખ થયો છે,

वाप्वन्तरिक्षसुग्रीवभल्लाटपितृदैवते ।
गंधर्वपुष्पदन्ताख्येभागे कूपं तु कारयेत् ॥

एकवृक्षाधिकं तत्र तथा कुर्याद्विजोत्तम ।
अथवा दिग्विभागेन गृहकर्म विधीयते ॥

ऐशान्यां देवतावेश्म तथाग्नेप्यां महानसम् ।
अग्न्यागारं च तत्रैव भ्रमं नैर्ऋत्यके तथा ॥

कोष्ठागारायुधागारौ वायव्यां च तथा स्मृतौ ।
कूपादिस्थोदकं शस्तं दिक्षु चैवोत्तरासु च ॥

अन्यासु गर्हितं राम प्रयत्नेन विवर्जयेत् ।
पुराणं नवमिश्रं तु दारूवेश्मनि वर्जयेत् ॥

सकुडयं परकुडयं च नैव कार्यं विजानता ।
विनार्कचन्द्रग्रहणं द्वारमसम्परिवर्तनम् ॥[૬]

विष्णुपुराण का भारत के दशम अंश में प्रासादो का निर्माण प्रस्तुत हुआ है उसमें जलाशय का वर्णन है । जिसमें

प्रासादो प्रफुल्ल कमल और कूजते हुए सुन्दर हंस तथा कारण्डव आदि जलपक्षियों से सुशोभित जलाशय थे ।[૭]

**ગરુડ મહાપુરાણમાં જળાશયનો આંશિક ઉલ્લેખ થયો છે.**

अथ वापि समं वास्तुं कृत्वा षोडशभागिकम् ।
तस्य मध्ये चतुर्भागमादौगर्भ तु कारयेत् ॥ [૮]

**આમ, વાપિની નજીક વાસ્તુનું નિર્માણ કરવાથી યોગ્ય માત્રામાં જળની પ્રાપ્તિ થાય છે.**

**અગ્નિપુરાણમાં તો વાવ-કૂવા પ્રતિષ્ઠાકથન નામનો એક આખો અધ્યાય છે.**

कूपवापीतडगानां प्रतिष्ठा वच्मि तांश्रृणु ।
जलसपेण हि हरिः सोमा वरुण उत्तमः ॥

**ભગવાને કહ્યું કે, 'હે તપસ્વિનો ! હું વાવ, કૂવાની પ્રતિષ્ઠાનું કથન કહું છું, તે સાંભળો ! ભગવાન શ્રી હરિ જ જલરૂપથી દેવશ્રેષ્ઠ સોમ અને વરૂણ**

બનેલ છે. સંપૂર્ણ વિશ્વ અગ્નિષ્ટોમમય છે. જલરૂપ નારાયણ તેનું કારણ છે. બે હાથધારી, હંસની સવારીવાળા તેમજ નદી, નાગ ધારણ કરનારા વરૂણનું સ્થાપન કરી લેવું.

અગ્નિપુરાણ અનુસાર સહુ પ્રથમ યજ્ઞના મંડપ મધ્યે વેદિકા સ્થાપવી. નાળિયેરના કાચલા સાથેનો ઘડો વરૂણના માટે સ્થિત કરી દેવો. કૂંડમાં અગ્નિથી હોમસમાપન કરવું. વરૂણના માટેનો 'યે તે શતં' મંત્રપાઠ કરીને તેમને પધરાવવા. ગુરુએ મૂલમંત્ર ભણી જલથી પ્રક્ષાલન કરી લેવું. સમુદ્રના જલથી ઘટને પૂર્ણ કરવો. નદી, તીર્થનાં જળ 'यासां राजा' મંત્રને ભણી તૈયાર રાખવાં. જયોતને સંપૂર્ણ કરી લેવી. ગુરુને ગૌદાન દેવું. મંત્ર ભણી વરૂણદેવને અભિષેક કરવો. 'समुद्रं गच्छ' વગેરે મંત્રોથી અગ્નિખૂણાના કલશના ગંગાજલથી 'सोमोधेनु' મંત્રથી દક્ષિણ કલશના વર્ષાજલને, 'દેવીરાપો' મંત્રથી નૈર્ઋત્ય કલશના નિર્ઝર જલથી, 'पञ्च नधः' મંત્ર દ્વારા પશ્ચિમ કલશના નદી જલથી, 'उध्विग्नयः' મંત્રથી ઉત્તર કલશના ઉધ્વિજ જલથી અને પાવમાની ઋચાના ઈશાન કલશના તીર્થજલથી વરૂણનો અભિષેક કરવો. એકયાશી ઘડુલાના જલથી 'तन्नो वरूण' મંત્ર સાથે વરૂણની સ્નાનવિધિ કરીને અર્ધ્ય દેવો. વ્યાહુતિઓનું ઉચ્ચારણ કરીને મધુપાર્ક તેમજ 'बृहस्पते अति पदर्यो' મંત્રથી વસ્ત્ર 'इमं मे वरूण' મંત્રથી પવિત્રક તથા પ્રણવમંત્રથી ઉત્તરીય અર્પિત કરવું. પુષ્પ, ચંમર દર્પણ, છત્રને પતાકા વરૂણદેવને સમર્પિત કરવા. મૂલમંત્રથી 'उत्तीष्ठ' કહીને ઉત્થાપન કરવું. તે રાત્રિએ અધિવાસન કરવું. વરૂણસૂકતથી પૂજન કરવું. ત્રણ ઋચાઓથી આહુતિ આપવી. દશે દિશામાં બલિ સમર્પિત કરવો. ગંધપુષ્પથી પૂજન કરવું પણ જ્ઞાની પુરૂષે પ્રતિમાને ઉઠાવીને મંડલમાં સ્થાપિત કરવી. પછી ગંધ, પુષ્પ વગેરેથી પૂજન કરવું. વરૂણદેવ પોતાની ધર્મપત્ની, ગૌરીદેવીના

સાથે વિરાજમાન નદી, સરોવરથી ઘેરાયેલા છે એવી રીતનું તેમનું ધ્યાન કરવું. 'ॐ वरूणाय नमः' મંત્રથી પૂજન કરવું. પછી વરૂણદેવને ઉઠાવીને ગજરાજના પૃષ્ઠભાગ ઉપર સ્થાપિત કરીને નગરમાં ફેરવવા. તે પછીથી વરૂણમૂર્તિને 'आपो हि ष्ठा' મંત્ર ઉચ્ચારીને સુરક્ષિત રૂપથી સ્થાપિત કરવી.

એ પછી યજમાને સ્નાન કરીને વરૂણદેવનું ધ્યાન ધરવું. પછી બ્રહ્માંડ સંજ્ઞિની સૃષ્ટિના અગ્નિબીજથી દગ્ધ કરીને તેની ભસ્મરાશિને અગ્નિ જલથી પ્લવિત કરીને ભાવના કરવી – 'સમસ્ત લોક જલમય બની ગયેલ છે.' એવી ભાવના કરીને તે જલમાં જલેશ્વર વરૂણનું ધ્યાન કરવું. જલના મધ્યભાગમાં વરૂણદેવનું ચિંતન કરવું. યજ્ઞમંડપના પ્રાંગણમાં 'यूप ब्रह्म' મંત્રથી સ્થાપના કરી તેને વસ્ત્રોથી આવેષ્ટિત કરવું. તેનું ગંધ આદિથી પૂજન કરવું ને વિશ્વ માટે શાંતિકર્મ કરવું. આચાર્યને ભૂમિ, ગાય, સુવર્ણ તથા જલપાત્ર આદિ દક્ષિણામાં અર્પિત કરવું. અન્ય બ્રાહ્મણોને પણ દક્ષિણા આપવી અને ભોજન કરાવવું.(૯)

સ્કન્ધપુરાણના પ્રભાસખંડમાં ગોપી–સરોવરના નિર્માણ અને તેનો મહિમા છે.

મય સરોવરમાં સ્નાન કરવાથી સમસ્ત બંધનોથી મુક્ત થઈ જાય છે. તેવું શ્રીકૃષ્ણના જણાવવાથી ગોપીઓએ કહ્યું કે, ''દૈત્યોમાં શ્રેષ્ઠ મય ધન્ય છે, જેના બનાવેલા સરોવરમાં બધા દેવતાઓની સાથે જગદીશ્વર નિવાસ કરે છે. આથી, હે પ્રભુ તમે જો અમારી ઉપર પ્રસન્ન હોય તો અમારી માટે પણ આવા એક તીર્થનું નિર્માણ કરાવો.' આમ, શ્રીકૃષ્ણએ ગોપિયોના હિત માટે મયસરોવરની નજીક બીજા સરોવરનું નિર્માણ કરાવ્યું. તેમાં ઘણું પાણી હતું.

કમળો તેની શોભા વધારતા હતા. સરોવરનું પાણી ઘણું સ્વચ્છ હતું. હંસ, સારસ અને ચક્રવાક વગેરે પક્ષીઓ તેને સુશોભિત કરતા હતા. આમ, સરોવરને જોઈને શ્રીકૃષ્ણએ ગોપિયોને કહ્યું કે, 'મયસરોવરની નજીક સજજનોના મનની જેમ સ્વચ્છ જળવાળું આ સરોવર મેં તમારી માટે તૈયાર કરાવ્યું છે. મેં આ સરોવર તમે બધી ગોપીયોની ઈચ્છાથી નિર્માણ કરાવ્યું છે, માટે આ સરોવર 'ગોપી સરોવર' નામથી પ્રચલીત બનશે.(૧૦)

આમ, ગોપી સરોવરનુ નિર્માણનું કારણ જણાવી અહીં તેનું વર્ણન પણ છે.

દ્વારિકામાં ઘણા આશ્ચર્યજનક તીર્થ છે, જે ઘોર કલિયુગ આવવાથી સમુદ્રમાં વિલીન થઈ જાય છે. જયારે ભગવાન શ્રીકૃષ્ણ વૃષ્ણિવંશિઓને લઈને દ્વારકા ગયા ત્યારે તેમના દર્શન માટે દેવતાઓની સાથે ઈન્દ્ર, વરુણ, યમ, કુબેર, સૂર્ય તથા ચંદ્રમાં આવ્યા ત્યારબાદ બ્રહ્માજી પોતાના નામથી ત્યાં એક તીર્થ નિર્માણ કર્યો, જે બ્રહ્મકુંડ કહેવાય. બ્રહ્માજીના એ કુંડની નજીક ઈન્દ્રએ પરમ સુંદર સરોવર બનાવ્યું. જે ઈન્દ્રસરોવર નામથી ઓળખાયું. બ્રહ્મકુંડ અને ઈન્દ્રસરોવરના દર્શન કરીને ભગવાન વિષ્ણુની સાથે પોતાની દોસ્તી બતાવી મહાદેવજીએ એક તળાવ બનાવ્યું. આથી, દેવતાઓએ તે સરોવરને મહાદેવ સરોવર કહ્યું. વરૂણજીએ ભગવાનની પ્રતિ ભક્તિભાવ બતાવી દિવ્ય સરોવરનું નિર્માણ કર્યું, જે વરુણસરોવર નામથી વિખ્યાત થયું હતું.

આમ, દ્વારિકા નગરીના શ્રીકૃષ્ણના નિર્માણ બાદ તેમના પ્રત્યે ભક્તિભાવ રાખીને બ્રહ્માએ બ્રહ્મકુંડ, ઈન્દ્ર તથા ચંદ્રએ ઈન્દ્રસરોવર – ચંદ્રસરોવર, મહાદેવે બનાવેલ તળાવ મહાદેવ સરોવર  તથા વરુણ દ્વારા વરુણ સરોવર બનાવ્યું. જે દ્વારિકામાં કયારેય પાણીની તંગી ઊભી થવા તે  તેવા નહતા.(૧૧)

પદ્મપુરાણમાં તળાવની પ્રતિષ્ઠા નામનો અધ્યાય છે. જેમાં સરોવર, તળાવ, કૂવા, વાવો બંધાવ્યા પછી તેનો પ્રતિષ્ઠાવિધિ કઈ રીતે થાય ? તે ભીષ્મના પ્રશ્નના ઉત્તરમાં પુલસ્ય વિધિ જણાવે છે.

तटाकारामकूपेषु वापीषु नलिनीषु च ।
विधिं वदस्व मे ब्रह्मन् देवतायतनेषु च ॥

તળાવની પ્રતિષ્ઠા કે ઉદ્‌ઘાટન વિધિ કોઈપણ ઉત્તમ મહિનાના સુદ-શુકલ પક્ષમાં બ્રાહ્મણે આપેલ તિથિ - મૂહુર્તે સ્વસ્તિવાચન કરાવી તળાવની પાસે શુભ પવિત્ર સ્થળે ચાર હાથની વેદી ચાર ખૂણા તથા ચાર મોઢાવાળી બનાવવી. સોળ હાથનો મંડપ ચાર મુખવાળો કરાવવો. તેની આસપાસના ચાર ખાડાઓમાં પીપળાની, ઉંબરાની, વડની, પીપળની શાખાઓ ખોંસવી આઠ હોમ કરનાર વેદપારંગત બ્રાહ્મણો તથા આઠ જપ કરનાર બ્રાહ્મણો તથા પચીસ ઋત્વિજો સ્વીકારવા. ખાડાઓમાં યજ્ઞના કળશો સ્થાપવા. યજ્ઞ માટેના સઘળા સાધનો રાખવાં. વેદીની આજુબાજુ મંડળ બનાવીને મંડળમાં સોળ આરાઓવાળું એક ચક્ર આલેખવું. પછી આચાર્યે કળશ સ્થાપીને ગણપતિ, લક્ષ્મીજી, વિષ્ણુ, બ્રહ્માજી, શંકર-પાર્વતીનું સ્થાપન કરવું. કળશોને વસ્રો તથા ફૂલમાળાથી શણગારવા. આચાર્યે અગ્નિ પ્રજવલિત કરીને મંત્રોથી અગ્નિમાં ઘી તથા સમિધો હોમવાં. ઋગ્વેદી, યજુર્વેદી, સામવેદી તથા અથર્વવેદી બ્રાહ્મણોએ સૂકતોનું ગાન કરવું. વેદોચ્ચારો કરવા, પછી શણગારેલી ગાયને જળાશયમાં ઉતારવી. તે ગાય સામવેદી બ્રાહ્મણને દાન આપવી. પછી નાનું સુવર્ણ પાત્ર લઈ જળમાં પધરાવવું. ચાર દિવસ હોમ ચાલુ રાખવો. સમાપ્તિ પછી આચાર્યને ગાય અને શૈયા તથા દ્રવ્યનું દાન આપવું.(૧૨)

આમ, પદ્મપુરાણમાં તળાવની પ્રતિષ્ઠા માટેની વિધિની વિગતે ચર્ચા કરી છે.

## ૯.૩ કુંડ, વાપી આદિના પ્રકાર

(૧) કુંડના પ્રકાર. કુંડના આકારના આધારે તેના જુદા જુદા પ્રકાર પડે છે. તે વિશે वास्तुसार: માં આ પ્રમાણે જણાવેલ છે.

- જે કુંડ ચોરસ હોય તેનું નામ ભદ્ર,
- જે ભદ્ર સહિત હોય તે સુભદ્ર,
- જે પ્રતિભદ્ર સહિત હોય તે કુંડને નંદ
- જે કુંડના મધ્યમાં ભિટ્ટ હોય તે કુંડને પરિઘ કહે છે.
- કુંડને પગથીયા પછી – ઓટલા રાખવા તેને ભિટ્ટ કહે છે.
- પગથીયા પછી રમણુ રાખવુ તેને પરિઘ કહે છે.

ભિટ્ટના ઉદયમાં ગંગા આદિ નદીયોની મૂર્તિઓ કરવી તેમજ સૂર્ય, દશાવતાર, વિષ્ણુઓ – એકાદશ રૂદ્રો, દુર્ગા, ભૈરવ, માતૃકા, ગણપતિ, અગ્નિ, દુર્વાસા નારદીદગ્ધાલાદિ મૂર્તિઓના ગોખલાઓમાં આ સર્વ સ્વરૂપો કરવા તેથી કુંડ તીર્થરૂપ બને છે. આઠ હાથ = ગજથી સો ગજ સુધીના કુંડનું પ્રમાણ કહેલું છે. કુંડને ચાર દ્વારા ચોતરફ ઉતરવાને પગથીયા – ભિટ્ટમાં ગોખલાઓ અને કુંડના ખુણાઓમાં ચોકીયો તથા પટ્ટશાલા કરવી. કુંડના પ્રવેશ દ્વારા પર શ્રીઘર મંડપ કરવો તોરણયુક્ત બે સ્તંભનો પ્રતોલ્યા પણ કરવી.(૧૩)

सूत्रधार - मंडन - विरचित वास्तुसारः ના આ વિચારો વાસ્તુराजवल्लभ માં વધુ સ્પષ્ટ થતા જણાય છે,

भद्राख्यकुंडंचतुरस्रकंच सुभद्रकंभद्रयुतंद्वितीयम् ।
नंदाख्यकंस्यात्प्रतिभद्रयुक्तं मध्येसभिट्टंपरिघंचर्तुथम् ॥

"જે કુંડ ચતુરસ્ર (ચોરસ) હોય તે કુંડનું નામ 'ભદ્ર' કહેવાય, પણ જે કુંડ ભદ્ર સહિત હોય તે કુંડનું નામ 'સુભદ્ર' કહેવાય, તથા પ્રતિભદ્ર સહિત હોય તો તે કુંડનું નામ 'નંદ' કહેવાય. અને જે કુંડના મધ્ય ભાગમાં ભિટ્ટ હોય તે કુંડનું નામ 'પરિઘ' કહેવાય." આઠ હાથથી માંડી સો હાથ અથવા સો ગજ સુધીનો કુંડ કરવો અને તેને ચાર દ્વારો કરવાં (ચારે તરફથી ઉતરવા માટે), તે દ્વારોમાં દિશાઓના ભાગમાં ગોખલ કરવા; તેમજ કુંડના ખુણાઓમાં ચોકિયો તથા પટ્ટશાળાઓ કરવી.

गंगाधारवयोहरेश्चदशकंरूद्रादशैकाधिकाः
दुर्गाभैरवमातृका गणपतिर्वन्हैस्त्रिकंचंडिका ।
दुर्वासामुनिनारदस्तुसकलाद्वारावतीलीलिका
लोकाः पंचपितामहादिविबुधाः स्युर्मध्यभिट्टेसदा ॥

કુંડમાં રહેલી ભિટ્ટ (ભિટ્ટ એટલે એક પ્રકારનો થર છે તે ભિટ્ટમાં ગોખલાઓ આવે છે તેની મૂર્તિઓ સ્થાપન કરવી) વિષે ગંગા આદિ નદીઓની પ્રતિમાઓ કરવી તથા બાર સૂર્યની બાર પ્રતિમાઓ તથા વિષ્ણુના દશે અવતારોની દશ પ્રતિમાઓ તથા અગિયાર રૂદ્રની, દુર્ગાની, ભૈરવની, સોળ માતૃકાઓની, ગણપતિની, ત્રણ અગ્નિની, ચંડિકાની, દુર્વાસા મુનિની, નારદની, દ્વારકાની લીલા અને બ્રહ્માદિ પાંચ લોકપાળની (એટલે ઈન્દ્ર, યમ, વરૂણ, કુબેર અને બ્રહ્મા) પ્રતિમાઓનું સ્થાપન કરવું. (૧૪)

## (૨) વાપી વિચાર

વાસ્તુસાર: ગ્રંથમાં ચાર પ્રકારની વાવોનું વર્ણન કરવામાં આવ્યું છે, વાપી, વાપિકા એ વાપીના પર્યાયવાંચી શબ્દો મળે છે.

- એક મુખની વાવને ત્રણ કૂટ હોય તેને તે નંદા
- બે મુખની વાવને છ કૂટ હોય તે ભદ્રા
- ત્રણ મુખની વાવને નવ કૂટ હોય તેને જયા અને
- ચાર મુખની વાવને બાર કૂટ હોય તેને વિજયા વાપિકા કહેવી.(૧૫)

રાજવલ્લભમાં વાપી વિચાર વાસ્તુસાર પ્રમાણે જ છે જે મુજબ

वापीचनंदैकमुखात्रिकूटा षट्कूटिकायुग्ममुखाचभद्रा ।
जयात्रिवत्कूनावकूटयुक्ता त्वकैस्तुकूटैर्विजयामतासा ॥

"જે વાવડીને એક મુખ હોય અને તેમાં (વાવમાં) ત્રણ કૂટ (કૂટ એટલે વાવડીમાં ખંડો આવે છે તેના ઉપર સ્તંભાઓ મુકી શિખરબંધ દેરિયો કરવામાં આવે છે તેને કૂટ કહે છે.) હોય તો તે વાવડીનું નામ 'નંદા' કહેવાય તથા જેને છ કૂટ હોય અને બે મુખ હોય તે 'ભદ્રા' નામની વાવ કહેવાય. તથા જેને ત્રણ મુખ હોય અને નવ કૂટ હોય તે 'જયા' નામની વાવ કહેવાય અને જે વાપીને ચાર મુખ અને બાર કૂટ હોય તેને 'વિજયા' નામની વાવ કહેવાય છે.(૧૬)

## (૩) કૂપવિચાર

કૂપવિચાર રજૂ કરતા वास्तुसार: ગ્રંથ અનુસાર ચાર હાથથી તેર હાથના વિસ્તારના જળાશ્રય કુવાનું કહ્યું છે.

- ચાર હાથ વિસ્તારના કુવાને શ્રીમુખ
- પાંચ હાથનાને વૈજય
- છ હાથનાને પ્રાંત
- સાત હાથ વિસ્તારને દુંદુભિ
- આઠ હાથનાને મનોહર
- નવ હાથનાને ચૂડામણિ
- દશ હાથ વિસ્તારનાને દિગ્ભદ્ર
- અગિયાર હાથ હોય તે જય
- બાર હાથનાને નંદ
- તેર હાથ વિસ્તારને શંકર નામ કહેવું ચાર હાથથી નાના કુવાને કૂઈ કહેવી એમ ઉલ્લેખ છે.(૧૭)

**વાસ્તુરાજવલ્લભ અનુસાર.....**

कूपा: श्रीमुखवैजयौचतदनुप्रांतस्तथादुंदुभि:
तस्मादेवमनोहरश्च परत: प्रोक्तश्चचूडामणि: ।
दिग्‌भदोजयनंदशंकरमतोवेदादि हस्तौर्मितै:
विश्वांतै: क्रमवर्द्धितैश्चकथितावेदादध: कूपिका ॥

"ચાર હાથથી માંડી તેર હાથ સુધીના વિસ્તારવાળા કુવા કરવાનું કહ્યું છે તેમાં જે કુવાની પહોળાઈ ચાર હાથ સુધી હોય તે 'શ્રીમુખ' નામના કૂપ કહેવાય, જે પાંચ હાથ પહોળો હોય તે 'વૈજ્ય' કહેવાય તથા છ હાથ પહોળો હોય તે 'પ્રાંત' કહેવાય, સાત હાથ પહોળો હોય તે 'દુંદુભિ' કહેવાય, આઠ હાથ પહોળો હોય તે 'મનોહર' કહેવાય તથા નવ હાથ પહોળો હોય 'ચૂડામણિ' કહેવાય, દશ હાથ પહોળો હોય તે 'દિગ્ભદ્ર' કહેવાય, અગિયાર હાથ પહોળો હોય તે 'જય' કહેવાય, બાર હાથ પહોળો હોય તે 'નંદ' કહેવાય અને જે કુવો તેર હાથ પહોળો હોય તે 'શંકર' નામનો કહેવાય પણ ચાર હાથથી ઓછી પહોળાઈ હોય તેને 'કૂપ' કહેવાય.(૧૮)

## (૪) સરોવર વિચાર

सूत्रधार–मंडन विरचित वास्तुसार: ગ્રંથમાં સરોવર વિશે જણાવેલ છે કે,

- અર્ધ ચંદ્રકાર હોય તેને 'અર્ધચંદ્ર' સરોવર કહેવું.
- ચારે તરફ બાંધેલું હોય, તેને 'મહાસાર' કહેવું.
- ગોળ સરોવરને 'વૃત' કહેવું.
- ચતુષ્કોણ હોય તે 'ચતુઃકાયા' સરોવર કહેવું.
- જેને એક ભદ્ર હોય તેને 'ભદ્ર' સરોવર કહેવું.
- આવા સરોવરને પગથીની પંકતી પછી મોટું રમણું કરવું.

મોટું રમણું હોય તેને 'પરિઘ' જેષ્ઠ કહે છે. સરોવરના મધ્યમાં ટેકરા ચોતરાને બક સ્થળ (પક્ષી માટે) કહે છે તે કરવું.(૧૯)

राजवल्लभमां સરોવર વિશેના વિચારો આ પ્રમાણે છે,

सरोर्धचंद्रं तुमहासरश्च वृत्तंचतुःकोणकमेव भद्रम ।
भद्रैः सुभद्रं परिधैक्युग्मं बकस्थलैकद्वयमेवयस्मिन् ॥

"જે તળાવ અર્ધ ચંદ્રાકારે હોય તેનું નામ 'અર્ધચંદ્ર' કહેવાય, જે ચારે તરફ બાંધેલું હોય તેનું નામ 'મહાસર' કહેવાય તથા જે ગોળ હોય તેનું નામ 'વૃત્ત' તળાવ કહેવાય, જે ચાર ખુણાવાળું (ચોખંડુ) હોય તે 'ચતુઃકોણ' કહેવાય તથા જે તળાવને એક ભદ્ર (ભદ્ર એટલે તળાવના મુખ આગળ ખુણો પડતો હોય તે ખુણાનું નામ ભદ્ર કહેવાય છે.) નામનું તળાવ કહેવાય અને જે તળાવને ચારે તરફ ભદ્ર હોય તે 'સુભદ્ર' નામનું તળાવ કહેવાય છે. એવા તળાવોને એક અથવા બે પરિઘ (પરિઘ એટલે તળાવમાં ઉપર પોહોળા પટવાળા ચોતરા જેવો આકાર હોય છે તેનું બીજું નામ પરિધિ છે.) કરવા, તેમજ એવા તળાવો વચ્ચે એક અથવા બે બકસ્થળો (બકસ્થળ એટલે તળાવના મધ્ય ભાગમાં બગલાં વગેરે પક્ષિયોને બેસવા માટે માટીનો બેટ અથવા ટીંબો રાખવામાં આવે છે. તેનું નામ બકસ્થળ છે, તે ઠેકાણે બીજા ઘાતકી જનાવરોથી પક્ષિયો અભયપણે રહે છે) પણ કરવા.[૨૦]

सरो नामार्द्धचन्द्रामं वृत्ताकारं महासरम् ।
चतुरस्रं तु भद्रं स्या सुभद्रं भद्रसंयुतम् ॥

- જેનો આકાર અર્ધચંદ્ર જેવો હોય તે સરોવર કહેવાય.
- જે વૃત્તાકાર (ગોળ) હોય તે મહાસર કહેવાય.

- ચોરસ આકારનું સરોવર ભદ્ર કહેવાય.
- એકથી જોડાયેલું બીજું ભદ્ર હોય તો સુભદ્ર સરોવર ગણાય.[૨૧]

આમ, જુદા જુદા આકારને આધારે સરોવરના જુદા જુદા પ્રકાર ગણાવ્યા છે.

વિશ્વકર્મપ્રકાશ વાવ, કૂવા, તળાવ વગેરેને આકારોના આધારે ઉત્તમ, મધ્યમ અને અધમ ગણાવે છે.

अधुना कथयिष्यामि वापीकूपक्रिया विधिम् ।
तडाग पुष्करोधान मंडपानां यथा क्रमम् ॥

आय व्ययादि संशुद्धिं मासशुद्धिं तथैव च ।
यथा गेह देवगोहे तथैवात्र विचारयेत् ॥

त्रिकोणं चतुरस्रं च वर्तुलं चोत्तमं स्मृतम् ।
धनुषं कलशं पद्मं मध्यमं तज्जलाश्रयम् ॥

પ્રથમ વાવ, કૂવા વગેરે બનવવા માટેની વિધિ બતાવી ત્યારબાદ તે જ પ્રમાણે તળાવ, હોજ, બગીચા, મંડપો વગેરે પણ ક્રમપૂર્વક કહ્યા છે. આ બધી રચનાઓ માટે આય, વ્યય વગેરેની શુદ્ધિ તથા માસ શુદ્ધિ વગેરે જે રીતે મકાન માટે તથા દેવાલય માટે હોય તે જ રીતે અહીં આ બધાના નિર્માણમાં પણ એ જ વિધિ વિચારો રાખવાનું જણાવેલ છે.

- વાવ, કૂવા, તળાવ વગેરે આ બધાં સ્થાન ત્રિકોણ, ચોરસ, ગોળાકાર વગેરે ઉત્તમ ગણાય છે.

- ધનુષ્ય, કળશ, પદ્મ વગેરે આકારો મધ્યમ ગણાય છે.
- સાપ, અજગર, ધજા વગેરે આકારોનાં જળાશયો હલકાં અર્થાત્ નિંદનીય ગણાય છે.(૨૨)

## ૯.૪ કુંડાદિની ફલ પ્રાપ્તિ

કુંડાદિની પ્રતિષ્ઠા વિધિ તેમજ તેમના પ્રકારો તથા નિર્માણકાર્ય જણાવ્યા બાદ અમુક વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો તેમજ પુરાણોમાં તેનાથી મળતા ફળના વિચારો પણ રજૂ થયા છે.

वास्तुसारः માં જણાવ્યા અનુસાર

गोपदेनापि तुल्येन जलाधारे कृते सति ।
षष्ठिवर्षसहस्राणि प्राप्नोति स्वर्गजं सुखम् ॥

"ગાયના પગ જેવડું પણ સરોવર-જળાશય બનાવે તો સાઠ હજાર વર્ષ સુધી સ્વર્ગનું સુખ પ્રાપ્ત કરે."(૨૩)

વિશ્વકર્માપ્રકાશમાં જળાશયો કયા માસ, નક્ષત્રો, તિથિવારમાં બનાવવાથી કેવું ફળ મળે છે તેની જાણકારી મળે છે.

માસફળ : ખજાનો, અનાજનો ભય, શોકનો નાશ, સુખ, ભય, રોગ, દુઃખ, કીર્તિ, ધન, અગ્નિનો ભય અને યશ - આમ ચૈત્રાદિ માસોમાં જળાશય બનાવવાનું ફળ ગણાય છે.

નક્ષત્રફળ : રોહિણી, ત્રણ ઉત્તરા, પુષ્પ, અનુરાધા, શતતારા, મઘા અને ઘનિષ્ઠા – આ નક્ષત્રો વારિબંધન એટલે કે જળાશય બનાવવા માટે ઉત્તમ ગણાય છે.

તિથિવાર ફળ : રવિવારે જળાશય બનાવે તો શોષ થાય (સુકાઈ જાય) તથા મંગળવારે જળાશય ખાલી રહે અને શનિવારે બનાવે તો તે જળાશય મલિન (ગંદુ) બને છે. આ સિવાયના બીજા બધા વાર શુભ છે. નંદા, ભદ્રા, જયા, રિક્તા તથા પૂર્ણાઃ આ ક્રમ પ્રમાણેથી તિથિઓ તેમના નામ પ્રમાણેનું ફળ આપે છે. એવું કર્મકાર (બાંધકામ કરનાર)નું કથન છે.[૨૪]

બૃહત્ નારાયણ પુરાણમાં પૂર્વભાગમાં તળાવ, કૂપાદિના નિર્માણથી મળતા ફળનો વિશેષ ઉલ્લેખ થયો છે.

ताम्रीभिस्तच्छतगुणं हेम्मा कोटिगुणं भवेत् ।
देवालयं तडागं वा ग्रामं वा पालयेत्तु यः ॥

कर्तुः शतगुणं तस्य पुण्यं भवति भूपते ।
देवालयस्य शुरूषां लेपसेचनमंडनैः ॥

कुर्याधत्ससततं भत्तया तस्य पुण्यमनन्तकम् ।
वेतनाद्विष्टितो वापि पुण्यकर्मप्रवर्तिताः ॥

ते गच्छंति धराधाराः शाश्चतं वैष्णवं पदम् ।
तडागार्द्धफलं राजन्कासारे परिकीर्तितम् ॥

कूपे पादफलं ज्ञेयं वाप्यां पद्माकरोन्मितम् ।
वापीशतगुणं प्रोकतं कुल्यायां भूपतेः फलम् ॥

दषद्भिस्तु धनीकुर्यान्मृदा निष्किञ्चनी जनः ।
तयोः फलं समानं स्यादित्याह कमलोद्भवः ॥

दधादाढयस्तु नगरं हस्तमात्रमकिंचनः ।
भुवं तयोः समफलं प्राहुर्वेदविदो जनाः ॥

धनाढयः कुरूते यस्तु तडागं फलसाधनम् ।
दरिद्रः कुरूते कूपं समं पुण्यं प्रकीर्तितम् ॥

आश्रमं कारयेधस्तु बहुजन्तूपकारकम् ।
स याति ब्रह्मभुवनं कुलत्रयसमन्वितः ॥

धेनुर्वा ब्राह्मणो वापि यो वा की वापि भूपते ।
क्षणार्द्ध तस्य छायायां तिष्ठन्स्वर्ग तयत्यमुम् ॥

आरामकारका राजन्देवतागृहकारिणः ।
तडागग्रामकर्त्तारः पूज्यन्ते हरिणा सह ॥(२५)

આમ, અહીં તળાવ, કૂપ, વાપી આદિના ફળપ્રાપ્તિની વિગતે વિસ્તૃત વિચારો રજૂ થયા છે.

કુંડળીના સ્થાનમાં ગ્રહ આધારે તેમજ તેના પ્રભાવથી મળતા જળાશય ફળના વિશેષ વિચારો વિશ્વકર્મપ્રકાશમાં આ પ્રમાણે છે.

ચંદ્ર લગ્નમાં હોય અથવા જળરાશિમાં હોય અથવા તો પૂર્ણ ચંદ્ર કેન્દ્રમાં બેઠો હોય કે બારમાં ભાવમાં હોય તો; વળી બુધ, ગુરૂ કે શુક્ર લગ્નમાં હોય તો તેવા સમયે જળાશય બનાવવાથી હંમેશાં ટકે તેવું મીઠાશવાળું સુગંધિત જળ

મળે છે. કુંડળીમાં ત્રીજા ભાવમાં મંગળ હોય, સાતમાં ભાવે શુક્ર હોય અને છઠ્ઠા ભાવમાં સૂર્ય હોય તથા લાભસ્થાનમાં શનિ હોય અને ચંદ્ર છ, આઠ કે બારમા ભાવમાં ન હોય તો તે સમયમાં બનેલું જળાશય ઉત્તમ જળ આપનારું બને છે. શનિ ત્રીજા ભાવમાં, ચંદ્ર સાતમે, સૂર્ય છઠે તથા લાભમાં મંગળ હોય અને શુભગ્રહો કેન્દ્રમાં હોય તથા આઠમો ભાવ  ખાલી હોય તો જળાશયમાં જળ સ્થિર રહે છે અને ધન-સંતાનની પ્રાપ્તિ થાય છે. કેન્દ્ર અને ત્રિકોણમાં શુભ ગ્રહો  હોય અને પાપગ્રહો કેન્દ્ર કે આઠમા ભાવ સિવાયનાં સ્થાનોમાં હોય તો આ પ્રકારનો યોગ મંદિર, વાવ, તળાવ, કૂવા બધા માટે ઉત્તમ યોગ છે. ચંદ્રનો ઉદય હોય તે દિવસે ગુરૂ કેન્દ્રમાં હોય અને પાપગ્રહો ઉપચય સ્થાનોમાં હોય, તો તે સમય બાગબગીચા, વાવ, તળાવ, કૂવા તથા અન્ય જળાશય બનાવવા માટે ઉત્તમ સમય ગણાય.

સિંહ, વૃશ્ચિક અને ધન- આ ત્રણ લગ્નો છોડીને બાકીનાં બધા જ લગ્ન જળનું સ્થાન (જલાગાર) બનાવવા માટે શુભ ગણાય છે. શ્રેષ્ઠ ગ્રહોની દૃષ્ટિ, સૌમ્ય યોગો તથા જળરાશિના નવાંશ અને વર્ગોમાં જળાશય બનાવવું જોઈએ.

सर्वासु दिक्षु सलिलं प्रकृर्यात विहाय नैर्ऋत्य यमाग्निवायुन् ।
पूर्वोत्तरेशान जलेशदिक्षु कृतंजलं सौख्यसुतप्रदं च ॥

બધીજ દિશાઓનાં જલાગાર બનાવી શકાય. પરંતુ નૈર્ઋત્ય, દક્ષિણ, અગ્નિ તથા વાયવ્ય ખૂણાઓ છોડી દેવા. પૂર્વ, ઉત્તર, ઈશાન તથા પશ્ચિમ દિશાઓમાં બનાવેલું જલાગાર સુખ તથા સંતતિ આપનાર ગણાય છે. પૂર્વ તથા વરૂણની (પશ્ચિમ) દિશામાં પણ આ પ્રમાણે ફળ મળે. ઘરની વચમાં જળ સ્થાન આવે તો તેનો ત્યાગ કરવો. ગર્ગ, વસિષ્ઠ વગેરે જે મુખ્ય મુનિઓ છે

તેઓએ જુદી જુદી દિશાઓમાં આવતાં જળાશયો વિશે આ ફળ કહેલું છે. પુત્રને પીડા, અગ્નિનો ભય, વિનાશ, સ્ત્રીઓમાં કકળાટ અને હલકાપણું, ધનનો નાશ, ધન તથા પુત્રની વૃદ્ધિ આ પ્રમાણે ક્રમશઃ પૂર્વ વગેરે દિશાના જળાશયોનું ફળ છે.

આમ, દિશાઓ પ્રમાણે જળાશયના સ્થાન માટે ઉત્તમ તથા ઈશાનને ઉત્તમ જણાવેલ છે.

दिङ् मध्यसंस्थाः शुभद्रा नराणां व्यंगेषु बंधं पशुपत्तिनाशम् ।

याम्योत्तर हीनधनं करोति हीनोदकं हीनधनं करोति ॥

જો દિશાઓની મધ્યમાં જળાશય હોય તો તે માણસોને માટે શુભ ગણાય છે. પણ વ્યંગભાગમાં (વિ+અંગ=અંગ વગરનો, અર્થાત્ દિશા પણ નહીં અને ખૂણા પણ નહીં તેવા ભાગમાં) જળાશય હોય તો તેનાથી બંધન થાય અને પશુઓ તથા પક્ષીનો નાશ થાય છે. ઉત્તર અથવા દક્ષિણમાં જળાશય પણ ગરીબાઈ લાવે. પાપગ્રહો ચોથા આઠમા સ્થાનોમાં હોય અથવા લગ્નમાં હોય અને ચંદ્ર આઠમા ભાવે હોય તો તે જળાશય બનાવનારનું એક માસમાં મૃત્યુ થાય છે. પાપગ્રહો કેન્દ્રમાં આઠમા ભાવમાં કે વ્યવસ્થાનમાં હોય કે પછી નવમા ભાવમાં હોય તો તે જળાશયનું જળ ઘણું જલદી ખલાસ થઈ જાય છે. સૂર્ય, શનિ અને મંગળ કેન્દ્રમાં હોય તથા ચંદ્ર આઠમા ભાવમાં હોય તો તે જળાશયનું પાણી એક વર્ષ પણ ટકતું નથી. જો આઠમા સ્થાનમાં એક જ પાપગ્રહ રહેલો હોય અને ચોથા ભાવમાં રાહુ હોય તથા નવમા ભાવમાં મંગળ હોય તો તે જળાશયનું જળ ઝેર જેવું ગણાય.

અંતે વિધિપૂર્વક મહાપૂજા કરવાનું કહેવાયું છે તેમાં નંદા વગેરે તિથિઓનું પૂજન કરવું. તે માટે પદ્ધતિપૂર્વક કળશનું સ્થાપન કરવું. દિક્શોધન કરવું તથા મધ્યમાં કળશ ઉપર પૂર્ણાનું સ્થાપન કરવું અને તે વિધિ પ્રમાણે બાકીની તિથિઓનું દિશાઓમાં સ્થાપન કરવું. તે પછી વરૂણનું પૂજન કરવું અને વડ તથા નેતરના ખીલાઓ આ સ્થળના શિરસ્થાનમાં રાખવા. આ પછી મહાપૂજા કરીને વિધિપૂર્વક વાસ્તુપૂજન કરવાનું જણાવેલ છે.

સૂર્ય ઉત્તરાયણમાં હોય, સૂર્ય વૃશ્ચિકમાં હોય, ચૈત્ર વગરના બીજા કોઈપણ માસમાં ચંદ્ર પૂર્ણ હોય, રિક્તા સિવાયની તિથિ હોય, વાર વિકૃત વાર હોય તે દિવસે જળાશયની પ્રતિષ્ઠા થાય. લગ્નને સૌમ્યગ્રહો જોતા હોય ત્યારે જળાશયની પ્રતિષ્ઠા થાય. પૂર્ણ ચંદ્રમાં જળરાશિમાં હોય, કેન્દ્રમાં ગુરૂ હોય, શુક્ર લગ્નમાં કે સાતમા ભાવમાં હોય ત્યારે પ્રતિષ્ઠા થઈ શકે. કોઈપણ ગ્રહ સ્વગૃહી અથવા કેન્દ્રમાં હોય તો તે માણસને શુભ ફળ આપે.

केन्द्र त्रिकोणोपगता नराणां शुभावहं तत्सलिलं स्थिरं स्यात् ।
ये कुर्वंति नराः पुण्याः पुरे पानीयशालिकाम् ।
विष्णुना सह मोदन्ते यावद् भूमंडले जलम् ॥

જે માણસો પુણ્યશાળી હોય અને નગરમાં પાણીની પરબ બનાવે તો તે માણસો જયાં સુધી પૃથ્વી ઉપર જળ હોય ત્યાં સુધી ભગવાન વિષ્ણુની સાથે આનંદ કરે છે.

આમ, નાની એવી પાણીની પરબ બનાવવનારાને આવું ફળ મળે તો મોટા જળાશયો બનાવનાર માણસને તો અનેકગણા ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તે સ્વાભાવિક જ છે.(૨૬)

અગાઉ સરોવર કે કુંડના નિર્માણથી મળતા ફળની માહિતી મળે છે. જયારે સ્કંદપુરાણમાં તેમાં સ્નાન માત્ર કરવાથી કેટલું ફળ મળે છે તેની જાણકારી આપે છે.

શ્રીકૃષ્ણના જણાવ્યા અનુસાર 'સદાચારી, શુદ્ધ, નિર્ધન, પરોપકારી અને કુટુંબી બ્રાહ્મણને જરૂરી સામગ્રી, વાછરડા, વસ્ત્ર, આભૂષણ તથા શાસ્ત્રોક્ત દક્ષિણાવાળી ગાય દાન કરવાથી જે ફળ મળે છે, તે બધું જ ગોપી સરોવરમાં સ્નાન કરવાથી મળી જાય છે. જે ગોપી સરોવરમાં સ્નાન કરે છે, તે સ્વર્ગ અને મોક્ષ વગેરે જે જે વસ્તુની ઈચ્છા રાખે છે. તે બધુ મેળવી લે છે.

દ્વારિકાના બ્રહ્મકુંડના નિર્માણ બાદ તેમાં સ્નાનનો મહિમા વ્યક્ત થયો છે તે આધારે, જે તેમાં સ્નાન કરીને પિતૃઓનું તર્પણ કરશે તથા જે માઘ શુકલ સપ્તમીના દિવસે અહીં પૂજન કરશે તે બધા પાપોથી મુકત બની ધનધાન્યથી સમ્પન્ન બનશે. ઈન્દ્ર સરોવરમાં સ્નાન કરી જે ઈન્દ્રની પૂજા કરે તો તે મોક્ષ મેળવે છે. મહાદેવસરોવરમાં જે ભક્તિભાવથી સ્નાન, તર્પણ અને શ્રાદ્ધ કરશે. તે ઉત્તમ ગતિને પ્રાપ્ત કરશે. ભાદરવાની પૂર્ણિમાએ જે વરુણસરોવરમાં સ્નાન કરી તર્પણ અને શ્રાદ્ધ કરશે તો મનુષ્ય ઉત્તમ લોકમાં જાશે, જયાં જવાથી ત્યાં કોઈ દિવસ શોક મળતો નથી.[૨૭]

વાસ્તુરાજવલ્લભમાં કુંડના ફળ વિશે જણાવ્યું છે કે,

तस्योर्द्धतः श्रीधरमंडपस्य संदर्शनात् पूर्णफलंचकाश्याः ।
स्नानाच्चगंगाप्लवनस्यपुण्यं कृतंभवेच्चेत्विधिवत्विधिज्ञैः ॥

'કુંડના દ્વારના પ્રથાર અથવા પરથાર ઉપર શ્રીધરમંડપ કરવો, પણ એ મંડપ અને કુંડ ચતુર શિલ્પિએ જો શાસ્ત્ર પ્રમાણે કરેલા હોય તો તેના દર્શન વડે કાશીયાત્રા ફળ મળે અને તેમાં સ્નાન કરવાથી તો ગંગામાં સ્નાન કરવા જેટલું ફળ મળે છે.(૨૮)

અગ્નિપુરાણ અનુસાર,

आब्रह्मस्तम्बपर्यन्तं ये केचित्सलिलार्थिनः ।
ते तृप्तिमुपगच्छन्तु तडागस्थेन वारिणा ॥

'બ્રહ્માથી લઈને તૃણ સુધી જે કોઈ જલપિપાસુ હોય, તેઓ આ તડાગમાં સ્થિત જલના દ્વારા તૃપ્તિને પ્રાપ્ત થાઓ' એમ કહીને જલનો ઉત્સર્ગ કરીને જ જલમાં पच्चगव्य નાખવું તે પછીથી 'आपो हि ष्ठा' વગેરે ત્રણ ઋચાઓથી બ્રાહ્મણો દ્વારા સંપાદિત શાન્તિજલ તથા પવિત્ર તીર્થ-જલનું નિક્ષેપ કરવું તેમજ બ્રાહ્મણને ગૌદાન કરવું. સર્વના માટે અન્ન વિતરણ કરવું. જે મનુષ્ય એક લાખ અશ્વમેધયજ્ઞોનું અનુષ્ઠાન કરે છે તથા જે એકવાર પણ જલાશયની પ્રતિષ્ઠા કરે છે, તેનું પુણ્ય તે યજ્ઞોની અપેક્ષા હજાર ઘણું અધિક છે. તે સ્વર્ગલોકને પ્રાપ્ત કરી વિમાનમાં પ્રમુદિત થાય છે અને કદી પણ નરકને પ્રાપ્ત કરતો નથી.

गवादि पिबते यस्मात्तस्मात् कर्तुर्न पातकम् ।
तोयदानात् सर्वदानफलं प्राप्य दिवं व्रजेत् ॥

'જલાશયમાંથી ગૌ આદિ પશુઓ જલ પીએ છે, જેથી કર્તા પાપમુકત બની જાય છે. મનુષ્ય જલદાનથી સંપૂર્ણ દાનોનું ફલ પ્રાપ્ત કરીને સ્વર્ગલોકમાં જાય છે.'(૨૯)

આમ, અગ્નિપુરાણ અનુસાર એકવાર પણ જળાશયનું નિર્માણ કોઈ માનવ કરે તો તેને સ્વર્ગની તો પ્રાપ્તિ થાય છે પણ તેનાથી વિશેષ એક લાખ અશ્વમેઘયજ્ઞોની અપેક્ષાએ હજાર ગણું વધુ ફળ મળે છે.

ભવિષ્યપુરાણ નવા તળાવ, વાવડી, કુંડ તથા જળાશય આદિના નિર્માણ કરવા જોઈએ તેવો ઉલ્લેખ કરીને તેની ફળપ્રાપ્તિ જણાવે છે.

નવા તળાવનું નિર્માણ કરનાર અથવા જીર્ણ તળાવને નવા રૂપમાં નિર્માણ કરનાર વ્યક્તિ પોતાના સમગ્ર કુળનો ઉદ્ધાર કરીને સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે. વાપી, કૂવા, તળાવ, બગીચા તથા જળના નિર્ગમ સ્થાનને જે વ્યકિત વારંવાર સ્વચ્છ યા સંસ્કૃત કરે છે. તે મુકિતરૂપ ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે. જયાં બ્રાહ્મણો અને દેવતાઓનો નિવાસ હોય, તેના મધ્યવર્તી સ્થાનમાં વાપી, તળાવ વગેરેનું નિર્માણ મનુષ્યોએ કરવું જોઈએ નદીના કિનારા પર અને સ્મશાનની સમીપ તેનું નિર્માણ કરવું નહીં. જે મનુષ્ય વાપી, મંદિર આદિની પ્રતિષ્ઠા કરતા નથી. તેને અનિષ્ટનો ભય હોય છે તથા તે પાપના ભાગીદાર પણ થાય છે તેથી જનસંકુલ ગામોની નજીક મોટું તળાવ, મંદિર, કૂવા આદિનું નિર્માણ કરીને તેની પ્રતિષ્ઠા શાસત્રવિધિથી કરવી જોઈએ. તેના શાસ્ત્રીય વિધિથી પ્રતિષ્ઠિત થતાં ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. પુષ્કરિણી (નદી) બનાવનાર અનંત ફળ પ્રાપ્ત કરીને બ્રહ્મલોકથી પુનઃ નીચે આવતા નથી.[(૩૦)]

## ૯.૫ નિષ્કર્ષ

મનુષ્યના જીવનમાં પાણીનું અતિ મહત્ત્વ છે. આ પાણીના સંગ્રહ સ્થાનો વાવ, કૂવા, તળાવ, કુંડ વગેરે હોય છે. જેના નિર્માણ કરવાની વિધિની માહિતી મેળવી તે ઉપરથી સામાન્ય રીતે કોઈપણ ઉત્તમ માસના શુકલ પક્ષમાં યોગ્ય તિથિએ અને શનિ, રવિ તથા મંગળવારને છોડીને કોઈપણ વારે, સારા નક્ષત્રમાં

ખાતમૂર્હુત કરી શકાય. તે પાણીના સંગ્રહસ્થાન હોવાથી દિશાઓમાં ઉત્તર-પૂર્વની મધ્યમાં ઈશાનમાં તેનું નિર્માણ કરવું યોગ્ય છે. આ સ્થાનો ગૃહના મધ્યમાં કરવા નહીં પરંતુ જયાં બધા મનુષ્યોના રહેણાક હોય તેની મધ્યમાં તેનું નિર્માણ કરી શકાય. કુંડના તેના આકારોના આધારે ચાર અથવા છ પ્રકાર પડે છે, વાવ કે વાપી તેના જુદા જુદા મુખના આધારે ચાર પ્રકારની બને છે. કૂવા ચાર હાથથી તેર હાથના વિસ્તારવાળા કહ્યા છે જેના આધારે તેના અલગ અલગ નામો છે, ચાર હાથથી નાના કુવાને કૂઈ તરીકે ઓળખાય છે. ગોળ, ચોરસ, ચારે તરફ બાંધેલું, અર્ધ ચંદ્રાકાર, તળાવના મુખ આગળ ખુણો (ભદ્ર) હોય તે બધા સરોવરોનો તેમના આકારને આધારે જુદા જુદા નામો છે. આ વાવ, કૂવા, તળાવ, કુંડ તેમના આકારોને આધારે ઉત્તમ, મધ્યમ તેમજ અધમ ગણાયછે. જેમાં ચોરસ, ત્રિકોણ અને ગોળાકાર ઉત્તમ તો ધનુષ્ય, કળશ, પદ્મ મધ્યમ તથા સાપ, અજગર, ધજા જેવા આકારના જળાશયો નિંદનીય બને છે. જળાશય નિર્માણથી મળતા ફળ વિશે જણાય છે કે, પૃથ્વી પર માત્ર ગાયના પગ જેટલું પણ જળાશય કોઈ મનુષ્ય બનાવે તો તેને સ્વર્ગલોકના સુખો પ્રાપ્ત થાય છે. પૂર્વ, ઉત્તર, ઈશાન તથા પશ્ચિમ દિશાઓમાં બનાવેલું જળાગાર સુખ અને સંતતિ આપનાર ગણાય છે. આ ઉપરાંત સરોવર તથા કુંડમાં માત્ર સ્નાન કરવાથી પણ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે તેવા ઉલ્લેખ મળ્યા છે. અગ્નિપુરાણ અનુસાર કોઈ વ્યક્તિ એક વખત પણ જો જળાશયનું નિર્માણ કરે તો તેને એક લાખ અશ્વમેધ યજ્ઞની અપેક્ષાએ હજાર ઘણું વધુ ફળ મળે છે. આમ, વાસ્તુવિદ્યામાં કુંડ, વાપિ આદિ જળાશયોનો પોતાનો મહિમા છે. વર્તમાન સમયમાં ગુજરાત રાજયમાં નર્મદા નદી પર બાંધવામાં આવેલ 'સરદાર-સરોવર ડેમ' તથા અન્ય ડેમો / ચેકડેમો અને ખેતરોમાં બનાવવામાં આવતી ખેતતલાવડીઓ પણ જળસંચયનો જ એક ભાગ છે.

## પાદ–ટિપ

| | | |
|---|---|---|
| १. | वास्तुराजवल्लभ | अ.४/२६ |
| २. | वास्तुराजवल्लभ | अ.४/३५ |
| ३. | प्रतिष्ठामौक्तिकम् | प्रकरणम्–५/पा.नं.३४१ |
| ४. | भविष्यपुराण | अ.९–१० |
| ५. | मत्स्यपुराण | अ.२५७ |
| ६. | विष्णुधर्मोत्तरपुराण | खंड.२/३८–४३ |
| ७. | विष्णुपुराण का भारत | अंश.१०/पा. नं.२६३ |
| ८. | गरुडपुराण | अ.४७/६ |
| ९. | अग्निपुराण | अ.६३/पा.नं.१२८ |
| १०. | स्कन्धपुराण | विषय ५०४/ |
| | | पा.नं.१०६१ |
| ११. | स्कन्धपुराण | विषय–५०५ |
| | | पा.नं.१०६१ |
| १२. | पद्मपुराण | अ.२७/१–५५ |
| १३. | वास्तुसारः | पा.नं.६१ |
| १४. | वास्तुराजवल्लभ | अ.४/३१–३३ |
| १५. | वास्तुसारः | पा.नं.६२–६३ |
| १६. | वास्तुराजवल्लभ | अ.४/२८ |
| १७. | वास्तुसारः | पा.नं.६१ |
| १८. | वास्तुराजवल्लभ | अ.४/२७ |
| १९. | वास्तुसारः | पा.नं.६१ |
| २०. | वास्तुराजवल्लभ | अ.४/२९ |
| २१. | वास्तुसारः | पा.नं.६८/श्लोक–८९ |

| | | |
|---|---|---|
| २२. | विश्वकर्मप्रकाश | अ.८/१-३ |
| २३. | वास्तुसार: | पा.नं.६८/श्लोक ८८ |
| २४. | विश्वकर्मप्रकाश | अ.८/४-७ |
| २५. | बृहत्नारायण पुराण-पूर्वभाग | अ.१३/१०-२० |
| २६. | विश्वकर्मप्रकाश | अ.८/८ थी ३२ |
| २७. | स्कन्धपुराण | विषय ५०४-५०५ |
| | | पा.नं.१०६१-१०६२ |
| २८. | वास्तुराजवल्लभ | अ.४/३४ |
| २९. | अग्निपुराण | अ.६३/पा.नं.१२८ |
| ३०. | भविष्यपुराण | अ.९ |

# પ્રકરણ–૧૦

# પ્રકરણ-૧૦

# આધુનિક દષ્ટિએ ઉપયુક્તતા

૧૦.૧ પ્રસ્તાવના

૧૦.૨ પંચતત્ત્વો

૧૦.૩ આધુનિક સમયમાં ભૂખંડોનું વૈજ્ઞાનિક ઢબે ચિંતન

૧૦.૪ દિશાઓનો ઉપયોગ

૧૦.૫ વાસ્તુશાસ્ત્ર એક વિજ્ઞાન

૧૦.૬ વાસ્તુશાસ્ત્રનું વૈજ્ઞાનિક દષ્ટિએ ઉપયોગ

૧૦.૭ વાસ્તુશાસ્ત્ર અપનાવવા માટેનાં સૂચનો

૧૦.૮ વાસ્તુવિદ્યા માનવીય જીવનમાં મહત્ત્વનો હિસ્સો

૧૦.૯ નિષ્કર્ષ

# પ્રકરણ-૧૦
# આધુનિક દષ્ટિએ ઉપયુક્તતા

## ૧૦.૧ પ્રસ્તાવના

ભારતીય સમાજ – જીવનની શ્રીમંતાઈ અનેક સંસ્કૃત ગ્રંથોમાં વર્ણવી છે. ભારતીય સમાજ શિલ્પસ્થાપત્ય કળા અને હુન્નરમાં સંપૂર્ણ નિપુણ હતો. સમાજ જેટલો શ્રીમંત હોય તેટલા તેની પસંદગી અને શોખ પણ વધુ સારા અને ખર્ચાળ હોય છે. વાસ્તુનો અર્થ માત્ર ઘર બનાવવાની જગ્યા કે નિવાસ સ્થાન નહીં લેતા વ્યાપક અર્થ લેવો જોઈએ. કારણ કે વાસ્તુવિદ્યા માત્ર ઈંટોના ચણતરનું જ શાસ્ત્ર નથી પરંતુ તે જીવનની મંગલ ભાવનાઓને તેમજ દુન્યવી અને આધ્યાત્મિકને પામવાની કૂંચી પણ છે.

વાસ્તુનો મૂળ અર્થ કામના પણ ઘર, એવી રીતે નિર્માણ પામેલું હોવું જોઈએ કે ઘરના દરેક જણનું સ્વાસ્થ્ય અનુકૂળ રહે, કલ્યાણમય રહે અને યોગક્ષેમ ચલાવનારું નિવડે. વાસ્તુવિદ્યા વિશે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ, ગરુડપુરાણ, સ્કંધપુરાણ, વાયુપુરાણ, વિષ્ણુધર્મોત્તર પુરાણ, નીતિશાસ્ત્રના ગ્રંથો, રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોમાં ઊંડાણપૂર્વક વિચાર કરવામાં આવ્યા છે.

વાસ્તુવિદ્યાની વાસ્તવિકતા ત્યારે આગળ આવી જયારે વિ✓કર્માને દેવપક્ષનું શિલ્પી તરીકે કાર્ય સોંપવામાં આવ્યું. વિ✓કર્માએ ભૂ પરીક્ષણ કરી ભવ્ય ઈમારતો, રાજમાર્ગો, અંતઃપુરો, હવામહેલો, શાલાઓ, ચબૂતરાઓ વગેરેનું બાંધકામ કર્યું પછીથી ભૂ, ભૂવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ અને સત્યલોકમાં આ વિદ્યા ખૂબ જ પ્રચલિત બની.

માનવ-જાતિ અસ્તિત્વમાં આવી તે પહેલા દૈવી અને આસુરી સંપતિયોનાં વિભાજન થઈ ચૂકયા હતા. અનેક કલ્પ-કલ્પાંતરોથી થયેલા યુદ્ધમાં તમામ રચનાઓ નષ્ટ પ્રાયઃ થઈ ચૂકી હતી. ત્યાર પછી એક નવી સૃષ્ટિની રચના થઈ તેમાંજ પ્રમુખ અઢાર આચાર્યોએ વાસ્તુ સંબંધી કાર્ય હાથ ધરી આલિશાન ભવનો, આવાસો, બહુમંજિલ અટ્ટાલિકાઓ, દુર્ગો, રાજપથો, કૂપ-વાપી વગેરે તથા ગ્રામ-નગરોના નિર્માણો કર્યા.

આજે માનવ રહેઠાણ બનાવવા માટે ભૂમિમાંથી પત્થરો કાઢીને, સિમેંટ, ઈંટો, પત્થરોથી મકાન બાંધે છે તેની પાછળ વૈદિક ઋષિમુનિઓની હજારો વર્ષની તપ (આરાધના) રહેલી છે. વૈદિક મુનિઓએ હજારો વર્ષ સંશોધન કરી માનવ માટે કઈ-કઈ વસ્તુ લાભકારી, સુખાકારી કે હાનિકર્તા છે તેનો વિચાર કર્યો તે વાસ્તુવિદ્યા.

આમ, વાસ્તુવિદ્યા પ્રાચીન સમયથી માનવ માત્ર માટે ખૂબ જ ઉપયોગી વિદ્યા રહી છે. વિ✓કર્માજીએ ભવન નિર્માણની સુંદર બક્ષિસ માનવ સમાજને આપી તે નાની બક્ષીસનો આજે વિશાળ ભવનો સુધી વ્યાપ થયેલો જોઈ શકાય છે. વિ✓કર્માએ પોતાના ગ્રંથની શરૂઆતમાં જ લખ્યું છે કે,

वास्तुशास्त्रं प्रवक्ष्यामि लोकानां हितकाम्यया ।

લોકોનું હિત કરનાર "વાસ્તુશાસ્ત્ર" માં અનેક વિધાનો એવા છે કે માનવ સમાજને અનેક ભ્રમમાંથી મુક્તિ અપાવી શકે મકાનમાં કયા સ્થાને કઈ રચના થવી જોઈએ ? ગામડાનાં સામાન્ય માર્ગથી લઈને વિશાળ રાજમાર્ગોની રચના કેવી રીતે થવી જોઈએ ? હસ્તિપથ, અજપથ, રથપથ, વ્યાપાર સંબંધી યાતાયાત, સેનાગમન, દુર્ગનિર્માણ, કૂપ - વાપી - સરોવર નિર્માણ કલા,સૈન્ય છાવણી,

ભવન નિર્માણ કલા, મંદિર નિર્માણ કલા, સ્તૂપો, સ્થાપત્યો વગેરે વિધાનો વાસ્તુશાસ્ત્રમાં ખૂબ જ સચોટ રીતે દર્શાવવામાં આવ્યા છે.

પ્રવર્તમાન સમયે નૂતન ભવન નિર્માણમાં વાસ્તુવિદો ગ્રહોની મદદથી લોખંડ કબાટ, જૂનું ફર્નિચર, મકાનમાં અસ્તવ્યસ્ત ગોઠવણ, એક જ બાજુ ઘસાયેલાં ચંપલ-બૂટ, માલિક કે ગૃહિણીના ઝીણા અક્ષરો હોય, આંખ ઊંડી હોય, ટાલ કે નસો વધારે દેખાતી હોય તો તેના પર શનિનું પ્રભુત્વ હોય. ઘરમાં ડેકોરેશન સારું હોય તો, ટેપ-વી.સી.ડી., સુપર બેડરૂમ, ખાવાપીવાનો માણસ શોખીન હોય, આંખની ભ્રમર, હોઠ, ગાલ આકર્ષક હોય તો શુક્રપ્રધાન વ્યક્તિ હોય. આમ, દરેક ગ્રહોના ગુણધર્મોને આધારે ઘર, ઓફિસ, ફ્લેટ જોઈને જ કહી દે છે. ત્યારબાદ ભૂ-પરીક્ષણને ધ્યાનમાં લઈ જાણી શકાય કે ગૃહસ્વામીને પોતાના જ ઘરમાં અકળામણ થવી, ત્યાંથી જલદી ચાલ્યા જવાનું મન થાય, ઉચાટ, બેચેની, ઉશ્કેરાટ થાય તો કહી શકાય કે આ ભૂમિ ગૃહસ્વામી માટે હાનિકર્તા છે. આ વિધાનો વાસ્તુશાસ્ત્રીઓ માત્ર માનવના કલ્યાણ માટે જ કરતા હોય છે.

વર્તમાન સમયે આ નિયમોનું પાલન કરીને વાસ્તુની રચના કરવામાં આવે છે. આ શાસ્ત્રને જ્યોતિષ, આયુર્વેદ વગેરે સાથે સંબંધ હોવાથી તેની સારી – નરસી અસર મનુષ્યના જીવન પર થાય છે. તે નિરબાંધિતરૂપે પ્રતિપાદિત થયું છે. માટે આધુનિક દષ્ટિએ તેનો ઉપયોગ જાણવો અનિવાર્ય બને છે.

## ૧૦.૨ પંચતત્ત્વો

પ્રાચીન ઋષિમુનિઓએ જે પંચતત્ત્વોના નિયમો બનાવ્યા તે માનવીય શરીરના સંતુલનને ધ્યાનમાં રાખીને બનાવેલ છે. આથી, તે વાસ્તુનિર્માણ માટે યુગોના યુગો સુધી ઉપયોગી નિવડી શકે તેમ છે.

**કુદરતી ચક્રનું નિરૂપણ કરતાં પંચતત્ત્વોને આ પ્રમાણે વર્ણવ્યા છે.**

"The water from the Earth evaporates in to the atmosphere (space) due to the heat in our solar system (sun). There droplets of water accum late to form clouds. The air which moves the clouds makes them release the excess water which comes back to the Earth in the form of rain. Thus the Cycle, as well as the equilibrium of the elements, is maintained on our planet.

To experience the above cycle you need a mind and to have a mind you need life. Therefore the 5 elements + Mind + Life become the cause of our existence.

When the life force comes out of this cycle it merges with the cosmic force. You are then no longer a part of the cycle you become the cause.

This merger of the life force with the cosmic force is affected by detachment / meditation, in simple words, you become a Tatve Ateetha. That which is above the elements (tatvas) the above Energy cycle is rediation energies corresponding to an element such as :

| FORM OF ENERGY | ELEMENT |
|---|---|
| Solar | Fire |
| Wind | Air |
| Rain | Water |
| Gravitational/Magnetic | Earth |
| Sound | Space"[૧] |

वास्तुशास्त्र तथा हम व हमारा भवन **માં જે વાસ્તુનો પાયો છે એવા પંચતત્ત્વો વિશેના વિશેષ વિચારો આ પ્રમાણે મળે છે.**

हमारे शरीर को स्वस्थ रखने के लिए (१) पृथ्वी, मिट्टी, (२) वायु, (३) जल, (४) अग्नि, (५) आकाश कि हमेशा आवश्यकता रहती आई है ।

वास्तुशास्त्र के मुताबिक इन तत्त्वों का भवन निर्माण में बहुत अधिक महत्त्व होता है ।

(१) **पृथ्वीअर्थात् मिट्टी** – हजारों वर्ष पहले सूर्य से अलग थलग हुआ आग का गौलाकार पिण्ड, जो धीरे धीरे ठण्डा होकर ठोस रूप में बदल गया पृथ्वी है । वैसे तो यह सूर्य का एक गृह है ।

पृथ्वी अपनी धूरी पर २४ घण्टों में एक चक्कर पूरा करती है । और यह सूर्य के चारों ओर ३६५ छः घण्टे दिनों में अपनी परिक्रमा पूर्ण करती है । यह पृथ्वी घुमनशील होने के कारण ही इस पर दिन और रात बनते हैं । और इसी कारण से ही इस पर ऋतुएं बनती हैं तथा बिगड़ती भी हैं मुख्यत: (१) सर्दी, (२) गर्मी, (३) और वर्षा होती हैं ।

पृथ्वी सदा पश्चिम से पूर्व दिशा की ओर अपना चक्कर पूरा करती है । इसकी प्रकृति में जल, ऑक्सीजन, नाईट्रोजन, कार्बनडाइऑक्साइड आदि अनेक गैसे पायी जाती हैं ।

यह हमेशा २३१/२° डिग्री देशान्तर पर झुकाव लिए होती है ।

परन्तु पृथ्वी का वास्तुशास्त्र में प्रयोजन भूखण्ड से होता है । वह भूखण्ड चाहे आपका पैतृक है या फिर उसे अपने अपनी कड़ी मेहनत से धन कमा कर खरीदा हो उस इष्ट भूमि पर जहाँ आपकों अपने तथा अपने कुटुम्ब के लिए भवन बनाना हो, उस जगह कि भूमि कि जांच कर लेनी चाहिए । जिस जगह आपकों भवन का निर्माण करना है - वह भूमि शुभ भूमि है या नष्ट (मृत) भूमि है - यदि वह भूमि शुभ भूमि है तो वहाँ पर भवन निर्माण करने पर व्यक्ति समपन्ता प्राप्त करता है और यदि वह भूमि मृत भूमि है तो वहां पर भवन निर्माण करने से व्यक्ति दिनों दिन अपने परिवार का, अपने धन का ह्रास होने लगता है । तभी तो आप सुनते होंगे अमुक व्यक्ति पहले जिस भवन में रहता था उसके ठाट बाट ही अलग थे लेकिन इस घर में आने के बाद उसने अपना सब कुछ खो दिया है । अब तो वह बेकार सा जीवन व्यतीत कर रहा है, वह मजेदारी नहीं रही जो पहले थी कारण यही होता है जिस भूमि पर उसने नया घर बनाया है वह भूमि बेकार भूमि होती है । जो धीरे धीरे गृह स्वामी का सब कुछ निगल लेती है ।

सबसे पहले हमें जिस स्थान पर अपना गृह का व्यवसायिक केन्द्र या औद्योगिक ईकाई स्थापित करनी है उस जगह कि भूमि कि जांच कर लेनी चाहिए ।

भूमि कि जांच का तरीका यह होता है कि हमें सर्वप्रथम उस भूमि पर जहां भवन निर्माण करना होता है उस जगह कि भूमि में अपने हाथ से एक हाथ गहरा एक हाथ लम्बा व एक हाथ चोड़ा खड्डा खोदना चाहिए । एक खड्डे को खोदने के बाद पानी से भर देना

चाहिए । उसके बाद उस खड्डे से लगभग १०० कदम दूरी पर चले जाना चाहिए और फिर वापिस आकर उस खड्डे मे स्थित पानी के लेबल को देखना चाहिए । तथा उस पानी के स्तर का परिणाम इस प्रकार से समझना चाहिए ।

१. अगर यह खड्डा पानी से वैसा भरा हुआ है जैसा कि आपने उसमें पानी डाला था । वह न कम हुआ है तो वह भूमि आपके लिए सर्वश्रेष्ठ होनी चाहिए ।

२. अगर डाले गये पानी का लेवल खड्डे में आधा ही रह गया है तो वह भूमि भवन निर्माण के लिए मध्यम फल देने वाली होगी ।

३. अगर खड्डे में भरा गया सम्पूर्ण पानी को उस जगह कि भूमि ने सोख लिया है । या फिर डाले गये पानी से खड्डे को छिन्न भिन्न कर दिया है या खड्डा पानी से दबाब से ढह गया है तो वह जगह भवन निर्माण के लिए अशुभ समझनी चाहिए । उस जगह पर भवन निर्माण करके अपने पैसे व समय को बरबाद करना समझना चाहिए ।

**द्वितिय विकल्प**

हमें भूखण्ड कि बनावट तथा उसकी ढाल को देखना चाहिए अगर भूखण्ड वर्गाकार, आयताकार या वृताकार में से कोई भी हो और उसकी हाल  पूर्व या उत्तर दिशाओं में से किसी भी एक दिशा में हो तो वह भूमि या वह भूखण्ड अति उत्तम कहलाता है । या फिर उस

भूमि या भूखण्ड को काट छाट कर उस श्रेणी में लाया जा सकता हो तो वह शुभ जगह होती है ।

**२. जल (WATER)** – सास्वत सत्य है जहां जल है वहीं जीवन का अस्तित्व मौजूद होता है । जल के बिना जीवन की परिकल्पना करना ही बेमानी लगती है । जल है तो जीवन है नही तो शून्य है ।

वास्तु भूखण्ड या भूमि के ऊपर जल कि व्यवस्था करना आवश्यक होनी चाहिए तथा जहां हम भवनों का निर्माण कर रहे हैं उस भूमि के भीतर जल मौजूद है या नही इसका ज्ञान भी होना चाहिए ।

जल के बिना भवन का निर्माण नही हो सकता इसलिए निर्माण कार्य प्रारम्भ करने से पहले उस भूखण्ड पर जल कि समुचित व्यवस्था कर देनी चाहिए । जिससे कि जब तक भवन का निर्माण कार्य चलता रहे । वहां पर जल हमेशा रहे ।

हमारे वास्तुशास्त्र में जल कि व्यवस्था करने के लिए सर्वोत्तम स्थान ईशान कोण से थोड़ा अन्तर या पूर्व दिशा में जल का स्थान निर्धारण करना श्रेष्ठ बतलाया गया है फिर भी दिशा अन्तर्गत जल हेतु कूप खनन का शुभ अशुभ फल इस कि तालिका के अनुसार समझना चाहिए ।

| | **दिशा** | **फल** |
|---|---|---|
| १. | ईशान | सुख प्रदान |
| २. | पूर्व | श्री वृद्धि प्रदान |

| | | |
|---|---|---|
| ३. | अग्निकोण | संतान भार प्रदान |
| ४. | उत्तर | सुख प्रदान |
| ५. | वायव्य कोण | कष्टप्रदान |
| ६. | पश्चिम | सुखप्रदान |
| ७. | नैर्ऋत्यकोण | स्वामी भार प्रदान |
| ८. | दक्षिण | सभी भार प्रदान |
| ९. | भूखण्ड के मध्य में | ह्रास (हानि प्रदान) । |

हमेशा ही भूखण्ड के ईशान, पूर्व, पश्चिम तथा उत्तर दिशा के भाग में ही पानी हेतु कूप (कुआ, टयूबवेल, हेन्ड पंप) या फिर पानी का निर्माण करना शुभ फलदायक होता है । बाकि कि दिशाओं में कूप खनन या पानी कि टंकी (भूमि पर निर्मित) अशुभकारक व हानी प्रदान होती है ।

**३. वायु** – प्राण संजीवनी वायु के बिना किसी प्राणी का शरीर मिट्टी का ढेर मात्र हो जाता है । हमेशा ही स्वस्थ शरीर के लिए शुद्ध वायु कि आवश्यकता होती है ।

भवन निर्माण करते समय भवन में शुद्ध वायु हमेशा प्रवेश करती रहे इस के लिए भवन में आवश्यक खिड़कियां तथा रोशनदान तथा दरवाजों का सही जगह पर चुनाव करना चाहिए । अगर भवन में वायु शुद्ध प्रवेश करती रहेगी तो उस भवन में निवास करने वाले प्राणी हमेशा ह्रष्ट–पुष्ट व तोरोताजगी महसूस करते रहेंगे । व अशुद्ध वायु या वायु रहित भवन रखने पर उस भवन में निवास करने वाले प्राणी या तो बिमार हो जायेंगे या फिर जल्दी ही मर जायेंगे ।

वास्तु शास्त्र में शुद्ध वायु भवन में प्रवेश करने के लिए वायव्य कोण निर्धारित स्थान है । इसी ओर से आने वाली वायु स्वच्छ वायु होती है ।

४. **आकाश** – वैज्ञानिक तरीके से देखे तो पृथ्वी के चारों ओर जहां हमें तारे, ग्रह, उपग्रह उल्काएं, आकाश गंगा आदि इस ब्रह्माण्ड में हमें दिखलाई देते है यही आकाश कहलाता है ।

लेकिन वास्तु शास्त्र में आकाश शब्द का अर्थ निर्माणधीन भवन के खुलेपन से तथा निर्माणधीन भवन की ऊँचाइ से लिया जाता है । वास्तुशास्त्र  अलग अलग प्रकार के भवनों में अलग अलग दरवाज़े व खिड़कियां तथा उनकी बनावट व प्रकार का उल्लेख करता है । इसी प्रकार से भवन की ऊँचाई के बारे में बताता है कि प्रासाद चाहे कोई भी हो लेकिन वह सौ हाथ से अधिक ऊँचाई का नहीं होना चाहिए । तथा प्रत्येक प्रासाद में ब्रह्म स्थल हमेशा खुला होना चाहिए । इस स्थल से भवन में रहने वाले प्राणियों को प्राण वायु का संचार उपलब्ध होता रहता है ।

५. **अग्नि** – अग्नि को वास्तुशास्त्र में दो संदर्भो में लिया जाता है । (१) प्रकाश (२) रसोई (पाकशाला)

रसोई के लिए वास्तु भवन में अग्नि कोण निर्धारित स्थान होता है हमेशा ही भवन में रसोई, रेस्टोरेन्ट या फिर उद्योग, कारखाना आदि में ऊर्जा के लिए अग्निकोण में ही बिजली या जनरेटर प्रयोग में लेने का स्थल होना चाहिए । उसी जगह पर ऊर्जा सम्बन्धित उपकरण, चुल्हा

भट्टी रखनी चाहिए एवं प्रयोग में लेनी चाहिए ।

अग्नि का दुसरा विकल्प हम वास्तु भवन में प्रकाश को लेते हैं । भवन में सुर्य उदय होने से लेकर सुर्य अस्त होने तक, पूरे दिन का प्रकाश आता हो वैसा बनाना चाहिए । तभी तो चांदनी रात की शीतलता का भरपुर आनन्द प्राणी ले पायेगा ।

अंधेरा युक्त प्रासाद वृत, चतुष्कोण षोऽशाश्रि, अष्टाश्रि प्रासादों की श्रेणी में आता है वह हमेशा कष्ट कारक भवन होता है । इसलिए भवन का निर्माण करते समय उसमें भरपुर प्रकाश आयें ऐसा भवन का निर्माण करना चाहिए ।[२]

## १०.३ આધુનિક સમયમાં ભૂખંડોનું વૈજ્ઞાનિક ઢબે ચિંતન :

हिन्दु संस्कृति बहुत विलक्षण है । भारतीय संस्कृति के सभी सिद्धान्त पूर्णत: वैज्ञानिक हैं उनका एकमात्र उद्देश्य सभी मनुष्यमात्र का कल्याण करना । मनुष्यों का समझदारी से एवं शीघ्रता से कल्याण कैसे हो । सुख–समृद्धि की प्राप्ति कैसे हो । आनन्द की प्राप्ति कैसे हो इन सब बातों का जितना गम्भीर विचार हिन्दु सभ्यता में किया गया है, उतना अन्यत्र (अन्य संस्कृतियों में) नहीं किया गया ऐसा साम्प्रत समय में दिखाई दे रहा है । जन्म से लेकर मृत्यु पर्यन्त, मनुष्य जिन–जिन वस्तुओं एवं व्यक्तियों के सम्पर्क में आता है और जो–जो क्रियाऐं करता है उन सबका हमारे क्रान्तदर्शी ऋषिमुनियोंने बड़े वैज्ञानिक ढंग से सुसंस्कृत करके एक नतिजे पर पहुँच के पुरे मानव समाज को उपर उठाना हो तो रोटी–कपड़ा और मकान ये मानव जीवन की आवश्यकता में विक्षेप

कहाँ होता है, पता चले तो शास्त्र की मर्यादा पार करके भूमि पर मानव जो मकान बनाने जा रहा है, वो मकान दोष से भरा हुआ होता है । हमारे बहुत साथे प्राचीन ग्रन्थों में ''वास्तुविद्या'' जैसी न जाने कितनी विद्याऐं छिपी पड़ी हैं । लेकिन पिछले कुछ वर्षों से लोगों का ध्यान वास्तुविद्या की ओर गया है ।

वास्तु पूजां प्रकुर्वित गृहारम्भे प्रवेशने च ।
वास्तु पूजां अकुर्वाणः तवाहारो भविष्यति ॥

**ભૂમિને 'વસુંધરા'** (The Mother of the World) **કહેવામાં આવે છે. પૃથ્વી બહુરત્ના વસુંધરા છે, જેનાં અંતરાલમાં અસંખ્યો રત્નો સમાયેલાં છે. અને જયાં રત્નો હોય ત્યાં દોષ અવશ્ય રહેવાનો. ભૂમિની શક્તિ દ્વારા સ્થાવર, જંગમ, જડ, ચેતન તમામ પદાર્થોની ગતિસંરચણ ક્રિયા જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. દરેક વાસ્તુની રચના ભૂમિ ઉપર જ નિર્માણ થાય છે. આથી આધુનિક સમયે ભૂમિ પરીક્ષણ વિશેના વિચારો જાણવા મનુષ્યો આતુર બન્યા છે.**

## ૧૦.૪ દિશાઓનો ઉપયોગ




**વાસ્તુવિદ્યાની સ્પષ્ટ જાણકારી મેળવવા માટે આપણને દિશાઓનું સ્પષ્ટ જ્ઞાન જરૂરી છે. અડસટે દિશાઓની જાણકારી નહીં ચાલે. આ માટે મેગ્નેટીક કમ્પાસ – હોકાયંત્ર કે દિશા દર્શાવતા મેગ્નેટ – ચુંબકનો ઉપયોગ કરી શકાય.**

પૂર્વ દિશામાં સૂર્ય ઉગે છે અને પશ્ચિમ દિશામાં સૂર્ય આથમે છે. સૂર્ય તરફ મોં કરી સવારે ઉભા રહીએ તો મોં સામે પૂર્વ દિશા પીઠ પાછળ પશ્ચિમ દિશા, ડાબા હાથ તરફ ઉત્તર દિશા અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા હોય છે.

સૂર્ય જે દિશામાં ઉગે તે પૂર્વ દિશા ખરી, પરંતુ તે માત્ર ૨૧ મી માર્ચ અને ૨૧ મી સપ્ટેમ્બરના દિવસે જ પૂર્વ બિંદુ પર ઉગે છે. બાકી ઉત્તરાયણ અને દક્ષિણાયન મુજબ ઉત્તર તરફ ૨૩ તથા દક્ષિણ તરફ ૨૩ સરકતો હોય છે. તેથી જ ચોક્કસ દિશા જાણવા માટે હોકાયંત્ર (પોકેટ કંપાસ)નો ઉપયોગ કરવો પડે. હોકાયંત્રમાં ઉત્તર (NORTH) દિશા પર નીડલ રહે ત્યાં ૦' ૪૫' પર ઈશાન, ૯૦' ઉપર પૂર્વ દિશા, ૧૩૫' ઉપર અગ્નિ ખૂણો, ૧૮૦' ઉપર દક્ષિણ દિશા, ૨૨૫' ઉપર નૈર્ઋત્ય ખૂણો, ૨૭૦' ઉપર પશ્ચિમ દિશા, ૩૧૫' ઉપર વાયવ્ય દિશા બતાવે છે.

હોકાયંત્રની સોય (પોઈંટર – નીડલ) ને ઉત્તર દિશામાં સ્થિર કરવી. ઉત્તર દિશા મળી જાય પછી બાકીની દિશા મેગ્નેટીક કમ્પાસમાં આપોઆપ મળી જશે.

ઉત્તરમાં રાત્રે ધ્રુવ તારો દેખાય છે. સપ્તર્ષિ (સાત તારા) ના આગળના બે તારાઓની સીધી લીટીમાં નીચે ચમકતો તારો આવે તે ધ્રુવનો તારો હોય છે. જે કાયમ માટે ત્યાં જ રહે છે. તે ફરતો નથી.

મેગ્નેટીક કમ્પાસ – હોકાયંત્ર બજારમાં મળે છે. પરદેશથી આવેલા કમ્પાસ રૂ. બસો આસપાસ મળે છે. સસ્તા મેગ્નેટ લટકાવીને દિશા જાણી શકાય. હોકાયંત્ર ભારતની બનાવટના પણ ઉપલબ્ધ છે.

જે જગ્યા જોવી હોય, વાસ્તુવિદ્યા વિષે દિશાની જાણકારી જોઈતી હોય તો હોકાયંત્ર પ્લોટ – કે મકાનની વચ્ચે મૂકવું. હોકાયંત્રની ઉત્તર દિશા – દક્ષિણ દિશા વાસ્તુ – પ્લોટની ઉત્તર દિશા – દક્ષિણ દિશાને સમાંતર હોય તેમજ પૂર્વ –પશ્ચિમ દિશા પણ સમાંતર હોય તો વાસ્તુ સારું ગણાય. સ્થાયી સુખદ અને સ્થિર જીવન વ્યતીત કરી શકાય છે.

પ્લોટ ખરીદતા પહેલાં તેનું ચુંબકીય ધ્રુવ ગોતવું અને પૃથ્વી – જગ્યાની દિશાને સમાંતર ધ્રુવ કરવા કોશિશ કરવી. મોટી જગ્યા હોય તો ચુંબકીય ધ્રુવ – મેગ્નેટક સેંટર મેળવવા માટે જગ્યા છોડી દેવી જોઈએ. પૃથ્વીના મેગ્નેટીક ધ્રુવ અને પ્લોટના ધ્રુવને સમાન્તર દીવાલ બનાવવી જોઈએ. તો જ વાસ્તુમાં કાયમી શાંતિ, સુખ, સંપત્તિ સાંપડી શકશે.

પ્લોટના મેગ્નેટીક સેંટર – નોર્થપોલ – સાઉથપોલ – ચુંબકીય ધ્રુવ – ની ચકાસણી કર્યા બાદ, બાંધકામ કરવાનું હોય તે જગ્યા – વાસ્તુનું ચુંબકીય ધ્રુવને સમાન્તર રાખવાની સલાહ છે. તેમ કરશો તો જ વાસ્તુશાસ્ત્રનો લાભ ફાયદો મેળવી શકશો.

મકાન – તથા અન્ય બાંધકામની ડિઝાઈનમાં અનેકવિધ પ્રકારના આકારો આપવામાં આવે છે. બહારથી દેખાવ ખૂબ જ સારો લાગતો હોય છે, પરંતુ વાસ્તુ અને પ્લોટના ધ્રુવ વચ્ચે અસંગતિ હોય છે. બન્ને ધ્રુવ સમાન્તર (પેરેલલ) ન હોય, અનેકવિધ નાની મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

જગ્યામાં ખાંચો, કપાતી હોય કે અનિયમિત આકાર હોય તો પણ અશુભ ફળ મળે છે.




## પૂર્વ દિશા (EAST)

પૂર્વ દિશામાં સૂર્ય ઊગે છે. સૂર્યનાં કિરણોની અસર માનવજીવન પર અસર કરે છે. આ દિશાના દેવ ઈન્દ્ર જયંત છે. પૂર્વ દિશામાંથી પ્રકાશ – ગરમી મળે છે.

પૂર્વ દિશામાં ઢાળ રાખવામાં આવે છે. આ દિશા બને તેટલી ખુલ્લી રાખવી જોઈએ. વરંડો – ઓસરી – બાલ્કની પૂર્વ દિશામાં રાખશો. સૂર્યગ્રહના કારકત્વનું ફળ – આ દિશાને બળવાન બનાવવાથી મેળવી શકાય છે. યશ – કીર્તિ, રાજકારણ, અધિકાર, સાત્ત્વિકતા, સર્વાંગી વિકાસ, પવિત્રતા, ભાગ્યોદય, પિતૃસુખ, મહત્ત્વાકાંક્ષા, પિતા–પતિ, (છત્ર), જાહેર પ્રવૃત્તિ, કાર્યસિદ્ધિ, સર્જનાત્મક શક્તિ, સંસાર ઈત્યાદિ માટે સૂર્યનું બળ જન્મકુંડળીમાં જોવામાં આવે છે.

આ દિશામાં પ્રવેશદ્વાર – દરવાજો રાખવો – (વિજય દ્વાર) આ દિશામાં કચરાપેટી રાખવી નહિ. સ્વચ્છ રાખવી. સંડાસ (જાજરૂ) રાખવું નહિ. આ દિશામાં તળાવ, નાળું, નદી, હોય તો પુત્ર સંતાન થાય. વંશવૃદ્ધિ થાય છે. બાથરૂમ – પૂર્વ દિશામાં શુભ ગણાય છે. દરેક ઓરડામાં ઉત્તર અને પૂર્વ દિશા સ્વચ્છ અને બને ત્યાં સુધી ખાલી રાખવી. જયારે પશ્ચિમ (શનિ) અને દક્ષિણ (મંગળ –યમ) ની દિશામાં વધુ વજન રાખવું.

સૂર્ય નિર્બળ થતા – બગડતા આંખના દર્દ, લોહી વિકાર બ્લડ પ્રેશર, હૃદયરોગ થાય છે. તો પૂર્વ દિશાનું વાસ્તુ તપાસવું. સૂર્ય નમસ્કાર કરવા. ગાયત્રી મંત્રની એક માળા, સવારમાં નાહીને ફેરવવી. રવિવારે એકટાણું કરવું. ચોર – ભૂત – પ્રેત – પિશાચનો ભય હોય તો માણેકનું નંગ ધારણ કરવું. રવિવારે સૂર્ય સ્નાન કરવું. પિતા, પતિ કે ગુરુને રવિવારે પગે લાગી આશીર્વાદ મેળવવા.

પૂર્વ દિશામાં બારીઓ રાખવી. સવારના સૂર્યનાં કિરણો પ્રવેશે તે માટે બારી – પડદા ખુલ્લા રાખવા. સૂર્યનાં કિરણોથી વાતાવરણ કુદરતી રીતે ચેપ રહીત બનાવે છે. (સ્ટરીલાઈઝેશન)

### પશ્ચિમ દિશા (WEST)

આ દિશામાં સૂર્ય આથમે છે. સૂર્યના દાહક કિરણોની અસર થતી હોઈ આ દિશાની દીવાલ જાડી રાખવી. તેમજ બારીઓ ઓછી રાખવી. પશ્ચિમ દિશાનું દ્વાર – દરવાજો મધ્યમ ફળ આપે છે.

પશ્ચિમ દિશાના દેવ – વરુણ છે તેમજ શનિગ્રહની અસર રહે છે. ઘરની ઉંચાઈ આ દિશામાં વધુ રાખવી. તેમજ કમ્પાઉન્ડ – વચ્ચે જગ્યા રાખવી. ભૂમી

લેવલ ઉંચું રાખવું. ભોજનકક્ષ, (ડાઈનીંગ-રૂમ) ઓવરહેડ ટેંક, ટોયલેટ (જાજરૂ), સીડી (સ્ટેરકેસ) રાખવી. પશ્ચિમ દિશામાં દરવાજો સામાન્ય ફળ આપે છે. ગૅરેજ આ દિશામાં રાખી શકાય. પૂર્વ અને ઉત્તર દિશા કરતાં પશ્ચિમ દિશાનું બાંધકામ, ઉંચાઈ વધુ હોય તો વ્યક્તિની કીર્તિ, સુખ, સંપત્તિ વધે છે.

વીજળીનાં સાધનો, ઈલેકટ્રોનિક્સ સાધનો પશ્ચિમ દિશામાં રાખવાં નહિ. તે માટે અગ્નિ દિશા યોગ્ય છે. પશ્ચિમ દિશામાં રોગ, પાપ, શેષ, અસુર, વરુણ, પુષ્પદંત, સુગ્રીવ, દ્વારપાળ પિતૃનું વર્ચસ્વ રહે છે.

પશ્ચિમ દિશામાં મોટાં – ઊંચાં ઝાડ, મોટાં મકાનો હોય તો લાભાકર્તા બને છે.

આ દિશા પર શનિ ગ્રહનું વર્ચસ્વ છે. શનિ ક્રૂર ગ્રહ જો આપે છે તો સમૃદ્ધિના શિખરે લઈ જાય છે. જયારે લઈ લે છે ત્યારે ફૂટપાથ પર ભટકતો ભીખારી બનાવી દે છે. કાયમના દર્દ, ચિંતા, શંકાશીલ માનસ, નસના દર્દ, વિકૃત શરીર, ખરાબ મિત્રો, કપટ, કંજૂસાઈ, ક્રૂરતા, પરાધીનતા, સ્વાર્થ, વાયુના દર્દ, ઈત્યાદિ શનિ ગ્રહ કારણભૂત બને છે.

**ઉત્તર દિશા (NORTH)**

ઉત્તર દિશા પર કુબેર દેવનો વાસ છે. બુધ ગ્રહનું વર્ચસ્વ છે. આ દિશા પર વ્યક્તિની આર્થિક સમૃદ્ધિ, સર્વાંગી વિકાસ, સુખ – શાંતિ અવલંબે છે. આ દિશા શુભ હોય સંડાસ (જાજરૂ), કચરાપેટી, ગંદકી કરવી નહિ, ઉત્તર દિશા – પૂર્વની દિશાની જેમ વધુ ને વધુ ખુલ્લી રાખવી. વરંડો, અગાસી, બાલ્કની ઉત્તર દિશામાં લાભદાયી બને છે.

પશ્ચિમ દિશા, નૈૠર્ત્ય ખૂણો, દક્ષિણ દિશા, અગ્નિ ખૂણાનો ઢાળ, ઉત્તર દિશામાં આવે તો શુભ ફળ આપે છે. તો ઢાળ ઉત્તર દિશા તરફ રાખશો. ઉત્તર દિશામાં દીતિ, અદિતિ, સર્પ, સોમ – ભલ્લાટ, મુખ્ય નાગનો પ્રભાવ રહે છે.

આ દિશામાં બાંધકામની ઊંચાઈ ઓછી રાખવી. ઉદ્યોગધંધા માટેની ઓફિસ – કાર્યાલય ઉત્તર દિશામાં રાખવાથી કુબેરદેવના આશીર્વાદ મળે છે. આ દિશામાં દરવાજો રાખો તો પણ શુભ ગણી શકાય. ઉત્તર દિશા સ્વચ્છ રાખવી. કબાટ, વજનદાર વસ્તુઓ, પ્લેટફોર્મ, અલમારી રાખશો નહિ.

ઉત્તર દિશામાં બેઠકનો રૂમ બનાવો તો પશ્ચિમ – દક્ષિણ તરફ – સોફા – ફર્નિચર પશ્ચિમ – દક્ષિણમાં રાખવું.

ફાઈનાન્સ કંપની, બેંક, ઓફિસમાં વ્યક્તિ ઉત્તર બાજુ મોઢું રાખી બેસે તો લાભ સાંપડે છે.

બુધ ગ્રહનું કારકત્વ બુદ્ધિ, આર્થિક પ્રગતિ, બેન્ક, વીમા, ફાઈનાન્સ, દલાલી, વેપાર, સાક્ષાત્કાર, ગણિત, વાણી, મંત્રતંત્ર, જયોતિષ, વૈદક, માનસિક શક્તિ, લીલો રંગ, રમૂજ, ચપળતા, વિશ્લેષણશક્તિ ઈત્યાદિ પર ગણાય છે. ઉત્તર દિશામાં વજનવાળી વસ્તુઓ રાખી હશે તો પેટના દર્દ, માનસિક દર્દ તથા માનસિક અશાંતિ થશે.

**દક્ષિણ દિશા (SOUTH)**

આ દિશા પર યમદેવ તથા મંગળ ગ્રહનો અમલ છે. આ અશુભ દિશામાં બાંધકામમાં ઊંચાઈ વધુ રાખવામાં આવે છે તથા દીવાલની જાડાઈ પણ વધુ રાખવામાં આવે છે. બાઉન્ડ્રી દીવાલ અને મકાન વચ્ચે ખુલ્લી જગ્યા ઓછી

રાખવી. દક્ષિણ દિશામાં સીડી રાખવી. બેઠક – મેઈનહોલ – ટોઈલેટ, છાપરું રાખવું. આ દિશાના માલિકો – ઉષા, વિતથા, યમ, ગંધર્વ, ભૃંગરાજ, મૃગ છે.

દક્ષિણ દિશામાં ઓવરહેડ ટેન્ક રાખવી. મોટાં વૃક્ષો, મોટાં મકાનો, પહાડ વગેરે દક્ષિણ દિશામાં શુભ ફળ આપશે. આ જગ્યા ઉચાણવાળી અને ભારવાળી રાખશો.

દક્ષિણ બાજુની દિવાલ જાડી રાખવી. આ દિશામાં વરંડો, – ઓસરી – બાલ્કની  અશુભ ગણાય છે. દક્ષિણ દિશામાં ઈલેકટ્રીક સાધનો નુકસાનકારક છે. અગ્નિ ખૂણામાં રાખવાં સારાં.

રસોડું, સેપ્ટીક ટેન્ક, કૂવો – આ દિશામાં કરશો નહિ. દક્ષિણ દિશામાં જમીનનો ઢાળ હોય તો વ્યક્તિ રાજકારણમાં જાય, કાવાદાવા કરે, ઝગડા – દુશ્મનો થાય. આ દિશામાં ઓફિસ – કાર્યાલય શુભ ફળ આપશે નહિ. જમીનના ધંધામાં સફળતા મેળવવા આ દિશાનું વાસ્તુ મહત્ત્વનું છે.

આ દિશાનું પ્રવેશદ્વાર હોય તો જુગાર, મટકા, બિયર બાર કે નંબર ટૂના ધંધાને સારું ફળ આપે છે.

મંગળનું કારકત્વ અગ્નિ, જમીન, ભાઈ, મકાન, ઝઘડો, બળ, હિંમત, સાહસ, શક્તિ, દક્ષિણ દિશા, ઝનૂન, શૌર્ય, ગણપતિની પૂજા, લાલ રંગની વસ્તુઓ, યુદ્ધ, શત્રુબળ, ક્રોધ વ. ગણાય  છે.

## ઈશાન ખૂણો (NORTH - EAST)

વાસ્તુ પુરુષનું મસ્તક ઈશાન ખૂણામાં હોય. આ ખૂણામાં વજન રાખવું નહિ. મસ્તક પર ભાર આવવાથી અશાંતિ – માનસિક વ્યગ્રતા રહે છે. ઈશાન

દિશામાં ઈશ – ગંગાધર – નિલકંઠ દેવનો વાસ છે. ગુરુ ગ્રહનું વર્ચસ્વ છે. વાસ્તુશાસ્ત્રમાં ભગવાનનો વાસ ઈશાન ખૂણામાં ગણેલ છે. આ ખૂણો ખુલ્લો રાખવો. એકાગ્રતા માટેનું ઉત્તમ સ્થળ છે. પૂજાનું સ્થાન ગણાય. ઈશાન દિશામાં પાણીનું ઝરણું, નદી, તળાવ કે નાળું હોય તો શુભ ફળ મળે છે. આ દિશામાં બીજી દિશાઓનો ઢાળ હોય તો જીવનમાં સફળતા સાંપડે છે.

ઈશાન ખૂણામાં દરવાજો શ્રેષ્ઠ ગણાય છે. કૂવો – બોર અંડરગ્રાઉન્ડ ટાંકી માટે ઈશાન ખૂણો ઉત્તમ ગણાય છે. ઈશાનમાં બાલ્કની, વરંડો – ઓસરી, શુભ ફળ આપશે. ઈશાનમાં દરવાજો હોય તો જૂતા – રાખવાનું વાયવ્ય પશ્ચિમ દિશામાં રાખવું.

ઈશાનમાં સંડાસ, રસોડું, બેડરૂમ યોગ્ય નથી. લીલીછમ હરિયાળી, બગીચો, ફૂલછોડ, તુલસી વ. ઈશાન બાજુ વાવશો. પૂજા માટેના સ્થાન માટે ઈશાન દિશાને જ મહત્ત્વ આપવામાં આવે છે.

ઈશાન સામે રસ્તો હોય, ઢાળ ઈશાન તરફ હોય, પૂજાઘર ઓરડી કે ઈષ્ટદેવનો ફોટો હોય તો શુભ ફળ મળે છે. દવાઓ ઔષધો ઈશાન ખૂણામાં રાખવાથી અસરકારક પરિણામ જોશો. પાણીયારું – મંદિર, હોય તો શાંતિ મળશે.

ગુરુ ગ્રહના કારકત્વમાં પ્રગતિ – વિકાસ, સંતાન, ધર્મ, શિક્ષણ, ભાગ્ય, કિર્તિ, રાજસન્માન, અર્થશાસ્ત્ર, સાત્ત્વિકતા, ડહાપણ, જ્ઞાન, ધંધામાં સફળતા, પોખરાજ, કવિ, પદવી, મોટાભાઈ, શિક્ષક, દાદા, તત્ત્વજ્ઞાન, ઈત્યાદિ ગણાય છે. ઈશાન ખૂણો ખુલ્લો, સ્વચ્છ રાખવાથી શુભફળ મળે છે.

## અગ્નિ ખૂણો (SOUTH - EAST)

આ દિશામાં અગ્નિદેવ તથા શુક્ર ગ્રહનો અમલ રહે છે. અગ્નિ ખૂણામાં રસોડું જ રખાય. રસોઈ, પેન્ટ્રી, નોકરી માટેનો ઓરડો, છોકરીઓ અ વહુઓ માટેનો ઓરડો, સેપ્ટીક ટેન્ક, જનરેટર, બોઈલર, ભઠ્ઠીખાનું, વીજળીનાં ઈલેકટ્રોનિકસનાં સાધનો માટે અગ્નિ ખૂણો સારો ગણાય છે.

અગ્નિ ખૂણામાં પાણીની ટાંકી કે કૂવો અગ્નિભય ઉત્પન્ન કરે છે. અશુભ ફળ આપે છે. નૈૠત્ય ખૂણા કરતા આ ખૂણો નીચો રાખવાથી ઘરમાં શાંતિ રહેશે.

અગ્નિ ખૂણો તથા વાયવ્ય ખૂણો – પૂર્વ તથા ઉત્તર દિશા કરતા વધુ ઊંચા હોય તો ધનસુખ, સમૃદ્ધિ અને વિકાસ થાય છે. આ દિશામાં જાજરૂ રાખી શકાય. વેસ્ટ પેપર બાસ્કેટ, કચરાકુંડી રાખી શકાય. અગ્નિ ખૂણા અને પૂર્વ દિશા વચ્ચે પ્રવેશદ્વાર ચાલી શકાશે. પરંતુ અગ્નિ ખૂણો અને દક્ષિણ દિશા વચ્ચેના ખૂણાથી આગ લાગવી કે અકસ્માત સર્જાવાની શકયતા વધશે.

અગ્નિ દિશા તરફ પાણીનો સ્ત્રોત – તળાવ, નદી, નાળું, ગટર શુભ ગણાતું નથી. અગ્નિથી દક્ષિણ તરફ સીડી હોય તો શુભ ફળ મળે છે. વીજળીનો થાંભલો, ઈલેકટ્રીક મીટર, સાધનો, વોચમેન કવોર્ટર, (દીવાલ છોડીને), સંડાસ, રસોડું અગ્નિ દિશામાં સારું ફળ આપે છે. ટી.વી., ફ્રિજ, ફોન – અગ્નિ દિશામાં સારા ચાલશે. અગ્નિ દિશા બાજુથી રસ્તો પસાર થતો હોય તો સ્ત્રીવર્ગમાં સ્વતંત્રતા, સ્વચ્છંદતા વધે છે.

શુક્ર ગ્રહનું કારકત્વ પ્રણય, વાહનસુખ, ભાગીદારી, સંગીત, પ્રેમ, સંસ્કાર, સમૃદ્ધિ, મનોરંજન, ઓજસ, લાગણી, વિનોદ, આભૂષણો, જાતીય દર્દ, મૂત્રાશય

– ગર્ભાશયના દર્દ, મોજશોખ, વિલાસિતા, શૈયાસુખ, દાંપત્યજીવન, ઈત્યાદિ પર ગણવામાં આવે છે. મગજ, લોહી, હાડકાના દર્દવાળી વ્યક્તિને અગ્નિખૂણો અશુભ ફળ આપશે.

અગ્નિ પર મંગળનો અમલ રહે છે. મંગળ અગ્નિતત્ત્વનો ગ્રહ છે.

વાસ્તુ પૂજન માટે અગ્નિ ખૂણો મહત્ત્વનો બની રહે છે.

## નૈર્ઋત્ય ખૂણો (SOUTH - WEST)

રાક્ષસ અને રાહુ ગ્રહનો નૈર્ઋત્ય ખૂણા પર અમલ રહ્યો છે. આ દિશામાં માસ્ટર બેડરૂમ, સ્ટોરરૂમ, મૂડી સંગ્રહ માટે, કેશ-કાઉન્ટર તથા વાહન માટેનું ગેરેજ રાખવા માટે સારું ગણાય છે. નૈર્ઋત્ય ખૂણો સરકારી તકલીફો, કોર્ટકેસ, કનડગત કે લીટીગેશન માટે ખાસ જોશો.

આ દિશા ભરેલી – દબાયેલી રાખવી સારી. પાણીની ઓવરહેડ ટેન્ક શુભ ફળ આપશે. આ દિશા કપાઈ ગયેલ હોય તો સારું ફળ મળે. નૈર્ઋત્ય દિશામાં વજનદાર વસ્તુઓ – કબાટ તથા વસ્તુઓ રાખવી સારી. આ ખૂણાની ઊંચાઈ વધુ તેમ સારું ગણાય. કમ્પાઉન્ડ વોલની ઊંચાઈ વધુ રાખવી તેમજ જાડાઈ પણ વધુ રાખવી. આ દિશામાં ઊંચાં વૃક્ષો સારાં. ખાડો સારો ગણાય નહિ. ખાડા હોય તો સમતલ કરશો.

રસોડું આ દિશામાં હોય તો આગનો ભય રહે. તેમજ આ દિશામાં રસ્તો પસાર થતો હોય તો અકસ્માતની શકયતા વધે છે, આ દિશા ઊંચી રાખી તેનો ઢાળ પૂર્વ ઈશાન અને ઉત્તર તરફ રાખવાથી સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા માનસિક શાંતિ સાંપડે છે.

નૈર્ઋત્ય ખૂણો કપાઈ જતો હોય તો અશુભ તત્ત્વનો નાશ કરી શુભફળ આપે છે.

રાહુનું કારકત્વ કઠોર વાણી, મેલી વિદ્યા, જુગાર, સર્પ, ભૂતપ્રેત, ગારુડી વિદ્યા, મંત્રશાસ્ત્ર, ઉતરતી કક્ષાના લોકો, પૂર્વજન્મના દોષો, ડાબી બાજુથી લખાતી ભાષા, લાંબી બીમારી, ઝેરી વસ્તુ, મચ્છર, ચિંતા, ધૂમ્રપાન, ગુલામી, કોર્ટના ઝઘડાઓ, હાથચાલાકી, ચોરી, વેશ્યાગમન, દુષ્ટ સ્ત્રી, પરદેશગમન, દુર્ગાપૂજા, વૃદ્ધાવસ્થા, ભ્રમણા, વેદાંત, ખરાબ મશ્કરી વગેરે ગણાય છે.

## વાયવ્ય ખૂણો (WEST-NORTH)

વાયવ્ય ખૂણા પર વાયુદેવનું વર્ચસ્વ છે. ચંદ્રગ્રહનો અમલ છે. આ ખૂણામાં નવા પરણેલા માટેનો શયનખંડ, ગેરેજ, ડાયનિંગ હોલ – જમવા માટેનો ઓરડો ઓવરહેડ ટેન્ક, પ્રક્ષાલન, ટોઈલેટ – જાજરૂ ઈત્યાદિ રાખી શકાય. આ દિશામાં વાયુપુત્ર – હનુમાનનો વાસ છે. હનુમાન – શનિ – ઉપાસના આ ખૂણામાં કરવાથી ફળ મળશે.

વાયવ્ય ખૂણામાં સીડી રાખી શકાય. મકાન મોટું હોય તો વાયવ્ય દિશાનો ભાગ ભાડે આપી શકાય. આ ખૂણામાં બારી રાખવાથી હવાની અવરજવર સારી થાય છે. પંખા વગર પવન મળી રહે છે.

વાયવ્ય દિશાનો ઢાળ ઉત્તર દિશા તરફ હોય તો આર્થિક રીતે લાભદાયી નીવડે છે. વરસાદનું પાણી વાયવ્ય દિશામાંથી નીકળી ઈશાન ખૂણા સુધી જાય તો શુભ ફળ સાંપડશે. આર્થિક, સામાજિક પ્રતિષ્ઠા, યશ – કીર્તિ અને ધાર્મિક ભાવના વિકસશે.

આ દિશામાં ઈલેક્ટ્રિકલ સાધનો રાખ્યાં હોય તો વારંવાર ખોટકાઈ જાય – બગડી જાય છે, આ માટે અગ્નિ ખૂણો જ શ્રેષ્ઠ જગ્યા છે. હવાની હેરફેર ને લીધે અનાજનો સ્ટોરરૂમ સારો ગણાય. હેરફેરનો સમાન – ટ્રાન્સપોર્ટ ઓટો મોબાઈલ્સ માટે વાયવ્ય ખૂણો શ્રેષ્ઠ છે.(૩)

આમ, આધુનિક દ્રષ્ટિએ હોકાયંત્ર દ્વારા દિશાઓનું જ્ઞાન મળે છે. તેમજ વર્તમાન સમયે ઉપર્યુક્ત દિશાઓનો આધાર લઈને વાસ્તુનિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## ૧૦.૫ વાસ્તુશાસ્ત્ર એક વિજ્ઞાન (ARCHIVES ON VASTU SHASTRA)

**વાસ્તુશાસ્ત્ર એક વિજ્ઞાન છે – "**Vastu Shastra is the indian science of space and architecture and how we may create spaces and environment that supports physical & spiritual health and prosperity.

Vastu shastra is the art and science of designing houses, offices, temples etc. that swirl with good energy. Indian maharajas and moghul Emperors used vastu shastra when they built their symmetrical palaces, artificial lakes and geometrik courtyards that therstily absorbed positive energy.

Vastu is an inherent energy concept of science. Vastu Shastra uses the forces of natural energies and aims to restore the balance between the home and the cosmos.

Vastu Shastra is not only a science, but is a bridge between man and nature, thus teaching us the art of living. Just like every subject of human aspect is governed with rules, regulations and acts, similarly the nature has also got certain key factor principles your smooth governing of its residents, in which vastu shastru stands for the law of natural energies.

Vastu, which literally means to live, works on the premise that the earth is a living organisms emerge. This life energy is known as "Vastu Purasha." The Vastu Shastra Works for a bounded premises i.e. a house, building industrial are or shop, the main aim is to form a balance between the outside atmosphere and the atmosphere within the permise. Vastu Shastra makes use of five elements - prithvi (earth), agni (fire) , tej (light), vayu (wind) and akash (ether), the earth's magnetic fields i.e. the north and the south pole and the sun's rays."

**HOW VASTU SHASHTRA WORKS**

'Vastu works on three principles of design that cover the entire premsies. The fiest one is Bhogadyam, which says. That the designed premise must be useful and lend itself to eas arplication. The second is Sukha Darsham, in which the designed premise must be aesthetically pleasing. The proportions of the spaces and the material used, in the interiors and Exteriors of the building - ornamentation - colour - sizes of the windows doors and the rooms and the rhythms of projection and depression - shuld

be beautiful. The third principle is Ramya, where the designed of premises should evoke a feeling well being in the user."(४)

## ડૉ. દ્વિજેન્દ્રનાથ શુકલ લખે છે

"भारतीय द्रष्टिकोण से स्थापत्य का सम्पूर्ण भूमण्डल ही नहीं, सम्पूर्ण विक्त ही प्रतिपाद्य विषय है । कोई भी 'निर्मित' वास्तु है, कोई भी योजना 'वास्तु' है । वास्तु शास्त्र 'वस्तु' से निकला है । विधाता ने मानसी सृष्टि की और सम्भवतः भौतिक सृष्टि की भी परन्तु वह जितनी भी सृष्टि है वह सभी वस्तु है । अतः उसको वास्तु में परिणत करने के लिए विक्तकर्मा की आवश्यकता हुई ।

प्राचीन वास्तुकला का आध्यात्मिक एवं धार्मिक पक्ष भी बोधगम्य है । ऋग्वेदो में – जो मन्त्र वास्त्वारम्भ के लिए प्रयुक्त होता था उसकी परम्परा आज भी अक्षुण है । पुनः ऋग्वेद के नाम देवो मे वास्तोष्पति के पूर्ण दर्शन होते है । यही 'वास्तोष्पति आगे चलकर वास्तुपुरूष मे प्रचलित हुआ ।"(५)

## વાસ્તુપુરૂષ મંડળનું વૈજ્ઞાનિક અર્થઘટન

વાસ્તુપુરૂષની ઉત્પત્તિ અને તેના પર સ્થિત દેવતાઓ વાસ્તુપુરૂષ મંડળ તરીકે ઓળખાય છે. આપણા ઋષિમુનિઓનું ચિંતન કેટલું સૂક્ષ્મ અને ગહન છે તેનો ખ્યાલ પ્રવર્તમાન સમયે પ્રાપ્ત થતો જોવા મળે છે. સૂર્યપ્રકાશને ત્રણ પ્રકારે વિભકત કરવામાં આવે છે. વાસ્તુપુરૂષની પૂર્વદિશામાં પર્જન્ય – જયંત – ઈન્દ્ર, સૂર્ય, સત્ય, ભૃશ, આકાશ એ સૌરમંડળના સાતરંગો એટલે કે દશ્યવર્ણપટનું જ પ્રતિનિધિત્વ કરે છે.

વાસ્તુપુરૂષ મંડળની વૈજ્ઞાનિકતા વિશેનું ચિંતન આ પ્રમાણે વર્ણવવામાં આવ્યું છે.

"The gods assigned to particular directions and names signifing their characteristics are essentially the different images and projections of the sun and the moon in their daily travers through the sky.

East - South - West is considered as the solar kingdom and west - north - east is called the under kingdom. During sanrise, for the first 2-2.5 hours, the sun provides energy for promotion of life. It lies in the east direction and its primary energies are good for existence of all life - forms. The next three hours it starts radiating more and more energy in the environment and is called the state of Agni (Fire). This is the time when it starts moving on its mission gradually, providing negative effects. During this period the sun lies in the South - East Zone. The next three hours, in its third phase, a complete glow and Aura of the sun starts coming out with its full force and energy. This is called yama a scorching and devastating state of Sun. During this period, the Sun lies exeactly above the head i.e. in south - mid horizon. This is the reason why the south is called the direction of Yama (Lord of deaths) After giving out all its radiation. The following three hours then sun rules over the entir horizon with its complete command. This is called gagan a state Associated with sorrow due to sun's Access theromal Activity and its location in the South - West. At sunset it cools down and directs its rays towards the moon for its night regin."




Detials Governing Eight Directions in Vaastu Puraush Mandal.



A similar but positive pattern of cosmic reality is seen in the half circle of the moon travel and accordingly, images of goddess are assigned to the particular direction in vaastu Purush Mandal."(૬)

## ૧૦.૬ વાસ્તુવિદ્યાનો વૈજ્ઞાનિક દષ્ટિએ ઉપયોગ

આપણી પૃથ્વી ૮૦૦૦ માઈલના વ્યાસવાળો વિશાળ આકાશી ગોળો છે. તેની ચારે બાજુ ૬૦૦ માઈલ સુધી હવાનું પારદર્શક આવરણ છે. પૃથ્વી તેની કલ્પિત ધરી આસપાસ ફરે છે તેમજ સૂર્યની પણ પ્રદક્ષિણા કરે છે. પૃથ્વીની ધરી એકની એક દિશાને તાકતી નથી, પરંતુ ભમરડાની જેમ ડોલન કરે છે. જેથી પૃથ્વીની ત્રણ ગતિ છે.

સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો ઉગતા-આથમતા દેખાય છે. દિવસ રાત થાય છે. સૂર્ય વિવિધ નક્ષત્રો - તારાઓમાં સ્થાન બદલતો જણાય છે. પૃથ્વીની ગતિને લીધે ઋતુઓનું નિર્માણ થાય છે.

સૂર્યના ભ્રમણની દિશામાં ઉત્તરાયન અને દક્ષિણાયન મુજબ ૨૩° સુધી ફેરફાર થાય છે.

પૃથ્વી બહાર પર્વતો, નદીઓ, સમુદ્ર તથા ભૂકવચ - પહેલા ભાગમાં, મધ્યાવરણ અને ભૂગર્ભ - એમ ભાગો પાડી શકાય છે. પૃથ્વીમાં માનવી બે-ત્રણ માઈલથી વધુ ઊંડો જઈ શકયો નથી. પૃથ્વીનું ભૂકવચનું ઘટત્વ ૨.૮ ગ્રામ દર ઘન સેન્ટિમીટરે છે. મધ્યાવરણનું ઘટત્વ ૩.૩ સેન્ટિમિટર ૧૮૦૦ માઈલ સુધી છે. ત્યારબાદ ૫.૫ ગ્રામનું ઘટત્વ દર ઘન સેન્ટિમિટરે થાય છે. પૃથ્વીના અંદરના ભાગ, કઠિનતા, દબાણની વાત કરવી જરૂરી નથી.

પૃથ્વી પર વાતાવરણ બધે એક સરખા ઘટત્વવાળું નથી. સમુદ્રની સપાટીએ વાતાવરણનું દબાણ દર ચોરસ ઈંચે ૧૫ રતલ આસપાસ છે. સાડાત્રણ માઈલની ઊંચાઈએ માત્ર ૭.૫ રતલ છે. દર ૩.૫ માઈલે વાતાવરણનું દબાણ અર્ધું થતું જાય છે. ૧૦૦ માઈલની ઊંચાઈએ શૂન્યાવકાશ બની જાય છે.

પૃથ્વીના વાતાવરણમાં ૫૦૦ ફૂટ ઊંચાઈએ જતા ૧ ડિગ્રી સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન આસરે ઘટે છે. ધ્રુવ પ્રદેશોમાં ૫.૫ માઈલ સુધી, વિષુવવૃત્તીય પ્રદેશમાં ૧૦ માઈલ સુધી ક્ષુબ્ધાવરણ આમ બને છે. આ ક્ષુબ્ધાવરણની ઊંચે અનેક માઈલ સુધી વિસ્તરેલું છે. અને –૫૫ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાનવાળું સ્થિરાવરણ છે. જે ઉપર અવકાશી શૂન્યાવકાશ છે.

ક્ષુબ્ધાવરણની હવામાં ૭૮ ટકા નાઈટ્રોજન (નત્રવાયુ), ૨૧ ટકા ઓક્સિજન (પ્રાણવાયુ), ૦.૦૩ ટકા કાર્બન ડાયૉક્સાઈડ (અંગારવાયુ), ૦.૯૩ ટકા આર્ગનવાયુ અને સૂક્ષ્મ માત્રામાં નિયોન, હેલિયમ ક્રીપ્ટોન, ઝેનોન, ઓઝોન અને આર્દ્રવાયુનું પ્રમાણ રહેલું હોય છે. હલકા વાયુઓનું પ્રમાણ પૃથ્વીની વધુ ઊંચે જતા થોડું વધે છે. પર્યાવરણમાં નાઈટ્રોજન અને ઑક્સિજન વાયુ મુખ્યત્વે છે. પર્યાવરણમાં અશુદ્ધતા મુજબ તેમાં થોડું પરિવર્તન થાય છે. શહેરોમાં મિલોના ઉદ્યોગોની ચિમનીના ધુમાડાઓ તથા વાહનોના ધુમાડાઓથી કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ થોડું વધવા પામે છે.

ઓઝોન વાયુનું વિશિષ્ટ પ્રમાણ ચેતના પ્રેરક છે. ઓઝોનનું મુખ્ય કાર્ય સૂર્યમાંથી નીકળી પૃથ્વી સુધી પહોંચતા અલ્ટ્રાવાયોલેટ કિરણોને રોકવાનું છે, જેથી ઓઝોનનું સ્તર મહત્ત્વનું છે. ઓઝોન વિના પૃથ્વી પર જીવન શકય ન હોત.

પૃથ્વી પરના પારદર્શક વાતાવરણને લીધે નીલું આકાશ, ઉષા અને સંધ્યાના રંગો, ઈંદ્ર ધનુષ્યનાં સપ્તરંગી કિરણો જોઈ શકાય છે.

આપણી પૃથ્વીનું વજન ૬૬×૧૦ (૨૦) ટન જેટલું છે. સપાટી પરના પદાર્થને ૬૬×૧૦ વીસ મીંડાં વજન હોય પોતાના કેન્દ્ર તરફ ગુરુત્વાકર્ષણ બળથી ખેંચતી રહે છે. જેથી ૭૪×૧૦×૧૮ મીંડાં ટનવાળા ચંદ્રને પોતાની આજુબાજુ ફેરવે છે.

ગ્રહોના રાજા સૂર્ય પૃથ્વીને ગરમી અને પ્રકાશ આપે છે. સૂર્યના ગુરુત્વાકર્ષણને લીધે બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપચ્યુન અને પ્લુટો વ. ગ્રહો સૂર્યની નિયત કક્ષામાં પરિભ્રમણ કરે છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે.

ચંદ્ર સમી સાંજે આકાશમાં જુદે જુદે સ્થળે જુદા જુદા નક્ષત્ર આગળ દેખાય છે. પૃથ્વીની આસપાસ ફરતા આ ચંદ્રને નક્ષત્રચક્ર પૂરું કરતા લગભગ મહિનો લાગે છે. જ્યારે સૂર્ય પૃથ્વીની આજુબાજુ ફરી એનું એક તારા ચક્ર એક વર્ષમાં પૂરું કરે છે. રાહુ અને કેતુ છાયા ગ્રહો છે. સૂર્ય-ચંદ્રને ગળી જતા ગ્રહણો થાય છે. તે તથા આકાશમાં થતા ઈન્દ્રધનુષ વિષે થોડી માહિતી સામાન્ય જનતામાં છે. સૂર્ય-ચંદ્રને દેવ ગણવામાં આવે છે. ગુરુ-શુક્ર શુભગ્રહ માનવામાં આવે છે. શનિ-મંગળ-રાહુ-કેતુને પાપગ્રહ માનવામાં આવે છે.

સૂર્ય એક મોટો આકાશી ગોળો છે. જ્યારે ચંદ્ર વાતાવરણ રહિત અચેતન ગોળો છે. મંગળનો રંગ રાતો છે. તેના પર પ્રાણવાયુ નહિવત્ છે, જેથી જીવનની શક્યતા નથી. બધા ગ્રહો સૂર્ય પ્રકાશથી જ ચમકે છે. - (પર પ્રકાશિત છે.)

તારાઓનું વિ✓ પણ અલગ છે. વ્યાધ, અગસ્ત્ય, નરતુરંગ, અભિજિત, બ્રહ્મહૃદય, સ્વાતિ, બાણરજ, પ્રભાસ, નદીમુખ, શ્રવણ, આર્દ્રા, ત્રિશંકુ, રોહિણી, પુરુષ, ચિત્રા, પારિજાત, યામમત્સ્ય, હંસપુચ્છ, મઘા વ.૨૦ મોટા તારાઓ છે. આકાશમાં નક્ષત્રો તથા રાશિઓ જોવી તે પણ એક લહાવો છે. અ✓ની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષ, મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષા, પૂર્વા ભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, વ. નક્ષત્રોમાં સૂર્ય કે ચંદ્ર આવતા તેના વિષેની વધુ માહિતી, માર્ગદર્શન જ્યોતિષ રસિક લોકોને સાંપડે છે. રાશિઓ જાણ્યા બાદ રાશિઓનું વર્ગીકરણ કરીએ.

| | | | | |
|---|---|---|---|---|
| પૃથ્વી તત્ત્વની રાશિ | વૃષભ | મકર | કુંભ | રાશિ |
| વાયુ તત્ત્વની રાશિ | મિથુન | તુલા | કન્યા | રાશિ |
| અગ્નિ તત્ત્વની રાશિ | મેષ | સિંહ | ધન | રાશિ |
| જલ તત્ત્વની રાશિ | કર્ક | વૃશ્ચિક | મીન | રાશિ |

આકાશ તત્ત્વને કોઈ રાશિ ફાળવેલ નથી.

વાસ્તુવિદ્યામાં આકાશ, વાયુ (વાતાવરણ), અગ્નિ, પાણી અને પૃથ્વી – આ પાંચે તત્ત્વોની ગણતરી કરી ધ્યાનમાં લેવામાં આવે છે. વાતાવરણમાં ઓકિસજન, નાઈટ્રોજન, ઉપરાંત કાર્બન ડાયોકસાઈડ, હિલિયમ, નિયોન, ક્રિપ્ટોન તથા પાણીની વરાળ ભેજ હોય છે. ઓકિસજન તથા નાઈટ્રોજન વાયુ વિના વનસ્પતિની વૃદ્ધિ થતી નથી.

આકાશ એટલે જેનો છેડો નથી તે વિ✓ની રચના.

આકાશગંગા, ગ્રહો, તારાઓ ઈત્યાદિ, સૂર્ય, ગ્રહો વિષેની થોડી જાણકારી તો હોવી જોઈએ. સૂર્યમાંથી પ્રકાશ અને ગરમી પૃથ્વી પર પ્રાપ્ત થાય છે. સૂર્ય વિના દિવસ-રાત્રી થતી નથી. અણું-પરમાણું ગુરુત્વાકર્ષણ, થર્મોન્યુકલઅર રીએકશન વિષેની જાણકારી પણ પર્યાવરણની જાળવણી માટે જાણવી પડશે.

સમુદ્રનું ખારું પાણી ગરમ થઈ વરાળ થઈ વાદળાં બને છે અને ઊંચે ચડતા – ઠંડા થતા વરસાદના રૂપમાં પૃથ્વી પર મીઠું પાણી પાછું ફરે છે. નદી, તળાવ, સમુદ્રોમાં પાણી સચવાય છે. પ્રત્યેક જીવિત વ્યક્તિમાં પાણી મહત્ત્વનું તત્ત્વ રહેલ છે. પાણીનો સ્પર્શ કરી શકીએ છીએ. હાઈડ્રોજનના બે અણું અને ઓકિસજનના એક અણુંના પ્રમાણમાં પાણીનું બંધારણ હોય છે.

જમીનની અંદર પાણી તપાસવા માટેનાં વૈજ્ઞાનિક ઉપકરણો અને પદ્ધતિઓ જેવી કે ઈલેકટ્રો મેગ્નેટીક પદ્ધતિ, ઈલેકિટ્રકલ રેઝિસ્ટીવીટી પદ્ધતિ, ઈન્ડયુસ્ડ પોલોરાઈઝેશન પદ્ધતિ, પોટેન્શિયલ ડ્રોપ રેશિયો પદ્ધતિ, એસ્મીક રીફ્રેકશન પદ્ધતિ વગેરે વપરાય છે. આ સર્વે દ્વારા જમીન નીચે પાણી છે કે નહિ માત્ર તેટલું જ જાણી શકાય છે. જયોતિષમાં સંસ્કૃત શ્લોકોમાં પાણી વિષે વિપુલ સાહિત્ય છે.

હસ્ત, મઘા, અનુરાધા, પુષ્ય, ઘનિષ્ઠા, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદા, ઉત્તરા ફાલ્ગુની, રોહિણી અને શતતારા – આ દક્ષ નક્ષત્રો કૂવાની રચના માટે સારા ગણાય છે. શ્રેષ્ઠ મુહૂર્ત લીધા બાદ વરુણદેવને આહુતિ આપી પધરામણી, પૂજા કરવી, જયારે પ્રથમ જળરાશિ પ્રાપ્ત થાય, ત્યારે શ્રીફળ વધેરી, અભિપૂજન કરી, વડ કે નેતરની ખીલી મારવી. કૂવાને ફરતા વડ, આંબો, પારસ પીપળો, કદમ્બ, જાંબુ, નેતર, લિમડો કોંચ, હળદી, તાડ, અશોકવૃક્ષ, મહુડો, બકુલ વૃક્ષ વાવી શકાય.

પૃથ્વી એક મોટું મેગ્નેટ – લોહચુંબક છે. તેના ઉત્તરધ્રુવ તથા દક્ષિણધ્રુવ – ઉત્તર ગોળાર્ધમાં દક્ષિણ ગોળાર્ધમાંથી ચુંબકત્વ પસાર થાય છે. પંચમહાભૂતમાંથી મનુષ્ય દેહ બન્યો છે. આ પાંચ તત્ત્વો પર વાસ્તુની અદશ્ય શક્તિ કાર્ય કરે છે.

વાસ્તુવિદ્યા પર માનવીનાં સુખદુઃખ અવલંબે છે.

ઈશાન દિશામાં મંદિર બનાવો, પરંતુ ભગવાનની સ્થાપના કરવાથી બધું પતી જતું નથી. ઓફિસમાં હાજરીપત્રક – મસ્ટરમાં સહી કરવા પૂરતું વર્ણન કરો તે ચાલે ? ભગવાનની – ઈષ્ટદેવની શ્રદ્ધાપૂર્વક પૂજા – ભક્તિ, ધૂપ, દીપ, અગરબત્તી કરી. પોતાના પ્રશ્નોના નિરાકરણની જવાબદારી સોંપી આપ સુખચેનથી રહો.

પૃથ્વી પર સૂર્યમાંથી પ્રાપ્ત થતી ઉષ્ણતા તથા પ્રકાશ શક્તિ દ્વારા માનવ – સ્વાસ્થ્યની જાળવણી કરી શકાય છે. સૂર્ય છ મહિના – ૨૨ ડિસેમ્બર થી ૨૦ જૂન ઉત્તર બાજુ ૨૩ સુધી અને ૨૧મી જૂન થી ૨૧ ડિસેમ્બર સુધી છ મહિના – ૨૩ સુધી દક્ષિણ બાજુ ક્રાંતિવૃત્તના માર્ગે પ્રદક્ષિણા કરે છે. સૂર્ય ઉગવા – આથમવાના અંશોમાં પરિવર્તન આવે છે. તેથી અસરમાં નોંધપાત્ર ફેરફાર થાય છે.

સવારના સૂર્યના વિટામિન ડી–યુકત, ફાયદાકારક કુમળાં કિરણો પૂર્વ દિશામાંથી આપણા ઘરમાં પ્રવેશે છે. આ દિશામાં બાર, બારી–બારણાં વધુ રાખી, વધારે ઉઘાડી જગયા રાખી, સૂર્યનાં કિરણો મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. વાસ્તુચક્રમાં પૂર્વ દિશામાં – ઈશાન ખૂણામાં ઈશ (શિખિ), પર્જન્ય, જયંત,

ઇંદ્ર, સૂર્ય, સત્ય, સૂર્ય, ભૃષ, આકાશ અને અગ્નિદેવ આવેલા છે. માનવીએ સવારે ઊઠીને પૂર્વ દિશામાં હાથ જોડી પ્રાર્થના કરી દિવસનો શુભારંભ કરવો.

ઈશાન ખૂણામાં ભગવાન – ઈષ્ટદેવનું સ્થાપન કરી, તે દિશામાં પાણી, કૂવો, બોરીંગ, તળાવ-નદી, નાળું વગેરે હોય તો સૂર્યનાં કિરણો તેના પર પડતાં અતિ શુભ ફળ સાંપડે છે. ઈશાન ખૂણામાં અશુદ્ધ વાતાવરણ હોવું ન જોઈએ. કચરો નાખવો નહિ, સ્વચ્છ રાખશો, સીડી કે ઓવરહેડ વોટરટેંક રાખવી નહિ. (સીડી પર – કે અન્ય જાહેર સ્થળોએ પાન ખાઈને થૂંકવા – પીચકારી મારવાની ટેવ હોય, ગંદકી થતી હોય, તો ઈ✓ર – ભગવાનું ચિત્ર – ચિત્રવાળી ટાઈલ્સ રાખવાથી થૂંકશે નહિ.)

અગ્નિ ખૂણામાં અગ્નિદેવનું સ્થાન છે. જેથી આ દિશામાં અગ્નિ પ્રગટાવવો, હોમ કરવો, ઈલેકિટ્રક સાધનો, ઈલે. મીટર વગેરે રાખવાનું યોગ્ય છે અગ્નિહોત્રી હોમહવન અગ્નિ ખૂણામાં કરે છે.

ઈશાન દિશામાં જીવનમાં સફળતા, સુખશાંતિ, આર્થિક સદ્ધરતા મેળવવા ઈષ્ટદેવ – ભગવાનની પૂજા થવી જોઈએ. શંકર ભગવાનના નીલકંઠ, ગંગાધર, ત્રિનયન, મહાદેવ વગેરે નામો છે. રુદ્રીપાઠ, મહિમ્ન તથા શંકરના સ્તોત્રો પઠન કરવા કે કેસેટ વગાડવાથી આપને લાભ સાંપડશે.

પૂર્વ, ઈશાન તથા ઉત્તર દિશાનો ઊંચાઈ ઓછી રાખવા, ઢાળ રાખવા, વધુ ખુલ્લી જગ્યા રાખવાનો સિદ્ધાંત સૂર્યનાં કિરણોનો સારમાં વધુ ને વધુ લઈ શકાય તે માટેનો જ છે. આથી જ ઉત્તર દિશા, ઈશાન તથા પૂર્વમાં પ્રવેશદ્વાર, બારી – બારણાં રાખવાનું મહત્ત્વ સમજાય છે.

અગ્નિ ખૂણામાં  પાણીનો સંગ્રહ હોય તો સૂર્યના ઈન્ફ્રારેડ કિરણો પાણીમાં શોષાઈ જશે અને માનવજીવનની પ્રક્રિયા માટે અશુભ ફળ આપશે. અગ્નિ દિશામાં બાથરૂમ રાખ્યો હોય, કે પાણીની ટાંકી રાખી હોય તો તેનું અવલોકન કરશો.

ધનસંપત્તિ માટેનો દેવ – કુબેર ભગવાનનું સ્થાન ઉત્તર દિશા ગણાય છે. ઉત્તર દિશામાં દિતિ, અદિતિ, સર્પ, ચંદ્રમાં, ભલ્લાર, મુખ્ય, નાગ વ. સ્થાન માવનામાં આવે છે. ઉત્તર દિશામાં પ્રવેશદ્વારા ઉત્તર દિશા વધુ ખુલ્લી, લૉન વનસ્પતિ – ફૂલછોડના ઉછેર કરવાથી કુબેરના આશીર્વાદ મેળવી શકાય છે.

વાયવ્ય દિશા  હવા – વાયુની દિશા છે. પવનપુત્ર – હનુમાનની આ દિશા છે. હવાની અવરજવર માટે આ ખૂણામાં બારી રાખવી.

નૈર્ઋત્ય દિશા નૈર્ઋતિ રાક્ષસ – પિતરની છે, આ દિશામાં પ્રવેશદ્વાર રખાય નહિ, આ દિશા હંમેશાં વજનથી ભરેલી રાખવી. વધુ વજનવાળી જડ વસ્તુઓ સીડી, લિફ્ટ આ ખૂણામાં રાખવી.

ઈશાન ખૂણા અને ઉત્તર બાજુ તરફ દવા રાખવાથી દર્દી વહેલો સારો થાય છે. હોસ્પિટલનું બાંધકામ વાસ્તુશાસ્ત્ર અનુસાર કરી, દર્દીઓની બીમારી વહેલાસર દૂર કરવાનું કાર્ય મદ્રાસમાં થઈ રહ્યું છે. સ્વચ્છતાની જાળવણી, પલંગોની ગોઠવણી, બાથરૂમ, જાજરૂ વગેરે માટે લક્ષ રાખવું જોઈએ. વાયવ્ય ખૂણામાં ઈમર્જન્સી વિભાગ, ઉત્તર બાજુ પ્રવેશ, દર્દ ચકાસણી માટેનો રૂમ, ઈશાન ખુણામાં પાણીની જમીન પરની ટાંકી, પૂર્વ દિશામાં પાર્કિંગ, બેઝમેન્ટ, બાથરૂમ, અગ્નિ ખૂણામા એક્ષ–રે મશીન, ઈલેકટ્રોનિકસ સાધનો દક્ષિણ દિશામાં દવા; મેડીકલ સાધનોનો સ્ટોર, ટૉઈલેટ, કાઉન્ટર, વેઈટીંગ રૂમ, નૈર્ઋત્ય ખૂણામાં

સીડી – લિફ્ટ, પશ્ચિમ દિશામાં ઓપરેશન થિયેટર, ઓવરહેડ ટેન્ક રાખવી. મધ્યભાગમાં ગ્રીનરી – નાના ફૂલછોડ રાખવા – કે ખાલી જગ્યા રાખવી.

પૃથ્વીમાં ઉત્તર દક્ષિણ લોહચુંબક છે. લોહચુંબકની સોય – ઉત્તર દક્ષિણ દિશા દર્શાવશે. માનવીનું મસ્તક ઉત્તરધ્રુવ તથા પગ દક્ષિણ ધ્રુવ ગણાય છે. ઉત્તર દિશામાં માથું રાખી સૂવાથી હૃદયના ધબકારા (હાર્ટબીટ્સ) ઓછા થઈ રક્તાભિસરણની ક્રિયા ધીમી પડે છે. ગાઢ નિંદ્રા આવતી નથી. ઉંઘ સરખી ન આવવાથી માથું ભારે થાય છે. સ્વભાવ ચીડિયો બને છે. માનસિક વ્યગ્રતા અનુભવે છે.

જયારે દક્ષિણ દિશામાં માથું રાખવાથી બન્ને ધ્રુવ અલગ અલગ હોવાથી (માથું – ઉત્તર ધ્રુવ, દક્ષિણ દિશા – દક્ષિણ ધ્રુવ) આકર્ષણ થશે અને ચુંબકત્વનો અદશ્ય પ્રવાહ વહેવાથી મન શાંત રહેશે. ગાઢ નિંદ્રા આવશે. ચુંબકીય તરંગના પ્રવેશ – વહન માટે અવરોધ આવતો નથી, જેથી તંદુરસ્તીની જાળવણી, ગાઢ નિંદ્રા, તથા આર્થિક લાભ સાંપડે છે.

વાસ્તુવિદ્યા એટલે કુદરતી તત્ત્વોની જાળવણી કરવી. ભૂમિ, (પ્રકાશ – તેજ) પાણી, અગ્નિ, વાયુ, આકાશ આ તત્ત્વો નાશ પામતાં નથી. એકબીજામાં ભળી જાય છે. નાશવંત નથી. એક શક્તિનું બીજી શકિતમાં પરિવર્તન થાય. વિશાળ સમુદ્રોના ખારા પાણીમાંથી સૂર્યનાં કિરણોથી વરાળ થઈ, વાદળાં વરસી ફરીથી મીઠું પાણી પૃથ્વી પર પાછું ફરે છે. સમુદ્રની પાણી જેમ માનવીના શરીરમાં પણ પાણી, સોડિયમ, કેલ્શ્યમ, પોટેશ્યમ, મેગ્નેશ્યમ ઈત્યાદિ તત્ત્વો છે. આ માટે મેડિકલ વિજ્ઞાન પ્રમાણ પૂરું પાડે છે.

નેચરોપેથી, વાસ્તુશાસ્ત્ર, યોગ, મેગ્નેટ, એકયુપ્રેસર રીકી, આયુર્વેદ, રંગચિકિત્સા, મ્યુજિક થેરેપી, વોટર થેરેપી, એકયુપંક્ચર, અરોમા થેરેપી, પીરામીડ થેરેપી વગેરે ઓલ્ટરનેટીવ મેડીસીન એકબીજા પર આધારિત છે. એક શાસ્ત્ર સાથે બીજુ શાસ્ત્ર વધતા ઓછા પ્રમાણમાં સામ્યતા ધરાવે છે. જે માનવજીવનને સ્પર્શે છે. શરીર – સ્વાસ્થ્યની જાળવણી તથા દર્દ કરવા માટે આ બધી લગભગ બિનખર્ચાળ પદ્ધતિઓ પૂરવાર થાય છે.

વાસ્તુવિદ્યામાં દક્ષિણના પ્રવેશ માટે મતમતાંતરો છે. સ્ત્રી વ્યવસાય તથા શુક્ર પ્રકારના ધંધા માટે દક્ષિણ દિશામાં પ્રવેશદ્વાર ઉપયોગી નીવડે છે તેમ કેટલાક વાસ્તુશાસ્ત્રી અનુરોધ કરે છે.

## ૧૦.૭ વાસ્તુવિદ્યા અપનાવવા માટેનાં સૂચનો

વાસ્તુવિદ્યાના અમલીકરણ માટે જગ્યાની પસંદગી પર વધુ મહત્ત્વ આપવું જોઈએ. દિશાઓની જાણકારી મેળવવી. સૂર્ય મિથુન રાશિમાં અને મકર સંક્રાંતિ (મકર રાશિમાં સૂર્ય) હોય ત્યારે સૂર્ય બરાબર પૂર્વ દિશામાં ઊગે છે. વર્ષમાં માત્ર બે જ દિવસે – તા. ૨૧ મી માર્ચ અને ૨૩ મી સપ્ટેમ્બરે એ સૂર્ય પૂર્વ દિશાના મધ્ય બિંદુ પર હોય છે. અને આ બે દિવસે દિવસ બાર કલાકનો અને રાત્રિ બાર કલાકની થાય છે.

મેગ્નેટિક કમ્પાસ – લોહચુંબક તથા દિશાશોધક યંત્ર દ્વારા દિશાની જાણકારી મેળવ્યા બાદ, દિશાનો સ્પષ્ટ, સાચો ખ્યાલ મેળવી શકાય.

જમીન – ભૂમિ માટેનો નિર્ણય – તેનાં ગુણલક્ષણો, આકાર, લંબાઈ – પહોળાઈ, ખૂણાઓ, ઢાળ, શલ્યદોષ વિનાની, ઈત્યાદિ પાસાંનો તટસ્થ અભ્યાસ

કર્યા બાદ, વાસ્તુશાસ્ત્રીનો અભિપ્રાય જાણ્યા બાદ, મકાન – ઘર – ઉદ્યોગધંધા માટેના શેડ – કોમ્પ્લેક્ષ બાંધવા જગ્યાની ખરીદી કરશો.

જગ્યાની ઉત્તર-દક્ષિણ દિશાની લંબાઈ કરતા, પૂર્વ – પશ્ચિમ દિશાની લંબાઈ વધુ હોય તો તે ઈચ્છનીય છે, પરંતુ તેનાથી ઉલટું હોય તો હાનિકારક નીવડશે.

ત્રિકોણ જગ્યા, આકાર વગરની, વધુ ખૂણાઓવાળી, બે મોટા પ્લોટ વચ્ચેની નાની (સેન્ડવીચ જેવી) જગ્યા, ખૂણાઓ કપાયેલી જગ્યા, ભૂમિદોષ (શલ્યવાળી) વાળી જગ્યા, પાણી વિનાની જગ્યા ઈત્યાદિમાં ઘર બનાવવાથી રહેનાર વ્યક્તિ સુખી બની શકતા નથી. દોષ – મર્યાદા નિવારવા માટે વાસ્તુશાસ્ત્રીનું માર્ગદર્શન – સલાહ લેવી જરૂરી છે.

ભૂમિદોષ નિવારવા માટે માટી ખોદી કાઢી, તેમાં નવી સારી માટીનો ઉમેરો કરી, જમીન સમતલ કર્યા બાદ જ જગ્યા વાપરવી.

ઘર – મકાન – ઈમારત બનાવવા માટે જમીન – પ્લોટ – (ભૂમિ) ચારે બાજુ ખુલ્લો હોવો જોઈએ. પૂર્વ, ઉત્તર તરફ રસ્તાઓ હોય તે ઈચ્છનીય છે.

જે જગ્યામાં રસ્તો આવી ને, ત્યાં અટકી જતો હોય તો વિધિશૂલ અશુભ અને શુભ ફળ આપી શકે છે. ઈશાન ખૂણામાં અટકી જતો રસ્તો (પૂર્વ કે ઉત્તર બન્ને બાજુ) વાયવ્ય દિશામાં (પશ્ચિમની બાજુએ) દક્ષિણ દિશામાં અગ્નિ ખૂણો – આ ચાર વિધિ શૂલ શુભ ફળ આપે છે. જયારે ઉત્તર બાજુ વાયવ્ય ખૂણામાં રસ્તો પૂરો થતો હોય, પૂર્વ બાજુ અગ્નિ ખૂણામાં રસ્તો પૂરો થતો હોય. તેમજ નૈર્ઋત્ય ખૂણામાં બન્ને બાજુ – પશ્ચિમ અને દક્ષિણ દિશા બાજુ રસ્તો અટકી

જતો હોય, આગળ વધતા ન હોય તે અશુભ ફળ આપે છે. તો અશુભ ફળ આપતી જગ્યા ખરીદતા પહેલા સો વાર વિચારશો. વિધિશૂલનું નિવારણ કરશો.

નવા મકાન – ઈમારત – બિલ્ડીંગ – બંગલા બનાવવા માટે ઈંટ, પત્થર, લાકડું, લોખંડ ઈત્યાદિ બાંધકામ સામગ્રી બધી નવી જ વાપરવી જોઈએ. જૂના મકાનમાં જૂનો માલ ધોઈ, સ્વચ્છ કરી, (આર્થિક રીતે – કરકસરની રીતે) વાપરી શકો છો. પરંતુ નવા બાંધકામ માટે નવી જ સાધનસામગ્રી વાપરવાનો આગ્રહ રાખશો.

**ઈશાન** – વાસ્તુશાસ્ત્રમાં ઈશાન ખૂણાને સૌથી વધુ મહત્ત્વ આપ્યું છે. આ ખૂણામાં – ઈ✓રનો વાસ છે તથા ગુરુ ગ્રહનો અમલ છે. પૂજાનું સ્થાન, અતિથિ માટે સ્વાગત કક્ષ, જમીનની અંદર પાણીની ટાંકી, ધ્યાન – એકાગ્રતા માટેની જગ્યા, પ્રવેશદ્વાર, ભોંયરું – ઈત્યાદિ માટે ઈશાન ખૂણો યોગ્ય છે. આ વિસ્તાર સ્વચ્છ રાખવો. – ખાલી રાખવો, બાલ્કની, ખુલ્લી વધુ જગ્યા, પાણીનો સંચય, પાણિયારું, (પીવાનું પાણી) તથા ઈશાન દિશા બાજુ ઢાળ હોય તો જોશો. ઈશાન બાજુ વજનદાર કબાટ, શો-કેસ કે નકામી વજનદાર વસ્તુ, કચરો વગેરે રાખશો નહિ. પૂજાનું સ્થાન ઈશાન ખૂણામાં શકય ન હોય તો પૂર્વ દિશામાં ઈશાનથી નજીક રાખવું.

**પૂર્વ દિશા** – પૂર્વ દિશા પણ શુભ દિશા છે. જન્મકુંડળીમા પૂર્વ દિશામાં ઉદિત ગ્રહો લગ્નમાં મૂકાય છે. લગ્નમાં પૃથ્વીની પૂર્વ ક્ષિતિજમાં રહેલા ગ્રહો દ્વારા વ્યકિતની જિંદગી, તેજસ્વીતા, સ્વરૂપ, મનોબળ ઈત્યાદિ જોવામાં આવે છે. આ લગ્ન – પ્રથમ સ્થાનનો કારક સૂર્ય છે તેમજ વાસ્તુશાસ્ત્રમાં પૂર્વ દિશામાં સૂર્ય ગ્રહનું સૂચન કરે છે. ઈન્દ્રદેવનો પ્રભાવ આ દિશામાં રહે છે. સવારના

સૂર્યનાં કિરણો આ દિશામાં રહે છે. સવારના સૂર્યનાં કિરણો આ દિશામાંથી પ્રવેશે છે. જેથી પૂર્વ દિશા નીચી હોવી જોઈએ તથા આ પિતૃ બાજુની જગ્યા ઢંકાઈ રહેવી ન જોઈએ. પુત્રસંતાન ન થવાં – કે વંશવૃદ્ધિ અટકતી હોય તો પૂર્વ દિશામાં રહેલ વાસ્તુનો અભ્યાસ કરશો. પૂર્વ દિશામાં બારીઓ, બારણાં વધુ રાખવાનું મહત્ત્વ છે. બાલ્કની, વરંડો – ઓસરી, બાથરૂમ, બેઠક, વધારાની ખુલ્લી જગ્યા રાખવી જોઈએ, ઉદ્યોગમાં પૂર્વ દિશાના વાસ્તુમાં ખામી હોય તો ઔદ્યોગિક સંબંધો બગડે છે.

**ઉત્તર દિશા** – આ દિશાનો કુબેરદેવ તથા બુધ ગ્રહનું વર્ચસ્વ હોય છે. પ્રવેશદ્વાર, બારી – બારણાં, ખુલ્લી જગ્યા વધુ રાખવી. લાઈબ્રેરી, પોર્ટીકો, બેઠક, વોશબેસીન, દવાઓ, ઢાળ ઉત્તર બાજુ રાખવો જોઈએ. જન્મકુંડળીમાં દશમું સ્થાન – કર્મભવન હોય છે, તેમાં કર્મ કરવાનું ક્ષેત્ર, જાહેરજીવન, આજીવિકા, કર્મભૂમિ, પિતૃસુખ, રાજય સરકાર તરફથી લાભ વ. જોવાય છે.

સૂર્યનાં કિરણો અને શુદ્ધ હવા – વાયુ વિનાનું મકાન સારું ગણાતું નથી, જળાશય, તળાવ, કૂવા પર ઉત્તર – ઈશાન, પૂર્વમાં સવારનાં કિરણો હોય પડતાં હોય તો શુભ ફળ આપે છે. પરંતુ બપોર પછી સૂર્યનાં કિરણો જળાશય, તળાવ, જલસ્થાન પર પશ્ચિમ–દક્ષિણ દિશામાં પડે તો સારું ગણાતું નથી. મકાનાંથી નિકળતી ગટર ઉત્તર, પૂર્વ કે ઈશાન ખૂણા તરફ જતી હોવી જરૂરી છે.

**પશ્ચિમ દિશા** – પશ્ચિમ દિશા પર વરુણ દેવ તથા શનિ ગ્રહનું વર્ચસ્વ છે. જન્મકુંડળીમાં સાતમું સ્થાન પશ્ચિમ દિશા સૂચવે છે. સ્ત્રીભવન પરથી જીવનસાથી, કોર્ટના કજિયા, કરાર, ચોરવૃત્તિ, જીવનસાથી સાથેનો મનમેળ, વિચારભ્રમણ, ખુલ્લા દુશ્મનો વગેરે જોવામાં આવે છે. છઠ્ઠા શત્રુસ્થાન પરથી રોગ,

શત્રુ, કરજ, ચોરી, બીમારી, મોસાળ જોવામાં આવે છે. આ સ્થાનનો કારક શનિ છે. આઠમા મૃત્યુ-સ્થાનમાંથી મૃત્યુ, દુઃખ, આયુષ્ય, યોગાભ્યાસ, વિઘ્ન, વીલ – વારસો વગેરે જોવાય છે. આ સ્થાનનો કારક શનિ છે. આ ત્રણે સ્થાન પર શનિનું મહત્ત્વ સમજી શકાય છે. આ દિશામાં ખુલ્લી જગ્યા ઓછી રાખી શનિ ગ્રહ પર નિયંત્રણ લાવી શકાય છે. ડાઈનીંગ રૂમ, (ભોજન કક્ષ) સંડાસ, ઓવરહેડ ટેન્ક રાખવી, બેઠક રાખો તો મોઢું પૂર્વ કે ઉત્તર તરફ રહે તે જોશો.

**દક્ષિણ દિશા** – દક્ષિણ દિશા પર યમદેવ તથા મંગળ ગ્રહનો પ્રભાવ પડે છે. તેનું નિયંત્રણ છે. જન્મકુંડળીમાં ત્રીજું સ્થાન – પરાક્રમ – ભ્રાતૃભવનનો કારક મંગળ છે. ચોથા સુખ સ્થાનનો કારક મંગળ, ચંદ્ર છે. પુત્ર સ્થાનનો કારક – ગુરુ છે. અગ્નિ દિશામાં અગ્નિનો કારક મંગળ છે. દક્ષિણ દિશાનો કારક મંગળ છે. જયારે નૈઋર્ત્ય ખૂણા પર રાહુ – પિતૃ – રાક્ષસની અસર રહે છે. આ ત્રણે સંહારક શકિત ધરાવે છે. દક્ષિણ દિશામાંથી સુખ શાંતિ પ્રગતિ મેળવી શકાય છે. તે માટે વાસ્તુ દિશા બરાબર હોય તે જરૂરી છે. આ દિશા ખુલી જગ્યા ઓછી રાખવી – બેઠક રાખો તો મોઢું ઉત્તર તરફ, ટોઈલેટ, (સંડાસ) છાપરું, લ્હીવીંગ રૂમ – હોલ માટે વિચારી શકાય. કમ્પાઉન્ડ વોલ ઊંચી, તથા જાડી રાખવી. જમીનનું લેવલ ઊંચું રાખવું. જન્મકુંડળીમાં રાત્રિના બાર વાગ્યાનો સમય ચોથું સ્થાન દર્શાવે છે. માથું દક્ષિણ દિશામાં રાખી સૂવું. ઉત્તર દિશામાં માથું રાખી સૂવું નહિ.

**અગ્નિ** – અગ્નિ દિશામાં અગ્નિદેવનું સ્થાન છે. રસોડું, ભઠ્ઠી, ગેસનો ચૂલો, જનરેટર, ઈલેક્ટ્રિક મીટર, ટી.વી., ફ્રીજ, મિક્ષર, પેન્ટ્રી, નોકરો માટેનો રૂમ, છોકરી – વહુઓ માટેનો રૂમ, સેપ્ટીક ટેન્ક, રાખવા માટે વાસ્તુશાસ્ત્ર સૂચવે છે. આ ખૂણા પર શુક્ર ગ્રહનું વર્ચસ્વ છે.

જન્મકુંડળીમાં બીજું કુટુંબ સ્થાન ગણાય છે. આમાં આહાર, ખાવાનો શોખ, કુટુંબ, ધન, વાણી, ભોજન વ. સૂચવે છે.

ઉદ્યોગમાં ભઠ્ઠી અગ્નિ ખૂણામાં રાખવી અને ચિમની અગ્નિ ખૂણા નજીક જ પૂર્વ દિશામાં રાખવી. અગ્નિ દિશામાં શયનખંડ રાખશો નહિ.

**નૈઋર્ત્ય** – નૈઋર્ત્ય દિશા રાહુ ગ્રહ, નૈઋર્ત્ય રાક્ષસ, પિતૃનો પ્રભાવ રહે છે. આ દિશા વ્યકિતનું વલણ સૂચવે છે. માસ્ટર બેડ રૂમ, તિજોરી, સ્ટ્રોંગ રૂમ, કબાટ, મૂડીસંગ્રહ માટે સારું સ્થાન વાસ્તુશાસ્ત્રમાં ગણાય છે. તિજોરી – કબાટ ઉત્તર બાજુ ખુલે તેમ રાખવાં. નૈઋર્ત્યમાં સીડી, લિફ્ટ, માળિયું, સંડાસ રાખવાં.

નૈઋર્ત્ય દિશા બાજુ વાસ્તુમાં ખામી હોય તો કાલસર્પ યોગ, પિતૃદોષ, વળગાડ, અનિંદ્રા તથા જીવનમાં દુઃખ, અશાંતિ, અકાળ મૃત્યુ, કૌટુંબિક ઝઘડાઓ ઈત્યાદિ જોવા સાંપડે છે.

**વાયવ્ય** – વાયવ્ય ખૂણા પર ચંદ્ર ગ્રહ તથા વાયુદેવનું વર્ચસ્વ છે. વાસ્તુશાસ્ત્રમાં નવા પરણેલા માટેનો શયનખંડ, ટોઈલેટ, પ્રક્ષાલન, ગેરેજ, ધાન્ય ઘર (દાણોપાણી રાખવાનો સ્ટોર) સેપ્ટીક ટેન્ક, પાળેલાં પશુ રાખવાની જગ્યા માટે સૂચવેલ છે.

ગેરૅજનું દ્વાર – પૂર્વ તરફ રાખવું. આ દિશા બીજાઓ સાથેના સંબંધ સુધારવા – વાત સમજાવવા અનુકૂળ છે. પવનપુત્ર હનુમાન માટે આ જગ્યા સારી ગણાય. ઉદ્યોગોમાં માલની નિકાસ – વેચાણ માટે માલ મોકલવાની શ્રેષ્ઠ જગ્યા છે.

મદ્રાસમાં એપોલો હૉસ્પિટલ વાસ્તુશાસ્ત્ર અનુસાર બનાવેલ છે. દર્દીઓને સૂવા માટે દિશાઓને ખ્યાલ રાખવામાં આવે છે. કાયમ માટે વ્યક્તિ અગ્નિ ખૂણામાં સૂતી હોય તો વ્યક્તિ ઝઘડાખોર, – ગુનેગાર વૃત્તિની, ક્રોધી – ગુસ્સાવાળી બનવા પામે છે.

જમીનની ખરીદી, ખોદકામ, બાંધકામ ઈત્યાદિમાં કાટખૂણા રહે તેનું ધ્યાન રાખવું. લોકોના ભલા માટે વિ✓શાંતિ માટે વાસ્તુ આશીર્વાદ છે. આપણી મુશ્કેલીઓ, દુઃખ, અશાંતિ, કૌટુંબિક, ઝઘડા, ધનહાનિ, પ્રગતિ થતી ન હોય, માનસિક વ્યગ્રતા રહેતી હોય, રાહુ દોષ, કાલસર્પ યોગ હોય, અનિંદ્રાની તકલીફ હોય, બીમારીઓ આવતી રહેતી હોય તો વાસ્તુશાસ્ત્ર અનુસાર શકય તેટલું પરિવર્તન કરાવશો. નડતા ગ્રહોનું નિવારણ કરી શકાશે. વાસ્તુ દ્વારા ઘર હોય કે ઝુંપડી, તે મુજબ આયોજન – ફેરફાર કરવામાં આવે તો રહેનારને સુંદર જીવન બક્ષે છે. વિદ્વાનો, વિચારકો, વૈજ્ઞાનિક, જયોતિષીઓ વાસ્તુશાસ્ત્રીઓ એકત્ર થઈ વાસ્તુશાસ્ત્રને વિજ્ઞાન તરીકે મૂલવી શકે છે.

સૂર્યનો પ્રકાશ, હવા, પાણી, જમીન અને આકાશ તત્ત્વ વગેરે ને સાંકળી વિ✓ના કોઈપણ સ્થળે બાંધકામ કરી જ્ઞાતિ – ધર્મના ભેદભાવ વિના વાસ્તુવિદ્યાનો લાભ સૌ કોઈને આપી શકાય છે.

વાસ્તુવિદ્યાની મહત્ત્વતા સમજી પૃથ્વી, જલ, વાયુ, આકાશ અને અગ્નિ તત્ત્વનો સમન્વય કરી તે તે સ્થળ પર બરાબર ગોઠવવાથી પર્યાવરણની જાળવણી કરી, તંદુરસ્તી, સમૃદ્ધિ, ઉત્સાહ, સુખ, આનંદ, માનસિક શાંતિ મેળવશો.

કયા વૃક્ષ કઈ દિશામાં વાવવાં તે જરૂરી છે. વૃક્ષ કાપવા માટે પણ સમય હોય છે. સાંજે પૂજા કર્યા બાદ બીજે દિવસે ભાદરવા મહિનામાં કપાય. પૂજા કર્યા વિના પીપળો કપાય તો તેનું ફળ ભોગવવું પડે છે. પૅરેલીસીસ થવા સંભવ રહે તેમજ ૩૦ વર્ષમાં વંશનો નાશ થાય છે.

ઘરની નજીક જાંબુનું ઝાડ નુકસાનકારક છે. પૂજા કર્યા બાદ ઝાડ એકઘારું કાપતા રહેવું. કાપ્યા બાદ જ આરામ કરવો. પીપળનું ઝાડ કાપ્યા પછી ૭ વર્ષ પછી ધાર્મિક વિધિ કરશો. વૃક્ષોમાં યક્ષ, ગંધર્વ, કિન્ન વગેરે વસવાટ કરે છે. પીપળનું ઝાડ કાપવા માટે પૂજા કરવા બ્રાહ્મણો ના પાડશે.

સૂર્યાસ્ત થયા બાદ પ્રાણ – તુલસીમાં મૂકી તુલસીને પાણી પાવાથી સંતાન થાય છે.

આમ, આઘુનિક વાસ્તુશાસ્ત્રીઓએ પૌરાણીક વાસ્તુશાસ્ત્ર આધારીત તેમજ તેમાં થોડા પોતાના વિચારોનું ઉમેરણ કરીને ઉપર્યુક્ત વાસ્તુશાસ્ત્ર અપનાવવા માટેના સૂચનો આપ્યા હોય તેમ જણાય છે.

## ૧૦.૮ વાસ્તુવિદ્યા માનવીય જીવનમાં મહત્ત્વનો વિષય

વિ✓કર્મા નિર્દેશિત વાસ્તુકળા જેવી કળા પક્ષી–પશુ વગેરેઓમાં ઈ✓ર દ્વારા પ્રદત્ત જોવા મળે છે.

પક્ષીઓ પોતાના નિવાસ સ્થાનો (માળા) બનાવવામાં સુંદર કારીગરી બતાવે છે. પક્ષીઓમાં સુગ્રીવ નામનું પક્ષી પોતાનું નિવાસસ્થાન એવી રીતે નિર્માણ કરે છે કે મુશળધાર વરસાદમાં કે વા–વંટોળમાં પણ પૂર્ણ રીતે સુરક્ષિત રહી શકે છે. કરોડિયો સુંદર જાળનું નિર્માણ કરી સલામત રહી શકે છે.

કીડી-મકોડા પોતાના નિવાસ સ્થાનો જમીનની અંદર કે બહાર, વૃક્ષ ઉપર કે મનુષ્યોના નિવાસસ્થાન પાસે ખુબ જ સુંદર રીતે બાંધી સ્વજાતને સુરક્ષીત રાખે છે. ટિટોડી (Lapwing) વર્ષાઋતુમાં વરસાદ થવાની પૂર્વે કાળગણના પ્રમાણે પોતાના ઈંડા સેવે છે. કાચબો ધ્યાનાવસ્થિન અવસ્થામાં પોતાના બચ્ચાને જન્મ આપે છે. આ પ્રમાણે ભૂમિ પર વસતા તમામ જીવ-જંતુઓ, પ્રકૃતિ અને પૃથ્વીની ઊર્જા, સૂર્યની ઊર્જા, સૂર્ય કિરણ, ચંદ્ર કિરણ, જલતરંગના મોજા, ધ્વનિ, દેશ-કાળ, દિશા-ગ્રહો વગેરે જોઈને પોતાપોતાના નિવાસ સ્થાનો જોઈ, તપાસી વિચારીને બાંધે છે. ભવન તેવી જ રીતે માનવ નિર્માણ પામેલું હોવું જોઈએ કે જયાં માનવની આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકે, પ્રકૃતિના તત્ત્વોથી રક્ષણ મળી શકે.

## ❑ વાસ્તુ માનવ માત્ર માટે જ કેમ ઉપયોગી ?

અહીં પ્રશ્ન થાય છે કે વાસ્તુવિદ્યા અન્ય જીવો કરતાં માનવોને જ શા માટે ઉપયોગી છે તેના સમાધાન સ્વરૂપે કહી શકાય કે પૃથ્વી તત્ત્વમાં એક પ્રકારની ગંધી વિદ્યમાન છે. જે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરી શકાય છે. સર્વ પ્રાણીઓ કરતાં માનવની ઈન્દ્રિયો સચેત છે અને ચેતનતત્ત્વ પૃથ્વીમાં સમાયેલું છે. માનવ પોતાના જરૂરીયાત પૂર્ણ કરવા ભૂમિ પર જ સઘળા કાર્ય કરે છે અને વાસ્તુનો સંબંધ ભૂમિ સાથે આદિ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. દરેક માનવ સુખી થાય તે શુભહેતુથી વિ✓કર્માએ વાસ્તુની ઉત્પત્તિ કરી સુખી થવા માટે અનેક ચિન્હોનું નિર્દેશન કરેલું છે. જેવા કે સ્વસ્તિક, ૐ, ચક્ર, કળશ, શ્રીફળ, માળા, દીપ, વૃક્ષપૂજા, યજ્ઞ, ઉંબરો વગેરે ચિન્હો મનુષ્ય જીવન સાથે એકમેકથી જોડાયેલા છે.

પ્રાચીનકાળથી માંડી આજ સુધીના વાસ્તુશાસ્ત્ર ઉપર વિચાર કરીએ તો એમ કહી શકાય કે નિર્માણ ગૃહમાં કોઈપણ પ્રકોપથી બચવા માટે કે જીવલેણ બિમારીઓથી રક્ષા મેળવવા માટે કક્ષાની યોજના વ્યવસ્થિત અને આયોજનબદ્ધ થયેલી હોવી જોઈએ. ગૃહનિર્માણની આસપાસના પરીસરમાં કયા કયા અને કેવા કેવા વૃક્ષો હોવા જોઈએ તેનું પણ વિધાન આચાર્યોએ કરેલું છે. વૃક્ષો અને માનવો સાથે સાથે પ્રકૃતિનો અતૂટ સંબંધ રહેલો છે. આમ, વાસ્તુ માત્ર અને માત્ર માનવો માટે જ ઉપયોગી છે.

चतुर्वर्ग फल प्राप्तिस्सल्लोकश्च भवेद ध्रुवम् ।
शिल्पशास्त्र परिज्ञानान्मत्यौपि सुरतां व्रजेत् ॥

આદિ માનવથી માનવ સમાજનો વિકાસક્રમ તપાસીએ તો સૌ પ્રથમ તે માંસાહારી હતો ત્યારબાદ આવાસ તરીકે વૃક્ષો, ગુફાઓનો આશ્રય લઈ વસ્ત્રપરિધાન કરવા શિખ્યો. સમય બાદ સમજણ શક્તિ પ્રમાણે ખેતી કરવા અને રહેઠાણ બાંધવા પ્રેરાયો. રહેઠાણની શરૂઆત ઘાસની પર્ણકુટીર, પથ્થરથી માંડી આજે બહુમાળી મકાનો, આલીશાન મહેલો, ઈમારતો, ગુંબજો, વિશાળ કિલ્લાઓ, લાંબી દિવાલો, ઉત્તુંગ બિલ્ડિંગો સુધીની વિકાસ યાત્રા અવિરત રીતે ચાલી રહી છે તે વિકસિત માનવની નિશાની સૂચવે છે.

વાસ્તુશાસ્ત્ર એક એવું શાસ્ત્ર છે જેના દ્વારા માનવ પોતાની પ્રાથમિક જરૂરિયાત જેવી કે રહેઠાણ કે આવાસ સ્થાનનું નિર્માણ સમાધાનપૂર્વક કરી શકે. ભૂ:, ભૂવ:, સ્વ:, મહ, જન, તપ અને સત્યલોક આ સિવાય અંતરિક્ષમાં વિદ્યમાન ગ્રહો જેવા કે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, ઈન્દ્ર, વરુણ, યમ, કુબેર, પંચલોકપાલ, દશ દિક્પાલ, નક્ષત્ર, તારાગણ,

નિહારિકાઓ, આકાશગંગા અને અસંખ્ય ઉલ્કાઓ વગેરેનું વિવેચન કોઈને કોઈ રીતે વાસ્તુશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે.

માનવ પોતાના રહેઠાણ માટે એક સુંદર ઘાસનું નિર્માણ કરી શકે એ હેતુથી પ્રેરાય અતીતકાળે પ્રાચીન ઋષિ મુનિઓને હજારો વર્ષ વૈદિક ગ્રંથોથી માંડી, પૌરાણિક કાળ સુધી પંચમહાભૂત, સ્થાવર, જંગમ, જડ, ચેતન, તમામ પદાર્થોની સંચારણ ક્રિયાઓનું વૈજ્ઞાનિક ઢબે અધ્યયન તેથી જ માનવી સુખની ઝંખના આજ સુધી સતત્ સેવતો આવ્યો છે.

વર્તમાન સમયમાં માનવીય જીવન સાથે સંલગ્ન વિવિધ ચીજ-વસ્તુઓનો વિચાર કરીએ તો

❑ **મુખ્યદ્વાર :** શરીરમાં મુખ્ય દ્વારા મુખ છે, મુખથી ઉદરપોષણ થાય છે, બોલાય છે. જો મુખ દુઃખથી પીડિત હોય, દાંતમાં દર્દ હોય કે જીભ કપાયેલી હોય તો ખાવામાં મુશ્કેલી નડે તેમ ભવનમાં મુખ્ય દ્વારમાં ક્ષતિ હોય તો ગૃહસ્વામીને મુશ્કેલીનો સામનો કરવો પડે કારણ ભવનમાં મુખ્ય દ્વાર મહત્ત્વનું છે. મુખ્ય દ્વારથી ઘરની અંદર પ્રવેશી શકાય છે, બહાર નીકળી શકાય છે. આથી મુખ્ય દ્વાર વાસ્તુ નિયમો પ્રમાણે શુભતિથિ, યોગમાં પૂજન-વિધિ કરી સ્થાપવું જોઈએ. મુખ્યદ્વારમાં વિઘ્નહર્તા ગણપતિ અથવા ઈષ્ટ દેવતાનું ચિત્ર જડવું જોઈએ. દરવાજો ખોલતી વખતે અંદરના ભાગમાં ખુલવો જોઈએ. એક દરવાજો અંદર ખુલે અને એક બહાર એવું ન હોવું જોઈએ. દરવાજાના મિજાગરામાંથી અપ્રિય અવાજ આવવો ન જોઈએ.

❑ **કોલમ અને બિંમ :** આજના ગતિશીલ જમાનામાં આર.સી.સી. કોલમ-બિંમ દ્વારા જ ભવનો નિર્માણ પામે છે. ભવનનો બધો જ ભાર

કોલમ-બિંમ પર આધારિત છે. ઘણીવાર ગૃહસ્વામી છત નીચે બેસી કામ કરે તો બ્લડપ્રેશર, કમરમાં દુ:ખાવો, સ્પોન્ડલાઈસેસ, લકવો વગેરે પીડા થાય. છત લોખંડની હોય, લાકડાની હોય કે પછી લોખંડના સળીયાથી મઢેલ સિમેન્ટ કોંક્રીટની હોય ગૃહસ્વામીને  જો આના દુષ્પ્રભાવથી બચવું હોય તો છતને Plaster of Paris થી ઢાકવી અથવા કોલમની નીચે બેસવા કરતાં થોડી દૂર બેઠક વ્યવસ્થા રાખવી. કોલમ જો "૯×૯" નો હોય તો દિવાલ ૯ ની ચણી કોલમના પ્લાસ્ટર સાથે લેવી, દિવાલે આંબો અથવા આસોપાલવ તોરણ બનાવી Negative Energy થી બચી શકાય છે.

❑ **વિદ્યુત થાંભલો :** આધુનિક સમયમાં મનુષ્ય વીજળી વિના એક ક્ષણ પણ જીવી શકતો નથી. તે કારણે ઘણીવાર અણધારી બિમારીઓનો ભોગ પણ બનવું પડતું હોય છે. વૈજ્ઞાનિકોએ આ સિદ્ધ કર્યું છે કે હાઈટેંશન વાયરની નીચે રહેવાથી અસાધ્ય રોગ વેઠવા પડે છે. કારણ વાયરનો વિદ્યુત પ્રવાહ અને શરીરનો ચેતનપ્રવાહ સંઘર્ષમાં આવતાં માનવ મન પર Negative Energy પ્રભાવ પાડે છે. જો શકય હોય તો ઘર પાસે વિદ્યુત થાંભલો યા ટ્રાન્સફોર્મર સ્થાપવા ન દેવું, જો મુખ્ય દ્વાર પાસે હાઇટેંશન વાયર પસાર થતો હોય તો દ્વાર વાસ્તુનિયમો પ્રમાણે સ્થળાંતર કરવું.

❑ **ચિત્ર/છબી :** શોભામાં અભિવૃદ્ધિ આણવા ઘરમાં, આપણે જુદા-જુદા ચિત્રો લટકાવીએ છીએ. જેવા કે આસુ સારતી પ્રોષિતભર્તૃકા, કરુણદ્રશ્ય, દરિદ્રતા દર્શાવતું ચિત્ર, ઉદાસીન અથવા વીરતાદર્શક છબી ઘરમાં લટકાવવી ન જોઈએ. કારણ ભવનમાં, તરંગોમાં તનાવ ઊભો કરનારા છે. નવવધૂના શયનકક્ષમાં દેવી-દેવતા કે મહાપુરુષના ચિત્રો લટકાવવ ન જોઈએ, પૂજાસ્થાનમાં સ્વર્ગસ્થ વડિલોની છબી પણ વાસ્તુમાં વજર્ય ગણવામાં આવે છે. જો ભવનમાં ચિત્રો

લગાડવા જ હોય તો ચિત્રો જોતાં ગૃહસ્વામીને પ્રસન્નતા જન્મે અને માનસિક થાક દૂર થઈ જાય.જો ઓફિસમાં દેવી- દેવતાઓના કે મહાપુરુષોના ચિત્ર લગાડવા હોય તો બેસવાની પાછળ લગાડી શકાય.

❑ **છોડ અને વૃક્ષ :** પ્રકૃતિ સાથે પુરુષનો સંબંધ અખંડ રહ્યો છે. વૃક્ષ રોપવાથી વૈજ્ઞાનિક ફાયદાઓ પણ ઘણા થાય છે.

अक्तत्थं च कदम्बं च कदली वीजपूरकम् ।
गृहे यस्य प्ररोहन्ति स गृही न प्ररोहति ॥

વૃક્ષને કારણે આજુબાજુનું પરિસર સુંદર અને મનમોહક લાગશે. દૂષિત વાયુ સ્વચ્છ બની ઘરમાં દાખલ થશે. વૃક્ષ એવા મોટા ન ઉગાડવા કે જેનો છાયડો નિવાસ સ્થાન પર સતત રહે. જે વૃક્ષ કે છોડમાંથી દૂધની ધારા ફૂટતી હોય તે ઘરની સમીપ ઉગાડવું નહીં. શાલ, અશોક, નાગકેસર, બકુલ, ગુલાબ, રાતરાણીની વેલ, ચમ્પા-ચમેલી, કેતકી, કેસર, નીમ, અનાર, જયન્તી, ચંદન, નારિયેલ, આંબો, ભૃંગ અને દ્રાક્ષ વગેરે શુભ ફલદાયક છે. બની શકે ત્યાં સુધી ઘરની આસપાસ સિધા વૃક્ષો રોપવાં. ઘરના ફળિયામાં તુલસીનો છોડ રોપવો ઉત્તમ છે. આ છોડને વૈજ્ઞાનિકોએ કૃમિનાશક સાબિત કર્યો છે. તુલસી આમ તો ઔષધિના રૂપમાં છે તે દશ હાથ સુધી વાયુમંડલને શુદ્ધ રાખે છે. અઠવાડિયાના સાત દિવસમાંથી રવિવારે સૂર્ય સંયોગથી તુલસીમાંથી દૂષિત કિરણો નીકળતા હોવાથી રવિવારે તુલસીનાં છોડનો સ્પર્શ વર્જ્ય ગણવામાં આવ્યો છે અને કહેવાયું પણ છે કે,

तुलसि ! श्रीसखि शिवे पाप हारिणि पुण्य दे ।
नमस्ते नारद नुते नमो नारायण प्रिये ॥

આમ, વાસ્તુવિદ્યા અનેક સમસ્યાઓનું નિરાકરણ કરતું શાસ્ત્ર છે. સમાજમાં ભિન્ન-ભિન્ન પ્રકૃતિ ધરાવતા લોકોની મૂળભૂત આવશ્યકતાઓને સરળતાથી સંતોષવા માટે અને સમગ્ર માનવને પરમ આનંદની પ્રાપ્તિ અર્થે મહત્ત્વનો ગ્રંથ બની રહ્યો છે.

## ૧૦.૯ નિષ્કર્ષ

વાસ્તુવિજ્ઞાન ચિરપુરાતન તો છે જ પરંતુ નવીન રૂપમાં પણ આજના યુગમાં જોવા મળે છે. હલાયુદ્ધકોષમાં સ્થાપત્યકળાની જે વિશેષતા દર્શાવી છે તે દરેક ગૃહસ્વામી માટે ઉપયોગી નિવડી છે. આ પ્રાચીન વાસ્તુ આજે વિ✓વ્યાપી બન્યું છે.  જેમાં વાસ્તુકળાની પ્રાચીન ભવન નિર્માણ યોજના નિર્દેશી છે. રામાયણમાં રાજા દશરથનો કનકમહેલ તેમજ રાજા જનકનો પ્રસાદ, મહાભારતમાં વર્ણિત ઈન્દ્રપ્રસ્ત (આજનું દિલ્લી)ની રચના દાનવોના શ્રેષ્ઠ શિલ્પી વિ✓કર્મા – મય દ્વારા નિર્માણ પામેલ છે. લાક્ષાગૃહનું નિર્માણ, જળમાં સ્થળ અને સ્થળમાં જળ, બંધ દરવાજો ખુલ્લો અને ખુલ્લો દરવાજો બંધની પ્રતીતિ થાય એવી શ્રેષ્ઠ કળા, મત્સ્યપુરાણમાં હિમાલના સુંદર ભવનો વગેરે વાસ્તુ નિર્માણકળા વિકસેલી છે જે આજે કયાંય જોવા મળતી નથી.

સૂક્ષ્મ રીતે અથવા તો વિસ્તૃત રીતે પુરાણોમાં કોઈના કોઈ સ્વરૂપે વાસ્તુના વિચારો જોવા મળે છે. જે વાસ્તુશાસ્ત્રીય ગ્રંથો તેમજ વેદોમાં પડેલા છે. આમ, પુરાણોમાં રહેલા વિવિધ વાસ્તુવિદ્યાનો પાયા તરીકે ઉપયોગ કરીને વર્તમાન સમયમાં વાસ્તુ આધારિત નિર્માણ કાર્ય થઈ શકે પરંતુ દરેક સૂચનો કે વિચારોનું પાલન થઈ શકતું નથી.

પ્રાચીન વાસ્તુનો ફેલાવો બ્રાહ્મણગ્રંથો, આરણ્યક ગ્રંથો અને ઉપનિષદો સમયથી પૌરાણિક સમય સુધી ખૂબ જ થયેલો જોવા મળે છે.

अयोध्या मथुरा माया काशी कांची अवंतिका
पुरी द्वारावती चैव सप्तैता मोक्षदायिकाः ॥

આ સાત પુરીના ઉલ્લેખ જોવા મળે છે. પુરી અર્થાત્ પુર અને પુર પરથી પુરંદર અર્થાત્ નગરને બનાવનાર. આ નગરને બનાવનાર નિર્માતા કોઈ-કોઈને હોવો જોઈએ આ ઉપરાંત લંકાપુરી, હસ્તિનાપુર, અયોધ્યાનગરી વગેરેના નિર્માણમાં વિકસિત મનુષ્યના ભેજાની ઉપજ કહી શકાય. કહેવાય છે કે અયોધ્યાનગરની સ્થાપના ભગવાન મનુએ કરી હતી અને અન્ય નગરોની રચના વિ✓કર્મા તથા મયે અને નારદમુનિએ કરેલી છે.

એક માન્યતા પ્રમાણે ચોથી શતાબ્દીમાં જયારે સિકંદરે ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે ભારતની મૂલ્યવાન ઈમારતોને ધરાશાયી કરવામાં આવી ત્યાર પછી ચંદ્રગુપ્ત ચાણકયના શાસ્ત્રમાં દર્શાવેલ વાસ્તુવિદ્યાને આધારે સુંદર ભવનો, દુર્ગો, સભાગાર, અસ્ત્રાલયો, પૂજાઘર, અતિથિગૃહો વગેરેનું નિર્માણકાર્ય હાથ ધરાયું આ વાસ્તુકળા દિન-પ્રતિદિન વિકસિત થતી ગઈ અને આજે સમગ્ર ભારતમાં જુદી જુદી શૈલી સ્વરૂપે જોવા મળે છે.

બદલાતા સમયની સાથે સાથે વાસ્તુવિદ્યાના મૂળ વિચારોમાં ઉમેરણ સમયને આધારે થતું ગયું. જેમ, ગાંધીજીની અહિંસાની વાત વર્તમાન સમયમાં યુવાવર્ગ વધુ પ્રમાણમાં સ્વીકારતો નથી. એમ રૂઢિચુસ્ત માનસનું આધુનિક સમયે પરિવર્તન થઈ ગયું એ જ રીતે વાસ્તુવિદ્યાના અમુક સુચનોમાં પરિવર્તન થયું. જેમ કે, ગૃહનિર્માણમાં ભૂમિ પરીક્ષણ પ્રાચીન સમયે દશ ફૂટ ખાડો કરીને

કરવામાં આવતું જયારે વર્તમાન સમયમાં ઈમારતો દશ ફૂટ ઉપર લઈને ત્યારબાદ નિર્માણ  કાર્ય કરવામાં આવે છે. દિલ્હી, મુંબઈ જેવા મેગાસીટીમાં ચોસઠ પદવાળું વાસ્તુ કે સો પદવાળું વાસ્તુ વગેરે આધારિત નિર્માણ કરવું શકય નથી માટે ભૂમિના પ્લોટના આધારે તેમજ સગવડ પ્રમાણે થોડાઘણા વાસ્તુના વિચારોના આધારે નિર્માણ કાર્ય થાય છે. પ્રાચીન સમયે સાધનોના અભાવે રક્ષા માટે દુર્ગનિર્માણ કાર્ય કરવામાં આવતું જયારે હાલના સમયે તો કૅમેરા, સીકયુરીટી, રડાર તેમજ રોબોટના આધારે સંરક્ષણ કાર્ય કરવામાં આવે છે. આથી તે વિચારોનું પરિવર્તન થાય તે સ્વાભાવિક છે. જળસંગ્રહ માટેના વાવ, કૂવા, સરોવર કે જેમાં વરસાદના પાણીનો સંગ્રહ કરવામાં આવતો તેનું સ્થાન આજે નગરોમાં 'ડેમે' લઈ લીધું છે. નદીઓ પર પણ બંધ બાંધવામાં આવે છે જેમ કે ગુજરાતમાં નર્મદા નદી પર 'સરદાર સરોવર ડેમ' વગેરે જેવા ડેમોના નિર્માણ કાર્ય કરીને વરસાદ પર આધારિત પ્રદેશો માટે પાણી જેવા વિકટ પ્રશ્નોનો હલ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.  પરંતુ વર્તમાન સમયમાં ઘણા વાસ્તુશાસ્ત્રી ઘડો, તાંબાના તાર, તાંબાના પિરામીડ, કાચબો, અનુષ્ઠાન કરીને સિદ્ધ કરેલા યંત્રો વગેરે જેવા સાધનોનો ઉપયોગ કરીને વાસ્તુદોષ નિવારણ કરવામાં આવે છે. પરંતુ પૌરાણિક વાસ્તુવિદ્યામાં તેનો ઉલ્લેખ જોવા મળતો નથી. આમ, આ વિચારો હાલના વાસ્તુશસ્ત્રીઓએ ઘડી કાઢેલા જણાય છે. પરિવર્તન પામતા સમયના બદલાવ સાથે વાસ્તુવિદ્યાના કેટલાક વિચારોમાં ફેરફાર તો વળી, કેટલાકમાં ઉમેરણ તો, કેટલાક નિર્માણ શકય ન બની શકે  તેવા આધારોનો નાશ થઈ ગયો છે. આથી, પૌરાણિક વાસ્તુવિદ્યાના અભ્યાસથી વાસ્તુ વિશેના મૂળ વિચારોથી માહિતગાર બની શકીએ.

**અહીં એક શુભ અભ્યર્થતા વાસ્તુ-દેવને એ પણ કરવામાં આવી છે કે** इस संसाररूपी वास्तु में निवास करने वाले सभी प्राणियों का कल्याण करें । आप की कृपा से जो कुछ मैंने अक्षरों के माध्यम से इस महानिबंध में उद्धृत  किया है वह परोपकारीसिद्ध हो ।

## પાદ–ટીપ


| | |
|---|---|
| ૧. | Basic Principles of Vastu |
| ૨. | वास्तु शास्त्र तथा हम व हमारा भवन |
| ૩. | આધુનિક આર્કિટ્રેકચરમાં વાસ્તુશાસ્ત્ર – ડૉ. ચંદ્રકાન્ત એમ. પાઠક |
| ૪. | www.elan_india.com. |
| ૫. | भारतीय स्थापत्य – डॉ. द्विजेन्द्रनाथ शुकल |
| ૬. | SCIENTIFIC VASTU |

# સંદર્ભ ગ્રંથોની સૂચિ

## સંસ્કૃત ગ્રંથો

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| १. | ब्रह्मपुराणम् | वेदव्यासकृत<br>सम्पादक –<br>राजेन्द्रनाथ शर्मा | नाग प्रकाशन<br>जवाहरनगर, दिल्ली<br>प्रथम आवृत्ति–१९८५ |
| २. | पद्‌मपुराणम् | वेदव्यासकृत<br>सम्पादक –<br>खेमराज श्रीकृष्णदास | नाग प्रकाशन<br>जवाहरनगर, दिल्ली |
| ३. | भविष्यपुराणम् | वेदव्यासकृत<br>सम्पादक –<br>श्रीरामशर्मा आचार्य | संस्कृति संस्थान<br>ख्वाजाकुतुब<br>(वेदनगर)<br>बरेली(यु.पी.)<br>प्रथम संस्करण–१९६१ |
| ४. | श्रीमद् भागवतम् | वेदव्यासकृत<br>व्याख्याकार –<br>जे. एल. शास्त्री | मोतीलाल बनारसीदास<br>दिल्ली<br>प्रथम संस्करण–१९८८ |
| ५. | अथर्ववेद संहिता<br>(मन्त्रानुक्रमणी<br>सहित) | अपौरुषेय | नाग पब्लिशर्स<br>दिल्ली–२००३ |
| ६. | याजुष् ज्योतिषम् | सोमाकर सुधाकर<br>भाष्यसहितम् | मेडिकल होल प्रेस<br>बनारस–१९०८ |

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| ७. | निरूकत शास्त्र | व्याख्याकार – पण्डित भगवद्त | मन्त्री श्री रामलाल कपूर निक्षेप निधि (ट्रस्ट) अमृतसर |
| ८. | बृहत्संहिता | वि. सुब्रह्मन्यम् शास्त्री | एम.बी.डी. इलेक्ट्रीक प्रिन्टींग वर्क बेन्गलोर–१९४७ |
| ९. | विष्णुधर्मोत्तरपुराण | डॉ. प्रियबाला शाह | प्राच्याविद्यामंदिर म.सा. युनिवर्सिटी वडोदरा । वोल्यम–१–२, १९९४ |

## હિન્દી ગ્રંથો


| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| १. | अष्टादश पुराण दर्पण | पंडित ज्वालाप्रसाद मिश्र | नाग प्रकाशक ११ ए.यु.ए.जवाहरनगर दिल्ली प्रथम संस्करण–१९०५ |
| २. | गरुड पुराण (एक अध्ययन) | डॉ. अवधबिहारी लाल अवस्थी, रीडर, प्राचीन भारतीय इतिहास विभाग लखनऊ विश्वविद्यालय, लखनऊ | श्रीमती आशा अवस्थी कैलास प्रकाशन संस्करण – १९६८ लखनऊ |
| ३. | कमर्शियल वास्तु | ले.दैवज्ञ शिरोमणी डॉ. भोजराज द्विवेदी सहसम्पादक – पं. रमेश द्विवेदी | डायमंड पाकेट बुकस (प्रा.लि.) ३०, ओखला इंडस्ट्रियल एरिया, फेज–२ प्रथम आवृत्ति–२००० नई दिल्ली |
| ४. | पुराणतत्त्व मीमांसा | ले. डॉ. श्रीकृष्णमणि त्रिपाठी | श्री सम्पूर्णानन्द संस्कृत विश्व विद्यालय वाराणसी,चौखम्बा संस्कृत,प्रतिष्ठान,३८यू.ए. बंगलो रोड, जवाहरनगर द्वितीय संस्करण–१९९० दिल्ली ११०००७ |

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| ५. | पुराणविमर्श | ले. आचार्य बलदेव उपाध्याय<br>वाराणसेय संस्कृत विश्वविद्यालय, वाराणसी | चौखम्बा विद्यालय वाराणसी<br>प्रथम संस्करण-१९६५ |
| ६. | पुराणतत्त्व विमर्श | ले.पं.थानेशचन्द्र उप्रैति | प्रकाशन - परिमल पब्लिकेशन्स<br>२७/२८, शक्तिनगर दिल्ली<br>प्रथम संस्करण-१९८६ |
| ७. | पुराण परिशीलन | महामहोपाध्याय पण्डित गिरिधर शर्मा चतुर्वेदी | बिहार-राष्ट्रभाषा परिषद् सैदपुर पथ, पटना-४<br>प्रथम संस्करण-२००० |
| ८. | प्राचीन भारत मे नगर तथा नगर जीवन | ले. उदयनारायण राय | लोकभारती प्रकाशन, में १५-९ महात्मागांधी मार्ग इलाहाबाद-१<br>द्वितीय संशोधित एकं परिवर्द्धित संस्करण-१९९८ |
| ९. | मत्स्यपुराणम् (भाग १-२) | नंदलाल मौर | गुरुमंडल ग्रंथमाला<br>५, कलाईव रो, कलकत्ता<br>प्रथम संस्करण-१,९५४ |
| १०. | मत्स्यपुराणम् (पूर्वभाग-उत्तरभाग) | वेदव्यासकृत<br>अनुवादक - रामप्रताप त्रिपाठी शास्त्री<br>काव्यतीर्थ-साहित्यरत्न | तारिणीश झा<br>हिन्दी साहित्य सम्मेलन प्रयाग,<br>१२, सम्मेलन मार्ग<br>(संवत्) २००३<br>इलाहाबाद - ३. |

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| ११. | मत्स्यपुराण (प्रथम–द्वितीय खंड) | सम्पादक – वेदमूर्ति तपोनिष्ठ पं.श्री रामशर्मा आचार्य | संस्कृति संस्थान ख्वाजा कुतुब बरेली (उ.प्र.) प्रथम संस्करण–१९७० |
| १२. | रेमिडियल वास्तुशास्त्र | ले. दैवज्ञ शिरोमणी डॉ. भोजराज द्विवेदी | डायमंड पाकेट बुकस ३०, ओखला – इन्डस्ट्रियल एरिया नई दिल्ली संस्करण–२००० |
| १३. | व्यावहारिक वास्तुशास्त्र | ले. आचार्य सत्यानंद | डायमंड पाकेट बुकस ३०, ओखला – इन्डस्ट्रियल एरिया नई दिल्ली संस्करण–२००० |
| १४. | संस्कृत साहित्य का इतिहास | ले. उमाशंकर शर्मा | चौखम्बा भारती प्रकाशन पो.बो.नं.१०६५, गोकुल भवन, के.३७/१०९ गोपाल मन्दिर लेन, वाराणसी, प्रथम संस्करण–१९९९ |
| १५. | संस्कृत साहित्य का इतिहास | ले. बलदेव उपाध्याय | शारदा निकेतन / ८बी कस्तुरबा नगर सिगरा, वाराणसी दशम संस्करण–१९७८ |
| १६. | संस्कृत साहित्य का इतिहास | ले. कृष्ण चैतन्य | चौखम्बा विद्याभवन वाराणसी, प्रथम संस्करण – वि.सं.२०२९ |

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| १७. | अग्निपुराण | महर्षि वेदव्यास रचित<br>श्री तारिणीश झा | हिन्दी साहित्य संमेलन<br>प्रयाग<br>द्वि.सं.१९९८ |
| १८. | चरकसंहिता | आचार्य चरक<br>तन्त्रार्थ दीपिका<br>व्याख्या जयदेव<br>विद्यालंकार | मोतीलाल बनारसीदास<br>दिल्ली<br>अष्टम आ.१९७० |
| १९. | आयुर्वेद का<br>इतिहास | अत्रिदेव विद्यालंकार | हिन्दी साहित्य संमेलन<br>प्रयाग, ष.आ.१९७८ |
| २०. | आयुर्वेद का<br>इतिहास | डॉ. विद्याधर शुकल | चौखम्बा संस्कृत<br>प्रतिष्ठान, वाराणसी<br>तृ.आ.१९९३ |
| २१. | बृहद्वास्तुमाला | पंडितश्री रामनिहोर द्विवेदी<br>अनु.डॉ.ब्रह्मानन्द त्रिपाठी | चौखम्बा प्रकाशन<br>वाराणसी, ष.आ.१,९९८ |
| २२. | भारतीय स्थापत्य | डॉ. द्विजेन्द्रनाथ शुकल | हिन्दी समिति<br>लखनऊ |
| २३. | मत्स्यपुराण<br>द्वितीय खण्ड | महर्षि वेदव्यास रचित<br>स.पं.श्रीराम शर्मा आचार्य | संस्कृत संस्थान<br>बरेली - २०००. |
| २४. | वराहमिहिर<br>बृहत्संहिता | व्या. अच्युतानंद झा | चौखम्बा प्रकाशन<br>वाराणसी-१९९३ |
| २५. | वास्तु मुकतावली<br>(पं.श्री मातृप्रसाद) | सटीक राधारमण सुमन | भार्गव पुस्तकालय<br>बनारस, तृ.आ.१, ९५९ |
| २६. | वास्तुरत्नावली<br>(श्री जीवनाथ झा<br>दैवज्ञ विरचित) | सटीक श्रीमद<br>अच्युतानंद झा | चौखम्बा प्रकाशन<br>वाराणसी<br>प्र.आ.१९९३ |

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| २७. | वास्तुराजवल्लभ (श्री मंडन सूत्रधार विरचित) | पं. रामयत्न ओझा | भार्गव पुस्तकालय काशी द्वि.आ.सं.१९९९ |
| २८. | वास्तुशास्त्र के रहस्य | राजकोठारी | सिल्वर लाईन्स इन्दोर द्वि.आ.सं.१९९६ |
| २९. | विश्वकर्मा प्रकाश (विश्वकर्मा कृत) | डॉ. उमेशपुरी ज्ञानेश्वर | रणधीर प्रकाशन हरिद्वार - १९९७ |
| ३०. | समराङ्गण सूत्रधार भवननिवेश प्रथम भाग | भोज कृत डॉ. द्विजेन्द्रनाथ शुकल | वास्तुवाङ्मय प्रकाशन शाला लखनऊ-१९६५ |
| ३१. | समराङ्गण सूत्रधार द्वितीय भाग | भोजकृत डॉ. द्विजेन्द्रनाथ शुकल | वास्तुवाङ्मय प्रकाशन शाला लखनऊ-१९६७ |
| ३२. | आयुर्वेद विज्ञान | कमलाप्रसाद मिश्रा | मेडिकल पुस्तकभवन वाराणसी |
| ३३. | ज्योतिष रत्नाकर | देवकीनंदनसिंह | मोतीलाल बनारसीदास दिल्ली-१९९३. |
| ३४. | वायुपुराण | महर्षि वेदव्यास रचित अनु.रामप्रताप त्रिपाठी शास्त्री | हिन्दी साहित्य सम्मेलन प्रयाग द्वि.आ.१९८७ |
| ३५. | त्रिदोष मीमांसा | हरिशरणानंद | आयु.विज्ञान ग्रंथमाला, अमृतसर |

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| ३६. | भवनभास्कर | राजेन्द्रकुमार धवल | गीताप्रेस गोरखपुर–२०६० |
| ३७. | भविष्यपुराण एवम् अनुशीलन | डॉ. रामजी तिवारी | वैशाली प्रकाशन भारतीय संस्कृति एवं साहित्य के प्रकाशक तथा वितरक बकशीपुर गोरखपुर (उ.प्र.)१९८६ |
| ३८. | ब्रह्मपुराण | डॉ. कमलेश | न्यु भारतीय बुक कोर्पोरेशन, दिल्ली(भारत) |
| ३९. | विष्णुपुराण का भारत | डॉ. सर्वान्न्द पाठक | चौखम्बा प्रकाशन वाराणसी |
| ४०. | ब्रह्माण्ड पुराण का सांस्कृतिक अध्ययन | डॉ. उद्धवलाल चतुर्वेदी | संस्कृत विभाग गुरूनानक देव विश्वविद्यालय, अमृतसर |
| ४१. | वायुपुराण | अनुवादक श्री रामप्रसाद त्रिपाठी | हिन्दी साहित्य सम्मेलन, प्रयाग, संवत्–२००७ |
| ४२. | हरिवंशपुराण | संपादक पन्नालाल जैन | भारतीय ज्ञानपीठ, काशी, १९४४ |

## ગુજરાતી ગ્રંથો


| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| ૧. | આપણાં પુરાણો | લે.શ્રી મહેશચંદ્ર મંજુલાલ દવે | |
| ૨. | ગરુડ પુરાણ | લે. મહર્ષિ વ્યાસ<br>સં. ખેમરાજ શ્રીકૃષ્ણદાસ | નાગ પબ્લિકેશન્સ<br>દ્વિતીય આવૃત્તિ–૧૯૯૩<br>દિલ્લી. |
| ૩. | પુરાણ પરિચય | (પરિચય પુસ્તક)<br>શ્રી મોહનલાલ ગોપાલદાસ<br>પ્રજાપતિ પ્રેરિત<br>સ્વ. માતુશ્રી ગંગાબેન ગોપાલદાસ<br>સ્મારક પ્રકાશન. | મહર્ષિ વૈદવિજ્ઞાન અકાદમી<br>વેદભુવન હાઈલેન્ડ<br>પાર્ક સોસાયટી<br>અમદાવાદ–૧૫. |
| ૪. | પુરાણ વિવેચન | કર્તા. દુર્ગાશંકર કેવળરામ<br>શાસ્ત્રી, મુંબઈ | ગુજરાત વર્નાક્યુલર<br>સોસાયટી, અમદાવાદ.<br>પ્રથમ આવૃત્તિ–૧૯૩૧ |
| ૫. | ગુજરાતનું<br>મૂર્તિવિધાન | લે. કનૈયાલાલ ભાઈશંકર<br>દવે | રસિકલાલ છો. પરીખ<br>અધ્યક્ષ, શ્રી ભો.જે.અધ્યયન<br>સંશોધન વિદ્યાભવન,<br>ગુજરાત વિદ્યાસભા, ભદ્ર<br>પ્રથમ સંસ્કરણ–૧૯૬૩<br>અમદાવાદ. |

| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| ૬. | મત્સ્યપુરાણ એક અધ્યયન | લે. સુરેશભાઈ કે. દવે | પાર્શ્વ પ્રકાશન<br>અમદાવાદ<br>પ્રથમ આવૃત્તિ–૧૯૮૯ |
| ૭. | મત્સ્યપુરાણમ્ | સં.કમલેશકુમાર છ.ચોકસી<br>સંસ્કૃત વિભાગ<br>ભાષા સાહિત્ય ભવન<br>ગુજરાત યુનિ.<br>અમદાવાદ–૯. | અશ્વિનભાઈ બી. શાહ<br>સરસ્વતી પુસ્તક ભંડાર<br>રતનપોળ, હાથીખાના,<br>અમદાવાદ.<br>પ્રથમ આવૃત્તિ<br>ડિસે.૨૦૦૦ |
| ૮. | મત્સ્યમહાપુરાણમ્ | વેદ વ્યાસકૃત<br>ભાષાંતરકાર : શ્રી હિમ્મતરામ<br>મહાશંકર જાની | સસ્તુ સાહિત્ય વર્ધક<br>કાર્યાલય<br>ઠે. ભદ્ર પાસે અમદાવાદ<br>અને પ્રિન્સેસ સ્ટ્રીટ,મુંબઈ |
| ૯. | મનુસ્મૃતિ | મનુપ્રણીત<br>ભા.–પં.નથુરામ મહાશંકર<br>તથા શાસ્ત્રી પ્રાણજીવન<br>હરિહર પંડયા | સુબોધિની પ્રિન્ટીંગ પ્રેસ<br>ગેટકોટ, મુંબઈ<br>તૃતીય સંસ્કરણ–૧૯૨૪ |
| ૧૦. | વાયુપુરાણ | ડૉ. અમૃત ઉપાધ્યાય | ઈશ્વરભાઈ પટેલ<br>અધ્યક્ષ – મહર્ષિ વેદવિજ્ઞાન<br>અકાદમી, હાઈલેન્ડ પાર્ક<br>સોસાયટી, અમદાવાદ–૧૫. |

| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| ૧૧. | માનવ અને પર્યાવરણ | ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં લે. ડૉ. મહેશભાઈ એમ. ત્રિવેદી પ્રા.યશવંત પી. પાઠક | યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય અમદાવાદ–૬ પ્રથમ આવૃત્તિ–૧૯૯૪ |
| ૧૨. | ગૃહનિર્માણ વાસ્તુ વિદ્યાયામ | સં. નંદલાલ ચુનિલાલ સોમપુરા | દક્ષકુમાર નંદલાલ સોમપુરા પાલીતાણા – ૧૯૮૧ |
| ૧૩. | શ્રીમદ્ ભાગવત ભાગ ૧–૨ | મહર્ષિ વેદવ્યાસ પ્રણીત | સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨, આવૃત્તિ ૨૨મી/ ઈ.સ.૧૯૯૪. |
| ૧૪. | ચરકસંહિતા ભાગ ૧–૨ આચાર્ય ચરક | અનુ. ગિરજાશંકર મયાશંકર શાસ્ત્રી | સસ્તુ સાહિત્ય, અમદાવાદ ભાગ–૧, પ્ર.આ.સં.૨૦૧૫ ભાગ–૨,દ્વિ.આ.સં.૨૦૨૪ |
| ૧૫. | ચરકનો સ્વાધ્યાય ભાગ–૧ | બાપાલાલ વૈદ્ય | પ્રાચ્યવિદ્યા મંદિર બરોડા પ્ર.આ.૧૯૭૩ |
| ૧૬. | જ્યોતિષ કલ્પતરુ | અનુ.સોમેશ્વર દ્વારકાદાસ જોષી | સુલોચન જોષી રાવળ પોળ, કપડવણજ પુનઃમુદ્રણ–૧૯૬૯ |
| ૧૭. | જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ (વિશ્વકર્મા પ્રણિત) | સં.પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | પ્રભાશંકર સોમપુરા પાલિતાણા–૧૯૬૦ |

| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| ૧૮. | રાજવલ્લભ (મંડન સૂત્રધારકૃત) | અનુ.નારાયણ ભારતી | રામદેવ જાગુષ્ટે, અમદાવાદ સને–૧૯૨૪. |
| ૧૯. | વાસ્તુજયોતિષશાસ્ત્ર તંત્ર અને મંત્ર | સુહાસ ડોંગરે | ચૈત્રપાલ્વી પ્રકાશન પુના, પ્ર.આ.૧૯૯૮ |
| ૨૦. | વાસ્તુશિલ્પશાસ્ત્ર અનુસાર ભવનનિર્માણ | અનુ.કનૈયાલાલ જોષી | ઈન્કા સાહિત્ય પ્રકાશન અમદાવાદ, પ્ર.આ.૧૯૯૭ |
| ૨૧. | વેદવાસ્તુ પ્રભાકર | સં.પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | પ્રભાશંકર સોમપુરા પાલીતાણા–૧૯૬૫ |
| ૨૨. | શિલ્પદીપક | ગોવર્ધન કૃત | મહાદેવ રામચંદ્ર જાગૃષ્ટે અમદાવાદ. |
| ૨૩. | શિલ્પરત્નાકર | શ્રી નર્મદાશંકર સોમપુરા | શ્રી નર્મદાશંકર સોમપુરા, ધ્રાંગધ્રા, પ્ર.આ.૧૯૩૯. |
| ૨૪. | સારાવલી (પંડિત કલ્યાણ વર્મા રચિત) | સં.શૈલેન્દ્ર ઠાકુર | પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ પ્ર.આ.૧૯૮૬ |
| ૨૫. | હારીતસંહિતા (આત્રેય મુનિ) | અનુ.જયરામ રઘુનાથ | નિર્ણયનગર મુંબઈ ઈ.સ.૧૮૯૨ |

| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| ૨૬. | સૂત્રધાર મંડન વિરચિત વાસ્તુસાર | સં.પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા, શિલ્પવિશારદ | શ્રી બલવંતરાય પ્ર. સોમપુરા અને બંધુઓ ૩, પથીક સોસાયટી, અમદાવાદ–૧૩. સં. ૧૯૭૬ |
| ૨૭. | પદ્મપુરાણ | મહર્ષિ વેદવ્યાસ રચિત ભાગ. ૧–૨ | શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ, સુરત |
| ૨૮. | કૌટિલ્ય અર્થશાસ્ત્ર | ડૉ. નર્મદા રાવલ, અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, આર્ટ્સ–કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા | બાબુભાઈ હાલચંદ્ર શાહ પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરી વાડ, રિલીફ રોડ, અમદાવાદ. પ્ર. આ.–૨૦૦૪ |
| ૨૯. | અગ્નિપુરાણ | લે. શાંતિલાલ ઠાકર | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨, ઈ.સ.૧૯૬૮ |
| ૩૦. | બ્રહ્મવૈવર્તપુરાણ | અનુવાદક : ગિરજાશંકર મયાશંકર શાસ્ત્રી | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨, ઈ.સ.૧૯૭૦ |

| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| ૩૦. | નારદ મહાપુરાણ | વાસુદેવ મહાશંકર જોષી | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨. |
| ૩૧. | વાયુપુરાણ | બદ્રીનાથ ત્રંબકનાથ શાસ્ત્રી | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨. ઈ.સ.૧૯૭૨ |
| ૩૨. | વિષ્ણુપુરાણ | ગીરજાશંકર શાસ્ત્રી | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨. ઈ.સ.૧૯૮૯ |
| ૩૩. | સ્કંધપુરાણ | શાંતિલાલ ઠાકર | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨. ઈ.સ.૧૯૭૪ |
| ૩૪. | લિંગ મહાપુરાણ | વાસુદેવ મહાશંકર જોષી | સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય કાર્યાલય ઠે. ભદ્ર પાસે, અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨. ઈ.સ.૧૯૭૨ |

## કોશ ગ્રંથો

| क्रम | ग्रंथ | लेखक/सम्पादक/अनुवादक | प्रकाशक |
|---|---|---|---|
| १. | अमरकोशः | पंडितः अमरसिंहः<br>संपा. पंडित शिवदत्त | निर्णयसागर प्रेस,<br>मुम्बई,<br>प्रथम संस्करण<br>ई.स.–१९४४ |
| ૨. | ગુજરાતી વિશ્વકોશ<br>ખંડ ૨ અને ૭ | –– | ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ,<br>અમદાવાદ.<br>પ્ર.આ.૧૯૯૬(ભાગ–૨)<br>પ્ર.આ.૧૯૯૦(ભાગ–૭) |
| ૩. | ભગવદ્ ગોમંડલ<br>ભાગ–૧ અને ૪ | – | પ્રવીણ પ્રકાશન, રાજકોટ<br>ભાગ–૧, ૨ (૧૯૮૬) |
| ४. | संस्कृत–हिन्दी<br>–कोश | वामन शिवराम आप्टे<br>अमर पब्लिकेशन | सी.के. १३/२३<br>सती चौतरा<br>वाराणसी<br>प्रथम संस्करण<br>ई.स.१९९४ |
| ५. | पुराणकथा कोश | डॉ. रामशरण गौड | विभूति प्रकाशन<br>के.–१४, नवीन शाहदरा<br>दिल्ली<br>प्रथम संस्करण–१९८७ |
| ૬. | AMARKOSHA'S | Pro.<br>A.A.RAMANATHAN | PRINTED IN INDIA<br>At the Vasanta Press,<br>The Theosophical<br>Society, Adyar,<br>Madras-20 |

## અંગ્રેજી ગ્રંથો

| ક્રમ | ગ્રંથ | લેખક/સમ્પાદક/અનુવાદક | પ્રકાશક |
|---|---|---|---|
| 1. | Agni Purana | | A study, S.D. Gyani, Chowkhamba Publications, Varansi 1964. |
| 2. | A History of Sanskrit Litrerature | | Dasgupta S. N. Publishers - University of Calcutta - 1960 |
| 3. | History of Sanskrit | | S. K. De Firma K.L.Mukhopadhyya Calcutta - 1960 |
| 4. | May Matam May Muni Virchit | Bruno Dagens | Motilal Banarsidas Delhi. |
| 5. | Medical Astrology | Omkarlal Sharma | Gyan Publishing Delhi - 1999. |

## સૂચી પત્રિકાઓ રિસર્ચ પેપર જનરલ મેગેઝીન

| | | |
|---|---|---|
| १. | व्रज–गन्धा<br>(संस्कृत–त्रेमासिकं प्रत्रम्) | प्रधान सम्पादक: डॉ. वासुदेवकृष्ण चतुर्वेदी<br>प्रकाशक : रामाश्रम:गतश्रम टीला, मथुरा<br>भारत (उ.प्र.)<br>जुलाई–अक्तुबर–२००० |
| ૨. | સમીપ્ય | સંપાદકો : પ્રવીણચંદ્ર ચિ. પરીખ<br>ભારતી શેતલ<br>પ્રકાશન : ગુજરાત વિદ્યાસભા સંચાલિત<br>ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન<br>સંશોધન વિદ્યાભવન<br>હ.કા.આટ્‌ર્સ કોલેજ કમ્પાઉન્ડમાં<br>પુસ્તક –૭ /અંક–૧–૪–આશ્રમ રોડ,<br>અમદાવાદ. |
| ૩. | Prajna | Sardar Patel University Vallabh Vidyanagar,<br>Vol.10. Sep.2005. |
| ४. | सुरभारती | M.S.Uni. वटपतनम् (वडोदरा) 1999-2000<br>संस्कृत वर्ष विशेषाङ्क । |
| ५. | पथिक | B. J. Institute Ashram Road, Ahmedabad.<br>Jan-March-2006. |